# અવધૂતી મસ્તી

ભાગ-૩



વિવેચક :

**જમિયતરામ નરભેરામ અધ્વર્યુ**


પ્રકાશક :

**શ્રી અવધૂતી સાહિત્ય પ્રકાશન સમિતિ**

તરફથી

**રામજીભાઈ મણિભાઈ નાયક,**

પાર ફળિયું, શ્રીરંગ નિવાસ, નવસારી

પુનઃ પ્રકાશક :

**શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ,**

મેડીકેર, ટાઉનહૉલ પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬

પ્રકાશક :
શ્રીરંગ ચૅરિટેબલ ટ્રસ્ટ,
મેડીકેર, ટાઉનહૉલ પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૬

દ્વિતીય આવૃત્તિ : ૧૧૦૦
એપ્રિલ - ૧૯૯૯

કિંમત :
ત્રણ પુસ્તકના સેટની રૂપિયા ૧૦૦/-

મુદ્રક :
મુદ્રેશ પુરોહિત,
સૂર્યા ઑફસેટ,
આંબલીગામ, બોપલરોડ, જિ. અમદાવાદ-૩૮૦૦૫૮

અર્પણ

સ્વ. મંગળભાઈ મોતીરામ દવે

તથા

સ્વ. દિનેશભાઈ મંગળભાઈ દવેની

પાવનસ્મૃતિમાં




ભા.- ૩

# પ્રકાશકનું નિવેદન

પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂતજીએ ગુજરાતી, સંસ્કૃત અને મરાઠીમાં મહત્ત્વપૂર્ણ સાહિત્ય સર્જન કર્યું છે. એમની જન્મ શતાબ્દિ પ્રસંગે એમના એ સાહિત્યમાંથી કંઈક પુનઃ પ્રકાશિત થાય એવી અંતરની અભિલાષા હતી. શતાબ્દિ વર્ષની ઉજવણી દરમિયાન અને એ પહેલાં નારેશ્વર દર્શન (બસયાત્રા દ્વારા), મીની નર્મદા પરિક્રમા, ચોવીસ કલાકની અખંડ ધૂન, અમૃતબિંદુ - પૂ. ગુરુદેવનાં અમૃતવચનોનું પ્રકાશન, પૂ. સ્વામી તદ્રૂપાનંદજીની બોધમાલિકા પરની જાહેર વ્યાખ્યાનમાળા, જન્મભૂમિ (ગોધરા)થી તપોભૂમિ (નારેશ્વર)ની પદયાત્રા, રક્તદાન શિબિર, અન્નદાન, વસ્ત્રદાન વગેરે કાર્યક્રમો થયા. ઈશકૃપા અને પૂ. બાપજીના આશીર્વાદથી એ તમામ કાર્યક્રમો સુપેરે પાર પડ્યા. પરંતુ બાપજીના અક્ષરદેહના પુનઃ પ્રકાશનનું સ્વપ્ન કાર્યાન્વિત ન થઈ શક્યું એનો વસવસો મનમાં રહી ગયો હતો. આજે મોડે મોડે પણ એ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે એનો હૈયે પરમ આનંદ છે. અક્ષરદેહના પ્રકાશનના પ્રથમ ચરણરૂપે અવધૂતી મસ્તી ભા.-૧, ૨, ૩. વાચકોના હાથમાં મૂકતાં આજે ઊંડા પરિતોષની લાગણી અનુભવીએ છીએ.

આ ગ્રંથત્રયની ઉપાદેયતા વિશે વિશેષ કંઈ કહેવાની અમારી પાત્રતા નથી. વિવેચકશ્રીએ એમના નિવેદનમાં એનું મહત્ત્વ દર્શાવ્યું જ છે. અમે તો નમ્રભાવે એટલું જ કહીશું કે પૂજ્ય બાપજીના જીવન અને વિચારના રહસ્યને સમજવાની ગુરુચાવી આ ગ્રંથોમાંથી સાંપડે છે. પૂજ્ય બાપજીનાં સાઠ ભજનોનું વિસ્તૃત અને વિદ્વત્તાપૂર્ણ ભાષ્ય આપીને સ્વ. પૂ. શ્રી જમિયતરામ નરભેરામ અધ્વર્યુએ વાચકો પર ભારે મોટો ઉપકાર કર્યો છે. એમના આ વિવેચન ગ્રંથોની દ્વિતીય આવૃત્તિના પ્રકાશન પ્રસંગે એમનું ભાવપૂર્વક પુણ્ય સ્મરણ કરી એમના પ્રત્યે ઊંડા આદરની લાગણી વ્યક્ત કરું છું.






અવધૂતી મસ્તીના આવા આધ્યાત્મિક પાથેયરૂપ ત્રણ ગ્રંથોના પુનઃપ્રકાશનની મંજૂરી આપવા બદલ શ્રી અવધૂતી સાહિત્ય પ્રકાશન સમિતિનો આભાર માનું છું. પ્રસ્તુત બીજી આવૃત્તિમાં બાપજીના કેટલાક દુર્લભ ફોટાઓનો સમાવેશ કર્યો છે. એ દુર્લભ ફોટાઓ સુલભ કરી આપવા બદલ પૂ. શ્રી. બાલ અવધૂતજીના અને એ ફોટાઓને અનુરૂપ ભજન-પંક્તિઓ શોધી આપવા બદલ પૂ. પ્રેમ અવધૂતજીનો ઋણી છું.

જેમની પ્રેરણા તથા પ્રોત્સાહનને કારણે આ ગ્રંથોના પુનઃપ્રકાશનનું કામ હાથ ધરાયું તથા પ્રૂફ રીડીંગ અને પ્રકાશનને લગતાં અન્ય કામો પાછળના જેમના અથાક પરિશ્રમને કારણે આ કામ સમયસર સુપેરે પાર પાડી શકાયું તે ગુજરાત વિદ્યાપીઠના નિવૃત્ત અધ્યાપક આદરણીય શ્રી મગનભાઈ પટેલનો આભાર કયા શબ્દોમાં માનવો ? એમનું ઋણ બહુ ભારે છે.

મારા પ્રત્યેક જાહેર કામની જેમ આ કામમાં પણ શ્રી જિતેન્દ્રભાઈ ઠક્કર તથા ગ્રાફિક તથા પેઈન્ટિંગ ક્ષેત્રે દિલ્હીની લલિતકળા એકેડમીએ વર્ષ '૯૯નો જેમને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કર્યો તે શ્રી અરવિંદભાઈ પટેલની સેવાઓ ઉપલબ્ધ રહી છે. સમયસર કામ પૂરું કરવા અધ્યાપક શ્રી નરોત્તમભાઈ પટેલ તથા સંદેશના પ્રૂફ રીડર શ્રી ચંદ્રકાન્તભાઈ ભટ્ટનો પણ પ્રૂફ રીડીંગમાં સહર્ષ સહકાર સાંપડ્યો છે. આ સૌ મિત્રોનો હૃદયપૂર્વક આભારી છું.

અંતમાં અવધૂતી મસ્તીના ત્રણેય ગ્રંથો – પ્રિન્ટિંગ, બાઈન્ડિંગ, ગેટ-અપ એમ બધીય રીતે ઉત્તમ કક્ષાના થાય એ અમારી અભિલાષાને ચરિતાર્થ કરી બતાવવા બદલ સૂર્યા ઓફસેટના શ્રી જિતેન્દ્રભાઈ તથા શ્રી મુદ્રેશભાઈ પુરોહિતનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અવધૂતી મસ્તી ગ્રંથત્રય સર્વાંગ સુંદર બને એવા અમારા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો છતાં અહીંતહીં ક્યાંકને ક્યાંક ત્રુટિઓ રહી ગઈ હશે એ માટે અમે વાચકોના ક્ષમાપ્રાર્થી છીએ. સુજ્ઞ વાચકોને અમારી નમ્ર વિનંતી છે કે એ ત્રુટિઓ તરફ અમારું લેખિત ધ્યાન ખેંચે જેથી નવી આવૃત્તિ વેળાએ એ સુધારી શકાય.

– ડૉ. ઇન્દુભાઈ દવે

# અવધૂતી-મસ્તી

## ખંડ - ૩

## અનુક્રમણિકા




ભા.- ૩


| ક્રમ | | પાન |
|---|---|---|
| (૩૬) | વનવડલાની શીતળ છાયા | ૧ થી ૨૯ |
| (૩૭) | બન જા અવધૂતા, અવધૂતા, શોક મોહે અતીતા | ૩૦ થી ૫૫ |
| (૩૮) | લાખોંમેં કોઈ બિરલોહિ ઐસો હૈ ! | ૫૬ થી ૬૭ |
| (૩૯) | વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના | ૬૮ થી ૮૯ |
| (૪૦) | પીવું જ્ઞાનામૃત પૂર્ણ, હો પિપાસુ ! | ૯૦ થી ૧૦૩ |
| (૪૧) | ના દોસ્ત દુશ્મન કોઈ હમારા; હમ સદા નિઃસંગી હૈ | ૧૦૪ થી ૧૧૮ |
| (૪૨) | જો ચાહે સો કહના, પ્યારે, જો ચાહે સો કહના | ૧૧૯ થી ૧૩૮ |
| (૪૩) | જો આપકો દેખે, ન ઉસકો દૂસરા દિખતા કહીં; | ૧૩૯ થી ૧૫૮ |
| (૪૪) | અંદર ગોતા લગાવ, પ્યારે ! | ૧૫૯ થી ૧૭૩ |
| (૪૫) | અબ તો લહર મરનકી આઈ | ૧૭૪ થી ૧૯૮ |
| (૪૬) | કરની બીન કથનીકી કીમત કૌડી જાન | ૧૯૯ થી ૨૧૩ |
| (૪૭) | હુઆ ક્યા યે મુઝે સાંઈ | ૨૧૪ થી ૨૩૬ |
| (૪૮) | લખવું અને બકવું નકામું, હા ! | ૨૩૭ થી ૨૬૧ |
| (૪૯) | મન મૂઢ અજાણ ! ફાંફાં કાં મારે છે | ૨૬૨ થી ૨૭૪ |
| (૫૦) | વાણી માંહી શૂરા રે | ૨૭૫ થી ૨૮૩ |
| (૫૧) | મૈં દિવાની દિવાની, હક ઘરકી પ્યાસી | ૨૮૪ થી ૨૯૭ |
| (૫૨) | ક્યા ખોજે અજાના ? અવધૂ ! | ૨૯૮ થી ૩૧૦ |
| (૫૩) | જીવન દો દિનકા દો દિનકા | ૩૧૧ થી ૩૧૫ |
| (૫૪) | અબ મૈં ભઈ મસ્ત પિયા | ૩૧૬ થી ૩૨૧ |
| (૫૫) | હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી | ૩૨૨ થી ૩૨૭ |
| (૫૬) | આતમ જાન લિયો મૂલહિ સે | ૩૨૮ થી ૩૩૩ |
| (૫૭) | મૂકી દીધી કલમ બંધો | ૩૩૪ થી ૩૫૯ |
| (૫૮) | આનંદવાજાં વાગે ગગનમાં | ૩૬૦ થી ૩૭૦ |
| (૫૯) | દિગંબરા દિગંબરા | ૩૭૧ થી ૩૭૭ |
| (૬૦) | અબ ખૂબ હઁસો, અબ ખૂબ હઁસો | ૩૭૮ થી ૩૮૬ |
| | નારેશ્વરનો નાદ | ૩૮૭ થી ૩૮૮ |

# ઋણ સ્વીકાર




ભા.- ૩

અવધૂતી મસ્તીના આ ત્રણ ભાગની દ્વિતીય આવૃત્તિના પ્રકાશનમાં નીચેના દાતાઓનાં સ્વૈચ્છિક દાન મળ્યાં છે. પરિણામે સેટની કિંમત માત્ર રૂ. ૧૦૦/- રાખી શકાઈ છે. એ બદલ દાતાઓનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

(૧) ૬૧,૧૦૧/- શ્રી રતિલાલ જેઠાલાલ પંડ્યા
હસ્તે શ્રી અશોકભાઈ રતિલાલ પંડ્યા
શ્રી મહેશભાઈ રતિલાલ પંડ્યા

(૨) ૨૫,૦૦૧/- શ્રી સતીશભાઈ ઓઝા (નવાપુરવાળા)
હાલ શિકાગો (યુ.એસ.એ.)

(૩) ૧૦,૦૦૧/- સ્વ. મંગળભાઈ મોતીરામ દવે અને
સ્વ. દિનેશભાઈ મંગળભાઈ દવેના
સ્મરણાર્થે હસ્તે ડૉ. ઈન્દુભાઈ દવે

(૪) ૧૦,૦૦૧/- સ્વ. શંકરલાલ મોતીરામ દવે અને
સ્વ. શાંતાબેન શંકરલાલ દવેના
સ્મરણાર્થે હસ્તે. ભરતભાઈ શંકરલાલ દવે–
શિકાગો (યુ.એસ.એ.)

(૫) ૫,૦૦૧/- શ્રી રણબીર સીંગ બગ્ગા (સરદારજી)
અમદાવાદ

(૬) ૫૦૦૧/- સ્વ. વિપુલભાઈ અંબાલાલ પટેલના સ્મરણાર્થે
હસ્તે અંબાલાલ પટેલ (મંત્રીશ્રી અવધૂત પરિવાર)
અમદાવાદ

(૭) ૫,૦૦૧/- શ્રી મહેશશંકર નર્મદાશંકર પંડ્યા
(હસમુખ ચાવાળા) મુંબઈ

(૮) ૨,૦૦૧/- શ્રી ગિરધરભાઈ લટુરભાઈ દિક્ષિત, અમદાવાદ

(૯) ૧,૦૦૧/- અન્નપૂર્ણાબેન નટવરલાલ ભટ્ટ, અમદાવાદ

(૧૦) ૧,૦૦૧/- સ્વ. જુગલકિશોર હિંમતલાલ શુકલનાં સ્મરણાર્થે
હસ્તે ભદ્રાબેન જુગલકિશોર શુકલ - અમદાવાદ.

(૧૧) ૧૧,૦૦૧/- સુર્યાબેન જિતેન્દ્ર પુરોહિત, અમદાવાદ



આપ મારકે આતમ પા લે,

બન જા હક્ક ઘરકા બંદા;


ફંદ છોડ દે અન્ધ ફકીરા,

રંગ ધૂલકા ધંધા ?




નિરાલંબમેં કરે નિવાસા,

છોડ દેહ - અધ્યાસ.



સ્મરણાસ્મરણાતીત એક શિવોऽહમ્

દ્વૈતાદ્વૈત વિણ મૌન !



બિન તાર તંબૂર ૐ બજાકે,


હમ હમહી મેં મસ્ત હૈ.



કપરા દુઈ કા ફેંક કર,
ફીરે દીવાના બાવરા;
રોતા કભુ હંસતા કભુ,
અલમસ્ત ખુદ મસ્તીકા ભરા !




જ્ઞાન જહર આપે પી લીના,
જગ ઝંઝટ ભૂલાઈ.



બના માલિક બિના દૌલત, બના રાજા બિના રૈયત;

કરૂં બાતા બના મૈયત, ન મૈં જાણું ન તૂ જાણું !



તત્વમસિ તંબૂરો વાગે,
લક્ષ્યમાહી પામે રે.

ॐ

॥ श्री दत्तः प्रसन्नोऽस्तु ॥




ભા.- ૩

# અવધૂતી–મસ્તી

(૩૬)

વનવડલાની શીતળ છાયા, જોગી જંગલ વસતો રે;
હસતો ગાતો કો દિન રોતો, કો સાથે નવ ભખતો રે.–ટેક.

દિન ગાળે સૂરજ ને તાપે, રાતે તારક ગોષ્ઠિ રે;
વનપંખી સમ ગેલ કરંતો, કોઈ દિન નવ એ કષ્ટી રે. –વન. (૧)

વૃક્ષો સાથે વાતો કરતો, વ્યાલવ્યાઘ્ર રમાડે રે;
કૌપીનકંથા ઝોળી ઝંડા, સંગ્રહ ન કરે કોડે રે. –વન. (૨)

અહં ખાખ લગાવી તનમાં, મદમત્સરને બાળે રે;
પરનારી પરધન નવ ભાળે, નવ ડરતો કો કાળે રે –વન. (૩)

નિર્ઝરવારી પાન કરેને, ફળટુકડો કો માગે રે;
વિષય રમકડાં જગનાં ઝેરી, માની નિશદિન જાગે રે. –વન. (૪)

સદ્‌ગુરુ સેવા સંતસમાગમ, પળપળ હરિની ચર્ચા રે;
ધ્યાનમગ્ન ધીરજ ઉર ધારી, કરતો હરિજન અર્ચા રે. –વન. (૫)

તૃણશય્યા મખમલ મન માની, આતમરાજ બિરાજે રે;
પ્રાપ્તાપ્રાપ્તે સમબુદ્ધિને, સંયમ ઉરમાં રાજે રે. –વન. (૬)

શાંતિ શીતળ અંદર ઓપે, દીન તણાં દુઃખ કાપે રે;
ત્યાગવિરાગે રાજ કરેને, શ્વાસ શ્વાસ હરિ જાપે રે. –વન. (૭)

મનભ્રમણા સહુ ભાગે પળમાં, દુઃખદરિયો સહુ આટે રે;
હરિરસમાં સમરસ થઈ જાતાં, મુક્તિ પદતલ ચાટે રે. –વન. (૮)

જોતાં અંતર અન્ય ઠરે ને, રંગ ભજનનો જામે રે;
તત્ત્વમસિ તંબૂરો વાગે, લક્ષ્યપ્રસાદી પામે રે ! –વન. (૯)






અનંતના ઊંડાણનું જાણે માપ કાઢતો હોય તેમ એ યોગી ક્ષિતિજને આરપાર કરતો અનિમેષ સ્થિરદૃષ્ટે જોતો જંગલમાં વસે છે. જગતનો કોલાહલ એના આત્મચિંતનને અવરોધે છે. જગતનું દૃશ્ય એના અનંત દર્શનમાં વિક્ષેપરૂપ છે. જગતનો સંગ એના અસંગ આત્માને કોકવાર ચળવિચળ કરવાનો પુરુષાર્થ કરી શકે છે અને તેથી જ એ બધાને માગ આપવાને પોતે જ જગત અને જાગતિક સંગથી દૂર-સુદૂર જંગલમાં વાસ કરતો એ જોગી ભોગીની નજરનું નૂર બની રહે છે. ભોગીને જે વસમું લાગે તે એ જોગીનું સહજ જીવન છે અને જોગીને જે વસમું લાગે તેના વિના ભોગી જીવી શકતો નથી. જોગી જ્યારે ઊંઘે છે ત્યારે જગત જાગે છે.

જંગલમાં એ જોગી ક્યાં વસે છે ? વનમાં. ભાતભાતનાં વૃક્ષો જ્યાં સ્વચ્છંદે ઊગે છે, ઊછરે છે અને પોતાનું પરોપકારી જીવન પૂરું કરી, અંત પામે છે ત્યાં. એવી વનરાજીમાં વડલાના વિશાળ વૃક્ષને શીતળ છાંયડે એ જોગી જંગલમાં વસે છે. એકાંતમાં નિસર્ગનું સૌંદર્ય અને વડલાની શીતળ છાંયા, જગતના કલહથી કંટાળેલાને પણ ક્ષણભર તો શાંતિ આપે. અને આ યોગી ? શાંતિનો આગાર. એને એના આત્મચિંતન આગળ બીજું કશું જ સૂઝે નહીં. એને ક્યાં અશાંતિ ? અને શ્રી અવધૂતને તમે નારેશ્વરમાં કોકવાર સવારે બોધિવૃક્ષ સમા લીમડાના વૃક્ષ નીચે બેઠેલા જોયા છે ? એ વનવડલાની શીતળ છાંયા તળે બેઠેલો જોગી કેવો હોય તેનો તમને ખ્યાલ આવશે. અને કુરવપુરનું એ દૃશ્ય પણ હજી ભુલાતું નથી. કૃષ્ણાતટ, વિશાળ વટવૃક્ષ અને તેની છાંયા તળે બેસી અનિમેષ નયને સ્થિરદૃષ્ટિએ એ કૃષ્ણાના પ્રવાહ સાથે, તેના મધુર કલકલ કરતા રવની સાથે તાદાત્મ્ય સાધીને બેઠેલા અવધૂતનું એ એકાંત મૌન હજી વિસરાતું નથી.

વન વડલાની શીતળ છાયા,
જોગી જંગલ વસતો રે;

એ પંક્તિ વાંચું છું, એ કલ્પનાનું ચિત્ર વિચારું છું ત્યારે ખરેખર એ ઉભય દૃશ્યો–નારેશ્વરનાં અને કુરવપુરનાં – સ્મરણપટ પર તાજાં જણાય છે. સૂર્યનાં કિરણો પણ ભેદી ન શકે એવી એ વડલાની શીતળ છાંયામાં બેઠો બેઠો એ જોગી શું કરે છે ?

સાચો જોગી કોણ ? જીવ અને બ્રહ્મનું ઐક્ય સાધીને અખંડ બ્રહ્મભાવમાં રહેનાર. એવા યોગીનું રહેઠાણ ? જંગલ અને વૃક્ષની શીતળ છાંયડી. નથી એને મહેલાતોની સ્પૃહા કે નથી એને શરીરના સુખની દરકાર. એને મન તો મહેલાત એટલે આકાશથી આચ્છાદિત પૃથ્વી. ઉપર આભ અને નીચે ધરતી એ જ સાચા યોગીનું રહેવાનું સ્થાન. એને મન સંસારનાં સુખદુઃખની ભ્રમણા નથી અને તેથી એ સતત બ્રહ્મભાવભાવિત

આત્માનંદની મસ્તીમાં જ નિમગ્ન રહે છે.

એ આત્માનંદની મસ્તીનું એંધાણ ?

**હસતો ગાતો કો દિન રોતો, કો સાથે નવ ભખતો રે,**

એ યોગી શું કરે છે ? એવો પ્રશ્ન આગળ પૂછ્યો છે.

શ્રી અવધૂત એ પ્રશ્નનો ઉત્તર આપે છે.

**"હસતો ગાતો કો દિન રોતો"**

આત્મભાવમાં મસ્ત રહેતો એ યોગી કોઈ વખત હસતો જણાય છે. એનું એ હાસ્ય લૌકિક હાસ્ય નથી. આત્માના આનંદમાંથી નીતરતું એ હાસ્ય છે. અરે એવું નિર્દોષ બાળકના જેવું મુક્તહાસ્ય, આપણા નસીબમાં જ ક્યાં છે ? આપણે હસીએ છીએ પણ આત્મસુખનું હાસ્ય હસતા નથી. એ હાસ્ય વિષયોના ક્ષણિક સુખનું હાસ્ય છે અને તેની પાછળ તરત જ એ હાસ્યના કારણરૂપ વિષયના વિનાશનું રુદન રહેલું જ છે. જોગીના એ હાસ્યના વિનાશનું કારણ રુદન નથી. હાસ્ય કરતાં કરતાં કોઈ વેળા એ યોગી સંગીત લલકારતો પણ જણાય છે. એ સંગીત પણ આપણા જેવું લૌકિક સંગીત નથી. એ સંગીતમાં પણ પરમતત્ત્વનાં જ ગુણગાન છે. એ સંગીત પણ આત્માનું જ સંગીત છે. અંતરના તાર ઝણઝણાવી દેવાની એ સંગીતમાં શક્તિ છે. પરમતત્ત્વ સાથે તાદાત્મ્ય સાધવાની એ સંગીતમાં ગતિ છે. એ સંગીતમાંથી નીતરતો આનંદ પણ નિર્મળ છે. બાળક નિર્દોષ આનંદમાં તલ્લીન બની જઈ ગાન કરે છે. એવું એ ગાન વાયુમંડળને પણ સભર બનાવી દે છે. યોગીના એ ગાનમાં ક્ષતિ થવાનો સંભવ નથી. આપણું લૌકિક ગાન વિષયસુખની પ્રાપ્તિનું ગાન છે અને તે ક્ષણિક જ છે. એ ગાન પાછળ વિષાદ ભરેલો છે, જ્યારે યોગીના ગાન પાછળ આનંદસાગર રેલાય છે. એ યોગી કોઈ વખત રોતો પણ જણાય છે: રુદન શા સારુ કરે છે ? જે આનંદમગ્ન છે, જે આનંદનું સ્વરૂપ છે, જેનો આનંદ લૌકિક નથી, જેનો આનંદ શાશ્વત છે તેને રુદન શાં ? એ એક પ્રશ્ન છે. સંસારી રુદન કરે છે સંસારના દુઃખને કારણે પણ યોગી, જેને સંસારમાં આસક્તિ નથી, યોગી જેને સંસારનાં દ્વંદ્વો સતાવી શક્તાં નથી, યોગી જેને મન સંસારનું અસ્તિત્વ જ નથી એવા યોગીને તે વળી રોવાં શાં ? હાસ્ય, રુદન, કંપ, રોમાંચ, આદિ અષ્ટ સાત્ત્વિક ભાવો એ યોગીમાં ભર્યા હોય છે. એ ભાવો, એના અંતરમાં અવારનવાર ઉદય પામે છે. કોઈ વેળા એને મન જાણે એ પોતાના પ્રભુથી વિખૂટો પડ્યો છે એવો ભાવ આવી જાય છે તેથી તે વિયોગનાં એ અશ્રુ સારે છે. કોઈ વખત એ રુદન કેમ થાય છે તેની પણ એને સમજ પડતી નથી. અને તેથી એ રુદન કરતાં કરતાં જ હસતો જણાય છે. વળી હસતાં હસતાં એ પાછો રુદન કરતો થાય છે, આક્રંદ કરે છે અને એમ થવાથી, એનાં આ બધાંય લક્ષણોમાં પરમાત્મભાવની








પ્રતીતિ થાય છે. એ બધાય ભાવો પૃથક્ પૃથક્ કિંવા એકીસાથે પણ યોગીમાં પ્રગટ થાય છે અને ત્યારે એ હસતો, હસતાં હસતાં રોતો અને રોતાં રોતાં ગાતો પણ જણાય છે. એ બધાંય લક્ષણો દેહભાન ભૂલેલા યોગીના ભક્તિના ઉન્માદના છે. એ બધાં લક્ષણો સાંસારિક માનવીના વિષાદ કે આનંદના પરિણામે તેનામાં જણાતાં લક્ષણો નથી. એ બધાય સાત્ત્વિક ભાવો છે. આત્માનંદથી જ્યારે અંતર ઉભરાતું હોય છે ત્યારે એ ભાવો પ્રગટ થાય છે. એના રુદનમાં વિરહની સંવેદના છે, એના હાસ્યમાં મિલનનો આનંદ છે, એના ગાનમાં આત્મૈક્યતાના હર્ષનો તરંગ છે. તરંગ કહ્યો છે કારણ એ ભાવો સ્થાયી નથી. અને ક્ષણિક હોવાથી એ યોગી ભાવમુક્ત બની આત્મામાં લીન બની જાય છે. ત્યારે ત્યાં નથી રુદન, નથી હાસ્ય કે નથી ગાન. અસ્તુ.

સંસારનો પ્રપંચ એને પોતાના તરફ આકર્ષણ કરી શકતો નથી, કારણ કે સંસાર મિથ્યા છે એવું એ જાણે છે. ગુણનું કાર્ય છે અને તેથી તે અજ્ઞાનજનિત છે એવી એને આત્માનુભવે પ્રતીતિ થઈ હોય છે. આ કારણે જ એ આત્માભિમુખ યોગી કોઈ સાથે બોલતો નથી. શું બોલે ? એ દરવેશનાં દર્શને જનારા કોણ ? જગતની જંજાળમાં રચીપચી રહેલા જંતુઓ. આપણે આહાર, નિદ્રા, ભય અને મૈથુનના કીડાઓ જંતુ નહીં તો બીજું શું ? અને જ્ઞાનીજન જંતુ જેવા પામર સાથે બોલે પણ શું ? આપણને તેની વાતમાં આનંદ પણ ન આવે. આપણે તો ધન જોઈએ, કીર્તિ જોઈએ, પુત્ર પરિવારની વાંછા, વૈભવ અને વિલાસની આકાંક્ષા કરી એની પાસે જઈએ, ત્યારે એ આપણા તરફ પીઠ ફેરવે એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. કોક વિરલો આત્માનુરાગી એવા અવધૂત આગળ જાય તો તેની સાથે તે અગમનિગમની વાતો કરે. આત્મોન્નતિના માર્ગ સૂચવે. પણ એવા તો અપવાદ જ. એટલે શ્રી અવધૂતે કહ્યું :

**"કો સાથે નવ ભખતો રે...."**

પણ એમ એકલો અટૂલો એ યોગી કેમ રહી શકે ? આપણે તો સોબત જોઈએ. એકાંત તો ગમે નહીં. કોઈ વાતો કરનાર જોઈએ, કોઈ રમત રમનાર જોઈએ અને એ રીતે વખત વિતાવવા માટે અનેક સાધન સંભાર આપણને આવશ્યક જણાય. એ રહે પણ વનમાં, વડલાની શીતળ છાયામાં. ન તો કોઈ સાથે બોલે કે ન ચાલે ત્યારે એનો સમય પણ કેમ વીતે ? એ પ્રશ્નનો ઉત્તર :

"एकाकी रमते बुधः"

એ છે. જ્ઞાની છે તે એકાકી રહીને જ આનંદ માણે છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥

''ઇન્દ્રિયો અને વિષયોના સંબંધથી ઉત્પન્ન થતા જે ભોગો છે તે જ દુઃખનું કારણ છે; અને આદિ-અંતવાળા છે. હે અર્જુન ! જે જ્ઞાની છે તેઓ તેમાં રમતા નથી.''

એકલો. અને અટૂલો શ્રી અવધૂતભાખ્યો યોગી ત્યારે શું કરે છે ? શ્રી અવધૂત કહે છે :

''દિન ગાળે સૂરજને તાપે, રાતે તારક ગોષ્ઠિ રે,''
''વનપંખી સમ ગેલ કરંતો, કોઈ દિન નવ એ કષ્ટી રે.''

અંધકારમાં આપણને એકાંત લાગે, પ્રસંગવશાત્ ભય પણ જણાય પણ એવે પ્રસંગે એકાદ નાનકડો દીપક હોય તો તેની પણ આપણને હૂંફ રહે છે એ અનુભવની વાત છે. વસ્તુતઃ એ દીપક આફતમાં આપણું રક્ષણ કરી શકતો નથી છતાંય આપણે આપણા મનથી માનીએ છીએ કે ''કાંઈ નહીં દીવો છે ને ?'' અને એ હૂંફ આપણને અંતરમાં આશ્વાસન ઉપજાવે છે અને એ જ હૂંફ વડે આપણે અંધકારમાં પણ રાતો વિતાવી શકીએ છીએ. તાત્પર્ય એ છે કે પ્રકાશ એ જીવન છે અને પ્રકાશ એ જ માનવજાતનું જ નહીં પણ પશુપંખીનું પણ સંગી છે અને તેથી એ યોગી

''દિન ગાળે સૂરજને તાપે''

સૂરજના તાપની હૂંફમાં જ પોતાનો દિવસ ગાળે છે. સંસારમાં રચીપચી રહેલાને જે હૂંફ કે આશ્વાસન નથી તે આત્માની હૂંફ અને આત્માનું પીઠબળ એને છે અને તેથી એ પોતાને એકલો માનતો જ નથી. અને તેથી દિવસે જાણે સૂરજ એનો સાથી છે એમ માને છે. એને ટાઢ કે તડકાનું દુઃખ નથી. એ દ્વંદ્વાતીત યોગી તાપમાં પણ એક સરખો જ રહે છે અને હિમાચ્છાદિત શીતળ સ્થળે પણ કડકડતી ટાઢમાં પણ એને ક્લેશ થતો નથી. એ દ્વંદ્વ તો શરીરના છે અને જેને મન શરીરનો મોહ છે તેને એનું દુઃખ થાય છે. આત્મરત અવધૂત એ શરીરથી પર છે, શરીરના સુખદુઃખથી પર છે અને તેથી માયા અને ગુણનાં કાર્યો એને બાધ કરી શકતાં નથી. અને તેથી દિવસે સૂરજના તાપમાં રહેવામાં કે રાત્રે કડકડતી ટાઢમાં પડ્યા રહેવામાં એને હર્ષ કે શોકનું ભાન પણ થતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

''દિન ગાળે સૂરજને તાપે...''

બીજી રીતે જોઈએ તો સૂર્યનો પ્રકાશ એ આત્માનો જ પ્રકાશ છે. અંધકારનો પ્રતિકાર કરનાર એ પ્રકાશ જ અજ્ઞાનનો પ્રતિકાર કરનાર જ્ઞાનરૂપ છે. જેને જ્ઞાન થયું છે તેને પોતાનાં જ શરીરમાં રહેલા એ જ્ઞાનનો પ્રકાશ—જ્ઞાનસ્વરૂપ આત્માનો પ્રકાશ—સૂર્યના પ્રકાશથી ભિન્ન જણાતો નથી અને તેથી તે પોતે પોતાના જ પ્રકાશમાં પ્રકાશમય જીવન વ્યતીત કરે છે એમ પણ કહી શકાય. હશે, લૌકિકદૃષ્ટિએ જોઈએ તો વડલાની શીતળ છાયા તળે બેઠેલા એ યોગીને ભાંગીતૂટી ઝૂંપડી પણ

નથી, તેના અભાવનો એને અસંતોષ પણ નથી અને તેથી એના દિવસો એ આનંદમાં નિર્ગમન કરે છે. પણ રાત્રે શું થાય ? દિવસે તો પ્રકાશમાં હૂંફ મળે પણ રાત્રે ! શ્રી અવધૂત કહે છે :

"રાતે તારક ગોષ્ઠિ રે....."

રાત્રે એ તારાઓ સાથે વાતો કરે છે. ઉપર આભ છે, નીચે એનું પૃથ્વી પર આસન છે. એ બેની વચ્ચે અગણિત તારાઓનાં વૃંદ અવકાશમાં ઝૂલે છે. કેટલા બધા તારાઓ, ગ્રહ, નક્ષત્રો એના મિત્ર છે ! એની સાથે વાતો કરનારાઓ છે ! પછી એને એકાંત શાનું લાગે ? અને ઘરદીવડા શા નભમંડળમાં ટમટમતા તારલાઓ રાત્રીની નિરવતામાં એ યોગી સાથે કેટકેટલી ગુપ્ત વાતો કરે છે ? તારાઓ સાથે વાતો કરવાની આપણી ગતિ નથી. એ તો કોઈ વિરલો જ એની ભાષા સમજે અને એની સાથે વાતો કરે. પ્રભુની અતકર્યલીલામાં મગ્ન બનીને નિરવ રાત્રિઓ વિતાવે. પણ એ તારલાઓ શી વાતો કરે ? જરા કલ્પના તો કરો.

"રાતે તારક ગોષ્ઠિ રે....."

એ શ્રી અવધૂતભાખ્યા વેણનો મર્મ સમજવાનો યત્ન તો કરો. તારા સાથે એ શી ગોષ્ઠિ-મસલત રાતે કરતા હશે ?

આજકાલના ખગોળવિજ્ઞાનીઓએ એ તારામાં પૃથ્વી પર રહે છે એવા માનવીઓની કલ્પના કરી છે. એ તારામાં પહાડ, પાષાણ, વનસ્પતિ, પાણી અને પૃથ્વીના જેવા જ અનેકવિધ પદાર્થોની પણ કલ્પના કરી છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ પણ ખગોળવિજ્ઞાન ઉપર પ્રકાશ પાડ્યો છે. અને તેથી એ તારાઓ પણ અભ્યાસનો વિષય બન્યા છે. એ યોગી એ તારાઓના વિજ્ઞાનનો સૂતોસૂતો અભ્યાસ કરે છે અને પરમાત્માની અગાધ લીલાનો વિચાર કરતો કરતો આનંદમાં મસ્ત બની જાય છે. તારાઓ સાથે વાતો કરવામાં એને વૈખરીની જરૂર નથી. એ તો પરાવાણીમાં જ એ તારકવૃંદ સાથે વાતો કરે છે. એ કેવળ અનુભવનો વિષય છે, એટલે એ વિષયમાં જેટલો વાણી-વિલાસ કરીએ તેટલો નકામો છે. કોક રાત્રે એવા નિર્જન અરણ્યમાં એકલા જ રહીએ, તારાઓની ગતિનું, એ તારલાના પ્રકાશનું અવલોકન કરીએ તો તેમાંથી જે આનંદ પ્રેરણા અને શાંતિ મળે તે અવર્ણનીય હશે. બીજી રીતે વિચાર કરીએ તો પ્રભુમાં જગત અને જગતમાં પ્રભુને જોનાર એ યોગી તારાઓમાં પણ પ્રભુદર્શન જ કરે છે. અને જ્યારે સમસ્ત વિશ્વ બ્રહ્મ જ છે, સમષ્ટિમાં બ્રહ્મ સિવાય બીજી કોઈ શક્તિ કે સત્તા જ નથી ત્યારે એ તારાઓ પણ તેના વિનાના તો નથી જ ને ? અને આત્મતત્ત્વરત એ યોગીને એ તારલાના વૃંદમાં પણ પોતાનાં જ દર્શન થાય ત્યારે એ તારલાના વૃંદને પણ પોતાનું જ સ્વરૂપ માનીને પણ એ યોગી આનંદમગ્ન રહે છે. અસ્તુ. અનુભવ વિનાની કલ્પના કરે શો અર્થ ?

અને એ યોગીને એના એ નિર્જન એકાંતવાસમાં કેટલો આનંદ છે ? શ્રી અવધૂત કહે છે :–

**"વનપંખી સમ ગેલ કરંતો...."**





વનમાં વિહાર કરતા, આકાશમાં ઊંચે ઊંચે ઊડતા, સ્વચ્છંદવિહારી અનેકવિધ પંખેરું પોતાના એ નિરંકુશ વિહારમાં કેટલો આનંદ માણે છે ? આપણને એની કલ્પના પણ ન આવે. પિંજરમાં પુરાયેલું બિચારું એકાકી પંખી કેવું ઝૂરે છે ? પંખીના એ ઉભય પ્રકારના માનસની કલ્પના કેમ કરી શકાય ? સમીસાંજે અને ઉષઃકાળે એ પંખીઓ વૃક્ષની ડાળે ડાળે આનંદમાં મહાલતાં કેવાં કિલ્લોલ કરે છે ? આપણે એ દૃશ્યો જોઈ શકીએ છીએ, પક્ષીવૃંદના એ આનંદની કલ્પના પણ કરીએ છીએ. અને જો આપણા અનેકવિધ પ્રપંચભર્યા જીવન સાથે એ સ્વચ્છંદી જીવનની તુલના કરીએ તો સાચું સુખ કોણ માણે છે ? બંધન વિનાનો પ્રાણી કેટલો સુખી છે તેની સાધારણ કલ્પના આવી શકે. અવધૂત વનમાં રહે એટલે વનપંખીના એ સ્વતંત્ર વર્તનની એને કલ્પના પણ આવે અને સંસારના કલહના અભાવે એ પંખેરું જેવો જ સ્વતંત્ર, એના જ જેવા નિર્દોષ આનંદમાં પોતાનો કાળ વ્યતીત કરે એ સ્વાભાવિક છે. એ પંખીને કાલની કાળજી નથી. એને પહેરવાને વસ્ત્રની જરૂર નથી. એને પીવાને પાણીનાં સરોવર ભર્યાં છે. એને ખાવાને વનફળ અને ધાન્યની જ્યાં જુઓ ત્યાં વિપુલતા છે. એને રહેવાને નાનકડા માળા સિવાય કશું જ જોઈતું નથી અને તે પણ કેવળ પ્રસૂતિ કાળ પૂરતી જ આવશ્યકતા છે. એને રોકટોક કરનાર કોણ ? એને જગતનાં બંધનો બાંધી ન શકે ! એની સૃષ્ટિ એટલે સ્વચ્છંદ વિહાર અને નિર્દોષ આનંદ. એવો જ વિહાર અને આનંદ એ યોગી અનુભવતો હોય છે. એટલે જ અહીં એ

**"વનપંખી સમ ગેલ કરંતો"**

કહીને શ્રી અવધૂતે પંખીના જીવનની ઝાંખી કરાવી છે. ચોમાસે એ પાણીમાં ભીંજાય છે પણ તેનું એને દુઃખ નથી. શિયાળે એ ટાઢમાં ધ્રૂજે છે પણ તેનું એને મન દુઃખ નથી. ઉનાળે એ તાપમાં તપે છે ત્યારે વૃક્ષની છાયામાં આશ્રય લઈ પોતાનો કાળ નિર્ગમન કરે છે. તેમાં પણ એને ક્લેશ નથી. એવા બંધન વિનાના દ્વંદ્વાતીત જીવન સાથે યોગીના જીવનની સરખામણી કરીને અહીં શ્રી અવધૂતે જોગીનાં લક્ષણોનું લાક્ષણિક વર્ણન કર્યું છે. અને એવા યોગીને, એવા સ્થિતપ્રજ્ઞને

**કોઈ દિન નવ એ કષ્ટી રે**

કોઈ પણ દિવસ કષ્ટ થતું નથી. અરે, કષ્ટની કલ્પના સરખી પણ આવતી નથી. જ્યાં સુખનું જ સામ્રાજ્ય હોય ત્યાં કષ્ટની કલ્પના કેમ આવે ? કામના હોય તો પૂર્ણ કરવાનું કષ્ટ થાય. કામનાના અભાવે કષ્ટનું દર્શન ક્યાં થશે ? જન્મનું કહો, મૃત્યુનું કહો કે કષ્ટનું કહો, કારણ

માત્ર કામના છે. તે કામનાનો તો એ યોગીમાં સમૂળ અભાવ જ છે. એ તો જીવે છે માત્ર શરીરનું પ્રારબ્ધ પૂરું થાય ત્યાં સુધી જ. પ્રારબ્ધ ક્ષીણ થયે શરીરનો ત્યાગ કરી આત્મસ્વરૂપમાં સમરસ થવાને એને શરીરમાં રહેવું પડે છે એમ કહેવું યોગ્ય છે. પછી કષ્ટની વાત ક્યાં રહી ? કષ્ટ તો મને અને તમને છે, કારણ કે આપણે કામનાઓના કીડા છીએ. કામનાઓમાં આસક્તિથી રંગાયલા છીએ. કામના પૂર્ણ થતી નથી એટલે દુઃખ અનુભવીએ છીએ. પ્રતિકૂળ સંજોગો એટલે જ કષ્ટ. યોગીને તો નથી પ્રતિકૂળ કે નથી અનુકૂળ સંજોગ. એ તો જીવન જીવે છે નિસર્ગમાં. જીવે છે કારણ કે જીવવાનું છે. એને જીવન અને મૃત્યુનો મોહ નથી. મોહ એ જ કષ્ટ છે. કેવું હશે એ વનપંખી સમ કષ્ટરહિત જીવન !

આગળ ચાલતાં શ્રી અવધૂત એના વસવાટને અનુકૂળ પરિસ્થિતિનું પૃથક્કરણ કરતાં કહે છે :

### વૃક્ષો સાથે વાતો કરતો

આગળ ''તારકગોષ્ઠિ''ની શ્રી અવધૂતે વાત કરી. અહીં વૃક્ષો સાથે વાતો કરવાની શ્રી અવધૂત વાત કરે છે. ખરું છે ભાઈ ! યોગી જડને પણ બોલાવે અને ચેતનને પણ મૂંગા કરે ! એની શક્તિનો પાર નથી.

અલ્યા ભાઈ ! જડ ઝાડવાંઓ સાથે તે શી વાતો કરવાની હોય ? ઝાડને વાણી છે ? ઝાડની કોઈ ભાષા હોય તો એ યોગીને આવડે છે ખરી ? છતાંય શ્રી અવધૂત કહે છે : ''એ યોગી વૃક્ષો સાથે વાતો કરે છે.'' હશે ભાઈ, એ યોગી જે ન કરે તે ઓછું. આપણે પણ વિચાર તો કરીએ.

ભારતના વિશ્વવિખ્યાત મહાન વૈજ્ઞાનિકે, લજામણીના છોડ ઉપર અખતરાઓ કરીને, તેની લાગણીનાં ચિત્રો યાંત્રિક પ્રયોગ વડે દોરીને, વૃક્ષો અને વનસ્પતિમાં ચેતન છે એવું જગત સમક્ષ સિદ્ધ કર્યું છે. તેને માનવીના જેવી લાગણી છે. આપણે અનુભવથી પણ એ જોઈ શકીએ છીએ કે એક બીજમાં રહેલું સુષુપ્ત ચેતન તેને પાણી, પૃથ્વી અને હવા સાથે પ્રકાશનું અનુકૂળ પ્રમાણ મળે તો વૃક્ષનું રૂપ ધારણ કરે છે. બીજની એ વિકાસક્રિયા બીજમાં ચેતન છે એ સિદ્ધ કરવાને પૂરતી છે. ચેતનના પ્રાકટ્ય માટે જે અનુકૂળ સંજોગો જોઈએ તેના અભાવે જ ચેતન સુષુપ્ત અવસ્થામાં રહે છે. આજના અણુના જમાનામાં એ સિદ્ધાંત પુરવાર થયો છે. વૃક્ષમાં જો ચેતન ન હોય તો તેનો વિકાસક્રમ રૂંધાઈ જાય એ શક્ય છે. અર્ભક અવસ્થામાંથી ક્રમશઃ વિકાસ સાધીને જ મનુષ્ય યુવક, વૃદ્ધ વગેરે અવસ્થાને પ્રાપ્ત કરે છે. એ અવસ્થા પ્રાપ્ત કરવાની વિકાસની પદ્ધતિ એ જ ચેતન અને ચેતનની શક્તિનું દ્યોતક છે. તેવાં જ જડ જણાતાં વૃક્ષો પણ ચેતનસ્વરૂપ જ છે. જો તે ચેતન નથી તો પરમાત્માનું સર્વવ્યાપકત્વ આપણે સ્વીકારી શકતા નથી. જ્યાં જ્યાં પરમાત્મા છે ત્યાં

ત્યાં તેનું ચૈતન્ય ભર્યું જ છે. અને પરમાત્મા સર્વવ્યાપક છે એ તો હવે સત્ય છે જ. વેદના કાળથી આજના વિજ્ઞાનના કાળ સુધીમાં, એ તત્ત્વને, એ સિદ્ધાંતને મિથ્યા સિદ્ધ કરનાર કોઈ જન્મ્યો નથી અને જન્મશે પણ નહીં. એટલે એ યોગી જો વૃક્ષો સાથે વાતો કરતો હોય તો તેમાં નવાઈ નથી. જે વસ્તુ આપણે ન કરી શકી તે વસ્તુ બીજાને માટે પણ અશક્ય છે એમ કહેવાનો આપણને શો અધિકાર? અને જે યોગીને સર્વગત પરમાત્મા સાથે જ અનુસંધાન થયું છે તે યોગીને મન એ વૃક્ષમાં પણ અદ્વૈતભાવે પરમતત્ત્વ જ છે અને તેથી અદ્વૈતભાવે જ એ યોગી તેની સાથે વાતો કરે છે, તેના વિકાસનું અવલોકન કરે છે, તેના પારમાર્થિક જીવનનો ધડો લઈને તેને, પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે. આ બધી વાતો શ્રી અવધૂતે આ એક જ ચરણમાં મૂકી દીધી છે.

આ જ વાતને આપણે દુહરાવીએ તો અરણ્યમાં વાત કરવાને કોણ ? વૃક્ષો. અને ખરું પૂછો તો એવા આત્મરત યોગીની વાણી એટલે વૈખરી થંભી જ ગઈ હોય છે અને તેથી જ શ્રી અવધૂતે આગળ કહ્યું તેમ

"કો સાથે નવ ભખતો રે"

એટલે એને કશું જ બોલવાનું રહેતું નથી. પરમાત્માની સૃષ્ટિમાં જે જડ સર્જન છે તેમાં એને પરમાત્માનું વ્યાપક સ્વરૂપ જણાય છે અને તેથી જ એ જડ જેવાં વૃક્ષો સાથે પણ એ પરમાત્મભાવે જ વાતો કરે છે એમ કહીને સમદર્શનના તત્ત્વનું અહીં શ્રી અવધૂત પ્રતિપાદન કરે છે. વૃક્ષો એની સાથે વાણીવિલાસ કરતા નથી કે એ યોગી વૃક્ષો સાથે, જેમ આપણે વાતો કરીએ તેમ વાણીવિલાસ કરતા નથી. એ વૃક્ષોમાં રહેલા પરમતત્ત્વ સાથે પોતાનામાં રહેલા પરમતત્ત્વનું તાદાત્મ્ય સાધીને જ એ વૃક્ષ જાણે પરમાત્માનું સ્વરૂપ હોય એવા ભાવે એ વૃક્ષોના મહિમામાં મગ્ન બની સર્વશ્રેષ્ઠ ''મૌન'' વાણીમાં જ વાતો કરે છે.

અને બીજું શું કરે છે ?

"વ્યાલ વ્યાઘ્ર રમાડે રે"

હિંસાના પ્રતીકસમા સર્પ અને વ્યાઘ્રને એ યોગી રમાડે છે. એવા સ્વભાવથી જ હિંસક જીવો પણ એવા મૂર્તિમાન અહિંસાના સ્વરૂપ આગળ પોતાનો હિંસક સ્વભાવ છોડી દઈને રમતા જણાય છે. નારેશ્વરમાં મોર અને સર્પને સાથે રમતા જોયા છે ? અહિંસાનો એ પ્રભાવ છે. જ્યાં અહિંસા છે ત્યાં દ્વૈતનું ભાન નથી. જ્યાં બીજાઓનો ભય નથી ત્યાં આ જ પરિણામ આવે છે. અભય અને અહિંસા સાથે જ રહે છે. ભય અને હિંસા પણ સાથે જ રહે છે. જ્યારે હિંસક પ્રાણીઓ પણ પોતાનો સ્વભાવ ભૂલી જાય ત્યારે ત્યાં અહિંસાનું સામ્રાજ્ય છે એમ જ માનવું પડે. સાચો યોગી અખંડ પરમતત્ત્વભાવભાવિત હોવાથી તેને દ્વૈતનું ભૂત વળગતું નથી, શત્રુમિત્રનો ભેદ ત્યાં રહેતો નથી અને તેથી એવો યોગી સંપૂર્ણપણે અહિંસક

છે. જે સંપૂર્ણપણે અહિંસક છે તે અભય પણ છે જ. શરીર ટકે ન ટકે તેની સાથે તેને કશું જ લેપન નથી. જ્યારે દેહઅહંતા અને દેહાધ્યાસ સંપૂર્ણપણે ટળી જાય છે ત્યારે જ એવી નિઃશંક અહિંસક અને અભયવૃત્તિ પણ સ્થિર થાય છે અને છતાંય પોતે અહિંસક કે અભય છે એવું એ યોગીને બાહ્યભાન કે જ્ઞાન સરખુંય રહેતું નથી. અને તેથી દ્વૈત વિનાનો એ યોગી

**"વાસુદેવઃ સર્વમિતિ"**

એ ન્યાયે

**"આત્મવત્ સર્વ ભૂતેષુ"**

ની વૃત્તિ કેળવીને જગતને પોતાનામાં અને પોતાને જગતમાં જોવાની ભાવનાવાળો બનીને, એ ભાવનાને આચરણમાં મૂકી મૂર્તસ્વરૂપ આપે છે. પોતાનાથી ભિન્ન કશું જ અસ્તિત્વ ધરાવતું નથી એમ માનીને એ ભાવે જ પોતાનું વર્તન કરતો હોવાથી તેને વ્યાઘ્ર કે સર્પના હિંસક સ્વભાવનો પરિચય થતો નથી.

આત્મરક્ષણ એ ભયની પૂર્વભૂમિકા છે. તળાવચોરા બીડમાં શ્રી અવધૂતનો નિવાસ હતો. થોડા ભક્તો સવારમાં પ્રભુચર્ચા કરતા બેઠા હતા. ત્યાં પ્રભુચર્ચા શ્રવણ કરવા, અવધૂતના મુખેથી ઝરતા જ્ઞાનામૃતનું પાન કરવા એક સર્પ આવ્યો. "અરે સાપ છે, સાપ" કહીને બધાય ગભરાયા. શ્રી અવધૂત શાંત હતા. ધીમેથી ઊઠી એ સર્પને પૂંછડીએથી પકડી થોડો દૂર મૂકી આવ્યા. જાણે કશું જ બન્યું નથી. આ પ્રસંગ અભયવૃત્તિનો એક નમૂનો જ ગણી શકાય. એવા તો બીજાયે પ્રસંગો અવધૂતે પોતાના જીવનમાં અનુભવી પોતાની અહિંસક વૃત્તિનું પારખું કર્યું છે. જ્યાં આત્મરક્ષણની ભાવના જ ન હોય ત્યાં ભય પણ નથી. અને તેથી જ એ યોગી "અભય" છે. "ભય" એ પ્રાણીમાત્રનો સ્વભાવ છે. "અભય" એ સ્વભાવનું પરિવર્તન છે. મનુષ્યો સર્પ, વ્યાઘ્ર અને એવા જ હિંસક પ્રાણીઓથી જેટલા ડરે છે તેટલા જ તે હિંસક પ્રાણીઓ માનવીથી ડરે છે. અને તેથી પરસ્પર આત્મરક્ષણ કરવાની વૃત્તિથી પ્રેરાય છે. અભય એ ભયનો પ્રતિકાર છે. શ્રી ભગવાને સાત્ત્વિકવૃત્તિના લક્ષણ તરીકે સર્વપ્રથમસ્થાન અભયને આપ્યું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"કૌપીનકંથા ઝોળી ઝંડા, સંગ્રહ ન કરે કોડે રે."**

કૌપીન, કંથા, ઝોળી અને ઝંડો એ યોગીનાં બાહ્ય ચિહ્નો છે. આ સાધનો વડે જ યોગીની બાહ્યપિછાન થાય છે એવી એક પ્રકારની માન્યતા છે. શ્રી અવધૂતભાખ્યા યોગી પાસે એવાં બાહ્ય સાધનો હોતાં જ નથી. એવાં બાહ્ય સાધનો દ્વારા જગતને એ પોતાની ઓળખ આપતો જ નથી. એને ઓળખ શા સારુ આપવી ઘટે ? લોકૈષણા હોય, લોકો આવે, ચરણ સ્પર્શ કરે, પગે લાગે, ફૂલહાર ચઢાવે, ભેટસોગાદ મૂકે અને એવા જ

બીજા આચાર કરે એવી જો યોગીને અભિલાષા હોય તો તે યોગી નથી. કેવળ દંભી છે. જે સાચો યોગી છે, જેને કેવળ આત્મા સાથે જ સંબંધ છે તેને એવી કોઈ લોકૈષણા હોતી નથી અને તેથી એવાં કોઈ બાહ્ય આડંબરનાં ચિહ્નો તે રાખતો નથી. વનવગડામાં કેવળ નિસર્ગને ખોળે, માતાને ઉત્સંગે રમતા નગ્નબાળક પેરે રમતા એ યોગીને વળી લોકમર્યાદા શી ? અને લોકમર્યાદાનું એને ભાન રહે તો એની વૃત્તિ એટલે અંશે બહિર્મુખ થાય એ સ્વાભાવિક છે. અંતર્મુખ વૃત્તિવાળો એ યોગી જગતને જગતરૂપે જોતો જ નથી પણ પરમાત્મસ્વરૂપે જુએ છે. અને તેથી તેને લોકલજ્જા કે લોકમર્યાદાનું જ્ઞાન પણ નથી અને ભાન પણ નથી. અરે, જેને પોતાના દેહનું જ ભાન નથી, દેહ ક્યાં પડ્યો છે તેનું પણ જેને ભાન નથી, તેને વળી લોકમર્યાદાનું ભૂત કેમ વળગે ? જેને "હું અને જગત," જેને "હું એક યોગી છું અને જગત એક ભોગી છે" એવી દ્વૈતવૃત્તિ હોય તેને જ કૌપીનકંથાની ઉપાધિ હોય. દુનિયાના અનેકવિધ પંથોથી એ પર છે. અને તેથી કોઈ પણ પંથનાં ચિહ્નો તરીકે પણ એ ઝોળી ઝંડાની ઉપાધિમાં પડતો નથી. એને તો

"अहंमात्मा"

એ એક જ ધૂન છે અને પછી તો "आत्मा" રહી જાય છે અને "अहम्" પણ ઊડી જાય છે. સમુદ્રમાં પડેલા લવણના કાંકરા પેરે એ પ્રકૃતિ સાથે સમરસ બની પુરુષમાં ભળી જાય છે. "आत्मा" બની જાય છે. તેને પછી ઝોળી શી અને ઝંડા શા ? કૌપીન શું અને કંથા શી ? એ તો બધાં દેહના અનુસંધાનમાં ઉપાધિરૂપે રહેલાં સાધનો છે. જેને દેહ નથી તેને દેહના શણગાર શા ? મડદાને તે વળી જરિયાન વાઘા શોભતા હશે ? મડદું તો નગ્ન જ રહે.

એ યોગી સંગ્રહ કરતો નથી. શ્રી અવધૂત કહે છે :

"સંગ્રહ ન કરે કોડે રે."

શ્રી અવધૂતભાખ્યો આ યોગી ખરેખર આદર્શ યોગી છે. એવો આદર્શ યોગી ક્યાં મળે ? અપરિગ્રહના અવતાર સમો આ યોગી પોતાની પાસે હોંસ કરીને કાંઈ જ રાખતો નથી. બાળક આગળ કોઈ વસ્તુ મૂકીએ તો તે પોતાની પાસે રાખતું નથી. ખાદ્યવસ્તુ હોય તો ખાઈ જાય છે, વેરણછેરણ કરી નાંખે છે અથવા ભાંગીતોડી ખેદાનમેદાન કરીને જ તે રાજી થાય છે. બાળકનો એ અપરિગ્રહ છે. ભલે એ સમજપૂર્વકનો અપરિગ્રહ નથી પણ અપરિગ્રહનો એ એક આદર્શ તો છે જ. જે યોગી અનિકેત છે, જેને રહેવાને ઘર નથી, જે અકિંચન છે, પહેરવાને કૌપીન પણ નથી, છતાં જેને તેનો ક્લેશ નથી, તેવો યોગી પરિગ્રહ પણ શું કરે ? અને ભેળું કરીને ક્યાં સાચવે ? વનમાં વસતા એ યોગીના દેહરક્ષણ અર્થે આવશ્યક બધી જ વસ્તુઓ એને કુદરતમાંથી મળી રહે છે. સૂક્ષ્મ

શરીરના પોષણ અર્થે શરીરનાં પાંચ તત્ત્વો સમષ્ટિનાં પાંચ તત્ત્વોમાંથી પોતાનું પોષણ મેળવી લે છે. સ્થૂળ શરીરના સંરક્ષણ અર્થે વનવગડામાં ઊછરેલાં વૃક્ષો એને ભોજ્યપદાર્થ-ફળ, ફૂલ, પાનરૂપે આપી રહે છે. નિર્મળ નિર્ઝર એને પીવાનું પાણી પૂરું પાડે છે. પછી એને શાની જરૂર ? શું કરવા સંગ્રહ કરે એ નાશવંત પદાર્થોનો ? અને શા સારુ વેંઢારે તેના રક્ષણનો ભાર ? એ તો ફકીરીમાં અમીરી માણતો યોગી એ અપરિગ્રહમાં આનંદ માણે છે.

એક મહાત્મા કૌપીન પહેરતા. બે કૌપીન રાખે. ઊંદર તેને કરડે. એ કૌપીનના રક્ષણ અર્થે બિલાડી પાળી. બિલાડીના પોષણ અર્થે ગાય પાળી. ગાયના નિર્વાહ અર્થે સરકારી જમીનમાં તેને રાખી અને ચારી. સરકારના માણસો મહેસૂલ ઉઘરાવવા આવ્યા. મહાત્મા પાસે મહેસૂલ ભરવાનું સાધન ન મળે. મહાત્માને દરબારમાં લઈ ગયા. બાર કલાક સૂર્યના તાપમાં ઊભા રહેવાની તેને સજા થઈ. મહાત્મા હસ્યા અને લંગોટી કાઢીને ફેંકી દીધી. પૂછનારે પૂછ્યું, ''મહારાજ એમ કેમ ?'' મહાત્માએ કહ્યું, ''આ સંસાર લંગોટી જેવો છે. લંગોટી ફગાવી દીધી એટલે બસ.'' પરિગ્રહનું પરિણામ પણ એવું જ આવે છે અને તેથી આ યોગી પરિગ્રહ કરતો નથી અને અનાસક્તભાવે યથાકાળે જે મળે તેમાં જ આનંદ માને છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"અહં ખાખ લગાવી તનમાં, મદમત્સરને બાળે રે;"**
**"પરનારી પરધન નવ ભાળે, નવ ડરતો કો કાળે રે."**

અહંતાની ભસ્મ કરીને એટલે અનેક પ્રકારની અહંતાનો સમૂળ નાશ કરીને એ યોગી નિરહંભાવે જ જીવે છે. અહંતા માનવતાની શત્રુ છે. જેનામાં અહંતા છે તે બીજાને તુચ્છ ગણીને

''कोऽन्योऽस्ति सदृशो मया''

એવું માનનાર અહંતાનો દાસ છે. એવી અહંતા અંશતઃ પણ અંતરમાં રહે ત્યાં સુધી આત્મદર્શનની વાંછના કરવી એ આકાશકુસુમ પ્રાપ્ત કરવા જેવું છે અને તેથી અનર્થના કારણરૂપ અહંતાનો એ યોગી નિઃશેષ ક્ષય કરે છે. ભસ્મ એ ત્યાગ અને વૈરાગ્યનું પ્રતીક છે. જેણે સંપૂર્ણ ત્યાગ સાધ્યો છે, જેણે પૂર્ણ વૈરાગ્યની વૃત્તિ પ્રાપ્ત કરી છે તેને પાર્થિવ પદાર્થોમાં અહંતા રહેતી નથી. અહંતામાંથી જ મમતાનો જન્મ થાય છે. એટલે જેણે અહંતાનો નાશ કર્યો છે તેને મમત્વ પણ રહેતું જ નથી. એટલે એ યોગી અહંતાની ખાખ શરીરે ચોળીને બેઠો છે એમ કહ્યું છે. કાષ્ઠ જ્યારે બળે છે ત્યારે તેના અવશેષરૂપે ભસ્મ રહે છે. અહંતા જ્યારે બળે છે, બળીને ભસ્મ થઈ જાય છે ત્યારે યોગી અહંતાની એ ભભૂત અંગે લગાવીને અહંતાને ભસ્મ કર્યાનો અને અહંતાનો અંશ પણ રહ્યો નથી, એવા ભાવનો સતત સંતોષ સેવે છે. ભસ્મ એને સતત જાગ્રત રહેવાનું સૂચન કરે છે.

તાત્પર્ય એ છે કે એવો યોગી દેહઅહંતાથી મુક્ત હોય છે અને તેથી તેને દેહમાં મમત્વ હોતું નથી. દેહાધ્યાસથી તે મુક્ત હોવાથી, દેહના સુખદુ:ખ સાથે તેને લેપન નથી. પરિણામ એ આવે છે કે, દેહાધ્યાસ અને દેહઅહંતાને અભાવે, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા ખટ્‌રિપુઓ પણ આપોઆપ જ અંતરમાંથી વિદાય લે છે. એને માટે પછી એ યોગીને પૃથક્ પ્રયાસ કરવો પડતો નથી. અને તેથી મદમત્સરને બાળવાની વાત અહીં શ્રી અવધૂતે લખી છે.

ત્રિગુણાત્મક માયાના જે વિકારો છે તે વિકારો કેવળ દેહઅહંતા અને દેહાધ્યાસને કારણે જ પોષાય છે અને પોતાનો પ્રભાવ પ્રગટ કરી શકે છે. કામ, ક્રોધાદિ વિકારો એ ત્રણ ગુણનાં જ છે અને તેથી તે જ્યાં સુધી દેહઅહંતા છે ત્યાં સુધી જ દેહમાં રહેલા દેહીને પોતાના પાશમાં પકડી રાખે છે. જીવ એક વખત એ શૃંખલાને છિન્નભિન્ન કરી એ માયાની ક્ષેત્રમર્યાદા બહાર નીકળી જાય છે ત્યારે જેમ કોઈ ગારુડી નજરબંધીથી પ્રેક્ષકોની નજરને પકડી રાખી પોતે જે ધારે તે જ બતાવે છે તેમ માયાના બંધનમાં રહેલા જીવને એ બંધનના કારણે ભાસતા જાગતિક પ્રપંચો જ ભાસે છે. માયાની શૃંખલામાંથી મુક્તને, ગારુડીની નજરબંધીના ક્ષેત્રમાંથી મુક્ત રહેલા મનુષ્યોને જેમ ગારુડીની વિદ્યા અસર કરી શકતી નથી તેમ, માયા અસર કરી શકતી નથી. એ કારણે એ ખટ્‌વિકારો તેને અસર કરી શકતા નથી. અને તેથી જ તે પણ બળીને ભસ્મ થયાનું અહીં કહેવામાં આવ્યું છે. મદ અને મત્સરનો સંકેત કરીને કામ, ક્રોધાદિ ષડ્‌વિકારો માટે જ સમગ્રપણે અહીં સૂચન કરવામાં આવ્યું છે. જેની ભસ્મ થાય છે તેનું અસ્તિત્વ જ ટળી જાય છે.

શ્રી અવધૂત હવે પરનારી અને પરધન વિશેના એ અવધૂતના શું ખ્યાલ છે તેનું વર્ણન કરતાં કહે છે :

**"પરનારી પરધન નવ ભાળે"**

પરધન અને પરનારીને એ અવધૂત જોતો પણ નથી તો તેમાં આસક્ત થવાનો તો ભાવ જ ક્યાં રહ્યો? પરનારીને માતાસ્વરૂપે જોવાનો જ એનો સ્વભાવ બની જાય છે. સુવર્ણ, લોહ અને પૃથ્વીને એક જ સ્વરૂપે સમાનભાવે જોનાર, પોતીકું અને પારકું એવા ભેદભાવથી મુક્ત બનેલા, એ યોગીને પરધન અને પરનાર શું અસર કરી શકે? પોતાનું તો ધન પણ નથી અને પોતાની તો નાર પણ નથી. સ્ત્રી એ તો જગદંબાનું સ્વરૂપ. સ્ત્રી એ તો શિરસાવંદ્ય ધન. એ તો શ્રીલક્ષ્મીનું સ્વરૂપ છે અને તેના તરફ પણ જ્યારે એ યોગીની દૃષ્ટિ પડે છે ત્યારે તે પરમાત્મભાવે જ પડે છે. અને તેથી એના જાગતિક સ્વરૂપની તેના ઉપર કેમ અસર થાય ? જેને આસક્તિ છે તેને જ એ વિકારો સતાવી શકે. સુવર્ણનો ચળકાટ સૂર્યને ઢાંકી શકતો નથી, કારણ કે સુવર્ણ સૂર્યના તેજ વડે જ





તેજાબું છે. અંધકારમાં સુવર્ણ ચળકતું નથી. રતિનું રૂપ શંઢને શું કરી શકે ? લોભ વિના લક્ષ્મીનો મોહ થતો નથી. કામવિકાર વિના સ્ત્રીનું આકર્ષણ થતું નથી. રંભા જેવી પણ નરનારાયણને વિચલિત કરવાને શકિતવાન ન બની. શ્રી અવધૂતભાખ્યા યોગીમાં નથી કામવિકાર કે નથી લક્ષ્મીનો કે બીજો કશો લોભ. એટલે નથી નારીનાં રૂપ એને આકર્ષણ કરી શકતાં કે નથી નાણાંના ચમકાર એને લોભાવી શકતા, કામિની અને કાંચન એ ઉભય એની આગળ હતવીર્ય બનીને ઊભા રહે છે. ધન અથવા નારીને આંખો વડે ભાળવાથી જ દોષ લાગતો નથી. આંખ પોતાનો સહજ ધર્મ અદા કરે ત્યાં સુધી એ દૃષ્ટિ દોષિત નથી. પણ જ્યારે તેમાં વિકારનો આવિષ્કાર થાય ત્યારે જ તે અનર્થ ઉપજાવે છે અને બંધનનું કારણ બને છે. સહજભાવે જોનાર ખરી રીતે જોતો જ નથી. અંતરપટ ઉપર જ્યારે દૃશ્યનાં સંસ્કારો આલેખાય ત્યારે જ તેની અસર થાય છે. જ્યાં સુધી સંસ્કાર આલેખાતા નથી ત્યાં સુધી વૃત્તિમાં વિકાર પ્રવેશતો નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું છે તેનો ભાવ સ્થૂળ દર્શન સંબંધે નથી પણ એ સ્થૂળ દર્શન દ્વારા અંતરમાં પ્રકાશતા સૂક્ષ્મ વિકારોને અનુલક્ષીને છે. સિનેમાની ફિલ્મ આપણે જોતાં હોઈએ તેમાં જેમ મમત્વ સરજાતું નથી તેમ જગત અને તેમાં જણાતા પદાર્થોમાં જ્યાં સુધી મમત્વ સર્જાતું નથી. ત્યાં સુધી જગતરૂપી સિનેમા જોવામાં કાંઈ હરકત નથી. ભાવ માત્ર એક જ છે કે એ સઘળું ''દ્રષ્ટા'' તરીકે જ થવું જોઈએ. કર્તા યા ભોક્તાભાવ ઊપજે તો જ તેની માઠી અસર થાય છે. અને તેથી સૂક્ષ્મભાવનો જ અહીં વિરોધ કર્યો છે. સૂક્ષ્મ વિકારના નિવારણ અર્થે સ્થૂળ દર્શનનો પણ ઘણીવાર વિરોધ કરવો પડે છે. સ્થૂળ દર્શન થતાં થતાં તેમાં સૂક્ષ્મ રીતે આસક્તિ અથવા સંગ થવાનો સંભવ છે. અને તેથી નિઃસંગ બનવા માટે સ્થૂળ અને સૂક્ષ્મનો ત્યાગ અનિવાર્ય છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત નિર્ભયતાની વાત કરતાં કહે છે :

**"કો કાળે નવ ડરતો રે"**

એવો અધિકારી ગુણાતીત યોગી કોઈથી શા સારુ ડરે? એને તો એક અખંડાનંદ પરમાત્મામાં જ સર્વનો સમાવેશ થયેલો હોવાથી, પરમાત્મદૃષ્ટિ જ પ્રાપ્ત થઈ હોય છે. તેને પરમતત્ત્વથી ભિન્ન કશું જ જણાતું નથી. પરમાત્મા સિવાય બીજી કોઈપણ શક્તિ કે સત્તાનું અસ્તિત્વ જ એ અનુભવતો નથી. અને તેથી એ પ્રત્યેક અવસ્થામાં પ્રત્યેક રીતે નિર્ભય બનીને જ આવરદા પૂરું કરે છે.

**"નિર્ઝર વારી પાન કરે ને ફળટુકડો કો માગે રે"**
**"વિષય રમકડાં જગનાં ઝેરી, માની નિશદિન જાગે રે"**



અરણ્યમાં વૃક્ષની શીતળ છાયામાં રહેનાર એ યોગીને પાણી પીવા માટે પરમાત્માએ નિર્ઝરની વ્યવસ્થા રાખી છે. જે પ્રભુને જ ખોળે બેઠો





છે તેની ચિંતા પ્રભુને જ હોય છે. ઝરણાનાં મીઠાં પાણી અને વનવૃક્ષો પર ઝૂલતાં ફળફૂલોથી એવો યોગી પોતાના દેહનો નિર્વાહ કરે છે. આપણા ઈન્દ્રિયોના વિકારને પોષનારા રસો અને ખાદ્યપદાર્થોની એને જરૂર પણ નથી. અને તેથી જગતની કે જાગતિક વિષયોના વિકારોને પોષનારા રસદ્રવ્યોની એને જરૂર નથી. જે સ્થળે એણે વાસ કર્યો છે તે સ્થળે જ દેહરક્ષણ અર્થે જે સાધન મળી આવે તે જ. પ્રભુદત્ત સાધનોમાં સંપૂર્ણ સંતોષ માનીને એ યોગી જીવન જીવે છે. જગતના જે વિષયો છે તેને ઝેરીલા માનીને, રખેને કોઈ પણ વેળાએ એ વિષયની અસર થાય એમ માનીને એ સદા જાગ્રત જ રહે છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોનું મંડાણ એટલે જ જગત. અનર્થનાં મુખ્ય કારણો પણ એ પાંચ જ છે. એનું ઝેર જેણે એક વખત પીધું તે જીવનંભર તે જ ઝેરની અસરમાં રચ્યોપચ્યો રહે છે. યોગી એ ઝેરથી સદાય અળગો રહે છે, સચેત રહે છે અને તેથી તેની સતત જાગ્રતિને લીધે જ તે સહીસલામત છે. એ વિષયો એટલા લોભાવનારા છે, એટલા રમણીય છે અને એટલા મધુર છે કે તેની જાળમાં જકડાયેલો જીવ પછી ભાગ્યે જ છૂટી શકે. સુંદર સુવર્ણઘટમાં ભરેલા વિષના જેવા એ વિષયો ભલે સુંદર દેખાય, ભલે મધુર જણાય પણ અંતે તો વિષ જ છે. અને વિષ એટલે પ્રાણહર.

એનો સમય કેમ વીતે ? શ્રી અવધૂત કહે છે :

**સદ્ગુરુ સેવા સંતસમાગમ પળપળ હરિની ચર્ચા રે;**
**ધ્યાનમગ્ન ધીરજ ઉર ધારી, કરતો હરિજન અર્ચા રે.**

આ એનો ઉદ્યોગ છે. કાળ નિર્ગમન માટે વ્યવસાય છે. સદ્ગુરુની સેવા, સંતજનોનો સમાગમ, પ્રત્યેક પળે પ્રભુની ચર્ચા અને હરિજનની અર્ચામાં જ એનો સમય વ્યતીત થાય છે. અને એ યોગી એ કેવી રીતે કરે છે ?

**"ધ્યાનમગ્ન ધીરજ ઉર ધારી"**

ધ્યાનમગ્ન અવસ્થામાં અંતરમાં ધીરજ ધારણ કરીને એ પોતાના વ્યવસાયમાં રોકાયલો રહે છે.

સાધક સિદ્ધઅવસ્થા પ્રાપ્ત કર્યા પછી પણ આટલું તો કરે જ છે. જે સદ્ગુરુના કૃપાકટાક્ષના પ્રભાવે સાધકના જીવભાવનું નિરસન થયું હોય અને શિવભાવની પ્રાપ્તિ થઈ હોય તે પરમ કરુણાનિધાન સદ્ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા દાખવવા માટે તેની તે સતત સેવા કરે છે. એ સિવાય શ્રેષ્ઠ સાધન બીજું એકે નથી. અને વળી મનની અપકારક વૃત્તિને અંકુશમાં રાખવાને પણ સિદ્ધને માટે પણ એ તો આવશ્યક છે જ. ભલે અભેદભાવે પણ એ સદ્ગુરુની સેવા કરે છે એ તો નિર્વિવાદ છે. જે અદ્વૈતવૃત્તિ જાગ્રત થઈ છે તેની જ્યોત સતત પ્રકાશિત રાખવા માટે અને તે ભાવને અંતરમાં ભંડારી રાખવા માટે સદ્ગુરુસેવા સ્નેહ-તેલની ગરજ સારે છે.

જેમ લોભી વૃત્તિવાળો મનુષ્ય પોતાના ધનને જાળવી રાખવા માટે સતત જાગ્રત રહી અનેકવિધ યત્નો કરે છે તેમ એવો યોગી પણ પોતાની અદ્વૈતવૃત્તિરૂપ સંપત્તિને સાચવી રાખવાને કિંવા બ્રહ્મભાવને જાળવી રાખવાને બ્રહ્મની ચર્ચા પણ કરતો જ રહે છે. હરિની ચર્ચા સિવાય તેને વિષયોની ચર્ચા કરવાનો અવકાશ જ નથી. અને ત્યારે જ તેને લાધેલું જ્ઞાન સદોદિત સતેજ રહે છે. એ રીતે સદ્‌ગુરુની સેવા અને સંતસમાગમમાં મગ્ન રહેલો યોગી પ્રત્યેક પળે શ્રી હરિની જ ચર્ચા કરતો હોય છે. તેથી તેનું આત્મભાન સદા જાગ્રત રહે છે.

હરિજનની અર્ચા એટલે પૂજા પણ એ યોગી કરે છે. **'शिवोभूत्वा शिवम् यजेत्'** એ ન્યાયે પ્રભુના લાડકવાયા ભક્તોની પ્રભુનાં સ્વરૂપ સમજીને એ અભિન્નભાવે સેવા કરે છે. સદોદિત ધ્યાનમગ્ન અવસ્થામાં અંતરમાં ધીરજ ધારીને એ યોગી આમ બધાય વ્યવસાયો અને વ્યવહાર કરતો હોય છે. એ બધું થાય છે તો શરીરથી, પણ તેમાં તે ધ્યાન તો કેવળ પ્રભુનું જ ધરતો હોય છે અને તેથી જ ધ્યાનમગ્ન અવસ્થામાં ધીરજ ધારીને એ યોગી સઘળું કરે છે એમ અહીં કહ્યું છે. અહીં શ્રી અવધૂતે યોગીનાં જે લક્ષણોનું વર્ણન કર્યું છે તે કેવળ વર્ણન અર્થે જ નથી પણ સાધકને તે સાધનરૂપે માર્ગદર્શક બને એ હેતુ પણ એ વર્ણનની પાછળ રહેલો છે. સિદ્ધ થતાં પહેલાં સાધ્યવસ્તુની સાધના કરતો સાધક આ માર્ગે વળે તો અવશ્ય તેને સિદ્ધ-આત્મભાવ-વરે એ નિઃશંક છે.

એની શય્યા ! શ્રી અવધૂત કહે છે :

**"તૃણશૈયા મખમલ મન માની, આતમરાજ બિરાજે રે;"**
**"પ્રાપ્તાપ્રાપ્તે સમબુદ્ધિને, સંયમ ઉરમાં રાજે રે."**

એક ધનિકને સવામણ રૂની મશરૂની અને મખમલની સુંવાળી તળાઈમાં સૂવાનું જોઈએ અને તેમાં પોઢતાં તેને જેટલો આનંદ થાય, જેટલો સંતોષ થાય તેનાથીય અદકો સંતોષ એ આત્મરત યોગીને કેવળ ઘાસપાનની બનાવેલી પથારીમાં શરીર ઢાળે થાય છે. એ બિછાનામાં શરીરને ઢાળીને તે શાંતિ અને આનંદ અનુભવે છે. પૃથ્વીની કઠોરતા તેને અસર કરતી નથી અથવા એવા પરમાત્મસ્વરૂપ યોગી અર્થે પૃથ્વી પણ મૃદુતા ધારણ કરે છે. પૃથ્વી પણ એવાનું શરીર ધારણ કરીને જાણે કૃતકૃત્ય થતી હોય તેમ પોતાનો કઠોર સ્વભાવ ભૂલીને એ શૈયાને સુમન-શૈયા જેવી મૃદુ બનાવી મૂકે છે. એવા યોગીને મન ભૂમિશૈયા અને પર્યંકશૈયા સમાન જ છે. અને તેથી એ તૃણશૈયા પર નિશ્ચિંત બનીને પોઢે છે. કઠોરતા કે મૃદુતાનો અનુભવ મનની વૃત્તિ કરે છે. આપણું એ મન જાગ્રત હોવાથી આપણને એ ભેદદૃષ્ટિ રહે છે જ્યારે યોગીનું એ મન ગાઢ સુષુપ્તિમાં હોવાથી અથવા કહો કે મરણ પામેલું હોવાથી એ અમનયોગીને એ ભેદ જણાતો નથી. એ શય્યા પર શયન કરનાર

કોણ ? આત્મારામ ! અરે, આત્મારામને શયન કરવાને તો હૃદયાકાશમાં કમળ જેવું સુંદર સુકોમળ સાધન છે અને ત્યાં જ તે તો બિરાજે છે, પણ જે શરીરમાં એ આત્મારામ બિરાજે છે તે શરીરને સૂવા માટેની આ તૃણશૈયા છે. શરીર દ્વારા આત્મારામ જ જાણે ત્યાં શયન કરી રહ્યા હોય એવો ભાવ વ્યક્ત કર્યો છે. એ આત્મારામ તો સૂતા પણ નથી અને જાગતા પણ નથી. એની અખંડ યોગનિદ્રા એ એની સતત જાગ્રત અવસ્થા છે. એ અખંડ જાગ્રત અવસ્થા એટલે શુદ્ધ સાત્ત્વિકવૃત્તિની પરાકાષ્ઠા. તેમાં રાજસ્ કે તામસ્ વૃત્તિને વસવાને ક્ષણભર પણ સ્થાન નથી. શરીર તો કેવળ પડછાયારૂપ જ છે. જેમ આપણે પડછાયાની દરકાર કરતા નથી, તેમ એ યોગીને શરીરની સંભાળની દરકાર નથી અને તેથી શારીરિક દૃષ્ટિએ અહીં તૃણશૈયાથી પણ તેને સંતોષ થાય છે એમ શ્રી અવધૂત કહે છે. બીજી રીતે જ્યાં જ્વલંત વૈરાગ્ય છે ત્યાં ત્યાગ પણ તેટલો જ અજોડ હોય છે. અને તેથી તૃણશૈયાને મખમલ સમ માની આત્મારામ તે પર બિરાજે છે.




ભા.- ૩

એની બુદ્ધિ કેવી ?

## પ્રાપ્તાપ્રાપ્તે સમબુદ્ધિ

એ યોગી નિરપેક્ષ છે. કોઈપણ પ્રકારની અપેક્ષાના અભાવે એને જે મળે તેમાં સંતોષ હોવાથી તેને કોઈપણ પદાર્થની પ્રાપ્તિની અભિલાષા નથી. એવો અકામયોગી કોઈપણ વસ્તુની કામના કરતો નથી. તેને પ્રારબ્ધવશાત્ જે જે આવી મળે છે તેમાં જ સંપૂર્ણ સંતોષ છે. અને તેથી અમુક વસ્તુ નથી મળી તેનો નથી ઉદ્વેગ કે અમુક વસ્તુ મળી છે તેનો નથી આનંદ. કે આનંદ રહિત અવસ્થામાં તેને જે મળે તેમાં જ સમદૃષ્ટિ અને સંતોષ હોવાથી એવા યોગીનો આનંદ ભંગ થતો નથી. અત્યારના જમાનામાં આ કિસ્સો અજમાવવા જેવો ખરો? આજકાલ આપણા જીવનમાં સતત અસંતોષ રહ્યા જ કરે છે. સંતોષનાં તો સ્વપ્ન પણ આવતાં નથી અને તેથી આપણું ચિત્ત સતત ઉદ્વિગ્ન જ રહે છે. શરીરને ટકાવી રાખવાને જે આવશ્યક છે તે તો પ્રભુ આપે જ છે. પણ ભોગવિલાસની અસંખ્ય વસ્તુઓ અને સાધનસામગ્રીનો અભાવ આપણને હમેશાં ડંખે છે. એ ડંખનું આ અચૂક ઔષધ છે. એનાથી એ અભાવના અસંતોષનો વ્યાધિ નિર્મૂળ થવાનો સંભવ છે. શેના વિના નહીં ચાલે તેનો આપણે વિચાર કરીએ તો જણાશે કે આપણા જીવનમાં જરૂરિયાતની સાધનસામગ્રીની યાદી ઘણી જ ટૂંકી છે. ભોગવિલાસનો આજકાલના જમાનાનો સાધનસંભાર શું શરીરને દીર્ઘાયુ બનાવે છે ? આજકાલના ભોજનવિહારનાં સાધનો શું શરીરને નિરોગી બનાવે છે ? આજકાલનો વસ્ત્રપરિધાનનો રિવાજ શું આર્યત્વનું સાચું એંધાણ છે? બધાય પ્રશ્નોનો ઉત્તર નકારમાં જ મળશે. અને એ બધાય ઉછીના લીધેલા, સંસ્કૃતિને






નામે અધોગતિ તરફ દોરી જતા રવૈયાઓનો ત્યાગ કરીએ તો અંશતઃ પણ સંતોષ અને શાંતિનો અનુભવ થવાનો સંભવ છે. અને તેથી શ્રી અવધૂતભાખ્યા સાધનદ્વારા ''પ્રાપ્તાપ્રાપ્ત'' સમબુદ્ધિના માર્ગે જતાં આપણે ગુમાવવાનું કશું જ નથી. પણ જો કોઈ લાભ છે તો શાંતિલાભ છે અને આજકાલના અશાંત જીવનમાં એ એક આશાના સોનેરી કિરણ જેવું છે. પણ કોણ સાંભળે? આંધળું અનુકરણ કરીને અર્થ અને કામના જમાનામાં જીવતો માનવી એ ડહાપણની વાતને નરી મૂર્ખતા જ લેખે. શાણપણની એ વાત કોઈ સાંભળે નહીં. શ્રી ભગવાને પણ

''संतुष्टो येनकेनचित्''

કહીને પ્રારબ્ધયોગે આવી મળતા સાધનસામગ્રીમાં સંતોષ માનવાની શિખામણ આપી છે. હશે.

ભૂતકાળમાં જે મળ્યું છે, વર્તનમાન કાળમાં જે મળે છે, તે ઉભયમાં સમબુદ્ધિ રાખનાર એ યોગી અમુક વસ્તુના અભાવે અસંતોષનો અનુભવ કરતો નથી કે વિપુલતાનો આનંદ પણ માણતો નથી. પ્રતિકૂળતા અને અનુકૂળતા એ ઉભય પરિસ્થિતિ એને મન સરખી જ છે. અપરિગ્રહ એ એનો સ્વભાવ છે અને તેથી કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની એને જિજ્ઞાસા થતી નથી. એ સર્વારંભ પરિત્યાગી કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરતો નથી. એ ભવિષ્યમાં જીવતો નથી. અરે, શરીરનિર્વાહ અર્થે જે સાધનની જરૂર છે તે સાધનો મેળવવા માટે પણ એ વલખાં મારતો નથી અને પોતાનો હાથ લાંબો કરતો નથી; એટલે જ જે મળે તેમાં અને જે ન મળે તેમાં એની સમબુદ્ધિ છે. સંતોષની એ ઉત્તમ અવસ્થા છે. જ્યાં સંતોષ છે ત્યાં કોઈ પણ વસ્તુનો અભાવ નથી, અભાવનો ઉદ્વેગ નથી અને તેથી જ એ સતત સુખી છે. એ યોગી સતત સંતોષી છે. અસ્તુ.

એ યોગીની સંયમ અવસ્થાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત આપણને કહે છે :

"સંયમ ઉરમાં રાજે રે"

સંયમ એટલે શું? સંયમને કેળવવાને પુરુષાર્થ કરવો ઘટે. અંતરમાં રહેલી સંયમવૃત્તિ એટલી બળવાન હોય કે તે મનને જરાય આઘુંપાછું ન થવા દે. ભાવઅભાવનો આનંદ કે ઉદ્વેગ તો મનથી જ માનવાનો છે. મનના એ વિકારોનું જ્યાં અસ્તિત્વ જ નથી ત્યાં એ વિકારોનો ક્લેશ પણ સંભવિત નથી. અને તેથી એવો નિરુદ્ધચિત્તયોગી હમેશાં સંયમ સાધીને જ જીવન વ્યતીત કરે છે.

સંયમ એટલે વિષયો તરફ જતી વૃત્તિઓને અંકુશમાં રાખવી. આપણે સંયમનો વિચાર કરીએ છીએ ત્યારે શ્રી ભગવાનના શબ્દોનું સ્મરણ થાય છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।

ततस्ततोनियम्यैतदात्मन्येव वशं नयेत् ॥

''ચંચળ તથા અસ્થિર મન જે જે કારણથી બહાર નીકળી જાય તે તે કારણથી તેને રોકી આત્મામાં જ વશ કરવું.''

મન ચંચળ અને અસ્થિર છે, તેથી તે વારંવાર ભટકતું રહે છે. એ ભટકતું મન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાંથી તેને ખેંચી લાવી આત્મામાં જ વશ કરવું. સંયમની શ્રી ભગવાનભાખી એ વ્યાખ્યા છે. મન એમ ભટકે છે શા સારુ? તેનો સંકલ્પ કરવાનો સ્વભાવ છે માટે. સંકલ્પમાંથી કામનાઓનો ઉદ્‌ભવ થાય છે અને તેની પૂર્તિ અર્થે મન વધુ ને વધુ સંકલ્પ કરતું રહે છે. મનની આવી વૃત્તિઓનું વહેણ વિષયો તરફ જ વહેતું રહે છે અને તેથી, જેમ એક માતા ભટકતા બાળકને હાથ પકડી પરાણે પણ ઘસડી લઈ ઘરમાં બેસાડે છે તેમ, એ મનને પણ ભટકતું અટકાવવાને જ્યાં ત્યાંથી ભટકતું ઘસડી લાવી આત્મામાં સ્થિર કરે છે. મનની વૃત્તિઓ પર અંકુશ મૂકવો એટલે સંયમ. એ સંયમની વૃત્તિ અંતરમાં જ ઉદ્‌ભવે છે. ઇન્દ્રિયોને બળજબરીથી તેનાં કાર્ય કરતી અટકાવવી એ સંયમ નથી. એનાથી સંયમ સાધ્ય થતો નથી. ઇન્દ્રિયો મનની દોરવી પોતપોતાના ક્ષેત્રમાં ક્રિયાશીલ હોય છે. તેથી શ્રી ભગવાને કહ્યું તેમ ભટકતા અને અસ્થિર મનને જ આત્મામાં સ્થિર કરવાથી સંયમ સફળ થઈ શકે છે. જુદા જુદા કાર્ય કરનારા અધિકારીઓને રાજા કાંઈ પણ કાર્ય ન સોંપે તો તે તમામ અધિકારીઓ બેકાર જ રહે છે. તેમ જો ઇન્દ્રિયોને કામ જ સોંપવામાં ન આવે તો ઇન્દ્રિયો તો નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય રહેવાની જ. સંયમનો સાચો અર્થ તો મનને નિશ્ચેષ્ટ કરવું એવો છે. જેમ સેનાપતિની આજ્ઞા વિના એક પણ ડગલું આગળ પાછળ ભરવાને એક પણ સૈનિક સ્વતંત્ર નથી તેમ મનના આદેશ વિના એક પણ વિષયનું ચિંતન કે સેવન કરવાને ઇન્દ્રિયો સ્વતંત્ર નથી. જેમ વૃક્ષના મૂળમાં જ કુહાડી મારવાથી આખુંય વૃક્ષ મરી જાય છે અને તેનાં ડાળપાંખડાં કાપવાની જરૂર રહેતી નથી. તેમ મનને જ અમન કરી દેવાથી, ઇન્દ્રિયોનો સંઘાત આપોઆપ જ સ્થિર થઈ જશે અને સંયમ પણ સાધી શકાશે. મનને છૂટું રાખીને ઇન્દ્રિયોના કાર્યને અવરોધવાથી સંયમ સાધી શકાતો નથી અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું તેમ એ સંયમ અંતઃકરણનો છે અને તેને મન સાથે જ સીધો સંબંધ છે. રોગ મટાડવો હોય તો રોગનું નિદાન કરવું જોઈએ. સંયમ સાધવો હોય તો મનને મારવું જોઈએ.

મનને બુદ્ધિ અને ચિત્તનો પણ થોડો સાથ મળે છે. જો બુદ્ધિ સાત્ત્વિક હોય તો વિષયો તરફ વળતી નથી પણ પરમાત્માભિમુખ બને છે. બુદ્ધિ જો રાજસી કિંવા તામસી હોય તો તે વિષયાભિમુખ બને છે. તેથી સંપૂર્ણ રીતે સંયમને સાધ્ય કરવાને મનની સાથે બુદ્ધિ અને ચિત્તનો પણ સહકાર મેળવવાની જરૂર છે. આપણે જે યોગીના વર્ણનનો વિચાર કરીએ છીએ

તે યોગી ''અહં''ની ખાખ લગાવીને, મદમત્સરનું બલિદાન આપીને જ રહેતો હોવાથી તેની બુદ્ધિ અને ચિત્ત સાત્ત્વિક હોય છે, પણ અડપલું મન કોકવેળા વિષયો તરફ નજર ન નાખે તેને માટે સંયમ આવશ્યક છે.




ભા.- ૩

ઇન્દ્રિયો મનનું આધિપત્ય સ્વીકારે છે. મન બુદ્ધિનું આધિપત્ય સ્વીકારે છે. બુદ્ધિ આત્માનું આધિપત્ય સ્વીકારે છે. જ્યારે મન અને ઇન્દ્રિયોને વશ થયેલો આત્મા જીવ-બુદ્ધિની સહાયતા વિના જ મન અને ઇન્દ્રિયોને સહકાર આપે છે, ત્યારે તે જીવભાવે વિષયોનો ભોક્તા બને છે. રાજાના રણવાસમાં અપ્સરા સમી સુંદર નાર હોવા છતાં રાજા જ્યારે પરનારને ભોગવવાને પ્રવૃત્ત થાય છે ત્યારે તેને, જેમ તેના પાસવાનોની જરૂર પડે છે તેમ, અહીં પણ મન અને ઇન્દ્રિયોનો પ્રેર્યો જીવ ભોક્તા બને છે. વસ્તુતઃ એ ભોક્તા આત્મા નથી, પણ વાસનાદેહ ભોક્તા છે. વિષયાંતરના ભયે એ વસ્તુની વધારે સ્પષ્ટતા કોક અન્ય સ્થળે કરીશું. અહીં તો એટલું જ કહેવું બસ છે કે સંયમ એ આત્મોપલબ્ધિ અર્થે આવશ્યક છે. વૃત્તિઓને આત્મામાં કેન્દ્રિત કરવાને તેને વિષયો તરફથી પાછી વાળી લેવાની જરૂર છે અને તે જ કારણે મનની દિશાફેર કરવી જરૂરની છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**''શાંતિ શીતળ અંદર ઓપે, દીન તણાં દુઃખ કાપે રે;''**
**''ત્યાગવિરાગે રાજ કરેને, શ્વાસ શ્વાસ હરિ જાપે રે.''**

આપણે આગળ જોયું કે ''સંયમ ઉરમાં રાજે રે'' એ પંક્તિદ્વારા શ્રી અવધૂતે એ યોગીના અંતરમાં સંયમનો પ્રકાશ પ્રસરેલો છે એમ કહ્યું છે. એવું સંયમના પ્રકાશ વડે પ્રકાશિત જીવન જીવનાર યોગીના અંતરમાં શીતળ શાંતિનું સામ્રાજ્ય વ્યાપક હોય છે. જિંદગીના ગમે તેટલા કોલાહલમાં પણ તેની એ શાંતિનો ભંગ થતો નથી, અને તે ગમે તેટલા જાગતિક સંકટોમાં પણ હિમાચળ પેરે અચળ શાંતિનો જ અનુભવ કરતો હોય છે. એવી શાંતિનો અનુભવ કરતો હોય છતાંય તે જનતાજનાર્દનની સેવાનું કાર્ય અવિરતપણે કરતો જ હોય છે.

શ્રી અવધૂત કેવળ શાંતિની વાત કરતા નથી પણ ''શીતળ શાંતિ''ની વાત કરે છે. શાંતિ એટલે શાંતિ. એમાં શીતળ શી અને ઉષ્ણ શી ? શું શાંતિમાં પણ ભેદ છે ? હોવો જ જોઈએ. શ્રી અવધૂતભાખી શાંતિ શીતળ છે. ત્યારે આપણે જોઈએ એ શીતળ શાંતિ કેવી હશે ?

સર્જન અનિત્ય છે છતાં એ અનિત્ય જેની શક્તિ અને સત્તા વડે ચેતનવંતુ જણાય છે તે તત્ત્વ એ અનિત્યમાં સભર ભરેલું છે. આપણે એ અનિત્યમાં રહેલા નિત્યને નિહાળી શકતા નથી, અનુભવી શકતા નથી, પણ એ નિત્ય અનિત્યમાં છે તેનો ઇનકાર પણ કરી શકતા નથી. જે અનિત્ય છે તે જડ છે છતાંય ચેતનવંતુ જણાય છે. અનિત્યને ચેતન દેનાર તો એક જ નિત્ય પરમતત્ત્વ છે. પણ તે ચેતનના ચૈતન્યરૂપ પરમતત્ત્વને

આપણે જોઈ કે અનુભવી શકતા નથી. એ નિત્ય પરમતત્ત્વ તો એક જ છે પણ સ્થૂળ અને ચેતન-સચર અને અચર-જગતમાં તે ભરેલું છે. તે પ્રત્યેક રૂપે ભિન્ન જણાય છે. પરંતુ છે તો એક જ, એ વાતનો પણ આપણે ઈનકાર કરી શકતા નથી. જેને જે કાંઈ કામના થાય છે તે પૂર્ણ કરનાર પણ એ પૂર્ણકામ પરમાત્મા જ છે. આપણી કામનાઓ જો આપણે પૂર્ણ કરી શકતા હોઈએ તો કોઈ કોઈની પરવા પણ શું કરવા કરે ? આપણે જોઈએ છીએ કે પ્રત્યેક કાર્યની, પ્રત્યેક કામનાની પૂર્તિ માટે અને સિદ્ધિ અર્થે અધિષ્ઠાન રૂપે શરીર, કર્તા, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન, બુદ્ધિ, અનેક પ્રકારની ચેષ્ટાઓ અને પાંચમું દૈવ એ આવશ્યક છે.





अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥

એવું શ્રી ભગવાને પણ અર્જુનને કહ્યું છે. તાત્પર્ય એ છે કે દૈવ અને તેને અનુકૂળ બીજાં સાધનો વિના કોઈ પણ કર્મની સિદ્ધિ સંભવિત નથી. કોઈપણ કામનાની પૂર્તિ થવી ન થવી એ દૈવને આધીન છે. એ દૈવ પરમતત્ત્વને આધીન છે અને તેથી કામનાની પૂર્તિ પરમતત્ત્વને આધીન છે. તે જ સર્વની કામનાઓ પૂરણ કરે છે. આ રીતે અનેક રૂપધારી એક જ પરમતત્ત્વને જે પોતાનામાં અનુભવે છે તે જ શાશ્વત શાંતિનું સુખ માણી શકે છે. એ શાશ્વતશાંતિ પૂર્ણ ચંદ્રબિંબમાંથી નીતરતા અમીબિંદુની શીતળતા કરતાંય અનેકગણી શીતળ છે. એ શાંતિનો જે અનુભવ કરે છે તેને અગ્નિરાશિમાં પણ હિમગિરિના જેટલી શીતળતાનો અનુભવ થાય છે અને તેથી જ ઉપનિષદકાર કહે છે :

नित्योऽनित्यानां चेतनश्चेतनाना
मेको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा–
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥

આ છે શ્રી અવધૂતભાખી શીતળ શાંતિનું શાસ્ત્રોક્ત સ્વરૂપ. અને એ જ શાંતિ સાચી શાંતિ છે. બાકી તો શાંતિના પડછાયાને આપણે શાંતિ માનીને ક્ષણિક આનંદ અનુભવીએ છીએ. જાગતિક પદાર્થો દ્વારા આપણે જે શાંતિનો આનંદ અનુભવીએ છીએ તે કેવળ ક્ષણભરનો જ છે, કારણકે એ વિષયોમાંથી વિષયોની કામનાની પૂર્તિમાંથી મેળવેલી શાંતિ છે. શાશ્વત શાંતિ પરમાત્મપ્રાપ્તિની શાંતિ છે. વિષયોની કામનાની પૂર્તિમાંથી મળેલી શાંતિ શીતળ નથી કારણ કે તેની પાછળ વિયોગની ઉષ્ણતા અથવા રક્ષણના સંતાપની ઉગ્રતા રહેલી છે. આ શાંતિ પ્રાપ્ત થયા પછી એના રક્ષણના કે એના વિયોગની ભાવના જ અંતરમાં જાગ્રત થતી નથી. અને તેથી તેની શીતળતા પણ એ શાંતિ જેટલી જ શાશ્વત છે. શ્રી અવધૂતે એ જ કારણે "શીતળ" વિશેષણ વાપર્યું છે અને તે દ્વારા એ પરમશાંતિનું

સૂચન કર્યું છે.

એ શીતળ શાંતિ અનુભવતો યોગી પડ્યો રહેતો નથી. ત્યારે શું કરે છે ?






## દીન તણાં દુઃખ કાપે રે...

"દીન" કોણ અને તેને "દુઃખ શું?" એ કરે છે દીનજનોની સેવા. દીનદુઃખિયાના દુઃખ દૂર કરવાને એ તનની પણ પરવાહ કરતો નથી. રાતદિવસ એક કરીને પણ એ દુખિયાનાં આંસુ લૂછે છે અને દુખિયાના દુઃખ દૂર કરે છે. એને મન તો નથી સુખ કે નથી દુઃખ છતાં જ્યાં સુધી મનુષ્યો માયાના પાશમાં સપડાયલા રહે છે, જ્યાં સુધી માનવીનું મન મોહ અને મમતામાં ઓતપ્રોત છે ત્યાં સુધી તેઓ દ્વંદ્વાતીત થઈ શકતા નથી. એવા દ્વંદ્વના દુઃખે દુઃખી થતાં અસંતોષી જીવોને શાંતિથી મધુર શબ્દો કહી, આશ્વાસન આપી તેના દુઃખને ટાળતો એ યોગી, ખરેખર એ દુખિયાઓમાં દીનાનાથ દયાળુ ભગવાનના જ દર્શન કરે છે. અને તેથી દરિદ્રનારાયણની જ સેવા કરતો હોય છે. દીનની સેવા એ પણ એને મન તો પરમાત્માની જ સેવા છે.

દીન કોણ ? આપણે અન્યત્ર થોડો વિચાર કર્યો જ છે. કામનાનો જે દાસ છે તે દીન. વિષયોના મોહમાં ભાન ભૂલેલો છે તે દીન. દેહની મમતાએ અંધ બનેલો દીન. આશાનો પાંશ જેને ગળે વિંટળાયેલો છે તે દીન. એ દૃષ્ટિએ વિચારીએ તો સંસારમાં દીન કોણ નથી? બ્રહ્માથી આરંભી કીડી પર્યંતનું સરજનમાત્ર દીન છે. જન્મે છે તે જન્મના કારણે જ દીન છે. મરે છે તે જન્મે છે માટે દીન છે. જેને જન્મ નથી, તેને મરણ પણ નથી અને તે દીન પણ નથી. માર્ગના પાણા પેરે અટવાતો ચીંથરેહાલ ભિખારી દીન છે, ગગનચુંબી મહેલાતોમાં વૈભવવિલાસમાં વસતો ધનકુબેર દીન છે, સામ્રાજ્યના તાજ શિર પર ધરનાર સમ્રાટ દીન છે. જે પરાધીન છે તે દીન જ છે. સરજનમાત્ર પ્રારબ્ધને આધીન છે એટલે દીન જ છે. એ દીનતાનું કારણ? આત્મભાનનું વિસ્મરણ. અને એ વિસ્મરણનું કારણ? મોહ અને મમતા. મોહ અને મમતાનું કારણ અહંતા અને અહંતાનું કારણ અજ્ઞાન. અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન. જ્યાં સુધી વિપરીત જ્ઞાન છે ત્યાં સુધી રજ્જુને સર્પ જોવાનો અધ્યાસ છે. પ્રકાશ મળે તો સર્પનો અધ્યાસ ટળે રજ્જુ, રજ્જુ તરીકે જ જણાય. અને એ પ્રકાશ મળે ત્યારે જ સમ્યક્ જ્ઞાન થાય, દીનતા ટળે અને દુઃખ પણ જાય. અનુકૂળતા અને પ્રતિકૂળતાના ભેદ ટળે તો સુખ અને દુઃખની ભ્રમણા જાય. સુખદુઃખ દીનતાના દ્યોતક છે. શ્રી અવધૂતભાખ્યો આ વિરલ યોગી એવા દીનના દુઃખો કાપે છે.

અને એવા દીનને દુઃખ શું? આપણે અન્યત્ર વિચાર કર્યો જ છે. જગતની દૃષ્ટિએ જે સર્વશ્રેષ્ઠ જણાય છે તેને પૂછો "તમે સુખી છો ?" તે તમને કહેશે "ના." જગતની દૃષ્ટિએ જે અધમાધમ છે તેને તમે પૂછો

"તું સુખી છે?" તે તમને કહેશે "ના." સરવાળો એ થયો કે જેને જગત સુખી માને છે તે સુખી નથી. જેને જગત દુઃખી માને છે તે પણ સુખી નથી. તુલનાત્મક દૃષ્ટિએ વર્ગીકરણ કરીએ તો કરી શકાય પણ તે દુઃખિયાનું સુખ એક જ છે, સુખિયો પણ એક જ છે. સુખિયાનું વર્ગીકરણ કરવાનું રહેતું નથી. એટલે જે સુખી નથી તે દુઃખી તો છે જ. પણ જે સુખી પણ નથી અને દુઃખી પણ નથી તે જ સાચો સુખી છે. એવો સાચો સુખી તો સંસારમાં લાખ કરોડે એકાદ જ મળે છે. ત્રણે એષણાઓ પૈકી કોઈ પણ એષણાનું અસ્તિત્વ એ જ દુઃખ. જેને એષણા જ નથી તેને સુખ જ છે. જે એષણા અને કામનાની જંજીરથી જકડાયેલા છે તે જગતના દુઃખિયા છે; તેને જ આવો વિરલ યોગી સુખનું સાચું સાધન બતાવી તેનાં દુઃખ કાપે છે. પણ એવા સાચા સુખની શોધમાં નીકળેલા કેટલા એવા યોગી પાસે જશે? ભાગ્યે જ કોક જશે. કોઈ કહેશે, "મહારાજ મને ધન નથી." કોઈ કહેશે, "મહારાજ મને પત્ની નથી." કોઈ કહેશે, "મહારાજ મને પુત્ર નથી." કોઈ કહેશે, "મહારાજ મને શત્રુઓનો ભય છે." કોઈ કહેશે, "મહારાજ હું રોગીષ્ટ છું." અને એવાઓની સંખ્યા તો અસંખ્ય. એવા બધાયને એ યોગી આશ્વાસન આપે, સન્માર્ગ બતાવે, મધુર શબ્દોથી તેના ક્લેશને હરે. એ છે મહાત્માની મહત્તા. અને એના નિઃસંકલ્પ નિરુદ્ધ ચિત્તમાંથી અગ્નિના સ્ફુલ્લિંગ જેવા કે જળસીકર જેવા વહેતાં સાત્ત્વિક સ્વાભાવિક રજકણોના પ્રભાવે દીનના દુઃખ કપાય છે. એનું કારણ છે નિઃસ્વાર્થભાવ, નિષ્કામ બુદ્ધિ અને વિશ્વપ્રેમ.






શ્રી અવધૂત ઘણીવાર કહે છે "કોઈ કોઈને આપતું નથી કે કોઈ કોઈનું લેતું નથી. જે થાય છે તે સૌના પ્રારબ્ધ અનુસાર જ થાય છે પણ સંતની તપશ્ચર્યા અને આર્તની નિર્મળ શ્રદ્ધાનો જ્યારે યોગ આવે છે ત્યારે એ યોગના પરિણામે, જેમ વીજળીના બે પ્રવાહોનો સંયોગ થતાં જ પ્રકાશ થાય છે તેમ, સંતની તપશ્ચર્યા અને આર્તની નિર્મળ એકાગ્ર શ્રદ્ધાના પરિણામે કાંઈક એવું બને છે જેનાથી આર્તની આશા ફળે છે અને જગત તેને ચમત્કાર કહે છે." અંધ શ્રદ્ધાળુઓને સાવધાન કરવા માટે આ એક સાચો ઉકેલ છે. એ જ દીનના દુઃખ કાપવાની સંતની સાચી પ્રણાલિકા છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ત્યાગ વિરાગે રાજ કરેને..."**

ત્યાગ અને વૈરાગ્ય એ યોગીના સ્વરાજ્યના અચળ પાયા છે..

**सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥**

"સર્વ કર્મના ફલત્યાગને વિચક્ષણ ઉત્તમ ત્યાગ કહે છે." શ્રી ભગવાને ત્યાગના સાત્ત્વિક, રાજસ્ અને તામસ્ એવા ત્રણ ભાગ પાડ્યા છે. અહીં શ્રી અવધૂતે વૈરાગ્યયુક્ત ત્યાગની વાત કરી છે. સાત્ત્વિકત્યાગ તરફ સંકેત

કર્યો છે.

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुनः ।
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥

"હે અર્જુન, કર્તવ્ય જ છે એમ સમજી જે નિયતકર્મ આસક્તિ તથા ફળ ત્યજીને કરાય છે તે જ ત્યાગને સાત્ત્વિક માન્યો છે." સાત્ત્વિક ત્યાગ પણ વૈરાગ્ય વિના સંભવી શકતો જ નથી. અને તેથી સાત્ત્વિક ત્યાગને પણ સમૃદ્ધ અને ચિરાયુ બનાવવાને વૈરાગ્યનું પીઠબળ આવશ્યક છે. વિષયો તરફ વૈરાગ્યવૃત્તિ કેળવીને જ્યારે આપણે તેનો ત્યાગ સાધી શકીએ ત્યારે જ તે ત્યાગનો ખરો આનંદ ભોગવી શકીએ અને તેથી

"ત્યાગ વિરાગે રાજે રે..."

કહીને એવા વૈરાગ્યયુક્ત ત્યાગથી થતા આનંદનું અહીં દર્શન કરાવ્યું છે. કેવળ વાતોથી વૈરાગ્ય સાધી શકાતો નથી. એ વૈરાગ્યયુક્ત ત્યાગ તપશ્ચર્યા વડે જ સિદ્ધ કરી શકાય છે. જે સર્વકર્મફલ ત્યાગી છે તે સર્વારંભ પરિત્યાગી પણ છે જ. અને તેથી એવો વૈરાગ્યયુક્ત ત્યાગી કોઈ પણ કર્મનો આરંભ કરતો નથી. અને કદાચ કોઈ કર્મ કરે તો તેના ફળથી તે અસંગ રહે છે. એવા યોગીને કામના હોતી નથી, તેથી તેણે કશું કરવાનું રહેતું નથી. અને તે નિષ્કામ છે. નિષ્કામ છે માટે તેણે કશું કરવાનું નથી એ વાસ્તવિક છે, પરંતુ તે કશું કરતો નથી એ વાસ્તવિક નથી. નિષ્કામ થવું એક વાત છે અને નિષ્ક્રિય થવું બીજી વાત છે. એવા યોગીની પ્રત્યેક ક્રિયાઓ શેકેલાં બીજ જેવી છે. એટલે તે ઊગી શકતાં નથી કે ફળ આપી શકતાં નથી. જ્યાં સુધી શરીરમાં ચેતન છે, શરીરિનો વાસ છે ત્યાં સુધી એક ક્ષણ પણ તે નિષ્ક્રિય રહી શકતું નથી. જેમ શ્વાસ લેવો, મળમૂત્રોત્સર્ગ કરવો વગેરે શરીરની ક્રિયાઓ સ્વાભાવિક રીતે અને ફળની આશા વિના જ થયે જાય છે, તેમ એવા યોગીની તમામ ક્રિયાઓ કોઈ પણ પ્રકારના ફળની આશા વિના, પરિણામ શુભ આવે કે અશુભ આવે તેની સ્પૃહા વિના સ્વાભાવિક રીતે જ થતી આવે છે અને તેથી જ "ત્યાગ" સહજ સધાય છે. એ સહજ સધાયેલા ત્યાગને વૈરાગ્યનું પીઠબળ હોય એટલે મન પર તેનું પરિણામ પણ થતું નથી અને તેથી જ વૈરાગ્યયુક્ત ત્યાગમાં આનંદ રહેલો છે. આમ ત્યાગ અને વૈરાગ્યનો આનંદ અનુભવતો એ યોગી –

"શ્વાસશ્વાસ હરિ જાપે રે..."

પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ સાથે હરિના નામના જાપ કરે છે.

એનો વિવેકપૂર્ણ અને વૈરાગ્યયુક્ત ત્યાગ એ જ એના જીવનની મહત્તા છે. રોમરોમ એને વૈરાગ્ય વ્યાપ્યો હોય છે. રાગમાં અપ્રીતિ થવાના કારણે એનો ત્યાગ સહજ સધાય છે. એવા ત્યાગીને સમસ્ત વિશ્વ એક જ પરમાત્માનું સ્વરૂપ જણાય છે અને તેથી વૈરાગ્યપૂર્ણ ત્યાગ વડે એ

જગતનો સાચો બાદશાહ બની રહે છે. એવા અજોડ ત્યાગી આગળ સમ્રાટના મુકુટ પણ ઝાંખા પડે છે. આત્મતેજે ઓપતો એ યોગી શ્વાસેશ્વાસે શ્રી હરિનું જ સ્મરણ કરે છે. જેને કામનાનું રટણ કરવાનું નથી અને જે નિષ્કામ બન્યા છે તેને હરિ સિવાય અન્ય શું હોય? કશુંય નહીં અને તેથી તે પ્રત્યેક શ્વાસે શ્રી હરિનું જ સ્મરણ કરતો રહે છે અને એ રીતે તેનું જીવન સમાપ્ત થાય છે. ભગવત્સ્મરણમાં જ એને ધ્રુવ શાંતિ પણ મળે છે. આમ એક શાંતજીવન વિતાવતો સાચો યોગી બીજાઓનાં દુઃખ કાપતો, સદાય શ્રી હરિના સ્મરણમાં રહેતો, ત્યાગ અને વૈરાગ્યનો અવતાર છે એમ કહેવું એ જ એની વાસ્તવિક ઓળખ છે. જ્યારે શ્રી અવધૂત શ્વાસેશ્વાસે હરિસ્મરણની વાત કરે છે ત્યારે આપણે એનો પણ થોડો વિચાર કરીએ.






અવરોધ વિનાનો પાણીનો પ્રવાહ વેગવાન હોય છે. પાણીના વાંકાચૂંકા વહેણમાં ગતિની શિથિલતા અને શક્તિમાં મંદતા હોય છે. શ્વાસેશ્વાસે હરિનું સ્મરણ કરવાનું પણ એવું જ છે. જ્યારે પરા આદિ ચાર પ્રકારની વાણી પૈકી કોઈપણ વાણીનો આશ્રય લઈને શ્વાસેશ્વાસે હરિનું સ્મરણ થાય છે ત્યારે તેમાં ગતિ અને શક્તિની મંદતાનો અનુભવ થાય છે. પણ આ તો કોયલના ''પંચમ'' જેવી વાત છે. અનુભવીઓએ કહ્યું છે કે શ્વાસોચ્છ્વાસમાં શ્રી હરિના સ્વરૂપના પ્રતીક તરીકે ''**સોऽहम्‌हंसः**''નો અજંપા જાપ જપાય જ છે. અને તે જ જાપને અનુલક્ષીને અહીંયાં સૂચન કરવામાં આવ્યું છે. એ જાપ સરિતાના અવરોધ વિનાના વેગવાન અને શક્તિશાળી પ્રવાહ જેવો છે. એને એકે વાણીનો આધાર નથી તેથી એની ગતિ મંદ થતી નથી. મન, બુદ્ધિ આદિ અંતઃકરણ ચતુષ્ટયનો એ ચારે વાણીથી પર વાણીમાં લય થાય છે એટલે એ જપમાં અસ્થિરતા કે ચંચળતાનો અંશ પણ આવતો નથી. જે બુદ્ધિનો લય થયો છે તે બુદ્ધિ પણ એ જપમાં વૈમનસ્ય ઉત્પન્ન કરી શકતી નથી. ચિત્તની જે ચિંતનક્રિયાનો લોપ થયો છે તે ચિત્ત પણ મૃતઃપ્રાય થાય છે અને એટલે જ પ્રત્યેક શ્વાસે અંતરમાંથી એકે વાણીની કે અંતઃકરણ ચતુષ્ટયની સહાયતા વિનાનો એ ''**સોऽहम्**''નો જાપ સ્વયંભૂ બની જાય છે. અને ત્યારે જ દેહભાન વિનાનો એ યોગી આત્મધ્યાનમાં જ આનંદમગ્ન બની રહે છે. આ છે શ્વાસેશ્વાસે હરિને જપવાનો મર્મભર્યો માર્ગ. જરા અનુભવ કરશો તો સમજી શકાશે. વૈખરીનો ત્યાગ કરો, મધ્યમાને રહેવા દો, પશ્યંતીને પડતી મૂકો, પરાનો વિચાર જ ન કરો અને પછી એ 'અનાહત્' 'નાદના આનંદમાં ''**સોऽहम्**''નું ધ્યાન ધરો. જુઓ તો ખરા કેટલો આનંદ આવે છે. હશે એ વાત તો જે જાણે તે જાણે. આપણે તો માત્ર અક્ષરની આરાધના કરીએ છીએ. એ આરાધના કરતાં કોક પળે અક્ષરનો આનંદ માણવાની આશા સેવી જીવન કૃતાર્થ કરીએ છીએ. આશા એ જ તો





જીવનની અમર વેલ છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :—

**"મન ભ્રમણા સહુ ભાગે પળમાં; દુઃખદરિયો સહુ આટે રે;"**
**"હરિરસમાં સમરસ થઈ જાતાં, મુક્તિ પદતલ ચાટે રે."**

આમ કેવળ પરાર્થે જ જીવન જીવતો એ આત્મયોગી એક પળમાં જ મનની ભ્રમણાથી મુક્ત થઈ જાય છે. મન એ માયાનું રમકડું છે. એ માયા એ યોગીને મન તરણા સમ તુચ્છ છે, જેને પરમપદાર્થની પ્રાપ્તિ થઈ છે તેનો એ માયા વાળ પણ વાંકો કરી શકતી નથી. જો માયા જ નિરાશ થઈ જાય તો એ માયાના સરજનરૂપ મન પણ નિર્બળ બનીને રહે છે, બળહીન મનના સંકલ્પ વિકલ્પનાં અખંડ પ્રવાહો રૂંધાઈ જાય છે. મન વિનાનો એ યોગી પરમાત્મામાં જ સતત વાસ કરીને રહેલો હોવાથી એને દુઃખ જેવી કોઈ ભ્રમણા હોતી જ નથી. દુઃખ તો પ્રતિકૂળ પરિસ્થિતિનું પરિણામ છે. જેને અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિ જ નથી તેને સુખદુઃખનો ખ્યાલ સરખો પણ આવતો નથી. તેથી એવા યોગી માટે અનેક દુઃખરૂપ મોજાંવાળો દુઃખનો દરિયો પણ સુકાઈ જાય છે. યોગીને દુઃખની પ્રતીતિ થતી નથી. સંસારમાં રચીપચી રહેલા મોહગ્રસ્ત મનુષ્યને જ એ દુઃખસાગર સતાવે છે. જેને સંસાર જ નથી તેને એ દુઃખ શું કરી શકે ? અને જેને સંસાર નથી તેનો સંસાર એટલો વિરાટ છે કે એ દુઃખ એ સંસારને પહોંચી વળવાને સમર્થ નથી. તાત્પર્ય એ છે કે જેને સંસારમાં મોહ-મમતા નથી, જેને સંસારમાં પરાયું કે પોતીકું નથી, તેને સંસારનાં દુઃખ સતાવતાં નથી. જગતના પ્રાણી પદાર્થોમાં આપણી જે આસક્તિ છે, જે રાગ છે અને અનુકૂળતા પ્રતિ આપણું રાગયુક્ત વલણ અને પ્રતિકૂળતા પ્રતિ દ્વેષપૂર્ણ વિરાગ છે તેનું નામ જ મોહ છે. એને જ આપણે મમત્વ પણ કહીએ છીએ. આ યોગીને એવો મોહ પણ નથી અને એવું મમત્વ પણ નથી. વિચાર કરીશું તો જણાશે કે સુખ અને દુઃખ એ માત્ર લાગણીઓ જ છે. એ લાગણીઓનો પિતા મન છે. મન વિનાના નિરુદ્ધચિત્તયોગીને લાગણી હોતી જ નથી. અને તેથી તેને લાગણીને વશ થવાનું રહેતું જ નથી.

એવો યોગી તો

**"હરિરસમાં સમરસ થઈ જાતાં...."**

સદાસર્વદા હરિરસમાં જ તરબોળ બનીને એટલે હરિરસમાં જ એકરસ થઈને જીવન વ્યતીત કરે છે. સૂર્યનું એક જ કિરણ જેમ અંધકારનો ઉચ્છેદ કરે છે તેમ જ્ઞાનનું એક જ કિરણ અજ્ઞાનનો ઉચ્છેદ કરે છે. અજ્ઞાનનો ઉચ્છેદ થતાં અવશેષ રહેલું સ્વયંભૂ જ્ઞાન એ યોગીને પોતાનામાં સમાવી દે છે. પરમતત્ત્વ એ જ્ઞાનરૂપ છે. એટલે જેને "હું આત્મા છું" એવા જ્ઞાનનો અપરોક્ષ અનુભવ થયો છે તે પણ જ્ઞાનરૂપ જ બની જાય છે






અને ત્યારે તે કેવળ દૃષ્ટા બનીને જ માયાનો ખેલ નિહાળે છે. એવો જ્ઞાનયોગી જેણે હરિરસનું પાન કર્યું છે તેને સંસારના વિષયોરૂપી રસ કડવા લાગે છે. તેના તરફ તેને રુચિ પણ થતી નથી અને વૃત્તિ પણ થતી નથી. વિષયોનું તેને આકર્ષણ પણ થતું નથી અને તેથી વિષયો પણ નિર્મુખ બનીને જ ચાલ્યા જાય છે. અને તેથી એ કોઈ પણ રસ વિનાનો હરિરસમાં સમરસ બની જાય છે. જળમાં જળ મળી જાય તેમ એ પણ પરમાત્મારૂપ જ બની જાય છે. જ્યાં માયા છે ત્યાં જ ભેદ છે અને તેથી જ ભેદમાં ખેદ છે એવું શ્રી અવધૂતે કહ્યું છે.

નિર્વાણ એટલે મુક્તિ. જે મુક્તિ અર્થે જન્મજન્માંતરની સાધના હોય છે. જે મુક્તિને માટે લોહીનું પાણી કરીને પણ સાધક તે પ્રાપ્ત કરવાને અનેકવિધ પ્રણાલિકાને સ્વીકારી ચેષ્ટા કરે છે તે મુક્તિ એવા યોગીના પગ ચાટે છે. મુક્તિ એવા યોગીની દાસી બની જાય છે. એવા યોગીને મુક્તિની સ્પૃહા રહેતી જ નથી. સ્પૃહા કોણ રાખે ? અજ્ઞાની. અજ્ઞાનીને મન પોતે પરમતત્ત્વથી ભિન્ન છે એવી માન્યતા હોય છે અને તેથી તે પરમતત્ત્વને પામવાને પછાડા મારે છે. મુક્તિ કોણ વાંછે ? જે બંધનમાં છે એમ માને તે. પણ આત્મા તો સદા મુક્ત જ છે. તેને બંધન નથી એટલે તેને મુક્તિની વાંછા જ નથી. અને તેથી જ એવા આત્મયોગીના પગનાં તળિયાં મુક્તિ ચાટે એ બનવાયોગ્ય છે. અને તેથી

"મુક્તિ પદતલ ચાટે રે..."

એવું શ્રી અવધૂતે કહ્યું. મુક્તિનો આનંદ તો જે બંધનમાં છે તે જ મુક્ત બનીને અનુભવે. શ્રી અવધૂતભાખ્યો આ યોગી હરિમાં જ અભેદભાવે સમાયેલો હોવાથી શ્રી અવધૂત કહે છે તેમ હરિરસમાં સમરસ બનેલો યોગી મુક્તિની વાંછા શેં કરે ? એનાં તો બધાંય બંધનો છૂટી જ ગયાં છે એટલે એને મન મુક્તિની કોડીની પણ કિંમત નથી.

છેવટે શ્રી અવધૂત કહે છે :

**"જોતાં અંતર અન્ય ઠરે ને, રંગ ભજનનો જામે રે;"**
**"તત્ત્વમસિ તંબૂરો વાગે લક્ષ્યપ્રસાદી પામે રે."**

શ્રી અવધૂતના આ ગીતનો સમગ્રપણે આપણે વિચાર કરીએ તો શ્રી ભગવાનભાખ્યા સ્થિતપ્રજ્ઞ અને ગુણાતીતનાં બધાંય લક્ષણો આ યોગીમાં દૃષ્ટિગોચર થાય છે. એ યોગી સ્થિતપ્રજ્ઞ છે, એ યોગી ભક્ત છે અને એ યોગી ગુણાતીત છે. શ્રી અવધૂતે આ ત્રણે કક્ષાના આત્મદર્શીઓનો વિચાર કરીને આ ગીતનું આલેખન કર્યું છે એમ કહેવું અસ્થાને નથી. સ્થિતપ્રજ્ઞની ઓળખ આપતાં શ્રી ભગવાને કહ્યું :

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥

અહીં આ ગીતમાં પણ એ યોગીના માનસિક નિરોધની જ વાત






શ્રી અવધૂતે કરી છે. અને અવધૂતની ઉચ્ચતમ કોટિમાં સ્થિર થયેલા એ યોગીની આપણે કલ્પના કરી શકીએ છીએ. શ્રુતિવાક્ય સમું આ ગીત ખરેખર મનન કરવા જેવું છે, એટલું જ નહીં પણ એ યોગીનાં જે જે લક્ષણો અહીં વર્ણવ્યાં છે તે એક સાધકને માટે સાચા માર્ગદર્શકનું-ગુરુનું જ કામ કરે છે. અથવા આ ગીતમાં આપણે શ્રી અવધૂતનું આંતરિક જીવન વાંચી શકીએ છીએ એમ કહેવું પણ અક્ષરશઃ સત્ય છે. સંતોનું સાહિત્ય સંતોનાં અંતરનું પ્રતિબિંબ છે. અસ્તુ.

**જોતાં અંતર અન્ય ઠરે...**

એવા યોગીને જોતાં જ બીજાનાં અંતર ઠરી જાય છે. કારણકે એવા યોગીને જોવાનું જેને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હોય તે એ યોગીમાં જ હરિદર્શન કરે છે. એ યોગીના પંચભૂતાત્મક દેહમાં રહેલા, વિશેષ રીતે પ્રકાશિત આત્માનાં દર્શન કરીને અન્ય સાધકોના હૃદયમાં શાંતિ થાય છે. તેના સાન્નિધ્યમાં સંસારનાં સઘળાં દુઃખો ભૂલી જવાય છે, ક્ષણભર દેહભાવ પણ વિસારે પડે છે અને આત્મતેજની આભામાં જ-ઓરામાં એવો દર્શનાર્થી પણ તત્પૂરતો તરબોળ બની જાય છે. સાત્ત્વિકવૃત્તિનો અને સત્ત્વશુદ્ધિનો એ જ પ્રભાવ છે. રાજસ્ અને તામસ્ વૃત્તિઓનો પ્રભાવ ત્યાં ઝાંખો પડી જાય છે. જે હૃદયમાંથી સાત્ત્વિકતાનો રસ સદોદિત ઝરતો જ હોય છે તેનાં દર્શન દુઃખિયાને ક્ષણમાં જ શાંત કરીને પોતાના અંતરની ચિરસ્થાયી શાંતિનો અનુભવ કરાવે છે અને ત્યારે શ્રી અવધૂત કહે છે તેમ :

**"રંગ ભજનનો જામે રે..."**

ભજનનો ખરો રંગ જામે છે. અહીં જ દ્રષ્ટા અને દૃશ્યનું ઐક્ય સધાય છે. પરમાત્માના નિરાકાર ભાવના પ્રતીક સમું એ યોગીનું અંતર પરમાત્માના પરમતેજની ઓરા, સૂર્ય જેમ કિરણો દ્વારા તેજ પ્રસારે છે તેમ, ચોગરદમ ફેલાવે છે અને તેથી પ્રભાવિત બનેલો દ્રષ્ટા એ પરમયોગીનાં દર્શન કરીને પરમાત્મદર્શન જેટલો જ આનંદ પામે છે. સાચું ભજન પણ એકમાં અનેકને જોઈને, અને અનેકમાં એકને જોઈ તેની સાથે તાદાત્મ્ય કરવું એ જ છે. તાલમંજીરા કે ઢોલનગારાં બજાવીને બરાડા પાડવા એ ભજન નથી. "જેના વડે જન્મ અને મૃત્યુનો ભય જાય તે ભજન" એવો શ્રી અવધૂતે અર્થ કર્યો છે. એવા બરાડા અને તાબોટાથી એ બની શકતું નથી. એવું તાદાત્મ્ય આવા વિરલ આત્મયોગીનાં દર્શનથી થાય એ સ્વાભાવિક છે અને ત્યારે જ અંતરનો નાદ—

**"તત્ત્વમસિ" તંબૂરો વાગે.**

"તે તું છે" એ સંભળાય છે. તંબૂરાના તારના ઝણકારમાં પણ "તે તું છે", "તે તું છે" એવો સ્વર સંભળાય છે. સાધકનું અંતર તંબૂરો છે. તેમાં થતો અનાહતનાદ એ તારનો ઝણકાર છે. પરમતત્ત્વ સાથેનું તાદાત્મ્ય એટલે જ "તત્ત્વમસિ." એ અનાહતનાદ પણ ગુરુકૃપા વડે જ સંભળાય

છે. ઈશકૃપા વિના ગુરુકૃપા થતી નથી અને ગુરુકૃપા વિના ઈશદર્શન થતાં નથી. સ્વયંભૂ જ્ઞાન થયા વિના એ શક્ય નથી. આવા સમર્થ યોગીના સાન્નિધ્યમાં જ એ નાદ સંભળાય તો આશ્ચર્ય નથી. અને ત્યારે જ જીવનના પરમ લક્ષ્યરૂપ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. એ ''પ્રસાદી'' એટલે પરમાનંદ. અને તે પ્રાપ્ત કરીને સાધક કૃતકૃત્ય બની જાય છે. એવો યોગી ક્યાં મળે ? એવો લાખ કરોડે એકાદ વિરલ તો કોઈ અનેક જન્મના પુણ્યના ફળરૂપે જ કોઈને મળે અને એ તરેલો તેને તારે એમાં આશ્ચર્ય પણ શું ? સમુદ્રમાં ડૂબતા માનવીને જ્યાં સુધી નાવ ન મળે ત્યાં સુધી જ ડૂબવાનો ભય. નાવ મળ્યું એટલે ડૂબવાનો ભય પણ જાય અને તરીને પાર થવાનો નિશ્ચય પણ થાય.

આ ગીતનો મર્મ કળીને આ ગીતના પ્રણેતા શ્રી રંગ અવધૂતના જીવનમાં ડોકિયું કરીએ તો શ્રી અવધૂતના અંતરનાં ઊંડાણ માપવાનું – શ્રી અવધૂતની સાચી ઓળખ કરવાનું એક સાધન આપણને મળી રહે. સૂર્યની ઓળખ આપીને તેનું ગૌરવ ગૌણ કરવાની જરૂર નથી. જે જુએ છે, જેને ઓળખવાની અને જોવાની સાચી આંખો છે તે જોઈ શકે છે આકાશમાં સૂર્ય અને અવનિ પર શ્રી અવધૂતને. કુતૂહલદષ્ટિએ જોનારને તો એનું પંચભૌતિક સ્થૂળ શરીર જ જણાય. નિરીક્ષકદષ્ટિએ પણ અંશતઃ એનો પ્રભાવ જણાય. પણ કેવળ ભક્તિભાવભીને હૈયે, શિષ્યભાવે પાત્ર બનીને જોનારને શ્રી અવધૂતમાં આ ગીતમાં ગાયેલા આત્મયોગીનાં દર્શન થયા વિના નહીં રહે એ નિશ્ચિત છે. દષ્ટિ જોઈએ તો સર્વત્ર પરમાત્માનાં દર્શન થાય.






(૩૭)

બન જા અવધૂતા અવધૂતા, શોક મોહ અતીતા.–ટેક
કર્તા ભર્તા હર્તા સાહેબ, ક્યોં મુરખ મન રોતા ?
દેહભરોંસા મત રખ પ્યારે, ક્યોં આલસમેં સોતા ?–બન જા. (૧)
પાંચ તત્ત્વકા બના પિંજરા, ભીતર ચેતન તોતા;
આપ કરમસે આપ બંધાયા, પલ રોતા પલ હંસતા.–બન જા. (૨)
દૂર દેશ હૈ તેરા પ્યારે; ક્યોં, ગાફિલ જગ ફિરતા ?
ઔર ફૈસલા છોડ નિકમ્મા, સાંસ સાંસ હર સ્મરતા.–બન જા. (૩)
ભૂત ભૂતકો દે દે પ્યારે, કલકી મત કર ચિંતા;
રામભરોંસે કાજ છોડ કર, નિજાનંદ રસ પીતા.–બન જા. (૪)
કામ ક્રોધ સંગત દુર્જનકી, માનામાન અતીતા;
ચોરી ચાડી નિંદા જારી, છોડ મુડ ભગવંતા.–બન જા. (૫)
આપ મારકે આતમ પા લે, બન જા હક ઘરકા બંદા;
ફંદ છોડ દે અન્ય ફકીરા, રંગ ધૂલકા ધંધા ?–બન જા. (૬)

※

શ્રી અવધૂત બધાયને અવધૂત બનવાનો ઉપદેશ કરે છે. પોતે બન્યા છે અને બીજાને, પોતે જે પરમતત્ત્વના અવર્ણનીય આનંદનો આસ્વાદ લે છે, તે જ આસ્વાદ લઈ પોતે પોતાનો ઉદ્ધાર કરે એ ભાવ આ ગીતમાં તરી આવે છે.

હિમાચ્છાદિત હિમગિરિના સર્વશ્રેષ્ઠ શિખર ઉપર અવિચળ ઊભેલો અવધૂત એ ગિરિતળેટીમાં ઊભેલા, હિમાચળનો પાર પામવાને મથતા પથિકને અહીં માર્ગદર્શન આપે છે. હિમગિરિના સર્વશ્રેષ્ઠ શિખર પર ચઢવાનો માર્ગ બતાવે છે. જેમ પર્વતનું આરોહણ કરવાને તેના માર્ગના ભોમિયાની જરૂર છે તેમ, જીવભાવમાં સ્થીપચી રહેલા આત્માને પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે માર્ગદર્શનની આવશ્યકતા છે. એ માર્ગદર્શન શાસ્ત્રો દ્વારા મળે, શ્રુતિ, સ્મૃતિ અને વેદ દ્વારા મળે, પણ જેણે એ તત્ત્વની પ્રાપ્તિ કરી હોય, તે પ્રાપ્ત કરવામાં પોતે જે માર્ગનું અનુશીલન કર્યું હોય તે માર્ગ જો બીજાને બતાવે તો એ માર્ગે જવાની સરળતા થઈ પડે. વેદમાં 'तत्त्वमसि' એવું એક વાક્ય છે. એ વાક્ય વાંચીને અથવા 'अयमात्मा ब्रह्म' એ વાક્ય વાંચીને આપણને કેવળ પરોક્ષજ્ઞાન થાય પણ એ પરોક્ષજ્ઞાનના અપરોક્ષ અનુભવ માટે તો, જેને એ વાક્યનો અપરોક્ષ અનુભવ થયો હોય તે જ યોગ્ય માર્ગદર્શક ગણી શકાય. પોપટ તો કેવળ શીખવેલું જ બોલે પણ પોપટને શિખવનાર એ શબ્દનો મર્મ જાણે છે.

તેમ અપરોક્ષાનુભવી '**अयमात्मा ब्रह्म**' આદિ વેદવાક્યનું રહસ્ય જાણીને જો બીજાને માર્ગ બતાવે તો તેનાથી એ માર્ગે જનારનો માર્ગ સરળ થાય અને પરમતત્ત્વની પ્રાપ્તિ પણ સુલભ બની જાય. જે માર્ગે શ્રી અવધૂતે એ પરમતત્ત્વની પ્રાપ્તિ કરી છે તે જ માર્ગ અહીં શ્રી અવધૂત બીજાઓને ચીંધે છે. અને તેથી એ વાણીમાં અનુભવનું તેજ છે, અનુભવનું બળ છે અને તેથી અંતરમાં સોંસરવું ઊતરી જાય છે. જેણે એ માર્ગ કદી જોયો ન હોય, એ માર્ગે જે કદી ગયો પણ ન હોય અને એ અંતિમ ધામે કદી પહોંચ્યો પણ ન હોય તે શું માર્ગદર્શન આપે ?

એ માર્ગ શો છે તે આપણે જોઈએ. અવધૂત ક્યારે થઈ શકાય ? વેદવેદાંતની વાતો કરવી સહેલી છે, સમજવી તેથી કપરી છે અને તેને આચારમાં મૂકીને પણ તેના ફલસ્વરૂપ પરમતત્ત્વની પ્રાપ્તિ કરવી એ તો સૌથી ભગીરથ છે. એ પરમતત્ત્વનો એક વાર સાક્ષાત્કાર થયા પછી તો એ હસ્તામલક જેવું બની જાય છે. શાસ્ત્રોમાં અવધૂતઅવસ્થાને સર્વશ્રેષ્ઠ કહેવામાં આવી છે. તેનું કારણ એક જ છે. એ અવસ્થા 'કેવળ' અવસ્થા છે. શરીર રહેવા છતાંય, શરીરનું જેને ભાન નથી, શરીરના વ્યવહારો થતા હોવા છતાંય, જેને એ વ્યવહારનું જ્ઞાન નથી, જીવન જીવતો હોવા છતાંય એ જીવન જીવવાનું જેને જ્ઞાન નથી તે અવધૂત. વ્યાવહારિક અસ્તિત્વનો ભાસ થતો હોવા છતાંય જેનું અસ્તિત્વ નથી એવું જેને સમ્યક્ જ્ઞાન છે તે અવધૂત. એ અવસ્થામાં કોઈ પણ પ્રકારનો બંધન નથી. જેમ આકાશમાં પક્ષી સ્વતંત્રપણે સ્વચ્છંદ વિહાર કરે છે, તેમ એ અવધૂત પણ આત્મતત્ત્વમાં સ્થિર રહીને, સ્વચ્છંદ વિહાર કરે છે. તેને પ્રતિબંધ નથી, પ્રત્યવાય નથી. જેમ આકાશમાં ઊડતા પંખેરુંને કોઈ પણ પ્રકારનો અંતરાય નથી તેમ એ અવધૂતને જગત કે માયાનો કોઈ પણ પ્રકારનો અંતરાય નથી. એનો સ્વચ્છંદ અને સ્વતંત્ર વિહાર એટલે વિરાટનો વિહાર. જાગતિક પ્રપંચમાં એ વિહાર કરતો નથી. જાગતિક પ્રપંચમાં જણાતો છતાંય જાગતિક પ્રપંચ એને સ્પર્શ કરતો નથી. એને મન એ પ્રપંચ કેવળ માયા છે અને તેથી એ માયાને કેવળ માયાસ્વરૂપે જ એ જુએ છે. અને તેથી એ અવધૂત છે. એવા અવધૂત બનવાને પ્રથમ શું કરવું જોઈએ ? શ્રી અવધૂત એ પ્રશ્નનો ઉત્તર આપે છે.

"શોકમોહ અતીતા"

એ શોકમોહ અતીત શું ? એ શોક મોહને પાર શા સારુ કરવાં ઘટે ! આપણે જરા વિચાર કરીએ.

શોક અને મોહ એ તામસનું કાર્ય છે. અજ્ઞાનજનિત અને અવિદ્યામૂલક છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**प्रमादमोहौ तमसोभवतोऽज्ञानमेव च ।** 

શોક અને મોહ એ બંને મનની વૃત્તિઓ છે. અને તે વૃત્તિઓ દેહમાં મમત્વ

રહેવાથી અહંતા અને મમતાના કારણે સરજાય છે. એ મમત્વની પાછળ અહંતા રહેલી છે. એ અહંભાવ એટલે 'હું દેહ છું' એવી જીવની ભ્રામકદશા. એ ભ્રામક અવસ્થા રહે ત્યાં સુધી એ શોક અને મોહની વૃત્તિનું નિરસન થતું નથી. શરીર અનાત્મ છે છતાં તેમાં આત્મભાવ હોવાથી એ શોક અને મોહની વૃત્તિ સરજાય છે. અને તેથી એ શોક અને મોહની નિવૃત્તિ અર્થે 'હું દેહ છું' એવી જે જીવને ભ્રમણા-દેહાધ્યાસ છે તેનો નિષેધ કરવો જોઈએ. અંધકારમાં માર્ગે જનારને એક દોરીનો કટકો અથડાયો. જનાર ભયથી છળી ઊઠ્યો, 'હાય રે બાપ સાપ છે,' કહી તે દૂર ઊભો રહ્યો. સાપના ભયે ધ્રૂજવા લાગ્યો. કોઈકે એ સાદ સાંભળ્યો અને ફાનસ લઈ દોડી આવ્યો. બંનેએ ત્યાં પડેલી દોરી જોઈ અને ભ્રમ ભાંગ્યો. એ છે સર્પરજ્જુનો શાસ્ત્રવર્ણવ્યો ન્યાય. જ્યાં સુધી રજ્જુને બદલે સર્પની ભ્રમણા રહે ત્યાં સુધી એ અંધકારરૂપી અજ્ઞાન અવસ્થામાં જ ભટક્યા કરે. પણ જ્યારે સર્પ નથી પણ રજ્જુ છે એવું ભાન થાય ત્યારે તેની સાન ઠેકાણે આવે. શોક-મોહના નિસ્તાર અર્થે અહીં પણ 'હું દેહ છું' એમ માની બેઠેલા જીવને 'તું દેહ નથી પણ દેહી છે,' સર્પ નથી પણ રજ્જુ છે એવું જ્ઞાન થવાની જરૂર છે. એ જ્ઞાન થતાં જ એનો જીવભાવ કે દેહાધ્યાસ નિવૃત્ત થાય છે અને સાથે જ શોક અને મોહની માનસિક લાગણીઓનો પણ અસ્ત થઈ જાય છે. અજ્ઞાનજનિત શોક મોહનો જ્ઞાનદ્વારા નિષેધ કરીને જ્યારે જીવ આત્મભાવને પ્રાપ્ત થાય છે ત્યારે તે શોક અને મોહથી અતીત થઈને શુદ્ધસ્વરૂપમાં સ્થિત થાય છે અને તેથી શોક અને મોહથી તરીને અમૃતત્વની પ્રાપ્તિ થાય છે એવું શ્રુતિવાક્ય છે.

तरतिशोकमात्मवित्

સરિતાની સપાટી પર તરતા વહાણની ગતિનો આધાર જેમ પવન ઉપર છે તેમ મનનો આધાર મનુષ્યના સ્વભાવ ઉપર છે. એ સ્વભાવ ગુણને આધીન છે. તમસ્ અને રજસ્ ગુણના પ્રભાવે શોક અને મોહની વૃત્તિ જાગ્રત થાય છે. પ્રાપ્તવસ્તુના વિનાશથી શોક થાય છે. પ્રાપ્તની માત્રામાં મમત્વ એટલે 'મોહ'. તામસ્ અને રાજસ્ ગુણનો પ્રભાવ જેમ વધારે પ્રમાણમાં તેમ શોક અને મોહની લાગણી પણ તીવ્રતર કે તીવ્રતમ બનતી જાય છે. સત્ત્વગુણનો પ્રભાવ જ્યારે રાજસ્ અને તામસ્ ગુણના વેગને દબાવીને પોતાનો પ્રકાશ પાડે છે ત્યારે શોક-મોહની વૃત્તિઓનો વેગ પણ મંદ થાય છે. જ્યારે સાત્ત્વિક ગુણનો પ્રભાવ પૂર્ણિમાના ચંદ્ર સમો સંપૂર્ણપણે વિકાસ પામે છે ત્યારે સત્ત્વના સંપૂર્ણ પ્રકાશ અને પ્રભાવમાં એ તામસ્ અને રાજસ્ ગુણની વૃત્તિઓ વિલીન થઈ જાય છે. અને પોતાનું ચાંચલ્ય છોડીને સત્ત્વગુણને આધીન બને છે. અને ત્યારે

'सत्त्वात्संजायते ज्ञानम्'

એ શ્રી ભગવાનના કથનાનુસાર જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનની પ્રાપ્તિ

થતાં જ અજ્ઞાનમૂલક રાજસ્ અને તામસ્ ગુણનો વિલય થઈ જાય છે. જીવને શોક અને મોહથી અતીત કરવા માટે રાજસ્ અને તામસ્ ગુણને તરી જવાનો પુરુષાર્થ કરવો આવશ્યક છે. જેમજેમ લક્ષ પરમતત્ત્વ તરફ વળતું જાય, જેમજેમ સાત્ત્વિકગુણની અભિવૃદ્ધિ થતી જાય તેમતેમ રાજસ્ અને તામસ્નો પ્રભાવ ક્ષીણ થતો જાય છે. જેમજેમ સૂર્યોદયનો સમય આવતો જાય તેમતેમ રાત્રીના અંધકારની ક્ષીણતા થતી જાય છે અને સૂર્યોદય થતાં જ જેમ રાત્રીનો અંધકાર અદૃશ્ય થઈ જાય છે તેમ સાત્ત્વિકગુણના ક્રમશઃ વધતા પ્રભાવ પછી જ્યારે સાત્ત્વિક ગુણ સંપૂર્ણ-પણે વિકાસ પામે છે ત્યારે જ્ઞાનસૂર્યના ઉદયથી અવિદ્યા અથવા અજ્ઞાનના અંધકારનો અસ્ત થાય છે. જ્ઞાન અને અજ્ઞાન, સૂર્ય અને રાત્રી, અંધકાર અને પ્રકાશ સાથે રહી શકતાં નથી. મોહ અને શોકના નિરસન માટે ગુણાતીત થવાની જરૂર છે. શ્રી ભગવાને પણ અર્જુનને

"निःस्त्रैगुण्योभवार्जुन"

એમ એ જ કારણે કહ્યું છે. "વાતો તો વિદ્વાનના જેવી કરે છે અને મૂઢ પ્રમાણે શોક કરે છે. જેનો શોક નથી કરવાનો તેનો શોક કરે છે." અને શોક શાનો નથી કરવાનો ? ક્ષણભંગુર જગતનો અને જાગતિક પ્રપંચનો. જગત અસાર છે, શરીર પણ પ્રત્યેક પળે મરતું જાય છે. બાલ્ય, યૌવન અને વૃદ્ધાવસ્થા પછી કોક દિવસ એ શરીરમાંથી પ્રાણપંખી ઊડી જવાનું છે એ નિર્વિવાદ છે. તો પછી જેનો નાશ નિશ્ચિત છે તેને અમર માનીને શોક શા સારુ કરવો ઘટે ? અને જો શોક કરવો મિથ્યા છે તો મોહ પણ મિથ્યા છે. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

"गतासूनगतासूंश्च नानुशोचन्ति पंडिताः"

"પંડિતો મરેલાંનો કે જીવતાંનો શોક કરતા નથી." અહીં શોક અને મોહને લક્ષ્ય કરીને, મનના તમામ વિકારો, ગુણનાં તમામ પરિણામો અને વૃત્તિઓનો ક્ષય કરવાનો સંકેત કર્યો છે. એ સિદ્ધ થાય તો જ અવધૂત અવસ્થા પ્રાપ્ત થાય.

હવે એ વિકારો અને પરિણામોનો ક્ષય કરવાને અને શોકમોહાતીત થવાને જે બોધની જરૂર છે તે તરફ વળતાં શ્રી અવધૂત કહે છે :

**"કર્તા ભર્તા હર્તા સાહેબ, ક્યોં મૂરખ મન રોતા !"**
**"દેહ ભરોસા મત રખ પ્યારે, ક્યોં આલસમેં સોતા ?"**

જેને કર્તૃત્વનું અભિમાન છે, જે એમ માને છે કે "આ બધાય મારા આશ્રિતો છે અને તેનું હું પાલન કરું છું. હું ન હોઉં તો એ બધાય રવડી રઝળીને મરી જાય," એવા અજ્ઞાનજનિત મોહ અને અભિમાનમાં રચીપચી રહેલાને શ્રી અવધૂત કહે છે કે ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો સ્વામી પરમાત્મા છે. બ્રહ્મરૂપે જે સરજન કરે છે તે જ વિષ્ણુરૂપે સરજનનું પાલન કરે છે. અને તે જ કર્તા અને ભર્તા સમય આવે રુદ્રરૂપે સરજનનો

સંહાર કરે છે. નથી કોઈ કર્તા, નથી કોઈ ભર્તા કે નથી કોઈ હર્તા. મનુષ્ય નિસર્ગનું અનુકરણ કરે પણ નિસર્ગનું સરજન કરવાની શક્તિ માનવીમાં નથી. એ સરજનનું પાલનપોષણ કરવાની પણ માનવીમાં શક્તિ નથી. નિસર્ગનો ભર્તા પણ ભગવાન છે. નિસર્ગને નિસર્ગમાંથી જ પોષણ મળી શકે છે. નિસર્ગ એટલે પાંચ તત્ત્વોનું મિશ્રણ. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વોના સપ્રમાણ સશાસ્ત્ર (scientific) પંચીકરણથી જ નિસર્ગનું સરજન થયું છે અને પોષણ પણ થઈ જાય છે. એ નિયમ અચલ છે. એનો નિયામક પણ ભગવાન જ છે. સચરાચર જગતની વૃદ્ધિ અર્થે એ પાંચ તત્ત્વોની જરૂર છે એટલું જ નહીં પણ અનિવાર્ય પણ છે. એ પાંચ તત્ત્વોનું ઉદયસ્થાન છે અવ્યક્ત પરમતત્ત્વનું

''एकोऽहम् बहूस्याम्''

એ ઈક્ષણ. એ ઈક્ષણની ઓથમાં રહેલી પરમતત્ત્વની શક્તિ જેને માયા, પ્રકૃતિ, પ્રધાન, સૂત્રાત્મા આદિ સંજ્ઞાશાસ્ત્રોમાં આપવામાં આવી છે તેના પરિણામે જ નિસર્ગની અભિવૃદ્ધિ છે; એટલું જ નહીં પણ અભિવ્યક્તિ પણ છે અને તેમાં જ તેનું પોષણ કરવાની શક્તિ પણ રહેલી છે. અવકાશ નિર્લેપ છે પણ તેની ઓથમાં વાયુ, તેજ, પાણી અને પૃથ્વી સમાયેલાં છે. વાયુ અવકાશ વિના રહી શકતો નથી. તેજ પણ અવકાશમાં રહી શકે છે. પાણી અને પૃથ્વીને રહેવા માટે પણ એ જ અવકાશ આવશ્યક છે. આકાશમાં એ બધાયનો સમાવેશ થતો હોવા છતાં આકાશ એ બધાથી નિર્લેપ છે. આકાશ બધાયમાં છે પણ આકાશમાં કોઈ નથી. અને એ રીતે પંચતત્ત્વાત્મક નિસર્ગ કિંવા પ્રકૃતિમાંથી જ સર્જનની ઉત્પત્તિ, સર્જનનું પોષણ અને સર્જનનો સંહાર થાય છે. એ રીતે એ સર્જનનો કર્તા, હર્તા અને ભર્તા ભગવાન જ છે. જેની ઉત્પત્તિ છે તેની વૃદ્ધિ પણ છે અને જેની વૃદ્ધિ છે તેનો ક્ષય પણ છે. અને તેથી વૃદ્ધિ અને ક્ષયવાળા ધર્મયુક્ત સંસારને વૃક્ષની ઉપમા આપી છે. 'વૃ' એટલે વૃદ્ધિ' અને 'ક્ષ' એટલે 'ક્ષય'. પૂર્ણવિકાસ પામેલો પૂર્ણિમાનો ચંદ્ર જેમ કૃષ્ણપક્ષમાં ધીમે ધીમે ક્ષીણ થતો થતો અંતે અમાવાસ્યાને દિને અદશ્ય થઈ જાય છે તેમ પૂર્ણ વિકાસ પામી નિસર્ગ પણ વિકાસની અવસ્થા પૂર્ણ થયા પછી ધીમે ધીમે ક્ષીણ થતી થતી અંતે એક દિવસ પરમતત્ત્વમાં મળી જાય છે. એ જ પ્રલય છે, પ્રલયનો સર્જક પણ સર્જનહાર છે. જેમાં સર્જનશક્તિ છે, રક્ષણશક્તિ છે, તેનામાં જ ભક્ષણશક્તિ છે. કોઈને ઉત્પન્ન કરવાની તેનું પોષણ કરવાની, કે તેનો સંહાર કરવાની શક્તિ પરમાત્મા સિવાય કોઈમાં નથી. હા ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર માટે પરમાત્મા નિમિત્ત થતા નથી. કોકને નિમિત્ત બનાવે છે. શ્રી ભગવાને યુદ્ધમાં અર્જુનને

'निमित्तमात्रं भव सव्यसाचिन्'

એમ કહીને યુદ્ધના નિમિત્ત બનવાનું જ કહ્યું છે. શ્રી ભગવાને કહ્યું :

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून्भुङ्क्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ॥

અને તેથી જ એ પરમાત્મા 'કર્તુમકર્તુમન્યથાકર્તું' કહેવામાં આવે છે. અને તેથી શ્રી અવધૂત કહે છે કે કર્તા; હર્તા, ભર્તા ભગવાન છે. એ જાણીને હે મૂરખ મન, તું રુદન શા સારુ કરે છે ?

અને આપણે નિત્યના વ્યવહારમાં પણ જોઈએ છીએ કે સંસારમાં કશું જ નિશ્ચિત નથી. અનિશ્ચિત પરિણામવાળા આ જગતમાં નિશ્ચિતભાવ રાખવાથી, અનાત્મપદાર્થોમાં આત્મભાવ રાખવાથી જ માનવી માયાવશ માર ખાય છે. અને ઉપરથી બનીઠનીને હસતો દેખાવાનો ડોળ કરવા છતાંય અંતરમાં રોતો હોય છે. શોક અને મોહમાં પરવશ બની સદાય રોતો હોય છે. શ્રી અવધૂત પૂછે છે : ''કેમ રુદન કરે છે ? હે મૂરખ !'' આમ છતાં છાનો છાનો અંતરમાં કેમ રડ્યા કરે છે ? તેનું કારણ હોય તો તે અજ્ઞાન છે. તારા સત્યસ્વરૂપનો તને ખ્યાલ આવશે તો એ રુદન નહીં રહે. કર્તા બનવાને બદલે તું કર્મનું કેવળ નિમિત્ત બન ! ભર્તા બનવાને બદલે તેનું પણ કેવળ નિમિત્ત બન ! હર્તા બનવાને બદલે તેનું પણ તું નિમિત્ત બન ! એ ઉત્પત્તિ, સ્થિતિ અને લયની અવસ્થામાં તારું જે અભિમાન છે, હું કર્તા છું, હું ભર્તા છું, હર્તા છું, પ્રજાની ઉત્પત્તિ કરું છું, પ્રજાનું પાલન કરું છું, અને પ્રજાનો સંહાર કરું છું, એ જે તારું કર્તૃત્વ આદિ અભિમાન છે તેનો તું ત્યાગ કર અને તું કોણ છે તે જો. નિમિત્તમાત્ર છે એવો નિશ્ચય કર, તો પછી તારે રોવાનું રહેશે નહીં. પણ મનને એ જ્ઞાન નહીં થાય. ઉત્પત્તિ, સ્થિતિ અને લયના નિયમનું જ્ઞાન હોય, જે પ્રાપ્ત થાય છે તે સ્થિર નથી, જે અપ્રાપ્ત છે તે પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરીને તેની પ્રાપ્તિ થયા પછી તેનો વિનાશ તો સરજાયેલો છે, એમ કદાચ મન સમજે, તો પણ મોહ અને મમત્વવશ મનને તેનું વિસ્મરણ થયું છે. અજ્ઞાનના આવરણથી ઢંકાયેલા જીવને પોતાના સત્યસ્વરૂપનું ભાન નથી. દેહભાવને કારણે 'અહં' અને 'મમ'ના ભાવજનિત અહંકાર અને મમતાને કારણે તે મિથ્યા વલખાં મારે છે. ઈશ્વરી નિર્માણ અટલ છે. તેને પલટાવવાની કોઈની શક્તિ નથી. છતાંય મૂઢ જીવ મમત્વનો માર્યો મિથ્યા શોક કરે છે. તેને જાગ્રત કરવાને શ્રી અવધૂત કહે છે :

**'દેહ ભરોંસા મત કર પ્યારે'**

જે નાશવાન છે તેનો ભરોસો શો ? શરીર ક્ષણભંગુર છે, પ્રાણ-પંખી એ શરીરમાંથી ક્યારે ઊડી જશે તેનો કોઈ ભરોસો નથી. મૃત્યુ ક્યારે આવશે તે પણ કોઈ જાણતું નથી પણ મૃત્યુ આવશે એ નિશ્ચિત

છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

''જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે, અને જે મરે છે તેનો જન્મ પણ નિશ્ચિત છે, અને તેથી એ અનિવાર્ય અવસ્થા અર્થે તું શોક શા સારૂ કરે છે ?''

શરીરનું મૃત્યુ ક્યાં અને ક્યારે થશે, શરીરનો જન્મ ક્યાં અને ક્યારે થશે એ તો કેવળ વિધાતા જ જાણે છે. એટલે જેણે અમરપટો લખાવ્યો હોય તેણે જ ભગવાનના ભજનનો વાયદો કરવો યોગ્ય છે. અને તે પરવડે પણ તેને જ. આપણે નજરે જોતા આવ્યા છીએ અને જોઈએ છીએ કે કેટલાક તો જન્મતાં જ મૃત્યુ પામે છે, કેટલાક વળી કૌમાર અવસ્થામાં જ મૃત્યુ પામે છે, કેટલાક યૌવનકાળમાં તો કેટલાક વૃદ્ધાવસ્થામાં જ મરણને શરણ થાય છે અને ત્યારે પણ ઘડપણની વિડંબણાઓનો ભોગ બને છે. આ રીતે જ્યારે મૃત્યુ નિશ્ચિત છે અને તે ક્યારે આવશે તેનો ભરોસો નથી, ત્યારે આ ક્ષણભંગુર દેહનો ભરોસો કેમ કરવો ? આજનું કામ કાલ પર કેમ રાખવું ? રાત્રે સાજા સમા સૂતેલા સવારે મડદાં બની ગયાના, અરે અત્યારે સાજાસમા એક પળ પછી મૃત્યુ પામ્યાનાં દૃષ્ટાંતો આપણે સાંભળીએ છીએ, નજરે જોઈએ છીએ; પછી એ પરપોટા જેવા શરીરનો શો ભરોસો ? અને તેથી એ શરીરનો ભરોસો નહીં રાખવાની શ્રી અવધૂત આપણને સલાહ આપે છે. શરીર અમર છે. યૌવનનો આનંદ માણીને ઘડપણમાં ભગવાનનું ભજન કરવાની આશા સેવતા મનુષ્યો પોતાનો આ ભવ બગાડે છે એટલું જ નહીં પણ પરભવ પણ બગાડે છે. પ્રભુનું ભજન તો સદાસર્વદા બાલ્ય, યૌવન કે ઘડપણમાં, અરે અંતિમ પળ સુધી કરવું આવશ્યક છે. શાહુકાર નાણાંની ઉઘરાણી કરવા આવે તેને સાચોખોટો વાયદો કરીને આપણે ટાળી શકીએ છીએ પણ યમરાજના દૂત જ્યારે આવીને ઊભા રહે ત્યારે તેને આપણે એક પલકનો પણ વાયદો કરી શકીએ એમ નથી. અનિચ્છયા પણ તેને આધીન થવું જ પડે છે. અને તેથી શ્રી અવધૂત કહે છે :

**''ક્યોં આલસમેં સોતા ?''**

માનવજાતનો બીજો કોઈ શત્રુ નથી. આળસ જ મહાન શત્રુ છે. એ આળસને આધીન થયેલો માનવી આજે કરવાનું કામ કાલ પર મુલતવી રાખીને કોઈ પણ દિવસ, કોઈ પણ પ્રકારની ઉન્નતિ સાધી શકતો નથી. નથી ઐહિક ઉન્નતિમાં તે પ્રગતિ કરી શકતો કે નથી પારમાર્થિક ઉન્નતિમાં એ ઊંચે આવી શકતો. અને તેથી જ શરીરનો ભરોસો રાખ્યા વિના, આળસનો ત્યાગ કરીને, જીવન સફળ કરવા આ ભવ અને પરભવ સુધારવા માટે, જ્યારથી જાગ્યા ત્યારથી સવાર એમ સમજીને, જ્યારથી સમજણ





આવે ત્યારથી જ આત્મકલ્યાણના માર્ગે પગલા માંડી પ્રભુભજનમાં રત બનવા માટે કટિબદ્ધ થવું જોઈએ એવું અહીં શ્રી અવધૂત કહે છે. જેમ અવસર વીત્યા મેહુલા વરસે તેનાથી ખેડૂતનો અર્થ સરતો નથી તેમ આવ્યો અવસર ગુમાવી દે તે માણસનો પણ કાંઈ અર્થ સરતો નથી. શરીર ક્ષણભંગુર છે છતાં શરીરમાં રહેલા દેહીને જાણવાનું તે સાધન છે. સાધન મળ્યું છે તો તેનો સદુપયોગ કરી, જે કારણે એ સાધન પ્રાપ્ત થયું છે તે સાધ્યવસ્તુ પ્રાપ્ત કરવી એ જ માનવ ધર્મ છે.

આગળ શ્રી અવધૂત જીવ અને શરીરની સમજણ આપતાં કહે છે :

**"પાંચ તત્ત્વકા બના પિંજરા, ભીતર ચેતન તોતા;"**
**"આપ કરમસે આપ બંધાયા, પલ રોતા પલ હંસતા."**

શ્રી અવધૂત કહે છે :

**"પાંચ તત્ત્વકા બના પિંજરા"**

આ શરીરરૂપી પાંજરું પાંચ તત્ત્વ એટલે આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વીના સમપ્રમાણ પંચીકરણનું બનેલું છે. અને તેમાં, જેમ આપણે પાંજરામાં પોપટને રાખીએ છીએ તેમ, આત્મરૂપી ચેતન તોતા એટલે પોપટ રહેલો છે. એ દેહમાં રહેલો દેહી પોતાનાં જ કર્મથી દેહરૂપી પિંજરામાં જકડાયેલો છે. વસ્તુતઃ દેહી નિત્યમુક્ત છે પરંતુ પોતાના આત્મસ્વરૂપને ભૂલીને જ્યારે એને દેહનો અધ્યાસ થાય છે ત્યારે દેહના કર્મમાં પોતાનું કર્તાપણાનું અભિમાન ધારણ કરીને એ કર્મના ફળનો ભોક્તા બને છે. અને તેથી તેને જન્મમરણરૂપી બંધન સરજાય છે, પ્રારબ્ધવશ જે સુખ-દુઃખ ભોગવવાનાં હોય તેને ભોગવવા માટે શરીર ધારણ કરે છે અને પ્રારબ્ધયોગે જે ભોગ પ્રાપ્ત થાય તે ભોગવીને બીજો દેહ ધારણ કરે છે.

જીવને દેહભાવનું બંધન હોવાથી, દેહ જે કાંઈ સુખદુઃખ કિંવા ભોગ ભોગવે છે તેનો પોતે જ ભોક્તા છે એમ માનીને તે સુખી અથવા દુઃખી થાય છે. વાસ્તવિક રીતે એ સુખદુઃખ જીવનાં નથી પણ તેણે માની લીધેલાં છે. પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે. મમત્વના કારણે એ જન્મમરણનો માર ખાય છે. અને તેથી પણ

**'પલ રોતા પલ હંસતા'**

એમ કહીને શ્રી અવધૂતે સુખદુઃખ તરફ સંકેત કર્યો છે. જ્યારે અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે ત્યારે જીવ આનંદમગ્ન બની હસે છે અને જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે ત્યારે દુઃખ માનીને રુદન કરે છે. એ ઉભય પરિસ્થિતિ ક્ષણિક છે. સુખ કે દુઃખ ચિરસ્થાયી નથી. ઉભય દશા પરિવર્તનશીલ છે. આજે જે સુખ છે તે કાલે દુઃખ થશે. સુખ એ દુઃખને આમંત્રણ આપતું જ આવે છે. પણ એ વિષમ અવસ્થામાં વિષાદમગ્ન થવું એ કેવળ જડતા છે. જેમ સુખ તેમ દુઃખ પણ એક પરિસ્થિતિ છે અને તે પલટાવાની છે એમ સમજીને સુખદુઃખમાં સમતોલ

રહેનારો મનુષ્ય સદાય સુખી રહે છે. સુખમાં આનંદ માણનાર તો બધાય છે અને દુ:ખમાં રોનાર પણ બધાય છે. પણ દુ:ખમાં પણ આનંદ માણનાર કોક અવધૂત સમા મળી આવે છે. જે અવધૂત છે તેને નથી સુખનો હર્ષ કે દુ:ખનો વિષાદ. અને તેથી હર્ષ અને શોકથી મુક્ત એ અવધૂત સદાસર્વદા એકરસ બ્રહ્માનંદમાં શાશ્વત સુખનો જ આનંદ ભોગવે છે. જેણે સુખ અને દુ:ખનું રહસ્ય જાણીને એ ઉભય અવસ્થાના અસ્તિત્વનો ઇનકાર કરીને પરમ એવું સ્થાયીસુખ પ્રાપ્ત કર્યું છે તેવા તો કોક વિરલા જ મળે. બાવળ વાવીને કેરી પ્રાપ્ત કરવાની આશા રાખવી એ જેમ મૂઢતા છે તેમ પાપકર્મ કરીને સુખનું સ્વર્ગ પ્રાપ્ત કરવાની આશા સેવતો માનવી પણ કેવળ મૂઢ છે. જેવું કરશો તેવું પામશો એવો નિસર્ગનો નિયમ અને જગતનો ન્યાય છે. અને તેથી જ સત્કર્મ કરીને શાશ્વતસુખની પ્રાપ્તિ કરવામાં જીવન ગાળવું એ માનવજીવનનો સાચો પુરુષાર્થ છે. કર્મનાં બંધનોથી જીવદશા પ્રાપ્ત કરેલ આત્માનો, એ કર્મનાં બંધનો તોડ્યા વિના, સંચિત કે ક્રિયામાણ કર્મના ભોગથી મુક્તિ મળ્યા વિના અને પ્રારબ્ધકર્મ પણ ભોગવ્યા વિના જીવભાવ નિવૃત્ત થતો નથી. પણ નવાં કર્મ એવાં કરવાં જોઈએ કે જેથી નવું પ્રારબ્ધ બંધાય નહીં. એ કર્મ અનાસક્તભાવે કરવાનાં કર્મ છે. અને તે રીતે કર્મ કરીને એ કર્મના બંધનમાંથી મુક્ત થવાનું છે. અને તો જ પ્રારબ્ધ ક્ષીણ થયે, જન્મમરણના ફેરામાંથી મુક્ત થઈ જીવ આત્મતત્ત્વમાં સમરસ થઈ શકે છે.

જીવ એ બ્રહ્મ જ છે પણ કર્મનાં બંધનોને કારણે જીવભાવ પ્રાપ્ત કરીને, સૂક્ષ્મ શરીરને આધીન બનીને, અહંતા અને મમતાથી બંધનયુક્ત બનીને ભોગ ભોગવે છે. એ જીવને જો પોતાના સત્યસ્વરૂપનું ભાન થાય તો કોઈ દિવસ તે પોતાના સ્થાને પહોંચી જવાનો છે એ નિ:શંક છે. અને તેથી એ સ્થાનનો સંકેત કરતાં શ્રી અવધૂત કહે છે :

**"દૂર દેશ હૈ તેરા પ્યારે, ક્યોં ગાફિલ જગ ફિરતા ?"**
**"ઔર ફૈસલા છોડ નિકમ્મા, સાંસ સાંસ હરસ્મરતા."**

શ્રી અવધૂત જીવને જાગ્રત કરે છે. કહે છે, 'હે જીવ તારો દેશ તો ઘણો દૂર છે. તું જે પરમધામમાંથી મૃત્યુલોકમાં આવ્યો છે તે પરમધામ તો ઘણુંય દૂર છે. તું આમ ગાફિલ-ભૂલ્યા ભટક્યા જેવો બનીને જગતમાં શા સારુ ભટકે છે ?''

જ્યાં સુધી જીવ દેહાત્મભાવમાં જકડાયેલો છે, જ્યાં સુધી જીવને "હું દેહ છું" એવો અનાત્મમાં આત્મભાવ છે, ત્યાં સુધી તે અવિદ્યારૂપ અજ્ઞાનના ક્ષેત્રમાં જ ભટકતો રહે છે. અને તેથી તેની જ સાથે રહેલો તેનો પરમમિત્ર શિવ તેની નજરે પડતો નથી. જીવ કર્મના ફળનો ભોક્તા છે જ્યારે શિવ એ કર્મના ફળનો કેવળ દૃષ્ટા કિંવા સાક્ષી છે. અને તેથી જાણે જીવ અને શિવ એકબીજાથી કેટલાય યોજન દૂર હોય એવો ભાસ

થાય છે. અને તેથી જ એ તત્ત્વ નજીકમાં નજીક હોવા છતાંય અતિશય દૂર છે એમ શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. જેણે એ પરમતત્ત્વને પિછાન્યું છે તેને તો તેની પ્રતીતિ આ દેહમાં જ થાય છે. જે આ દેહમાં છે તે જ દેહી વિશ્વમાં પણ વ્યાપક છે પણ જેણે એ તત્ત્વને ઓળખ્યું નથી, તેને તો તેની પ્રાપ્તિ, જગતમાં માયાના પ્રપંચમાં રવડીરઝળીને જીવન પૂરું કરે, અરે, એક નહીં અનેક જન્મો ધરે તો પણ થાય એમ નથી. જીવ અને શિવની વચ્ચે માત્ર એક જ અંતરાય છે. પણ એ અંતરાયના થરો એટલા બધા છે કે તેને દૂર કરવાને જન્મો વીતી જાય છે અને પ્રત્યેક જન્મે એ થર વધતો જ જાય છે. એ થર જેમજેમ ઘટતો જાય છે તેમતેમ જીવ શિવની નજીક આવતો જાય છે. અને કોઈક જન્મે અનેક જન્મના પુણ્યપ્રભાવે એ અંતરાય સમૂળગો દૂર થઈ જાય છે ત્યારે જીવના શુદ્ધ અંતઃકરણમાં એ શિવતત્ત્વના જીવને દર્શન થાય છે. જીવ અને શિવ વચ્ચે એ જ કર્મ અને પ્રારબ્ધનો અંતરાય છે. જીવને કર્મ છે અને તેથી સંચિત અને પ્રારબ્ધનો તે ભોગ બને છે. શિવને કર્તૃત્વભાવ નથી અને તેથી તે સંચિત કે પ્રારબ્ધનો ભોગ બનતો નથી પણ એ ઉભય કર્મના ભોગનો તે કેવળ સાક્ષી કે દ્રષ્ટા જ બની રહે છે. અહીં પણ એ જ વાતને અનુલક્ષીને શ્રી અવધૂતે

"દૂર દેશ હૈ તેરા પ્યારે"

એવું વચન કહ્યું છે.



ભા.- ૩

જેમ જગતની મુસાફરી કરવાને આપણને સાધનની જરૂર છે તેમ એ જીવ અને પરમતત્ત્વની વચ્ચે રહેલા અંતરને કાપવાને પણ આપણને સાધનની આવશ્યકતા છે. અનેક પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરીને આપણે જેમ ગંતવ્યસ્થાન પર પહોંચી જઈએ છીએ તેમ એ પરમધામને પ્રાપ્ત કરવાને પણ આપણે અનેક સાધનોનો ઉપયોગ કરવો પડે છે. સાધન ત્વરિત ગતિવાળું હોય તો ગંતવ્યસ્થાને જલદી પહોંચી શકાય છે. સાધન મંદગતિવાળું હોય તો ગંતવ્યસ્થાન પર પહોંચતાં વિલંબ લાગે છે. અહીં પણ જીવની પોતાના ગંતવ્યસ્થાન પહોંચવાની તાલાવેલી અને તીવ્રતા ઉપર ગંતવ્યસ્થાનની પ્રાપ્તિનો આધાર રહે છે. સાધનમાં જેટલી શિથિલતા તેટલો જ સ્વસ્થાને પહોંચવામાં વિલંબ. હવાઈજહાજમાં જનારો આઠ દિવસમાં સમુદ્ર પાર કરીને દરિયાપારના પ્રદેશમાં પહોંચી શકે છે. બળદગાડીએ પ્રવાસ કરનારને આઠ વર્ષે પણ ગંતવ્યસ્થાન પ્રાપ્ત થતું નથી.

પ્રથમ તો જીવે પોતાના ગંતવ્યસ્થાન પર પહોંચવાનો વિચાર કરવો જોઈએ. એ વિચાર દૃઢ થાય ત્યારે તેણે તે સ્થાન પર પહોંચવા માટેનાં સાધનોનો પોતાની અભિરુચિ, અધિકાર અને શક્તિ અનુસાર વિચાર કરવો જોઈએ. એ વિચાર દૃઢ થાય ત્યારે તેણે તે સાધન શોધવું જોઈએ. અને સાધન પ્રાપ્ત થાય એટલે તેણે તે સાધન ઉપર આરૂઢ થઈને પોતાનો

પ્રવાસ શરૂ કરવો જોઈએ. એ રીતે ગંતવ્યસ્થાન પર પહોંચવાની ઈચ્છા, ત્યાં પહોંચવા માટેના સાધનનો નિર્ણય અને તે સાધન પર આરૂઢ થવું એ ત્રણની આવશ્યકતા છે. એ ત્રણ પ્રાપ્ત થયા છતાંય તેમાં અંતરાય આવે છે. હવાઈજહાજ કે રેલગાડી કિંવા બીજાં સાધનો માર્ગમાં બગડી જાય છે અને પથિક અધવચ્ચે જ અટવાતો રહે છે. એવે સમયે તેણે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જરૂરનો છે.

આત્મદર્શન માટે રુચિ અને અધિકારભેદને કારણે શાસ્ત્રોએ ભિન્નભિન્ન સાધનોનો ઉલ્લેખ કર્યો છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ સાધનો મુખ્ય છે. પણ એ બધાં અધવચ્ચે મધદરિયે ડુબાડે એવો પણ સંભવ છે અને તેથી શ્રી અવધૂતે સૌથી સહેલો, સરળ અને સર્વસાધારણ સાધકને સુલભ માર્ગ-સાધન અહીં ચીંધ્યું છે.

**"સાંસ સાંસ હર સ્મરતા"**

શ્વાસેશ્વાસે એ પરમતત્ત્વનું સ્મરણ કરવું એ સર્વસુલભ અને સરળ સાધન છે. એ સાધનમાં કશોય પ્રયાસ કરવો પડતો નથી. નથી કર્મના વિધિનિષેધ એને નડતા કે નથી જ્ઞાનની કપરી અવસ્થાનો એને સામનો કરવો પડતો. બીજા નકામા વ્યવસાયોનો ત્યાગ કરીને પ્રત્યેક શ્વાસપ્રશ્વાસે 'સોऽहम् हंस' એ પરમતત્ત્વ સાથે જીવનું તાદાત્મ્ય કરાવતા મંત્રનો અથવા પરમતત્ત્વના વેદોક્ત પ્રતીક પ્રણવ-ૐકારનો જપ કરવાનું અહીં સૂચન કરવામાં આવ્યું છે. એ શ્રી અવધૂતચીંધ્યા માર્ગે જનારો, જેમ કીટ ભ્રમરી બની જાય છે તેમ, એક દિવસ પરમતત્ત્વરૂપ બની જાય છે. અરે, જીવ એ પરમતત્ત્વ જ છે પણ તેનાથી – દેહીથી પોતે ભિન્ન છે એવી જે જીવની ભ્રમણા છે, તે આ સુલભ સાધન વડે ટળી જાય છે. અને ત્યારે તેને પોતાની જ સન્મુખ ઊભેલા આત્મા-દેહીનાં દર્શન થાય છે, તેની પ્રતીતિ થાય છે. જ્યારે કોઈ પાગલ અથવા મદિરાના ઘેનમાં દેહભાન ભૂલેલો શુદ્ધિમાં આવે છે ત્યારે સભાન અવસ્થામાં સત્યપરિસ્થિતિનું તેને ભાન થાય છે તેમ જીવને, જે મોહ અને મમતાના ઘેનમાં સ્વસ્વરૂપનું ભાન ભૂલ્યો છે તેને, શ્રી અવધૂતચીંધ્યા માર્ગે જવાથી જ્યારે ગંતવ્યસ્થાનનું, પોતાના નિત્ય મુક્તસ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે, તેનો દૂર દેશ હસ્તામલકવત્ બની જાય છે. પછી જીવ શિવથી ભિન્ન રહેતો નથી.

જગત એ કેવળ પ્રપંચ છે, માયિક છે, ભ્રામક છે. અસ્તિત્વ નથી છતાં જે જણાય છે તે જગત. એ પ્રાપંચિક જગતમાં ઓતપ્રોત બનેલા જીવને એ સરળ સાધન સૂઝતું નથી અને તેથી આત્મસ્થિતિથી વિમુખ, જગતના નકામા પ્રપંચમાં સદોદિત રમતા ચિત્તને તેમાંથી તે નિવૃત્ત કરી શકતો નથી. જ્યાં સુધી ચિત્ત એ પ્રપંચમાં જ રમતું રહે છે ત્યાં સુધી તેને પરમતત્ત્વનું ચિંતન કરવાનું સૂઝતું નથી. સ્ત્રી, પુત્ર, ધન પરિવાર આદિ પ્રાપંચિક વસ્તુમાં જ તે પોતાની કૃતકૃત્યતા માનીને, વારંવાર

જન્મમરણના વિષચક્રમાંથી મુક્ત થતો નથી. એવા ચિત્તને સન્માર્ગે દોરવવા માટે જ શ્રી અવધૂતે શ્વાસેશ્વાસે પ્રભુનું સ્મરણ કરવાનું અહીં સૂચન કર્યું છે. એ સાધન કેટલું સહેલું છે ? અને છતાંય કેટલું ત્વરિત અને તીવ્ર છે ? કલિયુગમાં પરમતત્ત્વના જ્ઞાન અર્થે, પરમધામની પ્રાપ્તિ અર્થે, નામસ્મરણ જેવું એકે સાધન નથી. યજ્ઞ કરવાથી, તપ આદરવાથી કે જ્ઞાનપ્રાપ્તિથી જે સ્થાન મળે છે તે જ સ્થાન આ સાધનથી પ્રાપ્ત થાય છે. યજ્ઞ, તપ, જ્ઞાન આદિ અનેક શાસ્ત્રોક્ત સાધનો સાંગોપાંગ આચરવાને જે વિડંબણાઓનો અનુભવ કરવો પડે છે તે અનુભવ આ સર્વસુલભ સરળ સાધનમાં અનુભવવો પડતો નથી. અને તેથી જ

'कलौ केशवकीर्तनम्'

એવું એક વાક્ય પણ કહેવામાં આવ્યું છે. એ જ એક સુંદર અને સુલભ સાધન છે.

આજકાલના વિપરીત સમયમાં જીવનના અનેકવિધ ઝઘડાઓમાંથી અવકાશ મેળવીને કર્મ, ઉપાસના, યોગ આદિ અનેક કપરાં સાધનો કરીને પરમતત્ત્વને પામવાનું બધાયને માટે સુલભ નથી પણ પ્રભુનું સ્મરણ કરવું તો સર્વસુલભ છે. જ્ઞાન, ઉપાસના કે યોગ દ્વારા જે ફળની પ્રાપ્તિ થાય છે તે જ ફળ એટલે પરમતત્ત્વની પ્રાપ્તિ એ સાધનથી થાય છે એવો શાસ્ત્રોનો અને અનુભવી સંત-મહાત્માઓનો અનુભવજન્ય નિર્ણય છે. અને તેથી જ દેશકાળને અનુસરીને શ્રી અવધૂતે બીજી બધી વાતોને ગૌણત્વ આપીને શ્વાસેશ્વાસે હરિના નામનું સ્મરણ કરવાનું કહ્યું છે.

એ નામસ્મરણ કેવળ પોપટિયું નહીં થાય તેની કાળજી રાખવી જરૂરની છે. નામસ્મરણ કરતાં ચિત્ત નામીમાં રહેવું આવશ્યક છે. ચિત્ત ચંચળ છે. તેની સ્થિરતા અર્થે પ્રયત્ન કરવો જોઈએ. શરીર શરીરનું કામ કરે, પ્રપંચમાં પણ ઊણપ ન આવે અને છતાં ધ્યાન પ્રભુમાં રહે. અને તેથી શ્રી અવધૂતે ક્યાંક કહ્યું છે :

**'રસના નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય'**

એવા એ ચિત્તયુક્તસ્મરણથી ચિત્તશુદ્ધિ સંભવિત છે. અને એ ચિત્ત જ્યારે પારદર્શક બને, સ્વચ્છ દર્પણ જેવું બને ત્યારે એવા શુદ્ધ ચિત્તમાં જીવને પોતાના શિવસ્વરૂપની પ્રતીતિ થાય. જ્યારે જીવ અને શિવ વચ્ચેનો અવિદ્યારૂપી અંતરપટ દૂર થાય ત્યારે જીવ જીવભાવને ભૂલી જાય છે. શિવભાવમાં સમરસ બની જાય છે. નામનો મહિમા અગાધ છે. ભક્તોએ નામનો મહિમા ગાયો છે. નામ અને નામી અભેદ છે. ભક્તોએ પોતાના અનુભવ વડે એ સાધન સિદ્ધ કરીને, સિદ્ધિ પ્રાપ્ત કરીને ભવસાગરને તરીને, જગતને તારવા માટે એ સાધન બતાવ્યું છે. શ્રી ભગવાને પણ વિભૂતિયોગમાં અર્જુનને કહ્યું :

''यज्ञानां जपयज्ञोऽस्मि''






અને એમ કહીને જપયજ્ઞનો મહિમા જગતમાં વધાર્યો છે. સંસારમાં સરસા રહીને મન પ્રભુની પાસે રાખવાથી પ્રભુ હાજરાહજૂર છે. શ્રી ભગવાને 'મન્મનાભવ' એ વાત કરી છે. તેને અનુસરીને જ શ્રી અવધૂતે પણ આ શ્વાસેશ્વાસે પ્રભુસ્મરણ કરવાનો જ કેવળ નામના શુષ્ક ઉચ્ચારણનો નહીં – બોધ આપ્યો છે. જગતમાંથી ચિત્તને નિવૃત્ત કરીને તેને પ્રભુમાં પરોવી દેવાનું કાર્ય જણાય છે તેટલું સહેલું નથી. અભ્યાસ કરતાં કરતાં જેમ એકડિયાવાળો વિદ્યાર્થી મહાન વૈજ્ઞાનિક બની શકે છે, તેમ શ્વાસેશ્વાસે હરિના નામનો સ્મરણમયઘોષ કરતાં કરતાં એ અભ્યાસ જેમ જેમ સ્થિર થતો જાય છે તેમ તેમ એ સાધન સરળ બનતું જાય છે અને ભક્ત અને ભગવાન એ બેની વચ્ચેનું અંતર કપાતું જાય છે. અને એક પળ એવી પણ આવે છે જ્યારે પ્રભુનું સાન્નિધ્ય સિદ્ધ થાય છે. સાધનની તીવ્રતા અને સાધકની તાલાવેલી ઉપર એ સાધનની સિદ્ધિ અવલંબે છે.

યોગસૂત્રકારે ચિત્તવૃત્તિનિરોધને યોગસંજ્ઞા આપી છે અને તેના પરિણામે પરમતત્ત્વની ઉપલબ્ધિ એ ફળ બતાવ્યું છે. એનો વિચાર કરવાનું આ સ્થળ નથી. જ્યાં સુધી શ્વાસેશ્વાસે હરિનું સ્મરણ કરવામાં એ ચિત્તની આપણને સહાયતા ન મળે ત્યાં સુધી એ સ્મરણનું ઈષ્ટ ફળ પણ પ્રાપ્ત થતું નથી. યોગની અનેક પ્રક્રિયાઓ દ્વારા જેણે પ્રાણાપાન-શ્વાસોશ્વાસની ક્રિયાઓ ઉપર વિજય મેળવ્યો છે, જે પ્રાણાપાનનો નિરોધ કરીને સમાધિ અવસ્થા પ્રાપ્ત કરે છે તેનું ચિત્ત સમાધિ પછી વ્યુત્થાન કાળમાં પણ સ્થિર રહે છે કે કેમ એ પણ એક પ્રશ્ન છે. તેનો પણ આપણે અહીં વિચાર કરવાની જરૂર નથી. શ્રી અવધૂતચીંધ્યા માર્ગે આપણે જઈએ તો પ્રથમ ભલે એ ચિત્ત ભટકતું રહે પણ ક્રમશઃ એ ચિત્તને પણ એ સ્મરણનું ચેટક લાગશે અને અંતે એ ચિત્ત પણ એ સ્મરણમાં સહાયક બનશે. અને ત્યારે જ આપણે ઈષ્ટપદાર્થની પ્રાપ્તિ કરી શકીશું. મનુષ્ય જન્મે છે ત્યારથી મૃત્યુપર્યંત પ્રતિદિન એકવીસ હજાર અને છસો શ્વાસોશ્વાસ લે છે એવું શાસ્ત્રોમાં જણાવ્યું છે. નામસ્મરણ વિનાના એ બધા જ શ્વાસોચ્છ્વાસ આપણે વેડફી દઈએ છીએ. જ્યારે ચિત્ત પ્રપંચમાં ભટકતું હોય ત્યારે પણ એ પ્રાણાપાનની ક્રિયા શરીરમાં તો ચાલતી જ હોય છે. એ ક્રિયારહિત શરીર ટકી શકતું નથી. સરિતામાં સ્નાન કરતા એક મનુષ્યને તેનું માથું ડુબાવીને આપણે જળમાં રાખીએ તો તેના શ્વાસનું રૂંધન થાય છે. શ્વાસ લેવા માટે તે ઉપર આવવાને કેટલી તીવ્રતાથી પ્રયાસ કરે છે ? તેટલી જ તીવ્રતાથી જો આપણે આ સાધનનો ઉપયોગ કરીએ તો આત્માનુભવસિદ્ધ શ્રી અવધૂતના આ વાક્યની આપણને અવશ્ય પ્રતીતિ થશે. અને માટે જ બીજાં બધાં સાધનોની લમણાઝીક છોડીને આ સર્વસુલભ સરળસાધનને અપનાવી લેવું એ જિજ્ઞાસુનો ધર્મ છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત શ્વાસેશ્વાસે સ્મરણમાં બાધારૂપ પ્રપંચનો

ત્યાગ કરવાની સૂચના આપતાં કહે છે :

"ભૂત ભૂતકો દે દે પ્યારે, કલકી મત કર ચિંતા;"
"રામભરોંસે કાજ છોડ કર, નિજાનંદ રસ પીતા."
"ભૂત ભૂતકો દે દે પ્યારે,"






કેટલું ગંભીર અને ગહન વાક્ય છે ? આ સર્જન અને શરીર-પિંડ અને બ્રહ્માંડ-કેવળ પાંચ તત્ત્વોનો વિલાસ છે એવું આપણે આગળ જોયું છે. જ્યારે પિંડ છૂટી જાય છે ત્યારે એ પાંચે તત્ત્વો પોતપોતાનાં બ્રહ્માંડમાં રહેલાં તત્ત્વોમાં સમાઈ જાય છે. જીવ જ્યારે દેહનો ત્યાગ કરીને બીજો દેહ ધારણ કરે છે ત્યારે આ સ્થૂળ શરીર જ્યાંનું ત્યાં નિર્જીવ, નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બનીને પડી રહે છે. એ પંચમહાભૂતાત્મક શરીરને પણ કોઈ સાચવી રાખતું નથી. તેને પણ માટીમાં દાટીને, જળમાં વહેતું મૂકીને કે અગ્નિમાં બાળીને, ઘરના સંબંધીઓ નહિવત્ બનાવી દે છે. શ્રી અવધૂત કહે છે કે મૃત્યુ પછી દેહની જે સ્થિતિ થવાની છે તે જ સ્થિતિ જીવતાંજીવત કરીને તેનો આનંદ અને તેના અંતનો અનુભવ લેવામાં કેટલો આનંદ આવશે તેનો પણ અનુભવ કરી લેવો જરૂરનો છે. અને તેથી જેનું તેને સ્વાધીન કરીને એ દેહની ઉપાધિથી મુક્ત થવાનું અહીં શ્રી અવધૂત સૂચન કરે છે.

જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી જ જગત છે, જગતનો પ્રપંચ છે. કબીરે કહ્યું :

"આપ મૂવે પીછે ડૂબ ગઈ દુનિયા"

જેનું મૃત્યુ થાય છે તેને મન જગતનું અસ્તિત્વ જ ટળી જાય છે. જીવતાંજીવત જ જો એ શરીર અને જગતનો સંબંધ તૂટી જાય તો નથી રહેતું શરીર કે નથી રહેતું જગત. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી જ તેમાં મમત્વ છે, અહંતા છે અને તેના કારણે આ જગતના પ્રપંચમાં રાગદ્વેષ છે. 'આ મારું,' 'આ તારું' એવો ભેદ પણ તેથી જ છે. જો 'મારું' ન હોય તો 'તારું' પણ નથી. એ 'મારાં તારાં'નો સંબંધ પણ શરીરનો જ સંબંધ છે. એ શરીર કે શરીરના સંબંધને આત્મા સ્પર્શ કરતો નથી. અને તેથી પંચમહાભૂતાત્મક શરીર, તેમાં રહેલી મમતા, તેની અહંતા એ બધુંય જેનું છે તેને એટલે પંચભૂતાત્મક શરીર પંચભૂતોને સ્વાધીન કરવાથી આ શરીરના મોહમમત્વનો પણ વિનાશ થાય છે. આ જગત માયાજનિત ગુણોના આધારે જ પ્રવાહરૂપે વહેતું રહે છે. પુરુષ વડે પ્રકૃતિ છે, પ્રકૃતિ વડે પંચભૂતો છે, પંચભૂતો વડે અન્ન છે, અન્ન વડે પ્રાણ છે અને પ્રાણ વડે પ્રાણી છે, પ્રાણી વડે જગત છે. એ સર્વનો મૂળ આધાર 'સત્સ્વરૂપ' પુરુષ છે. એ માયામાંથી અને પદાર્થોમાંથી જો એ સત્નો નિષેધ કરીએ તો શું રહે ? રાજાની સત્તા વડે જેમ અધિકારીઓ છે, તેમ સત્ની સત્તા વડે સર્જન છે. એ સર્જનમાંથી સત્ની સત્તાનો લોપ

થાય ત્યારે, જેમ રાજા પોતાની આપેલી સત્તા અધિકારીઓ પાસેથી છીનવી લે એટલે અધિકારીના અધિકારનું અસ્તિત્વ રહેતું નથી તેમ, સર્જનનું અસ્તિત્વ પણ રહેતું નથી. શ્રી અવધૂતના આ વાક્યનો અર્થ એવો ગંભીર છે. રખેવાળને સાચવવા આપેલી લક્ષ્મી ઉપર કિંવા વસ્તુ ઉપર રખેવાળનું સ્વામીત્વ રહેતું નથી. તેનો સ્વામી ચાહે ત્યારે તે વસ્તુ રખેવાળ પાસેથી છીનવી લે છે; અથવા રખેવાળ તે વસ્તુ તેના સ્વામીને સ્વાધીન કરીને પોતાને માથેથી ભાર ઉતારીને નચિંત થાય છે. આ શરીર એક સોંપણ છે. તેનો સ્વામી માયા છે. એ માયાને આ શરીર સ્વાધીન કરી દો. પંચભૂતાત્મક દેહ અને પ્રપંચ મિથ્યા છે એવું જ્ઞાનદ્વારા નિશ્ચિત કરીને, એ મિથ્યા વસ્તુમાં રહેલી મિથ્યા અહંતા અને મમતાથી મુક્ત બનો ! એટલે જેનું તેને મળી જશે. રખેવાળને સ્વાધીન કરેલી સોંપણ ઉપર રખેવાળને અહંતા કે મમતા રહેતી નથી તે જ પ્રમાણે દેહીને રહેવાના આ મંદિરરૂપ શરીર ઉપર અહંતા કે મમતા રાખીને 'મારું શરીર' એવું જે અજ્ઞાન રૂઢ થયું છે તે અજ્ઞાનનો – તે અવિદ્યાનો જ્ઞાનદ્વારા લય કરીને આત્મસ્વરૂપમાં સ્થિત થશો એટલે જેનું તેને મળી જશે. એ બનવું સહેલું નથી. એ ભૂત ભૂતને સ્વાધીન કરવાની વૃત્તિ ઉત્પન્ન થવી જ કપરી છે, તો સ્વાધીન તો કેમ જ કરાય ? અરે, એક દિવસ પરાણે યમરાજ પોતાનો શ્વાસ તમારી પાસેથી છીનવી લેશે ત્યારે તમને કેટલો ક્લેશ થશે ? શું યમરાજને યુદ્ધ આપીને વિજય પ્રાપ્ત કરશો ? ના એ તો બનવું જ શક્ય નથી. ક્ષણભંગુરને શાશ્વત માનનારા પણ અંતે તો યમરાજના જડબાંમાં જકડાયા છે તો બીજાની તો વાત જ શી કરવી ? પણ શ્રી અવધૂતચીંધ્યા માર્ગે જશો તો શરીર રહેશે છતાંય તેની અહંતા નહીં રહે, તેનું મમત્વ નહીં રહે અને ત્યારે તમે દેહવાન હોવા છતાંય દેહ વિનાના બની જશો. વિશ્વના સમ્રાટ બની જશો. ત્યારે બધાં જ શરીર તમારાં અને તમે જ બધાં શરીરોમાં એવી વિલક્ષણ અવસ્થાનો તમે અનુભવ કરશો. ખાબોચિયામાંથી સમુદ્રમાં જશો. મર્યાદામાંથી અમર્યાદમાં જશો. અને પછી કોનું શરીર ? કોનો પરિવાર ? કોનો સંસાર ? સમસ્ત વિશ્વના વિશ્વપતિના અખૂટભંડારના સ્વામી બનશો ! છે વિચાર જેનું તેને આપવાનો ?

જગતમાં મુખ્યત્વે જે જણાય છે તે અજ્ઞાન અને અંધકાર. એ તામસનું કાર્ય છે. ક્રિયાશક્તિ અને ચાંચલ્ય રાજસનું કાર્ય છે. એ બે વડે જ જગતનો પ્રપંચ શક્તિશાળી છે. અજ્ઞાન જશે તો ક્રિયાશક્તિને સાથે જ લેતું જશે. રાત્રી જશે તો અંધકારને સાથે લઈને જ જશે. અને ત્યારે સત્ત્વગુણનો સૂર્યોદય થશે. જ્યાં સુધી દૃષ્ટિમર્યાદામાં જગત અને જાગતિક પ્રપંચ છે ત્યાં સુધી સત્ત્વગુણનું પ્રાબલ્ય ઘણું જ ક્ષીણ છે. ભૂતાત્મક જગતમાં અહંતા અને મમતાનું પ્રમાણ વધુ છે તેનું એ જ કારણ છે.

તેને અનુલક્ષીને શ્રી અવધૂતે અહીં આ વાત કહી છે. ભૂત ભૂતને આપી દેવાની વૃત્તિ એ સત્ત્વપ્રધાન છે. જ્યારે મનુષ્યને તે પોતે કશું જ કરી શકતો નથી પણ પ્રારબ્ધવશ પોતાનું જીવન ચાલ્યું આવે છે અને પોતાના જીવનને પ્રારબ્ધ જ દોરવી રહ્યું છે, એવી પ્રતીતિ થાય ત્યારે તે આકાશાદિ પંચમહાભૂતો અને તેની તન્માત્રાઓથી ભિન્ન છે એમ તેને લાગવા માંડશે. અને ત્યારે તેનામાં ગુપ્ત રહેલો સાત્ત્વિક ગુણ પોતાનો ગુણ પ્રકાશી વિકાસ પામશે. જેમજેમ સાત્ત્વિક ગુણનો વિકાસ થાય તેમતેમ તેના રાજસ્ અને તામસ્ ગુણ દબાતા જાય અને જ્યારે સાત્ત્વિક ગુણનો પ્રભાવ પૂર્ણપ્રકાશિત થાય ત્યારે મૃતઃપ્રાય બનેલા રાજસ્ અને તામસ્ ગુણનો પ્રભાવ લુપ્ત થઈ જાય. તેવે સમયે ભૂત ભૂતને સોંપી દેવાની સ્થિતિ સરજાય. પછી તેને દેહ અને દેહ દ્વારા થતાં કર્મોમાં મમત્વ ન રહે. 'હું કરું' 'મેં કર્યું' એવું અભિમાન પણ ન રહે અને ત્યારે

''गुणाः गुणेषु वर्तन्ते''

જેવી સ્થિતિ સરજાય. ત્યારે પવન તેનું કામ કરે, પૃથ્વી અને અગ્નિ તેના ધર્મ અદા કરે અને એ રીતે પંચભૂત પોતપોતાનું કાર્ય કરે જાય છે અને તેની સાથે 'મને કંઈ લેપન નથી' એવી પ્રતીતિ થાય છે. એ રીતે જ્યારે આત્મભાન થાય અને જાગ્રતિ આવે ત્યારે તેને ગઈ કાલનો વિચાર આવતો નથી અને આવતી કાલની ચિંતા પણ રહેતી નથી. શ્રી અવધૂતે ક્યાંક કહ્યું છે :

**'વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત વિશ્વની શાને ?'**

અને એ સ્થિતિ જ્યારે દૃઢ થાય છે ત્યારે પ્રારબ્ધને વશ રહીને, જીવન પ્રારબ્ધ જ ચલાવે છે અને તેમાં લવલેશ પણ ફેર પડવાનો સંભવ નથી એવી જ્યારે દૃઢ બુદ્ધિ થાય છે ત્યારે તેને ભૂતકાળના વિચાર આવતા નથી કે કાલની ચિંતા કરવાની રહેતી નથી. જે કંઈ પ્રાપ્ત થાય છે તે એકલા આંધળા પુરુષાર્થથી થાય છે એમ માનવું એ મિથ્યા ભ્રમ છે. પ્રારબ્ધને અનુરૂપ પુરુષાર્થ થાય છે. પુરુષાર્થને અનુરૂપ પ્રારબ્ધ હોય જ છે એમ નથી અને તેથી પ્રારબ્ધ આગળ પુરુષાર્થ પાંગળો છે એ વાત જિજ્ઞાસુએ સમજીને જીવનમાં ઉતારવાની જરૂર છે. અને એ વાત જે સમજ્યા છે તેને કાલની ચિંતા પણ રહેતી નથી કે ગઈ કાલના વિચારથી તે વ્યગ્ર પણ થતા નથી. જેણે કાલની ચિંતા છોડી છે તેણે જગત જીત્યું છે. જગતની ચિંતામાં જગતનું ચિંતન કરતા ચિત્તને 'હરિ'ના ચિંતનનો અવકાશ નથી. પણ જ્યારે હરિનું ચિંતન થવા માંડે છે ત્યારે એ ચિંતનના પ્રભાવે હળવે હળવે જગતનું ચિંતન છૂટી જાય છે અને અંતે ચિત્ત જગતવિહોણું બનીને પોતાનું ચાંચલ્ય તજીને જગદાત્મામાં લીન થઈ જાય છે. અને ત્યારે એવા ચિંતકને કાલની ચિંતા રહેતી નથી. જ્યારે કાલની ચિંતા ચિત્તમાંથી અદૃશ્ય થાય છે ત્યારે જગતનો પ્રપંચ કેવળ પ્રભુને ભરોસે

જ રહે છે. 'હું આ કરું, હું તે કરું, હું દ્રવ્ય મેળવું, હું કીર્તિ કમાઉં વગેરે વિત્તેષણા, લોકૈષણા, દારેષણા માટે જાગતિક પ્રપંચમાં ત્યારે જીવ ફૂદકા મારતો નથી અને સર્વારંભપરિત્યાગી બનીને,

'પ્રભુ રાખે તેમ રહીએ'

એ સિદ્ધાંતને પોતાના જીવનનો મુદ્રાલેખ બનાવીને, પ્રાપ્તકાર્યમાં તત્પર રહી પ્રભુસ્મરણમાં કાળ નિર્ગમન કરતો અવશેષ જીવન પૂરું કરે છે. એવા અનન્યચિંતકનો યોગક્ષેમ પ્રભુ વેંઢારે છે એ પણ એટલું જ સત્ય છે. નરસિંહ મહેતાનું દૃષ્ટાંત આપણી નજર સમક્ષ છે. મીરાંનું જીવન પણ શ્રી અવધૂતના આ ઉપદેશની શાખ પૂરે છે. એવા અનેક ભક્તો જેણે પોતાની જીવનનૌકા કેવળ હરિને જ આશરે ભવસાગરમાં તરતી છોડી છે તેને માટે તો શ્રી ભગવાન,




ભા.-૩

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥

મૃત્યુસંસારસાગરમાંથી ઉદ્ધાર કરવાને અનિમેષદૃગે સાગરને પેલે પાર ઊભા જ છે. એ જ વાતની ઈતિહાસ પણ શાખ પૂરે છે. પણ એ બધા કેવા હતા ? શ્રી અવધૂત કહે છે તેમ ભૂત ભૂતને સ્વાધીન કરીને, આકાશથી કીડી પર્યંતના માયાના સમગ્ર વિસ્તારને અસત્ સમજીને કેવળ સત્સ્વરૂપ પરમાત્મામાં જ સ્થિત થયેલા હતા. જગત તરફથી દૃષ્ટિ ફેરવી લ્યો, માત્ર પ્રભુ તરફ દૃષ્ટિ કરો. તમારું દૃષ્ટિપરિવર્તન થશે ત્યારે ઊભો છે એ બન્ને હાથ પસારીને પોતાની બાથમાં લઈને તમને ભેટવાને ! એ નોધારાનો આધાર, અશરણનો શરણ તમને તેના બનાવવા તમારી વાટ જુએ છે પછી શી ચિંતા છે ! પણ એ કેમ બને ? વિષમય છતાં અમૃત જેવા જણાતા જગતના અશાશ્વત સુખ અને દેહના ભોગોને લાત મારવાને કોણ તૈયાર થાય ? હશે કોક પુણ્યવાન ! જે એ માર્ગે ચઢે તે જ વહાલા વિશ્વંભરની ઓથ મેળવે !

જ્યારે અહીં શ્રી અવધૂતે કહ્યું તેમ કાલની ચિંતાનો ત્યાગ કરીને, ગુણોના કર્મ ગુણો વડે થતાં રહે છે એવી પ્રતીતિ કરીને, ભગવાનને ભરોસે જીવનના બધાંય કાર્યોને છોડીને, જ્યારે પોતે જ પોતાનામાં મસ્ત બની જાય છે ત્યારે તેને આત્માનંદની મસ્તી સિવાય બીજું કશું જ રહેતું નથી. જ્યાં સુધી કાલની ચિંતા છે ત્યાં સુધી ચિત્તમાં જગત છે. ચિંતાના અભાવે જગત નથી અને જગતના અભાવે કેવળ સત્નો જ મહિમા વ્યક્ત થાય છે.

પ્રસંગવશાત્ કેટલાક ભદ્રપુરુષો સાથે શ્રી અવધૂત સત્સંગ કરતા હતા. ન જાણે ક્યાંથી એક સાધુ ત્યાં આવી ચઢ્યો અને શ્રી અવધૂતને પ્રાર્થના કરી :



''મહારાજ, મારી પાસે આ એક ઝોળી સિવાય બીજું કશું જ નથી.

આ ભક્તો પાસે કંઈક અપાવો તો સારું."

"અરે મહારાજ, તમારી પાસે તો આ ઝોળી પણ છે અને તમને તેનો આધાર પણ છે. મારી પાસે નથી ઝોળી કે નથી ઝોળીનો આધાર. તમે પણ ઝોળી ફેંકી દ્યો એટલે તમને પણ પ્રભુનો આધાર મળશે, નોધારાનો (કોઈપણ અન્ય આધાર પર નિર્ભર રહેનારનો નહીં) એ આધાર છે." શ્રી અવધૂતે કહ્યું.






શ્રી અવધૂત અહીં પણ બીજા શબ્દોમાં આપણને એ જ વાત કહે છે. જ્યાં સુધી ઝોળી છે ત્યાં સુધી જ કાલની ચિંતા છે અને જ્યાં સુધી ચિંતા છે ત્યાં સુધી મમત્વ અને અહંતાના ડાઘ અંતર પરથી ભૂંસાતા નથી અને તેથી પ્રભુનો ભરોસો નથી અને તેથી પ્રભુ પણ નથી. ઝોળી ફેંકી દીધી એટલે નિરાધાર બન્યા. અને નિરાધારનો આધાર એ જગદાધાર ત્યારે તમારાથી દૂર નથી. જગદાધાર અને તમારી વચ્ચે માત્ર એ ઝોળીનું જ અંતર છે. જ્યારે સાધક ઝોળી વિનાનો બને ત્યારે તેની ઝોળીનો ભરનાર પણ ત્યાં હાજર છે એમાં શક પણ નથી. જ્યારે એ ઝોળી વિનાનો બને, માગણવૃત્તિનો ત્યાગ કરે ત્યારે જ પ્રભુને એની ચિંતા થાય. એની કાલની ચિંતાથી મલિન બનેલું ચિત્ત-અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે એ કેવળ ભગવાનને ભરોસે જ રહે. અને તેથી જે ભગવાનનો ભક્ત છે તેણે ભોજનની અને વસ્ત્રની પણ ચિંતા કરવાની રહેતી નથી. જે સમસ્ત સર્જનનો પાલનહાર છે, જે વિશ્વંભર છે, જે વિશ્વંભરથી તમે ભિન્ન નથી તે વિશ્વંભર ભક્તની ઉપેક્ષા કદી કરશે નહીં.

આ રીતે આ ચાર ચરણમાં શ્રી અવધૂતે કેવળ તત્ત્વજ્ઞાન ભારોભાર ભર્યું છે. ભૂત ભૂતને સ્વાધીન કરવાનું કહીને 'સત્'ની સત્તા આગળ 'અસત્'ની સત્તા નથી એ વસ્તુનું પ્રતિપાદન કર્યું છે. 'અસત્'નું અસ્તિત્વ માનીએ તો પણ તે કેવળ ભ્રામક છે. અને તેથી એ ભ્રમણાનું નિરસન કરવાનો અહીં સંકેત કર્યો છે. કાલની ચિંતા નહીં કરવાનો અનુરોધ કરીને શ્રી અવધૂતે પ્રારબ્ધ ઉપર જ શરીર અવલંબેલું છે એ સિદ્ધાંતનું પણ પ્રતિપાદન કર્યું છે. રામનો ભરોસો રાખવાનું સૂચન કરીને શરીરની અહંતા અને મમત્વનો ત્યાગ કરવાની અને 'હું કર્તા છું' 'હું ભોક્તા છું' એવી અહંતાયુક્ત વૃત્તિની નિવૃત્તિ કરીને બુદ્ધિ નિર્મળ કરવાની સૂચના કરી છે. અને અંતે નિજાનંદરસ પીતા રહેવાનો બોધ કરીને પરમતત્ત્વના પરમાનંદનો આસ્વાદ લેવાની અને તેમ કરીને જીવશિવની ભેદબુદ્ધિને નિઃશેષ કરીને, કેવળ બ્રહ્મભાવથી પરમતત્ત્વમાં જ એકરસ બનીને રહેવાની જીવને શિખામણ આપી છે. આટલાં ચાર ચરણોનો ભાવ જ જો જીવનમાં ઉતારીએ તો વેદ, વેદાંત કે બીજા કોઈ જ્ઞાનની જરૂર નથી. શા સારુ એ બધી ખટપટ કરવી પડે ? પણ એ ચાર ચરણ વાંચવાં સહેલાં છે, સમજવાં મુશ્કેલ છે અને સમજીને તે પ્રમાણે આચાર તો કોક જ વિરલો






કરી શકે ! સંતોના શબ્દપ્રયોગ નિરર્થક નથી. ગાંભીર્યપૂર્ણ એ શબ્દો ઉપરછલ્લા વાંચવાથી એનું રહસ્ય સમજાતું નથી. અને તેથી જ સત્સંગનો મહિમા છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

'કામ ક્રોધ સંગત દુર્જનકી, માનામાન અતીતા;'
'ચોરી ચાડી નિંદા જારી છોડ, મુડ ભગવંતા.'

દુર્જનનો સંગ કરવાથી કોક દિ તેના જેવા થશો. મદિરાની દુકાનમાં દૂધ પીનારો પણ કોક દિ મદિરાપાન કરતો થશે. સાધુનો સંગ કરનાર ભવપાર તરી જશે. જેમ દુર્જન પોતાનો પ્રભાવ પાડે છે તેમ કામ અને ક્રોધ પણ જીવનમાં દુર્જનનો જ ભાવ ભજવે છે. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

"એ કામ એ જ ક્રોધ છે; રજોગુણથી ઉત્પન્ન થનારો, ઘણું ખાનારો અને મહાપાપી છે; સંસારમાં તું એને વૈરી જાણ." અને એમ કહીને

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

"કામ, ક્રોધ અને લોભ આત્માનો નાશ કરનારા તેને અધોગતિમાં લઈ જનારાં છે અને તે ત્રણ પ્રકારના નરકના દ્વાર છે માટે એ ત્રણેનો ત્યાગ કર."

અને એમ કહીને

"जहि शत्रुं महाबाहो कामरूपं दूरासदम् ।"

એ કામરૂપી શત્રુનો સંહાર કરવાની શ્રી ભગવાને અર્જુનને સલાહ-આજ્ઞા આપી છે.

જેમ દુર્જનની સોબત કરવાથી સદાચારી પણ પોતાના સદાચારને ભૂલીને, સંસર્ગદોષને કારણે દુર્જન જેવો જ દુરાચાર કરવાને પ્રેરાય છે તેમ કામ અને ક્રોધના સેવનથી મનુષ્ય માનવતા ભૂલીને પાશવતાને અપનાવે છે. રજોગુણને કારણે જ કામ અને ક્રોધ ચિત્તને પોતાના કાબૂમાં લે છે. રજોગુણજનિત એ કામ અને ક્રોધ, રજોગુણનું પ્રમાણ જેમ વધારે તેમ, પોતાના વેગને પણ વધારતા જ જાય છે. આગળ કહ્યું તેમ શ્રી ભગવાને પણ કામ, ક્રોધ અને લોભને નર્કના દ્વાર તરીકે વર્ણવ્યાં છે અને એ ત્રણેનો ત્યાગ કરવાનો અર્જુનને અપરોક્ષ રીતે અનુરોધ કરીને, જગતના માનવમાત્રને પણ પરોક્ષ રીતે બોધ કર્યો છે. દુર્જનના સંગથી જેમ મનુષ્યનું અધઃપતન થાય છે તેમ કામ અને ક્રોધના સંગથી પણ મનુષ્ય આત્મપદથી વંચિત બનીને અધઃપતનના માર્ગે જાય છે. અને અંતે અધોગતિના અંધારા કૂવામાં પડીને જન્મમરણના વિષચક્રથી મુક્ત થતો

નથી. આત્મસુખની વાંછા રાખનાર માટે એ કામ અને ક્રોધ તેથી જ ત્યાજ્ય છે. અતૃપ્ત કામનામાંથી ક્રોધનો જન્મ થાય છે અને તૃપ્ત કામનામાંથી લોભનો જન્મ થાય છે. જો કામના જ ન હોય તો એ ક્રોધ કે લોભ અંતરને ક્ષુભિત કરતા નથી અને ચલિત પણ કરતા નથી. પરમતત્ત્વની પ્રાપ્તિની સાધનામાં એના જેવા પ્રબળ અંતરાયો કે શત્રુઓ બીજા નથી અને તેથી ષડ્‌વિકારો વસ્તુતઃ ત્યાજ્ય છે અને તેથી તેનો ત્યાગ કરવો આવશ્યક છે. વૃત્તિના એ વિકારો જીવના જીવભાવને પળેપળે દૃઢ કરવામાં સહાયક બને છે. જેમ જેમ જીવભાવ દૃઢ બનતો જાય છે તેમ તેમ જીવ પોતાનું શુદ્ધ સ્વરૂપ ભૂલતો જાય છે અને અવિદ્યારૂપ ઘોર અંધકારમાં જ અથડાતો રહે છે. તેથી એ કામ અને ક્રોધને દુર્જન સમજીને તેની સોબતનો ત્યાગ કરવાનો શ્રી અવધૂતે બોધ કર્યો છે. એ કામ અને ક્રોધ સહેલાઈથી ત્યાગી શકાય એવા નથી. અનેક જન્મના રૂઢ સંસ્કારના પરિણામે એ કામ અને ક્રોધની જડ અંતરમાં એટલી ઊંડી ગઈ હોય છે કે તેનો અંત આણતાં તો જન્મોના જન્મ વીતી-જાય છે. એ કામ અને ક્રોધનું પરિવર્તન કરીએ તો એ આપોઆપ જ જતા રહે છે.

એ પરિવર્તન શું ? આપણે કામના કરીએ છીએ જગત અને જાગતિક પદાર્થોની – પ્રપંચની પ્રાપ્તિ અર્થે. એ કામના પ્રભુપ્રાપ્તિ અર્થે કરીશું તો એ વૃત્તિનું પરિવર્તન થશે. જાગતિક પ્રપંચની પ્રાપ્તિમાં અંતરાયરૂપ થતા સંયોગો માટે અને તેના સાધનની પ્રતિકૂળતા અર્થે ક્રોધ કરીએ છીએ. તેને બદલે આપણી વૃત્તિઓ જે પ્રપંચમાં ઓતપ્રોત છે તેના ઉપર ક્રોધ કરીએ તો એ ક્રોધનું પરિવર્તન થશે. એ જ રીતે આપણે એ છયે વિકારોના પ્રવાહમાં પરિવર્તન સાધી શકીએ તો, એ વિકારો રહેશે છતાં પણ દૃષ્ટિપરિવર્તનના પરિણામે એના અનિષ્ટ પરિણામના આપણે ભોગ બનીશું નહીં. કામના કરો તો પ્રભુની, ક્રોધ કરો તો વૃત્તિઓ ઉપર. જે વૃત્તિઓ તમને આડે માર્ગે દોરવી રહી છે તેમને શત્રુ સમાન ગણીને તેમના પર ક્રોધ કરો, તેમનો સંહાર કરો. લોભ કરો તો પ્રભુપ્રાપ્તિનો કરો. વિષયો તરફ જતી લોભવૃત્તિનો પ્રવાહ વાળીને તેને પ્રભુ પ્રત્યે વહેવરાવવાનો પુરુષાર્થ કરો. અને એમ કરતાં જો એ વૃત્તિઓ પ્રભુ તરફ વળશે તો તમારા એ કામ, ક્રોધ અને લોભ સ્વયં વિષયો તરફ વહેતા વહેણને પ્રભુ તરફ વાળશે અને ત્યારે એ દુર્જન તમારા મિત્રની ગરજ સારશે. અસ્તુ.

શ્રી અવધૂતે 'માનામાન અતીતા' થવાનું કહ્યું છે. એ માન અને અપમાનની ભાવના પણ પરમતત્ત્વની પ્રાપ્તિમાં અંતરાયરૂપ છે. જ્યારે આપણને કોઈ સન્માન આપે છે ત્યારે આપણું ચિત્ત પ્રસન્ન થાય છે અને આપણે તેના પર રિઝાઈએ છીએ. જ્યારે કોઈ આપણને અપમાનયુક્ત શબ્દો દ્વારા સંબોધે છે ત્યારે આપણે તેના ઉપર ક્રોધ કરીએ છીએ. તેને આપણો શત્રુ ગણીએ છીએ. એ બંને ભાવનાઓનું કારણ એક જ






દેહઅહંતા છે. આપણે એનો તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ. એ માન કોને મળે છે ? એ અપમાન કોનું થાય છે ? એ ઉભય અવસ્થાને કેવળ શરીર સાથે જ સંબંધ છે. અને તેથી જે માન મળે છે તે શરીરને જ મળે છે અને જે અપમાન થાય છે તે પણ શરીરનું જ થાય છે. એ આકાર અને નામધારી શરીર સાથે આત્માને – દેહીને – કશો જ સંબંધ નથી. દેહમાં હોવા છતાંય એ આદર કે અનાદરના ભાવથી મુક્ત છે. અને તેથી એ માનાપમાનની વૃત્તિનો ત્યાગ સાધવા માટે દેહઅહંતાનો ત્યાગ સાધવો એ આવશ્યક છે. અહંતા એ જ સર્વ અનર્થનું મૂળ છે. અહંતા જશે તો એ માનાપમાનની વૃત્તિ પણ નિર્મૂળ થઈ જશે. જ્યારે એ દેહી એક છે, અખંડ છે, અદ્વિતીય છે, દ્વૈતરહિત છે અને તે જ જ્યારે સર્વ શરીરધારીઓમાં એક જ સ્વરૂપે રહેલો છે ત્યારે એ માન કોણ આપે છે ? અને માન કોણ મેળવે છે ? શું તમે તમારી જાતને માન આપશો ? શું તમે તમારું અપમાન કરશો ? અપમાન કોણ કરે છે ? કોનું કરે છે ? જરા શાંતચિત્તે વિચાર કરશો તો જણાશે કે એક નામધારી બીજા નામધારીને માન આપે કે તેનું અપમાન કરે તેમાં એ નામરહિત આત્માને કશો સંબંધ નથી. આકાર આકારને માન આપે કે અપમાન કરે તેમાં એ આકારરહિત આત્માને કંઈ સંબંધ ખરો ? માન આપનારમાં અને માનનો સ્વીકાર કરનારમાં આત્મા તો એક જ છે. આત્મા કોઈને માન આપતો નથી, અપમાન કરતો નથી. એ માન અને અપમાનની વૃત્તિ કેવળ ભ્રામક છે, અજ્ઞાનમૂલક છે અને અવિદ્યાનું કારણ છે. માન અને અપમાનની લાગણીઓ તો કેવળ મનની લાગણીઓ છે. મનમાંથી એ લાગણીઓ નિવૃત્ત થશે એટલે તમે આત્મસ્વરૂપે કોઈનું માન સ્વીકારતા નથી અને તમારું કોઈ અપમાન કરતું નથી એવો નિશ્ચય થશે.

આગળ કહ્યું તેમ એ બધાયની પાછળ કેવળ દેહઅહંતા જ રહેલી છે. 'મારું શરીર, મને માન મળે, મારું અપમાન થાય' એ બધાયમાં એ 'મારું' એ જ ક્લેશનું કારણ છે. એ કાઢી નાંખો અને તમે શાંતસ્વરૂપ છો અને તેથી એ ક્લેશના કારણરૂપ દેહઅહંતાને નિવૃત્ત કરો. જેમ ડાળપાંખડાને છેદવાથી વૃક્ષ ફાલેફૂલે છે તેમ દેહઅહંતાને સાચવી રાખીને તેના માન અને અપમાનની વૃત્તિઓનો નિરોધ કરવા જશો તો તેમાં તમે સફળ નહીં થાવ. પણ એ વૃત્તિનું મૂળ જે અહંતામાં રહેલું છે તે મૂળને જ, જેમ વૃક્ષના મૂળમાં કુહાડો મારવાથી વૃક્ષ આપોઆપ જ મરી જાય છે તેમ, એ અહંતાને જ મારો અને ક્યાં રહેશે એ માન અને અપમાન ? શરીરના એવા અનેક વિકારો છે. એ બધાય વિકારોને એકેએક ટાળવાનો પુરુષાર્થ કરશો તો જન્મ વીતી જશે અને તેમાં સફળતા પણ નહીં મળે. અવકાશ મળતાં જ એ લુપ્તપ્રાય વિકારો દ્વિગુણ બળથી વિકાસ પામશે. તેથી એવો પુરુષાર્થ કરીને સમય અને શક્તિનો વ્યય કરવાને





બદલે એ જ સમય અને એ જ શક્તિનો વ્યય એ દેહઅહંતાનો સમૂળ સંહાર કરવામાં કરશો તો ઝટ આરો આવશે અને પુરુષાર્થ, સમય અને શક્તિ વેડફાતી પણ અટકશે. દેહઅહંતાનો નાશ થશે તો બધાય વિકારોનો આપોઆપ નાશ થશે.

અજવાળામાં આપણે ચાલીએ છીએ ત્યારે આપણો પડછાયો જમીન પર પડે છે. એ પડછાયો સારી જમીન પર પડે છે અને એ જ પડછાયો કાદવ વિષ્ઠાવાળી મલિન જમીન પર પણ પડે છે. એ પડછાયો ક્યાં પડે છે તેની તમને કાળજી રહે છે ખરી ? એ શરીર પણ આત્માનો પડછાયો જ છે. તેને પુષ્પના હાર પહેરાવો કે જૂતાંના હાર પહેરાવો તેમાં આત્માને શું ? એટલે એ માન અને અપમાનની ભાવના કેવળ મૂઢતા છે એમ સમજીને એ ઉભયવૃત્તિથી અતીત થવાની શ્રી અવધૂતે સાધકને સૂચના આપી છે. જ્યાં સુધી માન અને અપમાનની વૃત્તિ છે ત્યાં સુધી દેહબુદ્ધિ છે. અને દેહબુદ્ધિ છે ત્યાં સુધી આપણે આત્માના સત્યસ્વરૂપથી વંચિત છીએ. આત્માના સત્યસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાને દેહબુદ્ધિની નિવૃત્તિ આવશ્યક છે અને અગત્યની પણ છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ચોરી ચાડી નિંદા જારી છોડ, મુડ ભગવંતા."**

જે ત્યાજ્ય છે. તેનો ત્યાગ કરવો આવશ્યક છે. ત્યાજ્યનો સંગ્રહ કરવાથી પ્રગતિનો પંથ રુંધાઈ જાય છે. રસ્તે ચાલતો પથિક તેના માર્ગમાં આવતા અંતરાયોથી અકળાઈને, હતાશ બનીને માર્ગમાં જ બેસી રહે તો તે તેના ગંતવ્યસ્થાન પર પહોંચી શકતો નથી. ચોરી-પારકી વસ્તુનું અપહરણ કરવું એ ચોરી, ચાડીચુગલી, નિંદા અને જારી એ ત્યાજ્ય છે. પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે થતી પ્રગતિમાં અંતરાયરૂપ છે અને તેથી તેનો ત્યાગ કરવાની શ્રી અવધૂતે સાધકને સૂચના કરી છે.

પરસ્પરની ઐક્યતા, આત્મીયતા કે મૈત્રીમાં ભેદવૃત્તિ સરજાવવી એ ચાડીચુગલીનું ક્ષેત્ર છે. પતિપત્ની વચ્ચે, પિતાપુત્ર વચ્ચે, મિત્રમિત્ર વચ્ચે ભેદ પડાવવામાં એ ચાડીચુગલી મહત્ત્વનો ભાગ ભજવે છે. અને તેના પરિણામે પરસ્પરમાં વૈરવૃત્તિ પણ ઉત્પન્ન થાય છે, અનર્થ પણ થાય છે અને તેથી એ ત્યાજ્ય છે. જેની ચાડી જેને કરી હોય તે ઉભયને તો તેનાથી હાનિ થાય છે એ નિર્વિવાદ છે, પણ જે ચાડીચુગલી કરે છે તે પણ પોતાની જાતને હલકી પાડે છે. સમાજ તેની પ્રવૃત્તિ પ્રત્યે સદ્ભાવની નજરે જોતો નથી. બધાય તેના તરફ શંકાની દૃષ્ટિએ જોતા થાય છે એટલું જ નહીં પણ ચાડી કરનાર પોતે પણ શાંતિનો અનુભવ કરતો નથી. અને તેથી એ દુર્ગુણ છે, દુરિજન છે અને તેથી તે ત્યાજ્ય છે.

નિંદા કરનાર અને જેની નિંદા થતી હોય તે ઉભયમાં પણ વૈરવૃત્તિ ઉત્પન્ન થાય છે. નિંદા કરનારના મનમાં બીજાને માટે જે કલુષિત





વાતાવરણ પેદા થાય છે તેનાં આંદોલનો અદૃશ્ય રીતે જેની નિંદા થાય છે તેને પણ અસર કરે છે. અને તેથી તેના મનમાં પણ એવાં જ કલુષિત આંદોલનો સરજાય છે. અને તેથી જે આત્મસ્થિતિમાં છે તે કોઈની નિંદા કિંવા સ્તુતિ કરતો નથી. અને પોતાના મનમાં કલુષિત આંદોલન ઉત્પન્ન કરતો નથી. આ કારણે કોઈની નિંદા કરવી એ પણ ઈષ્ટ નથી અને તેથી ત્યાજ્ય છે.

વ્યભિચાર તો સર્વદા ત્યાજ્ય છે જ. પરસ્ત્રીગમન કરીને કે પરપુરુષગમન કરીને કોણ ઊંચે આવ્યું છે ? અને એ અનાચાર ક્યારે છૂપો રહી શક્યો છે ? જ્યારે જાહેર થાય છે ત્યારે એવા વ્યભિચારીની માન-પ્રતિષ્ઠામાં કેટલી હાનિ થાય છે ? તેનો ભરોસો પણ કોણ કરશે ? "અરે, એ તો વ્યભિચારી છે. એને ઘરમાં ન ઘાલશો." એવું છડેચોક કહેવાતું એ વ્યભિચારી સાંભળે ત્યારે તેની માનસિક સ્થિતિ કેવી થાય તેની કલ્પના તો કોક વ્યભિચારી જ કરી શકે ! અને તેથી તુલસીદાસજીએ પરસ્ત્રીને માતા સમાન ગણવાનો જગતને આદેશ કર્યો છે.

"સત્ય વચન અરુ દીનતા પર સ્ત્રી માત સમાન,"
"ઈતનેસે હરિ ના મિલે, તુલસીદાસ જમાન."

આમ ચોરી, ચાડી, ચુગલી, નિંદા અને વ્યભિચારનો ત્યાગ કરીને શ્રી અવધૂત સાધકને ભગવાન તરફ વળવાનું કહે છે. રાજસ્ અને તામસ્ ગુણની એ બધી પ્રવૃત્તિઓ તરફથી નિવૃત્ત થઈને જ્યારે સાધક પ્રભુ તરફ જ નજર કરે, ભગવાનને પ્રાપ્ત કરવામાં જ પ્રવૃત્ત થાય, તો તેનો ઉદ્ધાર થાય. તેનો સત્ત્વગુણ તેને સહાય કરે અને તે પરમપદને પામે. આત્મોન્નતિને માર્ગે જનાર સાધકને પોતાના માર્ગમાં આ બધાય કંટક રૂપ છે એમ સમજીને, એ બધા વિકારો અને અનિષ્ટ પ્રવૃત્તિઓને મનથી કાઢીને, માર્ગ નિષ્કંટક બનાવવાનો પુરુષાર્થ કરવાની અહીં શ્રી અવધૂતે સૂચના આપી છે.

શ્રી અવધૂતે આ ગીતના આરંભમાં જ "અવધૂત" બનવાનો આદેશ આપ્યો છે. અને અવધૂત અવસ્થા પ્રાપ્ત કરવામાં સાધકને જ્યાંજ્યાં વિઘ્ન જણાય ત્યાંત્યાં તેણે કેવી સાવચેતી રાખવી જરૂરની છે તેનું આ ગીતમાં વર્ણન કર્યું છે. આપવીત્યું એ વર્ણન ખરેખર આત્મપ્રાપ્તિની અભિલાષા સેવતા સાધકને એક અનુપમ માર્ગદર્શનરૂપ છે.

પ્રથમ તો સાધકે શોક અને મોહથી અતીત થવું જોઈએ. પરમાત્મા જ કર્તા, ભર્તા અને હર્તા છે એમ સમજીને, દેહાભિમાનનો ત્યાગ કરીને, 'મારું મારું' કરીને રોવાની જે પ્રકૃતિ છે તેનો ત્યાગ કરવો જોઈએ. શરીર ક્ષણભંગુર છે અને તેથી તેનો વિશ્વાસ નહીં રાખવો જોઈએ. આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે આળસનો ત્યાગ કરવો જોઈએ. આ દેહ એ કેવળ પાંચ તત્ત્વનો વિલાસ છે અને તેમાં પરમાત્મરૂપી પોપટ-દેહી-રહેલો છે. તે





પોતાનાં જ કર્મથી બંધાયલો છે એમ સમજીને માયાના મંડાણમાં મમત્વ રાખીને ઘડીક હસતો ઘડીક રોતો એ પોપટ સત્યજ્ઞાન પ્રાપ્ત કરીને સ્વસ્વરૂપને ઓળખે એ માટે પુરુષાર્થ કરવો જોઈએ. જ્યાં સુધી માયાજનિત સંસારમાં જીવ રચ્યોપચ્યો રહેલો છે ત્યાં સુધી તેને આત્મભાવની પ્રાપ્તિ થતી નથી અને તેથી તેનો દેશ દૂર છે. તે દેશમાં પહોંચવાને કટિબદ્ધ થઈ, ગાફેલ બનીને જગતમાં ફરવાનું એટલે માયિક પ્રપંચમાં નિમગ્ન થવાનું છોડવું જોઈએ. અને તેથી શ્વાસેશ્વાસે હરિનું સ્મરણ કરવું જોઈએ. શરીર પંચભૂતાત્મક છે, ક્ષણભંગુર છે, તેથી તેમાંથી મમત્વરહિત બની એ જેનું છે તેને સ્વાધીન કરીને, આવતી કાલની ચિંતાનો ત્યાગ કરીને, જીવનનૌકાને ભગવાનને ભરોસે મૂકીને, આત્માનંદમાં રત રહેવાનું કહ્યું છે. ચોરી, ચાડી, ચુગલી, નિંદા, જારી, કામ, ક્રોધ, માનાપમાન જેવા એ દુર્ગુણસંઘાતનો ત્યાગ કરીને કેવળ ભગવાનમાં જ વૃત્તિ રાખવી જોઈએ. અને અંતે આ બધાં સાધનો કરતાં કરતાં,

"આપ મારકે આતમ પા લે બન જા હક ઘરકા બંદા;"
"ફંદ છોડ દે અન્ય ફકીરા, રંગ ધૂલકા ધંધા?"

એ અવસ્થા થાય ત્યારે અવધૂત થવાય. ધારો તો સહેલું છે. એક જ વસ્તુનો – વૃત્તિનો ત્યાગ કરો તો બધું જ સહેલું બની જાય. તેમ જો 'આપ' એટલે અહંતા-અભિમાનને મારી નાંખો, અહંતાથી મુકત બનો તો આત્મતત્ત્વમાં સમરસ બનો. પણ એ 'આપ' કેમ મરે? અહંતા ટળે તો શરીર ક્યાં રહે ! શરીર નથી તો શરીરને અનુલક્ષીને રહેલા બીજા વિકારોને સિદ્ધ કરવાની પ્રવૃત્તિ ક્યાં રહે! પ્રવૃત્તિના અભાવે જગત ક્યાં છે ? જગત નથી તો તમે ક્યાં છો ? કેવળ એક જ આત્મા અવશેષ રહે છે અને તે આત્મામાં તમે પણ સમરસ બની જાવ છો. એટલે શ્રી અવધૂતે કહ્યું :

"આપ મારકે આતમ પા લે"

અનર્થ માત્રનું મૂળ અહંકાર છે. પ્રકૃતિના અહંથી તો આ જગતની ઉત્પત્તિ છે. પ્રકૃતિ ન હોય તો જગતનું અસ્તિત્વ જ નથી. ભૂતોનું અસ્તિત્વ પ્રકૃતિને આભારી છે. એ અહંકાર છે ત્યાં સુધી આત્મતત્ત્વની પ્રાપ્તિ પણ દૂર જ છે. અને તેથી જ શ્રી અવધૂતે આગળ કહ્યું :

'દૂર દેશ હૈ તેરા પ્યારે'

જેમ માયાના ત્રણ ગુણ છે તેમ અહંકાર પણ ત્રિગુણાત્મક છે. તામસ્, રાજસ્ અને સાત્ત્વિક અહંકાર પણ જ્યાં સુધી રહે ત્યાં સુધી જીવને શિવતત્ત્વનાં દર્શન થવાં દુર્લભ છે. છેવટે જ્યારે રાજસ્ અને તામસ અહંકારને સાત્ત્વિક અહંકાર નિઃશેષ કરે છે ત્યારે એ સાત્ત્વિક અહંકારનો પણ ત્યાગ કરવો ઘટે. અને 'આપ' એટલે જ ત્રિગુણાત્મક અહંકારને નિઃશેષ કરીને આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાની એટલે

'આતમ પા લે'

ની સિદ્ધિ કરવાનો અહીં શ્રી અવધૂતે બોધ કર્યો છે. જ્યારે અહંકાર ટળી જાય ત્યારે તે સાધક નિરહંકાર અવસ્થામાં

'બન જા હક ઘરકા બંદા'

ની અવસ્થા પ્રાપ્ત કરે છે. પ્રભુના ઘરનો બંદો બની જાય છે. પ્રભુના ઘરનો બંદો એટલે પ્રભુમય બની જાય છે. જેમ એક પિતાનો પરિવાર શરીરભાવે પિતાથી ભિન્ન જણાય છે પણ વસ્તુતઃ પિતામય છે તેમ અહંરહિત સાધક પણ શરીરભાવે ભિન્ન છતાં 'શરીરિ' ભાવે પરમતત્ત્વથી અભિન્ન છે. પરમતત્ત્વ સાથે અભિન્ન થયેલા એ પ્રભુના બંદાને પછી શી ચિંતા ? પણ જ્યાં સુધી જગત સત્ય છે એવી ભાવના છે, જગતની પ્રવૃત્તિમાં ચિત્ત છે, ત્યાં સુધી એ 'હકઘરનો બંદો' બની શકતો નથી. અને તેથી જ જગત અને તેની બધી ગુણમય પ્રવૃત્તિઓ – ફંદનો ત્યાગ કરીને સાધકને શ્રી અવધૂત આગળ ચાલવાની સૂચના આપે છે. અહીં 'ફકીર' શબ્દ મહત્ત્વનો છે. એ શબ્દપ્રયોગદ્વારા શ્રી અવધૂતે નિઃસંગ અવસ્થા તરફ સાધકનું ધ્યાન ખેંચ્યું છે. ફકીર એટલે રસ્તે જતા આવતા, ભીખ માંગતા ભિખારી નહીં, પણ જેણે જગતની બધીય પ્રવૃત્તિને બુદ્ધિમાંથી નિઃશેષ કરી છે તે. ફિકરની ફાકી કરી છે તે ફકીર. અને એ જ અર્થમાં અહીં 'ફકીર' શબ્દનો પ્રયોગ થયો છે.

આ જ ભજનમાં શ્રી અવધૂતે જે જે વિકારો ઉપર વિજય મેળવવાની સાધકને સૂચના આપી છે તે બધાય વિકારો સાધકની જાગતિક પ્રપંચની ચિંતાઓને ટાળવાનાં સાધનો છે. એ બધાંય સાધનો સાધક સાધી શકે તો તેને કોઈપણ પ્રકારની, અરે, મૃત્યુની પણ ફિકર રહેતી નથી. પછી તેને પેટનો ખાડો પૂરવાની પણ ચિંતા રહેતી નથી અને પોતાનો પ્રપંચ ચલાવવાની પણ ચિંતા રહેતી નથી. એ રીતે ચિંતામાત્રથી નિશ્ચિંત બનેલો એ સાધક પોતાની જીવનનૌકાનું સુકાન શ્રીહરિને સોંપીને, ભવસાગરમાં સફર કરતો એ સાધક કેવળ ફકીર જ છે. એવો ફકીર જ પ્રભુને વહાલો છે. જેણે વૈરાગ્યપૂર્વક સર્વસ્વનો ત્યાગ કરીને કેવળ પ્રભુનું જ શરણ સ્વીકાર્યું છે તે ફકીર જ પ્રભુના ઘરનો બંદો થવાને અધિકારી છે. પણ એવા ફકીર ક્યારે થવાય ? જ્યારે શ્રી અવધૂતે કહ્યું છે તેમ ઝોળીનું મમત્વ પણ ફેંકી દે ત્યારે. અને એ ઝોળીનું મમત્વ એટલે જ જગતના ફંદ અને સંસાર. એ જગતના ફંદથી મુક્ત થયેલો જ ફકીર બની શકે. એવા ફકીર બનવાને નથી ઘરબાર છોડવાં પડતાં કે નથી સ્ત્રીપુત્રને રઝળાવવાની જરૂર. જનકવિદેહી બાહ્યદૃષ્ટિએ રાજા હોવા છતાં આવો ફકીર જ હતો. છતાંય રાજ્યકારભાર અને સંસારનાં કાર્યો તે કરતો હતો. વશિષ્ઠ અને વામદેવ પણ એવા ફકીર જ હતા છતાંય સંસારી હતા. પરમતત્ત્વ જેવું સૂક્ષ્મ છે તેવું જ તેને પામવાનાં સાધનોનું જૂથ પણ સૂક્ષ્મ

છે. માત્ર માનસિક પરિવર્તનની જ જરૂર છે. મનથી સંપૂર્ણ વૈરાગ્ય સાધીને, વિવેકપૂર્વક ત્યાગ સાધવાથી અસંગઅવસ્થા પ્રાપ્ત થશે. જગતના જેટલા ફંદા છે તે બધાય ભૌતિક છે અને ધૂળ જેવા નકામા છે. એટલે પંચભૂતાત્મક એ પ્રવૃત્તિનો અસંગભાવે ત્યાગ કરવાથી શ્રી અવધૂતે કહ્યું તેમ

'ભૂત ભૂતકો દે દે પ્યારે'

જેવું કરીને એ ધૂળ જેવા પાંચ ભૂતોનો પ્રપંચ મનથી અળગો કરીને, તેને પરમાત્માના સ્વરૂપમાં સ્થાપિત કરવાથી જીવન સાર્થ કરી શકાશે. અને સાચો ફકીર હકધરનો બંદો બની શકાશે. અસ્તુ.





ભા. - ૩

લાખોંમેં કોઈ બિરલોહિ ઐસો હૈ! ધ્રુ.
નિરાલંબમેં કરે નિવાસા, છોડ દેહ-અધ્યાસ;
જગત તમાસા દેખે ઉદાસા, સદા સ્વયં પ્રકાશ!—લાખોંમેં(૧)
નીંદ જાગ બિન અખંડ જાગે, કરે મૌતસે કુસ્તી;
આઠોં પાશ ન સુપને સ્પર્શે, બાંધે સંયમ કિસ્તી!—લાખોંમેં(૨)
ખેલે આપહિ આપ અકેલા, આત્માનંદ ઉજાસ;
ડાધા દુઈકા રહા ન દિલમેં, નિર્ભય વો અવિનાશ!—લાખોંમેં(૩)
કરમ ધરમ ન બાંધે ઉસકો, નિર્મલ નિત્ય અસંગ;
આત્મતૃપ્ત અકામ અદુઃખા, સુખસાગર નિજરંગ.—લાખોંમેં(૪)

❖

કીડિયારામાંથી જેમ કીડીઓ ઉભરાય તેમ ચારે દિશાએથી, શું નારેશ્વરમાં કે શું બહાર, જ્યાં શ્રી અવધૂત હોય ત્યાં શ્રી અવધૂતનાં દર્શન કરવા લોકોનાં ટોળેટોળાં ઉભરાય છે. શું એ બધાં જ આત્મદર્શનનાં અભિલાષીઓ હશે? ના. આમ જો બધા જ આત્મદર્શનના જિજ્ઞાસુ અથવા જ્ઞાનીઓ હોય તો તો ભગવાનને પણ આકરું પડી જાય. એ આગંતુકોના દર્શનનું તો એક નિમિત્ત છે. બાકી બધાય આર્ત હોય છે અથવા અર્થાર્થી હોય છે. એ માનવમહેરામણમાં જિજ્ઞાસુ અથવા તો જ્ઞાની તો ભાગ્યે જ કોક જડી આવે. એવાં અનેક દૃશ્યો જોયા પછી અને એ માનવસ્વભાવનો અભ્યાસ કર્યા પછી જ શ્રી અવધૂતે આ ગીત ગાયું હશે.

આરંભમાં જ શ્રી અવધૂતે કહ્યું :-

"લાખોંમેં કોઈ બિરલો હિ ઐસો હૈ."

લાખોમાં એવો વિરલો કોક જ હશે ? કેવો ? શ્રી અવધૂત એવા વિરલ પુરુષનું આત્માનુભવથી ભરેલું વર્ણન અહીં આલેખે છે. સંતો પાસે જનારાઓ ઘણે ભાગે દીનદુઃખિયા જ હોય છે. કોઈ ગરીબ ધનવાન બનવાની આશાએ, કોઈક ધનવાન પુત્રની પ્રાપ્તિની આશાએ, કોક રોગી નિરોગી થવાની આશાએ અને એમ અનેકવિધ આધિભૌતિક ત્રાસથી ત્રસ્ત થયેલાઓ જ સંતો પાસે પોતાનાં એ દુઃખોના નિવારણ અર્થે આશાભર્યા જાય છે. કોઈક ગ્રહબાધા નિવારણ અર્થે, કોઈક દેવ-દેવીની ઉપાધિ ટાળવા માટે અને એમ આધિદૈવિક ત્રાસના નિવારણ અર્થે જનારાની સંખ્યા પણ ગણનાપાત્ર હોય છે. કોક જ વિરલો દીવે દીવો પ્રકટાવીને આત્મલાભની પ્રાપ્તિ અર્થે શ્રી અવધૂત પાસે અથવા બીજા આત્મદર્શી સંતો પાસે જાય

છે. અને તેથી પ્રસંગવશાત્ શ્રી અવધૂતે કહ્યું : "સંતો પાસે તો આશારહિત વૃત્તિએ જ જવું જોઈએ તો જ ગયું સાર્થક." અને એવા આશારહિત કેવળ આત્મજ્ઞાનપિપાસુને જ સંતો સહાય કરે છે. અનેક જન્મજન્માંતરે કરેલાં સારાંમાઠાં કર્મનાં ફળ ભોગવવાને માનવનો ઇતર યોનિઓમાં જન્મ થાય છે અને તે ફળ ભોગવ્યે જ છુટકારો છે. હા, સંતસમાગમથી એ કર્મનાં અનિષ્ટ ફળ ભોગવતાં જે ક્લેશ થાય છે તે ક્લેશનું પ્રમાણ ઓછું થાય છે અને તેથી જ શ્રી અવધૂત કહે છે, "પ્રારબ્ધ તો ભોગવ્યા વિના છૂટકો જ નથી. એટલે જે આવે તે આનંદથી ભોગવવું જ રહ્યું. સંતના આશીર્વાદે સંતાનપ્રાપ્તિ થાય છે, સંતના આશીર્વાદે ધનપ્રાપ્તિ થાય છે, સંતના આશીર્વાદે દુ:ખ નિવારણ થાય છે એ માનવું ભૂલભરેલું છે. સંતના આશીર્વાદે જો પુત્રપ્રાપ્તિ થતી હોય, ધનપ્રાપ્તિ થતી હોય, સંતના આશીર્વાદે જો દુ:ખનું નિવારણ થતું હોય તો કોઈ નિ:સંતાન, ગરીબ કે દુ:ખી દુનિયામાં ન રહે. હા, એ બધું બને છે પણ પ્રારબ્ધ હોય અને તેનો સમય આવી રહ્યો હોય તો સંતોના શબ્દો કદાચ નિમિત્ત તરીકે કામ કરી જાય છે. ખરી રીતે જોતાં સત્સંગ અને સંતસમાગમ એ જીવનમાં મહત્ત્વના લેખાતા આવ્યા છે અને લેખાય છે. તેનું કારણ એક જ છે કે ચળવિચળ ચિત્તને શાંત કરવાને સંત કૃપાકટાક્ષથી નિહાળે છે અને તેના પરિણામે અસંતોષીના જીવનમાં સંતોષ, અશાંતના જીવનમાં શાંતિ આવે છે અને એ રીતે સંતો દુખિયાનાં દુ:ખ દૂર કરે છે. ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ અર્થે સંતો પાસે જવું એ નરી મૂર્ખતા છે. આત્મદર્શી વાટેઘાટે મળતા નથી. દંભીઓનો દુનિયામાં તોટો નથી. અને લોભે લક્ષણ જાય, એ ન્યાયે જ્યાં ભૌતિક પદાર્થની પ્રાપ્તિની આશા હોય છે ત્યાં એવા દંભી, સાધુતાને લજવતા ઠગારાઓ, એવા કામનાથી ભરેલા મનુષ્યની નબળાઈનો લાભ લેવાનું ચૂકતા નથી. "સંતો – સાચા સંતો વંદનીય છે. કેવળ ભગવાધારીઓ દંડનીય છે." અસ્તુ.




શ્રી અવધૂત આ ગીતમાં આપણને એવા લાખ કરોડે કોક વિરલ સંત સાંપડે છે તેના જીવનની ઝાંખી કરાવે છે તે જોઈશું.

એવો વિરલ સંત કેવો હોય?

**'નિરાલંબમેં કરે નિવાસા, છોડ દેહ-અભ્યાસ;'**
**'જગત તમાસા દેખે ઉદાસા, સદા સ્વયં પ્રકાશ!'**

શ્રી ભગવાને કહ્યું :

**मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।**
**यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥**

અહીં પણ શ્રી અવધૂતે એ જ વાત બીજી ભાષામાં કહી છે. ઉભયનો ભાવાર્થ એક જ છે. હજારો સ્ત્રીપુરુષોનાં ટોળાં ભગવાનનાં દર્શન અર્થે, રોજ ને રોજ સંતો પાસે, મંદિરોમાં યાત્રા અર્થે અને બીજી રીતે જાય





છે. પણ તેમાંના કોક જ આત્મદર્શન અર્થે પ્રયાસ કરે છે. એવા આત્મસાક્ષાત્કાર અર્થે પ્રયાસ કરનારા પૈકી કોક જ – ભાગ્યે જ કોક તાત્ત્વિક દૃષ્ટિએ પરમાત્માને જાણે છે. શ્રી ભગવાનનાં એ વેણ અક્ષરશઃ સાચાં છે. એવા જ કોક તત્ત્વતઃ પરમાત્માને જાણનારાનું જ અહીં શ્રી અવધૂત વર્ણન આપે છે. કહે છે :

### "નિરાલંબમેં કરે નિવાસા"

નિરાલંબ એટલે આધાર વિનાનો. નિરાલંબમાં નિવાસ કરનાર અધ્ધર રહેનારો હશે એમ ? ના, ના એવું તો નથી. અધ્ધર કેમ રહેવાય ? બ્રહ્માંડનું અધિષ્ઠાન પરમાત્મા છે અને તેથી સમસ્ત જડ-ચેતનના આધારરૂપ છે. જેમ પિતાના જોરે બાળક શેરીમાં તોફાન કરે છે અને સામા પક્ષ તરફથી પ્રહાર થતાં "બાપાને કહી દઈશ" કહીને પિતાના આધારે દોડી આવે છે, તેમ જગતસમસ્ત પ્રભુના જોરે જોરાવર છે. જો એ શાશ્વત આધાર ટળી જાય તો જગતને જીવવાના પણ સાંસા પડે. પણ એ જગતના આધારને કોનો આધાર? કોઈનો નહીં, અને તેથી તે "નિરાલંબ" છે. અહીં નિરાલંબ એટલે જેને કોઈનો આધાર નથી, જે કોઈના પર આધાર રાખ્યા વિના જ જગતનો આધાર બન્યો છે, તે પરમતત્ત્વનો નિર્દેશ કર્યો છે. એ પરમતત્ત્વમાં રહેનાર તો વિરલ જ હોય. એમ શ્રી અવધૂત કહે છે.

પરમતત્ત્વ નિરાલંબ શા સારુ? એને કોઈનો આધાર કેમ નથી? પાણી ઉપર જ પરપોટા અને ફીણનો આધાર છે. અને તેથી જેમ જલ એ પરપોટા અને ફીણનું અધિષ્ઠાન છે તેમ એ પ્રજ્ઞાનઘન આત્મા આ સમસ્ત વિશ્વનું અધિષ્ઠાન છે. વળી જેમ અનેક સરિતાનું જળ સમુદ્રમાં પ્રવેશ કરી તેમાં જ સમાઈ જાય છે અને તેથી સમુદ્ર જેમ સમસ્ત સરિતાઓનું અધિષ્ઠાન છે તેમ આત્મા સમસ્ત જગતનું અધિષ્ઠાન છે. સમસ્ત સ્પર્શોનું જેમ ત્વચા એક જ અયન-સ્થાન છે, જેમ સમસ્ત ગંધનું અયન બે નાસિકા છે, જેમ રસોનું અયન એક જિહ્વા છે, જેમ સમસ્ત રૂપોનું અયન ચક્ષુયુગલ છે, શબ્દમાત્રનું જેમ શ્રોત્ર અયન છે, સમસ્ત સંકલ્પોનું જેમ મન અયન છે, સમસ્ત વિદ્યાઓનું જેમ હૃદય અયન છે, સમસ્ત કર્મોનું હાથ અયન છે, બધાય આનંદોનું ઉપસ્થ જેમ એક અયન છે, સમસ્ત વિસર્ગોનું પાયુ એક અયન છે અને જેમ બધાય રસ્તાઓનું અયન કેવળ ચરણ છે, વાણી એ સર્વવેદોનું અયન છે તેમ પરમાત્મા સમસ્ત વિશ્વનું અયન-અધિષ્ઠાન અથવા આધાર છે. પણ એ પરમતત્ત્વને કોઈનો આધાર નથી. વેદના વારાથી આજસુધીના વિજ્ઞાનીઓ, આર્ષદ્રષ્ટાઓ, વિદ્વાનો, આત્મદર્શીઓ અને બીજાઓએ નિરાલંબના આલંબને શોધવાને જીવન સમર્પણ કર્યાં છે. "પ્રથમ તો આ આત્મા જ માત્ર હતો. તેના સિવાય બીજી કોઈ સક્રિય વસ્તુનું અસ્તિત્વ નહોતું. તેણે એવું વિચાર્યું કે લોકની રચના કરું." આ ઈક્ષણ એ જ જગતનું કારણ છે. અને એ






કેવળ આત્માનું જ કાર્ય છે અને તેથી પરમતત્ત્વ નિરાલંબ છે. એને કોઈનો આધાર નથી. આ બધી શાસ્ત્ર અને ઉપનિષદ્‌ની વાતો છે. એ ભાંજગડમાં આપણે પડવાની જરૂર નથી. આપણે તો માત્ર એટલું જ સમજી લેવાની જરૂર છે કે જગતનો આધાર પરમાત્મા છે. તેને કોઈનો આધાર નથી. તે સ્વાવલંબી છે.

નિરાલંબમાં એટલે પરમાત્મામાં નિવાસ કરવાનો એટલે, જેમ સાગરમાં મીઠાનો કાંકરો સમાઈ જાય તેમ, તત્ત્વમાં સમાઈ જવાનો કોને અધિકાર છે? કોઈ પણ વસ્તુ અધિકાર વિના પ્રાપ્ત કરી શકાતી નથી. કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા થાય તે પહેલાં તે પ્રાપ્ત કરવાની યોગ્યતા આવવી જરૂરની છે. અને તેથી અહીં શ્રી અવધૂત કહે છે :

"છોડ દેહ-અધ્યાસ"

જ્યાં સુધી દેહાધ્યાસ છૂટે નહીં ત્યાં સુધી પરમતત્ત્વમાં સમરસ થવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. એટલે હવે આપણે દેહાધ્યાસ એટલે શું તેનો થોડો વિચાર કરીએ.

ભોજનની સામગ્રીથી ભરેલો થાળ મન આંખો દ્વારા જુએ છે અને આનંદ માણે છે. હાથ દ્વારા મન તેને ગ્રહણ કરે છે. જીવ દ્વારા તેના સ્વાદનું આસ્વાદન કરી તૃપ્તિના ઓડકાર લે છે અને તે દ્વારા મન આનંદ માણે છે. આ બધી ક્રિયાઓમાં પરોક્ષ રીતે તો એ ક્રિયાઓ કરનાર મન છે અને પ્રત્યક્ષ રીતે એ બધી ક્રિયાઓ ઇન્દ્રિયો વડે થાય છે છતાં "મેં ભોજન કર્યું, મને આનંદ થયો" એવા શબ્દોચ્ચાર કરી જીવ એ ક્રિયાઓનો કર્તા અને એ આનંદનો ભોક્તા બને છે. વસ્તુતઃ આત્માને એ ક્રિયાઓ સાથે કશો જ સંબંધ નથી. પણ જ્યારે આત્મા મનથી સંલગ્ન બનીને મન દ્વારા વિષયોનો સ્વીકાર કરે છે અને તેનો ભોક્તા બને છે ત્યારે તે કર્મો દ્વારા તેને બંધન સરજાય છે અને તેથી જીવભાવે એ જ આત્મા કર્તા, ભોક્તા બને છે. જ્યારે આત્મા એ દેહ, ઇન્દ્રિય, પ્રાણ અને મનનાં રહીને તેનો અભિમાની બને છે અને તેને જ જ્યારે પોતાનું સ્વરૂપ માને છે ત્યારે તે આત્માનું નામ 'જીવ' પડે છે. આમ શુદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત આત્માને જ્યારે શરીરનો સંગ લાગે છે ત્યારે તે આત્માનું નામ 'જીવ' બનીને 'હું દેહ છું, મારો દેહ છે' એમ માનીને દેહને, વૃત્તિઓ દ્વારા થતાં સુખદુઃખ, ટાઢ-તડકો, ભૂખતરસ, આદિ અનેક વિકારોને પોતાના વિકારો માની લે છે અને તેથી તે અનેકવિધ યાતના ભોગવે છે. આને જ શાસ્ત્રોમાં 'દેહાધ્યાસ' કહે છે. જ્યારે એ દેહાધ્યાસ છૂટી જાય છે ત્યારે, જેમ સૂર્યનો ઉદય થતાં જ અંધકારનો નાશ થવાથી, જે વસ્તુ જ્યાં છે ત્યાં ને ત્યાં જ જણાય છે તેમ, અજ્ઞાનનું આવરણ છૂટી જતાં જીવને પોતાનું શુદ્ધસ્વરૂપ સ્પષ્ટ જણાય છે અને ત્યારે જ તે બધાંય બંધનોથી મુક્ત બનીને પોતાના મૂળસ્વરૂપે જ રહે છે. એ રીતે જેનો દેહાધ્યાસ






છૂટી ગયો છે તે જ નિરાલંબ પરમતત્ત્વમાં રહેવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી દેહઅહંતા છે, જ્યાં સુધી 'હું દેહ છું' એવી ભાવના છે ત્યાં સુધી નિરાલંબ પરમતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. અને તેથી પરમાત્મપ્રાપ્તિ અર્થે પ્રથમ શરત એ છે કે 'હું દેહ છું' એવો જે જીવને સંસ્કારજનિત અધ્યાસ છે તેનો તેણે નાશ કરવો. ત્યારે જ તે દેહાધ્યાસ વિનાનો જીવભાવથી મુક્ત આત્મા, શરીરનું પ્રારબ્ધ ભોગવતો હોવા છતાંય નિરાલંબ પરમાત્મામાં વાસ કરી રહે છે.

દેહાધ્યાસ છૂટી જાય છે તેથી કાંઈ દેહ છૂટી જતો નથી. જે દેહાધ્યાસમુક્ત છે તે જીવતો જ રહે છે અને જીવિત માનવીના જેવી જોવાની, ખાવાની, સૂવા-બેસવાની વગેરે બધી જ ક્રિયાઓ કરે છે. 'કરે છે' એમ કહેવું તેના કરતાં 'થાય છે' એમ કહેવું વાસ્તવિક છે. દેહાધ્યાસ છૂટી જતાં એક પ્રકારની નિઃસંગતા આવી જાય છે. અને તેથી શ્રી ભગવાને કહ્યું તેમ

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ॥

'યોગયુક્ત તત્ત્વવેત્તા જુવે, સાંભળે, સ્પર્શ કરે, સૂંઘે, ખાય, ચાલે, ઊંઘે, શ્વાસ લે, બોલે, મળત્યાગ કરે, ગ્રહણ કરે, નેત્ર ઉઘાડે, તથા મીંચે તો પણ 'ઇન્દ્રિયોના વિષયોમાં ઇન્દ્રિયો વર્તે છે' એમ સમજી 'હું કાંઈ જ કરતો નથી' એવું માને છે, એવી સ્થિતિ અનુભવે છે. એના પરિણામે, શરીર સાથે સંબંધ ધરાવતાઓ પ્રત્યેનું અહંતા અને મમતાભર્યું વર્તન જતું રહે છે. પછી તેને સ્ત્રી, પુત્ર, ઘરબાર આદિ ઉપર પણ મમત્વ રહેતું નથી. અને તે સ્વાભાવિક જીવન જીવતો હોવાથી આ જગત તેને તમાશા જેવું જણાય છે. અને તેથી શ્રી અવધૂતે

"જગત તમાસા દેખે ઉદાસા"

એવું કહ્યું.

એ વૃત્તિ કેવી હશે? ઉદાસીન વૃત્તિએ જોતાં જગત એ એક તમાશો જ છે. માયાનો એ પ્રપંચ છે અને તેથી તે ઝાંઝવાનાં જળ જેવો મિથ્યા છે. જગતમાં રહેલા જીવનો, જ્યારે દેહાધ્યાસ છૂટી જાય છે ત્યારે, જેમ સૂર્યનો તડકો જતો રહેતાં મૃગજળનો આપોઆપ નાશ થાય છે તેમ, તેની દૃષ્ટિએ જગતનો પણ નાશ થાય છે. એ જગત તેને જણાય છે તે એક તમાશા જેવું જણાય છે. દેહાધ્યાસ જતો રહેતાં જીવને પોતાના આત્મસ્વરૂપનું ભાન થાય છે અને ત્યારે તે આ જગતને ગારુડીના ખેલ જેવો સમજીને જોતો રહે છે. જેમ આપણે કોઈ તમાશો, નાટક કે સિનેમા જોઈએ છીએ ત્યારે, તેમાં જે જે દૃશ્યો આવે છે તે દૃશ્યો પ્રત્યે કેવળ દ્રષ્ટા

બનવા સિવાય બીજું મમત્વ આપણને રહેતું નથી, તેમ જીવ પણ ત્યારે જગતને કેવળ દ્રષ્ટા બનીને જ જુવે છે. તમાશા તરફ આપણને જેમ મમતા રહેતી નથી, જેમ એ તમાશો આપણે કેવળ ઉદાસીન વૃત્તિએ જ જોઈએ છીએ તેમ, એવો અંતર્મુખ સંત પણ આ જગતને એટલે જાગતિક પ્રપંચને કેવળ દ્રષ્ટા બનીને જ જુએ છે. તેમાં તેને મમતા કે અહંતા રહેતી નથી. એ ઉદાસીનતા કેવા પ્રકારની હોય છે તે પણ વિચાર કરવા જેવું છે. એક ધનવાનનું ધન લૂંટાઈ જાય તો તેને મોહગ્રસ્ત ઉદાસીનતા આવી જાય છે. કોકના અતિપ્રિયનું મૃત્યુ થયું હોય તો તે ક્ષણિક વૈરાગ્યયુક્ત મોહગ્રસ્ત ઉદાસીનતા અનુભવે છે. આ ઉદાસીનતા તેવી નથી. આ ઉદાસીનતા ઘણી વિલક્ષણ છે. આ ઉદાસીનતામાં નથી શોક કે નથી મોહ. આ ઉદાસીનતામાં જ્વલંત વૈરાગ્ય છે. જગતની નશ્વરતાનું વિવેકપુરઃસર ભાન છે. એ ઉદાસીનતામાં જીવશિવના ઐક્યનો ઉજાસ છે અને એ ઉદાસીનતામાં પરમતત્ત્વની પ્રાપ્તિનો અમોલ આનંદ છે. એવો એ સાત્ત્વિક ઉદાસીન જાગતિક પ્રપંચ પરત્વે નિસ્પૃહ છે. તે જગતમાં જીવે છે છતાંય જગતથી નિરાળો છે. તે પોતે સદાસર્વદા સ્વયંપ્રકાશ છે. પોતે પોતાના જ પ્રકાશમાં આત્માના આનંદમાં નખશિખાન્ત તરબોળ હોવાથી, તેને જગતનું ભાન સરખું પણ નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :




ભા.- ૩

**"સદા સ્વયં પ્રકાશ !"**

એવો વિરલ

**"નીંદ જાગ બિન અખંડ જાગે, કરે મૌતસે કુસ્તી;"**

**"આઠોં પાશ ન સુપને સ્પર્શે, બાંધે સંયમ કિસ્તી!"**

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાથી મુક્ત હોય છે. તુરીય અવસ્થામાં જ તેનો નિવાસ હોય છે. તે પોતાના શુદ્ધસ્વરૂપમાં જ નિવાસ કરે છે. ત્રિગુણાત્મક અવસ્થાઓને પાર કરી તે આત્માનંદની અવસ્થામાં અખંડજાગ્રત રહે છે. અને તેથી તેને ઊંઘ કે ઉજાગરાની અવસ્થા અસર કરતી નથી. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ મનની ત્રણ અવસ્થાઓ છે. શરીર-ઈન્દ્રિયો રજોગુણનું કાર્ય છે. રજોગુણ જ્યારે થોડા સમય પૂરતો પણ અદૃશ્ય થઈ જાય છે ત્યારે રજોગુણના બળ વડે કાર્ય કરતી ઈન્દ્રિયો પણ નિશ્ચેષ્ટ બની જાય છે. શરીરનો અભિમાની જીવ પણ ત્યારે પોતાની 'સ્વ' અવસ્થામાં હોવાથી ચેતનાશૂન્ય બની જાય છે. આ રીતે જાગ્રત અવસ્થાનો લોપ થવાથી તેમાંથી સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓનો જન્મ થાય છે. જ્યારે ચેતનાશૂન્ય જીવને શરીરની સ્મૃતિ રહેતી નથી, તે વખતે જો મનનું ચાંચલ્ય અસ્તિત્વમાં હોય તો, તે મન દ્વારા સ્વપ્નાવસ્થાનો અનુભવ કરે છે. અને જો મન પણ શાંત બની જાય તો, મૃત્યુસમાન ગાઢનિદ્રા-સુષુપ્ત અવસ્થામાં લીન બની જાય છે.






શ્રી ભગવાને ઉદ્ધવને આ વાત સમજાવતાં

तैजसे निद्रयाऽऽपन्ने पिण्डस्थो नष्टचेतनः ।
मायां प्राप्नोति मृत्युं वा तद्वन्नार्थदृक् पुमान् ॥

એ પ્રમાણે કહ્યું છે. અને એ જ વિષયને અનુલક્ષીને માંડૂક્યોપનિષદમાં વિશદ્ વિવેચન પણ કરવામાં આવ્યું.

अन्यथा गृह्णतः स्वप्नो निद्रा तत्त्वमजानतः ।
विपर्यासे तयोः क्षीणे तुरीयं पदमश्नुते ॥

''અન્યથા ગ્રહણ કરવાથી સ્વપ્ન, તત્ત્વને નહીં જાણવાથી નિદ્રા અને એ ઉભય વિપરીત જ્ઞાનનો ક્ષય થવાથી તુરીયપદની પ્રાપ્તિ થાય છે.'' વિષય વિચાર માંગી લે છે પણ સ્થળસંકોચને કારણે અહીં સંકેત કરવો બસ છે. માંડૂક્યોપનિષદ જોનારને એ વાતનો અને શ્રી અવધૂતની

**નીંદ જાગ બિન અખંડ જાગે**

એ પંક્તિના ગર્ભમાં રહેલા તાત્ત્વિક બોધનો ઉકેલ થશે.

આમ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં ચેતનાશૂન્ય બનેલો જીવ, પોતાની આત્માવસ્થામાં તુરીયપદ, જેને બ્રહ્મતત્ત્વ કહીએ છીએ, તે અવસ્થામાં રહે છે. તુરીય અવસ્થામાં તો જીવને નથી સ્વપ્ન કે નથી સુષુપ્તિ, અને તેથી જ અહીં શ્રી અવધૂતે

**"નીંદ જાગ બિન અખંડ જાગે"**

કહીને આત્મતત્ત્વનું એક લક્ષણ આપણને સમજાવ્યું છે. રજોગુણના પ્રત્યેક વિકારથી આત્મા મુક્ત છે અને તેથી તેને કોઈ પણ ત્રિગુણાત્મક અવસ્થાનો અનુભવ થતો નથી. એ ત્રણે અવસ્થામાં અનુગત આત્મા તે તે સમયે કેવળ જીવભાવે જ રહે છે. છતાં ત્યાં પણ તે માત્ર દ્રષ્ટા હોય છે. કેવળ જાગ્રત અવસ્થામાં રજોગુણયુક્ત રાજસ્ અહંકારના પરિણામે પોતે કર્તા ભોક્તા બને છે. અને તેથી અભિમાનને કારણે બંધન સરજાય છે. સ્વપ્નમાં જેમ અનેકવિધ કર્મોનો પોતે કર્તા બને છે છતાંય કેવળ દ્રષ્ટા જ રહે છે તેમ, જો જાગ્રત અવસ્થામાં પણ કર્મો કરવા છતાં કર્તાપણાનું અભિમાન ન રહે તો તેવાં કર્મોનાં બંધન સરજાતાં નથી. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"કરે મૌતસે કુસ્તી"**

જેમ માતાના ખોળામાં સૂતેલું બાળક બહારના ગમે તેટલાં આક્રમણ આવે તોય નિર્ભયપણે સૂતેલું જ રહે છે તેમ નિરાલંબ પરમતત્ત્વમય બનેલો આત્મવિત્ પણ નિર્ભય બની જાય છે. અને તેથી તેને મૃત્યુનો ભય રહેતો નથી. એટલે કાળની સાથે પણ તે કુસ્તી કરે છે. જેના ભયથી કાળ પણ દોડાદોડ કરે છે, અથવા કાળ એ જેનો કોળિયો છે, અથવા કાળ એ જેના ભોજનમાં ઉપસેચન સમાન છે એવા, કાળના પણ કાળની સાથે તાદાત્મ્ય સાધ્યા પછી, 'જે કાળથી ડરતો હોય તે આત્મવિત્-બ્રહ્મવિત્

કહેવરાવવાને યોગ્ય નથી. એ સદાસર્વદા અભય છે, આત્માનંદ મગ્ન છે. જેને દેહાધ્યાસ નથી તેને મૃત્યુની પરવા નથી. તે મૃત્યુ માટે સદોદિત તત્પર જ રહે છે. આપણને મૃત્યુનો ભય છે કારણ કે આપણે દેહના દાસ છીએ. આપણે "દેહી" છીએ એ વાત આપણે ભૂલ્યા છીએ. આત્માનંદમગ્ન કાળની સાથે જ કુસ્તી કરે છે કારણ કે તેને "દેહી" છું એવું જાગ્રત ભાન છે. એ રીતે સજાગ બનેલા બ્રહ્મરૂપ-બ્રહ્મને કાળ શું કરી શકે? કાળ આવે અને હારી જાય તો કાળની જ હાંસી થાય. કાળ આવે અને પ્રાણ જતા રહે તો પણ આવા નિર્ભય, જેને પ્રાણની પણ પડી નથી અને મૃત્યુનો પણ ભય નથી તેને લઈ જવાથી પણ યમરાજનો વિજય થતો નથી. એવો નિરાલંબમાં નિવાસ કરનારો વસ્તુતઃ કશું જ ગુમાવતો નથી. અને તેથી જ શ્રી અવધૂતે






**"करे मौतसे कुस्ती"**

એવાં નિર્ભય વચન ઉચ્ચાર્યાં છે.

અને મૃત્યુ એટલે શું? આત્મા જન્મતો નથી, કે મરતો નથી. આત્મા અજ, નિત્ય, સનાતન છે અને નાશવંત શરીરમાં રહેવા છતાંય

**"न हन्यते हन्यमाने शरीरे"**

હણાતો નથી. આત્માના અવસાનનો સંભવ નથી. દેહ તો નાશવંત છે જ. તેનો નાશ અનિવાર્ય છે એટલે મૃત્યુ તો દેહનું છે. નિરાલંબમાં નિવાસ કરનારને એવા દેહના મૃત્યુનો જરાય ભય નથી. કરેલાં કર્મના પ્રારબ્ધ ક્ષીણ થશે એટલે એ શરીર છૂટી જવાનું જ છે. એ દેહના નિર્માણને ફેરવવાને કોઈ સમર્થ નથી, કોઈ સમર્થ થયો નથી અને સમર્થ થવાનો નથી. શરીરને અજરામર બનાવનાર પણ શરીરને છોડીને ચાલ્યા ગયા આપણે જોયા છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'આઠોં પાશ ન સુપને સ્પર્શે.'**

દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુલ, શીલ અને જાતિઅભિમાન એ આઠ બંધનો છે. દેહાધ્યાસનો ત્યાગ કરીને, મૃત્યુથી પણ નિર્ભય બનેલા આત્મજ્ઞને જાગતિક પ્રપંચના એ આઠે પાશનો સ્વપ્ને પણ ખ્યાલ આવતો નથી. દેહ રહે ત્યાં સુધી દેહના ધર્મ અદા કરવા છતાંય તેમાં તેને મમત્વ નથી. વૃત્તિઓનો સમૂળ નાશ થયેલો હોવાથી એ આઠ પાશમાંથી એકે પાશની એને અસર થતી નથી. જાગ્રત અવસ્થામાં એ પાશ એને અસર કરતા નથી. એટલું જ નહીં પણ સ્વપ્ને પણ એને એ વાતનો ખ્યાલ સરખો પણ આવતો નથી. દયા, લજ્જા આદિ એ પાશનો સંબંધ શરીર અને વૃત્તિઓ સાથે છે. વિકાર વિના વૃત્તિનો ઉદ્‌ભવ નથી. જે આત્મતત્ત્વમાં સમરસ બન્યો છે તે કેવળ નિર્વિકાર હોવાથી વૃત્તિના અભાવે તે બંધનો સરજાતાં નથી. એનું મન અમન અવસ્થામાં હોય છે અને તેથી તેને

મન પારકું કે પોતીકું એવું માયાનું મમત્વભર્યું બંધન હોતું નથી. દયા, લજ્જા આદિ આઠ પાશને દૂર કરવાને શરીરમાંથી અને શારીરિક સંબંધમાંથી મનને મુક્ત કરવું આવશ્યક છે. તે સંયમથી થઈ શકતું હોવાથી શ્રી અવધૂત



"બાંધે સંયમ કિસ્તી"

કહીને આપણને સંયમનો વિચાર કરવાનું સૂચવે છે.

જ્યારે આપણે સંયમનો વિચાર કરીએ ત્યારે એ સંયમ સગવડિયો સંયમ નહીં હોય. એ સંયમ વીરતાપૂર્વક હોવો જરૂરનો છે. તેની સાથે જ્યારે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવામાં આવે ત્યારે એ સંયમ દૃઢ થાય. જે પરમતત્ત્વનો પાર પામ્યો છે તેણે મન ઉપર પ્રત્યેક રીતે સંયમ સાધ્ય કર્યો હોય છે. મારું અને પરાયું એવી મમતા અને અહંતાપૂર્ણ વૃત્તિઓ ઉપર એણે વિજય પ્રાપ્ત કર્યો હોય છે. તેથી સંયમની લંગોટી – "હનુમાન કછોટો" લગાવીને જ એ જગતમાં વિચરે છે. પછી એને વિષયોનું આકર્ષણ રહેતું નથી. વિષયો પ્રત્યેના આકર્ષણના અભાવે સંયમ શિથિલ થવાનો સંભવ નથી.

એવા વિરલ પુરુષની માનસિક અવસ્થાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત આગળ કહે છે :

"ખેલે આપહિ આપ અકેલા, આત્માનંદ ઉજાસ;"
"ડાધા દુઈકા રહા ન દિલમેં નિર્ભય વો અવિનાશ !"

જેણે નિરાલંબમાં નિવાસ કર્યો છે તે સદાસર્વદા આત્મતૃપ્ત હોય છે. અને શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ :

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥

"જે મનુષ્ય આત્મામાં પ્રીતિવાળો, આત્મામાં જ તૃપ્ત તથા આત્મામાં જ સંતુષ્ટ રહે છે તેને કંઈ કરવાનું હોતું નથી" અને તેથી તેને જ્યાંત્યાં પરમતત્ત્વ સિવાય બીજું કશું જ જણાતું નથી. એ કારણે તે આત્માનંદમાં જ મસ્ત રહે છે. શ્રી ભગવાનના શબ્દોમાં

आत्मन्येवात्मना तुष्टः....

જેવી દશા એ અનુભવે છે.

આત્માનંદનો એ ઉજાસ સ્વપ્રકાશિત છે અને પોતે પણ આત્મતેજમય બનેલો હોવાથી, જેમ બે દીપક એકઠા કરીએ તો એક જ દીપક જણાય છે અને તેનું તેજ પણ એક જ રહે છે તેમ, એ પણ આત્મા સાથે ઐક્ય સાધીને આત્મા જ બની જાય છે અને તેથી આત્માનું તેજ એ પોતાનું જ તેજ છે એવી એને પ્રતીતિ થાય છે અને આત્માનંદના અજવાળામાં જ ભળી જાય છે. સ્થૂળ દૃષ્ટિએ શરીરધારી જણાતો એ આત્મૈક્ય અનુભવતો કેવળ તેજસ્વરૂપે જ રહે છે. શરીરધારી હોવા છતાં

એને શરીરનું લક્ષ રહેતું નથી. પોતે દેહ છે એવી તેને ભ્રમણા પણ રહી નથી. એની એ અખંડ સમાધિમાંથી એને જાગ્રત કરવા માટે એટલે એને બહિર્મુખ કરવા માટે, જેમ સૂતેલા ફણીધરને જાદુગર છંછેડે છે તેમ, અથવા જેમ શાંતજળમાં વમળ અથવા લહર આણવા માટે કાંકરી નાખવી પડે છે તેમ, એને છંછેડવો પડે છે; અથવા કહો કે એના પ્રશાંત અંતરસાગરમાં વમળ લાવવા માટે કાંકરી નાંખવી પડે છે અને ત્યારે જ એ ક્ષણિક દેહભાન પર આવે છે. એ દેહભાન ઝાઝું ટકતું નથી. તુરત જ એ અંતર્મુખ બની જાય છે. બ્રહ્માકારવૃત્તિમાં લીન થઈ જાય છે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે કહ્યું :

"એલે આપહિ આપ અકેલા"

એને એ નિરાલંબનિવાસીની અમન અવસ્થાનો ખ્યાલ આપ્યો છે. પોતાનામાં જ સંતુષ્ટ રહેનારને જગતની જંજાળ બાધા સરજાવી શકતી નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂતે કહ્યું :

ડાધા દુઈકા રહા ન દિલમેં,

જ્યાં સુધી દ્વૈત છે ત્યાં સુધી જ જગત છે. જગતના સર્વ પદાર્થોને જ્યારે આપણે આત્મદૃષ્ટિએ જોઈએ અને જોતા થઈએ ત્યારે "હું" અને 'તું" એ ભેદવૃત્તિ ટળી જાય છે. તેનાં અંતરમાં કેવળ અદ્વૈત આત્મા જ આનંદસ્વરૂપે પ્રકાશિત થયો હોય છે. દ્વૈતનું શૂળ એને ખટકતું નથી. તેના અંતરમાં દ્વૈતનો ડાઘ સરખો પણ રહેતો નથી. દ્વૈતથી તેને ડરવાનું રહેતું નથી. દ્વૈતના ભાવ વિનાનો એ નિર્ભય અવિનાશી છે.

"દ્વિતીયાદ્વૈ ભયં ભવતિ"

એ ભયની ભ્રમણા જ્યાં બીજો છે એવું ભાન રહે છે ત્યાં જ હોય છે. જે કાંઈ છે તે કેવળ આત્મા છે અને તે આત્મા પોતે જ છે એવો જ્યારે દૃઢ નિશ્ચય થાય છે અને તદનુસાર જ્યારે જીવનમાં અનુભવાય છે ત્યારે, ભયની એ ભ્રમણાનો પણ નિસ્તાર થઈ જાય છે અને પોતે અભય બની જાય છે. નિર્ભય અવસ્થા પ્રાપ્ત કરવાને વૈરવૃત્તિ અથવા દ્વેષબુદ્ધિનો અંતરમાંથી સમૂળ ઉચ્છેદ કરવો જરૂરનો છે, અહિંસાને સંપૂર્ણપણે કેળવવાની હોય છે. સાચા અહિંસક આગળ હિંસક વૃત્તિવાળાઓનું વૃત્તિપરિવર્તન થાય છે.

અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સંનિધૌ વૈરત્યાગઃ।

એ પાતંજલ યોગદર્શનનું સૂત્ર આપણને દોરવણી આપે છે. જ્યાં સુધી અહિંસાનું અંતરમાં સંપૂર્ણપણે સામ્રાજ્ય સ્થપાતું નથી ત્યાં સુધી મનુષ્ય પૂર્ણ રીતે નિર્ભય બની શકતો નથી. અહીં શ્રી અવધૂતે

નિર્ભય વો અવિનાશ

એ વચનો વાપરીને તેની પાછળ "દ્વૈતભાવના અને હિંસકવૃત્તિના સમૂળ

નાશ તરફ સંકેત કર્યો છે.

એવો જે નિર્બંધ છે તે આત્મદૃષ્ટિએ અવિનાશી છે. આત્મા અવિનાશી છે. જીવ આત્માનો અંશ હોવાથી તે પણ અવિનાશી છે. પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરીને તે અવિનાશી બન્યો છે. દેહઅહંતા અને દેહાધ્યાસને કારણે "હું મરણધર્મા છું" એવું જે મિથ્યાભાન છે તે તેને રહેતું નથી. તેથી તે શરીરે મરતો છતાંય તાત્ત્વિક દૃષ્ટિએ અમર-અવિનાશી છે.

જ્યારે દ્વૈતભાન જતું રહે છે ત્યારે પોતે અદ્વૈત, અવિનાશી નિર્બંધ આત્મા છે અને જગતમાં જે કાંઈ છે તે પોતે જ છે એવો દૃઢ નિશ્ચય થાય છે. એ નિશ્ચય અનુભવાય ત્યારે એવા આત્મસ્થિત નિરાલંબ નિવાસીને

**"કરમ ધરમ ન બાંધે ઉસકો, નિર્મલ નિત્ય અસંગ;"**

**"આત્મતૃપ્ત અકામ અદુઃખા, સુખસાગર નિજરંગ!!"**

નથી તેને કર્મ બંધન કે નથી તેને ધર્મબંધન, નથી તેને પાપની ભાવના કે નથી ને પુણ્યની ભાવના. તે સદાય નિર્મળ છે. નિત્ય અને નિઃસંગ છે, આત્મતૃપ્ત છે, અકામ છે, અદુઃખ છે. તે પોતાના જ આનંદમાં સુખના સાગર સમો કેવળ બાહ્ય દૃષ્ટિએ સંસારનું આયુ ક્ષીણ થાય ત્યાં સુધી રહે છે.

નિરાલંબનિવાસનો આ આખરી અંજામ છે. કર્મનાં બંધન ક્યારે સરજાય છે ! શ્રી ભગવાને કહ્યું :

**न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ।**

**इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥**

"કર્મના ફળની મને સ્પૃહા નથી તેથી મને કર્મનાં બંધનો લેપતાં નથી, એમ મને જે જાણે છે તે કર્મો વડે બંધાતો નથી." શ્રી ભગવાને આ શબ્દોમાં કર્મ કરનારને કર્મનાં બંધનો બંધનકર્તા થતાં નથી તેની ગુરુગમ કિલ્લી બતાવી છે. જે કર્મ કરીને તેના પરિણામની પરવા કરતો નથી તેને કર્મનાં બંધનો સુખ કે દુઃખ સરજાવી શકતાં નથી. "હું કર્મ કરું છું" એવો ભાવ અંતરમાં રાખી કર્મના ફળમાં આસક્તિ રાખે ત્યારે કર્મનાં બંધનો જીવને બાંધે છે. તેનાં સારાંમાઠાં ફળ પણ ભોગવવાં પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો કર્મનો કરનાર જો તેના ફળમાં લુબ્ધ બની જાય તો, કાળે કરીને તે કર્મ પ્રારબ્ધરૂપે પરિણામ પામીને તેને બંધન ઉપજાવે છે. પણ જેને કર્મના ફળની જ સ્પૃહા નથી તેને તે કર્મો બંધનકારક નથી. આત્મતત્ત્વપ્રાપ્ત વિરલને એવી આસક્તિ હોતી નથી. તે જે કાર્ય કરે છે તે સહજભાવે કરે છે. તેને દેહાધ્યાસ નથી તેથી કાર્યનાં બંધન થતાં નથી. નવાં કર્મો ભલે થાય પણ તે અસંગભાવે હોવાથી તેનું પ્રારબ્ધ બંધાતું નથી. તે કર્મ કરીને બંધાતો નથી પણ જગત જેને ધર્મ માને છે તેવા લોકસંગ્રહ અર્થે ધર્મનું આચરણ કરીને પણ, તે પુણ્યની ભાવના રાખતો નથી. તેને મન પાપ પણ નથી અને પુણ્ય પણ નથી. જેને પુણ્યની

ભાવના છે તેને જ પાપનો ભય છે. પુણ્ય વિના પાપની કલ્પના આવી શકતી નથી. જ્યાં સુધી પાપપુણ્યની ભાવના રહે ત્યાં સુધી જ કર્મનાં એ બંધન પણ હોય. જેના અંતરની શેકેલાં બીજ જેવી સ્થિતિ છે તેને ત્યાં પાપનાં અંકુર પણ નથી ફૂટતાં અને પુણ્યરૂપે ફળ પણ નથી લાગતાં. એવો વિરલ પુરુષ જે કાંઈ કરે છે તે સહજભાવે અનાસક્ત રહીને જ કરે છે. એ કર્મ કરે છે એમ કહેવું પણ યોગ્ય નથી. એનાથી એ સહજભાવે થઈ જાય છે અને એ કેવળ નિમિત્તમાત્ર બની રહે છે. આ જ કારણે શ્રી અવધૂતે કહ્યું તેમ

**કરમ ધરમ ન બાંધે ઉસકો**

કર્મ કે ધર્મ તેને સ્પર્શ કરી શકતાં નથી. અને તેથી જ તે શ્રી અવધૂત કહે છે તેમ

**નિર્મલ નિત્ય અસંગ....**

તે નિર્મળ, દ્વૈતના ભાવ વિનાનો, જેના અંતરમાં દ્વૈતનો ડાઘ સરખોયે નથી તેવો સ્વચ્છ અને શુદ્ધ છે. તે નિત્ય છે, તે શાશ્વત છે અને તે અસંગ છે. એ ત્રિકાલાબાધિત છે. તેને કાળ પણ કાંઈ કરી શકતો નથી. કોઈપણ કાળે જેનામાં વિકાર ઉત્પન્ન થતો નથી અને ત્રણે કાળે એક જ સ્વરૂપે રહે છે તેવો એ છે. પરમતત્ત્વ કદી પરિવર્તન પામતું નથી. પરિવર્તન એ પ્રકૃતિનો ધર્મ છે. એ અસંગ આસક્તિ રહિત છે. જગતમાંથી જેની અહંતા ગળી ગઈ છે, ''હું મારું'' અને ''તું તારું'' એવી પ્રાપંચિક ભેદવૃત્તિ જેનામાં રહી નથી, જેને પાપ અને પુણ્યની ભાવના નથી, કર્મના ફળમાં જેને આસક્તિ નથી, તે અસંગ રહીને જગતમાં દેહની આવરદાની દોરી પૂર્ણ થતાં સુધી કેવળ પ્રારબ્ધ ભોગવવા માટે જ જીવે છે. તે આત્મતૃપ્ત છે. પોતે જ પોતાનામાં સંતુષ્ટ છે, અકામ છે. કોઈપણ પ્રકારની કામના વિનાનો સકામ કે નિષ્કામ, કોઈપણ કામનાનો જેનામાં લેશ પણ ભાવ નથી; જે અદુઃખ-દુઃખ રહિત એટલે સુખ કે દુઃખના દ્વંદ્વથી પર દુઃખ વિનાનો સુખના સાગર જેવો આત્માનંદમાં જ મસ્ત રહેનારો, પરમતત્ત્વના રંગમાં રંગાઈ રહે છે. એવો વિરલ પુરુષ તે જ સ્થિતપ્રજ્ઞ, પરમાત્મામાં સમરસ બનેલો સંત, નિરાવલંબ નિવાસી !

શ્રી અવધૂતે અહીં જગતની નજરે જીવતો છતાં વાસ્તવિક રીતે જીવન્મુક્ત સંતનાં લક્ષણોનું વર્ણન કર્યું છે. સાધકે જો એ અવસ્થા પ્રાપ્ત કરવી હોય તો એ લક્ષણોને આત્મોન્નતિ અર્થે સાધન લેખવાં જોઈએ.

## (૩૯)

(રાગ : ઝિંઝોટી, તાલ : દાદરા)

વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના;
વાંચવું ન અન રહે; મિટે સમૂળ વાંછના !—ટેક.
સૂણ સૂણ ગેબી ગાન, સૂણવા જો દિલ ચહે;
વ્યોમ માંહ્ય તારલા જે ગૂંજી આત્મમાં રહે !—વાંચ. (૧)
ઘૂ ઘૂ ઘૂઘવે પયોધિ, નિર્ઝરો અરણ્યનાં;
વાત પંછી વન તણાં જે ગાય ગીત ઈશનાં !!—વાંચ. (૨)
દિવ્ય સ્પર્શ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ અંતરે;
દિવ્ય નાદ, રસ સુદિવ્ય, ચાખતાં ન મન ચળે !—વાંચ. (૩)
મોર નૃત્ય મત્ત ચિત્ત, મોદથી કરંત હા !
વેલી–વૃક્ષ જીવ–શિવ, લિંગને ભળે અહા !—વાંચ. (૪)
દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા;
મેઘધનુષ્ય સપ્તમૂળ એક, રૂપ જૂજવાં !!—વાંચ. (૫)

✪

વેદના વારાથી આજપર્યંત, જ્યારથી ભાષાનું સર્જન થયું ત્યારથી આજ સુધીમાં અનેકવિધ ભાષાઓમાં ગણી ન શકાય એટલા ગ્રંથોનું સર્જન થયું છે. આજના ગ્રંથકારો જૂના ગ્રંથોમાંથી પ્રેરણા મેળવે છે. જૂના લેખકો તેની પહેલાંના લેખકોમાંથી, ને એમ એ લેખન પરંપરા અખંડ ચાલ્યા જ કરે છે. પણ દરેક ભાષાના મૂળ ગ્રંથકારને-આદિ લેખકને પ્રેરણા ક્યાંથી મળી ? ગંગાજી જેવા સતત વહેતા સાહિત્યનદના મૂળ ઉગમ-અમર ગંગોત્રીનું સ્થાન ક્યાં ? સાહિત્યનો એ સાગરવિકાસ જે અખંડ સ્રોતમાંથી થયો છે તે સ્રોતમાં હજીયે એટલું બધું ભર્યું છે કે તેનો પાર પામવાને મથતા સાહિત્યકારો, કલાકારો, તત્ત્વવિવેચકો, દાર્શનિકો, વૈજ્ઞાનિકો અને એવા જ સાહિત્યના અનેક ક્ષેત્રમાંના અનેક પ્રકારના સંશોધકો દિન-પ્રતિદિન થાકતા જાય છે, તેમની મતિ કુંઠિત થતી જાય છે અને છતાંય એ અખૂટ સ્રોત તો જેવો છે તેવો જ અખૂટ અને અતૂટ રહ્યો છે. શ્રી અવધૂતે એક વખત વાતવાતમાં કહેલું કે : મારગના પાણાથી માંડી આકાશમાં પ્રકાશતા સૂર્યચંદ્રાદિ સુધીની નિસર્ગની વસ્તુ માત્ર વિષે આપણે જેટલું જ્ઞાન ધરાવીએ છીએ તેના કરતાં અનેકગણું ન જાણ્યું રહસ્ય હજી





તેમાં ભરેલું છે. અને એ વાત સાચી લાગે છે. પ્રકૃતિની પ્રત્યેક સચર અચર વસ્તુ અરે એક તણખલું પણ આપણે મન આશ્ચર્ય જેવું છે. એ સત્યની પ્રતીતિ પણ જે રસિયાઓ એ દિશામાં પુરુષાર્થ ને પ્રયત્નો કરતા જાય છે તેમને દિનપ્રતિદિન થતી જાય છે. પણ ઉપર કહ્યું તેમ એ સાહિત્ય, સંગીત ને કલાના મૂળ ઝરણાની ઓળખ વિના એ પુરુષાર્થ અંતે કુશકા જેવો સત્ત્વહીન છે અને તેનું પરિણામ પણ અસંતોષ, અશાંતિ ને નિરાશા છે. એ મૂળ ઝરણું કયું ?

પણ એ સાહિત્ય, વિજ્ઞાન, કલા, તત્ત્વજ્ઞાન વગેરેના મહાસાગરમાં ડૂબકાં મારતા લેખક-સંશોધકોને એ સંશોધનની પ્રેરણા ક્યાંથી મળે ? નિસર્ગમાંથી. નિસર્ગ એટલે પરમતત્ત્વ પરમાત્માનો ગેબી અનંત ગ્રંથ ! પંચભૂતાત્મક ચિત્રવિચિત્ર ત્રિગુણ જગતને જ શ્રી અવધૂતે અહીં વિશ્વગ્રંથ કહ્યો છે અને પરમાત્માનો રચેલો, પરમાત્માને પામવાના સાધનસમા એ વિશ્વગ્રંથને જ વાંચવાનો આદેશ કર્યો છે. એ એક જ ગ્રંથને ઉકેલવાની જેનામાં શક્તિ આવે તેણે સંસારના બધાય ગ્રંથો ઉકેલ્યા – માનવરચિત સમગ્ર સાહિત્યનું અવલોકન કર્યું ! અને તેથી જ એ મૂળ ગ્રંથ વાંચવાની શ્રી અવધૂતે ભલામણ કરી છે. કેમકે મૂળ હલાવવાથી જ આખું ઝાડ-ડાળાં-પાંખડાં બધાંય હાલી ઊઠે છે.

વિશ્વ એટલે નિસર્ગ, પ્રકૃતિ-પરમતત્ત્વ પરમાત્માની કલાકૃતિ ! પ્રકૃતિનો જે પાર પામ્યો તેણે પ્રકૃતિનો જ્યાંથી ઉગમ થયો ત્યાં સુધી પહોંચી એ ઉગમ સ્થાનને નિહાળી, અનુભવી તદાકાર આત્માનંદમાં મગ્ન બની મૌન સેવ્યું. મૌન સેવ્યું એટલું જ નહિ પણ પોતાની બુદ્ધિનું અભિમાન પણ ત્યાં જ ગળી ગયું, કલ્પનાના મહાસાગર સુકાયા અને કલ્પનાતીતને પામીને પોતે કલ્પનાના વમળમાંથી છૂટ્યો. એવા અનેરા વિશ્વગ્રંથને વાંચવાનું, એની મૂક ભાષા ઉકેલવાનું અને એ દ્વારા એમાં રહેલા સારરૂપ પરમતત્ત્વને જાણવાનું અહીં શ્રી અવધૂત સૂચવે છે: અન્ય ગ્રંથો તો એ પરમગ્રંથના પડછાયા જેવા છે. એ વાંચીને, એમાં અટવાયા કરીને શું મળશે ? માહિતીનો બોજ વધશે, જ્ઞાનનો આડંબર વધશે, જ્ઞાનનું અભિમાન છલકાશે ને અજ્ઞાનના અંધકૂપમાં તાણી જશે અને ત્યાંથી ઉપર આવવાનો એકે આરો નજરે નહિ ચઢે. જે વિશ્વગ્રંથ વાંચશે તે વિશ્વની અટપટી ઘટનાઓને ઉકેલશે અને અંતે એ વિશ્વગ્રંથના મહાન અદૃશ્ય સર્જકને પ્રાપ્ત કરીને તેની સાથે એકરૂપ થઈ અખંડ આનંદ અનુભવશે. અને તેથી જ 'વાંચ વાંચ' એવી દ્વિરુક્તિથી એ વિશ્વગ્રંથ વાંચવા પર શ્રી અવધૂતે ભાર મૂક્યો છે.

આગળ કહ્યું તેમ વિશ્વ એટલે પ્રકૃતિ અને પ્રકૃતિ એટલે પુરુષની પરમતત્ત્વની શક્તિ, કળા. શક્તિ કે કળા શક્તિમાન કે કળાકારથી ભિન્ન નથી. પ્રકાશ સૂર્યથી ભિન્ન નથી. તેમ પ્રકૃતિ કે વિશ્વ વિશ્વનાથથી –

પરમતત્ત્વથી ભિન્ન નથી. એ અભિન્ન અનુભવનો સાક્ષાત્કાર જેને થયો તેણે જ સાચો વિશ્વગ્રંથ વાંચ્યો. જેમ સૂર્ય વિના તેજ નથી અને તેજ વિના સૂર્યની ઓળખ નથી, તેમ પુરુષની સત્તા વિના પ્રકૃતિ નથી અને પ્રકૃતિ વિના પુરુષની પિછાન નથી. જેમ ગ્રંથકાર ગ્રંથથી પ્રસિદ્ધિ પામે છે તેમ અવ્યક્ત પુરુષ પ્રકૃતિ દ્વારા વ્યક્ત થાય છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો પુરુષ એટલે અવ્યક્ત પ્રકૃતિ અને પ્રકૃતિ એટલે વ્યક્ત પુરુષ. અહીં વિશ્વગ્રંથ વાંચવાનું સૂચન કરી શ્રી અવધૂતે પ્રકૃતિ દ્વારા પુરુષને, વ્યક્ત દ્વારા અવ્યક્તને, વિશ્વ દ્વારા વિશ્વંભર, વિશ્વનાથને પ્રીછવાનો સંકેત કર્યો છે.

જેમ ગ્રંથ કે કલાનાં અનેકવિધ પાસાંમાં એ જ ગ્રંથકાર કે કલાકાર છુપાયેલા છે, તેમ જ વિશ્વની અનેકવિધ ચિત્ર-વિચિત્રતાઓમાં, સમવિષમતાઓમાં એક જ વિશ્વનાથ લપાયેલો છે. એવો એ અદ્વિતીય વિશ્વગ્રંથ વાંચવાનું ફળ શું ? શ્રી અવધૂતભાખ્યું એ ફળ પણ કેટલું અપૂર્વ છે ! મનુષ્ય સ્વભાવે જ લોભી છે. તે જે કાંઈ કરે છે એમાં તેને સ્વાર્થ બુદ્ધિ હોય છે જ. ફલપ્રાપ્તિ ન દેખાય ત્યાં એ ડગ દેતો નથી. તેથી જ શ્રી અવધૂતે એ વિશ્વગ્રંથ વાંચવાથી પ્રાપ્ત થતા ફળનો નિર્દેશ કરતાં કહ્યું છે કે :

**"વાંચવું ન અન રહે મિટે સમૂળ વાંછના !"**

બીજા ગ્રંથો વાંચવાથી વાંચવાની ભૂખ મટતી નથી, મનુષ્યની જ્ઞાનપિપાસા તૃપ્ત થતી નથી અને આ વાંચું, પેલું વાંચું એમ ગ્રંથો ફેંદવામાં જ એનું જીવન પૂરું થાય છે. પણ જેણે નિસર્ગનો ગ્રંથ ઉકેલ્યો તેને બીજું કાંઈ વાંચવાનું રહેતું નથી. એના સંકલ્પો બધા શમી જાય છે, ચિત્તની ઊર્મિઓ શાંત થાય છે ને વાસનાનું મૂળ રહેતું નથી. પ્રકૃતિનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી બીજું કશું જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું રહેતું નથી. જેમ નર્મદાનું ઉગમસ્થાન ક્યાં આવ્યું એ જિજ્ઞાસાને સંતોષવા નર્મદાને કાંઠે કાંઠે પૂર્વાભિમુખે આપણે ચાલીએ તો અમરકંટકના પહાડમાંથી એ સ્રોત સ્રવતો આપણે જોઈ શકીએ તેમ પ્રકૃતિનો પાર પામવાને આપણે પ્રકૃતિની પ્રત્યેક કૃતિના ઊંડાણમાં પેસીને ઠેઠ મુખ સુધી જઈએ તો તે અંતે પુરુષમાં સમાયેલી જણાશે. એક વૃક્ષ આપણે જોયું. તેનાં પાન, ડાળ, ફળ, ફૂલ, શાખા, પ્રશાખા, રસ, છાલ, થડ આદિ સર્વાંગ વૃક્ષને આપણે જોયું, પણ તે ક્યાંથી થયું ? શામાંથી થયું ? એનો આધાર શો ? આ બધો વિચાર કરીએ તો તે જેમાંથી થયું છે તે બીજ અવ્યક્ત છે, તેનો આધાર-મૂળ તે પૃથ્વીમાં અદૃશ્ય છે. પણ જ્યારે બીજરૂપી મૂળને આપણે જોઈ લઈએ, જાણી લઈએ ત્યારે આપણને ઝાડનું રહસ્ય સમજાય છે. ઘડાનું પૃથક્કરણ કરવા જતાં માટી સુધી સહેજે પહોંચાય છે. પણ અહીં માટી-ઉપાદાન અને કુંભાર-નિમિત્ત એમ ઘડાનાં બે ભિન્નભિન્ન કારણો છે. પણ સરજનમાં કે પ્રકૃતિમાં નિમિત્ત અને ઉપાદાન બંને કારણો એ અભિન્ન પરમતત્ત્વ

જ છે. અને તેથી પ્રકૃતિનું સમ્યક્ વિવેકજ્ઞાન પ્રાપ્ત કર્યાનું પરિણામ પુરૂષ કે પરમાત્માનું દર્શન છે. અને તેથી પ્રકૃતિનાં તાત્ત્વિક રહસ્યને જેણે ઉકેલ્યું છે તેને બીજું કશું જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું રહેતું નથી. એટલે કે એ વિશ્વગ્રંથને વાંચનારને બીજા ગ્રંથ વાંચવાની જરૂર રહેતી નથી. પ્રકૃતિ એ જ સર્વ જ્ઞાનનો ભંડાર છે. એ ભંડાર જેને હાથ લાગ્યો તેના ભવભવનું દારિદ્રય દૂર થઈ જ જાય છે. ભંડાર એક વખત જોઈએ એટલે તેમાં શું ભર્યું છે તે જાણવાની અને જાણ્યા પછી તેને પ્રાપ્ત કરવાની સહજ લાલસા થાય ! પરિણામે માનવી પ્રયત્નશીલ બની, ચાવી શોધી કાઢી ભંડારને ઉઘાડે ! અને તેમાં ડોકિયું કરતાં એ ભંડારમાં ભંડારાયેલ પરમતત્ત્વ પરમાત્માને પામીને પરિતૃપ્ત થાય ! ભૂખ્યો માનવી આકંઠ પરિતૃપ્ત થતાં એને જેમ તૃપ્તિના ઓડકાર આવે તેમ પરમતત્ત્વ પરમાત્માની પ્રાપ્તિ પછી અન્ય કંઈ જ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું જ નથી.



ભા.- ૩

વિશ્વગ્રંથ વાંચવાનું આ એક ફળ છે. હવે બીજું ફળ શું છે તે જોઈએ !

"મિટે સમૂળ વાંછના"

બધીય વાસના મટી જાય છે. વાસનાનો ઉચ્છેદ ક્યારે થાય ? ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ કર્મનો નિઃશેષ ક્ષય થાય ત્યારે. અને એ ત્રણે કર્મનો નિઃશેષ ક્ષય ક્યારે થાય ? શાસ્ત્રમાં કહ્યું છે તેમ

क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ।

એ પર અવર એટલે સગુણ નિર્ગુણ કે વ્યક્ત અવ્યક્ત પરમતત્ત્વ પરબ્રહ્મનું દર્શન થાય એટલે મનુષ્યનાં સર્વ કર્મોનો અંત આવે છે. અહીં વ્યક્ત, સગુણ કે અવર બ્રહ્મ એટલે જ પ્રકૃતિરૂપી વિસ્તરેલો વિશ્વાત્માનો આ વિશ્વગ્રંથ ! એનું રહસ્ય સમજાતાં દ્વૈતનો સમૂળ નાશ થાય છે. અને દ્વૈત જતાં દેહાદિ વાસના ક્યાં રહે ?

જેમ સ્વચ્છ દર્પણ ઉપર ધૂળના થર જામી જવાથી દર્પણ મલિન જણાય છે તેમ સ્વભાવે શુદ્ધ અંતઃકરણ ઉપર જન્મજન્માંતરના કર્મજનિત મલિન સંસ્કારોના થર જામી જવાથી અંતરને મલિનતાનું આવરણ ચઢે છે. કર્મના ફળના ભોગની લાલસાનું એ આવરણ હોય છે. એ આવરણનો અંશ, પણ જ્યાં સુધી અંતર પર રહ્યો હોય છે ત્યાં સુધી પરમતત્ત્વના દર્શનમાં અંતરાય ઊભો જ રહે છે. દર્પણ પર જરા સરખો પણ મેલ હોય તો શુદ્ધ મુખ પણ એ મેલા દર્પણમાં મેલું જ દેખાય છે. એ વાસનામાંથી કામના, ઈચ્છા, તૃષ્ણા આદિ વાસનાના સ્થૂળ વિકારો સરજાય છે અને થર અંતર પર વધારે ને વધારે જાડા જામતા જાય છે. એટલે જ્યાં સુધી વાસનાનો ક્ષય થાય નહિ ત્યાં સુધી ચિત્ત શુદ્ધ થાય નહિ અને ચિત્તશુદ્ધિના અભાવે પરમતત્ત્વનાં દર્શન થતાં નથી. પણ જ્યારે વિશ્વગ્રંથ વાંચતાં આવડે, એ ગ્રંથ દ્વારા તેના લેખકની પ્રથમ પરોક્ષ અને






પછી અપરોક્ષ ઓળખ થાય ત્યારે જે નથી છતાં જેના અસ્તિત્વનો મિથ્યાભાસ થયા કરે છે. તે મિથ્યાભાસ ખસી જાય છે ને મૂળ અસલ સ્વરૂપનું ભાન સહજ રીતે થાય છે. જેમ શુદ્ધ દર્પણમાં આપણું શુદ્ધ સ્વરૂપ આપણે જોઈ શકીએ છીએ તેમ વાસના વિનાના શુદ્ધ અંતઃકરણમાં આપણે પ્રકૃતિના સર્જક પરમાત્માનું-પુરુષનું દર્શન કરી શકીએ છીએ. પ્રકૃતિ એ પુરુષનું પ્રતિબિંબ જ છે એવું અનુભવી શકીએ છીએ. પુરુષ જ પ્રકૃતિમાં શક્તિરૂપે ઓતપ્રોત છે એમ જાણીને પ્રકૃતિની ઓથે રહેલા પુરુષને આપણે ઓળખતા થઈએ છીએ. વાસનાક્ષયનું આ કેવું ને કેટલું મોટું પરિણામ ! પુરુષનું દર્શન થયા પછી વિકાર રહે જ ક્યાંથી ? સૂર્યનું દર્શન થતાં અંધકાર રહે જ ક્યાં ? પુરુષનું દર્શન થાય એટલે પ્રકૃતિ પુરુષમાં સમાય. જ્યાં સુધી પુરુષનું દર્શન નથી ત્યાં સુધી જ પ્રકૃતિના તાંડવનું આકર્ષણ છે. જે જાણ્યાથી બધું જ જાણી શકાય, તે જાણ્યા પછી બીજું જાણવાનું બાકી શું રહે ? પુરુષ આગળ પ્રકૃતિ તો નહિવત્ છે. પુરુષ વડે પ્રકૃતિ છે પણ પ્રકૃતિ વડે પુરુષ નથી. મનુષ્ય છે તો તેનો પડછાયો છે. વાસના આદિ વિકારો તો પ્રકૃતિના છે. પુરુષ તો નિર્વિકાર છે. એ પ્રકૃતિના સર્જકે જેને શરણ આપ્યું, અભય દીધું અને પોતાની ગોદમાં લીધો તેને પછી પ્રકૃતિના વિકારો શું કરી શકે ? જે અભય બન્યો તેને ભય શાનો ? અને તેથી જ વિશ્વગ્રંથ વાંચીને, સંપૂર્ણ જ્ઞાનના ભંડાર બનીને પરમતત્ત્વને પરખીને તેમાં લીન બનવાનું શ્રી અવધૂતે આપણને અહીં સૂચવ્યું છે.

વિશ્વગ્રંથની વાત કરી, તેને વાંચવાના પરિણામનો વિચાર કર્યો પણ તેની ભાષાનો વિચાર ન કર્યો. અનેક ભાષાઓ છે અને તે ઉકેલવા માટે જુદી જુદી લિપિમાં અક્ષરની રચના થઈ છે. જાતજાતની લિપિમાં અનેક ગ્રંથોનું આલેખન થયું છે. વિશ્વગ્રંથ હોવાથી તેની પણ કોક લિપિ તો ખરી જ ને ! જે ચિહ્ન દ્વારા આપણે વસ્તુને સમજી શકીએ તે ચિહ્ન તે જ લિપિ, અને દરેક લિપિના અક્ષરો પણ ખરા જ ! પણ વિશ્વગ્રંથની લિપિ કેવી ? અક્ષર કેવા ? એ લિપિ શી રીતે ઉકેલી શકાય ? બીજી બધી જાગતિક ભાષાઓ અને અક્ષરોને ઓળખવા-સમજવા માટે શાળા-પાઠશાળામાં જ એવાં એવાં અનેક સાધનો છે પણ આ વિશ્વગ્રંથ ઉકેલવાનું સાધન ? આનો આપણે જરા શાંતિથી વિચાર કરીએ. આ નાનકડા ભજનમાં શ્રી અવધૂતે મોટું મહાભારત ભર્યું છે, એટલે ગીત કરતાં તેનું વિવેચન વધી જશે, પણ કંટાળશો નહિ. જિજ્ઞાસુની ધીરજ ખૂટે એ કેમ ચાલે ? ચાલો, આગળ ચાલીએ. વિશ્વગ્રંથની લિપિ કેવી ?

વૈખરી દ્વારા વિચારો નક્કી કરવાનું માધ્યમ તે ભાષા અને એ ભાષાનું આલેખન જે ચિત્રવિચિત્ર ચિહ્નોથી થાય તે લિપિ. એ લિપિ વ્યક્ત કરવાનું માધ્યમ અક્ષર. ભાષાઓનું અને લિપિઓનું આજનું સ્વરૂપ ક્રમશઃ અસ્તિત્વમાં આવ્યું તે પહેલાં એ ભાષા અક્ષરોને બદલે મૂક સંકેતોથી

કે ધ્વનિથી વ્યક્ત કરાતી. હાવભાવ અને સાંકેતિક ધ્વનિઓ દ્વારા મૂળ માનવી પોતાના વિચારો આલેખી શકતો. સમયના વહેણ સાથે એ પદ્ધતિ પલટાતી ગઈ અને આજની લિપિનું સ્થૂળ સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું, અને માણસની દૃષ્ટિમાં એ સ્થૂળતા ઠરી. એ કૃત્રિમ લિપિ સાથે જ એ એકતાન બન્યો. ત્યારથી જ એ મૂળ નૈસર્ગિક, સાંકેતિક લિપિ સાથેની ઓળખ ઓછી થવા લાગી અને સમય જતાં નહિવત્ બની. એટલે એ જુગજૂની મૂળ વિશ્વપોથી એની આગળ ઉઘાડી હોવા છતાં કોરી હોય તેમ આશ્ચર્યથી આભો બની એના પર ટગર ટગર આંખો ફેરવવામાં જ એનું અધ્યયન પૂરું થવા લાગ્યું. અસ્તુ.

માનવીની જેમ નિસર્ગના અભિનય કે હાવભાવરૂપી લિપિમાં આલેખાયેલી ને સાંકેતિક ધ્વનિમાં વ્યક્ત થતી એ જુગજૂની મૂળ અનાદિ ભાષામાં લખાયેલી એ વિશ્વગ્રંથની ભાષા સમજવાની કુંચી બતાવતાં શ્રી અવધૂત આગળ કહે છે કે :

"સૂણ સૂણ ગેબી ગાન, સૂણવા જો દિલ ચહે"

લેખ્ય ભાષાથી શ્રાવ્ય ભાષાને પ્રથમ સ્થાન છે. માણસને લખતાં પહેલાં ભાષાનું જ્ઞાન સાંભળી સાંભળીને જ પ્રથમ થાય છે ને તેને માટે પ્રથમ કાનને જ કસવાની જરૂર છે. આગળ કહ્યું તેમ મૂળ ભાષા ધ્વન્યાત્મક હોય છે. અને ધીમે ધીમે એ સ્પષ્ટ શબ્દોનું રૂપ ધારણ કરે છે. ધ્વનિ સંગીતમય હોય છે અને તેથી જ શ્રી અવધૂતે "ગાન" શબ્દથી નિસર્ગના ધ્વનિ પ્રત્યે – સંગીત પ્રત્યે સંકેત કર્યો છે. એ ગાન ગેબી છે, ગૂઢ છે. આકાશમાં તારાઓનું સંગીત અહોનિશ ચાલ્યા કરે છે. વૃક્ષોમાં લહેરાતો પવનનો સૂસવાટ અનેરા કાવ્યથી ભરેલો છે. અરણ્યનાં નિર્ઝરોનો ખળખળ ધ્વનિ, સાગરોનો ઘૂઘવાટ, પક્ષીઓનો કિલકિલાટ વગેરે અમોઘ બોધ આપી રહ્યા છે. પણ એમનું એ બોધગાન ગેબી છે. બીજાં બધાં ગાનની માફક સહેલાઈથી સાંભળી, સમજી કે માણી શકાય એવું નથી. પણ મૂળ સંગીતશાસ્ત્રીઓએ એ જ નિસર્ગનાં ચાષ, મયૂરાદિ પંખીઓના અવાજમાંથી જ પોતાના રાગ, માત્રાના તાલનું સંશોધન કર્યું છે. અને ભાષાશાસ્ત્રીઓએ પણ એ જ રીતે નિસર્ગના જુદા જુદા અવાજોમાંથી અમુક અર્થસૂચક ભાષાના શબ્દોની પ્રેરણા મેળવી છે. પિંડના હૃદયાકાશમાં અખંડપણે સ્વયં થતા અનાહત નાદથી આરંભી બ્રહ્માંડના અવકાશમાં વાદળાંઓનાં ઘર્ષણથી થતા પ્રચંડ નાદ સુધીના તમામ નાદ કે ધ્વનિઓનો સમાવેશ એ શબ્દમાં થાય છે. આકાશમાં ઘૂમતા વાયુમંડળમાં શબ્દનાં થતાં અનેકવિધ આંદોલનોને પરિણામે નાદ સૂક્ષ્મ વા ઘન બને છે. પિંડ એ નાનું બ્રહ્માંડ છે. એના હૃદયાકાશમાં થતા સર્વ નાદના આધારરૂપ એ નૈસર્ગિક દિવ્ય નાદ–અનાહત નાદ સાંભળવાનો અભ્યાસ પડે તો બ્રહ્માંડના ગેબી ગાનના શ્રવણનો આનંદ પણ માણી શકાય. એ મૂળ અનાહત નાદ સર્વ અક્ષરોનો,

શબ્દોનો ને તેથી ભાષાઓનો આધાર છે. એ અનાહત નાદને જ શાસ્ત્રોમાં તેથી નાદબ્રહ્મ કહ્યું છે. સ્થૂલ શબ્દોના શ્રવણથી વૃત્તિમાં ક્ષોભ થાય છે. હડકાયા કૂતરાની માફક એ જ્યાં ત્યાં ને જેવા તેવા શબ્દોને ડાકું મારવા દોડે છે ! ને અશાંત થઈ દુઃખી થાય છે !! માટે મનુષ્યને ઠરવું હોય, શાંતિ પ્રાપ્ત કરવી હોય તો તેણે બધાં ઘોંઘાટમાંથી વૃત્તિને પાછી ખેંચી એ મૂળ નાદબ્રહ્મમાં જોડવી જોઈએ. પિંડમાં સંભળાતો એ **સોઽહમ્** ધીમેધીમે સૂક્ષ્મ થતો થતો અંતે ૐકારના ધ્વનિમાં પરિણમતો અનાહત નાદ સાંભળતાં સાંભળતાં વૃત્તિ તેમાં તલ્લીન થાય છે. પછી એ જ ગેબી આભગાણું એને આકાશમાં ટમટમતા તારલાઓમાં સંભળાય છે. તેથી જ શ્રી અવધૂત કહે છે કે :

**"સૂણ સૂણ ગેબી ગાન, સૂણવા જો દિલ ચહે;"**
**"વ્યોમમાંહે તારલા, જે ગુંજી આત્મમાં રહે !"**

જો સાંભળવાની ઇચ્છા થાય તો નિસર્ગના આ તારાઓમાં ગુંજી રહેતું આત્મજ્ઞાન સાંભળ ! તેથી તારા અંતઃકરણનો ઝઝવાટ બંધ થશે અને તું શાંતિ પામીશ.

જ્યાં જ્યાં અવકાશ-આકાશ છે ત્યાં ત્યાં એ દિવ્ય ગાન નાદ-શબ્દ અવિરત રહેલો જ છે, ગુંજે છે અને જેને દિવ્ય શ્રોત્ર છે તે એ શ્રવણ કરે છે. એ આકાશમાં વાયુ સભર ભરેલો છે. વાયુમંડળમાં કોઈ વાર શાંત સમયે વાયુની મંદ લહરમાં એ અશ્રાવ્ય દિવ્યનાદ, એ ગેબી ગાન પણ તીક્ષ્ણ શ્રવણશક્તિવાળા અવધૂત જેવા કોકને જ સાંભળવાનું સદ્‌ભાગ્ય મળે છે. એ માધુર્યના અક્ષય ભંડારરૂપ એ નાદને સાંભળીને તેમાં જ આત્મવિસર્જન કરીને નાદમય બની જનાર વિરલ જ હોય છે. મારાં તમારાં ગજાં એ નાદ શ્રવણ કરવાનાં નથી. આપણામાં એ શ્રવણશક્તિ પણ નથી. શક્તિ તો છે પણ એથી આપણે અનભિજ્ઞ છીએ. કોઈ વખત અભય બનીને મધ્યરાત્રીના સમય પછી નિર્જન અરણ્યમાં, જ્યાં જગતનો કોલાહલ નથી પણ કેવળ પરમાત્માનું જ સામ્રાજ્ય છે ત્યાં એકલા જ બેસશો, ચિત્તની ચગડોળે ચઢેલી તમામ વૃત્તિઓને, કાચબો જેમ પોતાનાં અંગ સમેટી લે છે તેમ, સંકેલી લઈને એકાગ્ર કરશો તો તમને એ ગેબીનાદનો, એ દિવ્યનાદનો, એ રહસ્યમય **સોઽહમ્**નો પ્રત્યક્ષ અનુભવ થશે, અનાહત નાદના પડઘારૂપે એ દિવ્યનાદ શ્રવણ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયા વગર નહિ રહે. પણ ચિત્તને ચોમેરથી સમેટી લઈ એ પરમ નાદબ્રહ્મમાં જોડશો તો જ જીવનનો અમોલ લહાવો લૂંટશો. અવસર ચૂકશો તો ક્ષણિક આનંદ પણ ગુમાવી બેસશો. એવા નિર્જન એકાંત સ્થાનમાં જઈને પણ એ સ્ત્રી પરિવાર, ઘરબારને દિલમાં રમાડ્યા કરશો તો એ નાદ એ ગાન નહિ સંભળાય એ નિશ્ચય માનજો. અંતરથી નિર્ભય બનીને પ્રભુમાં જ પ્રાણને પરોવશો તો જ અભિષ્ટની પ્રાપ્તિ થશે. આટલું કર્યા પછી પણ જો તમને

એ ગેબી ગાન ન સંભળાય તો તમારું જૂતું ને મારો વાંસો.

પણ એવું શું ભર્યું છે એ ગેબી ગાનમાં કે જેનું આટલું બધું મહત્ત્વ ! બીન કેવું સુંદર વાગે ! સારંગી અને તંબૂરાના તાર કેવા રણકે ! અને મુરલીના મધુર નાદે તો જગતના જડ પદાર્થો પણ પીગળે ! અને બધાય નાદ સાંભળી શ્રવણેંદ્રિયને સંતોષવાનું મૂકી શા સારુ આટલી વિટંબણા એ ગેબી ગાન શ્રવણ કરવા પાછળ કરવી પડે ? શ્રી ભગવાને પોતાના વિભૂતિયોગમાં કહ્યું છે કે 'શબ્દઃખે' આકાશમાં શબ્દ એ મારી વિભૂતિ-પરમાત્મતત્ત્વ છે. અને તેથી જ તેને શ્રવણ કરનારો – કર્ણથી તેનું દર્શન કરનારો પરમાત્માને પામે છે. સારંગી, સિતાર અને તંબૂરાના તાર તમને ત્યાં નહિ પહોંચાડે. બાહ્યનાદમાં જ લુબ્ધ થઈ કોઈ હરણની માફક ખુવાર થશો. પણ આ ગેબી ગાન તો તમને એ ગાનના આધાર, એ શબ્દના આધાર પરમપુરુષને પહોંચાડશે, તદ્રૂપ કરશે. તેથી જ એનું મહત્ત્વ !





અને એનું માધુર્ય ! કવિઓને કોયલનો ટહુકો અને મુરલીનો મીઠો સાદ અતિપ્રિય છે. કવિને મન એ માધુર્યની મૂર્તિ છે અને તેથી જ કવિઓએ એ પાર્થિવ નાદ પ્રત્યે પ્રીતિ દાખવી છે. કવિને એ દિવ્ય નાદ કેમ સંભળાય ! કલ્પનાના શિકાર બનેલા એ જ્યાં સુધી કલ્પનાના પટાંગણમાં રમતા રહે ત્યાં સુધી કલ્પનાતીત એ ગેબી ગાન સાંભળવાની ઉત્સુકતાયે તેમનામાં નહિ જાગે અને યોગ્યતાયે તેમને નહિ પ્રાપ્ત થાય. પ્રકૃતિના સ્થૂળ સૌન્દર્યમાં મુગ્ધ બનેલા એ કવિઓ પાર્થિવ અને વિકૃત નાદમાં જ, માધુર્યમાં લપટાયેલા ન રહેતાં કલ્પનાને કોરે મૂકી સ્થૂળથી સૂક્ષ્મ ને સૂક્ષ્મથી સૂક્ષ્મતર દિવ્યનાદ – બ્રહ્મ – તરફ વળે તો ખરેખર એ કવિ એ અમર ગાનમાધુર્યનો આસ્વાદ લઈ જીવન ધન્ય બને. અહાહા ! એ ગેબી ગાનનું માધુર્ય કેટલું મધુર ! કોયલના ટહુકાર, બંસીના સ્વર, બીનના રણકાર વગેરે એ ગેબી ગાનના માધુર્ય આગળ પાણી ભરે ! પર્વતમાળા હોય, એકાદ પર્વતમાંથી ઝરણારૂપે એકાદ ખીણમાંથી ઝરતી એકાદ સરિતાનો રૂપેરીસ્રોત વહેતો હોય, પાષાણને અથડાતો પોતાનો માર્ગ કરતો આગળ ધસતો હોય ત્યારે કેવો કિલ્લોલ કરે ? એ કલકલ કરતો એકધારો કેવો મધુર, કેવો કર્ણપ્રિય નાદ તેમાંથી નીકળે છે ને શ્રોતાને તન્મય બનાવે છે ! ક્ષણભર પોતાનું દેહભાન ભૂલી એ કેવો નાદમય બને છે ? નાદઘેલું મૃગલું જેમ નાદ સુણીને થંભી જાય છે તેમ શ્રોતા પણ થંભી જાય છે ! મૃગલા જેવી માનવસ્વભાવની ને માનવમનની તમામ ચંચળતા વિસારે પડે છે ! એ બધું બને એ નાદના અમાનુષી અપાર્થિવ માધુર્યની મૂર્તિસમા રણકારથી ! એના પ્રભાવથી પ્રભાવિત બનેલો માનવી ઘડીભર જગતને ભૂલી; જગન્નાથને સંભારે. પણ એ નિસર્ગની નાદમાધુરીનો અમર આસ્વાદ લેવા માટે જગતનો કોલાહલ વિસારી કોઈ સરિતાના વિજન સ્થાનમાં જાવ, એકાદ શિવાલય પર બેસો,

દેહગેહની ચિંતા ત્યજીને એ નિસર્ગના ગાનની અંદર ઊંડે ડૂબકી મારો ! પરાથી પાર તેના ગેબી રણકારમાં એકતાન થાવ તો જ એની અમર અપાર્થિવ માધુરીનો એ સૂક્ષ્મ, ગેબી બ્રહ્મજ્ઞાનનો આનંદ માણશો ! પ્રભુની પ્રભુતાનો, એની આનંદમૂર્તિનો તમને ત્યાં સાક્ષાત્કાર થશે !

એ જ અનુસંધાનમાં શ્રી અવધૂત આગળ કહે છે :

**"ઘૂ ઘૂ ઘૂઘવે પયોધિ, નિર્ઝરો અરણ્યનાં"**
**વાત, પંછી વનતણાં, જે ગાય ગીત ધીશનાં !!**

**ઘૂ ઘૂ ઘૂઘવે પયોધિ**

ઉપર તારાઓના આત્મગુંજનની વાત કરી. નિસર્ગના એ ગુંજનમાં એ અલૌકિક બ્રહ્મનાદ સાંભળવાને વૃત્તિ ટેવાઈ જાય કે સઘળે એ જ અમરગાણું સંભળાવા લાગે છે. એ જ રીતે શ્રી અવધૂતે અન્યત્ર એક ઠેકાણે કોયલના ટહુકારમાં તું...હું, તું...હું માફક ઉદ્‌ગારમાં 'તત્ત્વમસિ તંબૂર'ના રણકારની વાત કહી છે. અભ્યાસ વધતાં બધેય એ જ આત્મરણકાર સંભળાય છે ! પાડાના શબ્દમાંથી પણ વેદ નીકળે છે ! કૂતરાના ભસવામાં પણ "अहमन्नम् । अहमन्नम् । अहमन्नम् । अहमन्नादः । अहमन्नादः । अहमन्नादः ।" "હું જ અન્ન છું ! હું જ અન્ન ખાનાર છું !!" એવું એકતાનું આત્મગાન સંભળાય છે. અહીં સાગરનાં ગંભીર ગાન કે ઘૂ...ઘૂ...ઘૂ...એવી ગૂઢ ગર્જના, અરણ્યમાં નિર્ભયપણે ખળખળ વહેતા પાણીનાં નિર્મળ ઝરણાં, સૂ...સૂ...સો...સો...(તત્...તત્...) કરતો વાયુનો સૂસવાટ, વનમાં સ્વૈરકલ્લોલ કરતાં પંખીઓ – બધાંય અંતઃપ્રેરક પરમાત્માનાં જ ગાન ગાય છે એમ કહી શ્રી અવધૂત એ જ સત્ય તરફ ધ્યાન ખેંચે છે.

સ્થૂળમાં રહેલા સૂક્ષ્મને પામી, તેમાં જ સમાવાનું, એ સાગરનો વિશાળ કાયા-પટ અનોખું સ્થાન. અનંતના ગેબી ગાન શ્રવણ કરવાનું એ પરમધામ ! પણ ક્યાં સદ્‌ભાગ્ય એવાં કે એ નાદ શ્રવણ થાય !

અને બીજાં છે અરણ્યનાં નિર્ઝર ! – બેઠા છો કોઈ એ ઝીણાંઝીણાં રૂપેરીરેખા જેવાં ઝરણાં પાસે ? કરી છે કોકવાર વાતો એ વિનમ્ર નીતરતાં નીર સાથે ? એ ઝીણાં ઝરણાં ઝરતાં ઝરતાં કેવો મંજુલ રવ કરે છે ! ક્યાં સાગરનો ઘૂઘવાટ ને ક્યાં એ ઝરણાંનો મંજુલ રવ ! પણ ત્યાંયે એ જ આનંદની પરાકાષ્ઠા છે ! ત્યાં પણ એ જ દિવ્યગાન ગુંજે છે. અરે ! એવા રમણીય સ્થાનની કલ્પના જ આનંદિત બનાવે છે તો એ દૃશ્ય નજરે નિહાળ્યું હોય તો ? પણ એ નિર્ઝરોય અરણ્યનાં જ હોવાં જોઈએ. કૃત્રિમ નિર્ઝરમાં એ આનંદ અર્પવાનું સામર્થ્ય નથી. એ કૃત્રિમ દૃશ્ય અંતરને એટલું આકર્ષી નહિ શકે.

સમુદ્રના, સરિતાના કે નિર્ઝરના એ બધાય નૈસર્ગિક નાદો-મધુરગાન ચિત્તને શાંત બનાવે છે, તલ્લીન કરે છે. ચિત્તને શાંત કરીને સ્થિર કરી

આપે તે સાધન દૈવી છે. –દિવ્યતા તરફ લઈ જનારું છે એમાં તો શક જ નથી. નિસર્ગમાં નિમગ્ન થનારો ક્ષણભર તો જગતને, જાગતિક પ્રપંચને અને પોતાને પણ ભૂલી જાય, પરમતત્ત્વમાં તેટલી ક્ષણ તો મગ્ન બને ! આ જ છે એ દિવ્ય-ગેબી ગાનની ખૂબી ! શ્રાવ્ય-અશ્રાવ્ય જે ગેબીનાદ નિસર્ગમાંથી નીકળે છે તેની આગળ બીજા બધાય કૃત્રિમનાદ હેઠા પડે છે. એ ગેબીનાદમાં ધ્યાનમગ્ન બની જવાની વૃત્તિ કેળવવામાં આવે તો જ એ નાદશ્રવણનો આનંદ માણી શકાય. જ્યાં સુધી મન પ્રાકૃતિક નાદમાં મસ્ત છે ત્યાં સુધી તે દિવ્યનાદનું આત્માને ડોલાવનારું વાતાવરણ ઝીલવાને સમર્થ નથી. સાધારણ રીતે પ્રપંચમાં રચીપચી રહેલો માણસ જ્યાં સુધી પ્રપંચ સાથે તાદાત્મ્ય ન કેળવે ત્યાં સુધી પ્રાપંચિક આનંદ પણ તે માણી શકતો નથી તો દિવ્ય આનંદ તો લૂંટી જ કેમ શકે ! અહીં તો પ્રપંચને વિસારી નિસર્ગ સાથે તાદાત્મ્ય કેળવવાનું એક પરમ સાધન છે નિસર્ગનો એ ગેબીનાદ ! એ જ છે નાદબ્રહ્મ !







બીજો વનપંખીનો કલરવ ! મંદમંદ વાયુ લહેરાતો હોય, સમીસાંજે પલપલ પલટાતા સંધ્યાના રમ્ય રંગોનું વાતાવરણ જામ્યું હોય, આકાશમાં આછાં આભલાં મંદગતિએ વહેતાં હોય, અથવા ઉષાના દર્શનના સમય પહેલાંનું એકાંત હોય, આકાશમંડળ તારલાઓથી તેજાળું જણાતું હોય, ક્યાંય અશાંતિ ન હોય, ઉષાના રંગે નભોમંડળ ભરાતું જતું હોય અને ત્યારે પણ એ અનેકવિધ પંખેરું, વૃક્ષરાજીમાં અવનવા સ્વરથી કલરવ કરીને નીરવ નિસર્ગને એ કલરવના ગુંજારવથી સભર બનાવે, વાયુ પણ મંદવેગે વહેતો એ નાદને લઈને ચો-દિશ વહી જાય ત્યારે એ વાયુમંડળમાં વિહાર કરતાં એ પંખેરુંનો કર્ણપ્રિય કલ્લોલ શ્રવણ કરનાર જો તેમાં તન્મય બને તો ત્યાં પણ એ પંખીની ભાષામાં તેને પ્રભુનાં ગાન જ શ્રવણ કરવાનાં મળે. એ કર્ણપ્રિય રવ પણ કેટલો મંજુલ અને મધુર લાગે ! ભલે એ ભાષા સમજવાની આપણી શક્તિ ન હોય, પણ એ નૈસર્ગિક નાદના ગહન પ્રભાવનો તો આપણને પરિચય થયા વિના ન રહે.

વસંત યૌવનમાં હોય, આંબલિયાની ડાળે ડાળે આમ્રમંજરી મહેંકમહેંક થતી હોય, અને પાંદડે પાંદડે પુષ્પગુચ્છ મહાલતા હોય, એ પુષ્પમંજરીના મધુર પરિમલથી વાયુમંડળ સભર બન્યું હોય, વાતાવરણ મસ્ત હોય ત્યારે આનંદમગ્ન કોયલડીના ટહુકાર કેટલા કર્ણપ્રિય બને છે ! અને તેથી જ કેવળ દિવ્ય નિસર્ગનું પાન કરનારા ઋષિમુનિઓ એવા દિવ્ય અરણ્યમાં જ, જગતના કોલાહલથી વેગળા, આત્મનિમજ્જન અર્થે રહેતા. કેવળ કોયલ જ નહિ, બીજાં અનેકવિધ પંખેરુંના અનેકવિધ સ્વરો એ શ્રવણલાલસાને કેટલી તેજાળી બનાવે છે ? એ સ્વરો કવિને આકર્ષે, ભક્તોને આકર્ષે, સંતોને આકર્ષે, સંસારીને આકર્ષે, કામીને આકર્ષે, વિરક્તને આકર્ષે અને બધાયને પોતાની દિવ્યતાથી ભરી નાંખે. પ્રભુની






પ્રભુતા આવાં સ્થાનોમાં પ્રત્યક્ષ થાય જ્યાં બંદીજનોની માફક નિસર્ગના લાડીલાઓ પ્રભુના દિવ્યગુણાનુવાદ ગાતાં ધન્યતા અનુભવે. અને સાંભળનારને ધન્ય અને પાવન કરે.

જ્યાં કૃત્રિમતા છે ત્યાં કલાનું આકર્ષણ નથી. જ્યાં સારી કલા છે ત્યાં કૃત્રિમતાને સ્થાન નથી. નિસર્ગ એટલે કલાનો અવતાર. કલાકારો એ નિસર્ગમાંથી જ પ્રેરણા પ્રાપ્ત કરે અને એ કલાનું અનુકરણ કરે. છતાંય નિસર્ગ અને અનુકરણમાં કેટલો ભેદ ! અને તેથી જેને નાદાનુસંધાન કરવું છે, જેને નિસર્ગનું એ ગેબીગાન શ્રવણ કરવું છે તેણે તો કૃત્રિમતાનો ત્યાગ કરી નિસર્ગના જ ઉપાસક બનવું પડે. ગેબીનાદ શ્રવણ કરવાના આદેશ પાછળ શ્રી અવધૂતનો આ જ ઉદ્દેશ છે. જેણે નિસર્ગમાં ડૂબકી મારી છે, જેને એ ગેબીનાદનો અનુભવ છે, જેણે એ નાદનો આનંદ માણ્યો છે, જેણે નિસર્ગના મુક્ત વિહારમાં પ્રભુની લીલાનાં દર્શન કર્યાં છે તે જ આવી વાત કરી શકે. કોક વિરલ ગૌરાંગ જ સાગરના તરંગધ્વનિમાં શ્રી કૃષ્ણની મધુર બંસીનો નાદ સાંભળે ને સાગરની રમ્ય નીલિમામાં એ નંદકિશોરનાં દર્શન કરી શકે ! કોક નિસર્ગઘેલો વિશ્વકવિ જ પહાડોનાં પ્રવચનો સાંભળે ને દોડતાં ઝરણાંનાં કલ્લોલની કિતાબો વાંચી શકે ! સ્વામી રામતીર્થ જેવો કોક વિરલ અવધૂત જ કઠણ ધરતી પર મખમલની શય્યાનો આનંદ માણી શકે, તારાઓની સભાઓના સંવાદ ઝીલી શકે અને વનપંછીઓના કિલ્લોલ સાંભળી

"યહાં પંછી મિલ કર ગાતે હૈં સંદેશ સુનાતે હૈં"

કહી નાચી ઊઠે ને એ પ્રિયતમ પ્રીતમમાં આત્મવિલોપન કરી શકે. કોક વિરલ શ્રાપિત સ્વર્ગીય યક્ષ જ વર્ષાકાળે આકાશમાં નિરંકુશ દોડતા વાદળ સાથે પોતાની બારસો ગાઉ દૂર પડેલી પ્રિયતમાને સંદેશો મોકલવાનું કલ્પી શકે ! ને કાલીદાસ જેવો કોક કવિશ્રેષ્ઠ જ એ ગેબી સંદેશને અક્ષરદેહ આપી મેઘદૂત જેવા અમર કાવ્યમાં આદેશી શકે ! અસ્તુ.

આમ નિસર્ગની સાથે એકતાન થતાં જ માણસનું આખું જીવન પલટાઈ જાય છે. અપાર્થિવ નિસર્ગમાં રમતાં આંખ વગેરે તેની ઇન્દ્રિયો સંયમ તરફ વળે છે. ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત થતાં નિકૃષ્ટ વસ્તુનું આકર્ષણ છૂટતું જાય. તેમ ધીમે ધીમે ઉદાત્ત ભાવનાઓ કેળવાતાં તેની પાર્થિવ સ્થૂળ દૈહિક વાસનાઓ ક્ષીણ થતી જાય છે અને શ્રી અવધૂતે આરંભમાં જ કહ્યું છે તેમ

"મિટે સમૂળ વાંછના"

અંતે વાસનાનો સમૂળ નાશ થાય છે. અને સૂક્ષ્મ વાસના પણ મરી જતાં નિર્વિષય નિરતિશય આનંદ પ્રાપ્ત થાય છે. એ જ વાતનો સંકેત કરતાં શ્રી અવધૂત કહે છે :

"દિવ્ય સ્પર્શ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ અંતરે;"
"દિવ્ય નાદ, રસ સુદિવ્ય, ચાખતાં ન મન ચળે !"






શરૂઆતમાં માણસ સ્થૂળ દૈહિક વિષયોમાં રમતો હોય છે. એના આનંદનું આલંબન સ્થૂળ હોય છે, પાર્થિવ હોય છે. સાધનામાં ધીમે ધીમે એ જેમ આગળ વધતો જાય છે, તેમ એ નિસર્ગાનુરાગી બને છે. અહીં એની વાસનાઓનું આલંબન સૂક્ષ્મ હોય છે. નિસર્ગની અગમ્ય કેલિમાં જ એને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધનો આસ્વાદ મળે છે. એ માણવામાં ઇન્દ્રિયોને અંતર્મુખ થવાની ટેવ પડે છે. ધીમે ધીમે એ સંયમિત થવા લાગે છે. મન અને ઇન્દ્રિયોનો એ સંયમ કે અંતર્મુખતા પૂર્ણપણે સિદ્ધ થતાં માણસને અતીન્દ્રિય, અપાર્થિવ, નિર્વિષય, એક અદ્વિતીય, અમર્યાદ આનંદની પ્રાપ્તિ થાય છે. એને જ – એ નિરાલંબ આનંદને જ – બ્રહ્માનંદ કે નિજાનંદ કહે છે. એ અમર આનંદ કે નિજાત્મસ્વરૂપ સઘળે સભર ભરેલું છે. એનો અનુભવ તે જ આત્મસાક્ષાત્કાર કે બ્રહ્મદર્શન.

આ જ વાત શ્રી અવધૂતે ઉપરની બે પંક્તિમાં ઉદ્‌બોધી છે. અહીં દિવ્ય સ્પર્શ વગેરેથી અતીન્દ્રિય, અશરીરી સ્પર્શાદિ પ્રત્યે સંકેત છે. ઉપર નાદ કે શબ્દ અને રૂપનો જ ઉલ્લેખ કર્યો છે. પણ એમાં બધાય વિષયોનો સંકેત રહેલો છે. ધીમેધીમે જ્યારે માણસ એ દિવ્ય અશરીરી સ્પર્શ, દિવ્ય સુગંધ-દુર્ગંધ મુક્ત અપાર્થિવ ગંધ, દિવ્ય સુરૂપકુરૂપવિહોણું અરૂપ રૂપસૌન્દર્ય, દિવ્ય અનાહત ગેબીનાદ, સ્વાદઅસ્વાદ રહિત સુદિવ્ય અલૌકિક રસ એટલે જ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધાતીત નિર્વિષય અતીન્દ્રિય અંતરાત્મામાં અનુભવે છે ત્યારે એનું મન ચળતું નથી, સુખ માટે આમતેમ વલખાં મારતું નથી, વાસનાનો વંટોળ સમૂળગો શમી જાય છે ને એ મન નિઃસ્પંદ, નિસ્તરંગ આત્મસાગરમાં ડૂબકી મારી તેમાં વિલીન થાય છે. પછી શું ? પછી મૌન !

આ જ વાત થોડાક વિસ્તારથી આપણે જોઈએ. નિસર્ગનાં પાંચ મૂળ તત્ત્વો અને તેની તન્માત્રાઓનો શ્રી અવધૂતે ઇશારો કર્યો છે. એટલે આપણે એ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને તેની સાથે જોડાયેલાં પાંચ તત્ત્વો અને તેનો અનુભવ કરનાર ઇન્દ્રિયોને અને સાથેસાથે મનનો પણ થોડો આ ગીત પૂરતો વિચાર કરીએ તો અસ્થાને નથી.

આકાશ એ પંચમહાભૂતોમાં પ્રથમ તત્ત્વ છે. તેનો સ્વભાવ અથવા ગુણ અથવા તન્માત્રા શબ્દ છે. એ શબ્દ સંબંધે તો આપણે આરંભમાં જ વિવેચન કર્યું છે. એ શબ્દ આકાશ જેટલો જ અનાદિ છે. અનાદિ પરમતત્ત્વની અપેક્ષાએ તો અનાદિ નથી પણ ઇતર તત્ત્વોની અપેક્ષાએ એને અનાદિ કહીએ. વસ્તુતઃ તો આકાશને પણ આદિ છે. અનાદિ તો કેવળ એક પરમતત્ત્વ છે. આકાશનો ગુણ મૂળ શબ્દ અનાહત છે અને સ્વાભાવિક છે. એ આદિ નાદ સિવાયના બધાય નાદો એ 'શબ્દ'નાં જ વિકૃત સ્વરૂપો છે અને અંતે એ શબ્દમાંથી જ ઉપજી તેમાં જ તેનો વિલય પણ છે. 

એક ઘંટ આપણે વગાડ્યો, તેનો રણકો નીકળ્યો. એ રણકો






આકાશમાં રણકાર કરતો ગુંજતો તેની લહર અથવા આંદોલનને વાયુમાં પ્રસારતો અંતે અવકાશમાં પોતાના મૂળ સ્વરૂપમાં મળી ગયો. નિસર્ગનો કેટલો સુંદર અને અટલ નિયમ ! સાગરની એક લહર સાગરના મધ્યમાંથી ઊપજી, ઊછળતી ઊછળતી આરે આવી અને આરાની મર્યાદામાં અલોપ થઈ ગઈ. સાગરના સ્થિર પાણીમાં એક કાંકરો નાખ્યો. તેણે જે અવકાશ અવરોધ્યો ત્યાંથી એક નાની સરખી લહરી ઉત્પન્ન થઈ. ધીમે ધીમે વિસ્તાર પામતી તે સાગરકિનારા સુધી આવી. સાગર સમસ્તને આવરી લેતી એ નાની સરખી લહરી વિશાળતાને પામી અંતે તો સાગરને કિનારે જ અદૃશ્ય થઈ. નાદનું પણ એવું જ, અનાહતનાદ આહત થયો. અશ્રાવ્ય હતો તે વાયુના કારણે શ્રાવ્ય બન્યો. પ્રથમ વિશાળ થતો ધીમેધીમે જેમજેમ અવકાશમાં વિસ્તાર પામતો ગયો તેમતેમ ક્ષીણ થતો થતો અંતે તેના મૂળ સ્વરૂપમાં અશ્રાવ્ય સ્વરૂપે સમાહિત થયો અને દિવ્યનાદ સાથે ભળી દિવ્ય બન્યો.

એવા એ દિવ્ય નાદને શ્રવણ કરનારનું મન ચલિત થતું નથી. અન્ય નાદો વિકૃત હોવાથી વિકાર ઉત્પન્ન કરે છે. એક ગાયિકાનું ગાન કામીના મનને ચંચળ અને અસ્થિર બનાવવાને પૂરતું છે. એ દિવ્ય નાદનું અનુસંધાન કરનાર સાધક સ્વરૂપાનુસંધાનને પરિણામે નાદબ્રહ્મની ઉપાસના દ્વારા નાદબ્રહ્મમાં એકરૂપ બની જાય. એ નાદબ્રહ્મ અવ્યક્ત પરમતત્ત્વથી ભિન્ન નથી. અને તેથી તો, 'આકાશમાં જે શબ્દ છે તે જ હું છું' એવું ''शब्दःखे'' કહીને ભગવાને કહ્યું છે. જેને નાદશ્રવણની લાલસા હોય તેણે અન્ય નાદોના નાદની વૃત્તિ પાછી વાળી એ દિવ્યનાદ શ્રવણ કરવાનો જ પુરુષાર્થ કરવો આવશ્યક છે. હરણું કેટલું ચંચળ છે ! પણ એ પારધીના કૃત્રિમ નાદનો ભોગ બનીને પ્રાણ અર્પણ કરે છે. એ નાદની આસક્તિ અથવા નાદમાં મોહ છે. એ મોહનો ત્યાગ સધાય, એ રાગથી નિવૃત્ત થવાય તો અનાહત દિવ્યનાદ શ્રવણ કરવાની યોગ્યતા પણ પ્રાપ્ત થાય. અને ત્યારે જ આત્માનો પણ ઉદ્ધાર થાય. વિષયો વિષ છે. વિષ પ્રાણહર છે. અને તેથી જ વિષયોનું સેવન કરે છે તે આત્માને ગુમાવે છે. અંતે અધોગતિને પામે છે. પ્રભુના નાદનો નાદ ઉદ્ધાર કરે. જગતનો નાદ સંહાર.

હવે આપણે 'દિવ્ય સ્પર્શ'નો થોડો વિચાર કરીએ. પંચમહાભૂતોમાં વાયુનું બીજું સ્થાન છે. આકાશમાં એ વાયુ સભર છે. આકાશ નિર્લેપ છે. તેને કોઈ પણ પ્રકારનું લેપન નથી. એ નિર્લેપ આકાશ જેવો વાયુ પણ નિર્લેપ છે. આકાશમાં અનંત વાદળાંઓ આવે છે અને વિખેરાય છે છતાંય આકાશને તેથી કશું જ થતું નથી. નથી લાભ કે નથી હાનિ. વાયુ આકાશમાં સ્વચ્છંદપણે વિહાર કરે છે. સ્વભાવે તે પણ નિર્લેપ છે. પણ તે

वायुर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।

એ શ્રુતિવચન અનુસાર નિરાકાર હોવા છતાંય જે જે આકારમાં સમાય છે તે તે આકારવાન તે જણાય છે. વાયુમાં સુગંધ પણ નથી અને દુર્ગંધ પણ નથી છતાંય સ્વૈરવિહારમાં તેમાં જે ભેળાય છે તેને લઈને તે વહેતો જ રહે છે. એ વાયુનું અસ્તિત્વ કેવળ સ્પર્શ દ્વારા જ જાણી શકાય છે. એ સ્પર્શનું જ્ઞાન ત્વચાને છે. તેથી જેમ નાદ શ્રવણ કરવાને કાન છે તેમ વાયુના સ્પર્શનો અનુભવ કરવાને 'ત્વચા' છે. એ વાયુ જ્યારે શરીરને અડીને વહી જાય છે ત્યારે સ્પર્શની શીતળ લહર મનુષ્યને કેટલી શાંતિ આપે છે તેનો અનુભવ શ્રમિત હોય તેને અને શ્રમિત ન હોય તેને પણ થાય છે. વાયુ વિના જીવન નથી અને તેથી જ પ્રાણ શરીરનું સંચાલન કરે છે એ અનુભવ સિદ્ધ છે.






જો પ્રાણ અને અપાનની શ્વાસોશ્વાસની ક્રિયા ન હોય તો પ્રાણી જીવી જ ન શકે અને તેથી જ્યારે દેહધારી પ્રાણીનું મૃત્યુ થાય છે ત્યારે શરીર પ્રાણવિહોણું બનીને નિશ્ચેષ્ટ પડ્યું રહે છે. પ્રાણ અને તેના પાંચ વિભાગ એ વાયુ જ છે. વાયુ સ્વતઃસિદ્ધ છે, આકાશમંડળમાં સભર છે પણ હલનચલનથી તેની પ્રતીતિ થાય છે. આઘાત વિના પ્રત્યાઘાત નથી. જ્યારે જ્યારે અવકાશમાં આઘાત થાય છે ત્યારે ત્યારે તેના પરિણામે વાયુનું હલનચલન આપણે અનુભવી શકીએ છીએ. ગરમી પડતી હોય ત્યારે અવકાશમાં પંખો વીંઝીએ તો વાયુનો અનુભવ થાય. એનો અર્થ એવો નથી કે વાયુ ત્યાં નહોતો પણ આઘાતના અભાવે તેનું અસ્તિત્વ આપણે કળી શકતા નહોતા. નાદનું પણ એવું જ છે. જો વાયુનો અભાવ હોય તો નાદ પણ આપણે શ્રવણ કરી શકતા નથી. એટલે અવકાશ અને વાયુ એ પરસ્પર પૂરક છે એમ કહેવામાં અજુગતું નથી. અવકાશ વિના વાયુને વસવાનું ઠામ નથી, અવકાશ વિના પ્રકૃતિને રહેવાનું રહેઠાણ નથી અને તેથી વાયુ અને અવકાશ એ પ્રકૃતિના અસ્તિત્વ માટે અત્યંત આવશ્યક છે. પંખીનો કલરવ, સાગરસરિતાના ઘૂઘવતા નાદ અને બીજાં અનેકવિધ ધ્વનિનાં આંદોલનો, વાયુના સ્પર્શદ્વારા આપણે કાનથી શ્રવણ કરી શકીએ છીએ એ અનુભવસિદ્ધ છે. પણ આપણે અહીં 'દિવ્યસ્પર્શ'ની વાતો કરીએ છીએ. એ વાયુમાં પરમતત્ત્વ સભર ભરેલું છે અને તેની શક્તિ વડે વાયુનું અસ્તિત્વ પણ છે. પરમતત્ત્વની શક્તિનો જો વાયુમાં સંચાર ન હોય તો વાયુનું વાયુતત્ત્વ નથી. વાયુ જડ છે. આકાશમાં જેમ **'શબ્દ'** પરમતત્ત્વની શક્તિ છે તેમ વાયુમાં પણ **'સ્પર્શ'** એ પરમતત્ત્વની જ શક્તિ છે. અને તેથી શ્રી ભગવાને **'પવનઃ પવતામસ્મિ'** એ પ્રમાણે કહ્યું છે. જ્યારે વાયુ શરીરને સ્પર્શ કરે છે ત્યારે શાંતિનો અનુભવ થાય છે કારણ ભગવાન શાંતિનો ભંડાર છે અને એ શાંતિરૂપે વાયુમાં પણ રહેલા છે. એ વાયુ નિર્મળ રહી શકતો નથી. જ્યારે એ તેજનો સ્પર્શ કરે છે ત્યારે તેના દાહકતત્ત્વ સાથે સમરસ બને છે અને વહે છે અને





તેથી ઉનાળામાં એ પવન પણ આપણને બાળતો લાગે છે. જ્યારે એ પાણીને સ્પર્શ કરીને વહે છે ત્યારે એ શીતળતા સાથે એકરૂપ બનીને શરીરને સ્પર્શ થતાં શીતળતાનો અનુભવ કરાવે છે, સુગંધ સાથે ભળીને સુગંધનો અને દુર્ગંધ સાથે ભળીને દુર્ગંધનો અનુભવ કરાવે છે, છતાં એમાંનો એકે વિકાર વાયુનો નથી. જે જે પદાર્થો સાથે સ્વાભાવિક રીતે તે ભળે છે તે તે પદાર્થોનો પટ તેની સાથે વહેતો થાય છે અને તેથી જ સુગંધ, દુર્ગંધ, ઉષ્ણતા, શીતળતા વગેરેનો આપણને જે અનુભવ થાય છે એ શીત, ઉષ્ણ, સુગંધ, દુર્ગંધ આદિથી પર જે નિર્વિષય કેવળ સ્પર્શ છે તે દિવ્ય છે અને તેથી પરમાત્મસ્વરૂપ છે. એ દિવ્યસ્પર્શનો અનુભવ એ જ પરમાત્માનો સાક્ષાત્કાર છે. તે થતાં જ મન અમન થાય છે. બીજા પાર્થિવ સ્પર્શની ઈચ્છા એને ઉદ્‌ભવતી નથી અને તેથી જ તે **'ચાખતાં ન મન ચળે'** એવું શ્રી અવધૂતે કહ્યું છે. એ સ્પર્શ જ પરમશાંતિ આપનાર છે. કલુષિત વાતાવરણમાં જીવનના કોલાહલમાં એ એટલો શાંતિદાતા નથી, કારણકે જાગતિક પરમાણુઓના સ્પર્શ સાથે તે ભળેલો હોવાથી તેના પરમાણુઓની અસર મનુષ્યના ઉપર સ્વાભાવિક રીતે જ થાય છે. શાંત એકાંત સ્થાનમાં જો આપણે જઈએ તો એ જ વાયુનો શાંતિદાતા દિવ્યસ્પર્શ આત્માને આનંદનો અનુભવ કરાવે છે. સંતો એટલા માટે જ જગતના કોલાહલ અને વિષમય વાતાવરણથી દૂર એકાંત નિર્જન વનમાં કોઈ સરિતાકિનારે અભ્યાસ કરીને એ દિવ્યસ્પર્શનો સદોદિત અનુભવ કરે છે. ત્યાં તેમને શ્રી હરિના એ દિવ્યસ્પર્શનું સતત સુખ મળે છે. ચિત્ત પણ એ સ્પર્શમાં પ્રભુનો સ્પર્શ પામીને સાત્ત્વિક આનંદનો અનુભવ કરે છે. પતિપત્નીનો પરસ્પર સ્પર્શ થતાં જેમ કામોદીપક અને માદક આનંદ અનુભવાય છે તેમ પ્રભુનાં એ દિવ્યસ્પર્શથી આત્મા આત્માના આનંદનો અનુભવ કરે છે.

વાયુ નિર્લેપ છે પણ તેને જેનો સંગ થાય છે તેવો તે જણાય છે અને તેથી વિકારના સંગ રહિત વાયુનો આનંદયુક્ત આસ્વાદ લેવો હોય તેણે તો એકાંત, નિર્મળ અને શાંત સ્થળે જ વસવું જોઈએ. ગમે તેટલું લખ્યે એ દિવ્યસ્પર્શના આનંદની કલ્પના નહિ આવે. કદાચ એ "દિવ્યસ્પર્શ" કરવાની અને તેનો આનંદ માણવાની જિજ્ઞાસા થાય પણ એના અનુભવ વિના તૃપ્તિનો ઓડકાર નહીં આવે. હું તમને અડું કે તમે મને અડો એ પણ સ્પર્શ જ છે અને તે સ્પર્શનું જ્ઞાન જ્ઞાનતંતુ દ્વારા થાય છે પણ તે દિવ્ય સ્પર્શ નથી. પતિપત્નીનો સ્પર્શ પણ સ્પર્શ જ છે પણ તે વિકારયુક્ત છે. તેમાં રહેલો આનંદ પણ વાસના અને વિકારયુક્ત છે. વાસનાની તૃપ્તિથી એ આનંદ પણ જતો રહે છે. એ દિવ્ય સ્પર્શનો આનંદ એકરસ જેવો ને તેવો જ રહે છે. એના આસ્વાદમાં ત્રિપુટીનો લય છે અને તેથી જ એક અભેદ નિરુપાધિક આનંદરૂપ સાથે

એકરૂપ થતાં મનનું મનપણું – ચાંચલ્ય નાશ પામે છે, એના ભેદખેદ જતા રહે છે અને જીવ અનંત શાંતિ કે શિવતાનો અનુભવ કરે છે. અસ્તુ.

હવે આપણે દિવ્ય ગંધની વાત કરીએ. પૃથ્વી પણ પાંચ તત્ત્વમાંનુ એક તત્ત્વ છે. પૃથ્વી એ પાંચે તત્ત્વોનું સપ્રમાણ મિશ્રણ છે. એમાં આકાશ, વાયુ, તેજ અને અપ એ ચાર તત્ત્વો અને પાંચમું પૃથ્વીનું સ્વતત્ત્વ છે. અને તેથી જ એ પાંચે તત્ત્વોની તન્માત્રા એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચે પૃથ્વીમાંથી મળી રહે છે. એ તત્ત્વ જડ છે, સાકાર છે, પણ તેનો ગુણ નિરાકાર છે. અનુભવજન્ય છે. એ ગુણ છે 'ગંધ.' સારી અથવા માઠી વાસ એ પૃથ્વીનો ગુણ છે, પણ તેનો અનુભવ નાકને વાયુદ્વારા થાય છે. નાક તો જડ છે પણ નાકદ્વારા મન એ ગંધનો અનુભવ કરે છે. જો વાયુ ન હોય તો ન તો એના વિકારની પ્રતીતિ થાય કે ન તો મનને અનુભવ થાય. નાકનાં નસકોરાં દબાવીને મુખથી પ્રાણાપાન ક્રિયા કરીશું તો સુગંધ કે દુર્ગંધનો અનુભવ એ મુખદ્વારા લીધેલા વાયુમાં જણાતો નથી એનો અનુભવ થશે. ઘ્રાણનો ધર્મ જેમ પ્રાણનક્રિયા કરવાનો છે તેમ વાસ લેવાનો પણ છે. સુગંધ કિંવા દુર્ગંધ એ પૃથ્વીની નિર્ભેળ ગંધ નથી. જે નિર્ભેળ ગંધ છે તે એક વિલક્ષણ સૂક્ષ્મ છે. તે નથી સુગંધ કે નથી દુર્ગંધ. પૃથ્વીની એ અનેરી ગંધથી બીજી બધીય સુગંધ કે દુર્ગંધ હલકી કક્ષાની જણાય છે. કૃત્રિમ પદાર્થોની સુગંધ માદક છે, વિકારને ઉત્તેજન કરનારી છે, પણ પૃથ્વીની ગંધ મનને મસ્ત બનાવનારી છે અને એ મસ્તીમાં મનુષ્ય જગતની મસ્તી ભૂલે છે અને ધીમેધીમે એથી પર અપાર્થિવ, નિરાલંબ, દિવ્યગંધ-નિરપેક્ષ અતીન્દ્રિય ઈશ્વરી આનંદ અનુભવે છે.




ભા.- ૩

વર્ષના પ્રારંભકાળમાં જ્યારે પૃથ્વી સૂર્યના પ્રખર તાપે ધગધગતી હોય અને આભલું વરસીને તેને ભીની બનાવે ત્યારે તેમાંથી જે એક પ્રકારની બધીય ગંધો કરતાં અનોખી સૂક્ષ્મ ગંધ વાયુમાં સંચાર કરે છે તે ગંધનો આપણને પરિચય થાય છે. માટીના કોરા વાસણમાં પાણી પ્રથમવાર ભરો અને તેમાંથી જે ગંધ નીસરે છે તે ગંધની બીજી ગંધ સાથે સરખામણી કરો. સ્થૂળ સુગંધ કે દુર્ગંધ સાથે સરખાવતાં આ ગંધ એથી પર સૂક્ષ્મ અને અનોખી જણાશે. તીવ્ર ઘ્રાણેન્દ્રિય વગર એનો અનુભવ નહિ આવે. એનો અનુભવ થતાં સ્થૂળ ગંધની આસક્તિ છૂટી જાય છે. પણ આખરે એ ગંધ સોપાધિક છે. સૂક્ષ્મ તન્માત્રા ઘ્રાણેન્દ્રિયની તીવ્રતા પર નિર્ભર છે. પણ એ અનુભવતાં અનુભવતાં મનોવૃત્તિ સુસૂક્ષ્મ બની એથી પણ પર નિરુપાધિક, ઇન્દ્રિયનિરપેક્ષ આનંદ, જેને શ્રી અવધૂતે 'દિવ્યગંધ' કહી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે તેનો અનુભવ થતાં મનની દોડધામ શમે છે ને વાસના વિરમે છે. એ નિર્વાસન આનંદ તે જ દિવ્યગંધ. આમ દરેક વિષયમાં સ્થૂળ, સૂક્ષ્મ ને દિવ્ય એ ક્રમે વિચાર કરવાનો છે.

ગુલાબ, હીના વગેરે જેવાં અત્તરોની સુગંધ સ્થૂળ છે. નિસર્ગમાં પૃથ્વીની સૂક્ષ્મ ગંધતન્માત્રાનો અનુભવ થતાં મન ધીમે ધીમે તેમાં રમવા લાગે છે અને એ સ્થૂળાસક્તિ છૂટી જાય છે. ધીમેધીમે એથીયે પર ગંધાગંધ વિહોણો આનંદ અનુભવે છે અને સૂક્ષ્મ તન્માત્રાની આસક્તિ પણ નાશ પામે છે. એ જ દિવ્યગંધ કે નિજાનંદ ઈશ્વરીગંધ છે. એનો અનુભવ થતાં મન પૂર્ણપણે નિરાસક્ત, નિર્વિષય બની જાય છે. એનું આયુષ્ય પૂરું થાય છે. એના પૃથક્ અસ્તિત્વનો જ અંત આવે છે.

ભગવાનની અષ્ટધા પ્રકૃતિમાં 'તેજ' પણ એક તત્ત્વ છે, પ્રકૃતિ છે અને તેની તન્માત્રા અથવા ગુણ છે 'રૂપ'. તેજ વિના રૂપની અભિવ્યક્તિ નથી. પ્રકૃતિનું રૂપ કેટલું સુંદર છે ! કેવળ નિસર્ગનું નૈસર્ગિક સૌન્દર્ય એટલે જ પ્રકૃતિ.

શરૂઆતમાં માણસ મનુષ્યનાં અને મનુષ્યે બનાવેલી કલાકૃતિઓનાં રૂપથી આકર્ષાય છે. માનવીની સુંદર તનુ કે કોઈ સારા ચિતારાએ ચિત્રેલાં ચિત્રવિચિત્ર ચિત્રો અથવા કોઈ નિપુણશિલ્પીની શિલ્પકૃતિઓ જોઈ એનું મન આકર્ષાય છે. એમાં એ લટ્ટુ બને છે. ને કેટલીકવાર એ એમાં એટલો આસક્ત કે ઘેલો બને છે કે એને પોતે ક્યાં છે, શું કરે છે, તેનું પણ ભાન રહેતું નથી. ધીમેધીમે નિસર્ગ કે કુદરતના સૂક્ષ્મ ને ગહન સૌન્દર્ય તરફ ખેંચાતાં એની ઉપર વર્ણવેલી સ્થૂળ રૂપાસક્તિ ઓસરતી જાય છે. નિસર્ગની એ નિતાંત રમણીય રૂપમાધુરીનો આનંદ માણતાં માણતાં એની સ્થૂળ આસક્તિ તદ્દન છૂટી જાય છે ને એ નૈસર્ગિક દૃશ્યોમાં તલ્લીન થાય છે. એમ વૃત્તિ સૂક્ષ્મ થતાં થતાં એનું ચિત્ત એ વિકારી નિસર્ગમાં, એ કુદરતની વિવિધતામાં નિર્વિકાર, નિરુપાધિક નિર્ગુણરૂપે રહેલ સકળસૌન્દર્યનિધાન રૂપનાયે રૂપ દિવ્યરૂપ પરમતત્ત્વમાં સમરસ થાય છે. એનો સ્થૂળ, સૂક્ષ્મ વિષયાધ્યાસ છૂટી જાય છે ને એ સ્વયં ચિદ્રૂપ – આનંદરૂપ બની જાય છે. પછી એને આનંદ કે સુખ માટે પોતાની બહાર પિંડ કે બ્રહ્માંડમાં ક્યાંયે વલખાં મારવાનું રહેતું નથી. એ પરમતત્ત્વ જ સકળ રૂપનો અંબાર તેજનુંયે તેજ છે. નેત્રાદિ પિંડની જ્યોતિ કે સૂર્યચંદ્રાદિ બ્રહ્માંડની જ્યોતિઓને પ્રકાશનાર એ વિભુસ્વયંજ્યોતિનાં દર્શન થતાં એને બીજું શું જોવાનું રહે ? અને બીજું છે પણ ક્યાં ? એકાદ્વિતીય પરમતત્ત્વ સાથે એકરૂપ થતાં સઘળો સાધનાનો ખેલ પૂરો થાય છે ને શાંતિનો અનેરો આનંદ પ્રવર્તે છે. એમાં નથી સ્ત્રી, નથી પુરુષ, નથી કુરૂપ, નથી પિંડ, નથી બ્રહ્માંડ અને તેથી જ એ અરૂપને દિવ્યરૂપ કહ્યું છે. એ રૂપ જોવા માટે નિસર્ગ એ માત્ર દર્પણ જેવું જ છે. ફાવે તેટલું સુંદર હોવા છતાંય એમાં દેખાતું રૂપ-સૌન્દર્ય એ પ્રભુના પરમ નિરુપાધિક સૌન્દર્યનું પ્રતિબિંબ, આભાસ માત્ર જ છે. એ આભાસમાંથી મૂળ ભાસ તરફ વૃત્તિ વળતાં ધીમે ધીમે એ તેમાં જ સમાઈ દીપકની જ્યોતને ભેટવા જતા પતંગિયાની

માફક, તદાકાર બને છે. જ્યોતથી જુદું રહે ત્યાં સુધી જ પતંગિયાને એના તરફ દોડવાનું રહેને ? ચિત્તનું ચૈતન્યથી પૃથક્ અસ્તિત્વ રહે ત્યાં સુધી જ એની દોડધામ ! મૂળ ચૈતન્ય સાથે એકરસ થતાં જ એ બધી ઉદ્દામ પ્રવૃત્તિનો અંત આવે છે.

"ચાખતાં ન મન ચળે"

એમ કહી શ્રી અવધૂતે આ જ વસ્તુનું સૂચન કર્યું છે.

પણ પ્રકૃતિમાં અંતર્હિત પ્રભુને જોવાને બદલે આપણી આંખો એ પ્રકૃતિનાં સ્થૂળ રૂપને જ જોવાને ટેવાયલી છે અને તેથી જ પ્રકૃતિનું નિર્ભેળ રહસ્ય, નિરુપાધિક સ્વરૂપ કળી શકવાની આપણી શક્તિ નથી. આપણી દૃષ્ટિ નથી. વિધવિધ રૂપ રંગમાં રમી રહેલી દૃષ્ટિને અંતર્મુખ કરી સ્થૂળ સૂક્ષ્મ બધે એક નિર્વિકાર નિરાકાર રૂપે રહેલા વિશ્વાત્માને જોવો એ જ વિશ્વગ્રંથ વાંચવાનું પ્રયોજન છે.

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

"એક જ પરમ પ્રકાશ ઉપાધિ ભેદે જુદે જુદે રૂપે ભાસે છે." એ શ્રુતિ વાક્ય આ સત્યને પુષ્ટિ આપે છે. જેમ અગ્નિ એટલે તેજ એક હોવા છતાં જે જે આકારને તે વ્યક્ત કરે છે તે તે આકારરૂપે જ તે જણાય છે તેમ પરમતત્ત્વ એક જ છે છતાં જે જે આકારોમાં તે પ્રવેશ કરે છે તે તે આકારરૂપે તે દેખાય છે અને તે આકારોથી પર એ નિરાકાર રૂપે પણ તેજ વ્યાપેલું છે.

દિવ્યરૂપને જોવાની આ એક અમોઘ, સુંદર અને શાસ્ત્રીય ચાવી છે. જે તાળાને લગાડશો તે તાળું ઊઘડી જશે. પ્રયાસમાત્ર દૃષ્ટિ ફેરવાનો જ કરવાના છે. તે તો તેમનું તેમજ રહેશે, તમે પણ તેવા જ રહેશો પણ તમારી નજર જે ઊંધી છે તે સીધી થશે. એટલે તમે સ્ત્રીમાં, વૃક્ષમાં અને સર્વત્ર પ્રભુને જ જોશો. તમારા વિકાર ગળી જશે. પ્રભુમાં પ્રભુરૂપ બની જશો. એવું એ દિવ્યરૂપ છે. ભલે તે સ્ત્રી હોય, ગોરી કે કાળી હોય, ઘાટીલી કે અષ્ટાવક્ર હોય, પુરુષ હોય, પશુપંખી હોય, ઝાડ, પાન કે પહાડ હોય, પણ તે બધાય રૂપમાં એ એક જ અરૂપ—દિવ્યરૂપ પરમાત્મા પ્રકાશી રહેલો છે અને તેનું જ દિવ્યરૂપ એ આકારો દ્વારા વિધવિધ રૂપરંગે પ્રતિબિંબિત થાય છે. તે રૂપને નિહાળવાને જ વિશ્વગ્રંથ વાંચવાની જરૂર છે. એ રૂપ બાહ્ય દૃષ્ટિએ જોઈ શકાતું નથી. અને તેથી જ **'અંતરે'** એ શબ્દનો શ્રી અવધૂતે પ્રયોગ પણ સહેતુક કર્યો છે. બાહ્ય સ્વરૂપના ગર્ભમાં જે દિવ્યસ્વરૂપ રહેલું છે તે શાશ્વત છે. બાહ્ય સ્વરૂપ આજે છે કાલે નથી. અરે પળપળ પલટાતા એ બાહ્યરૂપના મોહ શા ? એ શાશ્વત સ્વરૂપને જોવાને અંતર્ચક્ષુ જોઈએ.



જે રૂપ ઇન્દ્રિય ગોચર નથી તે રૂપ જોવાને જ્ઞાનદૃષ્ટિ જોઈએ

અને તે કેળવવા માટે જ આ વિશ્વગ્રંથના વાંચનની આવશ્યકતા ! તે કેળવાતાં કોક દિન અંતઃચક્ષુ ખૂલે અને એ દિવ્યરૂપ જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય. અસ્તુ.

હવે રહી જુદા જુદા સ્વાદરૂપે અનુભવાતા જલતત્ત્વના રસની વાત ! એનો પણ પાછળ કહેલા ત્રિવિધ ક્રમે વિચાર કરીએ. જેમ રૂપાદિનો સંબંધ નેત્રાદિ ઇન્દ્રિયો સાથે છે અને તે તે ઇન્દ્રિયો દ્વારા મન તે તે વિષયનો આનંદ ભોગવે છે અને ક્રમેક્રમે નિર્વિષય આનંદસ્વરૂપ પરમતત્ત્વ તરફ જાય છે. તેવી જ રીતે અહીં પણ છે. સ્થૂલ રસનો સંબંધ જીભની સાથે છે. અને તેથી જ એને રસના કહી છે. ખાનપાનની કોઈ પણ વસ્તુ સામે આવતાં એમાં રહેલા સ્વાદ કે રસથી જીભને પાણી છૂટે છે. તે ગ્રહણ કરવા મનમાં સળવટાળ કે અધીરાઈ આવે છે. એક જ જલતત્ત્વ પાર્થિવાદિ રજકણોના સંસર્ગથી તે તે વસ્તુઓમાં પેસી તેમાં કટુ, અમ્લ, લવણાદિ વિવિધ રસ પેદા કરે છે અને તે તે વસ્તુઓના સંમિશ્રણથી માણસ પોતાની રસવૃત્તિને સંતોષવા માટે અનેક કૃત્રિમ વાનગીઓ તૈયાર કરે છે. પણ એ ભૂલી ઠરતી નથી. અનેક રસનો ઉપભોગ લેવા છતાં તેની લોલુપતા કે રસાસક્તિ વધતી જ જાય છે. જેમ જેમ માણસ કુદરતનો અનુરાગી બનતો જાય છે, નિસર્ગની શુદ્ધ વસ્તુઓનો આસ્વાદ લેતો જાય છે તેમ તેમ એની કૃત્રિમ પદાર્થોમાંની રાજસ્, તામસ્ રસાસક્તિ હઠતી જાય છે ને એ કેવળ સત્ત્વપ્રિય બનતો જાય છે. ધીમેધીમે એની વૃત્તિ સૂક્ષ્માતિસૂક્ષ્મ બનતી જાય છે અને એ વસ્તુમાત્રમાં રહેલો સ્વાદાસ્વાદથી અતીત, કટમ્લાદિમુક્ત દિવ્ય ગુણાતીત શુદ્ધસત્ત્વ અતીન્દ્રિય આનંદનો ઉપભોગ લે છે. તદ્રૂપ બને છે. નિસર્ગનું આમ સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરીક્ષણ કરતાં કરતાં, આનંદ લૂંટતાં લૂંટતાં માણસનો જીવભાવ ઓગળતો જાય છે, એનું મન ઉન્મત્ત બને છે અને એ શિવતા પ્રાપ્ત કરી પરમ નિરુપાધિક આનંદમાં મગ્ન બને છે. આ ઈશ્વરી અમર આનંદને જ દિવ્ય રસ કહી શ્રી અવધૂતે વર્ણવ્યો છે. 'રસો વૈ સઃ ।' એ પરમતત્ત્વ રસસ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે' એમ કહી શ્રુતિએ પણ આ જ સત્યનું પ્રતિપાદન કર્યું છે. એ રસદિવ્ય-સ્વર્ગના અમૃતાદિ રસોથી પણ વધારે દિવ્ય, વિલક્ષણ, અદ્વિતીય, અનુપમેય છે એમ કહેવામાં શ્રી અવધૂતનો આ જ આશય છે.

એ પરમતત્ત્વ જ મૂળ રસ છે. એ ચાખતાં જ મનના મોતિયા મરે છે ને એના નંગા નાચનો અંત આવે છે.

આમ શ્રુતિ, સ્મૃતિ ને અનુભવ અનુસાર આપણે જોયું કે પ્રકૃતિના પ્રત્યેક અંગમાં સારરૂપે તો પરમતત્ત્વ જ રહેલું છે અને જ્યારે આપણે પ્રકૃતિના પ્રાકૃત દર્શનથી પર જઈ તાત્ત્વિક દર્શન તરફ વાચ્યાર્થથી લક્ષ્યાર્થ તરફ વૃત્તિને વાળીએ ત્યારે ત્યાં પ્રકૃતિમાં રહેલા પ્રભુનાં દર્શન થાય એમાં નવાઈ નથી. જેમ દૂધના પ્રત્યેક બુંદમાં અવ્યક્તપણે ઘી સમાયેલું છે,

દૂધના પ્રત્યેક કણમાં જેમ ઘી છે અથવા બીજી રીતે કહીએ તો દૂધરૂપી શરીરનો આત્મા ઘી છે તેમ પંચભૂતાત્મક નિસર્ગમાં પણ ઉપર જણાવ્યું તેમ સારરૂપે એક પરમાત્મતત્ત્વજ રહેલું છે. અને એની પ્રાપ્તિ માટે શરૂઆતમાં કહ્યું તેમ વિશ્વગ્રંથનો – એ નિસર્ગની પોથીનો નિત્ય સ્વાધ્યાય એ જ સરળ ઉપાય છે. અસ્તુ.

આગળ ચાલતાં એ નિસર્ગની પોથીનો સ્વાધ્યાય કેમ કરવો તેનો સંકેત કરતા શ્રી અવધૂત કહે છે કે :

> "મોર નૃત્ય મત્ત ચિત્ત મોદથી કરંત હા!"
> "વેલી 'વૃક્ષ જીવ' શિવ, લિંગને ભળે અહા!"

મોરનું નૈસર્ગિક નૃત્ય જોઈ અવધૂતનું ચિત્ત નિજાનંદથી નાચી ઊઠે છે. કોઈ વૃક્ષ પર વીંટળાયેલી નવપલ્લવિત મસ્ત વેલીને જોઈ એને જીવશિવની એકતાનાં દર્શન થાય છે. શ્રી અવધૂતે ઉદ્‌બોધેલો આ વિશ્વગ્રંથનો સ્વાધ્યાય આપણને પણ એ સ્થિતિએ કાં ન લઈ જાય? મોર મત્તચિત્ત ક્યારે બને છે? જોયું છે? ચોમાસાની ઋતુ હોય, આકાશ મેઘાડંબરમંડિત હોય, ઝરમર મેહુલો ધરતી પર છંટકાવ કરતો કેમ જાણે સ્વર્ગને પૃથ્વીને એક કરતો હોય, પૃથ્વીની દિવ્યસુરભ દિગંતને ભરતી હોય, એવી અનુપમ પળોએ મયૂરનું મન દેહભાન ભૂલી આનંદમાં મત્ત બની જાય. પ્રકૃતિ જેટલી મસ્ત જણાય તેટલો જ મોરલો પણ મત્ત જણાય અને ત્યારે તે પોતાની પચરંગી પીંછને પ્રસારીને કળા કરે! આંખથી આનંદાશ્રુ ઢાળતો, અશ્રુ, રોમાંચાદિ સાત્ત્વિક ભાવોની યાદ આપતો, ધીમે ધીમે પરમાનંદમાં પોતાની ડોકને ફેરવતો ચો-દિશ દૃષ્ટિ કરે અને મધુર ટહુકાર કરીને મંદમંદ નૃત્ય કરે. એનું એ થનગન થનગન કરતું એકાકી આત્મક્રીડાનૃત્ય જોઈને ક્યા સહૃદય સાધકમાં રોમાંચાદિ સાત્ત્વિક ભાવ જાગ્રત ન થાય? આવાં નિસર્ગનાં સાત્ત્વિક નૃત્યો ને દૃશ્યો નિહાળતાં નિહાળતાં મન સાત્ત્વિકતામાં ડૂબે. દુન્યવી વારાંગનાઓ અને નર્તકીઓનાં રાજસી ભાવોદ્દીપક નૃત્યો ને દૃશ્યો એને ફિક્કાં લાગવા માંડે ને ધીમેધીમે એનું ચિત્ત અખિલ વિશ્વને નચાવી રહેલ એ નટનાગર નંદકિશોર પૂર્ણપુરુષોત્તમ પરમતત્ત્વમાં તલ્લીન થાય. નાચતાં નાચતાં કોકવાર થતા મોરના એ આત્મમસ્ત ત્રિમાત્ર ટહુકારમાં અવ્યક્ત અર્ધમાત્રા સાથે ૐકારનો ગેબીનાદ સંભળાય અને સાધક તેનો અર્થ પરમતત્ત્વમાં એકરસ થઈ નાચવા માંડે. આ છે ટૂંકમાં એ મત્તચિત્ત મોરના નૃત્યની ફિલસૂફી !

મોરલાના નૃત્યના આધ્યાત્મિક દર્શનથી આનંદમત્ત અવધૂતનું ચિત્ત હવે વેલીવૃક્ષ તરફ વળે છે. એને ત્યાં શું જણાય છે? વૃક્ષને વીંટળાઈ વળી આનંદના અંકુરસમા નવપલ્લવોથી એને આલિંગન દેતી લીલીછમ વેલીને જોઈ શિવને ભેટી પડતા, શિવની સાથે એકરૂપ થતા જીવનું સ્મરણ થાય છે. વેલી વૃક્ષનો આધાર પામીને જ ફાલેફૂલે છે, સમૃદ્ધ થાય છે.







એ સ્થિર અને દિગંત ફેલાયેલા વૃક્ષનો આધાર ન લે અને એ આપબળે પૃથ્વી ઉપર જ પહોળી થાય તો એને રગદોળાઈ જતાં વાર ન લાગે. પથિકના પગ તળે કચરાઈ જઈ અલ્પ સમયમાં જ નાશ પામે. તેમજ જીવ જ્યાં સુધી પાર્થિવ ભાવમાં જ આળોટ્યાં કરે, જીવભાવમાં જ જીવવા મથે ત્યાં સુધી એને આત્યંતિક સુખ પ્રાપ્ત થતું નથી અને એની વિટંબણાઓનો અંત આવતો નથી. પણ જ્યારે એ અનંતવૈભવ શિવનો આશરો લઈ એની સાથે એકરૂપ થાય છે, ભિન્નભાવ મૂકી અભેદ ભાવે એમાં ભળે છે ત્યારે એના સુખની સીમા રહેતી નથી. વેલી વૃક્ષને ભેટીને વૃક્ષમય જ બની જાય છે, સરિતા સાગરમાં ભળીને સાગરરૂપ થાય છે, તેમજ જીવશિવને આત્મસમર્પણ કરી શિવસ્વરૂપ થઈ જાય છે. દૃષ્ટિ કેળવી હોય તો નિસર્ગની પોથી ઉકેલતાં ઉકેલતાં આવી કેટલીયે આત્મ-કેડીઓ મળી આવે, જેમાંથી શ્રદ્ધાપૂર્વક એકાદી પણ પકડી લેતાં ભવની ભ્રાંતિ ભાગે ને જીવનની ગેડ ઉકેલાઈ જાય.

અંતે એ જ વાતનું સૂચન કરતાં શ્રી અવધૂત કહે છે :

**"દૃષ્ટિ ફેરવી વિલોક, રંગ એહ અવનવા,**
**મેઘધનુષ સપ્તમૂળ એક, રૂપ જૂજવાં!!"**

વિશ્વ જેવું છે તેવું ને તેવું જ રહેવાનું છે. એ નથી સુખકારક કે નથી દુઃખદાયક. જેની જેવી દૃષ્ટિ તેને માટે તેવી સૃષ્ટિ. માટે જ દૃષ્ટિ પરિવર્તનની જરૂર છે. દૃષ્ટિ ફરતાં જ એમાં અનેરું તેજ ચમકવા લાગે છે. સ્થૂળ તરફથી સૂક્ષ્મ તરફ ને સૂક્ષ્મ તરફથી આગળ જણાવ્યું તેમ દિવ્ય તરફ એ ઢળતી જાય છે અને એમાં દિવ્યતા આવે છે. એને જ શાસ્ત્રોમાં દિવ્યદૃષ્ટિ કે જ્ઞાનદૃષ્ટિ કહેલી છે. એ જ શિવનું તૃતીય નેત્ર છે. સાધકે લાંબો કાળ સતત અડગ શ્રદ્ધાથી સાધન કરી એ ખોલવાનું રહે છે. એ ખૂલે એટલે સર્વત્ર એક જ શિવતત્ત્વનું દર્શન થાય છે. સકળ સર્જનની ભીતરમાં રહેલું 'सत्यम् शिवम् सुन्दरम्'નું દર્શન થાય છે. જ્યારે વર્ષાકાળે આકાશમાં મેઘધનુષ ખેંચાય છે ત્યારે તેમાં સાત જુદા જુદા રંગ દેખાય છે પણ એ વિવિધતાનું કારણ વાદળાંના પાણીમાંથી થતું સૂર્યના કિરણોનું વક્રીભવન છે. બાકી એ દૃશ્યનું મૂળ કારણ સૂર્યનાં કિરણ તો એક જ રંગી-શ્વેત રંગનાં છે પણ વૈજ્ઞાનિકદૃષ્ટિ ખૂલ્યા વગર આ રહસ્ય સમજાતું નથી. તેમજ ઉપર કહ્યું તેમ સાધનને પ્રતાપે દિવ્યદૃષ્ટિ ખૂલ્યા વગર સૃષ્ટિનું ગૂઢ રહસ્ય પણ ઉકેલાતું નથી. સૃષ્ટિનાં અનેકવિધ નામરૂપોથી રંગાયેલ વિકારી પરિવર્તનશીલ દૃશ્યોની પાછળ સત્, ચિત્ત, આનંદસ્વરૂપ એક જ નિર્વિકાર અવિનાશી પરમતત્ત્વ રહેલું છે. દુનિયાનાં નામરૂપાત્મક દૃશ્યો તો એના પડછાયા જેવાં છે. એ પડછાયાને પકડવો

હોય. એનાથી ઉત્પન્ન થતું કુતૂહલ શમાવવું હોય તો મૂળ સત્ત્વને જ પકડવું જોઈએ. એ **'सत्यम् शिवम् सुन्दरम्'** નો જ સાક્ષાત્કાર થવો જોઈએ. એ કરવા માટે દુનિયાના કોઈપણ ભાષાના કોઈપણ ગ્રંથ કરતાં વિશ્વાત્માનો રચેલ એ **વિશ્વગ્રંથ** જ વધારે સમર્થ છે. એ ઉકેલવાની ધાટી અને શક્તિ સદ્‌ગુરુકૃપાએ પ્રાપ્ત થાય એટલે બસ. એ વિશ્વગ્રંથ જેણે ઉકેલ્યો તેને બીજા ગ્રંથો સાથે માથાં ફૂટી કાંઈ વધારે પ્રાપ્ત કરવાનું નથી. માટે જ શ્રી અવધૂતે **"વાંચ વાંચ વિશ્વગ્રંથ"** કહી એ વિશ્વગ્રંથના સ્વાધ્યાય ઉપર આટલો ભાર મૂક્યો છે.

(૪૦)

પીવું જ્ઞાનામૃત પૂર્ણ, હો પિપાસૂ! પીવું જ્ઞાનમૃત પૂર્ણ! – ટેક.
અધૂરું પીતાં અહં છલકાએ, થાએ અધઃપતન! - હો પિપાસૂ. (૧)
ભાવૈક્ય ભૂલી ક્રિયૈક્ય ઝાલે, ન એ જ્ઞાન શાનપણ! - હો પિપાસૂ. (૨)
ના હું તન પ્રાણ મન ચિત્ત બુદ્ધિ, ન વિકારી ત્રિગુણ! - હો પિપાસૂ. (૩)
દેહાહં ગળતાં બ્રહ્માહં જાગે, તેનુંયે વિસ્મરણ! - હો પિપાસૂ. (૪)
સ્મરણાસ્મરણાતીત એક શિવોઽહં, દ્વૈતાદ્વૈત વિણ મૌન! - હો પિપાસૂ. (૫)
ન જન્મે ન મરે સદા સનાતન, આનંદ-મે'રામણ! - હો પિપાસૂ. (૬)
બૂઝતા દિવડા આપે પ્રકાશે, સ્વયં-રંગ ચિદ્ઘન! - હો પિપાસૂ. (૭)

આત્મતત્ત્વનું સાચું ભાન એટલે આત્મજ્ઞાન. જે પુરુષના મનમાં 'હું આત્માને જાણું છું' એવો ફાંકો હોય છે તે સાચે જ આત્માને જાણતો નથી. અને જેને સ્વપ્નમાંયે 'હું આત્માને જાણું છું' એવો ખ્યાલ નથી હોતો તે જ એને જાણે છે. જાણવા છતાંય જાણ અજાણથી પર જે આત્માનું મૂકભાન છે તે જ સાચું આત્મજ્ઞાન છે. એ જ્ઞાન કેવું છે? અમૃત સમાન. અમૃત એટલે જેનું પાન કરવાથી મૃત્યુની નિવૃત્તિ થાય છે, માનવી અમર બને છે તે. આત્મતત્ત્વનું જ્ઞાન અમૃતપાન જેવું છે. એ પાન કરવાથી જન્મમરણનો ફેરો કાયમનો ટળે છે. જીવનો મર્ત્ય જીવભાવ ટળી એ અમર આત્મતત્ત્વમાં ભળી જાય છે. આને જ અમૃતત્ત્વ પ્રાપ્ત કરવું કે અમર બનવું કહે છે. અમર બને છે એટલે દેહભાવે અમર બને છે એમ નથી. પણ તત્ત્વભાવે અમર — એટલે મરણરહિત બને છે. તાત્પર્ય એ છે કે જેણે જ્ઞાનામૃત પીધું છે તેના અજ્ઞાનનું આવરણ ટળી જતાં, તેનો જીવભાવ નિવૃત્ત થાય છે. પરિણામે આત્મરૂપ બની જાય છે. અને આત્મા મરણ ધર્મા નથી. એવા જ્ઞાનને શ્રી અવધૂતે અહીં જ્ઞાનામૃત કહ્યું છે. અને તેનું પાન કરવાનું સૂચન કર્યું છે. પણ એ પાન કેવું? આકંઠ પર્યંત. જેમ એક તરસ્યાને પાણી પીવા મળે ત્યારે તે લોટે લોટે તેની તરસ છીપે ત્યાં સુધી આકંઠ પર્યંત પાણી પીતો જ રહે છે તેમ અહીં પણ એ જ્ઞાનમૃત છે. તેનું પાન પણ જ્યાં સુધી તૃપ્તિ ન થાય ત્યાં સુધી કરવાનું સૂચન છે. એ જ્ઞાનામૃતપાનની તૃપ્તિ, જ્યારે જ્ઞાન દ્વારા પરમતત્ત્વને જાણીને તેનો અપરોક્ષ અનુભવ થાય છે ત્યારે જ થાય છે.

અને તેથી શ્રી અવધૂતે એ જ્ઞાનામૃત તૃપ્તિપર્યંત પીવાની સૂચના કરી છે. અને તેથી જ એ જ્ઞાનામૃતપાન પૂર્ણ હોવું જોઈએ. જ્યારે ઘડો આકંઠ પાણીથી ભર્યો હોય ત્યારે તે છલકાતો નથી. અધૂરો ઘડો હમેશાં છલકાય છે. તેમ જે સંપૂર્ણ જ્ઞાની છે તે જ્ઞાનનું પ્રદર્શન કરતો નથી. પણ જે વેદિયુંજ્ઞાન ધારણ કરે છે, જેને માત્ર શાસ્ત્રના ગ્રંથોનું જ શબ્દજ્ઞાન છે અને તે પણ પૂરું નહીં તેનામાં, અધૂરો ઘડો છલકાય છે તેમ વિદ્વત્તાનું અભિમાન ઊછળી આવે છે અને છલકાટ કરી મૂકે છે. એવા પરમતત્ત્વના વેદિયા જ્ઞાનવાળો વારે વારે બકવાદ કરે છે. જે પૂર્ણજ્ઞાની છે તે કદી બકવાદ કરતો નથી. અને તેથી જ અહીં જ્ઞાનામૃતનું પૂર્ણપણે પાન કરવાનું સૂચન કર્યું છે. એટલે બે સૂંઠને ગાંગડે ગાંધી થવાનો ડોળ મૂકી દઈ સાધન કરવું તો સંપૂર્ણ-અધવચ છોડી દીધા વગર પૂરી પૂરી અન્ય નિરપેક્ષ આત્મતૃપ્તિ થાય ત્યાં સુધી કરવું. નહીં તો લાભને બદલે અધઃપતનના ઊંડા ખાડામાં પડી હાનિ થવાનો સંભવ વધારે છે. માટે શ્રી અવધૂતે 'પૂર્ણ' શબ્દથી શરૂઆતમાં જ ચેતવણીનો સૂર કાઢ્યો છે.

જ્ઞાન શબ્દનો વાસ્તવિક અર્થ 'નહીં જાણવું' એવો છે. અને અજ્ઞાન શબ્દનો વાસ્તવિક અર્થ 'જાણવું' એવો છે. 'નહીં જાણવું' એવો અર્થ જ્ઞાની મૂર્ખ કે અભણ કિંવા અજ્ઞાની છે એવો નથી. એનો ખરો અર્થ તો વિલક્ષણ છે. બધુંય જાણ્યા છતાં જેનામાં એ જાણ્યાનું અભિમાન નથી. અભિમાનગ્રસ્ત એ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરતો નથી અને કેવળ મૌન સેવે છે તે જ ખરો જ્ઞાની છે. અને તે જ બીજાને મન 'નહીં જાણવું' છે. અને તેથી જ એ અર્થ સામાન્ય ભાષાનો નથી પણ પૂર્ણજ્ઞાનીની ભાષાનો એ અર્થ છે. જે જાણ્યા પછી બીજું કશું જ જાણવાનું રહેતું નથી, જે એકને જાણ્યાથી બીજું બધું આપોઆપ જ જાણી શકાય છે એવું જે જ્ઞાન છે તે જ સાચું જ્ઞાન છે. અને અહીં તેવા પ્રકારના સમ્યક્ જ્ઞાનરૂપી અમૃતનું પાન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. જાણવું અને તેનું અભિમાન સંઘરવું એ પણ સાચું જ્ઞાન નથી. નહીં જાણવું એ પણ મૂઢતા છે. પણ જે જાણ્યા પછી એ જ્ઞાનના અભિમાનનો ત્યાગ કરી મૂઢ જેવા બની રહેવું એ જ આત્મજ્ઞાનની સાચી સ્થિતિ છે. અને તેવી સ્થિતિ પ્રાપ્ત કરનારો, ઉપર કહ્યું તેમ પૂર્ણઘટ જેવો છે. સ્મરણ અને તેનું પણ વિસ્મરણ એ જ જેમ સ્મરણનો સાચો મર્મ છે તેમ જ્ઞાનપ્રાપ્તિ અને તેના પરિણામે તત્ત્વપ્રાપ્તિ કર્યા પછી જ્ઞાનપ્રાપ્તિનું વિસ્મરણ એ જ સાચી જ્ઞાનાવસ્થા છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'અધૂરું પીતાં અહં છલકાય'**

આગળ કહ્યું તેમ અધૂરો ઘડો છલકાય તેમ જેને કેવળ પરોક્ષજ્ઞાન થયું છે, જે કેવળ શબ્દાર્થનું જ જ્ઞાન પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થયો છે એમ માને છે, તે સાચો જ્ઞાની નથી. તેને જ્ઞાન પચ્યું નથી અને તેથી તેને





વિદ્યાનું અભિમાન છે અને તેથી તે છલકાય છે. જ્યાં ત્યાં પોતાની પંડિતાઈ દાખવવા માટે વ્યાખ્યાનો વગેરે આપી છાતી ફુલાવતો ચાલે છે. અને બીજાઓને પોતાનાથી તુચ્છ માનીને કેવળ તમોગુણની વૃત્તિને જ પોષે છે. વિદ્યાનો એ મદ તેને કોઈ પણ દિવસ ઊંચે આવવા દેતો નથી. અને વિદ્યાનું પરિણામ જે મુક્તિ છે તે વિદ્યા પ્રાપ્ત કર્યા છતાંય તે તેની અવિદ્યા બને છે. અને તેના પરિણામે તે અધોગતિમાં દિનપ્રતિદિન ઊંડો અને ઊંડો ઊતરતો જાય છે. સાચા જ્ઞાનથી ઊર્ધ્વગતિ થાય છે. આકાશમાં રોકટોક વિના વિહાર કરતા પક્ષી પેરે તે પોતાના તત્ત્વજ્ઞાનમાં જ મસ્ત બનીને આત્માનુસંધાનમાંથી પોતાની વૃત્તિને વિષયો તરફ લઈ જતો નથી. અરે, એટલું જ નહીં પણ તે આત્માનંદમાં મસ્ત છે એવું પણ તેને ભાન રહેતું નથી. જે જાતને જ ભૂલ્યો છે તે જગતને પણ ભૂલ્યો જ છે. અને જે જગતને પૃથક્ ભાવે જાણે છે તે જાતને સમ્યક્ ભાવે જાણતો નથી. અને તેથી સાચા જ્ઞાનની કસોટી કરનાર હમેશાં પરાજિત થાય છે. અધૂરા જ્ઞાનની અધોગતિ થાય છે અને તેથી જ શ્રી અવધૂતે જ્ઞાનામૃત આકંઠ પર્યંત પીવાનું અહીં સૂચવ્યું છે. અધૂરું પીવાની મના કરી છે. કારણ કે તેથી અહંકાર છલકાય છે. અંધકારમાં ઘસડાય છે.

પણ એ જ્ઞાનનો અધિકારી કોણ? શ્રી અવધૂતે 'પિપાસુ' શબ્દનો પ્રયોગ સહેતુક કર્યો છે. જે તરસ્યો છે તેને જ પાણી પીવાની તાલાવેલી લાગે છે. જેનું ચિત્ત પાણીમાં જ છે અને જળમય બન્યું છે તે જ પાણીની શોધમાં અહીંતહીં રઝળે છે અને પાણી પાણી કરતો પાણીની પરબ જોતાં જ પાણી પીને તરસ ને તરપત કરે છે. જેને પાણીની તરસ જ નથી લાગી તેની આગળ અમૃત જેવું શીતળ પાણી મૂકશો તો પણ તે તેને નકામું છે. એ જ રીતે જેને પ્રભુનાં દર્શનની તાલાવેલી – તરસ લાગી છે, જે પ્રભુ પ્રભુ કરતો દેહભાન ભૂલીને પ્રભુદર્શન અર્થે ઘેલો બન્યો છે તે જ જ્ઞાનામૃત પીવાને એકપગ થશે અને સાચા જ્ઞાનનો અધિકારી પણ તે જ લેખાશે. એવા પિપાસુને માટે જ શ્રી અવધૂતે અહીં આ શબ્દો ઉચ્ચાર્યા છે. જેને તાલાવેલી નથી લાગી, જેને પ્રભુદર્શનની પરવા નથી, તેને આ પંક્તિમાંથી કશોય બોધ મળવાનો સંભવ નથી. અને તેથી શ્રી અવધૂતની આ પંક્તિનો બોધ પ્રાપ્ત કરવાને આત્મદર્શન પહેલાંની શ્રી અવધૂતની આત્મદર્શન અર્થેની તાલાવેલી જેવી તાલાવેલી-આતુરતા પ્રાપ્ત કરવાનો સાધકે પ્રયાસ કરવો જરૂરનો છે. અને તે કરવો જોઈએ. એ તાલાવેલી ક્યારે આવે? રેતીના રણમાં પથિક પોતાનો પંથ કાપતો હોય, ઉપર સૂર્યનો પ્રખર તાપ હોય, નીચે તાપથી ધરણી ધગધગતી હોય ત્યારે તેને પાણીની તરસ લાગે, ત્યારે તેનો કંઠ સુકાય, અને ક્યાંય જ્યારે પાણી તેની નજરે ન પડે ત્યારે તેની પાણી માટે જેવી એકાગ્રતા થાય છે તેવી જ એકાગ્રતા જ્યારે પ્રભુદર્શન માટે થાય ત્યારે તે જ્ઞાનામૃત

પણ અહંતારૂપી ઉછાળો મારે છે અને વાણીદ્વારા ઓકી કાઢવાથી તેને નિરાંત થાય છે. જ્યારે એવા રેતીના રણમાં પાણી પાણી કરતા ભટકતા પથિકને એકાદું પાણીનું ઝરણું નજરે ચઢે ત્યારે, તે જેમ પાણી પીને આકંઠ તૃપ્ત થાય છે તેમ, જ્યારે એવી તાલાવેલીના પરિણામે કોક જ્ઞાનીનો સમાગમ થાય, તે તેને પ્રભુનાં દર્શનનો મર્મ સમજાવે તે તેને ગળે ઊતરે ત્યારે જ તેની એ પિપાસા તૃપ્ત થાય છે અને ત્યારે તે જ્ઞાનામૃતનું સાચા અર્થમાં પાન કરીને કૃતકૃત્ય બને છે. 'પિપાસુ' શબ્દના ગર્ભમાં રહેલો આ મર્મ છે. અસ્તુ.



એ જ્ઞાનામૃતની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે પણ વિચારવા જેવું છે. ભગવતી શ્રુતિએ કહ્યું :

**नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहूना श्रुतेन ।**
**यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ॥**

'આ આત્મા પ્રવચનથી અથવા બુદ્ધિથી કે બહુશ્રુત થવાથી પ્રાપ્ત થતો નથી પણ જેના ઉપર એની કૃપા ઊતરે છે તેની આગળ જ એનું સ્વરૂપ સ્પષ્ટપણે પ્રકાશિત થાય છે.'

તાત્પર્ય એ છે કે ઘણું સાંભળવાથી, ઘણું વાંચ્યાથી કે ઘણાં વ્યાખ્યાનો કર્યાથી એ આત્માનું સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થતું નથી. પણ એ આત્મજ્ઞાનની પ્રાપ્તિઅર્થે કેવળ આત્મકૃપાની જ આવશ્યકતા છે. અને જે આત્માને અર્પણ થઈ જાય છે તેને જ આત્મા પણ પોતાનું સમર્પણ કરે છે. અને તેથી, એવા આત્મજ્ઞાનની પ્રાપ્તિ અર્થે તો અધિકારી બનવું ઘટે. અધિકાર વિનાનું જ્ઞાન મરકટને મદિરાપાન સમાન છે.

જ્યાં સુધી વિષયોનો મોહ છે, જ્યાં સુધી દેહમાં અહંતા છે, જ્યાં સુધી જગતમાં અને જાગતિક પ્રપંચોમાં મમતા છે ત્યાં સુધી આત્મજ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થતો નથી. એ બધાયને મનથી અળગા કરી જ્યારે સર્વભાવે સાધક આત્માને શરણે જાય ત્યારે જ આત્મા સાધકની આગળ પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે. પછી – જ્ઞાનામૃતના પાન પછી – તેને તરસ રહેતી નથી અને ફરીને પ્રપંચમાં તે સંગ પણ રાખતો નથી. જ્ઞાનામૃતના પાનનું આ પરિણામ છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ભાવૈક્ય ભૂલી ક્રિયૈક્ય ઝાલે,**
**ન એ જ્ઞાન, શ્વાનપણ!"**

ભાવની એક્યતાને ભૂલીને જે કેવળ ક્રિયાની એક્યતાને જ ઝાલી રાખે છે તેનું જ્ઞાન સાચું જ્ઞાન નથી. પણ તે નર્યું શ્વાનપણ છે. અહીં શ્રી અવધૂતે જ્ઞાનની વ્યાખ્યા આપી છે. "ભાવૈક્ય" એ સાચું જ્ઞાન છે. "ક્રિયૈક્ય" એ અજ્ઞાન અથવા કૂતરાવેડા છે. પરમતત્ત્વ કેવળ ભાવાત્મક છે. ક્રિયાત્મક નથી. વેદભાખ્યા કર્મકાંડથી અપરાવિદ્યાજનક ક્ષણભંગુર

ફળની પ્રાપ્તિ થાય છે, જ્યારે ઉપનિષદભાખ્યા માર્ગે જનાર પરાવિદ્યાજનક પરમપદની પ્રાપ્તિ કરે છે. શ્રી અવધૂતનો આ પંક્તિમાં પણ કહેવાનો હેતુ એ જ છે. અપરાવિદ્યા ક્રિયાત્મક છે અને તેનું પરિણામ શ્રી ભગવાને ભાખ્યું છે તેમ

क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ॥

એવું છે.

જે પરાવિદ્યા ભાવાત્મક છે તેનું પરિણામ શ્રી ભગવાને અર્જુનને કહ્યું છે :

यान्ति देवव्रता देवान् पितृन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्तिमद्याजिनोऽपिमाम् ॥

"દેવોને ભજનારા દેવને પામે છે. પિતૃઓને ભજનારા પિતૃઓને પામે છે. ભૂતોને ભજનારા ભૂતોને પામે છે અને મને ભજનારા મને પામે છે." જ્ઞાનામૃતપાનનું આ પરિણામ છે. જે જ્ઞાની છે તે ભગવાનનો આત્મા છે, જે જ્ઞાની છે તે સ્વયં જ્ઞાનસ્વરૂપ છે અને જે જ્ઞાની છે તે જ સર્વસ્વ છે. એ ભાવાત્મક છે અને તેથી ભક્ત અને ભગવાનનું ભક્તિ દ્વારા ઐક્ય સાધવાથી જ ભાવૈક્ય સિદ્ધ થાય છે. ભક્ત, ભક્તિ અને ભગવાનની વિભક્તિ નિવૃત્ત થાય છે. ભગવાન અને ભક્ત એ એક જ રૂપ બની જાય છે.

ઉપર કહ્યું તેમ આત્મતત્ત્વ કેવળ ભાવગ્રાહી હોવાથી તેનું જ્ઞાન પણ એ સૂક્ષ્મતાથી જ પ્રાપ્ત થઈ શકે છે. એ આત્મતત્ત્વ નામ, રૂપ અને આકારથી રહિત છે. પણ એ નામ, રૂપ અને આકાર એ ભાવગમ્ય આત્મતત્ત્વના આધારે જ સાધાર છે. અને તેથી એ નામ, રૂપ અને આકારને છોડીને તેમાં રહેલા તેના ભાવગમ્ય સ્વરૂપને શોધવાથી આત્મદર્શન થાય છે. જ્યાં સુધી ભાવશુદ્ધિ નથી, જ્યાં સુધી ચિત્તશુદ્ધિ નથી ત્યાં સુધી પ્રાપ્ત કરેલું જ્ઞાન આત્મજ્ઞાન નથી અને ત્યાં સુધી આત્મબુદ્ધિ પણ નથી. આત્મતત્ત્વને ગ્રહણ કરવાની શક્તિ પણ ત્યાં સુધી પ્રાપ્ત થતી નથી અને તેથી ક્રિયાઓ સાથે ઐક્ય સાધવાનું ભૂલીને ભાવ સાથે ઐક્ય સાધવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તાત્પર્ય એ છે કે ક્રિયાઓ સાથે ઐક્ય સાધવાને બદલે, ક્રિયાઓમાં એકતા સાધવાને બદલે ભાવ દૃઢ કરીને ભાવદ્વારા પરમતત્ત્વ સાથે ઐક્ય સાધવું આવશ્યક છે. સાચા જ્ઞાનનું એ જ પરિણામ છે. જ્યાં સુધી આપણે ક્રિયાઓ પાછળ ઘેલા બનીએ, જ્યાં સુધી ક્રિયાઓને જ મહત્ત્વ આપીએ અને જ્યાં સુધી ક્રિયાઓની પાછળ ભાવને ગૌણ લેખીએ ત્યાં સુધી આત્માનું સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. અને તેથી ક્રિયાના વહેણને અવરોધીને ભાવના વહેણને આત્મા તરફ વહેતું કરવું જરૂરનું છે. એ ભાવ પુસ્તકોમાં નથી લખ્યો. એ ભાવ શુષ્ક ક્રિયાઓમાં રહેલો નથી. એ ભાવ કેવળ ચિત્તની શુદ્ધ વૃત્તિઓમાં રહેલો છે. તેથી ચિત્તશુદ્ધિ

દ્વારા બુદ્ધિની ગુહામાં, હૃદયમાં એ ભાવગ્રાહી ભગવાનનું સ્થાન છે એમ શાસ્ત્રોએ વર્ણવ્યું છે. ક્રિયાઓ સ્થૂળ છે. એ ક્રિયાઓ મનના સંકલ્પવિકલ્પને આધીન છે. એ ક્રિયાઓ કેવળ સંસ્કારજનિત છે. જ્યાં સુધી અંતઃકરણ-ચતુષ્ટય એ શુષ્ક ક્રિયાઓમાં જ યંત્રવત્ રમતું રહે ત્યાં સુધી ભાવ જાગ્રત થતો નથી. અને તેથી આત્મતત્ત્વની કે આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાના જ્ઞાનની ઝાંખી પણ થતી નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને તેથી એ જ્ઞાનનો અર્થ અહીં આપણે પરમતત્ત્વ કરીશું તો યુક્તિપુરઃસર ગણાશે. સૂર્ય પ્રકાશથી ભિન્ન નથી તેમ જ્ઞાન જ્ઞાનસ્વરૂપથી ભિન્ન નથી. જ્ઞાન પ્રાપ્ત થાય એટલે જ્ઞાનસ્વરૂપની પ્રાપ્તિ થાય એ નિઃશંક છે. સૂર્યનો પ્રકાશ મળે એટલે સૂર્યનાં દર્શન થાય તેમ સમ્યક્જ્ઞાન દ્વારા જ્ઞાનસ્વરૂપ આત્મતત્ત્વને જ પ્રાપ્ત કરી શકાય. અને તેથી જ 'ક્રિયૈક્ય'ને ભૂલીને 'ભાવૈક્ય' સાધવાથી જ્ઞાનામૃતનું પાન કરી શકાય છે. 'ક્રિયૈક્ય' જ્ઞાનનો પડછાયો છે પણ જ્ઞાન નથી. સૂક્ષ્મને પામવાના સાધનો પણ સૂક્ષ્મ છે. ભક્તિની સ્થૂળ ક્રિયાઓ, યોગનાં આસનાદિ સ્થૂળ અંગો અને જ્ઞાનમાર્ગમાં પણ કેવળ શાસ્ત્રના શબ્દજ્ઞાનથી, સાધક એ સ્થૂળ ક્રિયાઓમાં જ આસક્ત રહે છે. પણ જ્યાં સુધી એ સ્થૂળક્રિયાના મૂળમાં ભાવૈક્યની જે ભાવના છે તે જાગ્રત ન થાય ત્યાં સુધી ક્રિયાઓ માત્ર ક્રિયાઓ જ રહે છે. નાટકમાં સૂરદાસનો પાઠ ભજવતો નટ કેવળ ક્રિયાઓ જ કરી જાણે છે. અને ક્રિયાઓ સાથે જ પોતાનું ઐક્ય સાધે છે અને તેથી તે સૂરદાસના જેવો ભાવુક બની શકતો નથી. જ્યાં સુધી ક્રિયાઓ કેવળ ક્રિયાઓ જ રહે છે ત્યાં સુધી ભાવ જાગ્રત થતો નથી. અને ભાવ જાગ્રત થાય છે ત્યારે ભાવૈક્ય થયા પછી ક્રિયાઓનું ક્રિયાઓ તરીકેનું સ્વતંત્ર અસ્તિત્વ પણ ટકતું નથી. પછી એ ક્રિયાઓ થાય કે ન થાય તેનો, ભક્તને આગ્રહ રહેતો નથી. ભાવાત્મક તત્ત્વને પામવાને ક્રિયાત્મક વૃત્તિનો ક્રમશઃ લોપ કરીને, તેની જગ્યાએ ભાવ કેળવવાની આવશ્યકતા છે. જ્યાં સુધી સાધક ભાવાન્વિત થતો નથી ત્યાં સુધી તેણે ક્રિયાઓનો લોપ કરવો ન જોઈએ. ક્રિયાઓ કેવળ ભાવની ઉત્તેજના અર્થે જ થવી જોઈએ. શાસ્ત્રોમાં પણ ક્રિયાઓને બદલે ભાવને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

આપણે નિત્ય ઊઠીએ છીએ, શૌચસ્નાન આદિથી નિવૃત્ત થઈ દેવપૂજન વગેરે કરીએ છીએ, પણ એ એક પ્રકારની નિત્યનિયમિત ટેવ પડી જાય છે. અને તેથી તેમાં કેવળ સ્થૂળતા જ આવે છે. એ બધી ક્રિયાઓ થાય છે ત્યારે ઇન્દ્રિયો જ તેનું કામ કરતી હોય છે. મન આદિ અંતઃકરણ ક્યાંય ભટકતું હોય છે. અને તેથી એ ક્રિયાઓ દ્વારા ભાવ જાગ્રત થવાનો સંભવ ઘણો જ ઓછો છે. સાધકે એ સ્થૂળ ક્રિયાઓ કરતાં કરતાં એ ક્રિયાઓની સૂક્ષ્મતામાં વૃત્તિ પરોવવી ઘટે. અને એમ કરતાં કરતાં જ્યારે સ્થૂળ ક્રિયાઓ તરફ વૃત્તિ નિર્મૂળ બની

જાય ત્યારે અને જ્યારે અંતઃકરણ એ ક્રિયાઓ સાથે ઐક્ય સાધી, બહિર્મુખ વૃત્તિઓ જ્યારે સંપૂર્ણપણે અંતર્મુખ બને ત્યારે એ ક્રિયાઓના તત્ત્વમાં રહેલ સૂક્ષ્મભાવના જાગ્રત થાય. ત્યારે એ સૂક્ષ્મભાવનાને ઝીલી લેવાની તક સાધકે ઝડપી લેવી જરૂરની છે. અને ક્રિયાઓ સાથેનું તાદાત્મ્ય છોડીને ભાવના સાથે તાદાત્મ્ય સાધીને આત્માનુસંધાન કરવું ઘટે. એ રીતે યત્ન કરતાં કરતાં આત્મૈક્યાનુસંધાન વજ્રલેપ બને ત્યાં સુધી એ વૃત્તિને દૃઢ કરવાનો પુરુષાર્થ કરવો આવશ્યક છે. ક્રિયામાંથી ભાવજાગ્રત થાય અને ભાવમાંથી ઐક્યતા સધાય ત્યારે ક્રિયાઓની જરૂર રહેતી નથી. શ્રી અવધૂતે સ્થૂળને ભજતાં ભજતાં સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પ્રવેશ કરી, સૂક્ષ્મ સાથે તાદાત્મ્ય સાધવાનું એક સુલભ સાધન અહીં સૂચવ્યું છે. શ્રી અવધૂત ક્રિયાની અવગણના કરતા નથી. ક્રિયા એક સાધન તરીકે ઠીક છે પણ સાધન જ્યારે સાધ્ય બની જાય છે ત્યારે તે અવગણનાને પાત્ર છે.

શ્રી અવધૂતે 'ક્રિયૈક્ય'ને 'શ્વાનવૃત્તિ' કહી છે. અને 'ભાવૈક્ય વૃત્તિ'ને 'જ્ઞાનવૃત્તિ' કહી છે. રજોગુણ રાગાત્મક છે અને તેના વડે કર્મ કરવામાં પ્રવૃત્તિ થાય છે. શ્રી ભગવાને પણ અર્જુનને કહ્યું :

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय कर्मसंगेन देहिनम् ॥

'તૃષ્ણા અને આસક્તિથી ઉત્પન્ન થતા રજોગુણને તું રાગરૂપ જાણ. તે જીવને કર્મના સંગ વડે બાંધે છે.'

અને

लोभःप्रवृत्तिरारम्भः कर्मणामशमःस्पृहा ।
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ॥

''રજોગુણ વધ્યો હોય ત્યારે લોભ, પ્રવૃત્તિ, કર્મનો આરંભ, અશાંતિ અને તૃષ્ણા ઉત્પન્ન થાય છે.''

શ્રી ભગવાનભાખ્યા આ બંને શ્લોકોનો સરવાળો કરીએ તો પ્રવૃત્તિના – કર્મના મૂળમાં રજોગુણ રહેલો છે. શ્વાનવૃત્તિ પણ એ જ રજોગુણનું પરિણામ છે. જેમ શ્વાન રાતદિવસ ભટકતો રહે છે, જ્યાંત્યાં ખાવા માટે વલખાં મારે છે તેમ એ રજોગુણવૃત્તિના કારણે ક્રિયાત્મૈક્યમાં પ્રવૃત્તિ થાય છે, અનેક ક્રિયાઓમાં રાગ ઉત્પન્ન થાય છે અને અનેક કર્મ અને ક્રિયાઓનો પ્રારંભ કરવાની વૃત્તિ પણ થાય છે અને તેમાં જ પ્રવૃત્તિ પણ કરતો રહે છે. પરિણામે એ ક્રિયાત્મૈક્યથી આત્માની મુક્તિ નથી. પણ કર્મના સંગને કારણે જીવનાં બંધનો દૃઢ થતાં જાય છે. અને તેથી ''ક્રિયાત્મૈક્ય''નો ત્યાગ કરવો જરૂરનો છે.



એ જ રીતે પોતાની મુક્તિ અર્થે 'ભાવાત્મૈક્ય' સાધવાની જરૂર છે. 'ભાવાત્મૈક્ય' સત્ત્વગુણનું પરિણામ છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥

''સત્ત્વગુણ નિર્મળ હોવાથી પ્રકાશક અને નિર્દોષ છે. તે સુખ તથા જ્ઞાનના સંગ વડે જીવને બાંધે છે.''






રજોગુણ કરતાં સત્ત્વગુણની પ્રકૃતિ શ્રેષ્ઠ છે. રજોગુણમાં પ્રવૃત્ત થનાર શ્વાનવૃત્તિને અનુકૂળ પ્રવૃત્તિ કરીને, જેમ શ્વાન જ્યાંત્યાં માર ખાય છે તેમ, જન્મજન્માંતરનો માર ખાય છે અને કર્મના બંધનથી બંધાય છે. સત્ત્વગુણ પણ બંધન તો ઉપજાવે જ છે પણ સત્ત્વગુણનાં એ બંધન પ્રકાશયુક્ત અને જ્ઞાનયુક્ત હોવાથી તે દ્વારા આત્માનુસંધાનમાં સહાયક બને છે. અને જ્યારે સત્ત્વગુણ પણ નિવૃત્ત થાય છે ત્યારે કેવળ ભાવ રહે છે અને તે મુક્તિનું સાધન બને છે.

આમ એક વૃત્તિ રજોગુણાત્મક હોવાથી ત્યાજ્ય છે, બીજી સત્ત્વગુણાત્મક હોવાથી ગ્રાહ્ય છે. પણ પરિણામે તો એ ઉભય વૃત્તિઓનો 'ભાવૈક્ય' સિદ્ધ કરીને ત્યાગ જ કરવાનો છે. ભાવૈક્ય એ ગુણાતીતનું એક લક્ષણ કહી શકાય.

બીજી રીતે વિચાર કરીએ તો પરમાત્મા એક છે, એ જ બધે વ્યાપેલો છે અને જગતમાં અનેકત્વ જેવું કશું જ નથી. જ્યાંત્યાં આત્મસ્વરૂપે પોતે જ સભર ભરેલો છે. એ અદ્વૈતજ્ઞાનની પરાકાષ્ઠા છે. પણ એ ભાવ અનુભવગમ્ય છે. હૃદયના નિર્મળ ભાવથી સમજી શકાય તેમ છે. વ્યવહાર પક્ષે જગત સ્થૂળ સત્ય હોવાથી જાગતિક પ્રપંચમાં તે તે કાર્ય તે તે વસ્તુની સાથે અનુરૂપ વ્યવહાર કરવો ઘટે. વાઘ અને ગાય પ્રાણી તરીકે એક જ છે અને બંનેમાં એક જ પરમતત્ત્વ રહેલું છે. પણ વ્યવહારમાં બન્ને સાથે અક્ષરશઃ એક સરખો વ્યવહાર કરવા જતાં કેવી કફોડી સ્થિતિ થઈ જાય છે ? તાત્ત્વિક દ્રષ્ટિએ ગધેડું અને માણસ એક જ છે, પણ બંનેને ઘાસ જ ખવરાવવાની હાસ્યસ્પદ ક્રિયાની એકતા સાધવા જાય તો શું પરિણામ આવે? દીકરી, બહેન, પત્ની કે માતા આત્મત્વ, જીવત્વ કે મનુષ્યત્વની દૃષ્ટિએ એક જ છે પણ વ્યવહારમાં બધા સાથે સ્થૂળ એકતાનો વર્તાવ કરતાં શી દશા થાય? વગેરે પણ આમ ચિંત્ય છે. બધાનાં સુખદુઃખાદિક એક જ છે અને તેમાં આત્મૌપમ્યના એકાત્મભાવથી એકસરખો વ્યવહાર રહે એ યોગ્ય છે. પણ એકતાના સ્થૂળ અર્થને તૂટે ત્યાં સુધી તાણવા બેસીએ તો સમાજમાં અનવસ્થા જ ફેલાય ! માટે જ એકતા એ આત્માનુભવની દૃષ્ટિથી અનુભવવાની અને વ્યવહારમાં આત્મૌપમ્ય બુદ્ધિથી તે તે પ્રાણી પદાર્થ સાથે અનુરૂપ વર્તન કરવાની આમાં ગર્ભિત રીતે સૂચના છે. અદ્વૈતના બાદશાહ ભગવાન શંકરાચાર્યે પણ આમ જ કહ્યું છે : 

भावाद्वैतं सदा कार्यं क्रियाद्वैतं न कर्हिचित् ।






અદ્વૈતદૃષ્ટિ એ હૃદયના ભાવમાં રહેલી છે. એ તૂટે ત્યાં સુધી વ્યવહારક્ષેત્રમાં ન લઈ જવી જોઈએ. સ્થૂળ શારીરિક દૃષ્ટિએ અદ્વૈતને ખેંચનાર જ્ઞાની તો નથી જ પણ સબગોલંકાર કરી અહીંતહીં ડાચું મારનાર હડકાયા કૂતરા જેવો છે, એ વાત પ્રત્યે અહીં નિર્દેશ છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત ક્રિયાત્મૈક્યનો નિષેધ કરીને ભાવાત્મૈક્યની સિદ્ધિ અર્થે સાધકને વિચાર કરતો કરી મૂકે છે. એ વિચાર આત્માનાત્મ પદાર્થોનો કરીને, તેમાંથી હંસક્ષીરન્યાયે આત્માને ગ્રહણ કરીને અનાત્માને ત્યાગવાની ચાવી પણ શ્રી અવધૂત આપણને બતાવે છે. શ્રી અવધૂત કહે છે :

"ના હું તન પ્રાણ મન ચિત્ત બુદ્ધિ,
ન વિકારી ત્રિગુણ !"

ભાવૈક્યને ઝાલવા માટે અને ક્રિયૈક્યને ભૂલવા માટે અહીં શ્રી અવધૂતે આપણને વિચારનો માર્ગ બતાવ્યો છે. જીવને અનાત્મદેહમાં જે આત્મભાવ થયો છે તેના પરિણામે 'હું દેહ છું. હું પ્રાણ છું. મન, બુદ્ધિ, આદિ હું છું અને પ્રકૃતિના વિકાર યુક્ત ત્રણ ગુણો પણ હું છું' એવી જીવને ભ્રાંતિ થાય છે. એ ભ્રાંતિ છે છતાંય જીવને એ સત્ય જણાય છે. અને તેથી જીવને દેહાદિમાં અહંતાયુક્ત મમતા થાય છે. અને તેથી જીવ સુખદુઃખનો અનુભવ કરે છે. જ્યારે દેહબુદ્ધિ આદિમાંથી મિથ્યા આત્મભાવ નિવૃત્ત થાય છે ત્યારે જીવ પોતાનું શુદ્ધસ્વરૂપ ઓળખી શકે છે. દેહાત્મતા એ ક્રિયાની એકતાનું કારણ છે. અને તેથી ક્રિયાના નિઃશેષ નિસ્તાર અર્થે દેહમાંથી આત્મભાવનો નિસ્તાર કરવાની આવશ્યકતા છે. દેહ દ્વારા અહંતાયુક્ત જે ક્રિયાઓ થાય તેનો કરનાર હું છું, એટલે જીવ છે એવું જીવને કર્તૃત્વનું અભિમાન થાય છે અને તે મિથ્યાભાન દેહની અને ક્રિયાઓની એકતા સાધે છે. એ ભાન સાચું નથી પણ કેવળ અજ્ઞાન છે. માયાના અજ્ઞાનજનિત એ ક્રિયાની જીવ સાથે એકતા સધાય છે તે ત્યાજ્ય છે. તેનો ત્યાગ કરવાની અહીં સૂચના કરવામાં આવી છે. 'હું પ્રાણ નથી, હું મન, બુદ્ધિ અને ચિત્ત પણ નથી અને ત્રિગુણના વિકારો પણ મારામાં નથી.' આત્માનું આ શુદ્ધસ્વરૂપ છે. આત્માના એ શુદ્ધસ્વરૂપનું સમ્યક્જ્ઞાન કેવળ એવું નકારાત્મક કથન કરવાથી કિંવા નકારાત્મક જ્ઞાન થવાથી થતું નથી. પણ એ જ્ઞાનને દૃઢ કરવાને અને સ્થિર કરવાને અભ્યાસ, વિવેક અને વૈરાગ્યની જરૂર છે. જ્યારે સત્યવસ્તુ સમજાય છે ત્યારે તે દૃઢ થાય છે. અસત્યવસ્તુમાં જે સત્યનો આભાસ જણાય છે તે કેવળ આભાસ છે એવું સિદ્ધ કરવાને, સત્યવસ્તુના સમ્યક્જ્ઞાનની જરૂર છે. છીપમાં ચાંદી જણાય છે તે કેવળ આભાસ છે. રજ્જુમાં સર્પ જણાય છે તે કેવળ આભાસ છે. રજ્જુનું જ્ઞાન થવાથી કિંવા છીપનું જ્ઞાન થવાથી એ ચાંદીનો અથવા રજ્જુનો આભાસ ટળી જાય છે. અજ્ઞાનને કારણે

દેહમાં થયેલો આત્મભાવ દૂર કરવાને જ્ઞાનની જરૂર છે. દેહમાં રહેવા છતાંય આત્મા એ બધાથી વિરક્ત છે અને કેવળ સાક્ષી અથવા દ્રષ્ટા છે. દેહાત્મભાવ વિસારીને બ્રહ્માત્મભાવમાં સ્થિર થવું એનું નામ ક્રિયૈક્ય ભૂલીને ભાવૈક્ય સાધવું એ છે. દેહની ક્રિયાઓ ગુણના વિકારોને આધીન રહેલા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર દ્વારા થાય છે. તે ક્રિયા કરનાર 'હું' નથી પણ બીજો છે અને જોનાર 'હું' છું એવા ભાવ દૃઢ કરવાથી ક્રિયૈક્ય વિસરાશે અને ભાવૈક્ય સિદ્ધ થશે.

દેહાત્મભાવના નિષેધની પ્રક્રિયાનું વિવેચન કરતાં શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું :

नात्मा वपुः पार्थिव मिन्द्रियाणि
देवा ह्यसुर्वायुजलं हुताशः ।
मनोऽन्नमात्रं धिषणाच सत्त्व–
महंकृतिः खं क्षितिरर्थसाम्यम् ॥

નિષેધ કરવાની પ્રક્રિયાઓ એવી છે કે શરીર પૃથ્વીનો વિકાર હોવાથી આત્મા નથી. ઇન્દ્રિયો અને તેના અધિષ્ઠાતૃ દેવતા પ્રાણ, વાયુ, અગ્નિ, જલ અને મન પણ આત્મા નથી, કારણ કે એનું ધારણ-પોષણ જેમ શરીરનું થાય છે તેમ અન્નદ્વારા જ થાય છે. બુદ્ધિ, ચિત્ત, અહંકાર, આકાશ, પૃથ્વી, શબ્દાદિ વિષયો અને ગુણોની સામ્યાવસ્થા પ્રકૃતિ પણ આત્મા નથી. કારણકે એ બધા જ દશ્ય અને જડ છે.

આત્મતત્ત્વ ચૈતન્ય છે અને દેહાદિ જડ છે. એટલે જેને 'હું' કહીએ છીએ તે દેહાદિ નથી એવો નિશ્ચય કરીને, તેને આચારમાં મૂકવાથી 'હું એ પ્રકૃતિ અને પ્રકૃતિના તમામ વિકારોથી ભિન્ન સ્વસ્વરૂપસ્થિત, કેવળ ચૈતન્ય સ્વરૂપ છું' એવો નિશ્ચય થાય છે. ત્યારે જ જીવનો જીવભાવ નિવૃત્ત થાય છે. અને ત્યારે

"દેહાહં ગળતાં બ્રહ્માહં જાગે,"
"તેનુંયે વિસ્મરણ!"

દેહઅહંતા વિરામ પામે છે. અહીં 'ગળતાં' શબ્દ વિચાર કરવા યોગ્ય છે. સુવર્ણને જ્યારે અગ્નિમાં તપાવીએ છીએ ત્યારે તે ઓગળીને રસ થાય છે ત્યારે તેનું સ્થૂળ સ્વરૂપ ગળી જાય છે પણ તે વાસ્તવિક નથી. સાકરને દૂધમાં નાંખીએ ત્યારે સાકર દૂધમાં ગળી જાય છે અને દૂધરૂપ બની જાય છે. પછી સાકર અને દૂધ ભિન્ન જણાતાં નથી પણ દૂધમાં સાકરનો સ્વાદ-માધુર્ય ભેળું થાય છે. ઉપરની વિચારસરણી દ્વારા વિચાર કરીએ ત્યારે દેહાત્મભાવને કારણે દેહમાં 'હું' એવું જે મમત્વ અને 'અહં' હતું તે ગળી જતાં તેને બદલે 'ब्रह्माऽहम्', 'अहं ब्रह्माऽस्मि' હું બ્રહ્મ છું એવું જ્ઞાન જાગ્રત થાય છે. "હું દેહ છું" એવું જે અહંભાવયુક્ત ભાન તે 'દેહઅહંતા' અને વિષયાકાર વૃત્તિ. એવી એ દેહઅહંતાનું કારણ

એ વિષયાકાર વૃત્તિ ટળી જતાં, દેહાત્મભાવ સમૂળ નષ્ટ થાય અને બ્રહ્માકારવૃત્તિ જાગ્રત થાય. એ બ્રહ્માકાર વૃતિ જ્યારે સ્થિર થાય ત્યારે જીવ 'अहं ब्रह्माऽस्मि' ની ઘોષણા કરતો થાય છે. જીવ જીવ મટી જાય અને શિવ થાય. સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણની જાળમાંથી જીવ જ્યારે છૂટો થાય અને એ જાળને કેવળ સાક્ષીરૂપે જ જોતો થાય ત્યારે જીવ ત્રિગુણવિકારવિમુક્ત બને અને ત્યારે તે દેહને કેવળ પડછાયા જેવો જ લેખે અને તેથી જ શ્રી ભગવાને અર્જુનને

'निस्त्रैगुण्यो भवार्जुन'

એમ કહીને ત્રિગુણના પાશથી મુક્ત થવાનો આદેશ કર્યો છે. પછી તેને દેહનાં માનાપમાન, સુખદુઃખ, મન, બુદ્ધિ, ચિત્ત અને સંસ્કારજનિત વિકારો સાથે કશો જ સંબંધ રહેતો નથી. જેમ પડછાયાની પોતાને જ કોડીની કિંમત રહેતી નથી તેમ જીવને દેહની પણ કિંમત રહેતી નથી. અનાત્મ દેહમાં રહેલો આત્મભાવ નિવૃત્ત થાય છે ત્યારે પ્રારબ્ધવશાત્ દેહ ટકે કે જાય તેની પણ આત્માને સ્પૃહા રહેતી નથી. પણ એ દેહઅહંતા ક્યારે જાય ? 'હું દેહ નથી' એવો નિશ્ચયાત્મક ભાવ અનુભવથી સ્થિર અને દૃઢ થાય ત્યારે. અને એ ભાવ ક્યારે થાય? જ્યારે 'હું બ્રહ્મ છું, દેહ નથી' એવો ભાવ સ્થિર થાય ત્યારે. 'હું દેહ છું' એ વૃત્તિ જેમ રાજસ્ અને તામસ્ ગુણના અભિમાનનું પરિણામ છે તેમ 'હું બ્રહ્મ છું' એ પણ એક પ્રકારનું અભિમાન છે. ભલે સાત્ત્વિકગુણનું હોય તો પણ એ અભિમાન છે અને તેથી એ સુવર્ણની બેડી પણ જ્યાં સુધી રહે ત્યાં સુધી મુક્તિ નથી અને ત્યાં સુધી આત્મભાવની સિદ્ધિ પણ નથી. એ અભિમાન હોવાથી અનર્થ સરજાવે છે અને તેથી શ્રી અવધૂતે 'ब्रह्माऽहं' ભાવનું પણ વિસ્મરણ કરવાનો અહીં બોધ કર્યો છે. જ્યાં સુધી કોઈ પણ પરિસ્થિતિનું સ્મરણ રહે ત્યાં સુધી તેના સંસ્કારો ચિત્તમાંથી ભૂંસાતા નથી. જ્યાં સુધી 'હું દેહ છું, એવું સ્મરણ રહે ત્યાં સુધી દેહના સંસ્કારો ચિત્તમાંથી ભૂંસાતા નથી અને આત્માને પ્રકાશ મળતો નથી. જ્યાં સુધી 'હું બ્રહ્મ છું' એ વાતનું સ્મરણ રહે ત્યાં સુધી એ સ્મરણાંકિત સંસ્કારો ભૂંસાતા નથી. અને ત્યાં સુધી 'હું બ્રહ્મ છું' એવા સાત્ત્વિક અભિમાનના કારણે પણ આત્માનો પ્રકાશ દૃઢમૂલ થતો નથી. અને કોઈ દિવસ પણ એ અહંકારથી અનર્થ સરજાવાનો સંભવ છે. પણ જ્યારે 'હું દેહ છું' એ વિસ્મરણ થઈ સહજ બ્રહ્મભાવ દૃઢ થાય ત્યારે જ તે સાચો જ્ઞાની બને છે. અને એવા જ્ઞાનીને જ આત્માનો સાચો પ્રકાશ મળ્યો છે એમ કહેવાય. આત્માનાં દર્શન થાય અને અંતે સ્વયં આત્મા-બ્રહ્મ બનીને બ્રહ્મમાં જ મળી જાય. અને તેથી 'હું બ્રહ્મ છું' એવા જ્ઞાનનું પણ વિસ્મરણ એ જ બ્રહ્મજ્ઞાનની પરાકાષ્ઠા છે.



આગળ કહ્યું તેમ જ્ઞાનનું પણ વિસ્મરણ થાય અને અજ્ઞાનનું પણ વિસ્મરણ સાધીને 'હું શું છું?' એની કલ્પનામાં ન રાચતાં જીવ જ્યારે તદ્રૂપ

બની જાય અને સર્વ નિષેધાતીત પરમતત્ત્વને સ્વસ્વરૂપે અનુભવે ત્યારે કેવી સ્પૃહણીય સ્થિતિ થાય તેનો નિર્દેશ કરતાં શ્રી અવધૂત કહે છે કે :

**'સ્મરણાસ્મરણાતીત એક શિવોઽહં,**
**''દ્વૈતાદ્વૈત વીણ મૌન !''**

કેવી વિલક્ષણ સ્થિતિનું અહીં શ્રી અવધૂતે વર્ણન કર્યું છે? કલ્પના પણ ન થઈ શકે એવી એ વિલક્ષણ અવસ્થા છે! કેવળ મૌન અવસ્થાનો પાર કોણ પામી શકે? એ પરમતત્ત્વ કેવું છે? 'સ્મરણાસ્મરણાતીત' અને 'દ્વૈતાદ્વૈત વિણ'! નથી ત્યાં 'હું'નું સ્મરણ કે નથી ત્યાં વિસ્મરણ! નથી દ્વૈત કે નથી અદ્વૈત! કેવળ સત્ય, શિવ, સુંદર સ્વસ્વરૂપે આત્મા પ્રકાશે છે. શબ્દોમાં એનું વર્ણન કરવાની તાકાત નથી અને તેથી સ્વાનુભવગર્ભ મૌન એ જ એનું યથાર્થ વિવરણ બની રહે છે. જ્યાં સુધી સ્મરણ છે ત્યાં સુધી સાધક અધૂરો છે. સ્મરણનું વિસ્મરણ થાય તોય સાધક અધૂરો છે. પણ જ્યારે એ સ્મરણ અને વિસ્મરણનું પણ ભાન ન રહે, સંપૂર્ણ અભાનઅવસ્થા પ્રાપ્ત થાય અને એ અભાનઅવસ્થાનું પણ જ્ઞાન ન રહે અને એ ઉભયને પાર કરીને જ્યારે એ ભાનરૂપ બની જાય ત્યારે જ એ દ્વૈત એટલે જગત અને તેની અપેક્ષાએ અદ્વૈત એટલે બ્રહ્મ એ બન્ને સાપેક્ષિક ભાવોથી અતીત બનીને, પોતાના સહજ દ્વૈતાદ્વૈતાતીત પરબ્રહ્મભાવમાં એક સ્વરૂપ બની જાય. અને પછી? એ સ્થિતિનું વર્ણન કરવાની શબ્દોમાં શક્તિ નથી. વાણી ત્યાં થંભી જાય છે. અને તેથી અનુભવપૂર્ણ મૌન એ જ એનું સાંકેતિક વર્ણન છે.

જ્યારે મનુષ્ય જડ બની જાય છે, કોઈપણ કર્મ કે ક્રિયા કરવાની સ્ફૂર્તિ તેનામાંથી જતી રહે છે ત્યારે નથી તે વૈખરીનો પ્રયોગ કરી શકતો કે નથી તે ઇન્દ્રિયોનો ઉપયોગ કરી શકતો. અને સર્વ ભાવે તે મૌન સેવતો જ બની જાય છે. જ્યારે મનુષ્ય પૂર્ણજ્ઞાની બની જાય છે ત્યારે તે નિશ્ચેષ્ઠ, સર્વારંભપરિત્યાગી, સર્વસંકલ્પવિર્જિત, કોઈ પણ પ્રકારની દોડધામશૂન્ય મૌની બની જાય છે.

મૌનના બે પ્રકાર. એક તામસ્ મૌન, બીજું જ્ઞાનપૂર્ણ મૌન. એક મૌન તામસ્ જન્ય છે. બીજું ત્રિગુણાત્મિક વિકાર વિહોણું મૌન છે. અહીં શ્રી અવધૂતભાખ્યું મૌન એ બીજા પ્રકારનું મૌન છે. એ મૌન સેવનાર કોણ? 'શિવોઽહમ્'. મૌન સેવનાર સ્વયં શિવ છે, કલ્યાણસ્વરૂપ છે, છતાંય પોતે શિવ છે એવો સૂક્ષ્મતમ અહંકાર પણ એને નથી. સૂર્ય જેમ અંધકાર અને પ્રકાશથી પર અખંડ પ્રકાશસ્વરૂપ છે તેમ સાચો જ્ઞાની જ્ઞાનાજ્ઞાનથી પર એવી અખંડ આત્મસ્થિતિમાં સ્થિર છે. જગત પોતાની દૃષ્ટિએ તેને 'શિવોઽહમ્' એ રીતે ઓળખે છે અને ઓળખાણ આપે છે. 'હું સૂર્ય છું' એમ સૂર્ય કોઈને કહેતો નથી. પણ જગત તેને સૂર્ય તરીકે ઓળખે છે. અને આ છે આખરી અવસ્થા! જ્યાં દેહભાન નથી, દેહના વિસ્મરણનું

ભાન નથી, જ્યાં અજ્ઞાન નથી, જ્ઞાનનું ભાન નથી, જ્યાં જીવભાવ નથી, બ્રહ્મત્વનું અભિમાન નથી, જ્યાં 'હું' નથી અને 'તું' નથી, જ્યાં 'તે'નું પણ સ્મરણ વિસ્મરણમાં પરિણામ પામ્યું છે ત્યાં શું રહ્યું? કોઈ કહેશે કાંઈ નહીં. શૂન્ય. પણ ના એ શૂન્યને જાણનાર કોઈ નથી રહ્યું એવો અનુભવ કરનાર તું પોતે તો સચ્ચિદ્‌સ્વરૂપે ત્યાં છે જ ને? સાધક ! એ સ્થિતિ સાધી લે! સ્વસ્વરૂપના એ આનંદસાગરમાં ડૂબી રહે!! તદ્રૂપ બની જા!!! જગતના પ્રપંચને છોડી દે! જ્ઞાન, યોગ અને કર્મના તમાસાને તિલાંજલિ દે! અને કેવળ ક્ષર અને અક્ષરથી પર જે પુરુષોત્તમભાવ છે તેમાં ભળી જા! શ્રી ભગવાને પણ અર્જુનને પોતાની તાત્ત્વિક ઓળખ આપતાં કહ્યું :

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

'હું ક્ષરને ઓળંગી ગયો છું. તથા અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી લોકમાં અને વેદમાં પુરુષોત્તમ એ નામથી પ્રસિદ્ધ છું.'

ક્ષરનો અર્થ શ્રી ભગવાને નાશવંત જગત એવો કર્યો છે. અક્ષરનો અર્થ જીવ કર્યો છે અને એ જીવ અને જગતથી પર જે પરબ્રહ્મ છે તે પોતે જ છે એવું અર્જુનને કહ્યું છે. હે જીવ ! તારું પણ એ જ મૂળ સ્થાન છે તેમાં તું ભળી જા !

અંતમાં શ્રી અવધૂત કહે છે :

**ન જન્મે ન મરે સદા સનાતન,**
**આનંદ-મે'રામણ !**

અહીં શ્રી અવધૂતે વેદભાખ્યા આત્માના સ્વરૂપની ઝાંખી કરાવી છે. એ આત્મા કેવો છે ? શ્રી ભગવાને કહ્યું :

न जायते म्रियते वा कदाचिन्नायं
भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥

''આત્મા જન્મતો નથી, મરતો નથી, તે ઉત્પન્ન થતો નથી, અને થશે પણ નહીં. એ અજન્મા છે, નિત્ય, સનાતન અને પુરાતન છે. શરીર મરે છતાં તે મરતો નથી, મરાતો નથી.''

અને છતાંય એ આનંદનો મે'રામણ—અનંત સાગર છે. જેમ સાગર અખૂટ છે તેમ એ આનંદ પણ અખૂટ છે. આનંદ એ જ એનો સ્વભાવ છે, આનંદ એ જ એનું સ્વરૂપ છે અને આનંદ એ જ એ સ્વયં છે. જે એવી અવસ્થા પ્રાપ્ત કરીને આગળ કહ્યું તેમ આત્મામાં – સરિતા જેમ સાગરમાં સમરસ બને તેમ – સમરસ બને છે. ત્યારે તે પણ આત્માના સર્વ ધર્મ સાથે એકરૂપ બને છે અને તેથી તે પણ પછી જન્મતો નથી,

મરતો નથી અને આત્મા જેમ સદા સનાતન છે તેમ તે પણ સદા સનાતન છે. આત્મા અને જીવ અભિન્ન બને છે. તેજમાં તેજ મળે છે. આ છે 'ભાવૈક્ય'નું ગ્રહણ અને 'ક્રિયૈક્ય'નો ત્યાગ. જીવના ધર્મથી પર બનીને પરમતત્ત્વના ધર્મ સાથે જ તે સંકળાય છે એટલે જેનું ભિન્ન વ્યક્તિત્વ નથી તે અભિન્ન સાથે ભળીને, ભિન્ન ભાવના ધર્મથી વિમુક્ત બનીને અભિન્ન બની જાય છે. એ જ અજર, અમર પરમતત્ત્વ સદાય રહેવાવાળું છે અને સનાતન છે. એટલે જેને આદિ નથી કે અંત નથી તેવું છે. એ જ આનંદનો મહાસાગર છે. ભરતી અને ઓટ વિનાનો અચળ આપૂર્યમાણ સ્વપ્રતિષ્ઠિત છે.

એ આત્મા પ્રકાશનો પણ મૂળ પ્રકાશ છે. સ્વયંપ્રકાશ છે. પાર્થિવ જગતને પ્રકાશ દેનાર સૂર્ય જ્યારે આથમે છે ત્યારે ચંદ્ર, તારાઓ સૃષ્ટિને અજવાળે છે. જ્યાં એ જ્યોતિઓનો પ્રકાશ પણ કામ નથી આપતો ત્યાં અગ્નિ અને દીવાઓ દિશા સૂચન કરે છે. પણ દીવા વગેરે એ બધાય પ્રકાશો જ્યાં નથી પહોંચતા ત્યાં એ સ્વયંપ્રકાશ આત્મા સ્વસ્વરૂપે ઝળહળે છે. કારણકે એ જ અભેદ્ય ચૈતન્યઘન છે. બીજા પ્રકાશો એને પ્રકાશી શકતા નથી કારણકે તે જડ છે, એનાથી પ્રકાશિત છે. પરપ્રકાશ્ય છે. એને પ્રકાશવા માટે કે જોવા માટે અન્ય પ્રકાશની જરૂર પણ નથી, કેમકે એ સ્વયંપ્રકાશ પ્રકાશસ્વરૂપ છે અને આત્માનું એ જ અસલી સ્વરૂપ છે. એનો સ્વાનુભવ થતાં સાધકની દોડધામ થંભી જાય છે અને એ સત્, ચિત્, આનંદસ્વરૂપ હમેશાં મૂકભાવે આત્મતૃપ્ત, અકામ નિજાનંદમાં મસ્ત રહે છે. તેથી જ શ્રી અવધૂત કહે છે તેમ

"બુઝાતા દીવડા આપે પ્રકાશે,
સ્વયં–રંગ ચિદ્‌ઘન!"

એ જ એનો સહજ રંગ છે.






ના દોસ્ત દુશ્મન કોઈ હમારા; હમ સદા નિઃસંગી હૈં; – ટેક.
સચ્ચિદાનંદ હમહી પ્યારે, બ્રહ્મ કેવલ હમહી હૈં. (૧)
સાતવેં આસ્માન પર હૈ તખ્ત નિર્ગુણ હમહી કા;
બિન તાર તંબુર ૐ બજાકે, હમ હમહીમેં મસ્ત હૈં. (૨)
ના રાત હૈ ના દિન હૈ, હરદમ હૈ નિરંજન રોશની;
ના શોક હૈ ના મોહ હૈ, હૈ શાંતિ એક સનાતની. (૩)
હિંદુ, મુસલમીન પારસી ખ્રિસ્તી કહો તો હમહી હૈં;
ના નાત હૈ ના જાત હૈ, ના બાત હૈ, વહાં હમહી હૈં. (૪)
ના જન્મ હૈ ના મૃત્યુ હૈ, ના બંધ હૈ ના મોક્ષ હૈ;
જો હૈં સો હમ હૈં ના જુદા હૈ; આદમ ખુદાકી જાત હૈં. (૫)
જુઠે જહાંકે રંગ હૈ, ના મૈં ન તુ, સબ હૈ ફના;
જ્યોં હૈ થા ત્યોં સોઽહં સદા, ના એક મિટ દુસરા બના! (૬)

✪

અનુકૂળતાના બીજમાંથી મિત્રતાનાં અંકુર ફૂટે છે અને પ્રતિકૂળતાના બીજમાંથી શત્રુતાના અંકુર ફૂટે છે. જ્યાં અંતરરૂપી ક્ષેત્રમાં અનુકૂળતા કે પ્રતિકૂળતાના બીજ નથી ત્યાં મિત્રતા કે શત્રુતાના અંકુર ફૂટતાં નથી. ફૂટવાનો સંભવ જ નથી. એ શેકેલાં બીજ પ્રમાણે અંકુરિત થતાં નથી. પ્રાણી કે પદાર્થ જે આપણી વૃત્તિને અનુકૂળ છે તેના ઉપર સ્વાભાવિક રીતે જ પ્રીતિ થાય છે અને પ્રાણી કે પદાર્થ જે આપણી વૃત્તિને પ્રતિકૂળ હોય તેના ઉપર સ્વાભાવિક રીતે જ અપ્રીતિ થાય છે. અને તેથી અનુકૂળ પરિસ્થિતિ એ રાગને ઉપજાવે છે, પ્રતિકૂળ પરિસ્થિત એ દ્વેષને ઉત્તેજે છે. રાગ અને દ્વેષના ઝૂલે ઝોલા ખાતું અંતર સંસારના અવનવા સંજોગોમાં પરિવર્તન પામતું જ રહે છે. આજે જ્યાં રાગ છે ત્યાં કાલે દ્વેષ, અને આજે જ્યાં દ્વેષ છે ત્યાં કાલે રાગની વૃત્તિ થાય. એ પણ સંજોગના પરિવર્તન સાથે પરિવર્તન પામતાં જાય છે. અને તેથી શત્રુભાવ કે મિત્રભાવ સદા સ્થિર રહેતો નથી. જેના ઉપર રાગ-પ્રીતિ થાય છે તેને ગમે તે સંજોગોમાં નભાવી લેવાની વૃત્તિ થાય છે. જેના ઉપર અપ્રીતિ થાય છે તેનો ગમે તે સંજોગોમાં પણ નાશ કરવાની વૃત્તિ થાય છે. પડોશીનું છોકરું જરાય અડપલું કરે તો તેને આપણે ક્ષમા કરવાને બદલે બે લપડાક મારવાનું ચૂકતા નથી. શત્રુતા અને મિત્રતાની ભાવનાનાં મૂળમાં રાગ અને દ્વેષ આ રીતે રહેલાં છે. પરમતત્ત્વ અને તેની સાથે સમરસ થયેલા આત્મા

કે વ્યક્તિ અનુકૂળ કે પ્રતિકૂળ રાગ અને દ્વેષ, એ ઉભય સ્થિતિથી પર છે અને તેથી તેને કોઈ મિત્ર નથી કે કોઈ શત્રુ નથી. અને એ જ વાત શ્રી અવધૂતે અહીં વિશદ રીતે સમજાવી છે. શ્રી અવધૂત કહે છે 'હમારે કોઈ દોસ્ત નથી કે કોઈ દુશ્મન નથી પણ હમે સદા નિઃસંગી છીએ.''

**''ના દોસ્ત દુશ્મન કોઈ હમારા; હમ સદા નિઃસંગી હૈ;''**

અહીં 'સદા' શબ્દ ધ્યાન ખેંચે એવો છે. આગળ કહ્યું તેમ આજનો શત્રુ કાલનો મિત્ર છે અને આજનો મિત્ર કાલનો શત્રુ છે. એવી સમવિષમ સ્થિતિ સંજોગો અનુસાર સર્જાય છે. પણ શ્રી અવધૂત 'સદા' નિઃસંગી છે અને તેથી ત્યાં સમતા કે વિષમતાને સ્થાન જ નથી અને સદાસર્વદા એક જ સ્થિતિમાં નિઃસંગપણે રહે છે. કોણ રહે છે? જે આત્મભાવથી ભાવિત છે. જેનામાં સમદષ્ટિ છે, જેનામાં સમભાવ છે, જે કાંઈ દશ્યાદશ્ય છે તે પોતે જ છે એવો આત્મભાવ જેનામાં સ્થિર છે, તેને કોઈ તરફ શત્રુભાવ નથી કે કોઈના તરફ મિત્રભાવ નથી પણ સર્વ તરફ સર્વાત્મભાવે સમદષ્ટિ છે અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

''હું સર્વ પ્રાણીઓમાં સમાન છું. મારો કોઈ દ્વેષપાત્ર નથી કે મારો કોઈ મિત્ર-પ્રિય નથી. તો પણ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેઓમાં છું.''

આત્માનુભવી મહાત્માની પણ એ જ સ્થિતિ છે. અને તે સ્થિતિનું અહીં શ્રી અવધૂતે

**''ના દોસ્ત દુશ્મન કોઈ હમારા; હમ સદા નિઃસંગી હૈ''**

એ શબ્દોમાં વર્ણન કર્યું છે. નિઃસંગ એટલે આસક્તિરહિત. જેને આસક્તિ છે, વિષયોમાં જેને મોહ છે, પરિવારમાં જેને મમતા છે અને અજ્ઞાનથી જેનું અંતર આવૃત છે તે અનાત્મમાં આત્મભાવનો આરોપ કરીને, આ શત્રુ છે, આ મિત્ર છે એવો ભાવ કેળવે છે. પણ જે કેવળ જ્ઞાનસ્વરૂપ છે, જે આત્મભાવે જ જગતને જુએ છે તેનામાં જ્ઞાનના પ્રકાશને કારણે એવા વિકારમય અંધકારનું અસ્તિત્વ રહેતું નથી. અને તેથી તેને કોઈ શત્રુ નથી, તેને કોઈ મિત્ર નથી, અને એ બધાય વિકારોથી પર છે અને અનાસક્ત છે. જ્યાં એક જ પરમતત્ત્વ સઘળે વિલસી રહ્યું છે, જ્યાં એક જ પરમતત્ત્વ ઘટઘટ વ્યાપ્ત છે એવો સ્થિરભાવ જેના અંતરમાં જાગ્રત છે ત્યાં આત્મીયતા કે પરકીયતા ક્યાંથી સંભવે? અને જ્યાં કેવળ આત્માનો જ ભાવ છે, <u>वसुधैव कुटुंबकम्</u> ની જ ભાવના છે ત્યાં કોણ કોનો શત્રુ અને કોણ કોનો મિત્ર? જે અંતરમાં અદ્વૈતભાવ જાગ્રત છે તે હૈયામાં સર્વત્ર પોતે જ રહ્યો છે, એવો આત્મજ્ઞાનનો પ્રકાશ ઝળકે

છે અને તેથી જ એક જ અદ્વૈતઆત્મા સિવાય અન્યનો સર્વથા અભાવ છે એમ માનીને જ એવો જ્ઞાની કોઈ પણ જાતના વિકૃતભાવ વિના જગતમાં છતાં જગતથી પર વિચરે છે. એવો સંત જ સદા નિઃસંગી છે. એ સર્વથી નિરાળો છે અને તેથી જ શ્રી અવધૂતે એવા નિઃસંગી સંતનું વર્ણન કરતાં

**'સચ્ચિદાનંદ હમહી પ્યારે, બ્રહ્મ કેવલ હમહી હૈ.'**

એ પ્રમાણે કહ્યું છે.

સત્-ચિત્ અને આનંદ એ પરમતત્ત્વનો સ્વભાવ છે. પરમતત્ત્વનો એ સ્વભાવ અપરિવર્તનશીલ છે. અને તેથી તે સદા નિઃસંગી છે. માયા એટલે અજ્ઞાન. જ્યાં માયાનું જોર છે, જ્યાં માયાનો દોર છે, અને જ્યાં માયા શોરબકોર મચાવી શકે છે તે અંતરમાં જ શત્રુતા અને મિત્રતાના વિકૃત ભાવો પ્રાધાન્ય ભોગવે છે. આ જગતનો કલહમાત્ર તામસ્ પ્રકૃતિના એ પરિણામને આભારી છે. જે સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપ છે, જેણે આત્માને આત્મા તરીકે પીછાણ્યો છે, જેનો જીવભાવ નષ્ટ થયો છે અને આત્મભાવે જ જે પરમતત્ત્વમાં સમરસ બનીને બ્રહ્મ બન્યો છે તેને માયાનો એ ઉપદ્રવ કશું જ કરી શકતો નથી. પણ ઊલટી એ માયા, કૂતરું જેમ પૂંછડું હલાવે છે અને ચાટે છે તેમ, એવા નિઃસંગી બ્રહ્મસ્વરૂપ આગળ દાસી બનીને તેના પગ ચાટે છે, તેની આજ્ઞા શિરોધાર્ય કરવાને એકપગે ઊભી રહે છે. જગત એ માયાનું સર્જન છે. અને માયાના સર્જનમાં જ 'હું' અને 'તું'ના પડદાઓ છે. જ્યાં માયા નથી ત્યાં જગત નથી અને જગતના અભાવે ત્યાં 'હું' પણ નથી અને 'તું' પણ નથી. જે કાંઈ છે તે કેવળ બ્રહ્મ જ છે. અને બ્રહ્મ તો સદા નિર્વિકાર જ છે. જગતના અભાવે 'હું અને મારાં, 'તું તારાં' એવી દ્વૈતબુદ્ધિ પણ નથી. પ્રપંચનું અસ્તિત્વ જ નથી. શત્રુતા અને મિત્રતા એ તો કેવળ ભેદવૃત્તિ છે. પ્રારંભમાં જ કહ્યું તેમ રાગાત્મિકા અને દ્વેષાત્મિકા બુદ્ધિનું એ પરિણામ છે. જેને અદ્વૈત આત્માનું દર્શન થયું છે, એ અદ્વૈત સિદ્ધાંત જેણે જીવનમાં ઉતાર્યો છે, આચારમાં મૂક્યો છે, તે પોતે પોતાનો શત્રુ કે મિત્ર થઈ શકતો નથી પણ પોતે જે છે તે જ રહે છે. અને તેથી અવિભક્તમાં વિભક્તિનો જે ભાવ જાગ્રત થાય છે તે ભાવનો અહીં અભાવ હોય છે.

શ્રી અવધૂતને આંગણે અનેક આવે છે. બધાય ભક્તિભાવથી ભોળેભાવે દર્શન કરીને પાવન થવાની ભાવનાથી જ આવે છે એમ નથી. કેટલાક ચિકિત્સક બુદ્ધિથી શ્રી અવધૂતની પ્રસિદ્ધિના પડઘા સાંભળીને એમાં શું છે તે જોવા અને જાણવા આવે છે. કેટલાક શ્રી અવધૂતની નિકટમાં પણ રહે છે અને સૂક્ષ્મ દૃષ્ટિથી એની રહેણીનું અવલોકન કરે છે. કેટલાક કેવળ દૂધમાંથી પોરા વીણવાની દૃષ્ટિએ પણ આવે છે, છતાંય એ સર્વ સાથે એ સમાનદૃષ્ટિએ વર્તે છે. એને કોઈ પાસે નથી, કોઈ દૂર નથી.

એનો દરબાર દરેક માટે સમાન રીતે ખુલ્લો છે. શ્રી અવધૂતના આત્મવિભવમાંથી દરેક જણ પોતેપોતાની પાત્રતા પ્રમાણે લઈ જાય છે. ફૂટલા ઘડાની માફક કેટલાક ખાલી હાથે પણ જતા હશે. પણ એ સર્વને એના અસંગભાવનો થોડોઘણો પણ પરચો આવ્યા વગર રહેતો નથી. અને તેથી જ એને અંશતઃ પણ સમજનાર કે બિલકુલ ન સમજનારને માટે પણ એ એક અણઉકલ્યો કોયડો જ છે. દરેક આત્મરત સંતમહાત્માની આવી જ સ્થિતિ હોય છે. અને તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે :





आश्चर्यवत्पश्यति कश्चिदेन-

माश्चर्यवद्वदति तथैव चान्यः ।

आश्चर्यवचैनमन्यः श्रृणोति

श्रुत्वाऽप्येनं वेद न चैव कश्चित् ॥

"કોઈ એના તરફ આશ્ચર્યથી આભો થઈ જુએ છે, કોઈ દિઙ્મૂઢવત્ એની વાતો કરે છે, કોઈ કૌતુકવત્ એને સાંભળે છે અને એને વિષે કેટલુંય સાંભળવા છતાંય એને યથાર્થપણે ઓળખવામાં ઘણા નિષ્ફળતા અનુભવે છે.

ગંગાજીમાં ફાવે તે ભાવે આવનાર પ્રત્યે ગંગાજી જેમ સમાન ભાવે વર્તે છે તેમજ પોતાની સાથે સંપર્કમાં આવતી હરકોઈ વ્યક્તિ સાથે પ્રભુનો લાડીલો સંતપુરુષ અસંગભાવે સમદૃષ્ટિથી વર્તે છે.

શ્રી ભગવાને કહ્યું છે :

सुहृन्मित्रार्युदासीन मध्यस्थद्वेष्यबन्धुषु ।

साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥

'સુહૃદ, મિત્ર, શત્રુ, તટસ્થ, મધ્યસ્થ, દ્વેષપાત્ર, બંધુઓ, સજ્જનો અને પાપીઓ ઉપર પણ સમબુદ્ધિવાળો મનુષ્ય શ્રેષ્ઠ છે.' તેથી જ શ્રી અવધૂત

**"ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા નિઃસંગી હૈ;"**

એમ કહે છે. અસ્તુ.

આગળ ચાલતાં આવા વિરલ સંત ક્યાં વિરાજે છે ? કઈ સ્થિતિમાં ફરે છે ? એનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

**'સાતવેં આસ્માન પર હૈ તખ્ત નિરગુણ હમહીકા;'**

આત્માના સ્થાન તરફ અહીં સંકેત કર્યો છે. આત્મસ્થિતિમાં સ્થિર મહાત્માનું પણ એ જ સ્થાન છે. દેહવાનમાં દેહીરૂપે હૃદયમાં રહેલા આત્માને પ્રાપ્ત કરવાનું સ્થાન સહસ્રાર છે. ષટ્ચક્રને પાર કરીને યોગી જ્યારે સહસ્રારમાં સુષુમ્ણા દ્વારા પ્રવેશ કરે છે ત્યારે ત્યાં તેને સજાતીય પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. અને યોગીનું એ જ સાતમું આસ્માન છે. ષટ્ચક્રના ભેદનનું પ્રયોજન ચિત્તશુદ્ધિ છે. ચિત્તશુદ્ધિ વિના એ પરમતત્ત્વનો પ્રકાશ પ્રાપ્ત કરી શકાતો નથી. અને તેથી મૂળાધારથી આરંભી મણિપુર આદિ ચક્રોનું ભેદન કરતો કરતો યોગી આજ્ઞાચક્ર સુધી પ્રવાસ કરીને

ત્યાં થંભી જાય છે. ત્યાંથી ત્રિકુટ પર ચઢવાનો માર્ગ કપરો છે. અને કોક વિરલો જ આજ્ઞાચક્રનું ભેદન કરીને આગળ વધી સહસ્રાર સુધી પહોંચે છે અને એ સપ્તમ ભૂમિકામાં નિવાસ કરી શકે છે.

બીજી રીતે જ્ઞાનયોગીની પરિભાષામાં કહીએ તો પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન, બુદ્ધિ મળીને સાત આસ્માન. અહીં ચિત્તનો મનમાં અને અહંકારનો બુદ્ધિમાં અંતરભાવ જાણવો. આ સાતેની પર આત્માનું સ્થાન છે. જ્યાં સુધી જીવાત્મા પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન-બુદ્ધિના વિકારમય દૃશ્યોમાં જ રમ્યા કરે છે ત્યાં સુધી એનો જીવભાવ ટળતો નથી અને આત્માનુભૂતિ થતી નથી. પણ જ્યારે એ ઇન્દ્રિયો અને એના વિષયોમાંથી તેમજ મન બુદ્ધિનાં લોભનીય દૃશ્યોમાંથી જીવાત્મા પોતાની જાતને ઊંચે લઈ જાય છે એટલે મુક્ત કરે છે ત્યારે જ તે સાતે આસ્માનથી પર પરબ્રહ્મ સાથે એકતા પામે છે. તેથી જ અહીં એવા બ્રહ્મવિદ્નું સિંહાસન એટલે સ્થાન કે સ્થિતિ સાત આસ્માનથી પર કહી છે. અને એ રૂપરંગ કે ગુણઆકારવિહોણી હોવાથી એને નિર્ગુણ કહ્યું છે.

એ બ્રહ્મજ્ઞાન કે આત્મવિકાસની સાત ભૂમિકાઓને પણ સપ્ત સ્વર્ગ કહી શકાય. અને એવા પરમજ્ઞાની બાદશાહનું તખ્ત કે સ્થાન સાતમી ભૂમિકા કે સ્વર્ગમાં છે એવું સૂચવવાનો પણ અહીં શ્રી અવધૂતનો આશય લાગે છે. એટલે એ જ્ઞાનની સાત ભૂમિકાઓ કઈ તેનો આપણે થોડો વિચાર કરીએ તો તદ્દન અસ્થાને નથી.

જ્ઞાનની પ્રથમ ભૂમિકા છે **શુભેચ્છા** અથવા જિજ્ઞાસા. જ્ઞાનની અંતિમ અવસ્થા એકદમ પ્રાપ્ત થતી નથી. પણ જેમ સીડી ચઢવાને એક એક પગથિયું ચઢવું જરૂરનું છે તેમ અહીં પણ તુરીય એટલે અંતિમ અવસ્થા પ્રાપ્ત કરવાને, જીવશિવનો ભેદ ટાળીને શિવસ્વરૂપ બનવાને, સૌપ્રથમ પરમતત્ત્વને જાણવાની શુભેચ્છા અંતરમાં જાગ્રત થાય એ જરૂરનું છે. ઇચ્છા વિના કાંઈ પણ થઈ શકતું નથી. એ ઇચ્છા એટલે જ પરમતત્ત્વને જાણવાની જિજ્ઞાસા. ભગવાન શ્રી વેદવ્યાસે પણ બ્રહ્મસૂત્રના પ્રથમ સૂત્રમાં

**अथातो ब्रह्मजिज्ञासा ।**

એમ કહીને બ્રહ્મને જાણવાની જિજ્ઞાસાનું મહત્ત્વ વ્યક્ત કર્યું છે. ''હું કોણ ?' 'ક્યાંથી આવ્યો ?' 'ક્યાં જવાનો ?' 'મારું કાર્ય શું ?' 'માનવ શરીરનું ચરમ લક્ષ્ય શું ?' આદિ પ્રશ્નોને જાણવાની અને અંતે 'આત્મા શું ?' 'પરમાત્મા શું ?' 'તેની પ્રાપ્તિના સાધન શું ?' આદિ પ્રશ્નોનો વિચાર કરવો એ શુભેચ્છા છે. એવી શુભેચ્છાને જ શાસ્ત્રોમાં 'બ્રહ્મજિજ્ઞાસા' કહી છે.

એવી જિજ્ઞાસા જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે મનુષ્ય, જેમ વિષયોની પ્રાપ્તિ અર્થે પુરુષાર્થ કરવાનો પ્રારંભ કરે તે પહેલાં તે પ્રાપ્તિના માર્ગ નક્કી કરવાનો વિચાર કરે છે તેમ, અહીં પણ જ્ઞાનની બીજી ભૂમિકા






વિચારણા છે. પ્રથમ ભૂમિકામાં સાધક વિદ્યાર્થી અવસ્થામાં હોય છે. જેમ બારાખડી ઘૂંટતાં ઘૂંટતાં જ બાળક ક્રમશઃ ઉપર વધતો જાય છે તેમ વિદ્યાર્થી અવસ્થામાં સાધક પોતાનું ધ્યેય સિદ્ધ કરવાને એટલે પોતાના અંતરમાં જાગ્રત થયેલી બ્રહ્મપ્રાપ્તિની જિજ્ઞાસાને સંતોષવાને શાસ્ત્રપ્રણીત ભિન્ન ભિન્ન પ્રણાલિકાઓનું અન્વેષણ કરે છે. અને તે અન્વેષણ દ્વારા પોતાની અભિરુચિ અને અધિકાર અનુસાર જે પ્રણાલિકા તેને બંધબેસતી આવે તે પ્રણાલિકા નક્કી કરીને તે માર્ગને પોતાના શ્રેયમાર્ગ તરીકે નિશ્ચિત કરે છે, અને તે માર્ગે જવાનો પ્રારંભ કરે છે. કેવળ શાસ્ત્રોના અનુશીલનથી એ સિદ્ધ થતું નથી. જ્યારે મોક્ષપ્રાપ્તિની જિજ્ઞાસા ઉત્કટ બને છે ત્યારે તે વૃત્તિને સંતોષવાને તેણે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ જ્ઞાતા પાસે જવું જરૂરનું છે. એવી જિજ્ઞાસા-શુભેચ્છા ઉત્પન્ન થતાં પહેલાં, પ્રેય પ્રત્યે વૈરાગ્યવૃત્તિ કેળવવાની હોય છે. સજ્જનોનો સંગ કરવાનો રહે છે, અને તે દ્વારા શ્રેય પ્રતિ વૃત્તિ અઢળ થતી જાય છે. પ્રેય પ્રતિ વૃત્તિ વૈરાગ્યવાન બનતી જાય તેમતેમ તેની જિજ્ઞાસા ક્રમશઃ દૃઢ થતી જાય છે. જ્યારે એ જિજ્ઞાસા દૃઢ થાય છે ત્યારે તે પ્રથમ ભૂમિકાને પ્રાપ્ત થાય છે. અને ત્યારે તે સંસાર સાગરને પાર કરવાને વિચાર કરતો થાય છે. અને ત્યારે તે શુભેચ્છાની પ્રથમ ભૂમિકાને પાર કરીને વિચારણાની દ્વિતીય ભૂમિકામાં પ્રવેશ કરે છે.

બીજી ભૂમિકા છે વિચારણા. એ ભૂમિકામાં સાધકને તત્ત્વનું જ્ઞાન થવા માંડે છે. તે પહેલાં પ્રથમ ભૂમિકાના અંતમાં જ તેને **'મુમુક્ષા'** ઉત્પન્ન થાય છે. તે વૃત્તિને માટે નિષ્કામ ઉપાસના અને ચિત્તશુદ્ધિ અર્થે કર્મ કરવાનું આવશ્યક જણાય છે. આગળ કહ્યું છે તેમ ચિત્તશુદ્ધિ વિના મુમુક્ષા સ્થિર થતી નથી. પ્રથમ ભૂમિકાના અંતમાં સાધકને આત્માનાત્મ વિવેક કરવાની શક્તિ આવે છે. 'આત્મા શું ?' 'અનાત્મા શું ?' એનો જ્યારે તે વિવેક કરતો થાય છે ત્યારે તે

परीक्ष्य लोकान्कर्मचितान्ब्राह्मणो
निर्वेदमायन्नास्त्यकृतः कृतेन
तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् ।
समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥

યમરાજાએ નચિકેતાને કહ્યું તેમ.

श्रेयश्च प्रेयश्च मनुष्यमेत
स्तौ संपरीत्य विविनक्ति धीरः ।
श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते
प्रेयो मन्दो योगक्षेमाद्वृणीते ॥

એ રીતે શ્રેય શું અને પ્રેય શું એનો નિર્ણય કરીને ધીરપુરુષ પ્રેયનો ત્યાગ કરીને શ્રેયને પંથે પરવરે છે. અને એ જ છે પ્રથમ ભૂમિકાનું અંતિમ પરિણામ.

હવે જ્યારે એવો નિશ્ચય થાય છે ત્યારે 'મારો મોક્ષ થાય, મને સંસારનાં દર્શન ન થાય,' એવી દૃઢ ભાવના થતાં પવિત્ર ધામોમાં તેની રુચિ થાય છે. અને કામ્યકર્મો તરફ વિરાગ ઉત્પન્ન થાય છે. સાધક જ્યારે પોતાના લક્ષ્યનો નિશ્ચય કરી લે છે, સંસારમાં અરુચિ થાય છે, આત્મામાં રતિ થાય છે ત્યારે તે શાસ્ત્ર અને સજ્જનોનો સંગ કરીને, વૈરાગ્યયુક્ત અભ્યાસ કરીને શ્રવણ અને મનન દ્વારા પોતાની વૃત્તિને સ્થિર બનાવીને, વિષયાભિમુખ વૃત્તિઓને આત્માભિમુખ બનાવીને, સદાચાર તરફ પ્રવૃત્તિ કરે છે. જ્ઞાનની એ બીજી ભૂમિકા **'વિચારણા'** કહી છે. એવી વિચારણાની ભૂમિકામાં પ્રવેશ કરતો સાધક પોતાનાં સાધ્યની સિદ્ધિ અર્થે સદ્ગુરુને શરણે જાય છે. એવા જિજ્ઞાસુને શરણે આવેલો જાણીને

तस्मै स विद्वानुपसन्नाय सम्यक्
प्रशांतचित्ताय शमान्विताय ।
येनाक्षरं पुरुषं वेद सत्यं
प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम् ॥

એ ન્યાયે બ્રહ્મવિદ્યાનો બોધ કરે છે.

આ સંસારનો આધાર શો ? આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય ક્યાં થાય છે ? ઈશ્વર શું ? જીવ શું ? મુક્તિ શું ? બંધન શું ? દ્વૈત અને અદ્વૈત શું ? એ બધાયનો વિચાર કરીને, નિત્યનું ગ્રહણ કરીને, અનિત્યનો ત્યાગ કરીને, નિત્યને સત્ય અને અનિત્યને અસત્ય સમજીને, મનથી બ્રહ્મનો વિચાર કરનાર બીજી ભૂમિકામાં છે એમ શાસ્ત્રો કહે છે.

જ્ઞાનની દ્વિતીય ભૂમિકામાં જ્યારે સાધક સ્થિર થાય છે ત્યારે જ તે તૃતીય ભૂમિકામાં પ્રવેશ કરવાને અધિકારી બને છે. પ્રથમ ભૂમિકામાં જિજ્ઞાસા થયા પછી, દ્વિતીય ભૂમિકામાં તેની શ્રવણ મનન દ્વારા વિચારણા કરીને જ્યારે સાધક તૃતીય ભૂમિકામાં પ્રવેશ કરે છે ત્યારે તે **'તનુમાનસા'** કહેવાય છે. એ ભૂમિકામાં પ્રથમ બે ભૂમિકાઓમાં જે શ્રવણ મનન કર્યું છે તેમાં સંશયરહિત દૃઢનિષ્ઠા થાય છે. એને જ **'અસંગભૂમિ'** પણ કહી છે. એ તૃતીય ભૂમિકામાં સંસાર અને વિષયો પ્રત્યે વૈરાગ્યની માત્રા દિન પ્રતિદિન વધતી જાય છે. જનસંપર્ક ગમતો નથી, મિથ્યા વાર્તાલાપ કરવાની વૃત્તિ થતી નથી. આત્મચિંતન સિવાય અન્યનું ચિંતન કરવાની વૃત્તિ થતી નથી અને તેથી તે વિરક્ત જેવો જણાય છે. શરીરના અને મનના દ્વંદ્વો તરફ દુર્લક્ષ થતું જાય છે. સુખમાં સુખ નથી, દુઃખમાં દુઃખ નથી, સુખદુઃખ કેવળ પ્રારબ્ધને આધીન છે, તેનો કર્તા પણ તે નથી અને ભોક્તા પણ તે નથી વગેરે અનેક ભાવનાઓ જાગ્રત થાય છે. અને પરિણામે તૃતીય ભૂમિકામાં તેની વૈરાગ્યવૃત્તિ દૃઢ થતી જાય છે. એના પરિણામે તેને આત્માનુભવની ઝાંખી થતી જાય છે. અંધકારમય મકાનમાં આપણે જ્યારે પ્રકાશમાંથી પ્રવેશ કરીએ છીએ ત્યારે ત્યાં આપણને કોઈ વસ્તુનું અસ્તિત્વ

જણાતું નથી પણ ધીમે ધીમે જ્યારે આંખ ઠરે છે ત્યારે ત્યાં પડેલી વસ્તુઓ જણાય છે. તે જ રીતે ચિત્તના અંધકારમાં પ્રથમ તો આત્મતત્ત્વ જણાતું નથી, પણ ક્રમશઃ દીર્ઘકાળના અભ્યાસથી, શ્રવણ અને મનનથી, અદ્વિતીય બ્રહ્મનો અનુભવ થવા લાગે છે. સવિકલ્પ સમાધિ સામાન્ય અસંગ છે, નિર્વિકલ્પ સમાધિ શ્રેષ્ઠ અસંગ છે. એ રીતે તૃતીય ભૂમિકા 'તનુમાનસા'નું ક્ષેત્ર ઓળંગીને સાધક ચતુર્થ ભૂમિકામાં પ્રવેશ કરે છે.

ચતુર્થ ભૂમિકાનું ક્ષેત્ર પરમતત્ત્વમાં ચિત્તની નિર્વિકલ્પ સ્થિતિ છે. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ભૂમિકાના પરિણામે અભ્યાસ દ્વારા, બાહ્ય વિષયોના સંસ્કારના નાશ દ્વારા, ચિત્તની આત્યંતિક વિરક્તિની સ્થિરતા દ્વારા, માયા અને તેના કાર્યરૂપ અવસ્થાત્રયરહિત સર્વાધિષ્ઠાન સન્માત્ર, શુદ્ધાત્મામાં ચિત્તની જ્યારે નિર્વિકલ્પ સ્થિતિ થાય છે ત્યારે તે 'સત્ત્વાપત્તિ' કહેવાય છે. પરમતત્ત્વના સાક્ષાત્કારથી, એ અવસ્થામાં જગત મિથ્યા છે એવું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. જ્યારે 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' એ ભાવ દૃઢ થાય છે ત્યારે જગત તેને સ્વપ્નવત્ જણાય છે. તૃતીય ભૂમિકામાં રજોગુણ અને તમોગુણનો સર્વથા નાશ થાય છે અને ત્યારે કેવળ સત્ત્વગુણ જ અવશેષ રહે છે અને તેથી આ નિદિધ્યાસનરૂપ ચોથી ભૂમિકા 'સત્વાપત્તિ' કહેવાય છે.

સાધક જ્યારે ચતુર્થ ભૂમિકામાં પ્રવેશ કરે છે ત્યારે તે મુક્તિનાં ગાન કરે છે, રુદન કરે છે, રોમાંચ આદિ સાત્ત્વિક ભાવોનો અનુભવ કરે છે. 'નિત્ય છું, શુદ્ધ છું, બુદ્ધ છું, મારામાં અજ્ઞાન નથી, હું જ્ઞાનસ્વરૂપ છું, મને બંધન નથી, હું નિત્યમુક્ત છું. એવું એવું તેનું અખંડ ચિંતન રહે છે.' વિષયોમાં આત્યંતિક વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક આનંદમાં સદાય તરબોળ રહે છે. જાગ્રત હોવા છતાંય જગતને સ્વપ્નવત્ સમજીને જગત પ્રત્યે સદા ઉદાસીનતાનો ભાવ સેવે છે. 'સત્ત્વાપત્તિ' પરિપાકનાં આ લક્ષણો છે. સર્વત્ર સમબુદ્ધિ એ એ ભૂમિકાનું લક્ષણ છે. શ્રી ભગવાને કહ્યું :

यो मां पश्यति सर्वत्र सर्वंच मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥

'સત્ત્વાપત્તિ'નું આ અંતિમ પરિણામ છે.

જીવ અને બ્રહ્મના ઐક્યનો અનુભવ એ પંચમ ભૂમિકાનું લક્ષણ છે. એને "અસંસક્તિ" કહી છે. એ ભૂમિકામાં અવિદ્યા અને તેના કાર્યનો સંસર્ગ રહેતો નથી. શરદનાં વાદળાં જ્યારે વિખેરાય છે ત્યારે કેવળ આકાશ જ રહે છે. તેમ જ્યારે ચિત્તમાંથી સંસાર, જગત અને પ્રકૃતિનો વિલય થાય છે ત્યારે શુદ્ધચિત્તમાં માત્ર શુદ્ધચિન્માત્ર સત્તા જ અવશેષ રહે છે. એ પંચમ ભૂમિકામાં સ્થિત સાધક પોતાને શુદ્ધ સ્ફટિક સમાન, શીતળ રસમય જળ સમાન અને ગગન સમાન વ્યાપક માને છે. વસ્તુતઃ તો આ બધાંય દૃષ્ટાંતો જડ છે. પણ એ પંચમ ભૂમિસ્થિત આત્મરત, આત્મક્રીડ

સાધકને કોઈ પણ દૃષ્ટાંત દ્વારા ઉપમા આપી શકાતી નથી. સંપૂર્ણ કાર્યજગતનું વિસ્મરણ થતાં પોતે જ પોતાના આત્મામાં રત રહે છે.

'આત્મન્યેવાત્મના તુષ્ટઃ ।'

એ શ્રી ભગવાનનું વચન અક્ષરશઃ આ પંચમ ભૂમિકાસ્થિત સાધકને બંધબેસતું છે. જાગ્રતમાં પણ સાધકને સુષુપ્તિ અવસ્થાનો અનુભવ થાય છે.

પંચમ ભૂમિકામાં આમ આત્મરત બનેલા સાધકને પછી છઠ્ઠી ભૂમિકામાં પદાર્થનો અભાવ થાય છે. અને તેથી એ ભૂમિકાને **"પદાર્થાભાવની"** એવી સંજ્ઞા આપી છે. એમાં સાધક જીવ અને બ્રહ્મની એકતારૂપી પરિણામને પ્રાપ્ત કરે છે. જ્યાં સત્ નથી, અસત્ નથી, જ્યાં અહંકાર નથી, અનહંકાર નથી. કેવળ ક્ષીણ મનનું અસ્તિત્વ છે પણ તે મનમાં પણ દ્વૈતવૃત્તિનો અભાવ હોય છે. ગ્રંથિરહિત, સંદેહરહિત, ભાવનારહિત જીવન્મુક્ત પ્રારબ્ધને કારણે શરીરધારી છતાં નિર્વાણપ્રાપ્ત બની જાય છે. જેમ અવકાશમાં મૂકેલો કુંભ ખાલી હોય છે તે જ રીતે તે અંદર અને બહાર શુન્ય છે. જેમ સમુદ્રમાં મૂકેલો કુંભ અંદર અને બહાર જળથી પૂર્ણ છે તેમ એ પણ અંદર અને બહાર બ્રહ્માનંદપૂર્ણ છે. તે કાંઈક અપૂર્ણ રૂપને પ્રાપ્ત કરે છે અથવા વાસ્તવિક રીતે કોઈ પણ રૂપને પ્રાપ્ત કરતો નથી.

જ્યારે સાધક છઠ્ઠી ભૂમિકામાં સ્થિર થાય છે ત્યારે તે સપ્તમ ભૂમિકાનો અધિકારી બને છે. અને તેને **"તુર્યા"** એવી શાસ્ત્રમાં સંજ્ઞા આપી છે. આત્મભાવમાં અભેદભાવે નિષ્ઠા થવાથી એને **"તુર્યગા"** પણ કહી છે. ચાર જીવન્મુક્ત સિદ્ધજ્ઞાનની ભૂમિકાઓમાં એ ચોથી ભૂમિકા હોવાથી એને **"તુર્યા"** કહે છે. 'શુભેચ્છા', 'વિચારણા' અને તનુમાનસા એ સાધન અવસ્થાની ભૂમિકા છે. ચતુર્થ અવસ્થાસ્થિત સાધક **"બ્રહ્મવિત્"** છે, પંચમ અવસ્થાસ્થિત **"બ્રહ્મવિદ્વર"** કહેવાય છે, ષષ્ઠમ ભૂમિકાસ્થિત **"બ્રહ્મવિદ્વરીયાન્,"** સપ્તમ ભૂમિકાસ્થિત **"બ્રહ્મવિદ્વરિષ્ઠ"** કહેવાય છે અને તુરીયાતીત અવસ્થા છે તે **'બ્રહ્મ'** અવસ્થા છે. એ વિદેહમુક્તિ છે. એ વિષય વાણીનો નથી. એ પરમશાંતિ છે. એ અવસ્થા ભૂમિકાઓની અવધિ છે. કોઈ એને 'શિવ' કહે છે. કોઈ એને 'બ્રહ્મ કહે છે. કોઈ એને જ પ્રકૃતિ પુરુષનો વિવેક કહે છે. એનું કથન થઈ શકતું નથી.

યોગવાશિષ્ઠ આદિ ગ્રંથોમાં આ વિષય વિસ્તારપૂર્વક કહ્યો છે. વાચક પોતાની જિજ્ઞાસા તે ગ્રંથો જોઈને ભલે તૃપ્ત કરે.

શ્રી અવધૂતભાખ્યા

**"સાતવે આસ્માન પર હૈ"**

એ ચરણનો આ ઉકેલ છે. જ્યારે ઉપર કહ્યું તેમ સપ્તમ ભૂમિકામાં આરૂઢ બનેલો સાધક **'બ્રહ્મવિદ્વરિષ્ઠ'** પદને પ્રાપ્ત કરે છે ત્યારે તે **'બ્રહ્મ'**ના બધાંય લક્ષણોથી લક્ષિત થાય છે. અને ત્યારે તેને ગુણની ઉપાધિઓ બાધક

નીવડતી નથી. અને તેથી જ અહીં સાતમા આસમાનમાં 'નિર્ગુણ' તખ્ત એનું છે એમ કહ્યું છે. જ્યાં સુધી ગુણોના ક્ષેત્રમાં સાધક રહે છે ત્યાં સુધી તે નિર્ગુણ કિંવા ગુણાતીત બની શકતો નથી. અને ગુણાતીત બન્યા વિના નિર્ગુણ બ્રહ્મને પ્રાપ્ત થતો નથી. અને તેથી બ્રહ્મનું આસન નિર્ગુણ છે અને તે જ તખ્તની અહીં વાત કરી છે. નિર્ગુણ તખ્ત પર વિરાજમાન એ બ્રહ્મ બનેલ સાધક પછી સાધક રહેતો નથી, સાધન પણ રહેતાં નથી અને સ્વયં સાધ્યસ્વરૂપ બની જાય છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'બિન તાર તંબૂર ૐ બજા કે, હમ હમહીમેં મસ્ત હૈં.'**

આગળ આપણે જોયું કે ૐકાર એ પરમતત્ત્વનું વૈદિક પ્રતીક છે. જ્યારે સાધક પરમતત્ત્વને પ્રાપ્ત કરીને તદ્રૂપ બની જાય છે ત્યારે તેના સાધન માત્રનો આપોઆપ સાધ્યમાં લય થઈ જાય છે અને

'आत्मन्येवात्मना तुष्टः'

જેવી સ્થિતિ થાય છે. એ જ વાત અહીં શ્રી અવધૂતે કહી છે. એ સાતમા આસ્માનમાં નિર્ગુણ તખ્ત પર વિરાજમાન બ્રહ્મરૂપ બનેલો પછી કશું જ કરતો નથી. કેવળ પ્રણવના સ્વભાવિક ધ્વનિના લક્ષ્યાર્થમાં જ મગ્ન રહે છે. એ અવસ્થા અભેદઅવસ્થા છે, સંપૂર્ણ જ્ઞાનાવસ્થા છે, અને સંપૂર્ણ જ્ઞાન જ આત્મદર્શન છે. તંબૂરાનો ધ્વનિ તો તાર વિના નીકળતો નથી પણ સિદ્ધનું અંતર તંબૂરા જેવું છે. તેને તાર નથી. ત્યાં સ્વયં જે દશવિધ કે અનેકવિધ અનાહત નાદ સંભળાય છે તેના અંતિમ મેઘગર્જના જેવા પ્રણવ કે ૐકારના નાદમાં ચિત્તનો સંપૂર્ણપણે લય થતાં સાધક બાહ્યભાનશૂન્ય અંતરાત્મા સાથે સમાહિત–એકતાર બની જાય છે. જ્યારે સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તેને બાહ્ય જગતમાં રજમાત્ર પણ રતિ રહેતી નથી. અને બધાયની સાથે રહેતો હોવા છતાં તેની અખંડ ધારાવત્ ચાલતી નિર્વિકલ્પ સમાધિમાં અંશતઃ પણ વિક્ષેપ થતો નથી. અને એ જ વાત અહીં શ્રી અવધૂતે તાર વિનાના તંબૂરમાંથી ૐનો નાદ નીકળે છે એમ કહીને સમજાવી છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત એ સ્થિતિનું વધારે જ્ઞાન આપવાને કહે છે :

**"ના રાત હૈ ના દિન હૈ, હરદમ હૈ નિરંજન રોશની;"**
**"ના શોક હૈ ના મોહ હૈ, હૈ શાંતિ એક સનાતની."**

રાત્રિ અને દિવસનો ભેદ પ્રાકૃતિકભેદ છે. પરમતત્ત્વ કેવળ પ્રકાશમય આદિત્યવર્ણ અને તમસથી પર છે. ત્યાં રાત્રિ કે અંધકારની કિંવા દિવસની કે પ્રકાશની કલ્પના કરવી અસ્થાને છે. એ પરમતત્ત્વ આગળ કોટિ સૂર્ય પણ ઝાંખા પડે છે તો ચંદ્ર, તારા આદિના પ્રકાશનું તો



૩–૮

પૂછવું જ શું ?

न तत्र सूर्यो भाति न चंद्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं।
तस्य भासा सर्वमिदं विभाति ॥

એ સૂર્ય, એ ચંદ્ર, એ તારાઓ, એ વિદ્યુત અને એ અગ્નિ સ્વપ્રકાશ નથી પણ પરમતત્ત્વનો પ્રકાશ પામીને જ પ્રકાશિત જણાય છે. જેમ ભૌતિકસૃષ્ટિમાં રાત અને દિવસ ભલે જણાય પણ સૂર્યમાં તો તેનું નામનિશાન પણ નથી. તેમજ સૂર્યના સૂર્ય એ પરમતત્ત્વ આત્મસ્વરૂપમાં પણ અજ્ઞાનરૂપી અંધકાર કે તેની અપેક્ષાએ જણાતો જ્ઞાનરૂપી પ્રકાશ એટલે જ રાત અને દિવસ નથી. પણ જ્ઞાન અજ્ઞાનથી પર વિજ્ઞાન કે સ્વસ્વરૂપની અપરોક્ષાનુભૂતિરૂપ એક અખંડ પ્રકાશ જ છે. અને એ પ્રકાશ પણ કેવો છે ? નિરંજન એટલે નિર્મળ નિષ્કલંક. રાત કે દિવસ, અજ્ઞાન કે જ્ઞાનની દૂર દૂર પણ કલ્પના રહિત અને તેથી જ એના શોક, મોહ વગેરેના ખાડાટેકરામાં ટીચાવાનું નથી. તેથી જ શ્રુતિ ભગવતી કહે છે :

तत्रको मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥

એ એકત્વના અખંડ પ્રકાશાનુભવમાં નથી મોહ કે નથી શોક. શોક અને મોહ પ્રાપંચિક જગતની વિકૃત ભાવનાનું પરિણામ છે. જ્યાં પ્રપંચ નથી, જે પ્રકૃતિથી પર છે તેને શોક અને મોહ જેવું કશું જ નથી. કારણકે જ્યાં દ્વૈત છે, ચિત્ત છે ત્યાં જ શોક અને મોહ જેવા વિક્ષેપોને અવકાશ છે. જ્યાં એક અખંડ અદ્વૈતઆત્માનો આત્માનુભવ જ વિલસી રહ્યો છે ત્યાં એવી કોઈ વિપરીત ભાવનાને સ્થાન નથી. છે તે એક અભંગ સનાતન નિત્ય શાંતિ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેણે આત્માની સનાતનશાંતિ પ્રાપ્ત કરી છે તેને માયાવી દ્વંદ્વોની બાધા નડતી નથી. અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિના પરિણામે નીપજતી મોહ અને શોકની વૃત્તિનો ત્યાં સમૂળ અભાવ છે. જેણે પરમપદની પ્રાપ્તિ કરી છે તેને માન નથી, મોહ નથી, આસક્તિ નથી, કામના નથી, દ્વંદ્વો નથી અને તેથી ત્યાં શોક મોહને અવકાશ નથી. ઉપનિષદકારે પણ તેથી જ

नित्योऽनित्यानां चेतनश्चेतनाना--
मेको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येऽनुपश्यंति धीरा–
स्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥

એ પ્રમાણે કહીને અહીં શ્રી અવધૂતબાપ્પી સનાતન શાંતિ પ્રાપ્ત કરનારની પ્રતિષ્ઠા કરી છે. તાત્પર્ય એ છે કે જ્યાં પ્રકૃતિ છે, જ્યાં પ્રકૃતિનું કાર્ય છે, જ્યાં પ્રકૃતિના ધર્મ છે, જ્યાં દ્વૈતબુદ્ધિ છે ત્યાં જ એ દિવસ અને રાત્રી છે. ત્યાં જ એ શોક અને મોહ છે અને ત્યાં જ એ માયાનાં

બંધનો છે. જ્યાં માયા નથી, જ્યાં પ્રકૃતિ નથી, પ્રકૃતિના ગુણવિકાર નથી ત્યાં કેવળ પરમતત્ત્વ છે, પરમતત્ત્વનો પ્રકાશ અને પરમતત્ત્વની શાંતિ જ છે. અને તેને પ્રાપ્ત કરનારો એ પરમતત્ત્વથી અભિન્ન હોવાથી એવા બ્રહ્મ બનેલા આત્મરતને જગતનાં કોઈપણ બંધનો બાંધી શકતાં નથી. અને તેથી વર્ણ આશ્રમ કે એના ધર્મોથી તે પર છે, એ સત્યનું પ્રતિપાદન કરતાં શ્રી અવધૂત કહે છે :

**"હિંદુ મુસલમીન પારસી ખ્રિસ્તી કહો તો હમહી હૈં;"**
**"ના નાત હૈ ના જાત હૈ, ના બાત હૈ, વહાં હમહી હૈ !"**

આત્મામાં ન્યાતજાતનો ભેદ નથી. આત્મામાં સ્ત્રી, પુરુષ કે નપુંસક જેવો લિંગભેદ નથી. નામ, રૂપ અને આકારવાન પ્રકૃતિની સૃષ્ટિમાં સર્વત્ર આત્મતત્ત્વ વ્યાપક છે અને તે બધે જ એક જ સરખું છે, પણ જેજે આકારમાં તે રહે છે તે તે આકારને અનુરૂપ તે ઓળખાય છે. અને તેથી એ ભેદદૃષ્ટિ છે. હિંદુમાં જે આત્મા છે, મુસલમાનમાં જે આત્મા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રમાં જે આત્મા છે તે આત્મામાં ભેદ નથી. વર્ણ અને આશ્રમ એ કેવળ વ્યવહારવ્યવસ્થા અર્થે રચાયેલાં છે. એ વ્યવસ્થાથી અને એ વ્યવહારથી પરમતત્ત્વ પર છે એટલે પરમતત્ત્વ ન્યાત જાતથી પર છે. છતાંય એ બધાયમાં ચૈતન્યસ્વરૂપે તો પરમતત્ત્વ જ રહેલું છે. પરમતત્ત્વના અસ્તિત્વ વિના કોઈનું અસ્તિત્વ જ શક્ય નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું : 'જે કહો તે બધું હું જ છું, આત્મા જ છે.' અદ્વૈતનો એ સિદ્ધાંત છે. ''सर्वं खल्विदं ब्रह्म'' અને ''अहं ब्रह्मास्मि'' એ વેદનાં મહાવાક્યોનો સરવાળો અહીં શ્રી અવધૂતે આ બે પંક્તિમાં કરીને, જે છે તે આત્મા જ છે, આત્માથી અતિરિક્ત કશું જ નથી એ વાતની, અદ્વૈતસિદ્ધાંતની ઘોષણા કરી છે. જ્યારે દેહભાવ નિવૃત્ત થાય છે ત્યારે દેહની સાથે જકડાયેલા, સમાજના ધોરણે બંધાયેલા એ ન્યાતજાતના, વર્ણ અને આશ્રમના વાડાઓ આત્મભાવે રહેતા નથી. અને તેથી એ ભેદભાવ કેવળ માયિક છે અને આત્મા તેથી પર છે એમ અહીં સિદ્ધ કર્યું છે. શ્રી શંકરાચાર્ય મહારાજે પણ આ જ વાતનું પ્રતિપાદન કર્યું છે. અદ્વૈતસિદ્ધાંતના અનુયાયીઓનું આ જ મહાવાક્ય છે. અભેદભાવે સર્વ બ્રહ્મ છે. ભેદ એ માયાનું કાર્ય છે. માયાનો લય થતાં એ ભેદનો પણ લય થાય છે અને એક અભેદ આત્મભાવ પ્રવર્તે છે. તે પોતાના સ્વરૂપમાં સદાસર્વદા એકરસ બની રહે છે. આદિ અને અંત વચ્ચેની આ બધી ભ્રમણાઓ આત્મવિદ્‌ને ભમાવી શકતી નથી. જે પોતાની આત્મનિષ્ઠામાં બ્રહ્મભાવે સ્થિર છે, અચળ છે, તેના મુખમાંથી તો આવાજ શબ્દોની કલ્પના કરી શકાય ! તેને ભેદદૃષ્ટિ નથી. વાસુદેવમય જગત છે અને તે વાસુદેવ 'હું છું' અને તેથી બધું જ 'હું છું' એવો અભેદભાવ જેને સિદ્ધ થયો છે તેને ન્યાતજાતના ઝઘડાઓ સાથે શો સંબંધ ? જ્યાં અજ્ઞાનમૂલક ન્યાતનો અહંકાર નથી, જ્યાં જાત-






લિંગનું અભિમાન નથી, જ્યાં વાણી પહોંચી શકતી નથી ત્યાં જ આત્મજ્ઞાનીની અનુભૂતિ છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત એક પગથિયું આગળ વધે છે. અને જન્મ, મૃત્યુ, મોક્ષ અને બંધની અજ્ઞાનમૂલક સાપેક્ષિક ભ્રમણા તરફ આપણું ધ્યાન ખેંચે છે.

આપણે આગળ જોયું તેમ આત્મા ન્યાતજાત, વર્ણાશ્રમ આદિ બધાય જાગતિક ભેદોથી મુક્ત છે, એટલે માયાના કોઈપણ બંધનોથી તે બંધાયેલો નથી. હવે એ જ આત્માને

**“ના જન્મ હૈ, ના મૃત્યુ હૈ, ના બંધ હૈ ના મોક્ષ હૈ;”**

**“જો હૈં સો હમ હૈં ના જુદા હૈ, આદમ ખુદાકી જાત હૈ.”**

જન્મ નથી, મૃત્યુ નથી, આત્માને બંધન નથી અને તેથી જ મુક્ત થવાનું નથી. મોક્ષ નથી. જે કાંઈ છે તે બધું જ આત્મા છે અને માનવી આત્માથી–ખુદાથી નિરુપાધિક તત્ત્વદૃષ્ટિએ ભિન્ન નથી પણ આત્માની જ જાતનો છે, આત્મા જ છે. તાત્પર્ય એ છે કે નામ, રૂપ અને આકારવાન સર્જનનું નાશવાન અને ઉત્પન્ન થયેલું પાંચ ભૌતિક શરીર આત્મા નથી. પણ તે શરીરમાં રહેલું ચૈતન્ય આત્મા છે. તે ચૈતન્ય પરમતત્ત્વથી અભિન્ન હોવાથી ઘટઘટ વ્યાપી આત્મા એક જ છે. જે જન્મે છે તે મરે છે. આત્મા અજન્મા છે. અને તેથી તે જન્મતો નથી અને મરતો પણ નથી.

'न जायते म्रियते वा कदाचित्'

એવા ભગવાનના શબ્દો એ સત્યની પ્રતીતિ અર્થે પૂરતા છે. એ જન્મ્યો નથી, જન્મતો નથી, જન્મશે પણ નહીં અને તેથી એ અજન્મા છે. શરીર મરે છે અને શરીર જન્મે છે. શરીર એ આત્માનું ઘર છે. જે આત્મા જન્મમૃત્યુથી પર છે તેને શરીરના જન્મ અને મૃત્યુ સાથે કશો જ સંબંધ નથી. અને તેથી આત્મભાવયુક્તને શરીરના જન્મ અને શરીરના મૃત્યુ સાથે કશો જ સંબંધ નથી અને તેથી વિકાર પણ ઉત્પન્ન થતો નથી. શરીરનો જન્મ પ્રારબ્ધના ભોગ અર્થે છે. શરીરનું મૃત્યુ પ્રારબ્ધ ક્ષીણ થતાં થાય છે અને નવાં પ્રારબ્ધભોગ ભોગવવાને નવું શરીર જન્મે છે. એ બધી ઉપાધિ જીવભાવયુક્ત આત્માને છે. જીવભાવમુક્ત આત્મા તો અવિચળ છે, ધીર, ગંભીર છે. તેને શોક વા મોહ નથી અને તેથી જ તેને કશાંય બંધનો નથી. જેને બંધન નથી તેની મુક્તિ પણ કેમ થાય ? જેને બંધન છે તે મુક્તિની અભિલાષા રાખે. કારાગ્રહમાં રહેલા કેદીને મુક્તિની અપેક્ષા રહે. પણ જે જેલર છે તેને મુક્તિની અભિલાષા રહેતી નથી. જીવ કેદી છે, આત્મા જેલર છે. બન્નેનો નિવાસ એક જ સ્થાનમાં છે છતાંય વૃત્તિનો ભેદ છે. જેલર પોતાને મુક્ત માને છે, કેદી પોતાને બંધનમાં છે એમ માને છે અને તેથી મુક્તિની વાંછા કરે છે. જેણે હરિને પરખ્યા છે, જેણે હરિને અંતરમાં જોયા છે અને જોઈને જે હરિમય બન્યો

છે તેને બંધન નથી. અને તેથી મુક્તિની વાસના નથી. આત્મા તો નિત્યમુક્ત છે જ. જો એક જ છે તો જગત મુક્તિની પાછળ ગાંડુંઘેલું કેમ બન્યું છે ? જ્યાં જુઓ ત્યાં ઉદ્ધારની વાતો કેમ થાય છે ? જગત એટલે પ્રપંચ અને પ્રપંચમાં બંધાયેલો જીવ 'મને બંધન છે' એમ માનીને કાલ્પનિક બંધનમાંથી કાલ્પનિક મુક્તિની વાંછા કરે છે. જીવને જ્યારે પોતાનું વાસ્તવિક સ્વરૂપ સમજાય ત્યારે મુક્તિ એ કેવળ ભ્રમણા છે એમ તેને લાગ્યા વિના રહેતું નથી. પણ એ સત્ય તેને ક્યારે સમજાય ? જ્યારે જીવની ફરતે રહેલા આવરણને ચીરીફાડીને જીવ તેમાંથી મુક્ત થાય ત્યારે. આવરણ મુક્ત જીવને સમ્યક્જ્ઞાન થાય ત્યારે પોતાની મૂર્ખતા ઉપર પોતે જ હસે અને ત્યારે જ તે જાણી શકે કે






**"જો હૈ સો હમ હૈ, ના જુદા હૈ."**

'જે છે તે હું જ છું. બીજું કોઈ નથી.'

'मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति धनजय'

એ શ્રી ભગવાનનું વાક્ય અહીં સ્મરણમાં આવે છે. અને ત્યારે જ તેને

'जीवो ब्रह्मैव ना परः ॥'

ની વાત ગળે ઊતરે છે. અને ત્યારે માનવી પરમાત્માથી ભિન્ન નથી એ સમજી શકાય. બ્રહ્મ અને જગત તાત્ત્વિકદષ્ટિએ ભિન્ન નથી. માત્ર જગતમાં બ્રહ્મને જોવાનો અને બ્રહ્મમાં જગતને જોવાનો દષ્ટિપાત કરવાનો જ પુરુષાર્થ કરવો જોઈએ. સાક્ષાત્કાર એટલે દષ્ટિ પરિવર્તન. જીવશિવનો ભેદ ટળે તો જીવ એ જ શિવ છે.

અંતે શ્રી અવધૂતની મસ્તી માઝા મૂકે છે. કહે છે :

**'જૂઠે જહાંકે રંગ હૈ, ના મૈં ન તુ, સબ હૈ ફના,'**
**હૈ જ્યોં કા ત્યોં સોહં સદા, ના એક મિટ દૂસરા બના !**

આ વાત કેટલી સરળ છે ? પણ અનુભવ કરીને જીવનમાં ઉતારવી કેટલી કપરી છે ? શ્રી અવધૂત અહીં વેદ પ્રતિપાદિત અંતિમ સિદ્ધાંતનો ઉલ્લેખ કરે છે. શ્રી અવધૂતે કહ્યું છે :

**"ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે"**

'હું' અને 'તું' એ ભેદવૃત્તિ છે. એ ભેદવૃત્તિ ઉપર જ જગતનો વ્યવહાર નિર્ભર છે. એ ભેદબુદ્ધિયુક્ત આત્માના રંગ કેવળ જૂઠા છે. સત્યનો એમાં અંશ માત્ર પણ નથી. જે સત્ય છે તે સદા એક જ સ્વરૂપે અપરિવર્તનશીલ રહે છે. જે અસત્ય છે તે જ પ્રતીક્ષણે પલટાતું રહે છે. જે પરિવર્તનશીલ છે તેનો નાશ છે. અપરિવર્તનશીલનો વિનાશ નથી. જગતના બધાય પરિવર્તનશીલ ધર્મો નાશવાન છે અને તેથી 'હું' અને 'તું'ના ભેદ પણ મિથ્યા છે. જ્યાં 'હું' નથી ત્યાં 'તું' પણ નથી. અને એ 'હું' અને 'તું'થી ભિન્ન પરમતત્ત્વ છે તે જ સત્ય છે. 'હું' અને 'તું' જાગતિક ભેદ છે અને એની અપેક્ષાએ જ એ પરમતત્ત્વને 'તે' કહેવામાં

આવે છે. અને જ્યારે એ સાપેક્ષિક 'હું' 'તું' 'તે' ભાવની નિવૃત્તિ થાય છે ત્યારે એક નિરપેક્ષ પરમતત્ત્વ જ રહે છે.' જેવું મૃગજળ તેવા જ એ ભેદ પણ મિથ્યા છે. પરમતત્ત્વ 'સોઽહમ્' તો ત્રિકાળાબાધિત જેવું છે તેવું ને તેવું જ નિર્મળ છે અને જ્યાં છે ત્યાંથી ચલિત પણ થતું નથી. સ્થિર હિમાચલ જેવા પરમતત્ત્વને ચલિત કરવાને કોઈ શક્તિવાન પણ નથી. અહીં પરમતત્ત્વના અવિનાશી ધર્મનો અને જગતના વિનાશી ધર્મોનો સચોટ ખ્યાલ આપ્યો છે. માયાનું સર્જન એક મટીને બીજું થાય છે, બીજ મટીને વૃક્ષ થાય છે, બાળક મટીને યુવાન થાય છે. પણ પરમતત્ત્વ એક મટીને બીજું થતું નથી. તે તો પોતાના સ્વસ્વરૂપમાં એક જ સ્થિતિમાં રહેલું છે. અલંકારના અભાવે સોનું સોનું જ છે. અલંકારના ભાસકાળમાં પણ સોનું સોનું મટી અન્ય કાંઈ અ-સોનું થતું નથી. અને અલંકાર નહીં હોય ત્યારે પણ તે સોનારૂપે જ છે. સોનું મટીને એ કાંઈ થયું જ નથી. તેમજ સત્સ્વરૂપ જે 'હું' એટલે જ એ પરમતત્ત્વ જેવું હતું તેવું અત્યારે પણ હું દ્વૈત જગતના ભાસકાળમાં પણ જેવું ને તેવું એક રૂપે જ રહેલું છે. એક મટીને – પરમતત્ત્વ મટીને અન્ય કાંઈ થયું જ નથી. જે દેખાય છે તે દૃષ્ટિદોષ છે. અજ્ઞાનમૂલક ભ્રાંતિ છે. એ ભ્રાંતિ દૂર થતાં મૂળતત્ત્વ એનું એ જ છે. એ જ કહેવાનું તાત્પર્ય છે. અહીં શ્રી ગૌડપાદાચાર્ય કે વસિષ્ઠ સૂચિત અજાતવાદ પ્રતિ સંકેત છે.

શ્રી અવધૂતભાખી અનુભવસિદ્ધ આ વાણી અનેક વેદવેદાંતના ગ્રંથોનું પરિશીલન કરતાંય સોંસરી અંતરમાં ઊતરતી નથી તે અહીં આટલા એક જ ગીતથી અંતરને ઠારે છે. આત્મા અને જગત, આત્મા અને બ્રહ્મનિષ્ઠ, માયા અને પુરુષના ભેદાભેદનો સચોટ ખ્યાલ આપે છે. શ્રી અવધૂતની આ વાત પાછળ શ્રી અવધૂતની તપશ્ચર્યા છે, અનુભવ છે અને તેથી જ શંકાશીલ નિઃશંક બની સમાધાન મેળવી શકે છે. જે વાત સાધારણ માણસ કહી શકતો નથી, કહે તો શ્રોતાને રંગી શકતો નથી તે વાત અહીં આત્મવિશ્વાસપૂર્વક કરી છે. જાણે અવધૂતને સાંભળનારના આત્મા સાથે બોલી રહ્યો ન હોય ! અને તેથી જ એ ગાતાની સાથે જ ગાનારના હૃદયના તાર ઝણઝણે છે. અને ઘડીભર તો વાંચનાર અવધૂતની એ આત્મમસ્તી સાથે તાદાત્મ્ય પામી એ સ્થિતિના આનંદમાં ઊડવા લાગે છે. સંતોનો એ જ મહિમા છે. સંતોની વાણી વાંચનાર ભલે બ્રહ્મ ન બને પણ બ્રહ્માનંદનો અંશતઃ પણ આનંદ તો અવશ્ય પ્રાપ્ત કરી શકે. અસ્તુ.






જો ચાહે સો કહના, પ્યારે, જો ચાહે સો કહના.–ટેક.

ના 'મૈં' ન્હાતા ના મૈં ધોતા, ના મૈં તિલક લગાતા;
ના પઢતા ના જપતા, સાધો, સ્વૈર મોજમેં ફિરતા !–પ્યારે. (૧)

કાલીકંબલ ભગવી ચાદર, ઝોલી શ્વેત દિખાતા;
પંથ ભેખકી બાત ન જાનું, નિજાનંદમેં રહેતા !–પ્યારે. (૨)

નિતનિત નૂતન ભોગ ભોગકે, બ્રહ્મચારી કહેલાતા;
નારીનરકે વસ્ત્ર ખીંચકે, દિવ્ય તનુ દિખલાતા !–પ્યારે. (૩)

મુડદા જમકા કબર ઢુંઢીસે, કાઢ છાતીપે ચઢતા;
જંગલ બસ્તી દોનુ છોડકે, જાકે મરઘટ સોતા !–પ્યારે. (૪)

ઈશ્ક હકીકી પીકે પ્યારે, ઘોર અઘોરી બનતા;
ખાખ ખુદીકી દિલપે ચોળી, સોહં શંખ બજાતા !–પ્યારે. (૫)

કોઈ દિન બમ્મન હોકે ફિરતા, બેદબચન સુનવાતા;
દાઢીમૂંછ મુંડાકે કોઈ દિન, સુધ સંન્યાસી ભાતા !–પ્યારે. (૬)

અનલહક્ક અહાલેક નિરંજન, કોઈ દિન બંદગી ગાતા;
ફતેહ ગુરુકી રંગ રંગકે, આતમરૂપ દિખાતા !–પ્યારે. (૭)

સબસે ન્યારા સબમેં પ્યારા, એક અનેક ભગાતા;
આખર જીવશિવકો પીકે, નિરાલંબમેં સોતા !–પ્યારે. (૮)

✪

આત્માની મસ્તીમાં આત્મા સાથે એકરૂપ બનેલા પથિકને જગતની ક્યાં પડી છે ? જેને જેમ ફાવે તેમ કહે ! પંખેરું આકાશમાં સ્વૈરવિહાર કરે છે તેને નથી ત્યાં કોઈ અવરોધ કરનારું કે નથી દિશાના પ્રતિબંધ ! આકાશમાં યથેચ્છ વિચરતા પંખી જેવો સ્વૈરવિહાર કરવાનું અહીં શ્રી અવધૂત ઉદ્‌બોધે છે. અને કહે છે :

"જો ચાહે સો કહના"

કોણ કેવું છે અને કોણ કેવું નથી તેની તુલના જગતના લોકો પોતપોતાની કલ્પના અનુસાર કરે છે. તેમાં વાસ્તવિક સત્ય કેટલું છે તે કેમ કહી શકાય ? બધાય રાફડામાંથી ઊંદર નીકળતા નથી. કોક રાફડેથી ભોરીંગ પણ નીકળી પડે ! જગતમાં જણાતા બધાય સંતપુરુષો સરખા નથી. ઘણાય ઢોંગી હોય પણ તેમાં કોક વિદેહમુક્ત પણ હોય, કોક જીવન્મુક્ત પણ હોય, કોકે સાક્ષાત્કાર કર્યો પણ હોય અને કોક આત્માનંદની મસ્તીમાં મસ્ત પણ હોય. એવા આત્મક્રીડ સંતોને જગતની

નિંદાની પણ પરવા નથી અને જગતની સ્તુતિની પણ તેને સ્પૃહા નથી. તે તો કેવળ આત્મામાં જ મગ્ન રહે છે. અને તેથી જગત જે ફાવે તે કહે તે સાંભળવાનો અથવા સાંભળીને તેના સારા માઠા સંસ્કારો અંતર પર આલેખવાનો તેને અવકાશ જ નથી. છતે કાને બહેરા એવા સંતને કોઈ શું કહે છે તેની લેશમાત્ર પડી નથી. અને તેથી

'જો ચાહે સો કહના પ્યારે,'

એમ શ્રી અવધૂત કહે છે.

એવા વિરલ સંતો તો પોતાને ઠીક લાગે એટલે કે પોતાનો અંતરાત્મા કહે તે જ કરે છે. સંતો પરબુદ્ધિ નથી હોતા, નથી થઈ શકતા. સાત પૂંછડિયા ઊંદરની માફક બીજાના અભિપ્રાય પર જીવવું એમને પરવડતું હોતું નથી. આમ હોવા છતાં સર્વ સાથે તેમનો વહેવાર પ્રેમમય હોય છે. પ્રતિકૂળ ટીકા કરનાર પ્રત્યે પણ એમના મનમાં તિરસ્કાર નથી હોતો. તેથી જ શ્રી અવધૂત કહે છે કે

"જો ચાહે સો કહના, પ્યારે, જો ચાહે સો કહના."

"હે પ્યારાઓ ! હે સ્વજનો ! તમને જેમ ઠીક લાગે તેમ કહો. હું તો જે છું તે જ છું."

આ ગીત બહુધા પ્રવાસના અનેકવિધ અનુભવોમાંથી સરજાયું હશે એમ માનીએ તો ખોટું નથી. શ્રી અવધૂતના પોતાના પ્રવાસના અનોખા અનુભવોની ક્યારેક આનંદની ક્ષણોમાં જ્યારે સ્વમુખે વાતો કહે છે ત્યારે તેમાં ભારોભાર વિનોદ હોવા છતાંય, ખરેખર જીવન જીવવાની સાચી ચાવી તેમાંથી મળી રહે છે. એવા જ કોક પ્રવાસમાંથી આ ગીત જન્મ્યું હોય એમ લાગે છે.

આત્માની પ્રગતિને અવરોધ કરનારા તત્ત્વો, કેવળ માયાના બંધનો અને દેહને અનુસરતા સમાજનાં બાહ્ય બંધનોને ફગાવી દઈને આત્મપ્રાપ્તિના પંથે પળતા જે જે વિઘ્નરૂપ જણાય તે બધાંય તત્ત્વોને છિન્નભિન્ન કરીને પંખેરું જેવો સર્વતંત્ર સ્વતંત્ર સ્વૈરવિહાર કરીને જીવન જીવવાનો એમાં ધ્વનિ છે. શ્રી અવધૂત કહે છે :

"ના મૈં ન્હાતા ના મૈં ધોતા, ના મૈં તિલક લગાતા;"
"ના પઢતા, ના જપતા સાધો ! સ્વૈર મોજમેં ફિરતા !"

માણસનું બાહ્યજીવન એના આંતરિક જીવનનું હંમેશાં નિદર્શક હોય છે જ એવું નથી. અણસમજુ લોક માને છે તેમ નહાવુંધોવું, તિલક છાપા કરવા વગેરે કૃત્રિમ વેષભૂષા કે બાહ્ય નિયમો સાધુતાનાં આવશ્યક અંગ છે જ એમ નથી. એ સાધુશાહી સજાવટ બરાબર હોવા છતાંય ઘણીવાર અંદર સાધુતાનો છાંટોય ન હોય એવું જોવામાં આવે છે. એટલે એ બાહ્યાંગને વધારે પડતું મહત્ત્વ આપવાથી સાવધાન રહેવાનો આમાં ગર્ભિત સૂર છે. નહાવાધોવાથી શરીરની શુદ્ધતા કદાચ જળવાય, પણ અંદરનો

મેલ–'અંતરના ડાઘા'–એથી નથી ધોવાતા. શરીરને દિવસમાં ગમે તેટલી વાર સ્નાન કરાવીશું તેથી આત્માને એક બુંદ પણ પાણીનો સ્પર્શ નહીં થાય. પણ જે નિત્યશુદ્ધ છે તે આત્માને સ્નાન શાં ? આકારવાન સ્નાન કરે, નિરાકારને સ્નાન શાં ? આકારવાન મેલને ધોઈ નાખે, નિરાકારને મેલ ક્યાં ચઢે કે તે ધોવો પડે ? અહીં શ્રી અવધૂતે 'મૈં' શબ્દનો પ્રયોગ શરીરને લક્ષ્ય કરીને કર્યો નથી. આત્માને લક્ષ્ય બનાવીને એ શબ્દપ્રયોગ કર્યો છે. અને તેથી આત્માને સ્નાનની જરૂર નથી, આત્માને પાણીથી ધોવાની જરૂર નથી. માછલીઓ અખંડસ્નાન કરે છે તેથી શું ? શું નહાવાધોવાથી જ આત્માની પ્રાપ્તિ થાય છે ? ના. જો તેમજ હોય તો માછલાં અને બીજાં જળચર પ્રાણીઓનો પુનર્જન્મ સંભવિત જ નથી. જ્યાં સુધી મન શુદ્ધ નથી ત્યાં સુધી એ લૌકિક સ્નાનથી મનનો મેલ ધોવાતો નથી. શરીરનો મેલ ધોવાથી આત્મપ્રાપ્તિ થતી નથી. અને મન જ્યાં સુધી મેલું છે ત્યાં સુધી આત્માની ઝાંખીની આશા આકાશકુસુમવત્ છે. મુખને ધોઈ ધોઈને ઉજ્જવળ બનાવો પણ જો મેલા દર્પણમાં તે ઉજ્જવળ મુખને જોશો તો તે પણ મલિન જ જણાશે. તેમ શરીર ધોઈ ધોઈને સ્વચ્છ કર્યાથી, મન જો મેલું હોય તો એ બાહ્ય શુદ્ધિનો કશો જ અર્થ નથી. અને તેથી સ્નાનના એ આડંબરને દૂર કરી, શરીરનો મેલ સાફ કરવા તરફ જેટલી કાળજી રાખીએ, છેવટે તેટલી જ કાળજીથી જો મનને સ્વચ્છ કરીએ તો એ કરેલી મહેનત જરૂર ફળદાયી થશે.

આનો અર્થ એવો નથી કે શ્રી અવધૂત સ્નાન કરતા નથી. એ તો ત્રિકાળસ્નાન કરે છે પણ આપણે જેમ સ્નાન કરવામાં તેલ, સાબુ, પાવડર આદિનો શરીરને સ્વચ્છ કરવા માટે ઉપયોગ કરીએ છીએ અને સ્નાન પાછળ સમય વ્યતીત કરીએ છીએ અને પવિત્ર થયા એવું મનને મનાવીએ અને છાપરે ચઢી પોકારીએ છીએ તેવો અહંકાર શ્રી અવધૂત સેવતા નથી. માણસના આત્મવિકાસમાં અંતઃશુદ્ધિ એ મુખ્ય વસ્તુ સાચું સ્નાન છે. બાહ્ય શુદ્ધિ જરૂરની છે પણ તેની પાછળ શરીરના મોહને પોષે બલકે વધારે એટલું બધું મહત્ત્વ એને આપવાની જરૂર નથી. એટલું જ કહેવાનો અહીં આશય છે. અને જેનો દેહભાવ ગળી ગયો છે અને જેણે આત્મપ્રાપ્તિ કરી લીધી છે એવા નિત્યશુદ્ધ આત્મસ્વરૂપ બનેલાને નહાવાધોવાનું પ્રયોજન પણ શું ? હશે.

આગળ શ્રી અવધૂત કહે છે :

"ના મૈં તિલક લગાતા;"

તિલક કરવાનું કોને હોય ? કોકના ઊભા લીટા, કોકના ત્રિપુંડ, કોકના ચાંદલા, કોકની ભસ્મ, કોકનું કંકુ એ બધાં ભિન્નભિન્ન પંથ ચિહ્નોનાં વિધાન સાથે શ્રી અવધૂતને શું લેપન ? શ્રી અવધૂતને વાસ્તવિક રીતે કોઈ પંથ જ નથી. અને હોય તો તે એક જ પરમાત્મપંથ છે. એમાં






નથી એવા દેહચિત્રણના વિધિનિષેધ કે નથી અધિકાર ભેદ. જે ચાહે તે અપ્રતિબંધ-આત્માભિમુખ પંથને એ અપનાવી શકે છે. હરકોઈને એમાં પ્રવેશ છે. પ્રભુના એ દરબારમાં કોઈને જાકારો નથી. જ્યાં પંથ છે, જ્યાં વાડા છે ત્યાં ભેદ છે, ત્યાં સ્પર્ધા છે. જ્યાં સ્પર્ધા છે ત્યાં ઘર્ષણ છે અને ત્યાં જ ઈર્ષા, અસૂયા, રાગદ્વેષ, વગેરેને અવસર છે. પરિણામે મુખ્ય વાત વિસારે પડે છે અને બાહ્યાડંબરમાંથી સાધક ઊંચો આવી શકતો નથી, સાધ્યની સિદ્ધિ કરી શકતો નથી. અને તેથી શ્રી અવધૂતે એ બાહ્યાડંબરની આત્મપ્રાપ્તિમાં આવશ્યકતા નથી એમ સૂચવવા ઉપરની પંક્તિ લખી છે. આવો બાહ્યાડંબર આત્મોન્નતિમાં આવશ્યક તો નથી જ પણ કેટલીક વાર એની અતિશયતા અવરોધક નીવડે છે અને તેથી એમાં જ ધર્મસર્વસ્વ છે એવું માની લેવાની ભૂલ કોઈ ન કરે એમ કહેવાનું તાત્પર્ય છે.

કોક ત્રિપુંડધારી પોતાને શૈવ કહાવે, કોક તિલકધારી પોતાને વૈષ્ણવ કહાવે, કોક ભસ્મોધ્ધૂલિત પોતાને અવધૂત કહાવે અને એમ કહીને પોતે જે પંથનો હોય તેની ઓળખ આપે અને પરસ્પર ભેદબુદ્ધિ પોષી સંઘર્ષ વધારે. પણ આત્મામાં એવું શૈવપણું, શાક્તપણું નથી. તેથી ટીલાં ટપકાંના કપાળ પર સિક્કા મારીને પોતાની એવી મર્યાદિત ઓળખ આપવાનું શ્રી અવધૂતને અનુકૂળ નથી. એ તો આત્માનંદના અમર્યાદિત આનંદમાં મસ્ત હોવાથી એવા પંથ અને તેનાં ચિહ્નો અને બંધનો એને પિંજરમાં પુરાયેલા પંખી જેવી સ્થિતિમાં મૂકી દે. એ એને અનુકૂળ નથી. પંથનું અભિમાન આત્માની પ્રગતિને અવરોધક છે. અને તેથી એવા અહંકારજન્ય અવરોધને શ્રી અવધૂતે ઓગાળી દીધો છે એ

"ના મૈં તિલક લગાતા"

પંક્તિનો મર્મ છે.

તિલક-છાપાની માફક સાંપ્રદાયિક ચીલાચાલુ સ્થૂળ પાઠપૂજાને પણ ધર્મનું મુખ્ય અંગ માનવામાં આવે છે. પણ દંભપોષી એવી જડ નીતિરીતિને આત્મપંથી સાધનામાં ઝાઝું મહત્ત્વ નથી એમ બતાવતાં શ્રી અવધૂત કહે છે :

**"ના પઢતા, ના જપતા, સાધો !"**

જેમ બીજાઓ પાઠ કરે છે, જપ કરે છે તેમ શ્રી અવધૂત પાઠ કે જપ કરતા નથી એમ કહીને શ્રી અવધૂત સાધનનાં પ્રદર્શન પ્રત્યે પોતાની અપ્રીતિનો ખ્યાલ આપે છે. આત્મોપલબ્ધિનાં જેટલાં સાધનો છે તે સૂક્ષ્મ સાધનો છે. ચિત્તશુદ્ધિ અર્થે જે જે સાધનો કરવાનાં છે તે બાહ્ય સાધનો નથી, આંતરિક સાધનો છે. કારણકે એનો સંબંધ મન સાથે છે. જ્યાં સુધી વૃત્તિ શુદ્ધ ન થાય ત્યાં સુધી ચિત્ત શુદ્ધ થતું નથી અને મલિન ચિત્તમાં આત્માનું પ્રતિબિંબ પડતું નથી. પાઠ કરવા અને દુનિયાને "ભક્ત

છું, હું ભગવાનને ભજું છું, ભગવાનનાં પાઠ કે જપ કરું છું'' એવું બતાવવું એ ચિત્તશુદ્ધિનું લક્ષણ નથી, પણ ચિત્ત ઉપર અહંતાની મલિનતાનો થર વધારે ચઢાવવા જેવું છે. શું અવધૂત નાસ્તિક છે ? ના, ના. એ તો પરમ આસ્તિક છે. અને શ્રી અવધૂતની ભાષામાં કહીએ તો ''નાસ્તિક કોઈ હોઈ શકતું નથી. તમે જીવો છો એમ તમે માનો છો એ જ તમારી આસ્તિકતા છે. તમે જીવો છો કારણ કે પ્રભુ 'અસ્તિ' સ્વરૂપ છે. અને તેથી જ્યાં સુધી તમે છો – તમારું અસ્તિત્વ તમે સ્વીકારો છો ત્યાં સુધી તમે નાસ્તિક નથી.'' એટલે શ્રી અવધૂત પરમ આસ્તિક છે. ત્યારે આમ કહેવાનું કારણ ? પ્રારંભિક સાધકને આ વાક્ય વાંચીને શી અસર થાય ? અવધૂત જેવાના મુખમાંથી સરતાં આવાં અનાસ્થા ઉપજાવે એવાં વાક્યો વિચારકને પણ વિચાર કરતા કરી મૂકે. અને તમે પણ જો સાચા વિચારક હો તો એનો ઉપલકિયો અર્થ ન કરતાં એ વાક્યના ગર્ભમાં ઊતરો તો તમને સમજાશે કે એ શબ્દો કેટલા માર્મિક છે.

શ્રી અવધૂતની આધ્યાત્મિક કક્ષાનો આપણે ખ્યાલ કરીએ તો ''સિદ્ધનાં લક્ષણ સાધક માટે સાધન છે'' એ સિદ્ધાંત અનુસાર આપણને જણાશે કે સાધક જ્યાં સુધી સાધક અવસ્થામાં રહે ત્યાં સુધી જ તેને સાધનની જરૂર છે. જપ, તપ, પાઠ આદિ ઉપચારો ચિત્તશુદ્ધિનાં સાધનો છે. સાક્ષાત્ આત્મપ્રાપ્તિનાં સાધનો નથી. નિત્ય પ્રાપ્ત આત્માને પ્રાપ્ત કરવાને સાધનની જરૂર નથી. પણ રાખના ઢગમાં ઢંકાયલા અગ્નિને પ્રગટ કરવાને રાખના ઢગને કાઢી નાંખવાની જરૂર છે, તેમ જપ, તપ, પાઠ આદિ દ્વારા ચિત્તને શુદ્ધ કરવાની જરૂર છે. જેનું ચિત્ત સ્ફટિક સમાન શુદ્ધ છે તેને પાઠ શા કરવા અને જપ કોના કરવા ? સાધ્યની પ્રાપ્તિ એ જ સાધનની સમાપ્તિ છે. એવો આત્મરત, આત્મક્રીડ સાધક પણ કોઈ વખત સાધન કરતો જણાય છે પણ તે કેવળ લોકસંગ્રહ અર્થે જ હોય છે. અને તેથી જ શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥

''મારે ત્રણે લોકમાં કંઈ કરવાનું નથી કે નથી મેળવેલું મેળવવાનું, છતાં હું કર્મ કરું છું.'

સાધક નહાયધુએ, પાઠપૂજા ભલે કરે, પણ એનો આડંબર ન મચાવે. અને એટલાથી જ પોતે કૃતકૃત્ય થયો એવું માની દંભ ન પોષે. નહીં તો આત્મવૈભવથી એ સદા વંચિત જ રહેશે એટલું જ સૂચવવાનો અહીં શ્રી અવધૂતનો આશય છે. અસ્તુ.

ત્યારે શ્રી અવધૂત કરે છે શું ? અનિયંત્રિત આત્માનંદના વિભુઆકાશમાં યથાપ્રારબ્ધ વિચર્યા કરે છે.



**''સ્વૈર મોજમેં ફિરતા''**

આ વાત બધા સહેલાઈથી સમજી શકે તેવી નથી. અને તેથી જ અહીં વાંચનાર ફાવે તે કક્ષાનો હોય તો પણ એની અંદર રહેલા સદંશને જાગ્રત કરવા માટે 'સાધો' એવા શબ્દથી પ્રથમ સંબોધન કર્યું છે. જે સાચો સાધુ છે, જેનો સદંશ સતત જાગ્રત છે તે જ સાધુને પિછાની શકે. તે કક્ષાએ પહોંચ્યા વગર ત્યાંની સ્થિતિની કલ્પના ન આવી શકે. માટે જ 'સાધો' એ સંબોધન સાર્થક છે.

હવે એ સ્વૈરવિહારનો વિચાર કરીએ. એ સ્વૈરવિહાર આત્માનો વિહાર છે. શરીરને અને આત્માના સ્વૈરવિહારને કશો જ સંબંધ નથી. શ્રી અવધૂતના પરિચિત ભક્તવૃંદને શ્રી અવધૂતની શિસ્તનો પૂરો ખ્યાલ છે. પણ એ શિસ્ત લોકસંગ્રહ અર્થે છે એમ કહેવું અયોગ્ય નથી. આત્માનો સ્વૈરવિહાર વિલક્ષણ છે. આત્મા ક્યાં નથી ? શરીરમાં શરીરિસ્વરૂપે રહેલો આત્મા પરમાત્માનો અંશ છે. અંશમાં અંશીના બધાય ધર્મો અને ગુણ આવે એ સ્વાભાવિક છે. અગ્નિની ચિનગારીમાં અગ્નિની દાહકતા અને પ્રકાશકતા હોય છે. પણ આલંબન વિના એ ચિનગારી જેમ મહદગ્નિમાં ભળી જાય છે તેમ અંશ આત્મા પણ જો શરીરનું આલંબન ન હોય તો મહદાત્મામાં ભળી જાય છે. શરીર એ આત્માનું આલંબન નથી પણ એ શરીર દ્વારા અંશીને પ્રાપ્ત કરવાનું એક સાધન છે. જ્યારે એ શરીરિ પરમતત્ત્વને પીછે છે ત્યારે તે પરમતત્ત્વથી ભિન્ન રહેતો નથી. અને તેથી તેને કોઈ પણ જાતનાં બંધનો રહેતાં નથી. જ્યાં સુધી શરીર સાથે તાદાત્મ્ય પામી શરીરના ધર્મ માનીને, શરીરિ પાંજરામાં પુરાયેલા પંખી જેવો બની રહે છે ત્યાં સુધી તે બંધનોથી જકડાયેલો જ રહે છે અને સ્વતંત્રવિહાર કરી શકતો નથી. જ્યારે દેહભાવ તદ્દન ગલિત થઈ જાય છે અને પરમતત્ત્વ સાથે એકતાનો અપરોક્ષ અનુભવ થાય છે ત્યારે જ સ્વતંત્ર, અનિર્બંધ સ્વૈરવિહાર થઈ શકે છે. શ્રી અવધૂત ઘણી વાર પ્રવાસમાં હોય છે ત્યારે કહે છે, ''અવધૂતને બહારના મુકામમાં જોવો એ એક વાત છે અને સ્થાનના જંગલમાં જોવો એ બીજી વાત છે. બહાર એ લોક-દીવાલોમાં જકડાયેલો છે અને તેથી જ સરકસના પાંજરામાં પુરાયેલા સિંહ જેવો છે. સ્થાનમાં એનું પોતાનું વાતાવરણ છે અને તેથી ત્યાં એ અરણ્યમાં સ્વૈરપણે વિહરતા અરણ્યસમ્રાટ સિંહ જેવો છે. એના અમર્યાદ આનંદની સ્વૈર ફલાંગો તો સ્થાનમાં જ કે એ એકલોઅટૂલો નિર્જન પહાડો કે અરણ્યમાં વિચરતો હોય ત્યારે જ જોવા મળે.'' પાંજરામાં પુરાયેલું પંખીડું જ્યારે પોતાના જેવા જ બીજા આકાશગામી પંખીને જુએ છે ત્યારે તેની મનોવેદના કેવી હશે તેનો ખ્યાલ આપણને કેમ આવે ? આપણે પણ માયાના પિંજરમાં પુરાયેલા, દેહભાવથી જકડાયેલા છીએ. એટલે દેહભાવથી પર માયાના બંધનથી મુક્ત આત્માના સ્વૈરવિહારની કલ્પના આપણને નહીં આવે. અને જેટલી કલ્પના કરીશું તે બધી જ કેવળ વાચારંભણ

હશે. અનુભવ વિનાની કથનીનો શો અર્થ ? જ્યારે તમે તમને અને તમારાને, જગતને અને જાગતિક પ્રપંચને સર્વથા ભૂલી જાવ, સંપૂર્ણ વિસ્મરણ અવસ્થા પ્રાપ્ત કરો ત્યારે જ એ સ્વૈરવિહારનો આનંદ માણી શકો. હશે આપણે આગળ ચાલીએ.






શ્રી અવધૂત કહે છે :

**"કાલી કંબલ ભગવી ચાદર, ઝોલી શ્વેત રિંગાતા;"**
**"પંથ ભેખકી બાત ન જાનું, નિજાનંદમેં રહેતા !"**

આ ગીત શ્રી અવધૂતની અંશતઃ આત્મગાથા છે એમ કહેવું યોગ્ય ગણાશે. શ્રી અવધૂત પરિવ્રાજક અવસ્થામાં નર્મદા પરિક્રમામાં પર્યટન કરતા હતા ત્યારનો પોતાની વેશભૂષાનો અહીં ઝાંખો ખ્યાલ આપે છે. એ વેશભૂષાનો ત્રિવેણી સંગમ પણ જાણે-અજાણે એવો થયો છે કે શ્રી અવધૂતનો પંથ કયો તે નક્કી કરવામાં પણ વિચાર આવે. કષાયવસ્ત્ર એ સંન્યસ્તાશ્રમનું વસ્ત્રપરિધાન છે. શ્વેતવસ્ત્ર એ સાધારણ રીતે બ્રહ્મચર્ય આશ્રમનું વસ્ત્રપરિધાન છે અને અવધૂતી અખાડાવાળાઓનો સ્વાંગ શ્યામ વર્ણનો છે. અહીં શ્રી અવધૂતે કાળી કંબલ, સફેદ ઝોળી અને ભગવી ચાદર એ ત્રણ વસ્તુઓ રાખીને એ ત્રણે આશ્રમનાં ચિહ્નો એકત્ર કર્યાં છે. બધાય આશ્રમનું એક એક ચિહ્ન પકડીને પોતાનો જાણે કોઈ આશ્રમ જ ન હોય અને બધાય આશ્રમો પોતાનાં જ હોય એમ બતાવ્યું છે. આત્માને નથી વર્ણ, નથી ધર્મ, નથી આશ્રમ અને નથી તેને અનુરૂપ વેશભૂષા. એ વાતના સત્યને પ્રત્યક્ષ કરવા માટે તો આમ કર્યું ન હોય ? એ આશ્રમ 'અનામી' આશ્રમ કહીએ તો પણ ચાલે. બધાંય આશ્રમો એ આશ્રમમાં આવી જાય છે. અથવા એમાં એકે આશ્રમ આવતો નથી. જ્યાંજ્યાં આશ્રમ છે ત્યાંત્યાં તેનાં બંધનો છે, આશ્રમનું અભિમાન છે. 'હું બ્રહ્મચારી છું, હું ગ્રહસ્થ છું, વાનપ્રસ્થી અથવા સંન્યાસી છું, મેં શ્વેતવસ્ત્ર, કાષાયવસ્ત્ર આદિ પહેર્યાં છે.' એ આશ્રમની અહંતા છે. એ અહંતા આત્મવિકાસના પંથમાં અંતરાય જેવી છે. અને તેથી તો શ્રી અવધૂતે કહ્યું :

'પંથ ભેખકી બાત ન જાનું'

જ્યાં સુધી પંથ છે, જ્યાં સુધી પંથનું અભિમાન છે, જ્યાં સુધી આશ્રમ અને આશ્રમનું અભિમાન છે, જ્યાં સુધી પંથ અને પંથનાં ચિહ્નો લઈને ફરનારા સાધુઓ છે અને જેમાં એ ચિહ્નોને જ સર્વસ્વ માનવામાં આવે છે અને એને ધારણ કરવામાં જ ઈતિકર્તવ્યતા મનાય છે ત્યાં સુધી તેઓ ધ્યેયથી વેગળા છે. વસ્ત્રભૂષા કે જટા માલા મુંડનાદિ બાહ્ય ધાર્મિક ચિહ્નો ગણવેષ તરીકે ભલે હોય પણ આત્મવિકાસમાં એની આત્યંતિક આવશ્યકતા નથી. આત્મવિકાસ એ અંતઃસાધનાનો વિષય છે અને તેને માટે મુખ્ય વસ્તુ વિષયવૈરાગ્ય છે. દુન્યવી ભોગો પ્રત્યે અનાસક્તિ છે.

સર્વથા સ્વરૂપાનુભવ કે આત્મજ્ઞાન એ જ મોક્ષનું કારણ છે. જ્ઞાનને અને શરીર ઉપરનાં બાહ્ય ચિહ્નોને કોઈ પણ પ્રકારનો તાત્ત્વિક સંબંધ નથી, તેથી જ ઉપનિષદકાર કહે છે :

लिङ्गे सत्यपि खल्वस्मिन् ज्ञानमेव हि कारणम् ।
निर्मोक्षायेह भूतानां लिङ्गग्रामो निरर्थकः ॥

'મોક્ષને માટે જ્ઞાન એ જ જરૂરી વસ્તુ છે. લિંગ કે બાહ્યચિહ્નો ત્યાં નકામા છે.' વળી કહ્યું છે :

न वेषेण दम्भाचारेण मुक्तिः ।

'વેષ કે બાહ્ય આચારના આડંબરથી મુક્તિ પ્રાપ્ત થતી નથી.' અને બહુદકાદિ છ પ્રકારની સંન્યાસશ્રેણીઓમાં અવધૂતની છેલ્લી કક્ષા છે. અને

अवधूत स्त्वनियमः ।

કહી શાસ્ત્રકારે અવધૂતને બધા નિયમબંધનોથી પર કહ્યો છે.

न स्नानं न जपः पूजा न होमो नैव साधनम् ।
नाग्निकार्यादि कार्यं च नैतस्यास्तीह नारद ॥

'એવા જ્ઞાનીને સ્થૂલ નહાવુંધોવું, માળાપૂજા વગેરેનાં બંધનો હોતાં નથી.' એ જ વાત અહીં શ્રી અવધૂતે સ્વાનુભવથી કરી છે. શમદમ વૈરાગ્યાદિ અંતઃસાધનો જેની પાસે છે તે કષાય વસ્ત્ર ધારણ કરે, શ્વેત યા કાળાં વસ્ત્ર ધારણ કરે કે કોઈ પણ વસ્ત્ર ન રાખે તેનું કંઈ નહીં પણ તેનું કાળજું કષાય થવાની જરૂર છે. વૈરાગ્યરંગે રંગાવાની જરૂર છે. વસ્ત્રથી કાળજું કષાય થતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું, ''પંથ અને ભેખની વાતોથી હું દૂર છું.' એનો અર્થ એવો નથી કે શ્રી અવધૂત અનભિજ્ઞ છે. એ બધાય પંથો અને ભેખની પ્રણાલિકાઓથી જાણકાર છે પણ તેમાં જે દુરાગ્રહ, મમત્વને લીધે થતી ઝઘડાબાજી છે તેમાં તેને રસ નથી અને તેથી તેને ભેખ અને પંથના બાહ્ય આડંબરનો આગ્રહ નથી એમ અહીં શ્રી અવધૂતનો કહેવાનો આશય છે. જ્યાં જોશો ત્યાં શ્રી અવધૂત મૂળને પકડીને જ ચાલે છે. અને આ ગીતમાં પણ શ્રી અવધૂતે આત્મદષ્ટિએ જ વાતો કરી છે. દેહદષ્ટિએ વાતો કહેવાઈ નથી, કારણકે દેહદષ્ટિ જ ઉત્કર્ષના પંથમાં કાંટારૂપ છે. અસ્તુ,

જેને દેહદષ્ટિ છે તેને જ પંથ, ભેખ, વેશભૂષા, આદિનો દુરાગ્રહ રહે છે. તેને જ વર્ણ, આશ્રમ, ધર્મ આદિનું અભિમાન રહે છે. જેને દેહદષ્ટિ નથી તેને કશું જ નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"નિજાનંદમેં રમતા"

ઉપર કહ્યું તેવાઓને માટે આત્મપ્રાપ્તિનો માર્ગ સુલભ નથી. આપણે જોઈએ છીએ કે એ પંથ અથવા આશ્રમના મિથ્યા દુરાગ્રહથી કેટલાએ અનર્થો થાય છે, દ્વેષ બંધાય છે, લડાઈ થાય છે અને પરસ્પર વેરનાં ઝેર દિનપ્રતિદિન વધતાં જ જાય છે. અહીં એ બધાયનાં મૂળમાં જ શ્રી






અવધૂતે પ્રહાર કર્યો છે. જેને કેવળ આત્મદર્શનની જ તમન્ના છે, જેનો કેવળ આત્મદર્શન કરીને જ ઠરવાનો સંકલ્પ છે, જેનું અંતર માત્ર આત્મદર્શન માટે જ તાલાવેલી કરે છે તેને મન એ પંથ અને આશ્રમ, એ ટીલાટપકાં અને વેશભૂષા, એ જપ અને પાઠપૂજા-બધુંય વ્યર્થ છે. તેને તો શરીરનો પાત થાય ત્યાં સુધી પણ પોતાના ધ્યેયની સિદ્ધિ અર્થે જ પુરુષાર્થ કરવાનો છે. અને જ્યાં એ અહંતા પુરુષાર્થમાં મહાન અવરોધ છે ત્યાં એ અહંતાને પોષક ચિહ્નો અને વસ્ત્રોની દીવાલો બાંધે શો અર્થ ? અને તેથી જ એ બધાયનો ત્યાગ કરીને, એ બધાય આશ્રમ અને તેનાં ચિહ્નોને તિલાંજલિ આપીને, હેતુપુરસ્સર વા હેતુરહિત રહીને અનાયાસે જે મળ્યું તેનાથી નિભાવ કરવાની વૃત્તિને મોખરે રાખવાની શ્રી અવધૂતની જીવન જીવવાની લઢણ ખરેખર સાધકને સર્વોત્તમ બોધપ્રદ છે. એમાં નિરભિમાન કેળવાય છે અને નિરભિમાની બનીને, નાના બનીને મહાન થવાનો બોધ આપ્યો છે. જ્યાં સુધી મહત્તાનો ખ્યાલ છે ત્યાં સુધી મહત્તા મળતી નથી. "લઘુતામાંથી જ મહત્તા પ્રાપ્ત થાય છે." એ શ્રી અવધૂતનો મુદ્રાલેખ છે અને તે જ આંખ આગળ રાખી કોઈ ગણના કરે કે અવગણના કરે તેની સ્પૃહા રાખ્યા વિના શ્રી અવધૂતે પોતાનો ક઼ાંટાળો માર્ગ કાપ્યો છે. અમર્યાદ પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે સાધકે સ્વચ્છંદી કે સંકુચિત નહીં પણ અમર્યાદ વિશાળબુદ્ધિ તો બનવું જ પડે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ પોતે સર્વવ્યાપક છે એવી ભાવના સિદ્ધ કરવાની છે. લૌકિક દૃષ્ટિએ પણ આત્મવિકાસને રૂંધતાં લૌકિક બંધનોનો વિનય અને મર્યાદાયુક્ત પણ મક્કમ વિરોધ કરવાની હિંમત રાખીને જ સાધક પોતાનો માર્ગ નિષ્કંટક કરી શકે છે. વ્યવહારમાં લજ્જા રાખનાર પ્રગતિને અવરોધે છે. અને તેથી અહીં સ્વૈરવિહાર એટલે સ્વેચ્છાચાર નથી. મનમોજી બનવું એનો અર્થ સમાજના સર્વમાન્ય સામાજિક નીતિના સંરક્ષણ અર્થે બનેલા નીતિના નિયમોનું ઉલ્લંઘન કરવું એ નથી પણ આત્મોન્નતિના માર્ગમાં અવરોધક બંધનોને વધારે પડતું મહત્ત્વ ન આપવું એ છે. લોકસંગ્રહ અર્થે શુદ્ધ લોકાચાર આવશ્યક છે કારણ કે મહાન પુરુષો જે આચાર કરે છે તેને જ સમાજ અનુસરે છે. પણ આ અતિઉચ્ચ કોટિએ પહોંચેલા આત્માનંદમાં મસ્ત કોઈ વિરલ અવધૂતની વાતો છે. એ વાંચીને કેવળ અક્ષરાર્થને પકડી રખે અવળે ચીલે ચઢતા. જ્યાં સુધી તત્ત્વદર્શન નથી થયું ત્યાં સુધી જ નહાવુંધોવું વગેરે સ્થૂલાચારની જરૂર છે. પૈઙ્ગલોપોપનિષદમાં કહ્યું છે :

अनन्तकर्म शौचं च जपोयज्ञस्तथैवच ।
तीर्थयात्राभिगमनं यावत्तत्वं न विन्दति ॥

'અનેકવિધ કર્મજાળનો કડાકૂટો પ્રારંભિક અવસ્થામાં ભલે ઉપયોગી હોય પણ તત્ત્વપ્રાપ્તિ પછી તેની જરૂર રહેતી નથી. મુકામે પહોંચતાં સુધી જ ગાડી, ટિકિટ, રેલવેના નિયમો વગેરેની જરૂર છે. એક વખત મુકામ

પર પહોંચ્યા પછી એ બધાં બાજુએ મૂક્યે જ છૂટકો. પહેલાં અને પછી એ દૃષ્ટિ રાખીને જ આવાં ભજનનો વિચાર કરવાની જરૂર છે.

પરમતત્ત્વના આનંદમાં એકરૂપ થવું એ જ નિજાનંદમાં રમણ છે. એ પરમાનંદની પ્રાપ્તિ થશે એટલે વિષયાનંદનું, તેની પ્રાપ્તિનાં સાધનોનું આકર્ષણ સહેજે નહીં રહે. અસ્તુ.



આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"નિતનિત નૂતન ભોગ ભોગ કે, બ્રહ્મચારી કહેલાતા;"**
**"નારીનરકે વસ્ત્ર ખીંચ કે દિવ્ય તનુ દિખલાતા."**

લ્યો, વળી નવી વાત આવી ! ભોગ ભોગવવા અને બ્રહ્મચારી કહેવરાવવું ! અટપટું નથી લાગતું ? ભોગ અને બ્રહ્મચર્યનો તો ક્યાંએ મેળ બેસતો જ નથી. પણ સંતોના શબ્દોમાં સાંકેતિક ભાવ સમાયેલા છે. બ્રહ્મચારી માટે તો ભોગ વર્જ્ય છે, જ્યારે અહીં ભોગ ભોગવીને બ્રહ્મચારી ગણાવાની વાત છે. સોળ હજાર રાણીઓના સ્વામી, સંપૂર્ણ વૈભવમાં જગતની આંખે જીવન વિતાવતા જાદવપતિ પણ બ્રહ્મચારી જ કહેવાયા ! દુર્વાસા ઋષિને ભોજન સામગ્રી પહોંચાડવા જતી ગોપિકાઓને જમનાજળ પાર કરવાનાં હતાં. કેમે કર્યું જમનાજળ પાર થાય એમ નહોતું. ગોપીવૃંદ શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યું. શ્રીકૃષ્ણે કહ્યું : "જો કૃષ્ણ સદા બ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપો" એવું જમનામૈયાને કહેજો. અને આશ્ચર્યની વાત એ કે ગોપીવૃંદની એ વાત સાંભળીને જમનામૈયાએ એ ગોપીઓને માર્ગ દીધો. વળતી વખતે પણ એ જ અવસ્થા થઈ. દુર્વાસાએ કહ્યું : "દુર્વાસા સદા ઉપવાસી હોય તો માર્ગ આપો એમ જમનામૈયાને કહેજો." અને જમનામૈયાએ ગોપીવૃંદને માર્ગ આપ્યો. આ કેવળ લોકવદંતી નથી પણ આત્માનું અસંગત્વ સમજાવતી ગોપાલોત્તરતાપીની ઉપનિષદમાં આવેલી સત્ય કથા છે અને એનો મર્મ આમ ગૂઢ છે. આવી વાતોનું ગૂઢ રહસ્ય સમજ્યા વિના સામાન્ય માનવી શ્રી કૃષ્ણ અને દુર્વાસા જેવા અજોડ વિરલ બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલા ભગવત્‌સ્વરૂપ મહાપુરુષોના દાખલા ટાંકી, સ્થૂળ વિષયોમાં રચ્યાપચ્યા રહી, પોતાની અજ્ઞાનબદ્ધતાનો બચાવ કરવા મથે અને દુરાચારમાં સબડ્યા કરે તો તેના જેવું હાસ્યાસ્પદ ને શ્રદ્ધ અધઃપતન બીજું નથી એ કહેવાની જરૂર નથી. પણ શ્રી અવધૂતે તો આ પંક્તિનો સરળ અર્થ કર્યો છે." ઔપાધિક દૃષ્ટિએ અંતઃકરણની અનેકવિધ વૃત્તિઓરૂપી સ્ત્રીઓ સાથે નાના પ્રકારના ખેલ ખેલવા છતાં, આત્માના નિરુપાધિક અખંડ બ્રહ્મભાવમાં તાત્ત્વિક દૃષ્ટિએ જરાપણ વિકાર ઉત્પન્ન થતો નથી કે તેનો ખંડ કે ભંગ થતો નથી, તેથી તેને નિત્યબ્રહ્મચારી – બ્રહ્મમાં ફરનારો કહ્યો છે. અને એ જ અર્થ સાચો છે. એવા અખંડ બ્રહ્મભાવમાં વિચરનાર સંતને જાગતિક ભોગ સ્પર્શ કરી શકતા નથી. એ આંખો હોવા છતાં આંધળો છે કેમકે તેની આંખો બહારનાં દૃશ્યો જોવાને






આમ તેમ ડાફોળિયાં મારતી નથી. કાન હોવા છતાં એ બહેરો છે કારણકે સારી નરસી લોકવાર્તા સાંભળવા તરફ એની વૃત્તિ દોડતી નથી. એને જીભ હોવા છતાં એ અજીહ્વ છે કેમકે એનામાં રસલોલુપતા નથી. મુખ હોવા છતાં એ મૂંગો છે કેમકે એની વાણી બકબક કરવાને સળવળતી નથી. એને હાથ છતાં એ ઠૂંઠો છે, કેમકે એના હાથ કોઈને મારવા કે પારકું પડાવી લેવા સળવળતા નથી. પગ હોવા છતાં એ લંગડો છે કેમકે નિરર્થક આમતેમ રખડવા એના પગ ઉધામો મારતા નથી. પુરુષ હોવા છતાં એ નપુંસક છે કેમકે એને લિંગ (sex)નો અહંકાર નથી અને તેની સામે ફાવે તેવી સ્ત્રી હોય છતાંય એનામાં વિકારો ઉત્પન્ન થતા નથી. વૈષયિક આનંદો એને નચાવી શકતા નથી. એ સદાય બ્રહ્મના નિરભ્ર આકાશમાં વિચરે છે અને તેથી સદાય બ્રહ્મચારી છે. શ્રી શુકદેવજી આત્મદશામાં મસ્ત નગ્ન વિચરતા હતા. ગોપીઓ નગ્નસ્નાન કરતી હતી પણ તેમને સંકોચ ન થયો. વ્યાસજી શુકદેવજીને શોધવા નીકળ્યા. ગોપીઓને સંકોચ થયો અને વસ્ત્રો પહેર્યાં. વ્યાસજીએ ગોપીઓને કારણ પૂછ્યું. ગોપીઓએ કહ્યું : "તમારામાં ભેદદૃષ્ટિ છે, તમે તમને પુરુષ અને અમને સ્ત્રી માનો છો. શુકદેવજીને મન કોઈ પુરુષ નથી કે કોઈ સ્ત્રી નથી. સર્વત્ર એક જ આત્મા છે અને તેથી તેમનો સંકોચ થતો નથી." આ છે નિત્યબ્રહ્મચર્ય ભાવનો મર્મ. અને તે મર્મ અહીં શ્રી અવધૂતે આ પંક્તિમાં ઉકેલ્યો છે. એ જ મસ્તીમાં શ્રી અવધૂતે કોક ઠેકાણે ગાયું છે :

**'અબમૈં ભઈ મસ્ત પિયા, પકડ દસ્ત તેરો !**
**ચર અચર ભૂલ ગઈ, બન નહી નગર સહી,**
**નારી નર સર્વ તુંહિ, પ્રાણનાથ મેરો.**

એ જ રંગમાં આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'નરનારીકે વસ્ત્ર ખીંચકે, દિવ્ય તનું દિખલાતા !**

અહીં પુરુષ અને નારીના સ્થૂળ શરીર સાથે સંબંધ નથી. સ્ત્રી પુરુષને જેમ સ્થૂળ શરીર ઢાંકવાને વસ્ત્રરૂપી આવરણ છે તેમ આત્માને ઢાંકણરૂપે વાસનાનું આવરણ છે. એ વાસનારૂપી આવરણ જ્યાં સુધી રહે ત્યાં સુધી લિંગભેદ નિવૃત્ત થતો નથી. એ વાસનાઓ જ્યારે નિવૃત્ત થાય છે ત્યારે આત્મદર્શન કરી શકાય છે. જ્યારે વસ્ત્ર નીકળી જાય છે ત્યારે જ અલૌકિક એવા આત્મસ્વરૂપનાં દર્શન થાય છે. અહીં 'નરનારી' એ શબ્દો ખાસ ધ્યાન ખેંચે એવા છે. સ્થૂળ જાતીય ભોગ કે અંગવસ્ત્રની વાત હોય તો એકલો 'નારી' શબ્દ મૂક્યો હોત પણ નરનારીનો આશય એટલો જ છે કે આત્મશ્રેય માટે પોતાના સંસર્ગમાં આવતાં સ્ત્રીપુરુષ હરકોઈ સાધકની અનેકવિધ વાસનાઓનો નિરોધ કરીને તેમને પોતાના દિવ્યસ્વરૂપનું ભાન કરાવે છે. શ્રીકૃષ્ણે ગોપીઓના ચીરહરણ કર્યાં એ ભાગવતની કથાનો અહીં ઉલ્લેખ કરીએ તો અસ્થાને નથી. જ્યાં સુધી ગોપીઓના અંતરમાં



વાસનાનાં જાળાં હતાં અને તે વાસનાગત વિકારો હતા ત્યાં સુધી ગોપીઓ શ્રીકૃષ્ણના સતત સહવાસમાં હોવા છતાંય અને શ્રીકૃષ્ણના સ્થૂળ મહિમાનો અનુભવ કરતી હોવા છતાંય શ્રીકૃષ્ણના સત્યસ્વરૂપને પિછાની ન શકી. ચીરહરણનો પ્રસંગ છે. બોધપ્રદ છે. ગોપીઓના અંતરમાં રહેલી ત્રિગુણાત્મક વૃત્તિઓનો જ્યારે પરિહાર થયો ત્યારે જ તેમને જેમ શ્રીકૃષ્ણના વાસ્તવિક સ્વરૂપનાં દર્શન થયાં. તેમ અહીં પણ શ્રી અવધૂત એવા વાસનાઓના આવરણને છિન્નભિન્ન કરીને

**'દિવ્ય તનુ દિખલાતા'**

એમ કહીને આત્મદર્શનનો સંકેત કરે છે. જ્યારે ગોપીઓએ દેહભાવ ત્યજી દીધો ત્યારે જ તેમને શ્રી કૃષ્ણ યશોદાના જાયા નહીં પણ અખિલ બ્રહ્માંડના અધિષ્ઠાન તરીકે ઓળખવાનું જ્ઞાન પ્રાપ્ત થયું.

અહીં શ્રી અવધૂતે આ બે પંક્તિઓમાં આત્માનંદનિમગ્ન સંતની માનસિક સ્થિતિનો અને આધ્યાત્મિક ભાવનો પૂરેપૂરો ખ્યાલ આપ્યો છે.

આત્મભાવભાવિત સાક્ષાત્કારના અનુભવી બાહ્ય દૃષ્ટિએ સર્વ સામાન્ય માનવી જેવા જ રહે છે પણ તેની આંતરિક દૃષ્ટિ અને સ્થિતિ પ્રાકૃત મનુષ્ય કરતાં વિપરીત હોય છે. અને તેનો જ અહીં ખ્યાલ આપ્યો છે. શ્રી એકનાથ મહારાજ, જનક વિદેહી, વશિષ્ઠ આદિ ગૃહસ્થાશ્રમી હોવા છતાંય, શરીરના ધર્મ અનાસક્ત ભાવે આચરણમાં મૂકતા હોવા છતાંય, બ્રહ્મભાવમાં અખંડ રીતે સ્થિત હતા તે, આ પંક્તિઓ દ્વારા સિદ્ધ થાય છે.

અહીં એક વસ્તુ તરફ ધ્યાન ખેંચવું અસ્થાને નહીં ગણાય. ગળાબૂડ મલિન વાસનાઓમાં જ ખૂંચેલા આપણા મનમાં 'ભોગ' શબ્દ આવતાં જ ગલીચ 'ભોગોનું' ચિત્ર જ ખડું થાય છે. નિર્મળ અને સ્વચ્છ એવું કાંઈ આપણે કલ્પી જ શકતા નથી. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, હરવું, ફરવું વગેરે પણ ભોગ જ છે. એમાંયે માંસમદિરા જેવા નિષિદ્ધ ભોગ તો અધ:પતન કરનારા છે જ. પણ અનાસક્ત ભાવ કેળવ્યા વગર વિહિત ભોગો નિરંકુશપણે ભોગવે જ જાય તો પણ અધ:પતન નિશ્ચિત છે જ. જ્ઞાની પુરૂષ વિધિનિષેધથી પર છે. એનો અર્થ એ નથી કે વિધિનિષેધને લાત મારે છે. પણ સાધનકાળમાં યમનિયમો કડકપણે પાળેલા હોવાથી સિદ્ધાવસ્થામાં નિષિદ્ધ કે અસદ્ આચરણ તરફ એની વૃત્તિ જતી જ નથી. અને વિહિત કે સદાચરણ એ એનો સ્વભાવ જ બની ગયેલો હોવાથી, સન્માર્ગગામિત્વ એ એની સહજ પ્રવૃત્તિ બની રહે છે. સ્વપ્નમાંયે પરાઈ ચીજ ન ઝંખનારને ચોરી કરવી એ પાપ છે, કે પરાર્થે પોતાનું સર્વસ્વ હોમી દેનાર નરને 'દાન કરવામાં પુણ્ય છે, એવું ઉપદેશવાની કે કાયદો બતાવવાની જરૂર છે ખરી ?' અમુક કરવું, અમુક ન કરવું, એ કાયદાના વિધિનિષેધ ગુનાઈત પ્રવૃત્તિમાં રસ લેનાર માટે છે. સામાન્ય સજ્જન નાગરિક એનાથી પર છે. ધાર્મિક

વિધિનિષેધનો પણ આ જ દૃષ્ટિએ વિચાર કરવાનો છે. એ રહસ્ય ન સમજનારને માટે જ શાસ્ત્રોની કે સંતની અવળવાણી અટપટી છે. અને તેથી જ સાચા સંતો માટે પણ અનેક ગેરસમજણો ઊભી થાય છે અને ઉન્માર્ગગામીઓ પણ સંત તરીકે પુજાય છે.






સાચી જિજ્ઞાસુ દૃષ્ટિ અને વૃત્તિથી જનારને નખશિખ નિહાળી, તેનો અધિકાર પરખી તેને સન્માર્ગે ચઢાવવાનો સાચા સંતનો સ્વભાવ હોય છે. કેવળ કુતૂહલ દૃષ્ટિએ સંતનાં દર્શન કરનારને સંત પાસેથી કશું જ પ્રાપ્ત થતું નથી. જિજ્ઞાસુ સાધકને સંત નિરાશ કરતો નથી. અધિકારી જિજ્ઞાસુના માનસિક વિકારો નિર્મૂળ કરવાની સદ્‌ગુરુમાં શક્તિ છે. અહીં પણ નરનારીનાં વસ્ત્રો ખેંચવાની શ્રી અવધૂતે વાત કરી છે તે લૌકિક વસ્ત્ર નથી. પણ તેના હૃદયપટલ પર ચઢેલા વાસના અને વિકારનાં વસ્ત્રોને ખેંચીને તેની ઓથમાં રહેલા આત્મસ્વરૂપનાં દર્શન કરાવવાની સદ્‌ગુરુની શક્તિનો જ નિર્દેશ છે. સંતોની વાણી સમજવી કપરી છે. દિવ્ય તનું એટલે આત્માનું અલૌકિક સ્વરૂપ. આત્માના એ સ્વરૂપનાં દર્શન માટે નિર્વાસન થવાની જરૂર છે. અસ્તુ.

આગળ ચાલતા અવધૂતે કહ્યું :

**"મુડદા જમકા કબર દુઈસે, કાઢ છાતીપે ચઢતા;**
**જંગલ બસ્તી દોનું છોડકે, જાકે મરઘટ સોતા !"**

યમરાજના મડદાંને દ્વૈતની કબરમાંથી કાઢીને તેની છાતી પર ચઢીને બેસવાની હિંમત મારામાં કે તમારામાં છે ખરી ? જંગલ અને વસ્તીથી અળગા થઈને કેવળ સ્મશાનમાં સૂવાની હિંમત પણ આપણી ખરી ? અને એવું જે કહે તે માયાના મગતરા જેવો માનવી નહીં પણ માનવવેશે મહાન આત્મા જ માનવો પડે. એ શક્તિ કેવળ આત્મભાવમાં રમનારની જ છે કારણ કે આત્મા યમનો પણ યમ છે, કાળનો પણ કાળ છે. જ્યાં સુધી આપણે માયાની જંજીરથી જકડાયેલા છીએ ત્યાં સુધી એ હિંમત આપણામાં નથી એમ કહેવામાં સંકોચ નથી. યમરાજનું નામ સાંભળતાં જ, મૃત્યુના ભણકારા વાગતાં જ અને સ્મશાનની કલ્પના કરતાં જ આપણાં કાળજાં કમકમી જાય અને સાનભાન પણ ભૂલી જવાય તો યમના મડદાંને કાઢવાની તો વાત જ ક્યાં રહી ? જ્યાં સુધી દેહભાવ જાગ્રત રહે છે, જ્યાં સુધી જીવ દ્વૈતના સકંજામાં સપડાયેલો છે ત્યાં સુધી મૃત્યુભય તેને ચોવીસે કલાક સતાવે છે. જગતને દ્વૈતનું જે મિથ્યા ભાન છે તેમાંથી તેને મુક્ત કરીને કેવળ અદ્વૈત પરમતત્ત્વમાં તદાકાર કરવું એવો એ પંક્તિનો મર્મ છે. એમ કર્યાથી કાળનો ભય પણ જતો રહે છે. માતાની ઓથમાં બેઠેલા બાળકને દુનિયાનો ભય નથી તેમ અદ્વૈતના ખોળામાં બેઠેલા – અદ્વૈતરૂપ બનેલાને કાળનો ભય નથી. કાળ તેને કશું જ કરી શકતો નથી. જેને કાળના કાળની ઓથ મળે તે કાળથી શા સારુ ડરે ? આત્મા






તો એ કાળનો પણ મહાકાળ છે. શ્રી ભગવાને કહ્યું :

कालोऽस्मिलोकक्षयकृत्प्रवृद्धो

અને તેથી મહાકાળને ગ્રસવાની કાળની ગતિ નથી. જ્યારે એવી આત્મસ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે મૃત્યુરૂપી મહાભય માનવીના અંતરમાંથી નિવૃત્ત થાય છે. શરીર તો ગમે ત્યારે મરવાનું જ છે અને આત્મા અમર છે એવો બોધ શરીરના મમત્વનો વિનાશક છે. માતાના ગર્ભમાંથી જ મૃત્યુ શરીરને ચોંટેલું છે. જેમ જેમ દિવસ જાય તેમ તેમ મનુષ્ય મૃત્યુ તરફ ઘસડાતો જાય છે એ વાતનો જ્યારે નિશ્ચય થાય છે ત્યારે મૃત્યુભય ટળી જાય છે અને ત્યારે મનુષ્ય નિઃશંક અને નિર્ભય બની જાય છે.

એવા નિઃશંક અને નિર્ભય મનુષ્યને જંગલમાં કે વસતીમાં કશે જ ભય જેવું હોતું નથી. નિર્ભયતાની એ મૂર્તિસમો અવધૂત જંગલમાં વસે, વસતીમાં વસે કે સ્મશાનમાં વસે. એને મન તો બધી ભૂમિ ગોપાળની છે, બધે જ આત્માનું સામ્રાજ્ય છે અને તે આત્મા પોતે જ હોવાથી એ સામ્રાજ્ય પોતાનું જ છે.

સ્મશાનની ભીષણ કલ્પના તો આપણે કરીએ છીએ. વસ્તુતઃ સ્મશાન તો જ્ઞાનદાતા છે. જીવનની અસારતા, શરીરની અંતિમ અવસ્થાનો સચોટ ખ્યાલ તો મનુષ્યને જ્યારે સ્મશાનમાં પ્રેત ભડકે બળતું હોય ત્યારે જ આવે અને તેથી સાચો સાધક તો સ્મશાન સેવીને જ નિર્ભય બને. પ્રપંચથી પર જે છે તેને સ્મશાનમાં આત્માનો આનંદ છે. પ્રપંચમાં જે ઓતપ્રોત છે તેને જ સ્મશાન ભયનું સ્થાન છે. સાચા આત્મજ્ઞાનીનો નિવાસ સ્મશાનમાં છે. સ્મશાનની શાંતિમાં તેના આત્માની શાંતિ છે.

ઉપર કહ્યું તેમ અવધૂત એક અનોખી ખોપરી છે. એની અઘોર સાધનાનું અહીં આછું ચિત્ર આલેખ્યું છે. વસ્તુતઃ અઘોર એટલે શિવ, સચરાચરમાં વ્યાપેલું વિશ્વમંગળ પરમતત્ત્વ. એને પ્રસન્ન કરવા માટે કેટલાક અઘોરીઓ સ્મશાનમાં જઈ, શરીરે ચિતાનો રાખોડો ચોળી, મદિરાદિ અમંગળ વસ્તુઓનું સેવન કરી, મડદા પર બેસી એમની તામસ, પરંપરાનુરૂપ મંત્રજાપ વગેરે સાધન કરે છે. અહીં શ્રી અવધૂત એ સાધનાનો આધ્યાત્મિક સંકેત કરે છે. જ્યાં સાધક નિર્ભયતાના સ્મશાનમાં જઈ દ્વૈતની કબર તોડીફોડી યમરાજના મડદા પર ચઢી બેસે છે અને

कार्यं साधयामि वा देहं पातयामि ।

એવા અડગ નિશ્ચયથી પોતાની મંગળ સાધનામાં પ્રવર્તે છે. એના સ્મશાનમાં નથી જગતનો ઘોંઘાટ કે નથી વિજન વનની જડશાંતિ !! ત્યાં જ છે એ "સોતા" એટલે દેહભાન ભૂલી એકાગ્ર ચિત્તે પોતાની અદ્વૈત સાધનામાં પ્રવૃત્ત થાય છે. જેમાં દેહવાસનાની ગંધ પણ નથી એવો દિવ્ય ખુદાઈ પ્રેમ કે સર્વાત્મભાવ એ જ એની મદિરા. એ પીને કોઈ ભીષણ અઘોરીની માફક ઉન્મત્ત બને છે એ ! અને અહંકારને બાળી તેની ભસ્મ





**ફિરે બાવરો તવ ગુન ગાવત સુમિરન એક તિહારો।**
**જય ગુરુ અવધૂતા । ક્યા મુઝકો અબ ચિન્તા ॥**

અંગ ઉપર રમરમાવી, સોઽહમ્‌નો અનાહત શંખ વગાડી, કર્યે જાય છે પોતાનું સર્વ મંગળ સાધન !! અને તેથી જ કહે છે :

**"ઈશ્ક હકીકી પીકે પ્યારે, ઘોર અઘોરી બનતા;"**
**"ખાખ ખુદીકી દિલપે ચોળી, સોહં શંખ બજાતા !"**

પ્રભુના પ્રેમનો પ્યાલો આકંઠ પીને તૃપ્ત બનેલા અવધૂતને હવે તૃષા રહી નથી. ક્ષુધાતૃષાનો વેગ તો જ્યાં સુધી દેહભાન રહે ત્યાં સુધી જ રહે છે, ત્યાં સુધી જ તે મનુષ્યને વિકળ બનાવે છે, પણ જ્યારે દેહભાન જતું રહે છે ત્યારે નથી ક્ષુધા કે નથી તૃષા. આત્મતૃપ્ત એ અવધૂત પછી કોઈપણ જાતની ચેષ્ટા કરતો નથી અને ઘોર અઘોરીની માફક સ્મશાનમાં જ પડ્યો રહે છે. આગળ કહ્યું તેમ એવા આત્મતૃપ્તને સ્નાન, સંધ્યા, જપ, તપ, ટીલાંટપકાં, કાંઈ કરવાનું રહેતું નથી. એ બધાં સાધનો અંતરશુદ્ધિ માટે છે. જેનું અંતર કોરા કાગળ જેવું છે તેને શું

સાધન અવશેષ રહે ?

ઘોર અઘોરી બનવાનો હેતુ આળસુ અથવા એદી બનવાનો નથી. પણ જાગતિક પ્રપંચ તરફ તેને જરાય આકર્ષણ નહીં હોવાથી એ પ્રાપંચિક ચેષ્ટાઓ કરતો નથી. અને તેથી નિર્ભય અને નિઃસ્પૃહ બનેલો અવધૂત સ્મશાનમાં જ સ્વૈરવિહાર કરે છે. અઘોરી જેવો ભસ્મોધ્ધૂલિત છે તેવો જ આ આત્મરત અઘોરી પણ ભસ્મોધ્ધૂલિત છે, પણ એણે ભભૂતી અહંકારની ચોળી છે અંગે ! અહંતા મમતાનો નિઃશેષ ક્ષય કરીને એની રાખ અંગે લગાવીને એ નિશ્ચેષ્ટ બન્યો છે. અને છતાંય અઘોરી જેમ શંખ બજાવે છે તેમ એ પણ શંખ બજાવે છે. એનો શંખ પણ લૌકિક શંખ નથી. એ શંખ અંતરનો છે અને તેમાંથી નીકળતો ધ્વનિ 'સોઽહમ્'– હું તે છું" એવો છે. આત્મા અને પરમાત્માનું ઐક્ય એ એ શંખનો નાદ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અઘોરીના જેવા ફાવે તેવા અવ્યવસ્થિત વેષે ફરવા છતાં વાટેઘાટે મળતા અઘોરી-એદી જેવો એ અવધૂત નથી, પણ સાચા અર્થમાં એ અઘોરી છે. એણે આત્મતત્ત્વ-શિવતત્ત્વને પ્રાપ્ત કર્યું છે, આત્મતત્ત્વમાં મગ્ન છે. 'અહં'નો નાશ કરીને, વાસનાનો ક્ષય કરીને, નિર્વિકાર બનેલો એ સાચો અઘોરી સ્થિતપ્રજ્ઞ છે. અહંભાવના નાશ સાથે દેહભાનનો વિનાશ થાય છે અને તેથી એને કાયાની માયા નથી. અને તેથી કાળનો પણ એને ભય નથી. અને તેથી જ તે નિર્ભય અને નિરહં આત્મમસ્તીમાં મસ્ત છે. જગતની, જગતના લોકોની, જગતના પ્રપંચની એને સ્પૃહા નથી કે ઘૃણા નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'કોઈ દિન બમ્મન હોકે ફિરતા, બેદબચન સુનવાતા;'**
**'દાઢીમૂંછ મુંડાકે કોઈ દિન, સુધ સંન્યાસી ભાતા !'**

અને એવો અઘોરી અવધૂત અરૂપી હોવા છતાં પણ બહુરૂપી છે; કેમકે શાસ્ત્રમાં કહ્યું છે તેમ એ " અવ્યક્તલિંગ" છે. બાહ્ય ચિહ્નો પરથી એનો વર્ણ, આશ્રમ કે અંતરનું ઊંડાણ કળી શકાય તેમ નથી. એ 'અવ્યક્તાચાર' છે. આત્મરત એના આચાર પરથી પણ એના યથાર્થ સ્વરૂપની કલ્પના આવી શકે એમ નથી. શ્રી અવધૂત કોક વાર કહે છે તેમ "એ કરે છે તે જ એને માટે વિધિ છે, એ નથી કરતો તે જ નિષેધ છે. એ સજે છે તે જ એનો વર્ણ કે આશ્રમવેષ છે. એ ત્યજે છે તે જ એનો સંન્યાસ છે."

બધા વર્ણ, આશ્રમ કે સંપ્રદાય એના છે પણ એ કોઈ પણ આશ્રમ કે સંપ્રદાયનો ગુલામ નથી. એ આત્મતૃપ્ત અઘોરી કોઈ દિવસ બ્રાહ્મણ બની ફરે છે. બ્રાહ્મણનો ધર્મ વેદનો ઉપદેશ કરવાનો છે. એ વેદમૂર્તિ અવધૂત બ્રાહ્મણ બને ત્યારે પોતાના જ શ્વાસપ્રશ્વાસ જેવી સહજતાથી વેદ

ઉપનિષદાદિનું પાન કરાવે છે. અને ત્યારે એવો રંગ જામે છે કે સાંભળનારને પાસેથી ઊઠવાનું મન ના થાય ! અહીં બ્રાહ્મણ એ ચારે વર્ણનું નિદર્શક છે. પ્રસંગવિશેષે ક્ષત્રિયની વીરશ્રી, વૈશ્યની વ્યવહારદક્ષતા અને શૂદ્રના સેવાભાવનાં એનામાં દર્શન થાય છે. અને તે તે વર્ણના ભલભલા અચંબો પામે ! આમ વસ્તુતઃ અવર્ણ એવા અવધૂતનું સર્વવર્ણપણું નિહાળવાનો પ્રસંગ આવે ત્યારે અજાણ વ્યક્તિને એની જાતિ, ગોત્રનો પ્રશ્ન પણ અણઉકલ્યો જ રહે છે.

શ્રી અવધૂતે વર્ણની વાત કહી. હવે શ્રી અવધૂત આશ્રમની વાત કહે છે. આત્મોપલબ્ધિ અર્થે તીવ્ર વૈરાગ્ય આવશ્યક છે અને એવો વૈરાગ્ય થાય ત્યારે સંન્યસ્તાશ્રમ સ્વીકાર કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેથી જ્યારે શ્રી અવધૂત દાઢીમૂંછ મુંડાવીને શુદ્ધ સંન્યાસી બનવાની વાત કહે છે ત્યારે તેની પાછળ આ બધી વાતોનો ખ્યાલ રાખવો જરૂરનો છે. કેવળ દાઢીમૂંછ મુંડાવેથી કે ભગવાં વસ્ત્રો ધારણ કરવાથી સંન્યાસી થવાતું નથી. પણ ભગવાને કહ્યું તેમ :

काम्यानां कर्मणां न्यासं सन्यासं कवयो विदुः ।

એ સંન્યાસીની વ્યાખ્યા છે. બીજી વ્યાખ્યા પણ

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति ।

છે અને તેથી જ અહીં શ્રી અવધૂતે 'સુધ' શબ્દનો પ્રયોગ કરીને સંન્યાસીના સ્વાંગ સાથે સંન્યાસના ગર્ભમાં રહેલી ત્યાગવૈરાગ્યની વૃત્તિ તરફ પણ આપણું ધ્યાન ખેંચ્યું છે. જેણે કામ્ય કર્મોનો સંન્યાસ કર્યો છે, જેને દ્વેષ કે આકાંક્ષા નથી, જે કર્મ કરતો છતાંય કર્મ કરતો નથી તે સાચો સંન્યાસી છે. શ્રી ભગવાને પણ

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।

स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥

એમ કહીને જે કેવળ બહારથી 'નિરગ્નિ' છે અથવા 'નિષ્ક્રિય' છે તેને સાચો સંન્યાસી કહ્યો નથી. એને એ ભગવાં વસ્ત્રોનો કે એના આશ્રમનો લેશ પણ ગર્વ નથી, કિંવા એમાં લેશ પણ આસક્તિ નથી. એવા સાચા સંન્યાસીને શતકોટિ પ્રણામ.

અહીં 'સંન્યાસી' શબ્દ પણ સર્વ આશ્રમોનો નિદર્શક છે. આત્મલક્ષી બ્રહ્મનિષ્ઠ અવધૂત કદી સંન્યાસીનો સ્વાંગ સજે, કદી યથાપ્રાપ્ત અન્ય આશ્રમીનો વેષ પણ એટલી જ અનાસક્તિથી અપનાવે. અને તેથી જ એની બાહ્ય વેષભૂષા ઉપરથી એના યથાર્થ આશ્રમ કે અંતઃસ્થિતિનું આકલન થઈ શકે છે એમ નથી. તેથી જ નારદપરિવ્રાજકોપનિષદમાં કહ્યું છે કે

यं न सन्तं न चासन्तं ना श्रुतं न बहुश्रुतं ।

न सुवृत्तं न दुर्वृत्तं वेद कश्चित् स ब्राह्मणः ॥






'જે સત્પુરુષ છે કે અસત્પુરુષ છે, જે અભણ છે કે બહુશ્રુત છે, જે સારે માર્ગે જનાર છે કે આડે રસ્તે ચડેલા છે તેને કોઈ કળી શકતું નથી તે જ બ્રહ્મવેત્તા છે.' વેષ બાઘા જેવો હોય અને હોય બૃહસ્પતિ ! ડોળ ભસ્મત્રિપુંડ, સ્નાનસંધ્યા વગેરે કરનાર સદાચારી જેવો હોય અને હોય દંભ-દુરાચારમાં ડૂબેલો !! મૂંગો બેસી રહે ને હોય મહા વિદ્વાન ! વાતવાતમાં ઉછીના શાસ્ત્રનાં વચનો ઉચ્ચારે અને હોય ભાગોળ સુધી ભણેલો !! માટે કેવળ બાહ્યચિહ્નો કે રીતભાત પરથી માણસની કિંમત આંકવા જતાં કોકવાર બની જવાનો પ્રસંગ આવે એટલું જ કહેવાનો આશય છે. અને તેથી જ અદ્વૈતદર્શી અવધૂતોને શાસ્ત્રોમાં 'अव्यक्तलिङ्गाः ।' 'अव्यक्ताचाराः' કહી નવાજ્યા છે. શ્રી અવધૂત કોકવાર કહે છે તેમ 'કયા રાફડામાં કયો ભોરિંગ સમાયો છે, કયા વેષભૂષાના ખોખામાં કયો મહાન આત્મા લપાયો છે તે જાણ્યા વગર જ કોઈની સ્તુતિ-નિન્દા કરવી નકામી છે. અંતઃસ્થિતિ જાણવા માટે અંતેવાસી જ થવું પડે, નિકટ સંપર્ક જ સાધવો પડે ! અસ્તુ.

ઉપર અવધૂતને કોઈ વર્ણ, આશ્રમ કે સંપ્રદાયનું વેષભૂષાદિ બંધન નથી એમ કહ્યું. હવે કોઈ પંથ કે સંપ્રદાયની મંત્રઘોષણા કે સૂત્રોચ્ચારની વાડમાં એ સમાતો નથી અને એની અદ્વૈત-વ્યાપક દૃષ્ટિમાં સર્વ પ્રત્યે એને સમાન પ્રેમ છે એમ બતાવતાં શ્રી અવધૂત કહે છે :

**"અનલહક્ક, અહાલેક નિરંજન, કોઈ દિન બંદગી ગાતા;"**
**"ફતેહ ગુરુકી રંગ રંગકે, આતમ રૂપ દિખાતા !"**

કોક વાર એ પરમાત્માના નામની ગર્જના કરતાં, આર્યોના 'अहं ब्रह्माऽस्मि'ને અનુરૂપ, ઈસ્લામીઓના મનસૂરાદિ કોઈ સૂફીપંથના સંતની માફક અનલહક્કના ગુંજારવથી એનું હૈયું નાચી ઊઠે છે ! કોક વાર કોઈ નાથપંથ કે મહાનુભાવની માફક 'અહાલેક' એવી અલક્ષ આત્મગર્જનાથી એ ગાજી ઊઠે છે ! કોક વાર નિત્યનિરંજન પરમાત્માને "બંદગી સાહેબ" કહી પોકારે છે ! કોક વાર શીખોની માફક 'ફતેહ ગુરુકી વાહવાહ !' એમ કહી બ્રહ્મસ્વરૂપ એ આદિગુરુનો જયઘોષ કરે છે ! અને એમ અનેકવિધ નામોચ્ચાર કરીને પોતાના અદ્વૈત આનંદમાં મગ્ન રહે છે. એવી રીતે સર્વ પંથ અને સાધન પ્રણાલીઓ આત્મભાવે સમાન સમરસ અવધૂત પોતાના આનંદના એ બાહ્ય ઉદ્‌ગારોથી આત્મા અને પરમાત્માની એકતાનું ગાન કરી, તે દ્વારા બ્રહ્મ કે પરમાત્મા સિવાય ઇતર કોઈ સત્તા કે શક્તિનું અસ્તિત્વ જ નથી એવું સાંભળનારને ભાન કરાવતો ફરે છે. કોઈ વિરલ આનંદાતિરેકની ઘડીએ એ સગુણ સાકાર સ્વરૂપનાં ગીતો પણ ગાય છે. પણ એની એ બધી ચેષ્ટાઓ કેવળ આત્મભાન જાગ્રત રહે એ હેતુથી જ થાય છે. અને પછી તો એ સ્વભાવ જ બની જાય છે. એટલે કોક કોક વાર કોઈપણ હેતુ વિના પણ એ બધી ચેષ્ટાઓ ઉન્મત્તવત્ આપોઆપ થતી

હોય છે, તો કોક વાર એ આનંદ એક અકથ્ય મૌનમાં જ સમાઈ રહે છે. આ બધી વિધવિધ લીલા, કિનારેથી નજરે પડતા સમુદ્રની સપાટી પરના તરંગો જેવી છે, પણ સમુદ્રના અંતઃસ્થલના જેવા ગૂઢ ગંભીર જ્ઞાનીને મન એ બહુવિધ ચેષ્ટાઓ ચેષ્ટાઓ નથી અને મૌન મૌન પણ નથી: પણ એ ચેષ્ટાઓ અને મૌનથી પર જે પરમમૌન છે તેમાં જ એની સ્થિતિ છે.

'ફતેહ ગુરુકી' એ શબ્દનો બીજી રીતે વિચાર કરીએ તો તાત્પર્ય એ છે કે, એ બધી શ્રી સદ્‌ગુરુની કૃપાની બલિહારી છે. કેવળ એની કૃપાથી જ જીવશિવનો ભેદ ટળી જતાં સૃષ્ટિના આ અનેકવિધ રંગોમાં એ એક જ અદ્વૈત આત્મદર્શન થાય છે. કોઈ પણ અદના સંતની માફક શ્રી અવધૂત પોતાની સાધનાની સફળતાનું મૂળ 'ગુરુકૃપા'માં જુએ છે. અહંકારવર્ધક આંધળા પુરુષાર્થને એના જીવન કે મનમાં સ્થાન નથી એનો જ આ શબ્દોમાં પડઘો છે. અને તેથી જ શ્રી અવધૂતે

गुरुकृपा हि केवलम् । शिष्य परम मङ्गलम् ।

એવું અન્યત્ર ગાયું છે.

છેવટ શ્રી અવધૂત કહે છે કે :

**"સબસે ન્યારા, સબમેં પ્યારા, એક અનેક ભગાતા;"**
**"આખર જીવશિવકો પીકે નિરાલંબમેં સોતા !"**

આ છે આત્મપ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતા સાધકની સિદ્ધઅવસ્થાનું શબ્દચિત્ર. આત્મા સહુથી ન્યારો છે. બધાયમાં એ રહેલો હોવાથી બધાયને એ પ્રિય છે અને છતાંય એ બધાયથી એ વિરક્ત છે. અસ્તિ, ભાતિ અને પ્રીતિના સિદ્ધાંતનું અહીં લક્ષણ બતાવ્યું છે. પરમાત્મા છે, તેનું ભાન થાય છે અને તે પ્રેમમય, આનંદસ્વરૂપ અને સુખસ્વરૂપ છે. તેથી જ તે બધાયમાં હોવા છતાંય બધાથી ન્યારો છે. એ પરમાત્મા એક જ છે. પણ માયાના કાર્યને લીધે જે દ્વૈતબુદ્ધિ છે તેનો વિનાશક છે. જ્યારે બ્રહ્મબુદ્ધિ થાય છે ત્યારે દ્વૈતબુદ્ધિ ટકી શકતી નથી અને તેથી

**"એક અનેક ભગાતા"**

એવું કહેવામાં આવ્યું છે. અને જ્યારે સર્વત્ર એક જ આત્મા છે ત્યારે તેના પરિણામે અહંતા મમતાનો પણ વાસ રહેતો નથી. અને અંતે જીવ અને શિવ એવો જે કાલ્પનિક ભેદ છે તે ભેદનો પણ નિસ્તાર થાય છે. અને પોતે નિરાલંબ – જેને કોઈનું આલંબન નથી એવા – પરમતત્ત્વમાં "સોતા" એટલે એકરૂપ બની જાય છે.

આત્મવિસર્જન એ સુષુપ્તિ-ગાઢ સુષુપ્તિનું એક લક્ષણ છે. નિર્વિકલ્પ સમાધિનું પણ એ જ લક્ષણ છે.

એ રીતે શ્રી અવધૂતે આ ભજનમાં સિદ્ધપુરુષની સિદ્ધદશાનું ઝાંખું શબ્દચિત્ર આપ્યું છે. આપણે પાંચભૂતના હાડમાંસના, રુધિર ભરેલા, ચામડે મઢેલા જે દેહને શ્રી અવધૂત તરીકે ઓળખીએ છીએ તે તો આપણી

માયાવી દૃષ્ટિએ જોઈએ છીએ. પણ જ્યારે એને આપણી આધ્યાત્મિક દૃષ્ટિએ આત્મભાવે જોઈએ છીએ ત્યારે એ અવધૂત એટલે શું, તે આ ગીતમાંથી આપણે તારવી શકીએ છીએ. સંતોના શબ્દો એવે નીકળતા નથી. આ ગીતમાં શ્રી અવધૂતે આત્મક્રીડ, આત્મરત, સિદ્ધ, સ્થિતપ્રજ્ઞ કિંવા જીવન્મુક્તની અવસ્થાનું વર્ણન કર્યું છે એમ કહેવામાં સંકોચ નથી. સિદ્ધઅવસ્થા પ્રાપ્ત થયા પછી સાધકઅવસ્થા રહેતી નથી. સાધન અને સાધકની ભેદરહિત સિદ્ધિ સાધ્ય કરે તો સિદ્ધ કેવો હોય છે તેનું આ શબ્દચિત્ર છે. સાધક અધિકાર પ્રમાણે એમાંથી ગ્રહણ કરી શકશે.

ગીતના આદિમાં જ શ્રી અવધૂતે કહ્યું :

"જો ચાહે સો કહેના"

જ્યાં સુધી લોકલાજ છે, જ્યાં સુધી લોકેષણા છે અને જ્યાં સુધી જગતની સ્પૃહા છે ત્યાં સુધી આવા શબ્દો ઉચ્ચારી શકાતા નથી. દુનિયાની રીતે એના બાહ્ય આચારનું ગમે તે માપ કાઢે તેની એને પરવા નથી. અને ત્યારે જ તે ભગવાનને ભાવે તેવો નિર્દંભ બાળક જેવો બનીને ભગવાનનો ખોળો ખૂંદે છે. આપણે જગતનું માયાવી સ્વરૂપ જોઈએ છીએ. શ્રી અવધૂતનું જગતનું દર્શન બ્રહ્મદર્શન છે અને તેથી જગત એનાથી ભિન્ન નથી, એ જગતથી ભિન્ન નથી અને તેથી જગત અને એ ઉભયનું દ્વૈત રહી શકતું નથી. અદ્વૈતભાવે જે આત્મા એ છે તે જ આત્મા જગત છે અને તે જ આત્મા પરમાત્મા છે. તે જ સર્વાધાર છે છતાંય સ્વયં નિરાધાર છે અને એ નિરાધાર-આધાર રહિતનો સ્વૈરવિહાર પણ એવો જ નિરાલંબમાં હોઈ શકે. અસ્તુ.

(૪૩)

(રાગ : દરબારી, તાલ : દાદરા)

જો આપકો દેખે, ન ઉસકો દૂસરા દિખતા કહીં;
જો દૂસરા નજરોં ભરા, ના આતમા દિખતા વહીં !! ધ્રુવ.

હૈ બ્હાર ભીતર આપહિ, ના દેખ કર ડરતા રહા;
અંધિયારમેં રસ્સી પડી, ડર સાંપ કહ ભગતા રહા !–જો. (૧)

હૈ રૂપમે બેરૂપ વો, અંખિયા અનુભવકી ચીન્હે;
ઉમરી બિતાવે બાતમેં, ક્યા જાતકા અનુભવ ઉન્હે !–જો. (૨)

અંધા બિલોકે જ્યોતકો, બહિરા સુને ઝનકારકો;
સોવે ન દિનરૈના કભુ, જાને ન સ્વપ્ન સુષુપ્ત કો !–જો. (૩)

કપરા દુઈકા ફેંક કર, ફીરે દીવાના બાવરા;
રોતા કભુ હંસતા કભુ, અલમસ્ત ખુદ મસ્તી ભરા !–જો. (૪)

આઝાદ આત્મારામ હૈ, આનંદસાગર અટપટા;
નુગરા પિછાને ક્યા ઉસે ? રંગ દેખ વહીં કટા !!–જો. (૫)

✿

જે પોતાને જુએ છે તેને ક્યાંય પણ અન્ય જણાતો નથી. 'આપકો' એટલે પોતાને. અને પોતાને એટલે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણદેહથી અતિરિક્ત તુરીય અવસ્થાસ્થિત આત્માને જે જુએ છે તેને ક્યાંય આ દ્વૈત જડજગત જણાતું નથી. આ પંક્તિનો એ સરળ બોધ છે. પોતાના આત્માનું જેણે દર્શન કર્યું છે તેને પોતાનાથી એટલે આત્માથી ભિન્ન જડજગતમાં કશું જ જણાતું નથી. ત્યાં एक एवाद्वितीयं ब्रह्मને જોઈને, જાણીને અને જડજગતમાં પણ જ્યાંત્યાં તે જ ભર્યો છે એવું જ્ઞાન પામીને, દ્વૈતદૃષ્ટિ દૂર થતાં હમેશાં અદ્વૈત ભાવમાં જ રમતો હોય છે. જ્યારે આત્મભાવ સ્થિર થાય છે ત્યારે દ્વૈતભાવની નિવૃત્તિ થવાથી બીજાને જોઈ પણ કેમ શકાય ?

જે આદિની પૂર્વે નહોતું, અંતની પછી પણ નહીં રહે તે મધ્યમાં પણ નથી જ એમ માનવું જોઈએ. જે આદિની પૂર્વે અને અંતની પછી પણ 'સત્' રૂપે રહેલું છે તે મધ્યમાં પણ 'સત્' રૂપે રહેલું જ છે એમ માનવું જોઈએ. અને એવું જે 'સત્' સ્વરૂપે છે તે પરમતત્ત્વ છે. વિકારી જગતના છ ગુણો તેનામાં નથી અને તેથી તે નિર્વિકાર છે. જગત જન્મે છે, વૃદ્ધિ પામે છે અને લય પામે છે. જે વિકારી છે તેનો જન્મ પણ





વિકાર સાથે જ થાય છે. પરમતત્ત્વ નિર્વિકાર હોવાથી તેનો જન્મ પણ નથી અને જન્મ આદિ ષડ્‌વિકારયુક્ત જગતના વિકારો પણ તેનામાં નથી અને તેથી તે અજન્મા છે. જગત જડ છે કારણ કે ચૈતન્યનું ચેતન પામીને તે ચેતનવંતુ જણાય છે. પરમતત્ત્વ ચૈતન્ય-પ્રકાશસ્વરૂપ છે અને તેથી તે સ્વયંપ્રભ છે. સ્વયંચૈતન્ય છે. જગતને એ ચૈતન્ય-સ્વયંપ્રભ પરમતત્ત્વનું આલંબન છે, તેનો આધાર છે. પરમતત્ત્વ સ્વાવલંબી છે. આધારરહિત છે છતાંય સર્જનનો આધારસ્થંભ છે. અને તેથી જ તે સર્વમાં ઓતપ્રોત છે. જ્યારે પોતાને જુએ છે ત્યારે પોતે જ જાણે સર્વત્ર પ્રતિબિંબિત થયો હોય એમ જણાય છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું તેમ જે પોતાને જુએ છે તેને ક્યાંય અન્ય જણાતું નથી. અને તેથી જ શ્રી ભગવાને પણ કહ્યું, "अहमात्मा". અને એ જ આત્મા સર્વત્ર સભર ભરેલો છે. તેનાં દર્શન કરવાથી અને તેની પ્રતીતિ કરવાથી તે જ આત્માનાં તેને સર્વત્ર દર્શન થાય છે અને તેથી તે જડને ભૂલી જ્યાં ત્યાં ચેતનને જ જુએ છે.

જેમ જગને એટલે દ્વૈતને જોવાને સૂર્યનો પ્રકાશ અને નેત્રની જરૂર છે તેમ પોતાને-આત્માને જોવાને પણ સાધનની જરૂર છે. એ સાધન છે બુદ્ધિ. એ બુદ્ધિ જ્યાં સુધી વિષયોના આવરણથી ઢંકાયલી છે ત્યાં સુધી તે પોતાને જોઈ શકતી નથી. આત્મા અગોચર છે. અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અરસ, અગંધ હોવાથી માયાના એ પાંચ વિષયોને ગ્રહણ કરનારી ઈન્દ્રિયો આત્માને ગ્રહણ કરી શકતી નથી, જોઈ શકતી નથી.

एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते।
दृश्यते त्वग्रयया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदार्शिभिः॥

"સર્વ પ્રાણીઓમાં ગૂઢરૂપે રહેલો એ આત્મા, એમ ને એમ પ્રકાશમાન થતો નથી. એ તો જે સૂક્ષ્મદર્શી પુરુષો છે તેને પોતાની તીવ્ર અને સૂક્ષ્મબુદ્ધિ દ્વારા જોવામાં આવે છે," એવા કઠોપનિષદના વચન પ્રમાણે કેવળ તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિથી જ એ જોઈ શકાય છે. મુખ જોવાને જેમ આંખ અને દર્પણની જરૂર છે તેમ આત્માને જોવાને બુદ્ધિ-સૂક્ષ્મ-નિરાવરણ બુદ્ધિનું દર્પણ છે અને આંખ પણ છે.

એ બુદ્ધિને સૂક્ષ્મ અને તીવ્ર બનાવવાને મુખ્ય સાધનો છે ધર્મજિજ્ઞાસા અને બ્રહ્મજિજ્ઞાસા. કર્મયોગમાં જેને અભિરુચિ છે તેને માટે ધર્મજિજ્ઞાસા છે અને જ્ઞાનયોગમાં જેને અભિરુચિ છે તેને માટે બ્રહ્મજિજ્ઞાસા. શ્રી ભગવાને એ ઉભય માર્ગના અનુશીલનનું પરિણામ તો એક જ છે એમ કહ્યું છે.

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति॥

"જે સ્થાન જ્ઞાનયોગીઓ પ્રાપ્ત કરે છે તે જ સ્થાન કર્મયોગીઓને પણ

પ્રાપ્ત થાય છે. સાંખ્ય કે જ્ઞાન અને કર્મયોગને એક જ જુએ છે તે જ સાચું જુએ છે.''

એ રીતે એ ઉભય માર્ગ દ્વારા જ્યારે બુદ્ધિના આવરણની નિવૃત્તિ થાય છે અને બુદ્ધિ નિર્મળ અને કુશાગ્ર બને છે ત્યારે કર્મયોગી પણ આત્માને જોઈ શકે છે અને જ્ઞાનયોગી પણ આત્માને જોઈ શકે છે. એ રીતે જે આત્મદર્શન કરે છે તેને શ્રી અવધૂતે કહ્યું તેમ, જે પોતે પોતાને જુએ છે તેને બીજું જણાતું નથી. તાત્પર્ય એ છે કે આત્મદર્શી પુરુષ પ્રાણીમાત્રમાં પોતાના જ આત્માનાં દર્શન કરે છે અને તેથી તેને અન્યની ભ્રાંતિ થતી નથી. જ્યાં સુધી અન્યની ભ્રાંતિ છે ત્યાં સુધી તેનું આત્મદર્શન સાચું નથી. બ્રહ્મને જાણ્યા છતાં જ્યાં સુધી બ્રહ્મને જાણ્યાનું જ્ઞાન છે ત્યાં સુધી તે સાચું આત્મદર્શન નથી. પણ જ્યારે બ્રહ્મને જાણ્યાનું એ જ્ઞાન પણ નિવૃત્ત થઈ જાય છે ત્યારે તે કેવળ બ્રહ્મસ્વરૂપ આત્મા જ બની રહે છે અને તેથી

**''ब्रह्मविद् ब्रह्मैव भवति''**

એવું વચન છે અને તેનો મર્મ પણ એ જ છે. એ જ સાચું આત્મદર્શન છે. શ્રી અવધૂત એવા આત્મદર્શીનો સંકેત કરીને જ અહીં

**'જો આપકો દેખે, ન ઉસકો દૂસરા દિખતા કહીં;'**

એવું કહે છે.

જ્યારે આત્મદર્શન થાય છે, પોતે જ પોતાને પિછાની બ્રહ્મ બને છે ત્યારે સમગ્ર સર્જન જે મિથ્યા છે છતાંય પોતાની લીલામાત્ર છે એવો તેને અનુભવ થાય છે. અને તેથી પોતાનાથી અતિરિક્ત કશું જ નથી એમ માનીને સુખરૂપ-સુખસ્વરૂપ સ્વયંબ્રહ્મ બનીને રહે છે. એવા આત્મદર્શીની બુદ્ધિ અભેદ હોવાથી તેને ક્યાંય ભેદ ભાસતો નથી. અને તેથી તે જ્યાંજ્યાં વિચરે છે ત્યાંત્યાં બધે જ પોતાનાં જૂજવાં સ્વરૂપો તેને ભાસે છે અને એ બધાંય સ્વરૂપોનું અધિષ્ઠાન કિંવા આધાર પોતે જ છે એવો તેને અનુભવ થાય છે. જેમ સાકરના અનેકવિધ રમકડાંનું અધિષ્ઠાન સાકર છે, સુવર્ણના અનેકવિધ અલંકારોનું અધિષ્ઠાન સુવર્ણ છે તેમ સમસ્ત સચરાચર સરજન, જેનો વ્યાવહારિક સત્ય તરીકે શાસ્ત્રોએ સ્વીકાર કર્યો છે તે સરજનનું પોતે જ અધિષ્ઠાન છે અને તેથી એ સમસ્ત સરજન પોતાનામાં જ છે અથવા કહો કે સમસ્ત સરજન પોતે જ છે એમ માનીને, એવો આત્મવિત્ શોક અને મોહથી મુક્ત બનીને આત્મસ્થિતિમાં જ વિચરે છે. આ છે શ્રી અવધૂતભાખી

**'જો આપકો દેખે, ન ઉસકો દૂસરા દિખતા કહીં;'**

એ પંક્તિનો મર્મ. હવે આગળ ચાલીએ.

**જો દૂસરા નજરોં ભરા, ના આતમા દિખતા વહીં !!** 

અને નજરમાં જ્યારે બીજો ભરાયો હોય ત્યારે તેને આત્મા—પોતે

જણાતો નથી. એ જ જાગતિક પ્રપંચમાં રચીપચી રહેલા જીવનું તાદૃશ્ય શબ્દચિત્ર છે.

વિષયોને ગ્રહણ કરનારી ઇન્દ્રિયો એકી વખતે એક જ વસ્તુને ગ્રહણ કરી શકે છે. આંખ એક જ દૃશ્ય એકી વખતે જોઈ શકે છે. કાન એક જ શબ્દને શ્રવણ કરી શકે છે. રસના એક જ રસનું પાન કરી શકે છે. ઘ્રાણ એક જ ગંધનું ગ્રહણ કરી શકે છે અને ત્વચા એક જ પ્રકારનો સ્પર્શ અનુભવી શકે છે. એકથી અધિક દૃશ્ય, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ કે ગંધનો અનુભવ કરવા જતાં તેમાં સંકરતા આવી જાય છે. અને દ્વિધાવૃત્તિ થતાં કોઈ પણ વિષયનો યથાસ્થિત અનુભવ કે ગ્રહણ થઈ શકતું નથી. ઇન્દ્રિયો બહિર્મુખ હોવાથી તેને દ્વૈતને એટલે બીજાને જ જોવાની, બીજાને જ સ્પર્શ કરવાની, બીજાની જ પરિમલ લેવાની અને બીજા રસનું જ પાન કરવાની અને આસ્વાદનની ટેવ પડેલી છે. અને તેથી એ ઇન્દ્રિયો બીજામાં લોલુપ હોવાથી એ વિષયોના અધિષ્ઠાન કિંવા આધારભૂત આત્માનો અનુભવ કરવાને શક્તિવાન નથી, તેનું ગજું પણ નથી, અને તેથી જ આત્માને અગોચર કહેવામાં આવે છે. એ વિષયો જ્યાં સુધી ઇન્દ્રિયોમાં ભરેલા છે ત્યાં સુધી ઇન્દ્રિયો એ વિષયોના આધારને અને પોતાના આધારને પિછાની-જાણી કે અનુભવી શકતી નથી. અને તેથી જ શ્રી અવધૂત કહે છે કે જ્યાં સુધી નજરમાં બીજો ભરાયો છે, જ્યાં સુધી દ્વૈતવૃત્તિ છે ત્યાં સુધી આત્માનાં દર્શન થતાં નથી. જેમ એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી તેમ જ્યાં આત્મા છે ત્યાં અન્ય રહી શકતું નથી અને જ્યાં અન્ય છે ત્યાંથી આત્મા વેગળો છે. જ્યારે આત્મા-પ્રકાશકનો પ્રકાશ પ્રકટ થાય છે ત્યારે, જેમ સૂર્યના પ્રકાશમાં ઘુવડ સંતાઈ જાય છે તેમ, એ વિષયોનું કે વિષયોની અધિષ્ઠાત્રી માયાનું અસ્તિત્વ રહેતું નથી. અને એક એવા દ્વિતીય આત્માનું જ સામ્રાજ્ય સ્થપાય છે. માયા તો આત્માની છે. માયાપતિનો કોરડો જ્યારે ફરે છે ત્યારે માયા ક્યાં રહી શકે ?

પણ એ બીજું નજરમાં ભરાય છે શી રીતે ? માયા અને માયાપતિ એવો ભેદ છે ત્યાં સુધી માયાપતિ ભાસતો નથી. અને માયા નથી છતાંય ભાસે છે. જેમ જાદુગર જોનારને મોહાંધ બનાવીને પોતાની ધારણાને અનુરૂપ દૃશ્યો ખરાં ન હોવા છતાંય ખરાં છે એમ બતાવે છે, તેમ એ જ મહાન માયાપતિ પણ માયાનું જ મિથ્યા ભાસતું સર્જન કરીને જે નથી તે મૃષા દૃશ્યો બતાવે છે. અને તે મૃષા દૃશ્યોમાં જ જ્યાં સુધી માનવી મુગ્ધ રહે છે ત્યાં સુધી તેને જ તે સત્ય માને છે અને તેથી માયાપતિ – આત્મા તેને જણાતો નથી.



માયા એટલે ત્રણ ગુણ કિંવા વૃત્તિઓ. આ સંસાર એટલે જ એ માયાનો–ત્રણ ગુણનો પસારો. સુષુપ્ત અવસ્થામાં મૂઢવૃત્તિને આધીન

બનેલા જીવને કશું જ જ્ઞાન રહેતું નથી. જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં રાજસ્ ગુણ આધીન બનેલાની ઘોરાવૃત્તિ તેને પ્રપંચ બતાવે છે. અને તે જ પ્રપંચને જાગ્રતકાળમાં કે સ્વપ્નકાળમાં તે સાચો માનીને તેનાં સુખદુઃખ ભોગવે છે. સત્ત્વગુણની શાંતવૃત્તિને પ્રભાવે જ્ઞાનાવસ્થા-તુરીય અવસ્થામાં જ્યારે રાજસ્ અને તામસ્ગુણની મૂઢા અને ઘોરાવૃત્તિનું અસ્તિત્વ રહેતું નથી ત્યારે તે કેવળ બ્રહ્માકારવૃત્તિને આધીન બને છે અને તેવી બ્રહ્માકારવૃત્તિમાં તેને પ્રપંચ, સ્વપ્ન કે સુષુપ્તિની અસર થતી નથી. પણ એ ત્રણે અવસ્થાનું એટલે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાનું જ્ઞાન રહે છે, એટલું જ નહીં પણ તુરીય અવસ્થાનું પણ જ્ઞાન રહે છે. અને તેથી એ ચારે અવસ્થા જ્ઞાનાવસ્થા છે. જ્યાં સુધી જ્ઞાનાવસ્થા છે ત્યાં સુધી તેને આત્માનાં દર્શન થવાનો સંભવ નથી. જ્યારે ગુણાતીત બને અને જ્ઞાનાતીત બને ત્યારે કેવળ જ્ઞાનસ્વરૂપ બનીને, પોતે જ જ્ઞાનસ્વરૂપ આત્મા બને. અને ત્યારેજ આત્મસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ થવાય. આત્મસ્વરૂપમાં કોઈ અવસ્થા કે કોઈ વૃત્તિનું અસ્તિત્વ રહેતું નથી. એટલું જ નહીં પણ એ અવસ્થા કે વૃત્તિનું જ્ઞાન પણ રહેતું નથી. એ જ આત્મદર્શન છે. એ જ બ્રાહ્મીસ્થિતિ છે, એ જ બ્રહ્મભાવ છે અને એ જ સ્વયંબ્રહ્મ છે. જ્યાં સુધી આવી દશા ન થાય ત્યાં સુધી દ્વૈતભાવ અંશતઃ પણ રહે છે. અને શ્રી અવધૂત અહીં પણ

**'જો દૂસરા નજરોં ભરા'**

એ શબ્દો દ્વારા એ જ કહે છે. બુદ્ધિની સૂક્ષ્માતિસૂક્ષ્મ અવસ્થા થાય ત્યારે જ તે આવરણ રહિત બને અને આવરણ જતાં, જેમ વાદળાં વિખેરાઈ જતાં વાદળાંની ઓથમાં છુપાયલો સૂર્ય પ્રકાશિત થાય છે તેમ, માયાની ઓથમાં રહેલો આત્મા પ્રકાશિત થાય છે. આત્મા તો સત્-ચિત્-આનંદસ્વરૂપે સ્વરૂપતઃ રહેલો જ છે પણ, જેમ મેઘાચ્છાદિત આકાશમાં સૂર્યનાં દર્શન થતાં નથી પણ એ મેઘને ચીરીને સૂર્ય પોતાનો પ્રકાશ પૃથ્વી પર પાડે છે તેમ, માયાથી આચ્છાદિત આત્માનાં, જ્યાં સુધી માયા છે ત્યાં સુધી, દર્શન થતાં નથી પણ માયાની ઓથે રહેલો આત્મા માયાને ચીરીને પોતાના આત્મતેજની આભા વડે જ સર્જનનું સંચાલન કરતો રહે છે. અને તેથી આત્મા સિવાય બીજી કોઈ સત્તા કે સ્ફૂર્તિ નથી અને બીજા કોઈનું અસ્તિત્વ પણ નથી એમ શાસ્ત્રો એ ડંકાની ચોટ પર બજાવીને કહ્યું છે.

જ્યાં સૂર્ય છે ત્યાં રાત્રિ નથી. જ્યાં સૂર્ય નથી ત્યાં રાત્રિ છે. સૂર્ય રાત્રી અને દિવસથી મુક્ત સ્વપ્રકાશિત છે. જ્યાં માયા છે ત્યાં આત્મા નથી, અને જ્યાં આત્મા છે ત્યાં માયા નથી. છતાં એ માયા અને માયાના સર્જનને પ્રકાશિત કરનાર આત્મા તો એ ઉભયથી પર-ભિન્ન, સ્વપ્રભ, સ્વયંસિદ્ધ અને સ્વાવલંબ, સદાસર્વદા એક જ સરખો રહે છે. એવા

આત્માને પામવાને, આત્મા બનવાને દ્વૈતની નિવૃત્તિ પરમ આવશ્યક છે.

એ દ્વૈતની નિવૃત્તિ ક્યારે થાય ? જ્યારે શરીર અને શારીરિક પ્રપંચમાં રહેલી અહંતા અને મમતા દૂર થાય ત્યારે. એ દૂર કરવાનું અથવા એ નિવૃત્ત કરવાનું એક જ સાધન આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન થાય છે ત્યારે જ્યાં ત્યાં પોતાને પોતે જ જણાય છે અને તેથી દ્વૈતની નિવૃત્તિ થાય છે. પોતે નિર્ભય બનીને જ પોતાને જળમાં, સ્થળમાં પા'ડપાષણમાં જોતો થાય છે અને આત્મલીલામાં જ મસ્ત બની રહે છે. તાત્પર્ય એ છે કે જો આત્મદર્શન કરવાં હોય તો, આત્મભાવ પ્રાપ્ત કરવો હોય તો અને આત્મામાં સ્થિર થવું હોય તો અહંતા અને મમતાનો સમૂળ સંહાર કરવો ઘટે, અદ્વૈતભાવને સ્થિર કરવો ઘટે. અદ્વૈતભાવને સ્થિર કરવાથી પણ કાંઈ અર્થ સરતો નથી. અદ્વૈતમાં તન્મય બનવું જોઈએ. અદ્વૈત બનવું જોઈએ. અદ્વૈત બનશો તો દ્વૈત જશે. જે છે તે જેમનું તેમજ રહેશે પણ કેવળ દૃષ્ટિકોણ જ બદલાશે. આજે જેને સંસાર કહો છો તે જ કાલે અસંસાર અનુભવાશે. આજે જેને 'હું' કહો છો તે જ કાલે આત્મા કહેવાશે, અનુભવાશે. આજે જેને 'મારાં' કહો છો તે જ કાલે તમે પોતે થશો. અને એ રીતે દ્વૈતમાંથી અદ્વૈતમાં પરિવર્તન પામીને તમે અદ્વૈતાત્મા બની જશો. અસ્તુ. આગળ ચાલીએ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"હૈ બ્હાર ભીતર આપહિ, ના દેખ કર ડરતા રહા;"**
**"અંધિયારમેં રસ્સી પડી, ડર સાંપ કર ભગતા રહા !"**

પરમાત્મા સર્વત્ર વિરાજમાન છે. અસ્તિ, ભાતિ અને પ્રીતિ એટલે સત્, ચિત્ત અને આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. એ સ્વરૂપે તે સર્વત્ર વિરાજમાન હોવાથી જ 'હું છું' એમ કહી પરમાત્માનું અસ્તિસ્વરૂપ આપણે નિશ્ચિત કરીએ છીએ. પરમાત્માના ચૈતન્ય વડે જ આ સમગ્ર ચેતનવંતુ અને પ્રકાશમાન છે અને તેથી જ પરમાત્માના ચિત્સ્વરૂપનું આપણને ભાન થાય છે. જગતમાં જે પ્રીતિ છે, આનંદ છે, તે પણ પ્રભુનું જ સ્વરૂપ હોવાથી મનુષ્યમાત્ર આનંદમાં અને પ્રીતિથી જીવન ટકાવી રાખે છે. અને તેથી જ પ્રીતિસ્વરૂપે પણ પરમતત્ત્વ જ સર્વત્ર વિરાજમાન છે. પ્રાણીમાત્રમાં, સર્જનમાત્રમાં રહેલો જીવ પણ એ જ પરમતત્ત્વનો અંશ છે. પરમતત્ત્વના અંશભૂતજીવ વિના સંસારનું, સર્જનનું કે ભૂતમાત્રનું અસ્તિત્વ, ચિત્વ કે આનંદત્વ અસ્તિમાં રહી શકતું નથી. કીડીથી કુંજર સુધીના પ્રાણીમાત્રમાં અને એ ચેતન સર્જનમાં પણ એ જ પરમાત્મા સભર ભર્યો છે, એટલું જ નહીં પણ જે પરમતત્ત્વ મારામાં છે તે જ પરમતત્ત્વ કીડીમાં અને કુંજરમાં પણ છે. સ્વરૂપભેદ, આકારભેદ કે વર્ણભેદ આત્માના અભેદત્વનો વિરોધ કરી શકતો નથી. તમારામાં એ નાનો નથી અને કુંજરમાં એ મોટો નથી. જેટલો અને જેવડો તમારામાં છે તેટલો




અને તેવડો જ એ બ્રહ્મમાં પણ છે અને કુંજરમાં પણ છે. એ જ તત્ત્વની સત્તા અને સ્ફૂર્તિ વડે શક્તિશાળી અને સ્ફૂર્તિવાન બનીને સમસ્ત સર્જનનો વ્યાવહારિક વ્યવહાર ચાલે છે. આ સત્ય શાસ્ત્રસંમત છે છતાંય માનવી માયાના પ્રપંચમાં ઓતપ્રોત બનેલો હોવાથી પોતાને બીજાથી ભિન્ન માને છે. અને તે જ કારણે જગતમાં અહંતા અને મમતાનું સામ્રાજ્ય ચાલે છે. જ્યાં સુધી 'હું' અને 'મારું' છે ત્યાં સુધી એ દ્વૈતનો ટંટો મટવાનો નથી. અને એ દ્વૈતના કારણે જર, જમીન અને જોરુના ઝઘડા પણ મટવાના નથી. પરમતત્ત્વ તમારાથી ભિન્ન નથી. જે પરમતત્ત્વ તમારામાં છે તે જ પરમતત્ત્વ અન્યત્ર પણ છે. એટલે આત્મા અભેદ અને અભિન્ન હોવા છતાં ગુણ અને માયાના આવરણથી વેષ્ટિત એ જ આત્મા જીવભાવ પામીને, અહંતા અને મમતાને વશ બનીને 'હું એક છું' અને 'બીજો' બીજો છે એવી ભ્રમણામાં ભયગ્રસ્ત જીવન વિતાવે છે. શ્રુતિ પણ

'द्वितीयाद्वैभयं भवति'

એવું કહે છે. જ્યાં 'અન્ય છે ત્યાં ભય છે, તત્ત્વનો વિચાર કર્યા વિના કેવળ બાહ્ય સ્વરૂપને જ સાચું માનીશું ત્યાં સુધી એ દ્વૈતનો ભય ટળશે નહીં એ પણ નિશ્ચિત છે. વસ્તુતઃ કોઈ કોઈનો ભય શા સારુ રાખે? અને તેથી જ શ્રી ભગવાને દૈવી સંપત્તિની ગણના કરતાં અભયને પ્રથમ સ્થાન આપ્યું છે.

એ પરમતત્ત્વ આત્મા– આમ અંદર છે. હૃદયમાં બુદ્ધિરૂપી ગુહામાં એનો નિવાસ છે. તે પરમતત્ત્વ જ સર્જનમાં પણ છે. એના વિનાનો એક પણ ખૂણો ખાલી નથી. જેવો એ અંદર છે તેવો જ એ આત્મા બહાર પણ છે. એ સર્જનનું આવરણ છે. સર્જન એનું આવરણ છે. છતાંય એ આવરણરહિત એ આકાશ જેમ સર્વને પોતાનામાં સમાવી સર્વથી અલિપ્ત છે તેમ, સમસ્ત સર્જનને પોતાનામાં સમાવીને સર્જનથી અલિપ્ત છે. અને તેથી તે અંદર પણ છે અને બહાર પણ છે. જે આત્મદર્શી છે, જે બ્રહ્મસ્વરૂપ છે તે સર્વત્ર પોતાને જ જોઈને અભયનો અનુભવ કરે છે. તેને કોઈનો ડર નથી. તે કોઈનાથી ભય પામીને ભાગી જતો નથી.

જેણે અભય સ્થિર કર્યો છે તેની એ અવસ્થા છે. એ અભયને સ્થિર કરવાનું એક માત્ર સાધન પરમતત્ત્વની નિષ્ઠા છે. પરમતત્ત્વ સિવાય ઈતર કશું જ નથી. અને તે પરમતત્ત્વ

'अयमात्मा ब्रह्म'

એ વેદના સિદ્ધાંતને અનુસરીને તમે પોતે જ છો એવી જ્યારે દૃઢ સ્થિતિ થાય ત્યારે જ અભય દૃઢ થાય છે. તેના પરિણામે ભયનું અસ્તિત્વ પણ રહેતું નથી. વસ્તુતઃ જગત જેવું કશું જ નથી. શ્રી ભગવાને પણ કહ્યું છે તેમ 'પોતે અવ્યક્ત છે છતાંય આ વિશ્વ પોતાનાથી વ્યાપ્ત છે.' વિશ્વમાં જે કાંઈ જણાય છે તે બધું જ તેનામાં રહેલું છે પણ તે જાગતિક પ્રપંચમાં






નથી. અરે એટલું જ નહીં પણ એ જાગતિક પ્રપંચ પણ તેનામાં નથી. એ તો કેવળ તેની યોગવિભૂતિ છે.'' આપણે પરમતત્ત્વને ભૂલીને તેની યોગવિભૂતિમાં જ ભટકીએ છીએ અને તેથી પોતાના સ્વરૂપની અભાન અવસ્થામાં જગતમાં ભટકાઈએ છીએ. વસ્તુતઃ અહંતા અને મમતાયુક્ત 'હું'નું કે 'તું'નું અસ્તિત્વ નથી. અને જે છે તે કેવળ પરમતત્ત્વ છે અને તે જ તું છે 'तत्त्वमसि' એવો જ્યારે નિશ્ચય થશે. ત્યારે જ જન્મજન્માન્તરથી બીજાને જોવાનો જે અધ્યાસ-ટેવ પડી છે તેનો અભાવ થશે. અને ત્યારે જ જ્ઞાનાવસ્થારૂઢ જીવ 'આત્મા' બનશે. અરે બનવાનું તો કશું જ નથી પણ પોતાના સ્વરૂપનું સમ્યક્ જ્ઞાન અને ભાન થતાં બ્રહ્મ બની જશે. અને ત્યારે જે બહાર જણાય છે તે અને જે અંતરમાં છે તે ઉભય અભિન્નભાવે આત્મામાં જ છે એમ નિશ્ચય કરીને, તેના ભયની નિવૃત્તિ થશે. ભયની નિવૃત્તિ અર્થે અભેદભાવનું વિજ્ઞાન જાણી લેવાની જરૂર છે. તેથી જ શ્રી ભગવાને જ્ઞાનીને પોતાનો આત્મા કહ્યો છે.

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतः ।

જે જ્ઞાની છે તે જ આત્માને ઓળખીને આત્મા બન્યો છે. અરે જ્ઞાન એ જ આત્માનું સ્વરૂપ છે અને તેથી વિજ્ઞાનયુક્ત સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જ ભયની નિવૃત્તિ થાય છે.

દ્રષ્ટાંત તરીકે શ્રી અવધૂતે શાસ્ત્રસંમત સર્પ રજ્જુની વાત કહી છે. શ્રી અવધૂતની આ પંક્તિઓ વેદના ગૂઢ રહસ્યનો ઘટસ્ફોટ કરવાને પૂરતી છે. આપણે ભલે ઉપનિષદનો અભ્યાસ ન કરીએ, વેદો ન વાંચીએ, માત્ર આટલી પંક્તિઓ વાંચીને એનો જ વિચાર કરીએ તો અભેદદર્શન અર્થે એટલું પૂરતું છે.

અંધકારમાં એક દોરડું પડ્યું છે. એ છે તો દોરડું જ પણ અંધકારને કારણે ત્યાં સર્પ છે એવી ભ્રાંતિ થઈ છે. એ ભ્રમમૂલક વૃત્તિને પરિણામે દોરડીને દોરડી જાણવાને બદલે સર્પ જાણીને માણસ ભય, કંપ આદિ અનુભવે છે અને ત્યાંથી ભાગે છે. શું વસ્તુતઃ ત્યાં સર્પ છે ? ના, સર્પ નથી. ત્યારે એ સર્પની ભ્રમણા કેમ થાય છે ? અંધકારને કારણે. અંધકાર એટલે અજ્ઞાન. જો ઉજાસ હોય તો સર્પની ભ્રમણા થતી નથી. અને દોરડી દોરડી જ જણાય છે. અજ્ઞાનરૂપી અંધકારને કારણે દોરડીનું વિજ્ઞાન સંભવિત નથી અને દોરડીને સર્પ માનીને તેનો ભય લાગવાથી નાસી જઈએ છીએ. એ ભયનું નિવારણ ક્યારે થાય ? જ્યારે આપણને પ્રકાશમાં દોરડી છે એવી પ્રતીતિ થાય છે ત્યારે. તે જ રીતે જગત જેવું કશું જ નથી પણ, જેમ દોરડીમાં સર્પનો આરોપ કરીએ છીએ તેમ, પ્રભુનો જગતમાં આરોપ કરીએ છીએ. જગત પ્રભુ નથી, પ્રભુ જગત નથી. દોરડી સર્પ નથી, સર્પ દોરડી નથી. પ્રભુ તો પ્રભુ જ છે અને દોરડી તો દોરડી જ છે. પણ આપણે પ્રભુને જગતમાં જોતા નથી અને જગતને પ્રભુમાં જોતા નથી. અરે એટલું





જ નહીં પણ જગત સત્ય છે અને પ્રભુથી ભિન્ન છે એમ માનીને જ આપણે અંધકારમાં રસ્સીને બદલે સર્પને જોઈએ છીએ. તેથી જે દ્વૈતવૃત્તિ ઉત્પન્ન થાય છે તે કારણે જ પ્રભુ આપણને જણાતા નથી. પ્રભુ તમે જ છો ! પ્રભુને જોવાને ક્યાંય જવું પડે એમ નથી, પણ તમે રાજા હોવા છતાં હાથે કરીને ભિખારી બની ટુકડા રોટલાને માટે ભીખ માંગો અને વાટેઘાટે રઝળો તો દોષ કોનો ? રસ્સીમાંથી સર્પબુદ્ધિ ટળી જશે, – કારણકે સર્પ રસ્સીમાં નથી પણ બુદ્ધિમાં છે – ત્યારે જ તમે રસ્સીને તેના મૂળ સ્વરૂપમાં જોઈ શકશો અને ત્યારે એ રસ્સી પણ તમે જ છો એવું તમને જ્ઞાન થશે. ત્યારે પ્રભુ તમે જ છો એવું જ્ઞાન અને તેનો અનુભવ કરશો એટલે તમે પ્રભુ જ છો ! આ પંક્તિમાં ગર્ભિત રીતે અહિંસાને અપનાવી હિંસાવૃત્તિનો ત્યાગ કરવાનું સૂચન પણ રહેલું છે.

વિષધર પણ ઈતર પ્રાણીને કરડી શકતો નથી. હિંસક પ્રાણીઓ પણ ઈતર પ્રાણીનો સંહાર કરી શકતાં નથી. પણ ક્યારે ? આપણે જ્યારે અહિંસક બનીએ ત્યારે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ પ્રાણીમાત્રના સ્વાભાવિક વિકારો છે. આત્મરક્ષાની આશંકામાંથી ભયની વૃત્તિ ઉત્પન્ન થાય છે. જ્યારે દ્વૈતવૃત્તિનું પ્રાધાન્ય હોય ત્યારે જ બીજાથી પોતાનું રક્ષણ કરવાની વૃત્તિ થાય છે. તે રક્ષણ અર્થે બીજાનો સંહાર કરવાની વૃત્તિ પણ જન્મે છે. એ જ વૃત્તિનાં આંદોલન સામાના અંતરમાં પડઘારૂપે પડીને તમારી હિંસા કરવાની તેના અંતરમાં વૃત્તિ ઉત્પન્ન કરે છે અને એમ પરસ્પર વેરવૃત્તિ સર્જાય છે. જ્યારે આપણા અંતરમાંથી હિંસકવૃત્તિનો લોપ થાય છે ત્યારે આપણે અહિંસક બનીએ છીએ. જ્યાં સુધી આપણામાં ભયની લાગણી છે, જ્યાં સુધી આપણામાં હિંસકવૃત્તિ છે, જ્યાં સુધી આત્મરક્ષણ અર્થે અન્યનો સંહાર કરવાની અંતરમાં વૃત્તિ છે, ત્યાં સુધી જ બીજાનો ભય લાગે છે. અને બીજાનાથી આપણું રક્ષણ કરવા માટે આપણે બીજાની હિંસા કરવાને તત્પર થઈએ છીએ. એ રીતે આગળ કહ્યું તેમ આપણા જ મનમાં ઉદ્ભવેલા એ સંકલ્પનાં આંદોલનોની અસર બીજાઓ ઉપર થાય છે અને આપણા મનમાં બીજા પ્રત્યે જે ભાવના હોય છે તે જ ભાવના બીજાઓના અંતરમાં આપણા પ્રત્યે પણ જાગ્રત થાય છે. તેના પરિણામે પરસ્પર ભય અને હિંસાની લાગણીઓ ઉદ્ભવે છે અને તેના પરિણામે આપણે એકબીજાથી ડરતા રહીએ છીએ. જ્યાં સુધી દ્વૈતભાન રહે ત્યાં સુધી જ એ વૃત્તિ પણ રહે. દ્વૈતભાવના અસ્ત સાથે જ એ વૃત્તિનો પણ અસ્ત થાય. અને તેથી જ અહીં શ્રી અવધૂતે બધામાં એક જ પરમાત્મા, જે કોઈનો શત્રુ નથી કે મિત્ર નથી, તે રહેલો છે અને મારામાં અને તમારામાં પણ તે જ પરમાત્મા રહેલો છે એમ કહ્યું છે. તાત્ત્વિક દૃષ્ટિએ એ સર્જનમાત્ર અભિન્ન છે અને તેથી કોઈનો પણ ભય રાખવાની જરૂર નથી. અરે, ભયને અવકાશ જ નથી. શું તમને






તમારો ભય લાગે છે ? નહીં. તો પછી જે વસ્તુ, પ્રાણી કે પદાર્થ તમે જુઓ છો તે તમામમાં આત્મારૂપે તમે જ રહેલા છો, પછી તેનો ભય તમને શા સારુ હોવો જોઈએ ? દ્વૈતભાવે સર્વત્ર જોવાનો જે અધ્યાસ છે તેને બદલે આત્મભાવે જ સર્વત્ર જોતાં શીખશો, સર્વત્ર આત્મભાવનો જ અનુભવ કરશો અને સર્વને ''વાસુદેવ'' સ્વરૂપ જ માનશો તો તમારો એ ભય જતો રહેશે એમાં શંકા નથી. તમે કોનું બગાડ્યું છે કે તમારું કોઈ બગાડશે ? તમે જો બીજાને શત્રુ માનશો તો બીજા તમને શત્રુ માનશે. તમે જ તમારા શત્રુ છો, તમે જ તમારા મિત્ર છો એ વાતનો અનુભવ કરશો તો જણાશે કે તમારા અંતરનો ભાવ જ અન્ય સ્વરૂપે તમારી સમક્ષ મૂર્તિમાન થાય છે. અંધકારમાં પડેલા દોરડા ઉપર અંધકારમાં જ આપણો પગ પડ્યો, આપણને સર્પ છે એવી ભ્રાંતિ થઈ અને છલાંગ મારી ત્યાંથી ભાગ્યા. ભય લાગ્યો. શરીર થરથર ધ્રૂજવા લાગ્યું વગેરે જે ક્રિયાઓ થઈ તે શાના પરિણામે ? તમારા જ અંતરમાં રહેલી ભયની ભ્રમણાના પરિણામે ? તમે તમારી આંખે તો સર્પને જોયો પણ નથી. પ્રકાશ આવ્યો, દોરડી જોઈ અને ભ્રમ ટળ્યો. આ સર્પરજ્જુનો ન્યાય જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં લાગુ પાડતાં શીખો. અંધકારને છોડી પ્રકાશને પકડો. અને ત્યાં તમને શત્રુ નહીં જણાય, મિત્ર નહીં જણાય પણ તમે તમારાં જ જુજવાં રૂપ જોશો. અભય બનવું હોય તો સૌને માટે શુભસંકલ્પ કરતાં શીખો. શુભસંકલ્પનાં આંદોલન જગત પર વહેતા કરો અને તો જ એ અર્થ સરશે.

પરમતત્ત્વ અરૂપ છે અને તેથી તે આંખનો વિષય નથી. જે રૂપવાન છે, જે આકારવાન છે તે જ આંખોથી જોઈ શકાય છે અને તેથી

''રૂપમેં બેરૂપ વો હૈ, અંખિયા અનુભવકી ચીન્હે;''

એમ કહીને એ પરમપદાર્થનું જ્ઞાન કેવળ અનુભવરૂપી બુદ્ધિની આંખો વડે જ થઈ શકે છે એમ શ્રી અવધૂત કહે છે. એ અરૂપ છે છતાંય એ રૂપમાં રહેલું છે અને તેથી ઉપનિષદકારે પણ

अग्निर्यथैको भूवनं प्रविष्टो ।
रूपंरूपं प्रतिरूपो बभूव ॥
एकस्तथा सर्वभूतान्तरात्मा ।
रूपंरूपं प्रतिरूपो बहिश्च ॥

'જગતમાં વ્યાપેલો અગ્નિ જેમ એક હોવા છતાં તે તે વસ્તુમાં પેસી તે તે રૂપે જણાય છે તેમ પ્રાણીમાત્રમાં વ્યાપેલો આત્મા એક જ છે અને તે પ્રાણી પદાર્થને અનુરૂપ તે તે રૂપવાળો જણાય છે અને તે તે રૂપની બહાર પણ તેજ છે.' એમ કહ્યું છે. એવું જ વાયુનું દૃષ્ટાંત આપતાં ઉપનિષદકાર કહે છે કે વાયુ એક જ છે પણ જે જે રૂપમાં પ્રવેશ કરે છે તે તે રૂપને અનુરૂપ બની જાય છે તે જ પ્રમાણે એક જ પરમતત્ત્વ

જે પ્રાણીમાત્રમાં છે. તે તે રૂપને અનુરૂપ બની રહે છે અને છતાં તેની બહાર પણ તે હોય છે.

આમ અગ્નિ અને વાયુ ઉભય અરૂપ હોવા છતાંય જ્યાંજ્યાં આકાર છે અને જ્યાંજ્યાં રૂપ છે ત્યાંત્યાં તે તે રૂપ અને આકારને અનુરૂપ બને છે, છતાં તે પોતાની વ્યાપકતામાં સ્થિત છે. તે જ રીતે પરમતત્ત્વ પણ અરૂપ છે છતાં રૂપમાં અને આકારમાં રહીને એ રૂપ અને આકારને ચેતનવંતુ બનાવીને, તેનાથી બહાર પણ તે વ્યાપક સ્વરૂપે રહેલું છે. પણ એવા સર્વવ્યાપક આત્માને જોવાને ચર્મચક્ષુ શક્તિવાન નથી. નામ, રૂપ અને આકારયુક્ત સર્જન તેના વિહોણું નથી. તેના આધાર વિના તેનું અસ્તિત્વ નથી, તેના પ્રકાશ વિના એ રૂપ, આકાર પ્રકાશિત થતાં નથી અને તેના આનંદ વિના એ નામરૂપાત્મક જગત આનંદનો અનુભવ કરી શકતું નથી. અને તેથી તેના સત્, ચિત, આનંદ કિંવા અસ્તિ ભાતિ, પ્રીતિ વિના જગતનું અસ્તિત્વ, પ્રકાશ અને આનંદ નથી. છતાં તે જગતમાં રહીને પોતાના મહિમામાં સ્થિત છે એમાં સંશય પણ નથી. જડ જગત તેનો પ્રકાશ પામીને જન્મે છે, જીવે છે અને અંતે લય પામે છે પણ તે પરમતત્ત્વનો નથી જન્મ કે નથી લય. અને તેથી જ પ્રારંભમાં કહ્યું છે તેમ આદિની પૂર્વે અને અંતની પછી જે પરમતત્ત્વનું અસ્તિત્વ છે જ તે પરમતત્ત્વ અરૂપ છે. કેવળ રૂપમાં અરૂપ છે એમ કહીને તેના અસ્તિત્વનો સ્વીકાર કરવાથી તે પરમતત્ત્વનું જ્ઞાન થતું નથી. અને તેથી જ એ સત્યનો અનુભવ કરીને એ જ્ઞાનને સ્થિર કરવાની અને પોતે જ તે છે એવું નિશ્ચિત કરવાની જરૂર છે. અને તેથી તેનો અનુભવ કરવો જ જરૂરનો છે. વાતવાતમાં આપણે કહીએ છીએ, 'આપણે કાંઈ જુદા છીએ ?' **'यूयं वयं वयं यूयं'** પણ એ તો કોરી વાતો જ છે. પ્રસંગ આવે ત્યારે તો

**'वयं वयं यूयं यूयम् ।'**

કહીએ છીએ. અને આચારમાં તો, તમે તમે છો અને હમે હમે છીએ, એ પ્રમાણે વર્તન કરીને એકતાને વિસારે મૂકીએ છીએ. પ્રસંગ આવે ત્યારે અંતરમાં રહેલી અહંતા અને મમતા આપણા ઉપર સવાર થાય છે અને 'હું' અને 'તું' નું ભૂત આવીને ગળું પકડે છે. અને ત્યારે આપણે કહીશું 'હું કોણ' અને 'તું કોણ?' એ તો બોલવાનું જાુદું અને કરવાનું જાુદું. નર્યો સ્વાર્થ જ છે. પરમાત્મદૃષ્ટિમાં સ્વાર્થને સ્થાન નથી. કારણકે ત્યાં દ્વૈતભાવરહિત એક અને અદ્વિતીય પરમતત્ત્વ સિવાય અન્ય કોઈ નથી. અને તેથી જ ઘટઘટ વ્યાપી પરમતત્ત્વને પામવા માટે તો નિઃસ્વાર્થ બની અનુભવની આંખો કેળવવી પડે છે. અનુભવ વિનાના પોપટિયા જ્ઞાનવડે પરમતત્ત્વને જાણી શકાતું નથી. પ્રકાશક વિના પ્રકાશ નથી અને પ્રકાશના અભાવે દૃશ્યનું દર્શન નથી. દૃષ્ટા હોય પણ પ્રકાશ ન હોય તો દર્શન

થઈ શકતું નથી. પરમાત્મા પ્રકાશક છે અને તેના અદૃશ્ય પ્રકાશવડે પ્રકૃતિ પ્રકાશી રહી છે અને તેથી, ઇન્દ્રિયો દ્વારા એ પ્રકૃતિને આપણે જોઈ, અનુભવી શકીએ છીએ. એ પ્રકાશક અંતર્યામી છે. પ્રકાશ્યને પ્રકાશકની જરૂર છે, પણ પ્રકાશકને પ્રકાશ્યની જરૂર નથી. સૂર્યને પ્રકાશિત કરવાને બીજા સૂર્યની જરૂર નથી. જે પ્રકાશક પરમતત્ત્વ છે તે ઇન્દ્રિગમ્ય ન હોવાના કારણે, કેવળ સૂક્ષ્માતિસૂક્ષ્મ બુદ્ધિ દ્વારા અનુભવજન્ય હોવાથી અહીં શ્રી અવધૂતે

**'અંખિયા અનુભવકી ચીન્હે'**

એમ કહીને શ્રવણ, મનન અને નિદિધ્યાસનદ્વારા એ પરમતત્ત્વનું પરોક્ષજ્ઞાન સિદ્ધ કરીને, 'હું બ્રહ્મ છું' એવું ચિંતનદ્વારા સ્થિર કરીને, તેને જાણવાનો અને તેનો અનુભવ કરવાનો બોધ કર્યો છે.

પણ એ અનુભવ કેવળ વાતો કર્યે પ્રાપ્ત થતો નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**ઉમરી બિતાવે બાતમેં, ક્યા જાતકા અનુભવ ઉન્હે !**

આગળની પંક્તિમાં શ્રી અવધૂતે અનુભવની આંખોની.વાત કરી છે. પરમતત્ત્વને પ્રીછવા માટે ચર્મચક્ષુની જરૂર નથી, વેદવેદાંતના જ્ઞાનની જરૂર નથી પણ કેવળ જીવનમાં ઉતારવાની જરૂર છે. નિષ્ઠા અને ભાવ એ જ પરમતત્ત્વને પ્રીછવાનાં શાસ્ત્રસંમત સર્વોત્તમ સાધન છે. એ જ વાતને અનુલક્ષીને શ્રી અવધૂત કહે છે :

**ઉમરી બિતાવે બાતમેં......**

આગળ એક ગીતમાં

**'પઢતા પઢતા પંડિત પડીઆ'**

એવું શ્રી અવધૂતે ગાયું છે. ભણીભણીને જીવન વિતાવીએ તો પણ, જેમ ફૂટેલા માટલામાં પાણીનું ટીપું પણ સંગ્રહ કરી શકાતું નથી તેમ, કેવળ શાસ્ત્રોના ગ્રંથો વાંચીવાંચીને પરમતત્ત્વની પિછાન કરી શકાતી નથી. અહીં પણ શ્રી અવધૂત એ જ વાતનું પુનરાવર્તન બીજી રીતે કરે છે. આપણે ઘણાય વિદ્વાનો જોયા છે, ઘણાય વિદ્વાનોનો અનુભવ કર્યો છે અને ઘણાય વિદ્વાનોની પારમાર્થિક વાતો સાંભળીએ છીએ પણ તેનું શ્રોતાઓ ઉપર કશું જ પરિણામ થતું નથી. જેમ વક્તા પરમતત્ત્વનો પાર પામ્યો નથી તેમ શ્રોતા પણ એવા કોરા વક્તાનાં પ્રવચનોને શ્રવણ કરીને પરમતત્ત્વનો પાર પામતા નથી. અને તેથી જ

**"સુખ પામે સત્સંગી જો...."**

એમ કહીને શ્રી અવધૂતે સત્સંગનો મહિમા ગાયો છે અને સત્સંગનું મહત્ત્વ પણ સમજાવ્યું છે. સત્-સંતનો સંગ એટલે જે બ્રહ્મનિષ્ઠ છે, જેણે પરમતત્ત્વનો પાર પામીને જીવન પરમતત્ત્વમય બનાવ્યું છે તે જ પરમતત્ત્વની સાચી ઓળખ કરાવવામાં સાધકનો રાહબર અને સુકાની

બની શકે છે. અને તેથી, કેવળ વાતો કર્યાથી કશું જ વળતું નથી. એ સિદ્ધાંત આપણને ઠસાવવાનો અહીં શ્રી અવધૂત પ્રયાસ કરે છે. જીવનભર વાતો કરવામાં જ વ્યતીત કરીએ તેથી શું પરમતત્ત્વ પ્રાપ્ત કરી શકાય છે ? જવાબ ના છે. પણ વાત સાંભળીને તેનો અનુભવ કરીએ તો જ પ્રભુને પામીએ એ સિદ્ધાંત છે. જે વાતો જ કરે છે અને આચારમાં મૂકતા નથી તે કોરા કાગળ જેવા છે. જેઓ વાતમાં જ આખી ઉમ્મર વિતાવે છે, તેને કોઈ જાતનો અનુભવ નથી. અનુભવ વિનાની એ વાતોમાં કાંઈ સાર નથી અને તેથી વાત કરતાં અનુભવ મહત્ત્વનો છે. મહાત્માઓનું એક જ મૌન અનેક ગ્રંથોના વિવરણ કરતાં, અનેક વાતો કરતાં, અનેક બોધની કથાઓ કરતાં શ્રેષ્ઠ છે. શ્રી કૃષ્ણને ત્યાં સુદામા મહેમાન બન્યા. દરવાજે દ્વારપાળે રોક્યા. એક લપડાક પણ લગાવી તેના ચાઠાં શ્રી કૃષ્ણના ગાલ પર પડ્યાં. શ્રી કૃષ્ણ સુદામાને લેવા-આદરમાન આપવા દોડી ગયા. આ તો એક દૃષ્ટાંત છે. સુદામા તો મૂક હતા. વાતો કરવાની તેને ટેવ નહોતી પણ શ્રી કૃષ્ણ સાથેના તેના તાદાત્મ્યભાવનું આ પરિણામ હતું. આત્મૈક્યનો આ જ પ્રત્યક્ષ અનુભવ છે. સુદામા અને શ્રી કૃષ્ણ શરીરે ભલે ભિન્ન હતા પણ આત્મભાવે તો એક જ ને! અને શ્રી રામચંદ્રજીએ હનુમાનને પૂછ્યું. ''તું કોણ?'' હનુમાને કહ્યું, ''દેહભાવે દાસ છું, જીવભાવે તું જ અંશ, આત્મભાવે તું અને હું એક જ છીએ એ નિઃશંક છે.'' આ છે અનુભવની મહત્તા. આ છે નિશ્ચયનું, ભાવનાનું પરિણામ. એ પરિણામ જીવનભર ભગવાનની લૂખી વાતો કરવાથી પ્રાપ્ત થતું નથી. મિષ્ટાન્નની અને સુંદર ભોજનની વાતો ભલે કર્યા કરીએ પણ તેથી ક્ષુધાનિવારણ થતું નથી અને ભોજનનો સ્વાદ અને તૃપ્તિનો અનુભવ પણ થતો નથી. જ્યારે ભોજન કરીએ છીએ ત્યારે જ ભોજનનો સ્વાદ અને તૃપ્તિનો ઓડકાર આવે છે. પરમાત્માની વાતો કરવાથી જ કે પુસ્તકિયા જ્ઞાન પ્રાપ્ત કરવાથી જ પરમાનંદનો અનુભવ થતો નથી. અને તેથી જ શ્રી અવધૂત કહે છે : ''વાતો કરવામાં જીવન વિતાવનારને શો અનુભવ મળે છે ?'' તેને કશો જ અનુભવ નથી અને તેથી એવા કોરા કાગળ જેવા વક્તાના વક્તવ્યના શ્રવણથી શ્રોતાનું કલ્યાણ થતું નથી. શ્રવણ માટે પણ આત્માનુભવી સંતો પાસે જવાનું જ શાસ્ત્રોમાં તેથી જ કહેવાયું છે. પરમાત્મા સર્વવ્યાપક છે એમ આપણે સાંભળીએ છીએ, પરમાત્મા સર્વજ્ઞ છે એમ આપણે સાંભળીએ છીએ, પરમાત્મા અને તમે જુદા નથી પણ તમે જ બ્રહ્મ છો એમ પણ આપણે શાસ્ત્રોના ગ્રંથોમાં વાંચીએ છીએ, પણ જ્યારે સમય આવે છે ત્યારે એ બધું ભૂલી જવાય છે અને મારું ઘર, મારી લક્ષ્મી, મારો પરિવાર કરતા આપણે બકરાની માફક બેં બેં કરીએ છીએ. વ્યાસપીઠ પરથી વેદાંતની મોટી મોટી વાતો કરતા વક્તાઓ પણ સમય આવે એ તત્ત્વજ્ઞાન ભૂલી જાય છે. પોથી પર કેટલા પૈસા





પડ્યા, કેટલા શ્રોતા આવ્યા, તેમાં ધનિક કોણ છે વગેરે તરફ લક્ષ રાખનારા વક્તાઓ નથી પોતાનો ઉધ્ધાર કરી શકતા કે નથી શ્રોતાઓનો ઉધ્ધાર કરી શકતા. ગોકર્ણની ભાગવતની કથાનું શ્રવણ કરીને ધુંધુંકારીને મોક્ષ મળ્યો. ગોકર્ણની કથાના મહિમા કરતાં ધુંધુંકારીની ભાવના અને નિષ્ઠાનું તેમાં મહત્ત્વ વિશેષ હતું. ટૂંકમાં કહીએ તો પરમતત્ત્વ વાણીનો વિષય નથી અને તેથી બહુ શ્રવણ કરવાથી કે બહુ પ્રવચન કરવાથી કે શાસ્ત્રોનું બહુ અનુશીલન કરવાથી એ તત્ત્વ પ્રાપ્ત થતું નથી પણ કેવળ ભાવ અને નિષ્ઠા વડે જ પ્રાપ્ત થાય છે. અને તેથી વાતોમાં વ્યર્થ સમય વ્યતીત કરવા કરતાં અને અનુભવ વિહોણા વક્તાનાં અનેક વ્યાખ્યાનો સાંભળવા કરતાં એકાદ મહાત્માના એકાદ અનુભવપૂર્ણ શબ્દ કે મૌનનો અનુભવ કરીને પરમતત્ત્વને પીછવાનો પુરુષાર્થ કરવો એ જ ઉચિત છે. અસ્તુ.

શ્રી અવધૂત આગળ ચાલતાં એ અનુભવ કે પ્રકાશને અનુલક્ષીને પ્રકાશના સામર્થ્યની પ્રશંસા કરે છે :

**'અંધા બિલોકે જ્યોતકો, બહિરા સૂને ઝનકારકો;''**

કેવી વિપરીત અવસ્થા છે?

**''અંધા બિલોકે જ્યોતકો,''**

જે અંધ છે તે પ્રકાશ શી રીતે જોઈ શકે? આંખો એ જોવાનું સાધન છે. જેને આંખો જ નથી તે અંધ શું જોઈ શકે? પણ સાચી અવસ્થા પણ એ જ છે. જાગતિક પ્રપંચ તરફ જ્યારે આપણી આંખ મીંચીએ છીએ ત્યારે જ આપણે પરમતત્ત્વની જ્યોતિને જોવાની શક્તિ સંપાદન કરી શકીએ છીએ. જ્યાં સુધી આપણે જગત પ્રત્યે અંધ નથી બન્યા, જ્યાં સુધી આપણી આંખોમાં જગત ભરેલું છે ત્યાં સુધી આપણે પરમતત્ત્વ જોઈ શકતા નથી. પણ જ્યારે છતી આંખે એ જગત પ્રત્યે અંધ બની જઈએ, આપણી આંખમાંથી જગત તરીકે જગત નીકળી જાય અને અનુભવની આંખ ખૂલે ત્યારે એ પરમાત્માની પરમજ્યોતિ સઘળે જ ઝળહળે છે એવું નજરે પડે છે. આ અનુભવની આંખ ખૂલે એટલે એ આંધળો વગર આંખે પરમાર્થ દૃષ્ટિએ દેખતો જ છે. જ્યાં સુધી એ આંખ નથી ખૂલી ત્યાં સુધી માણસ દેખતો છતાં આંધળો જ છે. કારણ કે જે જોવાનું છે તે એ જોઈ શકતો નથી અને જે જોવાનું નથી તે જોવામાં જ આયુષ્ય એળે ગુમાવે છે. અહીં શ્રી અવધૂતે એ જગતને જોવાની આંખો જગત તરફથી ફેરવીને એ આંખોમાં રહીને જોનાર જગદાત્માને જોવાનો સંકેત કર્યો છે.

જેમ સ્થૂળ શરીરને આંખ, કાન, નાક આદિ અવયવો છે, તેમ સૂક્ષ્મ શરીરને પણ મન, બુદ્ધિ ચિત્ત, આદિ અવયવો છે. સ્થૂળ અને સૂક્ષ્મશરીરના એ ઉભય અવયવો પ્રકાશ્ય છે. એનો પ્રકાશક એ પ્રકાશ્યથી ભિન્ન છે. અને એ પ્રકાશકનો પ્રકાશ પામીને જ એ અવયવોમાં

ચેતનસંચાર વડે એ અવયવો ગતિશીલ અને ક્રિયાશીલ બને છે. જે આત્મવિત્ તત્ત્વદર્શી છે તેને એ અવયવો હોવા છતાંય તે એ અવયવો રહિત છે. તેની આંખો જગતને જોતી નથી. જગતના સ્વરૂપમાં જગતના પ્રકાશકને જુએ છે. તેના કાન આકાશના ગુણરૂપ શબ્દને શ્રવણ કરતા નથી પણ એ શબ્દમાં રહેલા શબ્દના પ્રકાશક પરમતત્ત્વને જ શ્રવણ કરે છે, અંતરમાં ગુંજતા એના અનાહત નાદને જ સાંભળે છે. અને તેથી જ તે અંધ પણ છે અને બહેરો પણ છે. જગતને જોવાની જે આંખો છે તે સોયા ભોંકીને ફોડી નાંખવાથી અને તેમ કરીને અંધ બન્યાથી કાંઈ પરમતત્ત્વ જોવાતું નથી. એ આંખો ભલે રહે પણ શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ :

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

જે જ્ઞાનદશા સર્વ પ્રાણીઓની રાત્રિ છે તેમાં સંયમી જાગ્રત રહે છે. અને જે ભોગેચ્છા-અજ્ઞાનદશામાં પ્રાણીઓ જાગે છે તે પરમતત્ત્વને જોનાર મુનિની રાત્રિ છે.'' એ ઉક્તિ અનુસાર સાચું અંધત્વ વૃત્તિમાં-બુદ્ધિમાંથી જગતને નિવૃત્ત કરીને તેમાં જગદાત્માને સ્થાન આપવામાં છે.

જે રીતે જગતને જોવાને આંખો છે તે જ રીતે પરમતત્ત્વને જોવાને બુદ્ધિ છે. એ બુદ્ધિના રાજસ્ અને તામસ્ આવરણને નિઃશેષ નિવૃત્ત કરીને જ્યારે સાત્ત્વિકવૃત્તિયુક્ત બનાવીએ ત્યારે રાજસ્ તામસ્‌ના કાર્યરૂપ જગત બુદ્ધિમાંથી અદશ્ય થાય છે અને તેને સ્થાને પરમતત્ત્વનો ઝળકતો પ્રકાશ અનુભવાય છે. અને તેને જ

'અંધા બિલોકે જ્યોતકો'

એ પ્રમાણે શ્રી અવધૂત કહે છે. સ્થૂળનો અભાવ અને સૂક્ષ્મનો ભાવ જાગ્રત કરવો એ જ આ ચરણનો ભાવ છે.

એ જ રીતે

'બહિરા સુને ઝનકારકો'

ની સ્થિતિની પણ આપણે કલ્પના કરીશું. જગતના રૂપની પાછળ ઘેલી બનેલી આંખો જેમ પરમાત્માને જોવાને સમર્થ નથી તેમ જગતના શબ્દના શ્રવણ પાછળ મસ્ત બનેલા શ્રવણ-કાન પણ જગતના ઘોંઘાટનું વિસ્મરણ કરાવી અંતઃકરણની વૃત્તિને પરમતત્ત્વ તરફ વાળનાર અનાહતનાદનો અનુભવ કરવાને સમર્થ થતા નથી. અનાહતનાદનો રણકાર જડ શ્રવણ માટે અશ્રાવ્ય છે. જ્યારે મન, બુદ્ધિચિત્ત અને અહંકારયુક્ત સૂક્ષ્મ શરીર સમાહિત બને છે, જાગતિક પ્રપંચના સંસ્કારોથી મુક્ત બને છે ત્યારે જ એ અનાહત નાદનો રણકાર સાધકના અનુભવમાં આવી શકે છે. અને ત્યારે જ, મુરલીના નાદે જેમ સર્પ મુગ્ધ બને છે તેમ, એ સાધકના બાહ્ય જ્ઞાનનું વિસ્મરણ થાય છે અને, જેમ હરણ પારધીના મધુર સ્વરથી મુગ્ધ

બની પોતાને ભૂલી જઈને શબ્દમય બની જાય છે તેમ, સાધક એ અનાહતનાદના ઝણકારમાં તન્મય બને છે અને સર્વ વૃત્તિઓ સાથે એનો મનોલય થઈ, એ નાદના મૂળ પરમતત્ત્વ પરમાત્મા સાથે એકરૂપ થાય છે. અને એ છે

**'બહિરા સુને ઝનકારકો.'**

અંતરમાં અખંડ વહેતા 'સોઽહંસઃ'ના અનાહત નાદનો પ્રવાહ સાંભળવાને આપણા બહિર્મુખ શ્રવણ નકામા છે. એ સાંભળવા માટે શ્રવણેન્દ્રિયની વૃત્તિને મનોવૃત્તિ સાથે એકાકાર કરી અંતર્મુખ કરવી જોઈએ. એ નાદ સ્થૂળ નથી. સ્થૂળનો અનુભવ સ્થૂળથી થઈ શકે છે. પણ સૂક્ષ્મનો અનુભવ કરવાને તો સૂક્ષ્મવૃત્તિની જ જરૂર રહે છે. જ્યારે આપણે પ્રાપંચિકશબ્દ શ્રવણ કરવાનું બંધ કરીશું ત્યારે આપણે અંતરનો એ નાદ કાન વિના જ સાંભળી શકીશું. જેમ આત્માના પ્રકાશને જોવાને સ્થૂળ આંખની જરૂર નથી તેમ આત્માના એ અવાજને શ્રવણ કરવાને સૂક્ષ્મ કાનની પણ જરૂર નથી.

આત્મા તો આગળ કહ્યું તેમ અશરીરિ છે. તેને કાન કે આંખો નથી. છતાંય તે હજારો કાનવાળો અને હજારો આંખોવાળો છે એવું ઉપનિષદમાં ગાયું છે. એ અનુભવી તત્ત્વદર્શીઓનું ગાન વાચારંભણ કે વાણીવિલાસ નથી અને તેથી તે સત્ય છે. અને તમે તમારો જ પ્રકાશ અને તમારો જ નાદ-ઝણકાર અનુભવી શકો એમાં શી નવાઈ ! અને એવો હજારો આંખોવાળો બધું જ જોઈ શકે છે અને હજારો કાનવાળો બધું જ સાંભળી શકે છે, એ જ વાત અહીં શ્રી અવધૂતે એની અવધૂતી ભાષામાં કહી છે. આંખ અને કાનના જે ધર્મ છે તેનાથી તેને વંચિત કરીને એટલે એ રૂપ અને શબ્દમાંથી મન અને મન દ્વારા જીવને વંચિત કરીને એ રૂપમાં અરૂપીને અને એ શબ્દમાં રહેલા ઝણકારમાં રહેલા અશબ્દને સાંભળવાનો પુરુષાર્થ કરવાથી જ એ અનુભવ મળી શકે છે. છતી આંખે આંધળો અને છતે કાને બહેરો છે તે જ સાચો સંત છે, તે જ આત્મદૃષ્ટા-તત્ત્વવિત્ છે.

એવા વિષયો અને ઇન્દ્રિયોના પાશમાંથી મુક્ત બનેલા તત્ત્વવિત્‌ને શરીરના ધર્મ પણ સ્પર્શી શકતા નથી.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ શરીરની ત્રણ અવસ્થા છે. જે આત્મવિત્ છે, જેણે તત્ત્વદર્શન કર્યું છે, જે તત્ત્વસ્વરૂપ જ છે. તેને શરીરમાં હોવા છતાં શરીરના ધર્મ અડી શકતા નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"સોવે ન દિનરૈના કબુ, જાને ન સ્વપ્ન સુષુપ્તકો"**

જ્યાં દ્વૈત નથી, જ્યાં જગત નથી, ત્યાં દેહ નથી અને જ્યાં દેહ નથી ત્યાં દેહના ધર્મ પણ નથી અને તેથી જે આત્મા છે તેને રાત્રિ કે દિવસ નથી. રાત્રિ અને દિવસના ભેદને અભાવે, જેમ સૂર્યને રાત્રિ





પણ નથી અને દિવસ પણ નથી કેવળ પ્રકાશ જ છે તેમ, તે પણ સ્વયં પ્રકાશમય છે અને તેથી તે કદી પણ નિદ્રા લેતો નથી અને અખંડ જાગ્રત અવસ્થાનો અનુભવ કરે છે. એ જાગ્રત અવસ્થા જ્ઞાનાવસ્થા છે. એ જાગ્રત અવસ્થા શારીરિક નથી, આધ્યાત્મિક છે. આત્મામાં નથી જાગ્રત, નથી સ્વપ્ન કે નથી સુષુપ્તિ, અને તેથી જ જે આત્મવિત્ છે તે એ ત્રણે અવસ્થારહિત છે એમ અહીં શ્રી અવધૂતે કહ્યું છે. એ ત્રણે અવસ્થાવિમુક્ત આત્મદર્શી સદાસર્વદા અખંડ આત્માનંદની મસ્તીમાં મગ્ન રહે છે. જાગ્રત અને સ્વપ્નાવસ્થા રાજસ્ ગુણનું કાર્ય છે. રાજસ્ગુણ દ્વારા જ જાગ્રત અને સ્વપ્નના પ્રપંચનું સંચાલન અને અનુભવ કરી શકાય છે. સુષુપ્તિ અવસ્થા મૂઢાવસ્થા છે અને તે તામસ્ ગુણનું પરિણામ છે. સુષુપ્તિ અવસ્થામાં પ્રપંચનું ભાન રહેતું નથી એટલું જ નહીં પણ શરીરનું પણ ભાન રહેતું નથી. તેટલો સમય જીવ સ્વસ્વરૂપમાં જ લીન હોય છે. મૂઢાવસ્થા તામસ્ ગુણનું કાર્ય હોવાથી સુષુપ્તિમાં આત્મસ્થિતિનો અનુભવ થતો નથી. જાગ્રત થયા પછી ''મને ઘણી ઊંઘ આવી, મેં કાંઈ ન જાણ્યું,'' એવું આપણે બોલીએ છીએ. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાના રાજસ્ અને તામસ્ ગુણના એ કાર્યથી આત્મરત મુક્ત છે અને તેથી શુદ્ધ સાત્ત્વિક ગુણમાં તુરીયાવસ્થામાં સ્થિત થઈને રહે છે. એ તુરીયાવસ્થા પણ જ્ઞાનાવસ્થા છે. જ્યારે એ જ્ઞાનાવસ્થા સાત્ત્વિક અવસ્થાનો પણ સંપૂર્ણપણે લય થઈ જાય છે ત્યારે સંપૂર્ણ 'તુરીયાતીત' દશા પ્રાપ્ત થાય છે. એ તુરીયાતીત દશામાં નથી જ્ઞાન કે નથી અજ્ઞાન. નથી જાગ્રત કે નથી સ્વપ્ન કે સુષુપ્તિ. કોઈ પણ દશાના જ્ઞાનના ભાનનો જ્યાં સંપૂર્ણ અભાવ છે ત્યાં જ આત્મા વિરાજે છે. સાત્ત્વિક જ્ઞાન એ પણ એક પ્રકારનું વિક્ષેપબંધન છે. તુરીય વિક્ષેપ બંધનરહિત છે. તમોગુણને રાજસ્ગુણથી અને રાજસ્‌ને સાત્ત્વિક ગુણથી પરાજિત કરીને અંતે એ સાપેક્ષ સાત્ત્વિક ગુણથી પણ મુક્ત થઈને, જ્ઞાનાજ્ઞાનવિજ્ઞાનરહિત શુદ્ધ અદ્વૈત અવસ્થામાં સ્થિત થવાનું તેથી જ ભગવાને અર્જુનને કહ્યું છે. અસ્તુ. થોડો વિષયાંતર છે પણ ક્ષન્તવ્ય છે. વિષય સમજવાને એ જરૂરનો લાગ્યો છે.

એવા આત્માની મસ્તીમાં મસ્ત બનેલો આત્મદર્શી કેવો હોય છે તેની આછી ઓળખ આપતાં શ્રી અવધૂત કહે છે :

''કપરા દુઈકા ફેંક કર, ફિરે દીવાના બાવરા;'
''રોતા કભુ હસતા કભુ, અલમસ્ત ખુદ મસ્તી ભરા!''

આપણે દ્વૈતથી પર જોઈ શકતા જ નથી. આપણામાં પુરુષ અને પ્રકૃતિના ભેદની દૃષ્ટિ છે. 'હું અને જગત, 'હું અને બ્રહ્મ' એવું ભાન હોવાથી આપણે જગતથી અને ભગવાનથી ભિન્ન છીએ એમ આપણે માનીએ છીએ. અને એ માન્યતા જન્મજન્માંતરના કારણે વજ્રલેપ સમાન બની ગઈ છે. વસ્તુતઃ જગત પણ નથી, 'હું' પણ નથી, 'તું' પણ નથી





અને એની અપેક્ષાએ રહેલું 'તે' પણ નથી. પણ જે છે તે એક અભેદ નિરપેક્ષ અનિર્વચનીય પરમતત્ત્વ જ છે. એ પરમતત્ત્વમાં એવો જાગતિક કે પ્રાપંચિક ભેદ નથી. અને છતાંય જે અનેકવિધ ભેદ જણાય તેને જ શાસ્ત્રમાં 'દ્વૈત' કહે છે. તે જ માયા છે, તે જ પ્રકૃતિ છે. આપણે પ્રકૃતિને અપનાવી છે અને પ્રકૃતિના પ્રણેતા પરમતત્ત્વને ભૂલ્યા છીએ. તેથી આપણે એ દ્વૈત માયા કે પ્રકૃતિના બંધનમાં, જેમ માખી કરોળિયાની જાળમાં પોતે જ ફસાય છે તેમ, ફસાયા છીએ. જે કાંઈ છે, જે સદાસર્વદા છે, જે ચેતનસ્વરૂપ છે, જે આનંદ-સુખસ્વરૂપ છે તે એક જ છે અને તેના સિવાય ઇતર કશું જ નથી. તેના સિવાય ઇતર જે જણાય છે તે, અંધકારમાં રસ્સીમાં સર્પ જણાય છે તેમ અજ્ઞાનને કારણે તેનાથી ભિન્ન, રસ્સીથી ભિન્ન જેમ સર્પ ભાસે છે તેમ, ભાસે છે. દ્વૈતનું એ લક્ષણ છે. આપણે કપડાં શા સારુ પહેરવાં ઘટે? પોતે પોતાની મર્યાદા રાખવા નહીં પણ અન્યની મર્યાદા અર્થે કપડાં પહેરીને શરીરને ઢાંકીએ છીએ. અદ્વૈત દ્વૈતરૂપી કપડાંથી તેમ ઢંકાયેલું છે. એ કપડાં ઉતારીને જ્યારે આપણે શરીરને ઉઘાડું કરીએ છીએ ત્યારે, જેમ શરીર જ ભાસે છે અને શરીરનું આવરણ ભાસતું નથી તેમ, એ અદ્વૈત ઉપર ચઢેલા વૃત્તિના ઓપને ઉતારી નાંખીએ છીએ ત્યારે સાપની કાંચળી જેવું એ દ્વૈત જતું રહે છે અને સ્વસ્વરૂપે અદ્વૈત જ બધે ભાસે છે. આત્માને અન્ય નથી, આત્માથી ભિન્ન અન્ય નથી, અને તેથી આત્મામાં દ્વૈતની મર્યાદા નથી. અને તેથી જ

"કપરા દુઈકા ફેંક કર,"

દ્વૈતનું કપડું ઉતારીને જે અદ્વૈત ભાવમાં જ મસ્ત બન્યો છે તે

"ફીરે દીવાના બાવરા"

એ વાક્ય અનુસાર જગતની દૃષ્ટિએ દીવાનો અને બ્હાવરો થઈને જ ફરતો જણાય છે. એ દીવાનો પણ નથી અને બ્હાવરો પણ નથી. જગતને ઊંધાં ચશ્માં હોવાથી, જગતની રીતરસમથી વિરુદ્ધ આચરણવાળો જગતને દીવાનો અને બ્હાવરા સરખો ભાસે છે. વસ્તુતઃ તે આત્મા છે, આત્મામાં સ્થિરબુદ્ધિવાળો છે. આત્મભાવભાવિત હોવાથી, જગતનું તેને ભાન નથી, જગત તેની દૃષ્ટિમાં નથી, જે કાંઈ છે તે તે પોતે જ છે અને તેથી દ્વૈતની કોઈ પણ મર્યાદા તેને પ્રતિબંધક નથી. એવો આત્મસ્થિત વિરલ સંત નાગો છે, ઉઘાડો છે, ભૂખ્યો છે, તરસ્યો છે, તાપમાં ફરે છે, ટાઢ સહન કરે છે આદિ જાગતિક કલ્પનાઓ તો જગતના લોકો કરે છે. તેને મન એવું કશું જ નથી. તે પોતે જ્યાં પડ્યો હોય ત્યાં આત્માનંદમાં મસ્ત પડી રહે. ચાલતો હોય તો ચાલ્યા જ કરે, બેઠો હોય તો ઊઠવાની ઊર્મિ સરખીય ન જાગે અને એમ સ્વાભાવિક ક્રિયા કરતો હોવા છતાં સદાય અક્રિય છે. કારણ કે ક્રિયા કરવાના સંકલ્પનો તેનામાં અભાવ છે. જગત અને જાગતિક પ્રપંચ પ્રત્યે તે અંધ છે. જગતનાં ચશ્માં તેણે

ઉતાર્યાં છે અને બ્રહ્મનાં ચશ્માંથી જ તે જગતને બ્રહ્મભાવે-આત્મસ્વરૂપે જુએ છે. આત્મજ્યોતના પ્રકાશમાં તે એવો અંજાઈ ગયેલો હોય છે કે તેને જગતને જોવાનો કે જગતની કલ્પના કરવાનો પણ અવકાશ નથી. જ્યાં સુધી કલ્પના છે, જ્યાં સુધી સંકલ્પ છે, ત્યાં સુધી જ દ્વૈત છે. પણ આત્મારામને કલ્પના નથી, સંકલ્પ નથી, અને આત્મકામ બનેલો એ આપ્તકામ બનીને જ જગતમાં દેહના ધર્મને અનુસરીને, દેહમાં હોવા છતાં દેહીસ્વરૂપે ફરે છે. એને મન પણ નથી. એનું મન મૃત્યુ પામેલું છે. અને તેથી જ તે જડ જેવો બની રહે છે. તે ચેષ્ટા કરતો નથી. કદાચ કોઈ પ્રસંગે કોઈ ચેષ્ટા અણજાણતા થઈ જાય તો તે ચેષ્ટા ગાંડા માણસના જેવી હોય છે. પાગલ બુદ્ધિપૂર્વક કશું જ કરતો નથી. આત્મરત પણ બુદ્ધિપૂર્વક કશું જ કરતો નથી અને તેથી તે ચેષ્ટા કરતો નથી પણ પ્રસંગોપાત્ત ચેષ્ટા થઈ જાય છે. સદ્‌ભાગ્યે આવા કોક સંતનાં દર્શન થાય ત્યારે જ સ્થિતપ્રજ્ઞની ઝાંખી ઓળખ થાય. અસ્તુ.



ભા.- ૩

એવા આત્મસ્થિત મહાત્માની ચેષ્ટાઓ હોય છે તો તે પણ બાલ, ઉન્મત્ત કે પિશાચવૃત્તિવાળી હોય છે. બાળક અનેકવિધ ચેષ્ટાઓ કરે છે પણ તેને તેની કલ્પના હોતી નથી અને પોતાના આનંદમાંથી તે ચ્યુત થતો નથી. ઉન્મત્ત પણ અનેકવિધ ચેષ્ટાઓ કરે છે પણ પોતાના આનંદમાંથી ચ્યુત થતો નથી. અને પિશાચ પણ અનેકવિધ ચેષ્ટાઓ કરે છે પણ તેના પરિણામની તે કલ્પના કરતો નથી. આવો મહાત્મા પણ તે જ રીતે કોક સામે રોતો હોય છે. તે કેમ રુદન કરે છે તેનું કારણ સમજી શકાતું નથી. તે કોક સમે હસતો હોય છે પણ કેમ હસે છે તેનું કારણ પણ સમજી શકાતું નથી. એ રુદન અને હાસ્ય એ ઉભય ઈરાદાપૂર્વકના કૃત્રિમ હોતાં નથી. તેમ દેખાવનાં પણ હોતાં નથી. એ સહજ છે. રુદનમાં રોનારને જે આનંદ છે તે જ આનંદ હસનારને હાસ્યમાં પણ છે. રુદન અને હાસ્યમાં રહેલા આનંદનું વિજ્ઞાન આપણે કલ્પી શકતા નથી. કારણકે આપણે દુઃખ માનીને રુદન કરીએ છીએ, સુખ માનીને હાસ્ય હસીએ છીએ. પણ જે સુખ અને દુઃખની ભાવનાથી પર આત્મસુખમાં સ્થિર છે તે જ એ રુદન અને હાસ્યમાં રહેલા આનંદનું વિજ્ઞાન સમજી શકે. એવા સંતનું રુદન પણ આત્માની મસ્તી છે, હાસ્ય પણ આત્માની મસ્તી છે અને એ મસ્તીમાં જ તે અલમસ્ત બનીને ફરે છે. મર્યાદાનું એને ભાન નથી. સ્ત્રી, બાળક, પુરુષનું એને ભાન નથી. અભેદભાવે ભમતા એ અલમસ્તને પિછાનવાને પણ અધિકારની જરૂર છે. એવો આત્મારામ સ્વતંત્ર છે. જગતનાં તેને બંધન નથી. જગતની તેને પરવા નથી. પોતાને મન તે એકલો જ છે અને એકાકી બનીને એ અટપટા આત્માનંદસાગરમાં ગોતું લગાવીને રહે છે. ત્યાં જ તેને સાચા આનંદની પ્રાપ્તિ થાય છે. પણ એ સ્થિતિ જેને ગુરુ નથી તેવા

'નુગરા'થી ઓળખી શકાતી નથી, એટલું જ નહીં પણ આનંદ માણવાની ગુરુગમ યુક્તિ ગુરુ વિના અન્ય પાસેથી પ્રાપ્ત કરી શકાતી નથી. શાસ્ત્રોમાં ગુરુની મહત્તાનું વર્ણન કરવામાં આવ્યું છે તેનું આ જ કારણ છે.

શ્રી અવધૂત કહે છે : "કોઈ આત્મારામને નિહાળીને પોતે તો ત્યાં જ સ્તબ્ધ બની જાય છે." અને ખરું પણ એ જ છે. અંશતઃ પણ જેણે એ અવસ્થા પ્રાપ્ત કરી છે તે જ એવા આત્મારામની ઓળખ કરી શકે ! જે જેવો હોય તે તેવાને જાુએ એટલે તેનામાં પોતાનું જ સ્વરૂપ જોઈને તદ્રૂપ બની જાય છે. જીવ અને આત્મામાં એટલો જ ભેદ છે. જ્યાં સુધી જીવભાવ છે ત્યાં સુધી શિવભાવની કલ્પના કરવી વ્યર્થ છે. અને શિવભાવ પ્રાપ્ત કર્યા પછી જીવ શિવરૂપ બની જાય છે. અને તેથી જ ગીતને અંતે શ્રી અવધૂતે કહ્યું :

> **આઝાદ આત્મારામ હૈ, આનંદસાગર અટપટા;**
> **નુગરા પિછાને ક્યા ઉસે? રંગ દેખ વહીં ડટા!!**

એવો સ્વસ્વરૂપમાં સ્થિત, શિવસ્વરૂપને પામેલો આત્મતૃપ્ત, આત્માનંદ, આત્મારામ, આઝાદ—સર્વતંત્રસ્વતંત્ર છે. એને દુનિયાની કોઈપણ મર્યાદાઓ બાંધી શકતી નથી. વિક્ષેપમૂલક સર્વકામનાઓથી છૂટેલો એ અકામ આત્મમસ્ત એ અમર્યાદ આનંદના સાગર જેવો છે. જેના પર સદ્‌ગુરુનો પંજો છે તે જ એ અનંત આનંદસાગરને પ્રીછી શકે છે. સદ્‌ગુરુકૃપા વગર એના દર્શન પણ દુર્લભ છે તો નુગરાને તો એની કલ્પના જ શી રીતે આવે ? અંતે શ્રી અવધૂત કહે છે કે કોઈ પૂર્વપુણ્યે એવા એ અનંત આનંદસાગરને જોઈ 'રંગ' ત્યાં જ ડૂબકી મારી લીન થઈ ગયો, એનું અલગ વ્યક્તિત્વ ભૂલી ગયો અને સર્વાત્મભાવે એ એવો એકરસ થઈ ગયો કે શોધ્યોય જુદો જડે નહીં.



## (૪૪)

(રાગ : ભીમપલાસ, તાલ : ત્રિતાલ)




ભા. - ૩

અંદર ગોતા લગાવ, પ્યારે! ધ્રુ.

બાહેર ઢૂંઢત જનમ ગમાયા, હાથમેં કુછ ના આય;
ફિર ફિર ડૂબત ફિર ફિર નિકસત, મગર મૌત ફિર આય!—પ્યારે. (૧)

ઈસ ભવસાગરમેં એક બંગલા, તીન ખંભ દસ દ્વાર;
સૂક્ષ્મ દસમ નિત બંદ રહે વો, ખોલે બિરલા યાર!—પ્યારે. (૨)

બિના તેલ વહાં હાંડી જલત હૈ, કોટ સૂરજ ઉજિયાર;
દિન રૈના કભુ બૂઝત નાહીં, બૈઠા વહાં કરતાર!—પ્યારે. (૩)

અષ્ટ નાયિકા નિરત કરે વહાં, બાજત નેપુર તાર;
કાન ફેર કર સુને સુભાગી, ઘનન તાલ ઘડયાલ!—પ્યારે. (૪)

પચ્છમ રાહ પકડ કર સીધા, હો પવન પર સ્વાર;
ઊડે અધર અકાસ પર જો, પાવે ઝટ ગુરુદ્વાર!—પ્યારે. (૫)

પહોંચતહિમેં હુઆ નિરાલા, જનમમરણ નિવાર;
રંગ ન દેખે બિન પહિચાને, બાતનમેં કયા સાર?—પ્યારે. (૬)

ફિર તો છૂટા ભટક અટકના, મિલા ઉસીમેં યાર;
બિંદુ સિંધુમેં જ્યોત જ્યોતમેં, "રંગ" એક દરસાય!!—પ્યારે. (૭)

❂

દૃષ્ટિપરિવર્તન વિના આત્મદર્શન શક્ય નથી. સરિતા નીકળે છે, સાગરને મળવા ધસે છે. વૃત્તિઓ અંતરમાંથી ઊપજે છે વિષયોને ભેટવાને. વૃત્તિ અને વિષયો વચ્ચે અંતરાય ઊભો થાય તો, જેમ સરિતાનો સાગર તરફ વહેતો પ્રવાહ અવરોધવાને સાગરસરિતા વચ્ચે બંધ બાંધીએ છીએ તેમ, વૃત્તિઓ અને વિષયો વચ્ચે વૈરાગ્યનો બંધ બાંધીએ તો, જેમ બંધના કારણે સરિતાનો પ્રવાહ બીજી દિશામાં વહેતો થાય તેમ, વૃત્તિઓનો પ્રવાહ વિષયો તરફ અવરોધાશે અને પરમતત્ત્વ તરફ વહેતો થશે. આત્મદર્શન અર્થે બહાર ફાંફાં મારવાં ફોગટ છે. તેનું દર્શન તો અંતરમાં જ થાય છે. અને તેથી શ્રી અવધૂત અહીં આત્મનિમજ્જનની વાતો કરે છે.

શ્રી અવધૂત ક્યાં ડૂબકી મારવાની વાત કરે છે? અંદર અંતરમાં. અંદર એટલે હૃદયમાં. કારણ ? પરમાત્માનું સ્થાન શાસ્ત્રોએ હૃદયમાં નક્કી કર્યું છે.

'सर्वस्यचाहं हृदि संनिविष्टो'

શ્રી ભગવાને કહ્યું,

"हृदि ह्येष आत्मा"

પ્રશ્નોપનિષદમાં કહ્યું,

"प्रणवं हीश्वरं विद्यात्सर्वस्य हृदि संस्थितम्"

માંડૂક્યોપનિષદે કહ્યું, અને

अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा ।
सदा जनानां हृदये संनिविष्टः ॥

શ્વેતાશ્વતર ઉપનિષદે કહ્યું અને એમ વેદ ઉપનિષદ આદિમાં પરમતત્ત્વનું સ્થાન હૃદય નિશ્ચિત કરવામાં આવ્યું. શું પરમાત્મા હૃદયમાં જ રહે છે? ના, પરમાત્મા તો સર્વવ્યાપક છે. જ્યાં જ્યાં આકાશ છે ત્યાં ત્યાં જેમ વાયુ સભર છે તેમ પરમાત્મા પણ સભર છે, અને જ્યાં અવકાશ નથી ત્યાં પણ અણુરેણુપરમાણુમાં એ પરમતત્ત્વ રહેલું જ છે. પણ હૃદયની ગૂઢ ગુફામાં એ અચૂક છે એવું અનુભવી આત્મદર્શીઓનું શાસ્ત્રોક્ત કથન મિથ્યા નથી. અને તેથી તેને જોવાને તો અંતરના ઊંડાણમાં જ ડૂબકી મારવી રહી. મોતી ભરેલી છીપ શોધવા માટે તો સાગરના તળિયામાં જ ડૂબકી મારવી રહી. સાગરના પેટ પર નાચતા તરંગોમાં ફાંફાં મારીએ તો મોતી મળી શકતાં નથી તેમ જગતમાં બાહ્ય દૃષ્ટિએ જોઈએ તો સ્થૂળમાં રહેલો સૂક્ષ્મ પરમાત્મા પ્રાપ્ત ન કરી શકાય. જો કે પિંડબ્રહ્માંડમાં એ પરમતેજ પ્રકાશે છે પણ, જેમ ઘરમાંનું અંધારું દૂર કરવાને દીવડો જ સળગાવવો પડે તેમ, હૃદયમાં રહેલો પરમાત્મા જોવો હોય તો તેની ફરતે રહેલું માયાનું આવરણ એટલે અંધકાર દૂર કરવા માટે, આત્મજ્ઞાનરૂપી દીપક પ્રગટાવવો જ પડે. અહીં શ્રી અવધૂતે આપણને અંતરમાં ડૂબી જવાની વાત કેમ કરી? વિષયપરાયણ વૃત્તિને બ્રહ્મપરાયણ કરવા માટે. ઈન્દ્રિયો બહાર જુએ છે. તેમને જગત જણાય છે. જો તે અંદર જુએ તો તેમને પ્રભુના દર્શન થાય. અને તેથી

'અંદર ગોતા લગાવ'

કહીને સાધકને પ્રેમપૂર્વક પરમાત્માના નિશ્ચિત સ્થાન પર પહોંચાડવાને શ્રી અવધૂતે સીધો માર્ગ ચીંધ્યો છે.

વિષયો વિષ જેવા છે. બ્રહ્મ અમૃત છે. વિષયોની વિષૈલી અસર દૂર થાય તો એ વિષયોમાં પણ રહેલી બ્રહ્મની અમૃતની અસર એ વિષઃપાન કરનારને પણ અમર જ બનાવે. પ્રસંગવશાત્ શ્રી અવધૂતે કહ્યું : "જગતમાં વિષ જેવું કશું જ નથી. કેવળ દૃષ્ટિભેદ છે. પરમાત્મા અમૃત છે અને અમૃતમાં વિષનું અસ્તિત્વ શક્ય નથી. વિષ અને અમૃતનો ભેદ પાડનાર મન છે. મનમાંથી જો એ વિષવૃત્તિ ટળી જાય તો જગતમાં સર્વત્ર અમૃત જ ફેલાયલું છે."



અંતરમાં ડૂબકી મારવા માટે સાધકે શું કરવું ઘટે? નવીન નિશાળિયો

જેમ બારાખડી ઘૂંટીને ક્રમશઃ આગળ વધતો જાય છે, જેમ તરતાં શીખતો એકદમ સાગરમાં ડૂબકી મારી શકતો નથી. પહેલાં ધીમેધીમે પોતાના હાથપગ હલાવતાં શીખે છે, પછી ધીમેધીમે તરતાં શીખે છે અને છેવટે ડૂબકી મારતાં શીખી જ્યારે કુશળ તરવૈયો બને છે, ત્યારે તે સાગરનું માપ કાઢવા હિંમતભેર સાગરને તળિયે પહોંચી જાય છે. સાધકે પણ તે જ રીતે અંતરના ઊંડાણમાં ડૂબકી મારતાં પહેલાં ક્રમશઃ સાગરની સપાટી પર તરતાં શીખવું જોઈએ.

સરિતા પર્વતમાંથી નીકળે છે તેમ વૃત્તિઓ ચિત્તમાંથી સર્જાય છે. સરિતા સાગર તરફ વહે છે તેમ વૃત્તિઓ વિષયો તરફ વહે છે. સરિતા અને સાગર વચ્ચે બંધ બાંધવાથી સરિતાનું વહેણ બદલાય છે તેમ વૃત્તિઓ અને વિષયો વચ્ચે વૈરાગ્યનો બંધ બાંધવાથી વૃત્તિઓનું વહેણ બદલાય છે. એ વૃત્તિઓ ઇન્દ્રિયોને પ્રોત્સાહન આપે છે. ઇન્દ્રિયો વૃત્તિઓને પોષે છે. એમ વૃત્તિઓ અને ઇન્દ્રિયોનો પરસ્પર સંબંધ થતાં એ ઉભય દ્વારા જીવ વિષયો ભોગવે છે. કેવળ ઇન્દ્રિયો પણ એકલી વિષયોપભોગ કરી શકતી નથી. ઇન્દ્રિયોને વૃત્તિઓનું બળ મળે છે ત્યારે જ ઇન્દ્રિયોની જડતાને ચેતન પ્રાપ્ત થાય છે અને તે ચેતન દ્વારા ઇન્દ્રિયો શબ્દ, સ્પર્શ રૂપ, રસ, ગંધનું જીવને સેવન કરાવે છે. એ વિષયોના સેવનમાં ઇન્દ્રિયો તો કેવળ નિમિત્ત છે. એ વિષયસેવનનો આનંદ તો જીવ જ માણે છે અને તેથી જ શાસ્ત્રકારોએ ચિત્તથી વૃત્તિઓનો નિરોધ કરવાનો આદેશ આપ્યો છે. પ્રથમ તો ઇન્દ્રિયો અને તેના વિષયોને સંકેલી લેવાની જરૂર છે. જેમ કાચબો પોતાની ઇન્દ્રિયોને પોતાની પીઠના ઓથામાં ચારે બાજુથી આવરી લઈને નિર્ભયપણે રહે છે તેમ સાધક જ્યારે ઇન્દ્રિયોને પોતાના કાબૂમાં લે છે એટલે ઇન્દ્રિયનિગ્રહ કરી વિષયો તરફ જતી ઇન્દ્રિયોને વૃત્તિ દ્વારા જે આકર્ષણ થાય છે તેને ચારે બાજુએથી કાબૂમાં લઈ લે છે ત્યારે તેની બહિર્મુખ વૃત્તિને અંતર્મુખ થવાનું સ્થાન મળે છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

વિષયો અને વૃત્તિઓ એ બેની વચ્ચે વૈરાગ્યનો બંધ બાંધવાથી વૃત્તિઓની નજરે વિષયોને બદલે હવે વૈરાગ્ય ચઢે છે. વૈરાગ્યના પ્રભાવ આગળ વૃત્તિને વિષયો ઝાંખા જણાય છે અને તેથી ક્રમશઃ વિષયો પ્રત્યેનો તેનો મોહ ઓછો થતો જાય છે. જેમ સમુદ્રમાં તરંગમાળા સતત આવ્યા જ કરે છે તેમ વૃત્તિઓ પણ સતત સરજાતી જ રહે છે. પણ જ્યારે વૈરાગ્ય દ્વારા વિષયોની અનિશ્ચિતતાનો ખ્યાલ આવે છે ત્યારે તે વૃત્તિઓ વિષયોના અભાવે પરમાત્મા તરફ ઢળતી જાય છે. એટલે ધીમેધીમે વૃત્તિઓનું અને તેની સાથે જ ઇન્દ્રિયોનું વહેણ વિષયોને બદલે






પરમાત્મપ્રતિ વહેતું થાય છે. વિષયોમાં પણ તેને પરમાત્માના સ્વરૂપની જ ઝાંખી થાય છે અને એમ થતાં બાહ્ય જગત પણ પરમાત્મામય છે એમ લાગવા માંડે છે. બાહ્ય જગત પરમાત્માનું જ સ્વરૂપ છે એવી પ્રતીતિ થવા છતાં જ્યારે તેને એ જગતમાં પરમાત્માની અનુભૂતિ થતી નથી ત્યારે તેને પરમાત્મદર્શનની તાલાવેલી લાગે છે. વિષયો હાથમાંથી છટકી ગયા, વૃત્તિઓ પણ છટકી ગઈ અને ઇન્દ્રિયો પણ બેકાબૂ બની જવાથી હવે જીવ અકળાય છે. જીવને રાચવાનાં બધાંય સાધનો તેની પાસેથી છીનવાઈ જાય ત્યારે, જેમ બાળક પાસેથી આનંદના સાધનરૂપ રમકડાં છીનવી લેવાય ત્યારે તે હતાશ થઈ રોવાનું શરૂ કરે છે તેમ, જીવ પણ આકળવિકળ થાય. શ્રી અવધૂત કહે છે તેમ

"આંખ ચોળી રડે જીવ હારી"

વિષયોનો આનંદ ગયો અને પરમાનંદની ઉષાનાં દર્શન પણ થતાં નથી. હવે શું કરવું ? જીવ જ્યારે પોતાને એવો પ્રશ્ન કરે છે ત્યારે તેવા જિજ્ઞાસુને શ્રી અવધૂત કહે છે :

'અંદર ગોતા લગાવ'

'પ્યારે અંદર ગોતા લગાવ.'

'અકળાય છે શા સારું? જીવ, અંતરના ઊંડાણમાં જો. સાગરના તળિયામાં ડૂબકી માર. તારો મિત્ર ત્યાં તારી રાહ જુએ છે, કારણ કે

"બાહેર ઢૂંઢત જનમ ગમાયા, હાથમેં કુછ ન આય;"
"ફિર ફિર ડૂબત ફિર ફિર નિકસત, મગર મૌત ફિર આય!"

અંતરયામી પ્રભુને શોધવામાં તો જીવન વ્યતીત કર્યું પણ હાથમાં કાંઈ ના'વ્યું અને અંતે મૃત્યુરૂપ મગરનો ગ્રાસ બન્યો. એવા અનેક જન્મ ગયા. જન્મ્યો, મર્યો, અને એમ જન્મતાં અને મરતાં થાક્યો છતાંય પત્તો ન લાગ્યો ત્યારે નિરાશ થયેલા જીવને શ્રી અવધૂતે અંદર ડૂબકી મારવાનો માર્ગ બતાવ્યો.

અનેક જન્મના પુણ્યસંચયના પ્રભાવે 'હું કોણ છું' એ જાણવાની એક જન્મે જીવને જિજ્ઞાસા થઈ. પણ કોને પૂછે? 'હું કોણ છું' એમ બીજાને પૂછવા જાય તો બીજો તેને હસે. પાગલમાં ગણી કાઢે. 'અલ્યા તારી ઓળખ બીજો કોણ આપે?' તારી ઓળખ તો તું જ બીજાને આપ ને !' જીવે પછી જગતમાં શોધવા માંડ્યું. 'મારા જેવા જણાતા બધા કોણ છે ?' ઉત્તર ન મળ્યો. જીવને ન સમજાયું. પછી જીવે સ્થૂળ જગત તરફ મીટ માંડી. ઝાડ, પાન, પહાડ, પાષાણ, પશુ, પક્ષી, કીટ, પતંગ આદિ ચરઅચરને પૂછ્યું. જવાબ ન મળ્યો, પણ કોણ કહે? એ તો બધાંય મરણધર્મા છે. અમરની ઓળખ મરણધર્મા ક્યાંથી આપે? જીવે શરીર તરફ મીટ માંડી. 'જે શરીરમાં હું રહું છું તે શરીર હું છું' એમ જીવને જણાયું. અને તેથી 'હું દેહ છું' એવું સમાધાન કરી જીવ એ દેહરૂપ

બન્યો. ના, ના, દેહ જ પોતે બન્યો. દેહના વિકારો દ્વંદ્વો અને તેથી થતા હર્ષ અને શોકનો તે ભોક્તા બન્યો. દેહના ઉત્કર્ષ અને અધ:પતનનો તે ભોક્તા બન્યો. અનેકવિધ કર્મોનો એ કર્તા બન્યો અને આમ અન્નમય કોષનો અનુભવ લેતો રહ્યો.

સમય જતાં પોતાના જેવાં જ બીજાં અનેક શરીર નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય બની એણે પડતાં જોયાં, તેને ભસ્મ થતાં જોયાં. એને વિચાર થયો : 'મારું શરીર – હું પણ આવો જ છું? મારી પણ આ જ દશા?' અને એને લાગ્યું કે, 'ના, ના. આ શરીર જો હું હોઉં તો 'મારું શરીર' એવો શબ્દપ્રયોગ સંભવિત નથી. જ્યારે મને કોઈ પૂછે : 'તું કોણ છે?' હું જવાબ આપું છું : 'હું' અને મારા હૃદય પર હું હાથ મૂકું છું. એ હૃદય જ મારું નિવાસસ્થાન છે. 'જે શરીર છે તે હું નથી.' આમ એનો સ્થૂળદેહનો મોહ કાંઈક ઓસર્યો. એ વિચારવમળે ચઢ્યો.



પ્રાણ વડે દેહનું અસ્તિત્વ છે અને તેથી 'હું પ્રાણ છું' એમ એને જણાયું. પણ ના, એ પ્રાણ પણ 'મારા' પ્રાણ છે. મન તરફ નજર કરી. 'મન પણ મારું છે' અને એમ પંચકોષનો એણે વિચાર કર્યો પણ પોતાને એ બધાયથી ભિન્ન જોયો, અનુભવ્યો. ત્યારે 'હું કોણ?' વળી એ જ પ્રશ્ન ઉપસ્થિત થયો. ઉત્તર ન મળ્યો. એ અકળાયો. 'હું અને મારાં' 'તું અને તારાં'ના મોહપાશમાંથી નાસી છૂટ્યો. વન વગડે ભટક્યો, પહાડની કંદરામાં ભરાયો, પણ સાથે સર્વાનર્થકારી મન તો ખરું જ ને ! તેણે એનો સંગ ન છોડ્યો. એ મન એને ફરીફરીને વિષયોના વિષચક્ર તરફ ઘસડી જવા લાગ્યું. એ એમ કરતાં કરતાં 'કેડમાં છોકરું ને હાટમાં શોધવા નીકળેલી માતાનાં જેવા એના હાલ થયા. એને પોતે કોણ છે એનો પત્તો ન લાગ્યો. અને મન કાંઈ એને જંપીને બેસવા ન દે. એટલે પોતાની ખોજ કરતાં એનો જન્મ પૂરો થયો અને શ્રી અવધૂતે કહ્યું :

**'બાહેર ઢૂંઢત જનમ ગવાયા હાથમે કુછ ના આય'**

અંતે હાથ પસારી પ્રારબ્ધની જેટલી પૂંજી સાથે લાવ્યો હતો તેટલી ખરચાઈ ગઈ અને ખાલી હાથે જે દેહ 'હું છું' એમ કહ્યું તે દેહનો રાખનો ઢગલો પોતાની પાછળ પડ્યો રહેવા દઈ એ તો ચાલ્યો ગયો. એક દેહની આવરદાની દોરી તૂટી અને બીજા દેહની આવરદાની દોરીના વળ ચઢવા લાગ્યા. કર્મના અવશેષ રહેલા પ્રારબ્ધના ભોગ ભોગવવા અન્ય જન્મ થયો. એમ એ જન્મમરણની રહેંટમાળના ચક્ર પ્રમાણે જન્મમરણના ફેરા ખાતો થયો. પરમતત્ત્વને બહાર શોધવામાં એના બધાય જન્મ એળે ગયા. આમ અનેક જન્મો વીત્યા છતાંય જ્યારે ''હું કોણ છું'' એ જાણવાની એની જિજ્ઞાસા અધૂરી જ રહી ત્યારે એના આત્મસ્વરૂપના જ્ઞાન અર્થેના શુદ્ધ અને ભાવનાભર્યા પ્રયાસને પરિણામે એને કોક ભોમિયો મળ્યો. તેણે કહ્યું :

"અંદર ગોતા લગાવ, પ્યારે અંદર ગોતા લગાવ."
અને એ અવાજ એના કાને અથડાયો. એને વિચાર આવ્યો
અંદર....અંદર....અંદર....

અંદર ક્યાં? નથી જાણતો નાથ ! અંદર ક્યાં ? બાહ્ય જગતમાં ભટક્યો પણ હું 'મને' પામ્યો નહીં. ''મરણશરણ નિત થાતો વહાલા, ભૂલ્યો માર્ગ બતાવ!'' અને હતાશ થયેલા એ જીવને આશ્વાસન મળ્યું. શ્રી અવધૂતે એ ભવભવ ભટકતા ભૂલેલા જીવને માર્ગ બતાવ્યો. સાંભળ :

''ઈસ ભવસાગરમેં એક બંગલા, તીન ખંબ દસ દ્વાર;''
''સૂક્ષ્મ દસમ નિત બંધ રહે વો, ખોલે બિરલા યાર!''

અંદર ગોતું ક્યાં મારવું તેની પ્રસ્તાવનારૂપે શ્રી અવધૂતે કહ્યું કે, આ ભવસાગરમાં એક બંગલો છે. એ બંગલાને ત્રણ સ્તંભ છે અને દશ દ્વાર છે. એ દશ દ્વારમાં નવ દ્વાર તો નિત ખુલ્લાં જ છે. દશમું દ્વાર નિત બંધ રહે છે. એ દશમદ્વાર ખોલનાર તો કોક વિરલો જ છે.

એ ભોમિયાએ શું કહ્યું ? શરીરને અહીં બંગલાની ઉપમા આપી છે. એ બંગલો ક્યાં છે ? ભવસાગરમાં. ભવ એટલે સંસાર. સંસારને સાગરની ઉપમા આપી છે. સાગરમાં જેમ ભરતીઓટ આવે છે તેમ મનુષ્યજીવનમાં પણ સુખદુઃખની ભરતીઓટ આવી આવીને શરીરરૂપી બંગલા સાથે અથડાય છે. સંસારરૂપી સાગરમાં મનુષ્યનું જીવન એક નૌકા જેવું છે. સાગરતરંગ પર તરતું નાવડું જેમ વાયુના ઝકોરાથી આમ તેમ ઝોલાં ખાય છે તેમ માનવજીવન પણ ભવસાગરમાં ડોલાં ખાય છે અને અંતે ડૂબી જાય છે. શરીરના જન્મમરણનું કારણ કર્મ છે. કર્મના અભાવે જન્મ નથી. શરીરરૂપી બંગલો જલાગરમાં બાંધનાર કુશળ કારીગરને એ બંગલો બાંધવા માટે આજકાલનાં યાંત્રિક સાધનોની આવશ્યકતા નથી. અને તેથી એ બંગલો કર્મરૂપી ખડગ ઉપર એ કુશળ કારીગરે બાંધ્યો છે. એ બંગલો પણ કેટલો વિચિત્ર છે? એ બંગલાને ત્રણ સ્થંભ છે. બીજા બંગલાઓને ટકાવી રાખવાને પાયાની અને દીવાલોની જરૂર છે ત્યારે આ બંગલો માત્ર ત્રણ સ્થંભ ઉપર જ ઊભેલો છે. એ ત્રણ સ્થંભ કયા ? સત્ત્વ, રજસ્ અને તમસ્. જગત એ માયાનું કાર્ય છે. ગુણો એ માયાના આધારસ્થંભ છે, તેમ એ શરીરના પણ આધારસ્થંભ છે. એ ગુણોનો નિવાસ ચિત્તમાં છે. અને તેથી ચિત્ત દ્વારા જગતનું ચિંતન થાય છે. મકાનને ટેકવી રાખવાને જેમ સ્થંભની જરૂર છે તેમ શરીરને ટકાવી રાખવાને એ ત્રણે ગુણોની જરૂર છે. એ ત્રણ આધારસ્થંભ વિના શરીરનો નિર્વાહ નથી તેમજ વ્યવહાર પણ નભી શકતો નથી. શરીરને શાસ્ત્રોએ ગુણમય કહ્યું છે. શરીરનું બહારનું માળખું એટલે સ્થૂળભાગ. જો કે પંચમહાભૂતનો બનેલો છે તો પણ તેનું આંતરિક માળખું તો ગુણોના આધાર ઉપર જ ટકેલું રહે છે. સૂક્ષ્મ અને લિંગ શરીર એ ત્રણ ગુણો






ઉપર રચાયેલાં છે. તેનો નિર્વાહ પણ એ ત્રણ ગુણો વડે જ છે. તેથી અહીં શ્રી અવધૂતે શરીરરૂપી બંગલાના આધારસ્થંભ તરીકે ત્રણ ગુણનો ઉલ્લેખ કર્યો છે.

શરીરના જે ધર્મો છે, શારીરિક વ્યવહાર છે અને શરીરનાં સૂક્ષ્મ કરણ છે તે, એ ત્રણ ગુણને અવલંબીને જ રહેલાં હોવાથી એ ત્રણ ગુણો શરીરના સ્થંભ છે. કોઈ પણ શરીર એ ત્રણ સ્થંભો વિના ટકી શકતું નથી. એ ત્રણ ગુણો ઓછાવધતા પ્રમાણમાં દરેક શરીરમાં હોય જ છે. ગુણો એટલે સ્વભાવ. એ સ્વભાવ ત્રિગુણાત્મક છે. જે સમયે એ શરીરમાં જે ગુણનું પ્રાધાન્ય હોય તે સમયે તે મનુષ્યનો સ્વભાવ તેને અનુસરતો હોય છે. 'માનસિક શાંતિ અને જિતેન્દ્રિયતા આદિ સત્ત્વગુણના દ્યોતક છે, કામનાનું પ્રાબલ્ય જેમાં વધારે પ્રમાણમાં હોય તે રજોગુણી છે અને ક્રોધ, હિંસા આદિ વૃત્તિ જેમાં પ્રાધાન્ય ભોગવતી હોય તે તામસ્ પ્રકૃતિનોન્તમોગુણી છે.' એવું શ્રી ભગવાને કહ્યું છે. આમ ત્રણ ગુણના આધારે જ આ શરીર ટકેલું હોવાથી એ ત્રણ ગુણ આ શરીરના આધારસ્થંભ છે. શ્રી અવધૂતનું આ વર્ણન શાસ્ત્રસંમત છે.

બીજું શું છે ? દશ દ્વાર. બે આંખ, બે કાન, બે નાક અને મુખ એ સાત દ્વાર ઉપરનાં છે અને ઉપસ્થ અને પાયુ એ નીચેનાં બે દ્વારો છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં શરીરને પુરની ઉપમા આપી છે અને ત્યાં

नवद्वारे पुरे देही हंसो लेलायते बहिः ।
वशी सर्वस्य लोकस्य स्थावरस्य चरस्य च ॥

''સંપૂર્ણ સ્થાવરજંગમ જગતનો સ્વામી આ હંસ દેહાભિમાની બનીને નવ દ્વારવાળા પુરમાં બાહ્ય વિષયોને ગ્રહણ કરવાની ચેષ્ટા કરે છે.'' એ પ્રમાણે કહ્યું છે. એ નવદ્વારો સદાય મોકળાં જ છે પણ દશમદ્વાર જેને બ્રહ્મરન્ધ્ર કહેવામાં આવે છે તે સૂક્ષ્મદ્વાર છે અને તે સદાય બંધ જ રહે છે. એ દ્વાર ઉઘાડવાની શક્તિ બધામાં રહેલી નથી. કોક વિરલો જ એ દ્વારને ઉઘાડીને અંદર પ્રવેશ કરવાને શક્તિશાળી બને છે. એ દશમું દ્વાર ક્યાં છે? એને ખોલનાર કોણ? એ દ્વાર ક્યાં છે તે જે જાણે છે તે એ જાણ્યા છતાંય તેને ઉઘાડવાને શક્તિમાન થતો નથી. કારણકે એ દ્વાર ઉઘાડતાં જ પોતે પોતાને ભૂલી જાય છે. એના ''कोऽहम्'' પ્રશ્નનો ઉત્તર એને ત્યાં જ મળી જાય છે. અને એ ''सोऽहम्'' કહેતો થઈ જાય છે. એ દ્વાર ખુલતાં જ એના હૃદયની ગ્રંથિઓ ભેદાઈ જાય છે, છિન્નભિન્ન થઈ જાય છે અને સંશય માત્ર રહેતા નથી. તેનાં કર્મોનો પણ ક્ષય થઈ જાય છે અને પરમતત્ત્વનાં દર્શન કરીને તે કૃતકૃત્ય થઈ જાય છે, તેમાં જ મળી જાય છે. પણ એવાં સદ્‌ભાગ્ય કોનાં કે તે એ દ્વાર ખોલી શકે ? હશે. આગળ ચાલીએ. આપણે પણ કોક જન્મે ગુરુકૃપાએ એ દ્વાર ખોલવાને સદ્‌ભાગી થઈશું. સાધક, અકળાવાની જરૂર નથી. જીવનમાં એવું એકે

કાર્ય નથી કે જે શ્રદ્ધા અને ધીરજના આધારે અસંભવિત હોય. જેના જીવનમાં શ્રદ્ધા અને ધીરજે ઘર કર્યું છે તે કોઈ દિવસ નિરાશ થતો નથી. તેને કોઈ પણ કાર્ય અશક્ય જણાતું નથી. લાખો વાર નિરાશ થતો માનવી એ જ શ્રદ્ધા અને ધીરજ ધારીને પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. તું અને હું પણ એ જ પરમતેજની ચિનગારીઓ જ છીએ અને કો કાળે એ ચિનગારી એ પરમતેજરૂપી અગ્નિમાં મળી જશે એ નિઃશંક છે. ધીરજનાં ફળ મીઠાં છે. ચાલો, આગળ શ્રી અવધૂત શું કહે છે તે જોઈએ. અહીં પણ એ ગુરુગમ જ્ઞાન શ્રી અવધૂતે ગુપ્ત જ રાખ્યું છે. રાખે જ ને ! અધિકાર ક્યાં છે ? પાત્ર બનશો તો જ પાત્રતા આવશે. વાસણ હશે તો જ ઘી ભરાશે. વાસણ જ નહીં હોય તો ઘી શેમાં લેશો ? પાત્ર બન્યા વિના જ પાત્રતાની આશા કેમ રાખી શકાય ? સાધક બનીને સાધન કર્યા વિના જ સાધ્યની પ્રાપ્તિ કેમ કરી શકાય ?

હવે દશમદ્વાર ઉઘાડનાર કોક વિરલો જ્યારે એ દ્વાર ઉઘાડીને બંગલામાં પ્રવેશ કરે ત્યારે તેને ત્યાં શું જણાય? આ વાતો કેવળ ગપગોળા નથી. શાસ્ત્રોએ પરમતેજના સ્વરૂપનો સંકેતરૂપે ઉલ્લેખ કર્યો છે, દ્રષ્ટાઓએ પણ એનો ઉલ્લેખ કર્યો છે અને શ્રી અવધૂતે આત્માનુભવે પણ એ જ વર્ણન કર્યું છે. શ્રી અવધૂત કહે છે :

**"બિના તેલ વહાં હંડી જલત હૈ, કોટ સૂરજ ઉજિયાર;'**
**"દિન રૈના કબુ બૂઝત નાહીં, બૈઠા વહાં કરતાર !"**

નિરાકાર પરમાત્માનું વર્ણન શક્ય નથી. જેણે એ તત્ત્વ પ્રાપ્ત કરી તેનો અનુભવ કર્યો છે તે એ તત્ત્વનું વર્ણન કરી શકતા નથી. વૈખરીનો એ વિષય નથી એટલે ઉપનિષદ આદિ શાસ્ત્રગ્રંથોમાં એ પરમતત્ત્વનું સંકેતરૂપે જ વર્ણન કર્યું છે. આદિત્યવર્ણ અને અંધકારથી પર એ પરમતત્ત્વ છે. એ તત્ત્વ આગળ સૂર્ય ઝાંખો પડે છે. ચંદ્ર, તારા અને ઘરના દીપકનો ત્યાં હિસાબ નથી. અગ્નિ પણ એ તેજ આગળ ઝંખવાઈ જાય છે. ત્યાં પ્રકાશ છે. એ દશમદ્વાર જ્યારે ઊઘડે છે ત્યારે એ પ્રકાશમાં એકસામટા કરોડો સૂર્યોનું તેજ પણ ઢંકાઈ જાય છે. એટલે જ એ તેજ સ્વતંત્ર છે. એ તેજને બીજા તેજનો આધાર નથી. એ તેજના અંબાર સમો દિવ્યદીપક કોઈ પણ જાતના તેલ વિના જ પ્રકાશે છે. સર્વ પ્રકાશનો આધાર જ જ્યાં સ્વયં પ્રકાશી રહ્યો છે ત્યાં તેને પ્રકાશના સાધન જેવાં કે તેલ, દિવેટની જરૂર નથી. એ તેજ-એ પરમપ્રકાશ વડે જ તો સૂર્ય, ચંદ્ર, તારા પ્રકાશે છે. અગ્નિ એ તેજ વડે જ પ્રકાશે છે. અને એ દીપક કેવો છે? દિન અને રાત કોઈ પણ વખતે એ દીપક બુઝાતો નથી. અરે એ દીપક બુઝાય તો સમસ્ત સંસારના જીવનો અસ્ત થાય. અને એવા એ તેજોમય સ્થાનમાં પરમતેજરૂપે જ વહાલો વિરાજે છે. શ્રી ભગવાને એ પરમધામનું વર્ણન સ્વમુખે જ કર્યું છે





न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

"તેને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ પ્રકાશિત કરી શકતાં નથી. જ્યાં જઈને જ્ઞાનીઓ સંસારમાં પાછા આવતા નથી તે મારું શ્રેષ્ઠધામ છે." અને એવા એ પરમધામમાં પહોંચેલો જીવ એ તેજમાં જ સમાઈ જાય છે. જીવ એ પરમાત્માનો જ તેજોમય અંશ છે. અંશ અને અંશીના ધર્મ ભિન્ન હોવાનો સંભવ નથી. જ્યારે એક દીપકને બીજા દીપક સાથે મેળવી દઈએ ત્યારે બન્ને દીપકનો પ્રકાશ એકરૂપ જ બની જાય છે. એ અભેદ પ્રકાશનો ભેદ પાડવો શક્ય નથી. એ જ વાત અહીં શ્રી અવધૂત આ સ્વરૂપે કહે છે પ્રભુ પણ તેજનો અંબાર છે. તેના તેજે જ એ હૃદયકપાટ પણ તેજસ્વી છે. જીવ અને શિવ વચ્ચેનું અજ્ઞાનનું આવરણ ટળી જતાં સ્વપ્રકાશ શિવ સાથે જીવનું ઐક્ય થઈ જાય છે. પછી જીવશિવનો ભેદ જ રહેતો નથી. અને તેથી જ આત્મતત્ત્વ પણ ત્યાં પહોંચતાં જ તેજોમય હોવાથી, જેમ પાણી પાણીમાં ભળી જાય છે તેમ, તેજ તેજમાં સમાઈ જાય છે અને પછી તો સર્વત્ર કેવળ વહાલાનું તેજ જ પ્રકાશે છે. અન્ય કશું જ જણાતું નથી. અને તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે :

"ब्रह्मविद् ब्रह्मैव भवति"

પ્રસંગવશાત્ એક ભક્તે શ્રી અવધૂતને કહ્યું : "ગ્યાસતેલના ડબ્બા તો ઘણા છે પણ દીવાસળી નથી તે આપો તો કૃપા થાય." શ્રી અવધૂતે કહ્યું : "દીવાસળી તો હવાઈ જશે, પણ દીવે દીવો પ્રકટાવો એટલે બસ." મનુષ્યો ગ્યાસતેલના ડબ્બા જેવા અજ્ઞાની છે. તેને ચેતન લાવવાને, જેમ દીવો સળગાવવાને દીવાસળીની જરૂર છે તેમ, એક ચિનગારીની જરૂર પડે, પણ જો એક દીવો સળગતો હોય તો તે દીવે જ બીજો દીવો પ્રકટાવી શકાય છે, તેમ એવા કોઈ બ્રહ્મવિદ્ બ્રહ્મ બનેલા સંત સાધકને પ્રાપ્ત થાય તો તેનો આત્મદીપ પ્રકટાવવાને સાધનની જરૂર નથી. એ બ્રહ્મનો સ્પર્શ થતાં જ તે બ્રહ્મસ્વરૂપ બની જાય છે. પારસનો સ્પર્શ જ લોહને સુવર્ણ બનાવે છે.

એ અખંડ પ્રકાશિત દીપકના તેજે ઝળહળતા એ પરમધામમાં સાધક બીજું શું જુએ છે તેનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

**"અષ્ટ નાયિકા નિરત કરે વહાં, બાજત નૈપુર તાર;"**
**"કાન ફેર કર સુને સુભાગી, ધનન તાલ ઘડચાલ!"**

એ પરમધામમાં નૃત્ય કરનારી અષ્ટ નાયિકા કોણ?

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥

શ્રી ભગવાને પ્રકૃતિના આઠ ભેદ પાડ્યા છે. પંચમહાભૂતો, મન, બુદ્ધિ અને અહંકાર. એ આઠ તત્ત્વો પ્રભુની પ્રકૃતિમાંથી નીપજેલા કહ્યા






છે. જ્યાં આગળ પરમાત્મા પોતે જ બિરાજે છે ત્યાં એ અષ્ટધાવિભક્ત પ્રકૃતિ પણ નૃત્ય કરે છે એવો ભાવ લેવાને અહીં હરકત નથી. પ્રકૃતિ પુરુષની દાસી છે. પુરુષના આધારે જ જીવતી પ્રકૃતિ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાને પુરુષને રીઝવે એ સ્વાભાવિક છે. નૃત્ય એ રીઝવવાના અનેક પ્રકારો પૈકીનો એક છે. પ્રકૃતિ પુરુષને આધીન છે એમ પણ કહી શકાય. અને તેથી જ્યારે પ્રકૃતિ પુરુષ સન્મુખ ઊભી હોય ત્યારે તે પુરુષને પોતાનો કરી લેવાને અનેકવિધ પ્રયાસો કરે એ સ્વાભાવિક છે.

હવે એ અષ્ટનાયિકાનો આપણે બીજી રીતે વિચાર કરીએ. પ્રભુને પામવાનાં અનેકવિધ સાધનોમાં કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ એ મુખ્ય સાધનો છે. એ બધાંય સાધનોમાં ચિત્તનિરોધ અને ચિત્તશુદ્ધિ અથવા સત્ત્વશુદ્ધિ એ આવશ્યક અંગો છે. ચિત્તશુદ્ધિ અથવા સત્ત્વશુદ્ધિ અર્થે અષ્ટાંગયોગની આવશ્યક્તા ઉપર શાસ્ત્રોએ ભાર મૂક્યો છે. પ્રાણનિરોધ એ અષ્ટાંગયોગનું મુખ્ય સાધન છે. પ્રાણનિરોધ અર્થે યમ, નિયમ, આસન વગેરે આવશ્યક છે. એ ત્રણ અંગો સિદ્ધ કર્યા પછી પ્રાણાયામ દ્વારા પ્રાણનિરોધ કરીને પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ સુધીનાં આઠે અંગો સમાપ્ત થાય છે. તેના પરિણામે સમાધિકાળમાં સાધકને બ્રહ્મદર્શન થાય છે. બ્રહ્મદર્શન થતાં પહેલાં અજ્ઞાનનો નાશ થાય છે. જ્ઞાનદીવડો ઊજવે છે અને તેના પ્રકાશમાં જીવશિવનો ભેદ ટળી જાય છે. અષ્ટાંગયોગ દ્વારા આત્મસાક્ષાત્કાર પછી એ યોગનાં આઠે અંગો આધીન બની જાય છે. અને તેથી એ આઠ અંગોને પણ અષ્ટનાયિકા તરીકે ગણી લઈએ તો હરકત નથી.

બીજી રીતે વિચાર કરીએ તો પ્રભુપરાયણતાને પંથે પ્રવાસ કરતા પથિકના અંતરમાં જ્યારે તેનું હૃદય ભાવોન્મત્ત બની જાય ત્યારે આઠ ભાવોનો ઉદય થાય છે. હાસ્ય, રુદન, કંપ, રોમાંચ આદિ એ અષ્ટભાવ પણ પરમાત્મદર્શનને અંતે લુપ્ત થઈ જાય છે. અને તે પણ દાસીપેરે ભક્તને આધીન પ્રભુના દરબારમાં નૃત્ય કરતા હોય એમ લેખી શકાય. યોગમાર્ગના સાધકને યોગસિદ્ધિના પરિણામે આઠ મહાસિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. પરમાત્માના અંશસ્વરૂપ જીવને જ્યારે પોતાનાં જ દર્શન થાય છે ત્યારે એ આઠે સિદ્ધિઓ પણ તેની દાસી બની જાય છે. અહીં શ્રી અવધૂતે આપેલું વર્ણન યોગમાર્ગને અનુસરતું જણાય છે. એટલે એ અષ્ટ મહાસિદ્ધિઓને જ અહીં નૃત્ય કરતી વર્ણવી હોય એ શક્ય છે. શ્રી અવધૂતે અન્યત્ર

**દાસી સિદ્ધિ તેની થાય....**

એવું પણ કહ્યું છે. એ નૃત્યમાં

બાજત નેપુર તાર


એમ શ્રી અવધૂતે કહ્યું છે.

અષ્ટનાયિકાનાં નૃત્ય સાથે તેને ત્યાં નેપુરના ઝણકારનો ધ્વનિ

સંભળાય છે, તે જાણે એ અષ્ટનાયિકાના પગના ઝાંઝરનો ઝણકાર હોય એમ તેને જણાય છે. એ ઝાંઝરનો ઝણકાર જાણે તંબૂરાના તારનો એકધારો મંજુલ ધ્વનિ હોય એવો તેને ભાસ થાય છે. એ છે પરા વાણીમાંથી નીકળતો અનહદ નાદ. વળી તાલ અને ઘડયાલના ધ્વનિ પણ નીકળતા સંભળાય છે. આ બધાય ધ્વનિઓ યોગમાર્ગમાં આગળ વધેલાને સંભળાય છે એવું શાસ્ત્રનું કથન છે. અહીં દશમદ્વાર ઊઘડતાં જ જ્યારે આત્મા અને પરમાત્માનું મિલન થાય છે ત્યારે જેમ પ્રિયતમા પ્રિયતમનું મિલન થતાં જ ઉભયનું આંતરિક ઐક્ય થઈ જાય છે અને ત્યારે અંતરના ઊંડાણમાંથી નીકળતા અનેકવિધ ભાવનો અનુભવ થાય છે તેમ, સાધક યોગમાર્ગે જ્યારે યોગની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે તેને જે અનેકવિધ અનુભવ થાય છે તેનું શ્રી અવધૂતે સ્વાનુભવયુક્ત આલેખન કર્યું છે. પણ એ બધું બાહ્ય નાદ સાંભળવાના કાનથી સાંભળી શકાતું નથી. એને માટે તો કાનનું પરિવર્તન થવું જોઈએ. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

**"કાન ફેરકર સુને સુભાગી"**

જેમ પરમાત્માનાં દર્શન અર્થે દષ્ટિપરિવર્તનની જરૂર છે તેમ એ દૈવીધ્વનિ શ્રવણ કરવા માટે કર્ણપરાવર્તનની જરૂર છે. અને એ કર્ણ પરિવર્તન બધાય માટે સુલભ નથી. કોક સુભાગી જેણે દશમદ્વારનું બંધ કપાટ ખોલ્યું છે તે જ એ ધ્વનિ શ્રવણ કરી શકે છે. અંતરમાં ઉદ્ભવતા એ **"ઘનન તાલ ઘડયાલ"**ના અને નૂપુરના ધ્વનિ બાહ્યકર્ણની મર્યાદા બહારના છે. અને તેથી તેને માટે તો કાન ફેરવી લેવાનો એટલે અંતરના કર્ણનો જ વિકાસ થવો આવશ્યક છે. આ બધા ધ્વનિઓ યોગમાર્ગે દશમદ્વાર ભેદનાર યોગીને જ સંભળાય છે. બાહ્યશબ્દ સાથે એટલે વૈખરી સાથે એ ધ્વનિઓને સંબંધ નથી. એ ધ્વનિ પરાવાણીના છે અને તેથી અંતરમાં જ શ્રવણ કરી શકાય છે. અહીં શ્રી અવધૂતે એ દશમદ્વાર ભેદીને આત્મદર્શન સમયે પોતાને થયેલા અનુભવનું શબ્દચિત્ર આલેખ્યું છે. કહેવું સહેલું છે, કરવું મુશ્કેલ છે અને તેના કરતાં પણ એનો અનુભવ કરવો વધુ વિકટ છે. એ જ વાત શ્રી અવધૂત આગળ કહે છે. એ દશમ સૂક્ષ્મદ્વારે પહોંચવાનો માર્ગ પણ અહીં શ્રી અવધૂત સાધકને બતાવે છે.

**"પચ્છમ રાહ પકડકર સીધા, હો પવન પર સ્વાર;"**
**ઊડે અધર અકાસા પર જો, પામે ઝટ ગુરુદ્વાર !"**

આ સાધન યોગમાર્ગનું છે એમ અહીં આપણને સ્પષ્ટ સમજાય છે. યોગમાર્ગે પ્રાણનિરોધ કરીને આજ્ઞાચક્ર સુધીનાં છ ચક્રોનો ભેદ કરીને જે આગળ વધે છે તેને જ એ અનુભવ થાય છે.

મનુષ્યના શરીરમાં મુખ્ય એક સો નાડીઓ છે. એ પ્રત્યેક નાડીમાંથી સો સો શાખાઓ નીકળે છે અને તે દરેકમાંથી બોતેર બોતેર હજાર પ્રતિ શાખાઓ-નાડીઓ નીકળે છે એવું શાસ્ત્ર અને ઉપનિષદનું કથન છે. એ






બધીય નાડીઓનું સ્થાન હૃદય છે. એ હૃદયમાં જ "આત્મા" વિરાજમાન છે. સમસ્ત શરીરને આવરી લેતી એ બધીય નાડીઓ હૃદયમાંથી નીકળતી અંતે તો હૃદયમાં જ વિરામ પામે છે. અને ત્યાંથી જ બળ પામીને પોતાનો પ્રવાસ પણ કરતી રહે છે. શરીરમાં એ નાડીઓ દ્વારા રક્તનું અભિસરણ થાય છે. એ નાડીઓમાં પણ મુખ્યત્વે ત્રણ નાડીઓ છે. ઈડા, પિંગલા અને સુષુમ્ના. એ પૈકી ઈડા અને પિંગલાને ચંદ્ર અને સૂર્ય નાડી પણ કહેવામાં આવે છે. અહીં શ્રી અવધૂતે પવન પર સવાર થવાની વાત કરી છે તેથી તેનો પણ થોડો વિચાર કરીશું.

પવન પર સવાર થવું એટલે શું? પ્રાણનિરોધ કરનાર સાધકે મુખ્યત્વે પ્રાણ અને અપાન પર વિજય મેળવવો રહ્યો. એ વિજય મેળવવા માટે શાસ્ત્રોક્ત રીતે ગુરુએ બતાવેલી પ્રણાલિકાને અનુસરીને પ્રાણાયામ કરી, પ્રથમ તો નાડી શુદ્ધ કરવી પડે એટલે નાડી શુદ્ધિનો થોડો વિચાર કરીએ.

મુખ્ય પ્રાણના પાંચ પ્રકારો છે. પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન. જેમ એક રાજા પોતાના રાજ્યના ભિન્નભિન્ન પ્રદેશો માટે ભિન્ન ભિન્ન અધિકારીઓની નિમણૂક કરે છે તેમ આત્માની છાયારૂપ એ મુખ્ય પ્રાણ પણ એ પંચધા વિભક્ત પ્રાણને શરીરના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં રહેવાની આજ્ઞા કરે છે. એ આજ્ઞાનુસાર પ્રાણ મુખ અને નાસિકામાંથી નીકળે છે અને કાન અને આંખમાં રહે છે. એમ પ્રાણને રહેવાનાં મુખ, નાક, કાન અને આંખ એ ચાર સ્થાનો છે. અપાનને પાયુ અને ઉપસ્થમાં એ મહાપ્રાણ નિયુક્ત કરે છે. એટલે અપાનને રહેવાનું સ્થાન પાયુ અને ઉપસ્થ છે. સમાનવાયુ મધ્ય પ્રદેશમાં રહે છે. અને તે અન્નને સમભાવથી સમસ્ત શરીરમાં લઈ જાય છે. ઉપર કહ્યું તેમ હૃદયસ્થાનમાંથી નીકળેલી મુખ્ય એક સો નાડીઓ અને તેની તમામ શાખા-પ્રશાખાઓને વ્યાન સચેત કરે છે. એ વ્યાન સમસ્ત શરીરમાં નાડીઓ દ્વારા વ્યાપક હોવાથી તેને વ્યાન કહેવામાં આવ્યો છે. આ બધી નાડીઓમાં જે સુષુમ્ના નામની નાડીનો ઉપર નિર્દેશ કર્યો છે તે નાડીમાં ઉદાન વાયુનો વાસ છે. તેની ઊર્ધ્વગતિ છે.

આ બધી નાડીઓની શુદ્ધિ અર્થે એ પંચપ્રાણ પર પણ વિજય મેળવવો આવશ્યક છે. જેમજેમ એ નાડીઓ શુદ્ધ થતી જાય છે તેમતેમ ઉપર કહેલા વિવિધ પ્રકારના નાદો સાધકને સંભળાતા જાય છે. પ્રકાશ જણાય છે, શરીર હલકું થતું જણાય છે અને એ રીતે યોગક્રિયાની પ્રાથમિક સિદ્ધિઓ સાધકને હાથ આવે છે. જ્યારે પ્રાણ અને અપાન પર સાધકને સંપૂર્ણ રીતે વિજય પ્રાપ્ત થાય છે ત્યારે તે મૂળાધારથી આરંભી આજ્ઞાચક્ર સુધીનાં પાંચ ચક્રો જે શરીરમાં રહેલાં છે તેને ભેદવાનું કામ ચાલે છે અને એ ચક્રોને ક્રમશઃ ભેદતો જીવ સૂક્ષ્મ અને લિંગદેહ સહિત આજ્ઞાચક્ર જે બે આંખોની વચ્ચેના પ્રદેશમાં આવેલું છે ત્યાં આવી થંભી જાય છે.






અહીં પ્રાણ, અપાન, સમાનનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે. પવન પર સવારી કરીને સાધક આજ્ઞાચક્ર સુધી આવી પહોંચે છે ત્યાં સુધી પણ તેના માર્ગમાં આડે આવતાં અનેક વિઘ્નો તે વિદારી શકે છે. ઈડા અને પિંગળા એટલે સૂર્ય અને ચંદ્ર નાડીઓનું કાર્ય પણ અહીં સમાપ્ત થાય છે. અને સુષુમ્નાનું કાર્યક્ષેત્ર શરૂ થાય છે. સમાનવાયુ સમભાવે સમગ્ર શરીરમાં વિતરણ કરનાર અધિકારી હોવાથી અહીં તેનું કાર્યક્ષેત્ર પણ પૂર્ણ થાય છે. અને ઉદાનનું ક્ષેત્ર શરૂ થાય છે. એ ઉદાન સુષુમ્ના નાડીમાં નિવાસ કરે છે એમ આગળ કહ્યું છે. પ્રાણ, અપાન અને સમાનના ક્ષેત્રમાંથી સૂક્ષ્મ અને લિંગદેહ સહિત જીવ હવે આજ્ઞાચક્રમાં, ઉદાન વાયુના ક્ષેત્રમાં સુષુમ્ના નાડી દ્વારા પ્રવેશ કરવાનો ઉદ્યોગ આદરે છે. ઉદાન વાયુ એ સૂક્ષ્મ અને લિંગદેહ સહિત જીવને ઊર્ધ્વ ગતિએ લઈ જવાનું કાર્ય કરે છે. એ સુષુમ્ના સમસ્ત બ્રહ્માંડ એટલે મનુષ્યના મસ્તકના સંપૂર્ણ ભાગને આવરી લઈ શાસ્ત્રમાં જેને ''બ્રહ્મરન્ધ્ર'' અથવા ''સહસ્રદલ'' કહ્યું છે તેમાં ફરતી ફરતી હૃદયાકાશમાં જ્યાં આત્મા બિરાજે છે

''हृदिह्येष आत्मा''

ત્યાં જીવને તેના સૂક્ષ્મ અને લિંગદેહ સહિત લઈને જીવને શિવનાં દર્શન કરાવે છે. અને ત્યારે જ એ શિવ– એ આત્મા કોટિ સૂર્યના અજવાળાંવાળા પ્રદેશમાં વસતા જીવને જણાય છે અને સમગ્ર શરીરમાં ફરી ફરીને જીવ પણ પાછો પોતાને જ ઘેર આવેલો જણાય છે. પણ ત્યારે વચ્ચેનો અંધકારનો-અજ્ઞાનનો પડદો અસ્તગત થયેલો હોવાથી જીવ પોતાને ભૂલી જઈને પોતાના જ શિવસ્વરૂપમાં ભળી જાય છે. પ્રકાશ પ્રકાશમાં ભળી જાય છે. એ જ જીવની મુક્તિ છે. એ જ એનો અંતિમ આરો છે. અહીં જ એને મોક્ષ પ્રાપ્ત થતો હોવાથી આવાગમન મટી જાય છે અને એ જ સ્થળને શ્રી અવધૂત 'ગુરુદ્વાર' કહે છે. અધર આકાશ એટલે ઊર્ધ્વગતિ. ઊંચે અવકાશમાં ઊડવું તે. આ તો યોગસાધનાની પરાકાષ્ઠા છે. ઘણાય સાધકો કેવળ આજ્ઞાચક્ર સુધી આવીને જ અટકી જાય છે. ત્યાં સિદ્ધિની જાદુગીરી શરૂ થાય છે અને લોકૈષણાનું ભૂત મનમાં જાગ્રત થાય છે ત્યારે 'હું સિદ્ધ છું' એમ માની સાધક પોતાની બધીય કમાણી ધૂળમાં ભેળવી દે છે. શ્રી અવધૂત ત્યાં અટકવાનું કહેતા નથી. એ સાક્ષાત્કાર નથી, એ મુક્તિ નથી. એ જ્ઞાનાવસ્થા નથી. એ તો અધૂરી મજલે ફસાયા જેવું છે. સિદ્ધિની સ્થિતિને પ્રાપ્ત કર્યા પછી કૃતકૃત્ય થયો એમ માનનાર ભૂલમાં પડેલા સાધકને આ ભોમિયો 'દિલ્હી દૂર હૈ' કહીને ચેતવણી આપે છે. તેને સાવચેત કરી આગળ જવાનો માર્ગ બતાવે છે. 'પશ્ચિમ દ્વાર' એટલે પાછળનો માર્ગ. એ માર્ગ ઊર્ધ્વગતિએ પ્રયાણ કરતી સુષુમ્નાનો છે. તેનો અહીં નિર્દેશ કર્યો છે. આ બે પંક્તિઓનો વિસ્તાર તો કોઈ યોગવિશારદ હોય તે જ યથાસ્થિત કરી શકે. આ તો બિન અનુભવીનું પ્રેરિત વિધાન છે.






આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે.

"પહોંચતહિમે હુવા નિરાલા, જનમમરણ નિવાર;"
રંગ ન દેખે બિન પહિચાને, બાતનમે ક્યા સાર.

એ રીતે લિંગદેહ સહિત જીવ જ્યારે હૃદયાકાશની ગૂઢગુફામાં રહેલા પરમજ્યોતિ સ્વરૂપ આત્મતત્ત્વની સમક્ષ પહોંચે છે ત્યારે તે જીવ જીવ રહેતો નથી. જેમ લગ્ન સમયે પતિ અને પત્ની વચ્ચેનું અંતરપટ ખેંચી લેવામાં આવે છે ત્યારે પતિપત્ની પરસ્પર જુએ છે તેમ જીવ અને આત્મા વચ્ચેનો અજ્ઞાનનો અંતરપટ આ રીતે સંકેલાઈ જાય છે ત્યારે જીવ આત્માને જુએ છે. શ્રી અવધૂત કહે છે :

"પહોંચતહિ મે હુવા નિરાલા"

આત્માને જોતાં જ જીવ જુદો જ બની જાય છે. વાસનાઓનો ક્ષય થાય છે. પંચપ્રાણનું પણ ત્યાં સામ્રાજ્ય રહેતું નથી અને કેવળ આત્મતત્ત્વ સાથે જ તેની સંધિ થાય છે. પરસ્પર ઓતપ્રોત બની જાય છે. ભિન્ન જણાતા એ અભિન્ન બની જાય છે અને એટલે જ એ જીવ મટીને શિવ બની જાય છે. પછી તે આપ્તકામ બનેલા જીવને કોઈ પણ કામના રહેતી નથી, અને નિષ્કામ જીવને આગળ કહ્યું તેમ, જન્મ અને મૃત્યુના ફેરા રહેતા નથી. આત્મદર્શનની સ્થિતિનો અનુભવ કર્યા વિના એનો મર્મ કળી શકાતો નથી. તેથી શ્રી અવધૂત કહે છે તેમ અનુભવ વિનાના એ વાણીવિલાસમાં

બાતનમેં ક્યા સાર ?

શું સાર છે ? આત્મદર્શી મહાનુભાવને તો આ સ્થિતિ સહજ લાગે છે પણ બીજાઓથી તો એનો મર્મ કળી શકાતો નથી. અને તેથી જ યોગમાર્ગ કપરો કહ્યો છે. જેમ પર્વત પર ચઢવા માટે થોડે સુધી તો પગથિયાં હોય છે એટલે સુગમ પડે છે, પણ જ્યારે છેવટની ટેકરી હોય, ચઢાણ તદ્દન સીધું હોય, પગથી પણ ન હોય ત્યારે ચઢનારને જેમ કપરું લાગે છે તેમ અહીં પણ આજ્ઞાચક્ર સુધી આવેલા સાધકને પાછલે માર્ગે એ ત્રિકૂટ પર ચઢવું અને વિજયધ્વજ ફરકાવવો કપરો લાગે છે. જો સદ્‌ગુરુ સમર્થ હોય તો તેને એ પણ સહેલો થઈ પડે છે. અસ્તુ.

ત્યાં પહોંચ્યા પછીની સ્થિતિનું શ્રી અવધૂતભાખ્યું વર્ણન પણ કેટલું સુંદર છે ?

"ફિર તો છૂટા ભટક અટકના, મિલા ઉસીમેં ધાર;"
"બિંદુ સિંધુમેં જ્યોત જ્યોતમેં, રંગ એક દરસાય !!"

પછી તો અહીંતહીં ભટકવાનું પણ મટી જાય છે. આત્મતત્ત્વને શોધવા માટે પછી ફાંફાં મારવાનાં રહેતાં નથી. અંદર ગોથું મારી સાગરને તળિયે પહોંચેલાને પછી મોતી શોધવા જવું પડતું નથી. જનમમરણના ફેરામાં પડવાનું પણ પછી રહેતું નથી. પછી તો આત્મતૃપ્ત, આપ્તકામ

બનીને કેવળ પ્રારબ્ધવશ શરીર જેમ ચાલે તેમ ચાલવાનું અને પ્રારબ્ધના ભોગ ક્ષીણ થયે પોતે પોતાનામાં જ સમાઈ જવાનું રહે છે. આત્મા પરમાત્માના ઐક્યનું, અંશ અને અંશીના ઐક્યનું આ પરિણામ છે. જ્યાં ભેદ જ રહેતો નથી ત્યાં જીવ અને શિવની પિછાન પણ રહેતી નથી. અને તેથી, જેમ એક પાણીનું બિંદુ સાગરમાં પડતાં જ સાગરરૂપ બની વિરાટ સ્વરૂપ ધારણ કરે છે અને શોધ્યુંયે જડતું નથી, અથવા એક જ્યોત બીજી જ્યોત સાથે ભળીને એકરૂપ બની જતાં અભિન્ન બની જાય છે તેમ, જીવ અને શિવ એકરૂપ બની જાય છે. જીવનાં માનેલાં બંધનોથી જીવ મુક્ત બની જાય છે. જીવની એ જ મુક્તિ છે. માનવજન્મની પણ એમાં જ સાર્થકતા છે. આમ અંદર ગોતું લગાવીને જીવ આત્મારૂપ મોતીની પ્રાપ્તિ કરે છે. અને ત્યારે જ તેને "કોઽહમ્"નો ઉત્તર "સોઽહમ્"થી મળે છે.

સમગ્ર ભજનનો સાર એટલો જ છે કે પરમાત્માને શોધવા માટે બહાર ફાંફાં મારવાની જરૂર નથી. પરમાત્માનું સ્થાન પોતાના હૃદયમાં જ છે અને ત્યાં જ તેને શોધવા માટે યોગ, જ્ઞાન કે ભક્તિની પ્રણાલિકા દ્વારા મનુષ્યે પ્રયાસ કરવો જરૂરનો છે.

(૪૫)

અબ તો લહર મરનકી આઈ, સાધો ક્યા જીનેસે નવાઈ !! ધ્રુ.
આજ તલક જીયે ના જીયે, ખાયે ખત્તે ભાઈ;
આશપાશ સબ ટૂટે અબલૂ, સુરતા ગોલી ચલાઈ !—અબ તો. (૧)
ગયા બાલપન ગઈ જવાની, બુરા બૂઢાપા લાઈ;
જોશહોશ સબ ઊડ ગયે અબ, નફર નિરાશ છવાઈ !—અબ તો. (૨)
નાચત દેખા જમરા નંગા, દૂરસે મસ્તી ચલાઈ;
છોડ આશ તન ભયા ઉદાસા, સુસ્તી ઉસકી ઉડાઈ !—અબ તો. (૩)
લગી ભૂખ તબ ખાયા દર્દા, શ્વાસા નીર પિલાઈ;
જાગ સ્વપન નિદ્રા તજ દીની, શાશ્વત શાંતિ મિલાઈ !—અબ તો. (૪)
માયાકા તો કિયા બિછૌના, સોહં ચદ્દર છાઈ;
શ્વાસકાસ દબા કર સીધા, નૈનાં દ્વૈત મીંચાઈ !—અબ તો. (૫)
જ્ઞાનજહર આપે પી લીના, જગ ઝંઝાટ ભૂલાઈ;
બનકે મુરદા પરે ચૌકમેં, રંગ જીવ ઊડ જાઈ !!અબ તો. (૬)

ૐ

મૃત્યુ ! કેટલો ભયજનક શબ્દ છે ! શબ્દ ભયજનક નથી પણ એ શબ્દના ઓથમાં રહેલા પરિણામની બુદ્ધિયુક્ત કલ્પના ભયજનક છે. મૃત્યુઘંટનો નાદ સાંભળીને શૂરવીરનાં કાળજાં પણ કમકમી ઊઠે છે. મૃત્યુની ભીષણતાની કલ્પનામાત્ર માનવને કંપાયમાન કરે છે. આશાને તાંતણે જીવન જીવતો માનવી મૃત્યુના વિચાર માત્રથી જ આકળો બની જાય છે. સંતો તો મૃત્યુનું પણ મૃત્યુ જોવાને સર્જાયેલા છે. સંતો તો મરીને જીવનારા છે. અને શ્રી અવધૂતે તો ગાયું પણ છે :

"મરી તો ગયું રે મૃત્યુ મરી તો ગયું."

જગતને જ્યારે જીવન જીવવાની લહર આવે છે, જીવન જીવવાની આશા છે અને તેથી જ્યારે મૃત્યુની કલ્પના માત્રથી જ ભયાકુલ બની જાય છે ત્યારે શ્રી અવધૂતને એ મૃત્યુની લહર આવે છે. એ મૃત્યુમાં એને આનંદનાં દર્શન થાય છે. શરીર જર્જરિત બની જાય, ઇન્દ્રિયો શિથિલ બની જાય, તોયે જીવન જીવવાની આશા ન છૂટે એવું આ જગત છે. એવા જગતને મરવાનું મન નથી ત્યારે શ્રી અવધૂતને મરણની લહર આવે છે. મૃત્યુનો એ તરંગ બધાને કેમ આવતો નથી ? કેટલું વિચિત્ર છે ? કેટલું વિપરીત છે ? પણ અવધૂતના રાહ જ જગતના રાહથી ન્યારા છે. જગતને જ્યાં પ્રકાશ જણાય છે ત્યાં અવધૂતને અંધકાર જણાય છે. અવધૂતના એ મારગ શૂરાના છે. એણે ખાંડાની ધારપર જીવન જીવવાનું

છે. ખાંડાની ધારે લડવાનું છે. ખાંડું જો પગ પર પડે તો પગ કપાય અને ખાંડા પર પગ પડે તોય પગ કપાય. જગતને કોટે વળગાડો તો પણ મૃત્યુ છે અને જગત કોટે વળગે તો પણ મૃત્યુ છે. જ્યારે જગતથી મુક્ત થવાય ત્યારે મૃત્યુ ટળે. જગતને જો જીવવાની લહર આવે તો અવધૂતને મરણની લહર આવે એમાં આશ્ચર્ય પણ શું ?

પણ મૃત્યુમાં એવી શી ભીષણતા છે કે જગત તેનું નામ સાંભળતાં જ ભયભીત બની જાય છે ? અવિદ્યાના યોગે અનિત્યમાં-અનાત્મમાં આત્મભાવયુક્ત બનેલા જીવને દેહમાં અહંતા છે અને દેહના સંબંધીઓમાં મમતા છે. એ અહંતા અને મમતાયુક્ત જીવની કલુષિત બુદ્ધિ સત્ય આત્માનો સ્પર્શ કરી શકતી નથી અને તેના પરિણામે તેની મમતા અને અહંતા છૂટતી નથી, તેથી તે મૃત્યુનું નામ સાંભળીને જ કમકમી ઊઠે છે.

વસ્તુતઃ મૃત્યુ જેવું કશું જ નથી. શ્રી ભગવાને અર્જુનને તેના મોહના નિવારણ અર્થે મૃત્યુનું સ્વરૂપ સમજાવતાં કહ્યું :

> वासांसि जीर्णानि यथा विहाय
> नवानि गृह्णाति नरोऽपराणि ।
> तथा शरीराणि विहाय जीर्णा-
> न्यन्यानि संयाति नवानि देही ॥

"મનુષ્ય જેમ જૂનાં વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ દેહધારીઆત્મા જૂનાં શરીરનો ત્યાગ કરીને નવાં શરીરને પામે છે." એને જ મૃત્યુ કહેવામાં આવે છે. જૂનાં વસ્ત્રોનું વિસર્જન કરીને નવાં વસ્ત્રો ધારણ કરીએ ત્યારે જૂનાં વસ્ત્રોનું મૃત્યુ અને નવાં વસ્ત્રોનો જન્મ. અને એ મૃત્યુ તો સહજ છે. જેનો જન્મ છે તેનું મૃત્યુ તો જન્મની સાથે જ નિર્મિત છે.

> जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

એવો નિસર્ગનો અબાધિત નિયમ છે. અને એ નિયમને ટાળવાને તો કોઈ સમર્થ નથી. પછી એ મૃત્યુનો આટલો ભય શા સારુ ? જે સત્ય નથી, જે કેવળ કલ્પના જ છે તેનાથી આટલો ભય શા સારુ ? રજ્જુ પડી છે તેમાં સર્પ એ કેવળ કલ્પના છે. અને તે કલ્પનાથી જ માનવી ધ્રૂજી ઊઠે છે, તેમ મૃત્યુ એ કેવળ કલ્પના જ છે અને તે કલ્પનાથી, જેમ સર્પમાં અનેક પ્રકારની ભીષણતાઓની કલ્પના કરીને માનવી છળી ઊઠે છે તેમ, મૃત્યુથી માનવી છળી ઊઠે છે. પણ તેથી મૃત્યુ હોય તો તે ટાળવાની અહંતા અને મમતાયુક્ત માનવીની શક્તિ નથી. જૂનાં વસ્ત્રો જીવનભર કોઈ શરીર પર ધારણ કરી શકતું નથી. કોક દિ પણ નવાં વસ્ત્રો પહેરવાં તો પડશે જ. જ્યારે ફાટશે, સાવ જર્જરિત બની જશે ત્યારે અથવા જ્યારે અતિશય મલિન બની જશે, દુર્ગંધથી શરીર પર ધારણ કરવાનું પણ મન નહીં થાય ત્યારે નવાં વસ્ત્રો તો પહેરવાં જ પડશે. તેમ જ્યારે શરીરનું પ્રારબ્ધ ક્ષીણ






થશે ત્યારે એ શરીર તો છૂટી જવાનું જ છે. નવું પ્રારબ્ધ ભોગવવાને જીવે બીજું શરીર ધારણ કરવાનું જ છે તો પછી એક દિવસ એ પરિસ્થિતિ જ્યારે નિશ્ચિત છે ત્યારે તેને માટે આટલી બધી આકળવિકળતા શા સારું ! અને કોણ મરતું નથી ? આગળ કહ્યું છે તેમ જે જન્મ્યું છે તે તો મરવા માટે જ જન્મ્યું છે, તો પછી મરણથી ડરવું શા સારું ? જે ધીરપુરુષ છે તે સદાસર્વદા મૃત્યુ માટે એકપગ થઈ રહેલો હોય છે. અને તેથીજ જેમ જીવન આનંદથી વિતાવ્યું તેમ મૃત્યુને પણ આનંદથી ભેટવું એ જ સાચું જીવન છે. અને તેથી જ શ્રી અવધૂતને જેવી જીવનની આનંદમય લહર છે તેવી જ મૃત્યુની પણ આનંદમય લહર છે.

અને મૃત્યુ એટલે ? પરિવર્તન. એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવું એનું નામ પરિવર્તન. બીજ મરે તો વૃક્ષ થાય. બાલ્ય મરે તો યૌવન આવે. યૌવન મરે તો વૃદ્ધાવસ્થા જન્મે. દેહ મરે તો બીજો દેહ ધારણ થાય. આમ પ્રત્યેક પરિસ્થિતિના મૃત્યુથી અન્ય પરિસ્થિતિનો જન્મ થાય. અને તેથી અવસ્થાનું પરિવર્તન એ જ મૃત્યુ. સર્જન અને શરીરનું પ્રત્યેક ક્ષણે નિરીક્ષણ કરશો તો જણાશે કે તેમાં પળપળ પરિવર્તન થતું જ આવે છે. પ્રકૃતિ સ્થિર રહી શકતી નથી. અને તેથી સરજન અને શરીર પ્રત્યેક પળે મરે છે અને જન્મે છે. મૃત્યુનો આ મર્મ સમજે તેને મૃત્યુની લહર આવે તેમાં શી નવાઈ ? સરિતાનાં પાણી વહેતાં જણાય છે પણ જે પાણી જોયું તે જ પાણી બીજી પળે વહીને ચાલ્યું જશે અને ત્યાં નવું પાણી આવશે. પણ જ્ઞાનના અને વિચારના અભાવે આપણે એ સૂક્ષ્મ પરિવર્તનને જોઈ શકતા નથી અને પાણીને જ જોઈએ છીએ. તેમ શરીરને જ જોવાની ટેવ પડેલી હોવાથી, શરીરના પરિવર્તનને આપણે જોઈ શકતા નથી.

અને શરીર તો પ્રત્યેક પળે મરતું જ જાય છે. એની ગતિ જ મૃત્યુ તરફ છે. મરણધર્માં શરીર અમર છે એમ કહેનારા પણ અંતે તો કાળના જડબામાં જઈ પડ્યા છે. બાળક જન્મે છે ત્યારથી જેમજેમ સમય જતો જાય છે તેમતેમ તે મૃત્યુ તરફ જ ઘસડાતો જાય છે અને એક દિવસ સૂક્ષ્મ શરીરસહ પ્રારબ્ધ પૂરું થતાં જીવ એ શરીરને છોડીને બીજું શરીર ધારણ કરે છે. જેમ ઘાસનો કીડો એક તણખલાને છોડતાં પહેલાં બીજા તણખલા પર પગભર થાય છે તેમ જીવ એક શરીરને છોડે તે પહેલાં બીજા શરીરની યોજના એને માટે તૈયાર જ હોય છે. ભાડાનું ઘર ખાલી કરતાં પહેલાં, જેમ આપણે બીજા ઘરની તજવીજ કરીને પછી જ પહેલું ઘર ખાલી કરીએ છીએ તેમ જીવ પણ એક શરીરનો ત્યાગ કરતાં પહેલાં બીજું શરીર નક્કી જ કરી રાખે છે. જીવ નક્કી કરતો નથી પણ તેનું પ્રારબ્ધ તેને તે શરીરમાં જવાની પ્રેરણા કરે છે. અને પ્રારબ્ધવશ જે બીજું શરીર તેને માટે નિર્માણ થયું હોય તેમાં તે પ્રવેશ કરે છે. આ બધાં કારણે મૃત્યુનો ભય અસ્થાને છે, પણ મૂઢ માનવી એ વાતને નહીં

માને. અને તેથી જ તે મૃત્યુભયથી માર્યોમાર્યો ફરે છે.

અને એ મૃત્યુ કોનું ? જીવ તો પરમાત્માનો અંશ છે અને તેથી ચેતનસ્વરૂપ અવિનાશી છે, એટલે તેનું મૃત્યુ તો શક્ય નથી. અને તેથી જ શ્રી ભગવાને અર્જુનને પણ એ જ બોધ કર્યો છે. અને કઠોપનિષદકારે પણ એ જ વાત કહી છે.

न जायते म्रियते वा विपश्चित् ।
नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥

"આ મેધાવી આત્મા ઉત્પન્ન થતો નથી. મરતો નથી. કોઈ અન્ય કારણથી પણ એ નવો ઉત્પન્ન થતો નથી. એ અજન્મા, સદા વર્તમાન, શાશ્વત-સદા રહેવાવાળો અને પુરાતન છે. તે શરીરના મૃત્યુથી સ્વયં મરતો નથી."

જીવ નથી જન્મતો કે નથી મરતો. મરે છે તે પણ શરીર અને જન્મે છે તે પણ શરીર. જગતને તો મરણધર્મા શરીર સાથે સંબંધ છે. મરણધર્મા શરીરમાં જ તો જગતને મોહ અને મમતા છે. અવધૂતને એ મરણધર્મા શરીર સાથે તાત્ત્વિક દૃષ્ટિએ કાંઈ સંબંધ પણ નથી અને એ શરીરમાં એને મોહ કે મમતા પણ નથી. અવધૂતને તો એ દેહ સાથે કેવળ ભાડૂતનો જ સંબંધ છે. અને તેથી એ દેહ મરે તોય શું અને ન મરે તોય શું ? એને મન ઉભય સ્થિતિ સમાન છે. વિશાળ આકાશમાં સ્વચ્છંદવિહાર કરતાં પંખીડાંને પિંજરમાં પુરાઈ રહેવું કેમ ગમે ? જેનો જીવભાવ ટળ્યો છે, આત્મભાવ મળ્યો છે, અરે, 'अहमात्मा' એ ભાવ જ જેણે પ્રાપ્ત કર્યો છે તેને આ દેહમાં જ ગોંધાઈ રહેવું કેમ ગમે ? અને તેથી જો શરીર મરી જાય તો પણ શિવસ્વરૂપને શો શોક થાય ? અને મોહ પણ શું રહે ? શરીર મરે છે તેથી જીવ મરતો નથી. કરણી કરીને પ્રારબ્ધ ક્ષીણ થતાં જો જીવ પોતાનું સત્યસ્વરૂપ પ્રાપ્ત કરી લે તો પછી તેને સમસ્ત વિશ્વ પોતાનું જ શરીર છે, અને સાચું જીવન પણ એ જ છે. જે જીવનમાં મૃત્યુ નથી તે સાચું જીવન શાશ્વતપદની પ્રાપ્તિ કરવાથી જ પ્રાપ્ત થાય છે. અને ત્યારે એક નાનકડા શરીરનો ત્યાગ કરીને વિશાળ શરીરમાં જ વિચરવાનું રહે છે. અને જ્યારે વિરાટવિશ્વ જ તેનો દેહ બની જાય છે ત્યારે

अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥

"શરીરમાં શરીરરહિત અને અનિત્યમાં નિત્યસ્વરૂપ છે તે મહાન સર્વવ્યાપક આત્માને જાણીને બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી."

અને જ્યારે અવધૂતને મરણની લહર આવી છે ત્યારે તે શબ્દોના ગર્ભમાં રહેલી શ્રી અવધૂતની આત્મસ્થિત અવસ્થાનું જ આપણને ભાન થાય છે એમાં નવાઈ નથી. મને કે તમને તો એ મૃત્યુ ભયંકર લાગે છે






પણ શ્રી અવધૂતને એ મૃત્યુ ભયંકર લાગતું નથી. એથી વિપરીત શરીર છે ત્યાં સુધી સ્થૂળરૂપે રહેલાં શરીરનાં બંધનો પણ એને અકળાવે છે. અને ત્યારે જ એ સ્થૂળ શરીરનો ત્યાગ કરવાની અને પરમતત્ત્વ પેરે વ્યાપક રહેવાની જ્ઞાનાવસ્થિત આનંદની લહેર એને આવે એમાં શી નવાઈ ?

વસ્તુતઃ તો જે આત્મા અશબ્દ છે, અસ્પર્શ છે, અરૂપ, અવ્યય અને રસહીન છે, નિત્ય અને ગંધરહિત છે, જે અનાદિ, અનંત, મહત્તત્ત્વથી પણ પર અને ધ્રુવ છે તે આત્મતત્ત્વને જાણનાર પુરુષ મૃત્યુના મુખમાંથી મુક્ત થાય છે. આપણે શ્રી અવધૂતના આ શબ્દોનો વિચાર કરીએ ત્યારે આપણને શ્રી અવધૂતની બ્રાહ્મીસ્થિતિનો ઝાંખો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. અને તેથી આ શબ્દો બોલતાં એને જરાય આંચકો આવે એ સંભવિત નથી. શ્રી અવધૂત કોક વાર કહે છે તેમ 'મરતાં છતાં એ અખંડ જીવતો જ છે અને જીવતો છતાં દેહભાવે મરેલો જ છે.' અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"અબતો લહર મરનકી આઈ,
સાધો ક્યા જીનેસે નવાઈ !!"

આ જ શબ્દો અથવા એ જ ભાવ વ્યક્ત કરતા શબ્દો આપણે સંસારમાં રચ્યાપચ્યા રહેલા માનવીઓના મુખમાંથી નીકળતા સાંભળીએ છીએ. અને એ જ શબ્દો આપણે સ્થિતપ્રજ્ઞના મુખમાંથી પણ નીકળતા સાંભળીએ છીએ. એક માત્ર હોઠમાંથી નીકળે છે, બીજો હૈયામાંથી નીકળે છે. એક ક્લેશયુક્ત વાણી છે, બીજી વૈરાગ્યયુક્ત વાણી છે. શબ્દો એકના એક જ છે પણ સ્થિત્યંતરના પરિણામે ભાવાર્થ ભિન્ન છે.

શ્રી અવધૂતે કહ્યું :

'ક્યા જીનેસે નવાઈ,'

આપણી આગળ બે દૃશ્યો છે. એક સંસારયુક્તનું અને બીજું સંસારમુક્તનું. સંસારયુક્ત કહે છે : 'જીવવાની શી નવાઈ છે ?' અને સંસારમુક્ત પણ કહે છે : "જીવવાની શી નવાઈ છે ?"

સંસારયુક્તને જીવવાની હોંશ છે, પણ જ્યારે તેની એ હોંશ ઊડી જાય છે, જ્યાં ત્યાં જગતમાં નિરાશા સિવાય બીજો અનુભવ જ થતો નથી, ત્યારે સર્વ રીતે તે નિરાશ થાય છે અને જીવનથી કંટાળીને કહે છે "જીવવાની શી નવાઈ છે ?"

સંસારમુક્તને જીવન જીવવાની હોંશ નથી કારણકે આત્મોપલબ્ધિ પછી તેને કશું જ મેળવવાનું નથી. અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ.

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥



'જે મનુષ્ય આત્મામાં જ પ્રીતિવાળો છે, આત્મામાં જ તૃપ્ત છે અને આત્મામાં જ સંતુષ્ટ છે તેને કાંઈ પણ કરવાનું રહેતું નથી.

આમ એક અસંતોષી છે, બીજો પરમસંતોષી છે. એકને અનેક કાર્ય કરવાનો અભરખો છે પણ નિરાશા અને અસંતોષનાં ઘેરાં વાદળોથી તેનું અંતઃકરણ છવાયલું છે. બીજાને કશું જ કરવાનું નથી અને તેથી તેને નથી અસંતોષ કે નથી નિરાશા ! અને તેથી તે સદાસર્વદા આત્મામાં જ રત રહે છે. તેને મન તેથી જ જીવન-મરણ બન્ને સરખાં છે. એ સ્થિતિમાં તેને મૃત્યુ નથી અને તેથી જન્મ પણ નથી. પરિણામે જીવન અને મૃત્યુમાં એક સરખો આત્માનંદનો અનુભવ કરીને જ તે પોતાનું અવશેષ જીવન જ્યાં સુધી પ્રારબ્ધ ક્ષીણ ન થાય ત્યાં સુધી ટકાવે છે. તેનું શરીર પણ ત્યાં સુધી જ ટકે છે અને ત્યારે શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ આપણે કહી શકીએ છીએ કે

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा॥

'જ્યારે ભિન્ન ભિન્ન જણાતા પ્રાણીઓને એક પરમાત્મામાં રહેલા જુએ છે અને તેનો જ આ બધો વિસ્તાર છે એમ અનુભવે છે ત્યારે તે બ્રહ્મરૂપ થાય છે.'

શ્રી ભગવાનના એ શબ્દોનો શ્રી અવધૂતના આ શબ્દોના સંદર્ભમાં રહેલા ભાવ સાથે વિચાર કરીએ ત્યારે શ્રી અવધૂતના આ શબ્દો સંસારથી કંટાળેલા ક્લેશયુક્ત જીવના શબ્દો છે એમ કહી શકીએ નહીં પણ પરમવૈરાગ્યયુક્ત બ્રહ્માનુભવી સ્થિતપ્રજ્ઞના આત્મતૃપ્તિના ઉદ્‌ગારો છે એમ કહ્યા વિના રહી શકાતું નથી. અને તેથી જ અહીં શ્રી અવધૂતે 'સાધો' શબ્દથી જ્ઞાનાવસ્થારૂઢને જ સંબોધન કર્યું છે. આવી વૈરાગ્યયુક્ત વાણી જેણે વૈરાગ્યનો મર્મ જાણ્યો હોય તેને જ કહી શકાય. જે સંસારી હોય, જેને સંસારની નશ્વરતાનું જ્ઞાન ન હોય, જેને વૈરાગ્યનું ભાન પણ ન હોય, જેને અહંતા અને મમતા ચારે તરફથી ઘેરી રહ્યાં હોય તેને આવા જ્ઞાનયુક્ત શબ્દો કહેવાથી પણ તે શું સમજે ? ભેંસ આગળ ભાગવતની માફક કહેવાથી પણ શું ? એને એનો શો ખ્યાલ આવે ? અને તેથી શ્રી અવધૂતે પોતાના આ અંતરોદ્‌ગાર કોઈ વિરલ આત્માનંદની લહરમાં પોતાના જેવા જ કોઈ આત્મસ્થિત સાધુને સંબોધીને કાઢ્યા છે.

જીવવાની નવાઈ તો જગતમાં-સંસારમાં રચીપચી રહેલાને જ હોય ! આત્મદર્શી સાધુને એવું સામાન્ય ઘરેડનું જીવન જીવવાની નવાઈ નથી. કારણકે તેણે તો મૃત્યુને ઘોળી પીધું છે. સંસારીને જીવવું છે અને જગતના સુખોનો ક્ષણિક આનંદ માણવો છે. અંતે મરવાનું તો છે જ પણ તે વાત તે ભૂલી જાય છે. અને પોતે અજરામર રહેવાનો છે એવી મિથ્યા આશા સેવતો જ જીવન ઘસડે જાય છે. અને તેથી જ સંસારીને જીવનની નવાઈ છે. સંસારમુક્ત સાધુને નથી જીવવાનું કે નથી મરવાનું ! એ તો એ ઉભય અવસ્થાથી પર મૃત્યુને પાર કરીને અમૃતત્વમાં સ્થિર થયેલો

હોય છે. એને જીવનની કે મરણની નવાઈ નથી.

શરીર અને ઇન્દ્રિયોના સંઘાતને ચેતનવંતુ બનાવનાર જે તત્ત્વ શરીરમાં દેહીરૂપે– આત્મારૂપે– રહેલું છે તે જ એ દેહેન્દ્રિય સંઘાતથી પર બીજે પણ એક જ સરખું વ્યાપક રહેલું છે. અને જે એ રીતે અન્યત્ર છે તે જ આ દેહમાં પણ છે છતાં જે મનુષ્ય એવા અખંડ, અવિભાજ્ય, અદ્વિતીય તત્ત્વમાં અનેકતાનો અનુભવ કરે છે તે જ મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત થાય છે, અને જન્મમરણનો ભોગ બને છે. આ પરમતત્ત્વમાં અનેકતા જેવું કશું જ નથી. એ પરમતત્ત્વ મનથી મનન દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય છે છતાં એ પરમતત્ત્વમાં જે ભિન્નતા-અનેકતાનું દર્શન કરે છે, તે જ મૃત્યુથી મૃત્યુને પ્રાપ્ત કરે છે. અને તેવા નાનાત્વયુક્તભાવ માનવીને જ જીવન જીવવાની નવાઈ પણ રહે છે.

પણ આ તો પૂર્ણ જ્ઞાનાવસ્થાના પરિણામે શ્રી અવધૂતના મુખમાંથી સહજ ભાવે સરી પડેલા શબ્દો છે. તે પહેલાંની અવસ્થાનું અવલોકન કરતાં શ્રી અવધૂત કહે છે :

**"આજ તલક જીયે ના જીયે, ખાયે ખત્તે ભાઈ;"**

માનવજીવન પરમ દુર્લભ છે. અનેક જન્મના પુણ્યના પ્રભાવે પરમાત્માની કૃપા થાય ત્યારે જ માનવદેહ પ્રાપ્ત થાય છે. એ માનવદેહમાં જ પરમતત્ત્વને પામવાની બુદ્ધિ છે, શક્તિ છે અને તેથી જ તક પણ છે. જ્યારે માનવદેહ પ્રાપ્ત કર્યા પછી પણ જો પુરુષાર્થ કરીને પરમપદ પ્રાપ્ત નથી કરી શકાતું તો તે જીવન જીવ્યું અને ન જીવ્યું બરોબર છે. આજસુધી નહીં પણ માનવ જીવન પ્રાપ્ત કરીને પણ અનેક જન્મ વ્યર્થ જીવ્યા જેવું છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન તો બધાંય પ્રાણીઓનો સમાન સ્વભાવ છે કાગડા, કૂતરા અને ઇતર પ્રાણીમાત્ર જન્મે છે અને પેટ ભરીને તે મરે છે. માનવ પ્રાણીની એ મહત્તા નથી. બુદ્ધિનો સદુપયોગ કરીને સાચું જીવન જીવવું એ જ માનવજીવનની મહત્તા છે. અને તેથી અનેક જન્મોનો સંકેત કરીને શ્રી અવધૂત કહે છે, "આજસુધીમાં અનેક જન્મ ધારણ કર્યા, પેટનો ખાડો ભર્યો, સંસાર ઢસડ્યો પણ પરિણામે એ બધું જ્યાંનું ત્યાં જ મૂકી ખાલી હાથે આવ્યા, સત્કર્મ ન કર્યા, પણ કુકર્મ કરીને જગતમાં અનેક પ્રકારની લાતો ખાધી, અને જે કરવાનું તે ન કર્યું, જે ન કરવાનું તે કર્યું અને તેથી જન્મમરણની ધક્કેલપચીસીએ ચઢ્યા. અને હવે પણ જો એની એ ભૂલ થશે તો જન્મમરણનો ફેરો ટળી મુક્તિનો લાભ મળવો શક્ય નથી." આ શબ્દના ગર્ભમાં સાવચેતીનો સંકેત છે. જે થયું તે થયું; હવે ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવાની અને માનવ જીવનનો સદુપયોગ કરીને, પરમતત્ત્વને પ્રાપ્ત કરીને, મરણથી મુક્ત થવાનો અહીં ગર્ભિત રીતે સંકેત કરવામાં આવ્યો છે.

જે જીવ જાગતિક પ્રપંચમાં જ ઓતપ્રોત બનેલો છે તે જીવને પોતાને

અનુકૂળ માનસિક પરિસ્થિતિમાં જીવન ગાળવાનું મળતું નથી ત્યારે તે હમેશાં અસંતોષી રહે છે. તેને પોતાનું જીવન કેવળ દુઃખમય જણાય છે. એવું દુઃખમય જીવન જીવ્યાથી શું ? બધાય દિવસો એકસરખા જતા નથી. કોક દિવસ સુખનો સૂરજ પણ ઊગે છે. આમ સુખ અને દુઃખની સમવિષમ પરિસ્થિતિમાં જીવન વિતાવ્યાથી પરમાત્મલાભ થતો નથી. જે જીવનમાં "હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો ? કેમ આવ્યો ?" અને જીવનનું ધ્યેય શું ? એ વાતોનો વિચાર સરખોય કર્યો નથી, એટલું જ નહીં પણ અંતરમાં જ્યારે એ પ્રશ્નો જ ઉદ્ભવતા નથી ત્યારે અને કદાચ એવા પ્રશ્નો ઊઠે તો તેનો પ્રત્યુત્તર પ્રાપ્ત કરવાને પુરુષાર્થ કરતો નથી તેવા માનવીઓનું જીવન ઇતર પ્રાણીઓ કરતાં શી રીતે શ્રેષ્ઠ ગણી શકાય ? એવા સંસારી જીવનમાં જીવનનો સાચો આનંદ પણ નથી અને જે ક્ષણિક આનંદ છે તે પણ પરિણામે દુઃખમય આનંદ છે. અને તેથી જ શ્રી અવધૂતે અહીં આ શબ્દોનો ઉચ્ચાર કર્યો છે. આજ સુધી એટલે આત્મોપલબ્ધિના પુરુષાર્થ વિનાના અનેક જન્મો વીત્યા તે બરાબર નથી. લખચોરાસી યોનિઓમાં ભટકીને વારેવારે દુનિયા અને જમડાના માર ખાઈ ખાઈને થાક્યા પછી પણ પ્રભુને પ્રાપ્ત કરવાને, પ્રભુએ આપેલા માનવદેહનો સદુપયોગ નહીં કરીએ તો હજી પણ એ જ ખત્તા ખાવાની છે. અને તેથી હવે એ પેટનો ખાડો ભરવાની જ કેવળ વૃત્તિ છે તેનો ત્યાગ કરીને માનવજીવનોચિત કર્મ કરીને જ્ઞાનોપાસના દ્વારા પરમતત્ત્વને પ્રાપ્ત કરવાનો અહીં આદેશ કરવામાં આવ્યો છે. એવા સંસારી જીવન તરફ નિસ્પૃહતા કેળવવી એ આત્મસ્થિતિ અર્થે આવશ્યક છે. જ્યારે જગતની બત્રીસીમાં પીસાઈ પીસાઈને મનુષ્ય લોટ બની જાય છે અને જ્યારે તેને ક્યાંય આરો ન દેખાય ત્યારે જ, ઘંટીના બે પડ વચ્ચે પડેલો અન્નનો દાણો ખીલાને આશરે બચે છે તેમ, સંસારથી નિરાશ બનેલો જ પ્રભુપદ પ્રત્યે મીટ માંડે છે. જ્ઞાનની વાતો સહેજે ગળે ઊતરતી નથી. થોડો પણ વૈરાગ્ય ન આવે ત્યાં સુધી સંસારની અસારતાનું ભાન થવું મુશ્કેલ છે અને સંસારની અસારતાનું ભાન થતાં જ્ઞાનની વાતો સાંભળીને પ્રભુને પ્રીછવાની વૃત્તિ થાય છે.

શ્રી અવધૂતને મરણની લહેર એકાએક આવી નથી. બીજા સંસારીઓને તો મરણની લહર આવતી જ નથી. શ્રી અવધૂતને એ સંસારમુક્તિની વૃત્તિ થઈ તેનાં કારણ પણ પોતે છૂપાવતા નથી. સાધકને માટે સાધનરૂપ બને એ આશયે શ્રી અવધૂત કહે છે :

**"આશપાશ સબ ટૂટે અબહૂ, સુરતા ગોલી ચલાઈ !"**

આશા ક્યાંય નજરે ચઢે છે ખરી ? આશાના બંધનોએ શરીર બંધાયેલું જણાય છે ખરું ? છતાંય આશાની એ અમરવેલને આધારે તો સંસાર સંસારયુક્ત છે. આશા નથી તો સંસાર નથી. અને સંસારને અભાવે






મનુષ્યજન્મમાં અનુભવાતી અનેક વિડંબનાઓ પણ નથી. આશા દુઃખમય છે છતાંય આશાનો એ તાંતણો કેટલો સુખમય છે ? નિરાશા તો દુઃખમય છે પણ સફળ આશા પણ દુઃખમય જ છે. આશાની સંપૂર્ણ નિવૃત્તિ જ શાશ્વત સુખનું સાધન છે. જ્યાં સુધી જાગતિક પદાર્થોની કામના છે અને તેની પ્રાપ્તિની આશા છે ત્યાં સુધી તેને સર્વત્ર દુઃખ જ છે. એવી અવસ્થામાં તેની દૃષ્ટિ પરમાર્થ તરફ પણ જતી નથી અને તેથી શ્રી ભગવાને એવા મૂઢસ્વભાવનો પરિચય કરાવતાં અર્જુનને કહ્યું :

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥

"સેંકડો આશારૂપી પાશથી લેપાયલા અને કામક્રોધપરાયણ મનુષ્યો વિષયોપભોગ માટે અન્યાયથી પણ ધનપ્રાપ્તિ કરવાને ઇચ્છે છે."

આશાપાશનું આ પરિણામ છે. જ્યારે આશાનો પાશ છૂટી જાય છે, જ્યારે આશાની એ દુઃખભાજન છતાં સુખરૂપ જણાતી, વિષયમય છતાં અમૃતમય જણાતી અમરવેલનો સમૂળ નાશ થાય છે, ત્યારે જ મનુષ્યની વૃત્તિ પરમપદાર્થની પ્રાપ્તિ તરફ વળે છે. જ્યારે એ અશાશ્વત પ્રપંચની પ્રાપ્તિ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે ત્યારે તે શાશ્વત પરમપદની પ્રાપ્તિની આશા સેવતો, તેની પ્રાપ્તિ અર્થે તનતોડ મહેનત કરે છે અને જ્યારે પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે જ તેને પરમ શાંતિ પણ મળે છે. તેથી જ

आशा हि परमं दुःखम् । नैराश्यं परमं सुखम् ॥

એવી પણ એક અનુભવોક્તિ છે. અને તેથી જ આત્મનિષ્ઠામાં અવરોધરૂપ એ "આશાપાશ" છૂટી જાય ત્યારે જ પરમતત્ત્વમાં રતિ થાય છે એવો અહીં ગર્ભિત અર્થ પણ નીકળે છે. અને ત્યારે જ

'સુરતા ગોલી ચલાઈ'

એક બીજું સાધન શ્રી અવધૂતે સાધક આગળ રજૂ કર્યું છે.

આશાના એ પાશને છિન્નભિન્ન કરવાનું અમોઘ શસ્ત્ર વૈરાગ્ય છે.

निर्वेद आशापाशानां पुरुषस्य यथाह्यसि ॥

'આશાની ફાંસી પર લટકતા મનુષ્યના એ આશાપાશને કાપવાને માટે વૈરાગ્ય સમાન શમશેરની જરૂર છે.' શ્રી અવધૂતે પણ બોધમાલિકામાં

आशादासो जगद्दासो निराशीः सार्वभौमइत ॥

"આશાનો દાસ છે તે જગતનો દાસ છે. જે આશારહિત છે તે સમ્રાટ છે. અને પ્રશ્નોત્તરમાલિકામાં પણ

दासः कस्त्वाशार्तः स्वामी, दासी च यस्य साह्याशा ॥

દાસ કોણ ? આશામાં જે જકડાયેલા છે તે. અને સ્વામી કોણ ? એ આશાને જેણે દાસી કરી છે તે, એ પ્રમાણે કહ્યું છે.



આશાની એ અમરવેલના વિનાશ માટે જેમ વૈરાગ્ય અમોઘઅસ્ત્ર છે તેમ સંતોષ પણ અમોઘઅસ્ત્ર છે અને તેથી જ જ્યારે

સુરતા ગોલી ચલાઈ

એ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે સંતોષ અને વૈરાગ્ય એ અમોઘઅસ્ત્રોનો ઉપયોગ કરીને જ આશાના શતશઃપાશને છિન્નભિન્ન કરીને, નિઃસ્પૃહ બનીને સાધક આગળ ચાલે છે.

માનવજીવનનું પરમધ્યેય પરમાત્મપ્રાપ્તિ છે. શ્રી અવધૂતે અહીં એ ધ્યેયને ઉદ્દેશીને જ

સુરતા ગોલી ચલાઈ

એમ કહ્યું છે. લક્ષ્યવેધ કરવામાં જે જે અંતરાયો આવતા હોય તે તે અંતરાયોનો નાશ કરવાથી અને કેવળ લક્ષ્ય તરફ જ મીટ માંડવાથી લક્ષ્યવેધ કરી શકાય છે. અર્જુને મત્સ્યવેધ કર્યો ત્યારે તેની દૃષ્ટિ કેવળ મત્સ્યના જે ભાગનો વેધ કરવાનો હતો ત્યાં જ કેન્દ્રિત થઈ હતી. શરકાર જ્યારે શર તૈયાર કરે છે ત્યારે તેની વૃત્તિ કેવળ શરમાં જ કેન્દ્રિત થાય છે. કોઈપણ કાર્યની સિદ્ધિ અર્થે મનુષ્ય કાર્યરૂપ બની જાય છે ત્યારે જ તે કાર્ય થઈ શકે છે. એ જ વાત અહીં પણ કહેવામાં આવી છે. આત્મતત્ત્વની ઉપલબ્ધિમાં આશા, વાસના, ઇચ્છા, સ્પૃહા આદિ અનેક માયિક અંતરાયો કલુષિત અંતઃકરણના કારણે આડા આવે છે. અહીં કેવળ 'આશાપાશ'નો સંકેત કરીને શ્રી અવધૂતે એ મળ, વિક્ષેપ અને આવરણ અને તેના અંતર્ગત તમોગુણ અને રજોગુણના અન્ય, કામક્રોધાદિ વિકારો તરફ આપણું લક્ષ દોર્યું છે. અને જ્યારે લક્ષ્યમાં જ લક્ષ રાખવાનું હોય ત્યારે એ બધાય અંતરાયો તરફ દુર્લક્ષ્ય કરવાનું હોય એ પણ સિદ્ધ છે. બીજાં લક્ષ્યો તો દૃષ્ટિગોચર છે પણ શ્રી અવધૂતભાખ્યું આ લક્ષ્ય મન, બુદ્ધિ કે ઇન્દ્રિયોનો વિષય નથી. પણ શરીર શુદ્ધ થાય, ઇન્દ્રિયો શુદ્ધ થાય, મન નિર્મળ થાય, અને બુદ્ધિ સ્થિર થાય ત્યારે અંતે બુદ્ધિરૂપી ગુહામાં રહેલ એ પરમતત્ત્વ તરફ મીટ માંડી શકાય. અને તેથી પ્રથમ તો લક્ષ્ય નક્કી કરવું જરૂરનું છે. લક્ષ્ય નક્કી થયા પછી નિશાન તાકવું પડે અને પછી તન્મય બન્યાથી તે લક્ષ્યને વેધી શકાય.

વેદ અને ઉપનિષદ પ્રતિપાદિત અક્ષરબ્રહ્મ એ જ લક્ષ્ય છે અને તેનો વેધ કરવાને સાધન તરીકે પણ ઉપનિષદકાર કહે છે :

धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं
शरं ह्युपासानिशितं सन्धयीत ।
आयम्य तद्भावगतेन चेतसा
लक्ष्यं तदेवाक्षरं सोम्य विद्धि ॥

"હે સોમ્ય, ઉપનિષદરૂપી, ૐકારરૂપી મહાન અસ્ત્રરૂપ ધનુષ લઈને તેના ઉપર ઉપાસના દ્વારા તીક્ષ્ણ કરેલું બાણ ચઢાવ અને પછી તેને ખેંચીને બ્રહ્મભાવનાનુગત ચિત્તથી એ 'અક્ષર' રૂપ લક્ષ્યનું વેધન કર."

અહીં શ્રી અવધૂતે 'સુરતા' શબ્દ દ્વારા એ જ અક્ષરબ્રહ્મના

અનુસંધાનનું સૂચન કર્યું છે. અને ઉપનિષદ્કારે એ અક્ષરબ્રહ્મના અનુસંધાન માટે ઉપનિષદ્ગીત પ્રણવોપાસના અને બ્રહ્મભાવયુક્ત ચિત્ત એ સાધનો બતાવ્યાં છે. ધનુષ અને બાણનો પ્રકાર બતાવતાં ઉપનિષદ્કાર કહે છે :

प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत्॥

''પ્રણવ ધનુષ છે, ચિત્તાદિ ઉપાધિયુક્ત જીવ બાણ છે અને બ્રહ્મ તેનું લક્ષ્ય છે. તેનું સાવધાનતાપૂર્વક વેધન કરવું જોઈએ. અને બાણ જેમ લક્ષ્યમાં ચોંટી જાય છે તેમ લક્ષ્યમાં એ માયોપાધિક આત્માએ તન્મય બનવું જોઈએ.''

જ્યારે કોઈ શિકારી હરણનો વધ કરવા નીકળે છે, શરસંધાન કરે છે ત્યારે તેનું લક્ષ કેવળ લક્ષ્યમાં જ હોય છે. તેનું લક્ષ હરણમાં જ હોય છે, એટલું જ નહીં પણ હરણના જે મર્મ સ્થાનમાં પોતાનું શર લગાવવાથી હરણના પ્રાણ જશે એવું તેણે નક્કી કર્યું હોય તે મર્મસ્થાન પર જ તેની દૃષ્ટિ એકાગ્ર બને છે, કેન્દ્રિત થાય છે. ત્યાં તે અચૂક શર છોડીને, તેનું મર્મસ્થાન વીંધીને તેનાં પ્રાણ હરે છે. એ લક્ષ્ય નક્કી કરવામાં જરા સરખોય પ્રમાદ થયો તો લક્ષ્યવેધ થઈ શકતો નથી.

સોપાધિક આત્માની વૃત્તિઓ વિષયોમાં ભટકતી હોવાથી તે સ્થિર નથી. એ વૃત્તિઓને સ્થિર કરીને, કેવળ લક્ષ્યને જ નજર સમક્ષ રાખીને ઉપર કહ્યું તેમ ભટકતી વૃત્તિઓને વિષયો તરફ જતાં અટકાવી, બ્રહ્મભાવ ભાવિત કરવાની જરૂર છે. પણ જ્યારે શ્રી અવધૂત

''સુરતા ગોલી ચલાઈ,''

એ વાત કહે છે ત્યારે ઉપર લક્ષ્ય નક્કી કરવાનું અને તેનું અનુસંધાન કરવાનું જે કહ્યું છે તે બધું કરીને જ શ્રી અવધૂતે લક્ષ્યવેધ કર્યો છે એમ માનવું પડે છે. અને પરમતત્ત્વના-ઉપનિષદોક્ત બ્રહ્મને પોતાનું લક્ષ્ય બનાવીને ગોળી ચલાવી છે અને પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. અને તેથી જ જીવભાવમુક્ત બનીને, જેમ ધનુષમાંથી છૂટેલું બાણ લક્ષ્યમાં તન્મય બને છે તેમ, આત્મામાં તન્મયતા પ્રાપ્ત કરી છે, આત્મસાક્ષાત્કાર કર્યો છે એમ કહેવું અયોગ્ય નથી. આમ જ્યારે લક્ષ્ય-પરમતત્ત્વનો અપરોક્ષ અનુભવ થાય છે ત્યારે અન્ય કશું જ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. પરમતત્ત્વ સાથે તન્મય થયેલા સાધકને પછી જીવન અને મૃત્યુ બન્ને સરખાં જ છે. જગતના લોકોને જ્યારે જીવનની અભિલાષા છે ત્યારે પરમતત્ત્વ સાથે ઐક્ય સાધનાર સંતને મૃત્યુની– પાર્થિવ મૃત્યુની નહીં પણ પારમાર્થિક મૃત્યુની-જે મૃત્યુ થયા પછી તેનું પુનરાવર્તન નથી એવા અમૃતસ્વરૂપ મૃત્યુની અભિલાષા થાય તો નવાઈ નથી. અભિલાષા થાય એમ કહેવું એ પણ બરાબર નથી. કારણકે આત્મતત્ત્વમાં સમરસ બનેલા જીવભાવમુક્ત આત્માને અભિલાષા રહેતી જ નથી. અને તેથી શ્રી અવધૂતે

'લહર મરણકી આઈ'

એમ કહીને એક તરંગરૂપે જ એ મૃત્યુને વર્ણવ્યું છે. જેમ સમુદ્રમાં અનેક તરંગો સમુદ્રથી ભિન્ન જણાય છે પણ વસ્તુતઃ તે પાણી છે તેમ આ લહર-મૃત્યુની લહર તો માત્ર કલ્પના જ છે. વસ્તુતઃ તો એ લહર પણ આત્માના આનંદનું એક પાસું જ છે અને તેથી જેને જીવ્યાનો આનંદ નથી અને મૃત્યુનો વિષાદ નથી તેને એ ઉભય અવસ્થાની સ્પૃહા નથી. તે તો એ ઉભય અવસ્થાથી પર છે. સમુદ્રમાં ઉત્પન્ન થતા અને વિલીન થતા તરંગો જેમ સહજ છે તેમ એવા આત્મવિતને મૃત્યુ અને જીવન સહજ છે.






ચિત્ત જ્યારે બ્રહ્મભાવભાવિત બને છે ત્યારે તેને પરિવર્તનશીલ શરીર અને પરિવર્તનશીલ જગતની અસારતાનો ખ્યાલ આવે છે. પ્રકૃતિ જેટલી અસાર અને અસ્થિર છે તેટલું જ શરીર પણ અસ્થિર અને અસાર છે. અને તેથી શ્રી અવધૂતે ગાયું :

**"ગયા બાલપન ગઈ જવાની, બુરા બૂઢાપા લાઈ;"**
**"જોશહોશ સબ ઊડ ગયે અબ, નકર નિરાશ છવાઈ!"**

ગર્ભાધાનથી જન્મપર્યંતની અવસ્થા દૃષ્ટિગોચર થતી નથી. જન્મથી આરંભી મૃત્યુ પર્યંતની શરીરની ભિન્નભિન્ન અવસ્થાઓમાં બાલ્ય, યૌવન અને વાર્ધક્ય મુખ્ય છે. અને તેનો જ અહીં શ્રી અવધૂતે ઉલ્લેખ કર્યો છે. શરીરની એ અવસ્થા સાથે આત્માને કશો જ સંબંધ નથી. આત્મા શરીરમાં રહેલો હોવા છતાં શરીરના બધાય ધર્મોથી તે નિર્લેપ છે. બચપણમાં નિર્દોષતા છે. શરીરનો વિકાસ છે અને અવસ્થાને અનુરૂપ બુદ્ધિનો પણ વિકાસ થાય છે. એ બચપણ જોતજોતામાં વીતી જાય છે અને યૌવનને આરે ઊભેલા માનવીના શારીરિક, માનસિક આદિ બધાય વિકાસો યૌવનમાં પૂર્ણતા પામે છે અને તેથી જ પુરુષાર્થ અર્થે યૌવન અવસ્થા જ મુખ્ય છે. બચપણમાં રમતગમતમાં સમય વ્યતીત થાય છે ત્યારે બાળક સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત કરવાને શક્તિવાન થતો નથી. ધ્રુવ, પ્રહ્‌લાદ, નચિકેતા જેવા જન્મજન્માંતરના પુણ્યપ્રભાવે, પૂર્વજન્મના બુદ્ધિસંયોગે બચપણમાં જ પ્રભુને પ્રાપ્ત કરે એ એક અપવાદ જ ગણી શકાય. પણ અહીં તો આપણે સર્વસાધારણ માનવશરીરની ત્રણ અવસ્થાનો વિચાર કરીએ છીએ.

બચપણ પ્રમાણે યૌવનમાં અપક્વબુદ્ધિ રહેતી નથી. બુદ્ધિનો વિકાસ સાધવાનો યૌવનકાળ એ જ સાચો કાળ છે. શરીરમાં જ્યારે સંપૂર્ણ પ્રકારનું જોમ હોય છે, જ્યારે શરીર સશક્ત હોય છે, જ્યારે શરીરમાં કાંઈ કરી છૂટવાની તમન્ના હોય છે ત્યારે જ ઐહિક વા પારમાર્થિક સુખની પ્રાપ્તિ અર્થે માનવી પુરુષાર્થ કરી શકે છે. બચપણ કે ઘડપણ ઘણે ભાગે પુરુષાર્થ માટે યોગ્ય અવસ્થા નથી. યૌવનમાં જ સારી સંગત હોય, સારા સંસ્કાર






હોય અને પૂર્વજન્મના પુણ્ય હોય તો માનવી પરમાર્થપ્રાપ્તિને પંથે પ્રગતિ સાધી શકે છે. અને તેથી જેમ જુવાની દીવાની છે તેમ જુવાની શાણી પણ છે. એનું શાણપણ એને આત્મલાભના પુરુષાર્થ તરફ એનો ઉપયોગ કરવામાં રહેલું છે. અને તેથી મનુષ્યે યૌવનમદમાં યૌવનને વેડફી નહીં નાખતાં એ જુવાનીના જોમનો પ્રવાહ પરમાત્મપ્રાપ્તિના પુરુષાર્થ તરફ વાળવો જોઈએ. એ વેગ જેટલો વધશે તેટલું જ પરમતત્ત્વ પાસે આવશે. બચપણ અને જુવાની વીત્યા પછી કશું જ થતું નથી. અને તેને વીતી જતાં શી વાર લાગશે ? આજે બાળક હતું, માતાના ખોળામાં રમતું હતું. કાલે જોબન આવ્યું, રમણીના રંગમાં રંગરાગ કર્યા અને એ જોબન જેવું આવ્યું તેવું ગયું. યૌવનનું જોમ જતાં શરીર રહ્યું. કેવળ શરીર જ ! નથી તેમાં જોમ, નથી તેમાં ઉત્સાહ, નથી તેમાં શક્તિ, નથી તેમાં આનંદ ! ઘડપણથી જર્જરિત થયેલાં શરીર તો આપણે ક્યાં નથી જોયાં ! શરીરની એકએક ઇન્દ્રિય શિથિલ થઈ જાય છે, હાથમાં કામ કરવાની ગતિ નથી, પગમાં ચાલવાની ગતિ નથી, બુદ્ધિ પણ બહેરી બની જાય છે અને ત્યારે પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે શો પુરુષાર્થ કરશો ? દાંત પડી જશે, કાળાનાં ધોળાં થઈ પળિયાં થશે, આંખો દેખતી બંધ થશે, અન્ન ખાધું પચશે નહીં, જઠર મંદ પડી જશે. કફ, વાત અને પિત્તના પ્રકોપે શરીર નિત્ય અસ્વસ્થ રહેશે, કેવળ પારકાની દયા ઉપર જ જ્યારે જીવન વિતાવવાનો અવસર આવશે ત્યારે પ્રભુને યાદ નહીં કરી શકો ! જીવનમાં નિરાશાનો અંધકાર પ્રસરી જશે અને ભગ્ન હૃદય માનવી ત્યારે કાંઈ પણ નહીં કરી શકે. ચિંતાગ્રસ્ત અને નિરાશ અવસ્થામાં અવશેષ જીવન પરાધીનતામાં ગાળતા એ વૃદ્ધ શરીરને કોઈ પણ જાતનાં હોશકોશ રહેતા નથી. અને તેથી જેવો આવ્યો તેવો જ એક દિવસ યમરાજના દૂતોને હાથે દંડાનો માર ખાતો ખાતો કરેલાં કર્મનાં શુભાશુભ કે મિશ્રફળ ભોગવવાને જતો રહેશે. આ કારણે એ ત્રણે અવસ્થાની નશ્વરતાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂતે સમય સાધવાની અને માનવજીવન કૃતાર્થ કરવાની સૂચના આપી છે. મરણને આરે ઊભો છતાંય મૃત્યુની ઇચ્છા કરતો નથી. મૃત્યુની કલ્પનાએ એ ધ્રૂજી ઊઠે છે. એ બધું એક જ કારણે બને છે. જેને પરમતત્ત્વનું આશ્વાસન નથી, જેને પરમતત્ત્વને પ્રીછવાની– પ્રાપ્ત કરવાની વૃત્તિ નથી, જે કેવળ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની પાછળ જ પડીને જીવન વેડફી રહ્યો છે તેને એ ત્રણે અવસ્થાના સુખદુઃખનો સારો યા માઠો અનુભવ થાય છે. અને અંતે એ વાસનાઓની જાળમાં જકડાયેલો જન્મમૃત્યુના વિષચક્રનો ભોગ બન્યો જ રહે છે. પણ શ્રી અવધૂતે કહ્યું તેમ જેણે

"સૂરતા ગોલી ચલાઈ"

પ્રભુથી પ્રીત બાંધી છે, જે પ્રભુના નિર્ભય ખોળામાં બેઠો છે, તેને એ શરીરની એકે અવસ્થામાં સુખ કે દુઃખનો આભાસ પણ થતો નથી. તો

તેમાં પ્રીતિ થાય એ તો કેમ જ સંભવે ? જ્યારે સાધક આત્મતત્ત્વની પ્રાપ્તિ કરે છે ત્યારે તે અભય બની જાય છે. મૃત્યુને તે પોતાના સ્વરૂપે જુએ છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ,

"कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो ।"

પોતે જ કાળ બની જાય છે. જે કાળથી જગત કંપે છે તે કાળ પોતે બન્યા પછી તેને કો'નો ભય રહે ? અને એ રીતે માનવજીવનમાં સર્વથી મહાન મૃત્યુનો ભય છે. તે ભય પણ એ અવધૂત બનેલાને રહેતો નથી. અને ત્યારે જ તે કહી શકે

"નાચત દેખા જમરા નંગા, દૂરસે મસ્તી ચલાઈ;"

જમના દૂત હશે કે કેમ તે તો મૃત્યુ સમયે જેણે જમદૂતને જોયા હશે તે જાણે ! જમના દૂત જેને જણાય તે જમના દૂત કેવા હતા તે કહેવાને પાછો જીવતો નથી અને આવીને કહેતો નથી. પણ જ્યારે શાસ્ત્રો પણ એ વાતની સાક્ષી પૂરે છે અને ક્વચિત્ મરણના ઝોબામાંથી પાછા ફરેલા મનુષ્યો પણ એનું બ્યાન કરે છે ત્યારે જમના દૂત જેવું કાંઈક છે એમ માનવું પડે છે. વસ્તુતઃ મનુષ્યનો જન્મ પૂર્વ કર્મના પ્રારબ્ધના પરિણામે થાય છે. એ જ કર્મના સંસ્કારો સૂક્ષ્મરૂપે એની બુદ્ધિમાં રહેલા છે. તે મૃત્યુ સામે જાગ્રત થાય છે. તેમાં રહેલી શુભાશુભ કર્મના પરિણામની માનવકલ્પના તેના અંતકાળે મૂર્તિમાન થાય છે અને ત્યારે તેને અનેકવિધ કષ્ટ થાય છે. એ સંસ્કારની કાલ્પનિક મૂર્તિને આપણે યમના દૂત કહીએ તો હરકત નથી. આગળ કહ્યું તેમ જે આત્મક્રીડ છે, આત્મરત છે, આત્મતૃપ્ત છે તેને એવી જ્ઞાનાવસ્થામાં કર્મ અને તેનાં સંસ્કાર જ્ઞાનાગ્નિમાં ભસ્મ થયેલા હોવાથી તેની બુદ્ધિ સંસ્કારરહિત, નિર્મળ પૂર્ણચંદ્ર સમી જ હોય છે અને તેથી તેને યમના દૂત જેવી કલ્પના રહેતી જ નથી. અને કદાચ હોય તો પણ તે આત્મસ્વરૂપસ્થિતને આત્મસ્થિતિમાં વિક્ષેપ ઉત્પન્ન કરી શકતી નથી. શ્રી અવધૂતના આ વાક્યનો મર્મ એ છે એમ કહેવામાં અયોગ્ય નથી. પ્રાકૃતરૂપે માનીએ તો પણ જેણે પરમતત્ત્વની પ્રાપ્તિ કરી છે તેના દેહવિલય સમયે એ યમદૂત તેને સ્પર્શ કરવાની હિંમત કરી શકતા નથી અને તેથી એ જમડાને નિઃસત્ત્વ અવસ્થામાં નગ્ન બનીને નાચતા જોયા એમ શ્રી અવધૂત કહે છે. કર્મ અને કર્મના બુદ્ધિગ્રાહ્ય સંસ્કારો આત્મસ્થિતને સ્પર્શ કરી શકતા નથી. કર્મમાં અકર્મ જોનારને બંધનો સર્જાતાં નથી અને તેને જન્મ કે મરણના વિષચક્રના ભોગ બનવું પડતું નથી. હા. એક વાત છે. જીવન્મુક્તને પણ પ્રારબ્ધ હોય છે ત્યાં સુધી એ પ્રારબ્ધને નિઃશેષ કરવા માટે શરીરનો આશ્રય લેવો પડે છે. અને તેવે સમયે એ અવશિષ્ટ પ્રારબ્ધના સંસ્કારોનાં તેને દર્શન થાય એ સંભવિત છે. અને તેવાં દર્શન થાય છે છતાં જીવન્મુક્ત તેનાથી ક્ષોભ પામતો નથી. અને તેથી જ શ્રી અવધૂત જેવા જીવન્મુક્તને યમદૂત ભયજનક






ન જણાય અને એવા પ્રારબ્ધસંસ્કારોને પણ દૂરથી જ પોતાનું પ્રાબલ્ય બતાવતા જોયા. પણ એ પ્રારબ્ધ તો જીવન્મુક્ત માટે ભસતાં કૂતરાં જેવું છે. એક ભસતું કૂતરું જેમ કરડતું નથી તેમ એ અવશેષ રહેલું પ્રારબ્ધ પણ જીવન્મુક્તની આત્મસ્થિતિમાં ક્ષોભ ઉત્પન્ન કરતું નથી. અચળ અને અક્ષુબ્ધ સમુદ્રસમા એ જીવન્મુક્તને તેનો જરાય ભય રહેતો નથી. તેને મન જન્મ અને મૃત્યુ એ કેવળ પરિવર્તન છે. સર્પ જેમ કાંચળી ઉતારે છે પછી તે કાંચળીની તેને પરવા નથી તેમ જીવન્મુક્તઅવસ્થા પ્રાપ્ત થયા પછી તેને દેહમાં અહંભાવ રહેતો નથી. અને તેથી દેહનું પ્રારબ્ધ તેની અચળ સ્થિતિને ચલાયમાન કરી શકતું નથી. અને તેથી યમરાજના જે કાતિલ દૂતોનો જગતને ભય છે તે દૂતો તેની આગળ આવે છે પણ તેને સ્પર્શ કરી શકતા નથી અને મગ્ન બનીને દૂરથી જ નાચે છે અને મસ્તી કરે છે. જેને મન ભય હોય તેને દોરીમાં સર્પની ભ્રમણા થાય. જ્ઞાન પ્રાપ્ત થયા પછી દોરીમાં સર્પનો ભય જણાતો નથી. અને જ્યારે સર્વાંશે નિર્ભયતાનું જ અંતરમાં સામ્રાજ્ય હોય ત્યારે દોરીનો તો શું, દોરીમાં સર્પની કલ્પના કરીને તે સર્પનો તો શું, પણ સાક્ષાત્ સર્પ આવીને ફણા ચઢાવે અને ફૂંફાડા મારે તોયે તેને ભય રહેતો નથી. અને એવો નિર્ભય પછી જમડાથી તે શા સારુ ડરે ? જમડા પણ પોતાના ઈલાજો અજમાવીને આવે, બધાય ચેનચાળા કરે, પણ પરિણામ ? અગ્નિમાં પડનારો જેમ ભસ્મ થાય છે તેમ એ યમરાજ પણ એ અગ્નિસ્વરૂપ પરમતત્ત્વને અડવા જાય તો પોતાનું અસ્તિત્વ ખોઈ બેસે. અને એ ભયે જ યમ તેને અડી શકતો નથી. ભાઈ ! જેને મૃત્યુની લહર આવી હોય તે શારીરિક મૃત્યુથી ભય શેં પામે ? પછી તે એ યમથી શેં ડરે ? પણ શ્રી અવધૂતભાખી મૃત્યુની એ લહર લૌકિક મૃત્યુની નથી. એ લહર કેવા મૃત્યુની છે તેનો આગળ ઉપર વિચાર કરીશું. અને જ્યારે યમરાજ એનો સ્પર્શ ન કરી શકે ત્યારે

**"છોડ આશ તન ભયા ઉદાસા, સુસ્તી ઉસકી ઉડાઈ !"**

આ નાનકડા વાક્યમાં પણ શ્રી અવધૂતે ખૂબ જ મઝા કરી છે. જમડાએ તનની આશા છોડી ખૂબ જ ઉદાસ થયા. એને પણ થયું કે મરણધર્મા માનવી યમરાજને પણ પડકારી શકે છે અને તેને પણ પરાજિત કરી શકે છે. યમરાજ જીવને લેવા આવે છે. અહીં શ્રી અવધૂતે 'તન' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેના ઉપર થોડો વિચાર કરીએ.

યમરાજ સ્થૂળશરીરને તો ઉપાડી શકતા નથી. એ તો જ્યાંનું ત્યાં જ પડ્યું રહે છે. બાકી રહે છે સૂક્ષ્મ શરીર અને કારણ શરીર. કારણ શરીર તો વિદેહમુક્ત માટે નિરસ્ત થઈ જાય છે. કારણ શરીર તેના કારણમાં મળી જાય છે એટલે યમ તેને હાથ અડાડી શકતો નથી. કેવળ અજ્ઞાનીના સૂક્ષ્મ શરીરયુક્ત જીવના ઉપર જ તેનો અધિકાર ચાલે છે. જે જીવ સૂક્ષ્મ

શરીરરહિત થઈ જાય છે તેને યમ અડી શકતો નથી. પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ઓગણીસ તત્ત્વોના બનેલા સૂક્ષ્મશરીર સાથે જીવનો નિકટ સંબંધ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય દ્વારા તે વિષયોનો અનુભવ, ગ્રહણ અને ત્યાગ કરે છે. પાંચ કર્મેન્દ્રિય દ્વારા તે સ્થૂળ અને સૂક્ષ્મશરીરનો નિર્વાહ નિભાવે છે. અને એ બધી ક્રિયાઓ કરવામાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર તેને પ્રોત્સાહન આપે છે. જ્યારે જીવ સ્થૂળ શરીરનો ત્યાગ કરીને અન્ય શરીર ધારણ કરે છે ત્યારે એ સૂક્ષ્મ વાસનાયુક્ત શરીર બનીને જ તે બીજા શરીરમાં પ્રવેશ કરે છે. આવા વાસનાત્મક સૂક્ષ્મશરીરયુક્ત જીવના ઉપર જ જમનો અધિકાર ચાલે છે. જ્યારે જમ એ જીવને લેવા આવે છે ત્યારે આવા એકાદ વિરલ અવધૂતને જોઈને, ભયકંપિત બનીને, હતાશ થઈને હાથ ખંખેરી ચાલવા માંડે છે. જેને મરણની લહર આવે છે તેને મરણનો મર્મ પણ ભલી રીતે ગમ્ય હોય છે એમાં નવાઈ નથી. જો વાસના રહી હોય, કર્મનાં પ્રારબ્ધ રહ્યાં હોય તો જ તે જીવ જમને આધીન બને છે. પણ જેને મૃત્યુની લહર આવે છે તેને નથી કર્મ, નથી કર્મનાં બંધન અને નથી વાસના. વાસના અને કર્મના બંધનના અભાવે તેને પ્રારબ્ધ પણ હોતું નથી. અને તેથી જમ તેને સ્પર્શ કરી શકતો નથી. જ્યારે શત્રુ આવે છે ત્યારે વિજયની સંપૂર્ણ આશા સાથે નાચતો કૂદતો આવે છે પણ જ્યારે પરિણામ વિપરીત આવે છે ત્યારે તેની જે દશા થાય છે તે જ દશા અહીં યમની પણ થાય છે. જે શરીરને લેવા તે આવ્યો છે તે શરીરનું અસ્તિત્વ નિવૃત્ત કરીને મૃત્યુની જ વાટ જોતા બેઠેલાને મૃત્યુના શોરબકોરની શી પરવા ? પણ એવા યમને નિરાશ-પરાજિત કરનાર તો અપવાદ રૂપે કોક જ મળે ! અસ્તુ. શરીરની આ અવસ્થા થયા પછી તો શરીર એટલે કેવળ પડછાયો જ રહે છે. પણ યમને હતાશ અને પરાજિત કરવાની હિંમત આવે, એકલે હાથે એ અજિત શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવાને હામ ભીડે તે પહેલાં એ હિંમત પ્રાપ્ત કરવા માટે પણ કાંઈક પુરુષાર્થ તો કરવો જ જોઈએ ને ! અને શ્રી અવધૂતે શું કર્યું ? આપણે જોઈએ. એવા લક્ષ્યવેધ માટે શ્રી અવધૂતે શું કર્યું, શું સાધનો વાપર્યાં, તે પણ જાણવા જેવું છે.

### "લગી ભૂખ તબ ખાયા દર્દા"

ભૂખ અને તરસ જેવી શરીર સાથે સંકળાયલી વૃત્તિઓ માનવચિત્તને ચળવિચળ કરે છે. ભૂખ્યો માણસ અન્ન માટે વલખાં મારે છે. ભૂખથી દુઃખ પણ થાય છે અને ક્ષુધાની તૃપ્તિ થતાં તેને તાત્પૂરતું સુખ પણ થાય છે. એવી દ્વૈતવૃત્તિ જ્યાં સુધી શરીરના ધર્મ રહે ત્યાં સુધી રહે છે. શરીરને અનુસરતાં દ્વંદ્વોમાં સાધકનું ચિત્ત અને વૃત્તિઓ જ્યાં સુધી પરોવાયેલાં રહે છે ત્યાં સુધી સાધક એકમાર્ગી બની શકતો નથી. લક્ષ્યને






વેધવાની એકાગ્રવૃત્તિ થઈ શકતી નથી. એ દ્વૈત અથવા દ્વંદ્વના નિવારણ અર્થે શ્રી અવધૂતે અહીં આ ઉપાયની યોજના કરી છે. શ્રી અવધૂત કહે છે, ''જ્યારે ભૂખ લાગી ત્યારે દર્દનો આહાર કર્યો, એટલે ભૂખની વૃત્તિને જ નિર્મૂળ કરી.'' પ્રાણનો આધાર અન્ન ઉપર છે. જેમ શરીરના નિર્વાહ અર્થે અન્નની આવશ્યકતા છે તેમ પ્રાણનિર્વાહ અર્થે પણ અન્નની આવશ્યકતા છે. અને તેથી શરીર અને પ્રાણ એ ઉભયના નિર્વાહ અર્થે આહારની તો જરૂર છે. અન્ન વિના એ ઉભય જ ક્ષીણ થશે અને ત્યારે વૃત્તિની એકાગ્રતામાં અને સાધનમાં વિક્ષેપ ઉત્પન્ન થશે. આહારના અભાવે દુઃખ થાય છે એ પણ ખરું છે, પણ એ દુઃખ માત્ર આહારના અભાવે જ થતું નથી પણ આહાર હોવા છતાંય આત્મતૃપ્તિ થતી નથી, ભાવતાં ભોજન મળતાં નથી ત્યારે પણ મનને ક્લેશ થાય છે. અને અહીં શ્રી અવધૂતે એ ક્લેશનો જ આહાર કરવાની વાત કરી છે. પકવાનનો આનંદ નહીં અને સૂકા ભાખરાનો વિષાદ પણ નહીં એવી સમબુદ્ધિ કરવાનો અહીં બોધ કરવામાં આવ્યો છે. ભૂખનું એ દર્દ ક્યારે મટે ? જ્યારે સમબુદ્ધિ થાય ત્યારે. અને એ સમબુદ્ધિ ક્યારે થાય ? જ્યારે શરીરમાં રહેલી અહંતા અને શરીરના સંબંધીઓમાં રહેલી મમતાની નિવૃત્તિ થાય ત્યારે. આ નાનકડા વાક્યમાં શ્રી અવધૂતે આટલું મોટું તત્ત્વજ્ઞાન મૂક્યું છે. જ્યાં સુધી શરીરની અહંતા અને મમતા છે ત્યાં સુધી જ એ દ્વંદ્વોનું શૂળ પોતાનું કાર્ય કરે છે. સાધક જ્યારે નિર્મળ અને નિરહંકાર થાય છે ત્યારે તેને શું રહે છે ? કેવળ શાંતિ ! પછી તેને ભોજન મળે કે ન મળે, મિષ્ટાન્ન મળે કે સૂકો રોટલો મળે, તેની તેને પરવા રહેતી નથી અને નિસ્પૃહીને એનું દુઃખ પણ થતું નથી. અને તેથી જ અહીં એ દુઃખનો જ આહાર કરીને ક્ષુધા નિવૃત્ત કરવાની વાત શ્રી અવધૂતે કહી છે. જીભનો ચસકો એ જ દુઃખ છે. એ ચસકો કાઢી નાખવો એ જ સુખ છે. એ ચસકો એ જ બધાય રોગનું પણ મૂળ છે. અને તેથી એ ચસકાનો આહાર કરીને શાંત થવું એ જ આ શબ્દોનો આશય છે. અવિદ્યાને લઈને થતી અશાંતિ, અંતઃકરણની ક્ષોભ — ક્લેશ ઈત્યાદિ વૃત્તિને નિવૃત્તિ કરવી એ જ દર્દ ગયું એવો ભાવ છે. આ તો ભૂખની વાત થઈ પણ સાથે તૃષા પણ જોડાયેલી જ છે. તેનું શું ?

જ્યારે તરસ લાગે ત્યારે

**''શ્વાસા નીર પીલાઈ;''**

શ્વાસપ્રશ્વાસની ક્રિયારૂપી નીર પાયું. જ્યાં સુધી પ્રાણાપાનની શ્વાસની ક્રિયાઓ ચાલે છે ત્યાં સુધી મનુષ્યને એ ક્ષુધા અને તૃષા સતાવે છે. પ્રાણનું રોધન કરીને જ્યારે સાધક નિશ્ચિંત હોય છે ત્યારે તેને ભૂખ અને તરસનું સ્મરણ સરખુંય થતું નથી. અને તેથી જ પ્રાણાયામ દ્વારા શ્વાસ રોધી કેવળ કુંભકથી એ તૃષાની પીડાને ટાળવાની વાત શ્રી અવધૂતે કરી

છે. જ્યારે જ્યારે તૃષા લાગે ત્યારેત્યારે પ્રાણાયામ કરવો એવો શું એનો અર્થ થાય છે ? અને તો તો જે સાધક યોગમાર્ગે નથી ચઢ્યો તેને માટે તૃષાનો ત્રાસ ટાળવાનો એકે માર્ગ નથી એમ લાગે છે. ના, ના. શ્રી અવધૂતના આ શબ્દોનો અર્થ કેવળ એવો તો ન જ હોઈ શકે. એની બીજી દૃષ્ટિ પણ ખરી. અને તે શું ?

કેવળ પ્રાણાયામ દ્વારા શ્વાસનું રૂંધન કરવાથી જ ભૂખ તરસની વ્યથાની નિવૃત્તિ થતી નથી. જ્યાં સુધી ચિત્તનો નિરોધ સાધી ન શકાય ત્યાં સુધી ચિત્તની વૃત્તિઓ વિષયોમાં રમણ કરતી રહે છે. અને ત્યારે એ ભૂખ અને તરસની તેમજ બીજી જાગતિક વિષયોના તરફના આકર્ષણની વૃત્તિઓ જાગ્રત રહે છે. પણ જ્યારે ચિત્તની નિરુદ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે સંકલ્પજનિત એ બધી વૃત્તિઓ, સંકલ્પની નિવૃત્તિ સાથે જ નિવૃત્ત થાય છે. એ યોગસાધના અર્થે અષ્ટાંગયોગ એક સાધન છે. એ સાધન દ્વારા સમાધિઅવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે એ સમાહિત ચિત્તમાં ક્ષુધાતૃષાના સંકલ્પોનો જ નહીં પણ સંકલ્પમાત્રનો અભાવ થાય છે.

**'चले प्राणे चलं चित्तम्'**

પ્રાણ અને ચિત્તનો નિકટ સંબંધ છે. પ્રાણ ચલાયમાન થાય તો ચિત્ત પણ ચલાયમાન થાય છે. અને પ્રાણની ગતિ થંભી જાય તો ચિત્તનો નિરોધ પણ સહેલાઈથી કરી શકાય છે. એટલે જ પ્રાણને પીવાની એટલેજ અંતઃકુંભક કરવાની અને તેમ કરીને ચિત્તનિરોધ દ્વારા ભૂખતૃષાદિ દ્વંદ્વો પર, એટલે જ વિષયલાલસા ઉપર વિજય મેળવવાનો સંકેત કર્યો છે.

જેને એ પ્રાણાયામાદિ યોગપ્રતિ અભિરુચિ ન હોય તેને માટે જ્ઞાન, ઉપાસના, ભક્તિ અને એવાં બીજાં ચિત્તને સમાહિત કરવાનાં સાધનોનું શાસ્ત્રોમાં વર્ણન કર્યું છે. સાધક પોતાના અધિકાર અને અભિરુચિ અનુસાર ગમે તે સાધન દ્વારા ચિત્તવૃત્તિને પરમાત્મામાં જોડી, એટલે યોગ સાધી સમાહિત કરી શકે છે. અને તેમ કરી વિષયો તરફ જતા ચિત્તને પ્રભુના સ્વરૂપમાં સમાહિત કરીને, શ્રી અવધૂતભાખ્યા ભૂખ અને તરસનાં જ નહીં પણ બીજાં બધાં દ્વંદ્વોની ચૂડમાંથી મુક્ત થઈ શકે.

**'શ્વાસા નીર પિલાઈ'**

એ શબ્દો સંકેતરૂપે છે. પણ તેનું પરિણામ ચિત્તની નિરુદ્ધ અથવા સમાહિત અવસ્થા હસ્તગત કરવાનું છે અને તે પરિણામનો આપણે વિચાર કરવાનો છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**જાગ સ્વપન નિદ્રા તજ દીની, શાશ્વત શાંતિ મિલાઈ !'**

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ – દેહની એ ત્રણ અવસ્થા. અને એ ગુણનું કાર્ય. જાગ્રત અવસ્થામાં સૂક્ષ્મશરીર જીવ સાથે તાદાત્મ્ય સાધીને, બાહ્યપ્રપંચનો દ્રષ્ટા પણ બને છે અને ભોક્તા પણ બને છે. એ ત્રણે

અવસ્થામાં આત્મા અનુસ્યૂત છે, એટલું જ નહીં પણ આત્માની શક્તિ વડે જ જીવ એ ત્રણે અવસ્થામાં જ્ઞાનનો પણ અનુભવ કરે છે. સ્વપ્નાવસ્થામાં પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો પોતપોતાના સૂક્ષ્મસ્વરૂપમાં લીન હોય છે. મનની લીનતા થતી નથી ત્યારે મન સ્વપ્નસૃષ્ટિનું સર્જન કરે છે. એ સ્વપ્નસૃષ્ટિનો પણ જીવ દૃષ્ટા અને ભોક્તા બને છે. સુષુપ્તિ અવસ્થામાં મન રહેતું નથી, અંતઃકરણ અવિદ્યામાં લીન થાય છે અને સૂક્ષ્મશરીર સાથે લીન થઈ જાય છે. અને ત્યારે જાગ્રત કે સ્વપ્નાવસ્થાના સંસ્કારોનો અભાવ થઈ જાય છે. સુષુપ્તિ અવસ્થામાં જીવ આત્મભાવને પ્રાપ્ત થાય છે પણ બુદ્ધિમાં રહેલા જાગ્રત અને સ્વપ્નાવસ્થાના સંસ્કારો તેમજ અનાદિકાળના કર્મના સંસ્કારો સંસ્કારરૂપે રહે છે. સુષુપ્તિ અવસ્થામાં અને જ્ઞાનાવસ્થામાં ભેદમાત્ર એટલો જ છે કે સુષુપ્તિ અવસ્થા તમોગુણજનિત મૂઢાવસ્થા છે જ્યારે જ્ઞાનાવસ્થા શુદ્ધ સત્ત્વગુણજનિત નિર્મળ અવસ્થા છે. જ્ઞાનારૂઢ અવસ્થાની પ્રાપ્તિ પછી ગુણના વિકારો પોતાનું કાર્ય કરી શકતા નથી, જ્યારે સુષુપ્તિ અવસ્થા પછી જાગ્રત અવસ્થા પ્રાપ્ત થતાં એ જ ગુણવિકારો પોતાનું કાર્ય કરવાની શરૂઆત કરે છે. જ્યારે સંપૂર્ણ જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે જ શાશ્વત શાંતિ મળે છે. જ્યાં સુધી દેહ છે, દેહમાં જીવને મમતા છે, અહંતા છે ત્યાં સુધી 'મને ભૂખ લાગી છે, મને તરસ લાગી છે, મને ઊંઘ આવે છે, મને સુખ થાય છે, મને દુઃખ થાય છે, મને સ્વપ્ન આવ્યું છે, હું જાગું છું, મને ગાઢ નિદ્રા આવે છે, મેં કાંઈ પણ જાણ્યું નથી.' આદિ અનુભવો થાય છે અને તેનું જ્ઞાન પણ જીવને રહે છે. જ્યારે અનાત્મ પણ મરી જ જવાનું છે અને મનના મૃત્યુ સાથે ચિત્તની ચંચળતાનું પણ મૃત્યુ નિર્માયેલું જ છે, ત્યારે ચિત્ત શાંત થાય ત્યારે તે ગંભીર થશે અને કેવળ સાધ્યને જ પોતાનું લક્ષ્ય બનાવીને તેમાં તલ્લીન થશે. આમ મુખ્ય માયાના પ્રભાવને મારવામાં જ પુરુષાર્થ રહેલો છે. એ માયા ક્યારે મરે ?

જે 'અલ્પ' છે તે નાશવાન છે, જે 'ભૂમા' છે તે શાશ્વત છે. માયા 'અલ્પ' છે એટલે નાશવાન છે અને તે નાશવાનનો મોહ છોડી જ્યારે 'ભૂમા' જે શાશ્વત છે તેમાં ચિત્ત એકરૂપ બની જાય ત્યારે એ માયાનો નાશ થાય. આત્મતત્ત્વ 'સત્' સ્વરૂપ છે અને 'આનંદ' સ્વરૂપ છે. માયા અસત્ છે, અચેતન અને જડ છે અને દુઃખરૂપ છે. જ્યારે એવો નિશ્ચય થાય ત્યારે અને જ્યારે સદ્‌વસ્તુના ગ્રહણનો અને અસત્‌ના ત્યાગનો દૃઢ નિશ્ચય થાય ત્યારે અસદ્‌વસ્તુનો વિવેકયુક્ત વૈરાગ્ય દ્વારા ત્યાગ કરીને સત્ વસ્તુમાં ચિત્ત એકાગ્ર કરવાથી માયા નિવૃત્ત થાય છે. આકાશ બાંધી શકાય, વાયુ બાંધી શકાય પણ માયાને બાંધવી ખરેખર વિકટ છે. એ માયા જ જ્ઞાનનું હરણ કરે છે, અજ્ઞાનમાં જ જ્ઞાન છે એમ બતાવે છે અને તેના પરિણામે શ્રી ભગવાને પણ

अज्ञानेनावृत्तं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ।

એ પ્રમાણે કહ્યું. અજ્ઞાનથી એ જ્ઞાન આવૃત્ત થયેલું હોવાથી પ્રાણીમાત્ર અજ્ઞાનને વશ વ્યવહાર કરે છે. જેમ રાખમાં ભારેલો અગ્નિ રાખને ખસેડી દેવાથી પ્રકાશિત થાય છે તેમ અજ્ઞાનથી આવૃત્ત જ્ઞાન પણ અજ્ઞાન જતાં પ્રકાશિત થાય છે અને ત્યારે માયાની નિવૃત્તિ થાય છે.






શ્રી અવધૂતે તો એ માયાનું બિછાનું કર્યું છે ને ! અને એટલે જ સ્વસ્વરૂપની નીચે માયાને દબાવી દીધી છે. એટલે જ અજ્ઞાનનો નિઃશેષ નાશ કર્યો છે અને જ્ઞાનની ઓરામાં એ અજ્ઞાનને દબાવીને જ નહીં પણ તેને નિઃશેષ કરીને શ્રી અવધૂત નિશ્ચિંત બન્યા છે. માયા નીચે 'સોઽહમ્' ઉપર માયાનું બિછાનું અને 'સોઽહમ્'ની ચાદર ! પહેલાં શું હતું ? 'સોઽહમ્'નું બિછાનું અને માયાની ચાદર અને હવે વિપરીત અવસ્થા. ચાદર બિછાનું અને બિછાનું ચાદર. કેવી ગમ્મત છે ! માત્ર પરિવર્તન જ છે ને ? અનાત્મ દેહમાંથી આત્મભાવ નિવૃત્ત થાય છે દેહ અને દેહીનો ભાવ સમજીને જ્યારે એ ભેદ સમજાય છે ત્યારે શરીરના બધા વિકારો આપોઆપ શમી જાય છે. એ વિકારો મનને વશવર્તી છે. મનના માન્યા એ બધા વિકારો દેહાત્મભાવયુક્ત જીવને હેરાન કરે છે. દેહાત્મભાવ જ્યારે ટળી જાય છે, જીવ જ્યારે મનની પકડમાંથી છૂટીને સ્વાત્મભાવમાં સ્થિર થાય ત્યારે મન પણ, જેમ શિકારી શિકાર હાથમાંથી છટકી જવાથી નિરાશ થાય છે તેમ, મોળું પડી જાય છે. અને એ વિકારોથી થતા સુખદુઃખના દ્વંદ્વોનું પણ કાંઈ જોમ ચાલતું નથી. અને ત્યારે જ્ઞાનાવસ્થાના પરિણામે જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિની ત્રિગુણાત્મક અવસ્થાથી મુક્ત જીવ આત્મભાવે સ્વસ્વરૂપમાં 'તુરીય' અવસ્થામાં આત્માનંદમાં અખંડ જાગ્રત રહે છે. અને ત્યારે જ તેને શાશ્વત-શાંતિ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દેહના વિકારોની પીડા મન દ્વારા જીવને ત્રાસ આપે છે ત્યાં સુધી શાશ્વત શાંતિની આશા રાખવી એ આકાશ-કુસુમવત્ છે. એ રીતે ત્રિગુણાત્મિકા ત્રણ અવસ્થાનો લય કરીને શ્રી અવધૂતે 'તુરીય' અવસ્થા પ્રાપ્ત કરી અને તેના પરિણામે શાશ્વત શાંતિનો પણ અનુભવ કર્યો.

જ્યાં સુધી માયા છે ત્યાં સુધી એ 'તુરીય' અવસ્થા ડગવાનો ભય રહે છે ખરો; એ વાત શ્રી અવધૂતના લક્ષ બહાર નથી. તેથી એ માયાનો પણ નિઃશેષ નિસ્તાર શી રીતે કર્યો તે કહેતાં શ્રી અવધૂત કહે છે :

**"માયાકા તો કિયા બિછૌના, સોહં ચદર છાઈ;"**
**"શ્વાસકાસ દબા કર સીધા, નૈનાં દ્વૈત મીંચાઈ!"**

માયા એટલે મિથ્યા મૃગજળ. જે નથી છતાં જણાય તે મૃગજળ. જે મિથ્યા છે છતાંય બંધનનું કારણ બને છે તે માયા. જ્યાં સુધી એવી મિથ્યા માયાનો પ્રભાવ મન પર પડે છે ત્યાં સુધી સાધક સાધ્યવસ્તુ પ્રાપ્ત કરી શકતો નથી. જ્યાં સુધી એવી મિથ્યા માયામાં મન ઘસડાય છે ત્યાં

સુધી સત્યનું જ્ઞાન થતું નથી. એ જ્ઞાન માયાના આવરણથી આચ્છાદિત છે. અને તેથી 'જ્ઞાન' સ્વરૂપ 'સત્'ના જ્યાં સુધી દર્શન ન થાય ત્યાં સુધી એ 'અસત્' માયાનો નાશ થતો નથી, થવાનો સંભવ પણ નથી. એ માયા મરે એટલે મન પણ મરે. પહેલાં દિવસને રાત કહેતા હતા અને રાતને દિવસ કહેતા હતા. હવે દિવસને રાત કહીએ છીએ અને રાતને દિવસ કહીએ છીએ. સોઽહમ્‌નું આવરણ માયા હતી. તે માયાનું પ્રભુત્વ હતું. પહેલાં સોઽહમ્—સ્વસ્વરૂપ તરફ પીઠ હતી હવે માયા-અજ્ઞાન તરફ પીઠ છે. કેટલી વિલક્ષણ અવસ્થા ! પણ ખરી અવસ્થા એ જ છે. અને તેથી જ શ્રી અવધૂતે અસત્‌ને દબાવીને સત્‌ને મોખરે આણ્યું. અસત્‌માંથી સત્‌બુદ્ધિને નિવૃત્ત કરીને સત્‌માં સત્‌બુદ્ધિને સ્થાપિત કરી ત્યારે સોઽહમ્ ચાદર ઓઢવાની તેને મળી. જે સર્વત્ર છે તે પોતે જ છે અને જે પોતે છે તે જ સર્વત્ર છે એવી સમત્વબુદ્ધિ પ્રાપ્ત કર્યા વિના આવી અટીપટી વાતો કહેવી મુશ્કેલ છે તો પછી તેને આચારમાં તો શી રીતે જ મૂકી શકાય ? અસ્તુ.

પણ એ બન્યું છે તે આપણે શ્રી અવધૂતના જીવનમાં ડોકિયું કરીએ તો જાણી શકાય એમ છે. જેણે આશાના બધાય પાશને છોડી નાખ્યા છે, જેણે આત્મતત્ત્વનું અનુસંધાન કર્યું છે તેને મન માયાની શી કિંમત ? માયાપતિને જ પોતાના બનાવ્યા પછી, માયાપતિ જ પતિ બન્યા પછી માયા બિચારી તેને શું કરી શકે ! "પ્રકૃતિ એ તો પુરુષની લોંડી છે, દાસી છે. જ્યાં સુધી પુરુષ પ્રકૃતિને પોતાની દાસી બનાવીને રાખે ત્યાં સુધી તે પુરુષ પર પોતાનું વર્ચસ્વ જમાવી શકતી નથી. પણ જ્યારે પુરુષ પ્રકૃતિનું દાસત્વ સ્વીકારે છે ત્યારે તે પ્રકૃતિ પુરુષના ઉપર સવાર બને છે અને પોતાના પ્રભાવ આગળ પુરુષને ઝાંખો પાડે છે." શ્રી અવધૂતે એવું એક સમે કહ્યાનું સ્મરણ છે. એ માયા તો પ્રભુની ને ! અને જ્યારે એ પ્રભુને પામ્યા છે, જ્યારે 'અહં' અને 'મમ'નો ત્યાગ કરીને કેવળ પ્રભુને જ પ્રાપ્ત કર્યા છે ત્યારે એ માયા બિચારી શું કરી શકે ? માયાનું બિછાનું કરવાની મારી કે તમારી શક્તિ નથી. પણ માયા મારું કે તમારું બિછાનું કરીને સુખે સૂએ છે. એ હિંમત તો શ્રી અવધૂત જેવા કોક જ કરી શકે અને પ્રભાવશાળી સ્વરે ગાઈ શકે !

**'માયા કા તો કિયા બિછૌના'**

અને પછી ? માયાનું બિછાનું કરીને એટલે અસત્‌ને અસત્‌ના નગ્ન સ્વરૂપમાં જાણીને તેના વિરોધી 'સત્'ની પ્રાપ્તિ કરી એ 'સત્' એટલે **'તત્ત્વમસિ'** એવાં સદ્‌બોધથી અને એ જ 'સોઽહમ્' 'તે હું છું.' એવી સોહમ્ ચાદર ઓઢી ! એટલે જ સત્‌સ્વરૂપની પ્રતીતિમાં દેહભાવ તિરોહિત કર્યો. કેટલા આનંદથી ભરેલી ઉક્તિ છે ! એ શબ્દોનો ઉચ્ચાર સરખો પણ કરવાને કોણ અધિકારી હોઈ શકે ? જેણે એ 'સોઽહમ્' વૃત્તિને સ્થિર

કરી હોય અને તેનો અપરોક્ષ અનુભવ કર્યો હોય તે જ આવું કહી શકે ! બીજાની એ કહેવાની શી તાકાત ? પણ જ્યાં સુધી માયાનું બિછાનું બનાવવાની હિંમત ન આવે ત્યાં સુધી, 'સોઽહમ્' ચાદર ઓઢવાની શક્તિ પણ ન આવે. જુઓ શ્રી અવધૂતના બિછાનાની મઝા !







**'માયાકા તો કિયા બિછૌના'**

માયાનું બિછાનું એટલે 'અસત્'. તેને નીચે નાંખ્યું. પછી 'સોઽહમ્'-ની ચાદર એટલે જે 'સત્' માયારૂપી 'અસત્'થી આવૃત્ત હતું તે 'સત્'ને નિરાવૃત્ત કરીને એ 'સત્'માં 'અસત્'ને આવૃત્ત કર્યું. એટલે 'સત્' રહ્યું, 'અસત્' ગયું. પછી શું થયું ? જ્યારે 'અસત્', અજ્ઞાનની નિવૃત્તિ થઈ ત્યારે કેવળ 'સત્' જ્ઞાન રહ્યું. એનો ભાવ એ થયો કે જીવ અને શિવ જે ભિન્ન જણાતા હતા તેની વચ્ચેનો દેહાત્મભાવનો પડદો હટી જતાં એ જીવ અને શિવ એક જ સ્વરૂપ થયા. જ્યારે બ્રહ્મના ઓજસ નીચે માયારૂપી આગિયાનો પ્રકાશ નિઃશેષ થયો ત્યારે એ માયા કેમ જીવી શકે ? સૂર્યનો પ્રકાશ થાય ત્યારે અંધકાર ક્યાં છુપાય ? અને માયા મરે એટલે જીવ અને શિવનો ભેદ પણ રહે ખરો ? જ્યાં 'સોઽહમ્'–નો પ્રભાવ ઝબકે ત્યાં માયાનું અંધારું જડવું જ કપરું ! હવે જ્યારે 'અસત્' ગયું, 'સત્' સ્વરૂપ પ્રગટ્યું ત્યારે તેને સ્થિર કરવાને શ્રી અવધૂતે શું કર્યું તે પણ વિચારવા જેવું છે. મરણની લહર માત્ર કહેવાથી જ આવી જતી નથી. પણ જન્મ અને મરણનો અનુભવ કર્યા પછી જ એ મૃત્યુની લહર પણ આવે છે. એ લહરમાં જ શ્રી અવધૂત કહે છે :

**'શ્વાસકાસ દબા કર સીધા, નૈનાં દ્વૈત મીંચાઈ !'**

જ્યાં સુધી મરવા પડેલા માણસને સહેજ પણ શ્વાસ હોય છે ત્યાં સુધી તેના શ્વાસનો ધબકારો અને ક્વચિત્ ખાંસી જેવું સંભળાતું હોય છે. મરી ગયા પછી એ સહેજ સહેજ અવાજ પણ બંધ થઈ જાય છે, એટલે જ એનો શ્વાસકાસ દબાઈ જાય છે. અહીં શ્રી અવધૂતે વર્ણવેલા આ આધ્યાત્મિક મોતમાં આ શ્વાસકાસનો ઘરઘર અવાજ એટલે એ મન પ્રાણાદિની ચેષ્ટાઓને, દોડધામને અને સૂક્ષ્મ ઊર્મિ જેવી વાસનાઓને, દબાવી દઈને એટલે નિઃશેષ કરીને દ્વૈતની આંખો મીંચી, મડદું થઈ જગતના ચોકામાં પડવાની વાત આલેખી છે. આને જ

**''શ્વાસકાસ દબા કર સીધા''**

કહીને અહીં વર્ણવ્યું છે.

એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સાધનસંકેત પણ એમાં જ છુપાયેલો છે. ''શ્વાસ દબાવી'' એટલે પ્રાણનિરોધ કરી અને 'કાસ દબાવી' એટલે કચ્છ ભીડી-બ્રહ્મચર્યનું પાલન કરી. કેટલી મજાની શબ્દરચના છે ! એનો જ થોડો વિચાર કરીએ.



બ્રહ્મચર્યનિષ્ઠાપૂર્વક પ્રાણાપાનગતિનું રોધન કરીને, નિર્વિકલ્પ સમાધિ

પ્રાપ્ત કરીને, આત્મસ્થિતિને નિશ્ચળ કરીને, દ્વૈતને જોનારી દૃષ્ટિને મીંચી દીધી. અદ્વૈતવૃત્તિ અચળ કરી. જ્યાં સુધી માયાનું અસ્તિત્વ હતું, ત્યાં સુધી જ 'અહં' અને 'મમ'ની સત્તા હતી. અને તેના પરિણામે 'મારું' અને 'તારું' એવી દ્વૈતબુદ્ધિ પણ હતી. પણ જ્યારે એ 'અહં' અને 'મમ' નિવૃત્ત થયું ત્યારે

''निर्ममो निरहंकार''

બનીને શાશ્વતશાંતિ પ્રાપ્ત કર્યાના પરિણામે 'જગત બ્રહ્મ' અને 'બ્રહ્મ જગત' એવી અદ્વૈતવૃત્તિ સ્થિર બની. એ જ

''નૈના દ્વૈત મિચાઈ''

એ શબ્દોનો મર્મ છે. કોઈપણ પ્રાણી કે પદાર્થને જોવાની જ્યારે ઇચ્છા થતી નથી ત્યારે આપણે આંખો મીંચી લઈએ છીએ એ તો સાધારણ વાત છે. અને શ્રી અવધૂતે પણ અહીં એ જ વાત કહી છે. જે આંખો વડે જગત જણાય છે અને જે આંખોમાં, અભિન્ન છતાં જગતથી ભિન્ન બ્રહ્મ જણાય છે, જે આંખોમાં વિકારના કારણે જગત અને બ્રહ્મ ભિન્ન રૂપે, દ્વૈતસ્વરૂપે રહેલું છે તે દૃષ્ટિને સદાને માટે નિવૃત્ત કરવાથી દ્વૈતવૃત્તિને હવે પોષણ મળતું નથી. અને પરિણામે

जीवो ब्रह्मैव नापरः ।

એવો અદ્વૈતભાવ ઉત્પન્ન થયો છે, ત્યારે જ દ્વૈતનૈન મીંચાયાં છે જગત તરફથી દૃષ્ટિ બીડાઈ ગઈ છે એમ કહી શકાયું. એ કેવળ કહેવાની વાત નથી. પણ શ્રી અવધૂતે એ વેદવાક્યનો અક્ષરશઃ અપરોક્ષ અનુભવ કર્યો છે. અને જ્યારે જીવ બ્રહ્મ જ છે એવો અનુભવ થયો છે ત્યારે જ શ્રી અવધૂતે આ વાક્ય ઉચ્ચાર્યું છે. એ અનુભવ થયા પછી સ્થૂળ આંખો ઉઘાડી હોય તો પણ ત્યાં દ્વૈતનો અભાવ હોવાથી, કેવળ અદ્વૈતનો જ ભાવ હોવાથી જગતને બ્રહ્મદૃષ્ટિએ જોનાર આંખો જગતની દૃષ્ટિએ તો મીંચાયેલી જ છે. અને તેથી જ કહેવું પડશે કે શ્રી અવધૂતે એ અદ્વૈત અવસ્થાનો અનુભવ કરીને દ્વૈતાવસ્થાને નિઃશેષ નિવૃત્ત કરી છે. એ અદ્વૈત દૃષ્ટિપાત કરવાને શ્રી અવધૂતે જે અમોઘશાસ્ત્રનો ઉપયોગ કર્યો છે તે પણ અહીં શ્રી અવધૂત અંતે સાધકને આપે છે. તે શું છે ?

''જ્ઞાન જહર આપે પી લીના, જગ ઝંઝટ ભૂલાઈ,''
''બનકે મુરદા પડે ચૌકમેં, રંગ જીવ ઉડ જાઈ!!''

મોતની વાર છે. હજી એનો કાળ આવ્યો નથી અને પ્રાપંચિક જીવનનો કંટાળો આવ્યાથી મરણની લહર તો આવી છે. શ્રી અવધૂતે શું કર્યું ? એણે તો પીધું ઝેર ! પણ આધ્યાત્મિક હોં ! અને કર્યો આપઘાત ! અને સૂતા જઈ સ્વયં બ્રહ્મચોકમાં !!! આ જરા વિસ્તારથી જોઈએ.

ઝેરનું પરિણામ જેમ મૃત્યુ છે તેમ જ્ઞાનનું પરિણામ પણ અજ્ઞાનનું અવસાન છે. એ જ્ઞાન અગ્નિ છે. એ જ્ઞાન ઝેર છે. શ્રી અવધૂતે એ

ઝેર આપે એટલે કોઈના પાયા વિના જ પી લીધું છે. કેમ ? અજ્ઞાનનું મૃત્યુ સાધવા માટે ! અજ્ઞાનનું મૃત્યુ જ્ઞાન વિના થતું નથી. અંધકારનો નિસ્તાર પ્રકાશથી જ થાય છે. અહીં 'જ્ઞાન ઝહર' એ કેવળ શબ્દજ્ઞાન વાચક નથી. જ્યાં સુધી ઝેર પચતું નથી, શરીરમાં રગેરગે તે પ્રસરતું નથી, ત્યાં સુધી તેની વિષૈલી અસર થતી નથી અને શરીર મરતું નથી. જ્ઞાન ઝહરની પણ એવી જ વાત છે. જ્યાં સુધી એ જ્ઞાન કેવળ શબ્દજ્ઞાન છે, વાચારંભણ છે ત્યાં સુધી તે અજ્ઞાનને નિવૃત્ત કરી પોતાનું પોત પ્રકાશતું નથી. પણ અહીં તેવા શબ્દજ્ઞાનનો ઉલ્લેખ નથી. અહીં તો જ્ઞાનઝહરને પોતેજ પીને, જેમ શંકર ભગવાને વિષકુંભ ગટગટાવ્યો તેમ, શ્રી અવધૂતે પણ જ્ઞાનરૂપી ઝેરનો પ્યાલો ગટગટાવ્યો અને તેનું તેજોમય ઓજસ જ્યારે રગેરગમાં પ્રસર્યું ત્યારે અજ્ઞાનનો વિનાશ થયો અને અદ્વૈત, અખંડ, સચ્ચિદાનંદસ્વરૂપનાં તેને દર્શન થયાં. અને પરિણામે 'સોઽહમ્'નું સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થયું, અને ત્યારે તેના પરિણામે જગતની ઝંઝટ પણ મટી ગઈ ! પછી જગત જ ક્યાં રહ્યું ? જ્યાં જ્યાં નજર એની ફરી ત્યાં ત્યાં એણે પોતાને જ જોયા ! અને અનેકરૂપે એ પોતે જ એક રૂપે જણાયા. ત્યારે એને મન 'જગત પોતે' અને 'પોતે જગત' એવો અપરોક્ષ અનુભવ થયો. જ્ઞાનઝહરના પાનનું એ પરિણામ. સાકર ખાધા વિના તેના સ્વાદનો આનંદ આવતો નથી અને અનુભવ પણ થતો નથી. તેમ જ્યાં સુધી શબ્દજ્ઞાનનો અપરોક્ષ અનુભવ થતો નથી ત્યાં સુધી જ્ઞાનની પરિપક્વ અવસ્થા નથી, એટલું જ નહીં પણ એ જ્ઞાનનો અંતિમ આનંદ પણ મળતો નથી. જે આનંદપ્રાપ્તિ કરીને ક્ષણિક આનંદની અભિલાષા રહેતી જ નથી એવા બ્રહ્મસ્વરૂપનો આનંદ તો કેવળ અપરોક્ષ અનુભવનું જ પરિણામ છે. 'તે હું છું' એમ કહેવાથી કહેનારો બ્રહ્મ બની જતો નથી. જ્યાં સુધી એ વાક્યના મર્મનો અનુભવ ન થાય ત્યાં સુધી એ કેવળ શબ્દજ્ઞાનનો વાસ્તવિક અર્થ અને મર્મ સમજાતો નથી. એ શબ્દજ્ઞાનનો મર્મ સમજાય પછી, અનુભવગમ્ય થયા પછી એ શબ્દજ્ઞાનની જરૂર પણ રહેતી નથી. અને 'તે હું છું' એમ કહેનારો પણ કોઈ રહેતો નથી.

અહીં શ્રી અવધૂતે જ્ઞાનને ઝહરની ઉપમા આપી છે. તેનો આપણે બીજી રીતે વિચાર કરીએ. સાધારણ રીતે 'ઝેર ઝેરને મારે છે.' એવી એક કહેવત છે. માયા એ ઝેર છે. તેને મારવા માટે જ્ઞાનરૂપી ઝેરની જ જરૂર છે. જ્યારે જ્ઞાનરૂપી ઝેરનું પાન કરીએ ત્યારે માયારૂપી ઝેર આપોઆપ જ ઊતરી જાય છે. તેથી અહીં જ્ઞાનને ઝેરની ઉપમા આપી છે એમ અનુમાન કરી શકાય છે. જ્ઞાનઝહર પીવાથી શું થાય તે પણ શ્રી અવધૂતે પોતે જ કહ્યું છે. મનુષ્ય જ્યારે માદક પદાર્થનો નશો કરે છે ત્યારે પોતાની જાતને ભૂલી જાય છે. અમૃતનો નશો ચઢતો નથી. નશો ચઢે છે ઝેરનો. અને તેથી જ્ઞાનઝહર પીતાં જ તેનો નશો ચઢ્યો.





અને તેના પરિણામે 'હું જીવ' 'હું દેહ' એ ભાનની વિસ્મૃતિ થઈ. જેમ માદક પદાર્થના ઘેનમાં આત્મવિસ્મૃત માનવી યદ્વાતદ્વા બોલે છે તેમ અહીં 'હું દેહ છું', એ ભાન ભુલાયું અને 'હું બ્રહ્મ છું', 'હું તે છું' એવું જીવને ભાન થયું અને તે જ ભાનમાં જગતની બધી જંજાળ જીવ ભૂલ્યો અને આત્મસ્વરૂપમાં સ્થિત થયો. જ્ઞાનઝેર પણ એક અજોડ અમૃત છે. ઝેરમાં પણ અમૃત રહેલું છે તેની પ્રતીતિ અહીં થાય છે. માદક પદાર્થનું સેવન કરનારને તેની ક્ષણિક ખુમારી રહે છે. પણ જ્ઞાનઝહર પાચન કરનાર ભગવાન નીલકંઠ સમા આત્મવિસ્મૃતને તે અમૃત બનાવે છે, અમર બનાવે છે. તેના જન્મ અને મૃત્યુનું પણ મૃત્યુ થાય છે અને ત્યારે જ તે કહે છે

"चिदानंदरूपः शिवोऽहं शिवोऽहम्"

અને એ શાશ્વત ખુમારી એ જ શાશ્વતશાંતિ છે. એવી શાશ્વતશાંતિ જ્યારે મળે છે ત્યારે જ્ઞાનઝહરની ખુમારીમાં મસ્ત બનેલો આત્મસંગી અવધૂત

'બનકે મુડદા પડે ચૌકમેં, રંગ જીવ ઉડ જાઈ!'

મુડદા સમો નિશ્ચેષ્ટ બની જાય છે. નિશ્ચેષ્ટ એટલે નિષ્ક્રિય અને નિષ્કર્મ. નિષ્ક્રિય કારણકે તે કોઈ પણ ક્રિયા સંકલ્પયુક્ત કરતો નથી. નિષ્કર્મ એટલે તે કોઈ પણ સંકલ્પ કરતો નથી અને સર્વસંકલ્પવિવર્જિત અને સર્વારંભપરિત્યાગી એ આત્મસ્થિત મુડદા કરતાં બીજી કેવી સ્થિતિ ભોગવે ? જ્યારે મનુષ્ય આત્મતત્ત્વમાં સમરસ બની જાય છે, જ્યારે તે આત્મા જ બની જાય છે, ત્યારે શ્રી ભગવાને કહ્યું તેમ તેને કશું જ કરવાનું રહેતું નથી. તે કેવળ જડભરત જેવો બની જાય છે. જ્યાં સંકલ્પ છે ત્યાં જ ક્રિયા છે. સંકલ્પના અભાવે કર્મ કે ક્રિયા શક્ય નથી. તેનાથી જે કાંઈ થાય છે તે કેવળ પ્રારબ્ધવશાત્ જ થાય છે. અને તેથી અહીં શ્રી અવધૂતે કહ્યું :

'બનકે મુડદા પડે ચૌકમેં'

એવા આત્મરત અવધૂતનો જીવ ઊડી જાય છે એટલે જીવભાવ અહંતા અને મમતા ઊડી જાય છે. બ્રહ્મભાવમાં ઓગળી જાય છે. તેની નજરમાં જીવ–શિવનો, જગત અને બ્રહ્મનો ભેદ રહેતો નથી. અને એ જ સાચી મરણની લહર છે – સૂક્ષ્માતિસૂક્ષ્મ ગૂઢ આનંદની સેર છે. આવા આધ્યાત્મમૃત્યુને વરેલો મરતો નથી. મરેલા જેવો, જીવતાં કે મરતાં અમર જ છે. અને શ્રી અવધૂતને આવા આધ્યાત્મ મૃત્યુની જ લહેર આવી છે.






(૪૬)

કરની બીન કથનીકી કીમત કૌડી જાન બજારોં હૈ (૨);
બિન કથની કરની કર બંદે! ઊધરે સંત હજારોં હૈં.-ધ્રુવ.
બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ (૨);
માન લોભ છૂટાના મનસે, કરત બોધ પરભારો હૈ !–કરની. (૧)
બ્રહ્મજ્ઞાન મૂંગોકી બાતાં, સુને સાધુ કો બિરલો હૈ (૨);
પતિવ્રતા નિજ કંથ મિલનકી, સુનત બાત શિશુ ભોલો હૈ !–કરની. (૨)
બૃત્તિ બિન રૂખો કથવારો, દેહાધ્યાસ ભરારો હૈ (૨);
જ્યોંઉં મીંદડી ગાવત મીઠો, ધ્યાવત મૂસા ચારો હૈ !–કરની. (૩)
કર સત્સંગ સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ (૨);
રાગદ્વેષ ન છૂટે તબલૂ, જ્ઞાન પેટ ગુજારો હૈ !–કરની. (૪)
ખ્યાલ ન કર ઔરનકા સાધો, આતમરંગ અકેલો હૈ (૨);
ચીન્હે સો કહને ન પાવે, દેખત જિયરો ઠારો હૈ !!–કરની. (૫)

*

કરવું અને કહેવું. કહેવું નહીં અને કરવું. કહેવું અને નહીં કરવું. આ ત્રણે વાતોનું પરિણામ શ્રી અવધૂતે આ ગીતમાં ગાયું છે. પ્રથમ આપણે 'કહેવું નહીં અને કરવું' એ વાતનો વિચાર કરીએ. શ્રી અવધૂતે કહ્યું :

**'કરની બિન કથનીકી, કીમત કૌડી જાન બજારોં હૈ'**

કહેવું પણ તે પ્રમાણે સ્વતઃ કરવું નહીં એવી પરોપદેશે પાંડિત્યની વૃત્તિનો ઘોર વિરોધ કરીને શ્રી અવધૂત કહે છે કે એવી કથનીની કિંમત વિચારી જગત કે સંતોના બજારમાં કોડીની પણ નથી. એવા શુષ્ક કથનથી નથી આત્મકલ્યાણ સધાતું કે નથી પરકલ્યાણ સધાતું. આજકાલ એવા "કહેવું પણ તે પ્રમાણે સ્વતઃ કરવું નહીં." એમ કરનારા વાચાળ ઉપદેશકોનો તો જ્યાંત્યાં, ચોમાસામાં અળસિયાંની માફક રાફડો ફાટી નીકળ્યો છે. જ્યાં વાણી, વિચાર અને વર્તનમાં એકવાક્યતા નથી, જ્યાં અહંકાર અને મમતાનો ભરગાળો છે તેવા પ્રભુતા પામતા નથી. એવાઓની કથનીમાં કશો જ અર્થ નથી. અને એવાં પ્રવચનો શ્રવણ કરવાથી શ્રોતાનું કલ્યાણ પણ થતું નથી. શ્રી અવધૂતે પણ કહ્યું છે :

"વાણી–વર્તન–વાક્યે સમતા,
નિરહંકૃતિના જેને મમતા,
વણ માંગ્યે રંગ મળે પ્રભુતા."

અને આ ગીતના ગર્ભમાં શ્રી અવધૂતે એ જ વાતનું સમર્થન કર્યું છે. એવા વાણી, વર્તન અને વાક્યમાં વિસંવાદી વક્તાઓના કથન શ્રવણ

કરીને કોણ સંસારને પાર કરવાને સમર્થ બન્યું ? હવે તેવા વક્તાઓ દ્વારા છાસવારે થતી ધાર્મિક ગ્રંથોની સપ્તાહો સાંભળીને કોનો ઉદ્ધાર થયો ? કોને આત્મલાભ થયો ? કોણે દ્વૈતભાન વિસારી અદ્વૈતમાં ઐક્ય સાધ્યું ? અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું. 'કરણી વિનાની કથનીથી નથી કહેનારનું કાંઈ શ્રેય થતું કે નથી શ્રવણ કરનારનું કાંઈ રંધાતું.' આ વાત નાસ્તિકની નથી. પરમ આસ્તિકની વાણી છે. અનુભવના એ શબ્દો વિચારણીય છે. અને આચારમાં મૂકવા જેવા પણ છે. કારણ કે

**બિન કથની કરની કર બંદે ! ઊધરે સંત હજારોં હૈ !**

ઉપર કહ્યું તેમ કરણી વિના એટલે આચાર વિનાના વિચારો અને પ્રવચનોની સાંભળનારના ઉપર કાંઈ સ્થાયી અસર ભાગ્યે જ થાય છે. ઠીક છે, સમય વિતાવવા માટે બીજે જવું તેનાં કરતાં કથામાં જઈને બેસવું ઠીક છે, એમ ધારીને કેટલાક શ્રોતાઓ શ્રવણ કરવા જાય, પણ ક્યાં તો બીજાઓ સાથે વાતે વળગે અથવા ઊંઘનાં ઝોકાં ખાય. આચાર-વિહીન કથની એ કેવળ કૂતરાના ભસવા જેવું છે. અને તેથી શ્રી અવધૂતે

**भाषणं भषणं विद्धि चित्तस्वास्थ्यप्रहारकम् ।**
**सभा भासो वृथा लोके तस्माज्जागृहि जागृहि ॥**

"ભાષણ એ ભસવા જેવું છે. જેમ કૂતરાં ભસે છે ત્યારે ચિત્તમાં વિક્ષેપ થાય છે તેમ એવાં ભાષણોથી મનમાં અનેક તર્કકુતર્ક ઉત્પન્ન થઈ, ચિત્તની શાંતિ હરાઈ જાય છે. સભા એ ખોટો ભાસ-દેખાવ છે માટે શરીરસ્વાસ્થ્ય છે ત્યાં સુધી જાગ, ઊંઘ ખંખેરી બેઠો થા !"

એવી રીતે શુષ્ક કથની પ્રત્યે કટાક્ષ કરીને શ્રી અવધૂતે કહ્યું : 'હે ખુદાના બંદા, બકબક કર્યા વગર સીધો સીધો થાય તે કર્યા કર, આચારમાં મૂક. એ રીતે જ મૂક આચરણથી હજારો સંતો ભવપાર થઈ ગયા છે. માત્ર મોઢેથી જ કહેવાથી શો અર્થ ?' બીજાઓને નીતિમય જીવન વિતાવવાનો બોધ કરનાર જ્યારે પોતાના પર પ્રસંગ આવે ત્યારે અનીતિમય વર્તન કરે ત્યારે તેનું પરિણામ વિપરીત આવે છે. અને મોઢું ઓછું હલાવનારના કેવળ મૂક પવિત્ર આચરણથી અનેકોનાં જીવનપરિવર્તન થયેલાં જોવામાં આવે છે.

આત્મોન્નતિને માર્ગે જનાર સાધકને જીવન જીવવાને આત્માનુભવી ઋષિમુનિઓએ જીવનના નીતિ-નિયમો રચ્યા છે. તે નિયમો આદર્શનિયમો છે. એ આદર્શનિયમોનું જીવનમાં આચારયુક્ત પાલન કરનારનું જીવન આદર્શજીવન છે અને એવું આદર્શજીવન જીવીને મૂક છતાંય જગતને માર્ગદર્શન દેનાર જગતનો આદર્શ છે. 'કથની કર્યા વિના કરણી કરવી' એ આદર્શજીવનનો એક સર્વોત્તમ સિદ્ધાંત છે. શ્રી અવધૂતે આ પંક્તિઓમાં બે વાત કહી છે. "બિન કથની કરણી" અને "કરણી બિન કથની." "બિન કથની કરની" એ આત્મોદ્ધારનો માર્ગ છે અને "કરણી બિન






કથની'' અધઃપતનનો માર્ગ છે. આદર્શ જીવન મનુષ્યને ઉન્નતિના શિખર પર લઈ જાય છે. આદર્શ વિનાનું દાંભિકજીવન મનુષ્યને અધોગતિના ગર્તમાં પછાડે છે. ડુંગર ચઢવો મુશ્કેલ છે પણ ડુંગર પરથી પડતાં વાર લાગતી નથી. શ્રી અવધૂતના ઉપર કહ્યાં ઉભય સૂત્રો પૈકી શ્રી અવધૂતે પોતાના જીવનમાં કયું સૂત્ર સ્વીકાર્યું છે તે પણ જોવા જેવું છે. અને તેથી આપણે શ્રી અવધૂતને ઓળખવાને પૂર્ણપણે તો નહીં જ પણ અંશતઃ પણ ઓળખવાને શક્તિશાળી બનીશું.

શ્રી અવધૂતનું આદર્શ જીવન

"બિન કથની કરની"

એ સૂત્ર પર ચણાયેલું છે. એ સૂત્ર શ્રી અવધૂતના જીવનનું આલંબન છે. અને તેથી કોઈ પણ સમે વ્યાસપીઠ ઉપરથી વક્તાના વેષમાં વ્યાખ્યાન કરતા શ્રી અવધૂતને કોઈએ જોયા કે સાંભળ્યા નથી. છતાં શ્રી અવધૂતનું નામમાત્ર શ્રવણ કરીને ભણેલા, અભણ, સ્ત્રી, પુરુષો અને બાળકો, સુધરેલા અને ચિકિત્સક અથવા ભોળા ગામડિયાઓ હજારોની સંખ્યામાં ધસી આવે છે. તેનું શું કારણ હશે ? કલ્પના તો કરો !

વાણી, વર્તન અને વાક્યની વિસંવાદિતા જેવો દંભ જગતમાં એકે નહીં હોય. શ્રી અવધૂતનું જીવન એક નિર્દંભ અને ખુલ્લા પુસ્તક જેવું છે. 'જેવી વાણી તેવું જ વર્તન અને જેવું વર્તન તેવું જ વાક્ય' એ શ્રી અવધૂતનો સિદ્ધાંત છે. એ સિદ્ધાંતના આચારને પરિણામે આપણે શ્રી અવધૂત તરફ, જેમ લોહ ચુંબક તરફ આકર્ષાય છે તેમ, બાળક જેમ માતા તરફ આકર્ષાય છે તેમ, પતંગ જેમ દીપક તરફ આકર્ષાય છે તેમ આકર્ષાઈએ છીએ. શાસ્ત્રોમાં સિદ્ધિની વાતો લખી છે. તેવી કોઈ સિદ્ધિ શ્રી અવધૂતને વરી છે કે નહીં તે તો આપણે જાણતા નથી. પણ જગતને વશ કરવાની, જે સમાગમમાં આવે તે, ચુંબકને જેમ લોહ વળગે તેમ શ્રી અવધૂતને વળગી રહેવાની, વશિતા સિદ્ધિનો આ મહામંત્ર છે. એવો સંજીવની મંત્ર બીજો શોધ્યો પણ જડે એમ નથી. આ મહામંત્ર જેવો બીજો માર્ગ પણ નથી. પણ એ માર્ગ, એ સિદ્ધાંત પણ જો જગતને વશ કરવાના સંકલ્પથી કે 'હું જગતને વશ કરીશ' એવા અભિમાનથી અપનાવ્યો હોય તો તેમાં પણ અહંતા ભારોભાર રહેલી છે. પરિણામે જગત વશ થતું નથી અને સિદ્ધિ અસિદ્ધિ થઈ જાય છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ,**

**'કરની બિન કથની'**ના સૂત્રના પરિણામનો અહીં શ્રી અવધૂતે ઉલ્લેખ કર્યો છે. અહીં પંડિત શબ્દનો અર્થ કેવળ પોથીપંડિત એવો જ અભિપ્રેત છે. એવા પંડિતો કથાપુરાણ રોજ રોજ વાંચે છે, પણ પથ્થર પર સો ઘડા પાણી રેડીએ તોય પથ્થર જેમ કોરો જ રહે છે, તેમ નિશદિન

પોથી વાંચનાર પંડિતો પણ કોરા પથ્થર જેવા જ રહે છે. સમડી આકાશમાં ઊંચે ઊડે છે. ગગનવિહારી એ પક્ષીની દૃષ્ટિ ઊંચે આકાશનાં ઊંડાણ માપતી નથી. પણ નીચે પડેલા માંસના ટુકડા પર રહે છે, અને જ્યાં એવો માંસનો ટુકડો જોયો કે ગમે તેટલી ઊંચાઈએ ઊડતી એ સમડી જેમ વાયુવેગે નીચે ઊતરીને એ માંસના ટુકડાને ઝટ પોતાની ચાંચમાં પકડી ઊંચે ઊડી જાય છે તેમ, એવા પોથીપંડિતો વાતો તો બ્રહ્મજ્ઞાનની કરે છે, 'अहंब्रह्मास्मि'ના સિદ્ધાંતનું સમર્થન કરે છે, 'આત્મા તું જ છે' એમ પણ કહે છે પણ તેની નજર તેની પોથી પર પડેલાં વસ્ત્રો અને નાણાં પર જ સદા રહે છે. પુસ્તકો વાંચવાનો અભ્યાસ કરીને, તેનું પરિશીલન કરીને પણ તેની લોભવૃત્તિ નિવૃત્ત થતી નથી. વક્તા બનીને વ્યાસપીઠ ઉપરથી કહેશે, -"કામ, ક્રોધ, લોભ એ નર્કના દ્વાર છે" એ ભગવાન શ્રી કૃષ્ણના વાક્યોનો ઉચ્ચાર કરશે. પણ તેની એ કથનીનો મર્મ જીવનમાં ઉતાર્યા વિના જ એક ધોતિયા જેવી નજીવી વસ્તુમાં પણ તેનું ચિત્ત ચોંટશે. આમ થાય ત્યારે તેનાં વાંચન અને શાસ્ત્રના પરિશીલનમાં ક્યાંય અર્થ રહેતો નથી અને એવાઓને મોઢેથી કથા સાંભળી સાંભળીને સંતકવિ અખાજીએ કહ્યું તેમ કાન ફૂટી જાય તો પણ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જ્યાં સુધી જીવના આત્મોદ્ધારના ઉચ્ચ આદર્શોને જીવનમાં ઉતારી આચારમાં ન મૂકીએ ત્યાં સુધી આદર્શની વાતો કરવી એ કેવળ ફુસકા કૂટીને તેમાંથી ધાન્ય પ્રાપ્તિની આશા રાખવા જેવું છે. જાણ્યા પછી પણ જો તેવી વૃત્તિ નથી કેળવી શકાતી તો તે જ્ઞાન પણ કોડી કિંમતનું છે. અને તેથી જ અહીં શ્રી અવધૂતે

"કરની બિન કથનીકી કિંમત"

વગેરે કહી એ પ્રત્યે કટાક્ષ કર્યો છે. શ્રી અવધૂત ઉપદેશના વિરોધી નથી પણ ઉપદેશબાજીના કટ્ટર વિરોધી છે. જે ઉપદેશ આચારવિહીન છે તેવા ઉપદેશ પ્રત્યે એમને તદ્દન અણગમો અને ઘૃણા છે. આચારયુક્ત ઉપદેશક તો એમને સદાય વંદ્ય છે.

જે જાતે કહીને કરે છે, આચરીને ઉપદેશે છે તેનું કથન ગમે તેવા પથ્થર હૃદયને પણ પીગળાવવાને સમર્થ છે. તેના હૃદયનું પરિવર્તન કરી દેવામાં સફળ નીવડે છે. અને તેથી જ એવા સંતોનાં ચરણોમાં શિર ઝુકાવવાનું શ્રી તુકારામ મહારાજે કહ્યું.

આગળ ચાલતાં એવા જ પોથીપંડિતોની વાચાળતા સંબંધમાં શ્રી અવધૂત કહે :

"માન લોભ છૂટા ના મનસે, કરત બોધ પરભારો હૈ !"

આત્મજ્ઞાનની વાત કરનાર, દેહની નશ્વરતાનો અને આત્માની શાશ્વતતાનો બોધ દેનાર, જ્યારે દેહ અને આત્માના ભેદને પરખી ન શકે ત્યારે તેનું કથન શા ઉપયોગનું ? જ્યાં સુધી માનાપમાન, ઇચ્છા

અને લોભની વૃત્તિથી મન મોકળું થયું નથી ત્યાં સુધી એવા કથનનું પરિણામ મીંડું છે. જેમ મૃગજળમાં સ્નાન કરનારનું રૂંવાડુંય પલળતું નથી તેમ એવા ઉપદેશને શ્રવણ કરનાર એકેયની મુક્તિ થતી નથી. એકેયના ચિત્તની શુદ્ધિ નથી થતી અને પરિણામે એવો બોધ કેવળ વાચારંભણ જ છે. એવાઓને કેવળ શબ્દોની જાળ બિછાવીને, જેમ પારધી પંખીડાંને જાળમાં જકડી લે છે તેમ, શ્રોતાઓને એ શબ્દજાળમાં જકડી લઈ તેમની પાસેથી ધન, માન વગેરે પ્રાપ્ત કરવાની જ લાલસા હોય છે. અને તેથી એવો બોધ 'પરભારો' છે, એમ શ્રી અવધૂત કહે છે. તાત્પર્ય એ છે કે જ્યારે ઉપદેશક શ્રોતાને નિર્માનમોહ અને નિર્લોભ થવાનો ઉપદેશ આપે છે, બોધ કરે છે ત્યારે સ્વયં નિર્લોભ, નિર્માનમોહ થવું જરૂરનું છે. 'માન અને અપમાન દેહનાં થાય છે. આત્મા દેહથી નિર્લેપ છે અને તેને માન-અપમાન સાથે કશો જ સંબંધ નથી.'' એવું કહેનાર વક્તાએ એ વક્તવ્યને પોતાના જીવનમાં જો ન ઉતાર્યું હોય તો એ કહેવાનો તેને અધિકાર નથી. ઉપદેશ કરવાનો અધિકાર કેવળ ગુરુને જ છે. અને ''ગુરુ'' એટલે એક 'આદર્શ.' મનસા, વાચા કર્મણા જેણે તત્ત્વને પોતાના જીવનમાં ઉતાર્યું છે તે જ સાચો ગુરુ છે. તેવા ગુરુના શબ્દોના શ્રવણથી જ શ્રોતાનું કલ્યાણ થાય છે. અસ્તુ.

લોભ નર્કનું દ્વાર છે એમ તો શ્રી ભગવાને કહ્યું છે. એ લોભવૃત્તિ માનવતાનો મહાન શત્રુ છે. ધનલોભીને મન જગતનું ધન પોતાનું કરવાની લાલસા હોય છે. અને તેથી તે સારાસારનો વિવેક કર્યા વિના પણ ગમે ત્યાંથી ધન પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહે છે. ગમે તેવો વિદ્વાન હોય, શાસ્ત્રમાં પારંગત હોય, આલોક પરલોકની વાતો કરતો હોય, જગત જેને પૂજ્ય માને એવા મનુષ્યોને અંતરમાંથી પણ એવા ધનની પ્રાપ્તિની વૃત્તિ દૂર થતી નથી. અને પરિણામે તેનું ભણતર, પાંડિત્ય પૂજ્યતા આદિ વ્યર્થ જણાય છે. અને તે જ રીતે માન અને પ્રતિષ્ઠાની લોકૈષણા એવા વિદ્વાનોને જાણે અજાણે પણ ઉપરથી નીચે પછાડ્યા વિના રહેતી નથી. અને તેથી એવા ધનલોભી અને લોકૈષણાના લોભી જનોના વક્તવ્યમાં કાંઈ સાર નથી. તેમનું ઉપદેશાત્મક પ્રવચન કેવળ શબ્દજાળ કિંવા વાણીવિલાસ છે. એનું પરિણામ પોતાના ઉપર કે શ્રવણ કરનારના ઉપર કાંઈ પણ થતું નથી. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂતે બ્રહ્મજ્ઞાનની પ્રતિષ્ઠા વ્યક્ત કરતાં કહ્યું :

**'બ્રહ્મજ્ઞાન મૂંગોંકી બાતાં, સુને સાધુ કો બિરલો હૈ;'**

મૂંગાની વાણી ? મૂંગા બોલી શકતા નથી એ સ્વાભાવિક છે. છતાં શ્રી અવધૂત 'મૂંગાની વાતો' છે એમ કહે છે. વસ્તુતઃ બ્રહ્મજ્ઞાન પુસ્તકોમાં કે વિદ્વત્તામાં ભરેલું નથી. એ 'પરાવિદ્યા' તો જ્યારે અપરાવિદ્યાના સમસ્ત વિકારોથી માણસ સર્વાંશે મુક્ત બને ત્યારે જ તેને ગુરુદેવના આશીર્વાદરૂપે

પ્રાપ્ત થાય છે. બ્રહ્મજ્ઞાન વાટેઘાટે મળતું નથી. અને પુસ્તકો વાંચીને 'હું બ્રહ્મ છું' એમ કહેનારો સાચો બ્રહ્મજ્ઞાની નથી. જ્યાં સુધી દેહ છે, દેહની અહંતા છે, દેહમાં મમતા છે અને જ્યાં સુધી જાગતિક પ્રપંચોની લાલસા છે ત્યાં સુધી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિની આશા સેવવી એ આકાશકુસુમ પ્રાપ્ત કરવાની આશા સેવવા બરાબર છે. જેમ આકાશકુસુમની આશા કદી ફળતી નથી તેમ જગતને ચિત્તમાં રાખીને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની આશા રાખવી એ પણ વ્યર્થ છે. જેમ મૂંગો માણસ વૈખરીનો પ્રયોગ કરી શકતો નથી તેમ બ્રહ્મજ્ઞાન પણ વાણીનો વિષય નથી. બ્રહ્મવેત્તા છે તે બ્રહ્મ શું છે તેનું વર્ણન કરી શકતો નથી. કારણ કે પરમતત્ત્વ મન, વાણી આદિ ઈન્દ્રિયોના ક્ષેત્રથી પર છે. મૂંગો જેમ સાનમાં પોતાની વાત સમજાવી શકે છે તેમ એ બ્રહ્મનું જ્ઞાન પણ કેવળ અનુભવથી જ જાણી શકાય છે, સમજી શકાય છે. જે કેવળ અનુભવગમ્ય છે તેનો જેને અનુભવ થાય છે તે ખરેખર મૂંગો બની જાય છે. એક મૂંગો માણસ આકંઠપર્યંત ભોજન કરીને તૃપ્ત થયા પછી તેની તૃપ્તિનું વર્ણન કરી શકતો નથી. પણ તેના આનંદનો અનુભવ પોતે જ કરીને, જેમ

"आत्मन्येवात्मना तुष्टः"

જેવી સ્થિતિનો અનુભવ કરે છે તેમ, જે બ્રહ્મજ્ઞાની છે, જેણે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે એ આત્માનંદની વાતો બોલી શકતો નથી પણ પોતે જ પોતામાં પરિતૃપ્ત થઈને બીજાને સંકેતમાત્રથી બોધે છે. એવા બ્રહ્મજ્ઞાનીના મૌનમાં જ તેની આત્મતૃપ્તિનો બોધ સમાયેલો છે. તે મૌનનું રહસ્ય સમજવાની બધામાં શક્તિ નથી. એટલું જ નહીં પણ બધા તે સમજી પણ શકતા નથી. એની એ મૂકવાણીને તો કોક વિરલો સાધુ જ સમજી શકે છે. અહીં શ્રી અવધૂતે 'સાધુ' શબ્દનો પ્રયોગ પણ સહેતુક કર્યો છે. સાધુ એટલે શમદમાદિ સાધનચતુષ્ટયયુક્ત જે પુરુષ છે, જેણે એ સાધનો દ્વારા જગતને પોતાના મનમાંથી તિલાંજલિ આપી છે અને જે જગતમાં હોવા છતાંય જગત અને જાગતિક પ્રપંચથી પર છે તે સાધુ છે. એવા સાધુને જ એવા બ્રહ્મજ્ઞાનની વાત સમજાય છે. અને તેની પરખ પણ એવો સાધુ જ કરી શકે છે. એવા સાધુ કાંઈ ઘરઘર મળતા નથી. એવા સાધુ તો લાખ કરોડે કોક જ હોય છે. અને તેથી જ બ્રહ્મજ્ઞાનની એ વાતો મૂંગાની વાતો જેવી છે. જેમ એક મૂંગો બીજા મૂંગાની વાત સમજી શકે છે તેમ એક બ્રહ્મજ્ઞ પણ બીજા બ્રહ્મજ્ઞાનીની વાત– આત્મસ્થિતિનો પાર પામી શકે છે. અને તેથી જ અહીં બ્રહ્મજ્ઞાનની વાતોને મૂંગાની વાત તરીકે શ્રી અવધૂતે વર્ણવી છે. સાધુ શબ્દનો પ્રચલિત અર્થ શ્રી અવધૂતે અહીં સ્વીકાર્યો નથી. પ્રચલિત શબ્દના અર્થમાં શરીર પર રંગબેરંગી ટીલાંટપકાં કરનાર, શરીર ઉપર માળાનાં આભૂષણ ધરનાર, શરીર પર જટા ધારણ કરનાર, કષાયવસ્ત્ર ધારણ કરનાર સાચો સાધુ

હોય છે જ એમ નથી. એ તો કાગડો હંસના પીછાં ઓઢીને જેમ હંસ કહેવરાવે છે તેવું છે. કાગડો પીછાં ઓઢે હંસ થતો નથી, તેમ બાહ્ય વેષભૂષા કે આડંબર માણસને સાધુ બનાવતો નથી. અને જે સાધુ છે તે તો ગમે તે વેષભૂષા કરે તો પણ સરખું છે અને ન કરે તો પણ સરખું છે. વેષભૂષાથી મનુષ્યનું પારખું થતું નથી. મનુષ્યનું પારખું તો તેના ગુણથી, તેની વિભૂતિથી થાય છે. સાચો સાધુ જગતને લોભાવનાર દંભી વસ્ત્રાભૂષણ ધારણ કરતો નથી. એવા સાચા સાધુની ઓળખ પણ પ્રપંચમાં રચીપચી રહેલાને થવી મુશ્કેલ છે. તાત્પર્ય એ છે કે પોથી વાંચીને બ્રહ્મજ્ઞાનની વાતો કરનારો નથી બ્રહ્મજ્ઞાની કે નથી બ્રહ્મને જાણનારો. બ્રહ્મને જાણનારો વાતો કરતો નથી. વાતો કરનાર બ્રહ્મજ્ઞાની નથી, બ્રહ્મને જાણતો નથી. એ વાતને વધુ અસરકારક કરવાને શ્રી અવધૂતે કહ્યું :

**"પતિવ્રતા નિજ કંથ મિલનકી સુનત બાત શિશુ ભોલો હૈ"**

જેવી રીતે પતિવ્રતા સ્ત્રી અને તેના પતિની પ્રેમગોષ્ઠિ હરકોઈ માણસને સાંભળવા મળતી નથી, કારણકે ચોરે ને ચૌટે તેઓ તેવી વાત કરતા નથી. પણ તે એકાંતમાં જ થતી હોવાથી કોક નિર્દોષ ભોળું બાળક જ તે સાંભળી શકે છે તેમ આનુભાવિક બ્રહ્મજ્ઞાનની વાતો સભાઓમાં કે વ્યાખ્યાનોમાં વ્યાસપીઠ પરથી ઉચ્ચારાતી નથી હોતી. પ્રભુમિલનની એ ગંભીર ગોઠડીઓ તેવા જ વિરલ સંતોમાં દુનિયાના કોલાહલથી દૂર થતી હોય છે. અને તે સાંભળવાનું ભાગ્ય પણ કોઈ નિષ્કપટ, સરળ, ભોળા બાળક જેવા શ્રદ્ધાળુ મુમુક્ષુને જ સાંપડે છે.

બીજી રીતે વિચાર કરીએ તો બાળક કેવળ નિર્દોષ અને ભોળો છે. તેનામાં દંભ નથી. તેની વૃત્તિ નિર્દોષ હોવાને કારણે વાત કરનાર તેની આગળ વિના સંકોચે બોલે છે. જ્યાં સુધી બાળકના જેવી નિર્દંભતા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી બ્રહ્મજ્ઞાનની એ મૂક વાતો સાંભળવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. કોઈ વિરલ સદ્‌ગુરુનો બાળક જ – ગુરુપુત્ર જ એ સાંભળવાનો અધિકાર અને બડભાગ પ્રાપ્ત કરી શકે છે. નિર્દોષ બાળકની માફક સદ્‌ગુરુનો વિશ્વાસ પ્રાપ્ત ન કરી શકે ત્યાં સુધી એને બ્રહ્મવિદ્યાનું એ ગૂઢ રહસ્ય, જીવશિવના મિલનનું અનુભવકાવ્ય, પતિપત્નીના મિલનની એકાંત ગોઠડી માફક સાંભળવા મળતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે આગળ ચાલતાં કહ્યું :

**"વૃત્તિ બિન રૂખો કથવારો, દેહાધ્યાસ ભરારો હૈ"**

જ્યાં સુધી કથનને અનુરૂપ વૃત્તિ હોતી નથી ત્યાં સુધી એ કથન મિથ્યા છે. પ્રાણ વિનાના પ્રેત જેવું છે. વાતો અદ્વૈતની કરવી અને વૃત્તિ દ્વૈતમાં રાખવી એ વાસ્તવિક નથી. વાતો કરે અદ્વૈતની પણ વૃત્તિ રહી દ્વૈતમાં ! વાતો કરે બ્રહ્મની પણ વૃત્તિ રહી ભ્રમમાં ! વાતો કરે વૈરાગ્યની વૃત્તિ રહે છે રાગની ! અને તેથી કથની અને કરણીનો મેળ ખાતો નથી.

રગેરગમાં દેહાધ્યાસ ભરેલો હોવાથી, શરીર અને જીવને પરસ્પર કશોય સંબંધ ન હોવા છતાંય, ''હું શરીર છું'' એવી જીવનની મિથ્યા માન્યતા છે તેથી અને અહંતાના પરિણામે કહે છે એક અને કરે છે બીજું. અને તેથી એવી વિસંવાદી વાણી અને વર્તન પરત્વે અહીં શ્રી અવધૂતે કટાક્ષ કર્યો છે. જ્યાં સુધી કથનીની કશી જ કિંમત નથી અને જ્યાં સુધી રગેરગમાં દેહાધ્યાસ ભરેલો છે ત્યાં સુધી ફાવે તેટલી વાતોથી પણ આત્મભાવની વૃત્તિ થતી નથી. વાતો કરે બ્રહ્મજ્ઞાનની અને વૃત્તિ બ્રહ્માકાર ન બને તો તેથી કશું જ શ્રેય થતું નથી. અને બીજા ઉપર તેની અસર પણ પડતી નથી. અને તેથી 'બૃત્તિ બિન રૂખો કથવારો' એવું શ્રી અવધૂતે કહીને કથવારા કરતાં વૃત્તિ મહત્ત્વની છે એમ સૂચવ્યું છે. આગળ કહ્યું છે તેમ લૂખી વાતો કર્યા કરવાથી તો ઊલટો દેહાધ્યાસ વધતો જાય છે. દેહ એ જ આત્મા છે એવી ભાવના દૃઢ થતી જાય છે. કારણ કે વાક્પાંડિત્યથી પ્રાપ્ત થતાં માનપાન, ખાનાદિ ને પ્રતિગ્રહની અતિશયતાને લઈ માણસ દેહભાવથી જરાય ઊંચો આવી શકતો નથી. બલકે તેની દેહાત્મદૃષ્ટિ દિવસે દિવસે વધતી જાય છે. એ પોતે પડે છે ને બીજાને પાડે છે.

વેદાંતની, અક્રોધની, અકામની, અલોભની અને એવી જ બીજી વૃત્તિઓની વાતો કરવી સહેલી છે પણ પ્રસંગ આવે ત્યારે એક અપમાનનું વેણ પણ કાને પડતાં તેનો ક્રોધ ભડકે બળે છે. કામનાની સિદ્ધિ પાછળ તે પડે છે અને એક દમડી પણ છોડવાની તેની તૈયારી હોતી નથી. ગાળ દેનારને ગાળથી જ જવાબ આપતાં, તમાચો મારનારને તમાચાથી જવાબ આપતાં અને બીજાની લક્ષ્મી પોતાની કરવાનો ગમે તેમ પ્રયત્ન કરવામાં એ પોથીપંડિત ચૂકતો નથી. કામિનીના રૂપને જોઈ તેનું મન ચંચળ બને છે, અને એ જ રીતે દેહની વિકારવૃત્તિઓને સ્વયં પોષતો છતાં જે બ્રહ્મજ્ઞાનની અને વેદાંતની વાતો કરે છે તે બિલાડી જેવો છે. એવી વાતો કરવાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. વૃત્તિ અને સ્વાંગમાં આકાશ પાતાળનો ફેર છે. જેની વૃત્તિ સ્થિર છે તે સ્વાંગની પરવા કરતો નથી અને જેની વૃત્તિ સ્થિર નથી, જેનું મન પોતાને વશ નથી તે જગતને પોતાની શબ્દજાળમાં ફસાવવાના હીન હેતુથી સ્વાંગ સજીને પોતે જે નથી તે પોતે છે એવું જગતને દાખવવાનો દંભ કરે છે. એવો દંભ ખરેખર તિરસ્કારને પાત્ર છે. એ વાતનો અહીં શ્રી અવધૂતે વિરોધ કર્યો છે.

બિલાડીનું 'મ્યાઉં મ્યાઉં' કેટલું મીઠું લાગે છે ! પણ બિલાડીના એ મ્યાઉં મ્યાઉંની પાછળ તેનું ધ્યાન શેમાં છે ? ઊંદરમાં. ક્યારે ઊંદર આવે અને તરાપ મારીને શિકાર કરું એ વૃત્તિ બિલાડીના ઉરમાં રાતદિવસ હોય છે. શ્રી અવધૂતના

''ધ્યાવત મૂસા ચારો'

એ શબ્દો અનુસાર બિલાડી મનથી હંમેશા ઉંદરના આહારની જ ચિંતામાં અને ધ્યાનમાં રહે છે. તેનું ધ્યાન તો ઉંદરમાં જ રહે છે અને 'મ્યાઉં મ્યાઉં' ગાન કરતાં પણ જો કોઈ ઉંદર નજરે પડ્યો તો તેનો શિકાર કરવાનું તે ચૂકતી નથી. બ્રહ્માકારવૃત્તિવિહોણા બ્રહ્મજ્ઞાની—કેવળ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરનારની પણ એ જ દશા છે. વૃત્તિ નથી. વૃત્તિનો દંભ છે. અને પોથી પર પડતા પૈસા અને આજુબાજુના દૃશ્ય પર જ તેનું સદા ધ્યાન રહે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું કે એવા દેહાધ્યાસથી સભર ભરેલા વૃત્તિવિહીન વક્તાની દશા ઉંદરનું ધ્યાન કરતી બિલાડી જેવી છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :



**"મ્યાઉં મીંદડી ગાવત મીઠો, ધ્યાવત મૂસા ચારો હૈ!"**

કારણકે જેની વૃત્તિ પરમતત્ત્વમાં છે, જેને પરમતત્ત્વના જ્ઞાનની જિજ્ઞાસા છે, જેનામાં મુમુક્ષા છે, જે સાધનસંપન્ન છે તે કોઈ દિવસ દેહાધ્યાસને અનુસરીને પ્રપંચમાં ચિત્ત રાખતો નથી. જેનું ચિત્ત પ્રપંચમાં છે તે પરબ્રહ્મને પ્રાપ્ત કરી શકતો નથી. પરિણામે તેનું વર્તન કે વાણી કોઈના ઉપર પ્રભાવ પાડી શકતાં નથી એમ કહેવાનો આશય છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'કર સત્સંગ સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ'**

ઉપર શ્રી અવધૂતે કહ્યું :

**'બૃત્તિ બિન રૂખો કથવારો'**

વૃત્તિને સ્થિર કરવા માટે પ્રથમ વૃત્તિ જાગ્રત કરવાની જરૂર છે. એ વૃત્તિ જાગ્રત કરવા માટે શ્રી અવધૂતે અહીં ત્રણ વસ્તુઓ બતાવી છે. 'સત્સંગ, સાધન અને સુમિરન.' પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે શાસ્ત્રોમાં જેને મુમુક્ષા કહી છે તે વૃત્તિ જાગ્રત કરવાની જરૂર છે. અને તેથી જ બ્રહ્મસૂત્રનું પ્રથમ સૂત્ર છે :

"अथातो ब्रह्मजिज्ञासा।"

જિજ્ઞાસા વિના તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. અને જિજ્ઞાસા અથવા મુમુક્ષાવૃત્તિ જાગ્રત કરવાને 'સત્સંગ' એ પ્રથમ પગથિયું છે. અને તેથી જ નવધાભક્તિમાં સત્સંગ અને શ્રવણભક્તિને મહત્ત્વ આપવામાં આવ્યું છે. શ્રી અવધૂત શ્રવણ અને કીર્તનભક્તિને મહત્ત્વ આપે છે અને તેથી પ્રસંગોપાત્ત વિનોદમાં પણ સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપતાં કહે છે : તમે તો કીર્તન કરો છો અને હું તો માત્ર શ્રવણ જ કરું છું. મારી તો શ્રવણભક્તિ એટલે પ્રથમ પગથિયું છે અને તમે તો કીર્તનભક્તિ એટલે એક પગથિયું આગળ વધ્યા છો. માટે તમારી મુક્તિ માટે નહીં તો મારી મુક્તિ માટે પણ કીર્તન કરો. તમે કીર્તન કરશો તો મને શ્રવણનો અવસર મળશે અને હું મુક્ત થઈશ. તમે કીર્તન નહીં કરો તો મારું શું થશે ?" 
વસ્તુતઃ શ્રવણ વિના કીર્તન થતું નથી. શ્રવણ કરતાં કરતાં જ કીર્તનની

જિજ્ઞાસા થાય છે. અને તેથી જ શ્રી અવધૂતે અહીં 'સત્સંગ' કરવાનો આદેશ કરીને સૌ પ્રથમ વૃત્તિને જાગ્રત કરવાને શ્રવણ કરવાની સૂચના આપી છે. નવધાભક્તિનો ક્રમ આપણે જોશું તો પ્રથમ શ્રવણ છે અને અંતે આત્મનિવેદન છે. શ્રવણથી આરંભ કરીને સાધક જેમજેમ એક એક પગલું આગળ વધતો જાય છે તેમતેમ તેની જિજ્ઞાસાને સંતોષવા અભિરુચિ અને અધિકાર અનુસાર તે પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે જ્ઞાન, કર્મ, યોગ આદિ શાસ્ત્ર વર્ણવ્યાં સાધનો તરફ વળે છે. એ ત્રણે માર્ગોમાં પણ ભક્તિ તો અનુસ્યૂત છે જ. એક દોરામાં જેમ મણિ પરોવાયાં હોય છે તેમ ભક્તિના દોરામાં જ્ઞાન, કર્મ અને યોગ પણ પરોવાયલાં છે. ઉપાસના પણ તત્ત્વપ્રાપ્તિનું એક સાધન કહેવામાં આવ્યું છે. સાધકે પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે શું કરવું જોઈએ તેનો વિસ્તાર કરતાં લંબાણ થશે પણ એ બધાય વિસ્તારનો સાર માત્ર સત્સંગ, સાધન અને સ્મરણ છે એમ શ્રી અવધૂતે સંક્ષિપ્તમાં કહ્યું છે. પરમતત્ત્વ સૂક્ષ્મ છે તેમ તેને પ્રાપ્ત કરવાનાં સાધનો પણ સૂક્ષ્મ છે. તે સૂક્ષ્મમાર્ગની પ્રાપ્તિ અર્થે પ્રારંભમાં સ્થૂળ સાધનોની જરૂર છે. મનને વિષયો તરફ જતાં અવરોધી તેના માર્ગમાં જ્ઞાન મૂકો, ભક્તિ વા ઉપાસના મૂકો, અને તે તે માર્ગમાં જ્યાંજ્યાં દેહાધ્યાસ વૃત્તિ ઉપર વિજયરૂઢ થતો જણાય ત્યાં ત્યાં દેહાધ્યાસનો પરાજય કરીને આત્માધ્યાસને બળવાન બનાવો. દેહ અને જીવ ભિન્ન છે, દેહ જીવ નથી અને જીવ દેહ નથી, એ વિચારને દૃઢ કરો. અને એટલું જો કરી શકો તો પરમાત્મા તમારાથી દૂર નથી. એ કરવા માટે જ સત્સંગ, અને સ્મરણ જેવાં સુલભ છતાંય સચોટ સાધન બીજાં નથી. તમે જ પરમાત્મા છો, એ વાતની તમે પ્રતીતિ કરી શકશો અને ત્યારે 'અહમાત્મા' એ ભગવાનના શબ્દોનું તત્ત્વ તમે સમજી શકશો. પણ એ ન થાય ! માયાનું આવરણ એટલું બધું પ્રકાશવાન છે કે એ આવરણને ભેદીને એ માયાના પ્રકાશકનો પ્રકાશ પામવાનું સદ્ભાગ્ય તમે પ્રાપ્ત નહીં કરી શકો ! એને માટે તો જન્મજન્માંતરનાં સુકૃત જોઈએ. એને માટે તો પાણી વિના જેમ માછલી તરફડે તેમ તરફડાટ જોઈએ. એને માટે તો રુંધાયેલા વાતાવરણમાંથી મુક્ત બનવાને માનવી જેમ તરફડે તેમ તમારે પણ તરફડવું પડે અને તેથી વિભક્તિનો ભંગ કરનાર ભક્તિને શરણે જ તમારે જવું પડે. અસ્તુ.

અહીં શ્રી અવધૂતે પરોક્ષ રીતે સત્સંગનો અને અખંડ નામસ્મરણનો મહિમા પણ ગાયો છે. દેહાધ્યાસના પરિણામે અંતરમાં રહેલી કામ, ક્રોધ, લોભ, મોહ, અભિમાન આદિ સ્વાભાવિક વૃત્તિઓ જ્યાં સુધી મન ઉપર પ્રાધાન્ય ભોગવે છે ત્યાં સુધી સાધક સાધ્યથી દૂર છે. એ વૃત્તિઓ ટાળવા માટે જ સત્સંગની જરૂર છે. સત્સંગ દ્વારા એ વૃત્તિઓની નશ્વરતાનું ભાન થાય છે.






સત્સંગ એટલે સાચા સંતનો સંગ. જે શાસ્ત્રોનાં અને વેદોની સુંદર ભાષામાં વ્યાખ્યા કરે છે, શબ્દજાળમાં શ્રોતાઓને જકડી રાખે છે અને અંતે પારધીની જાળમાં જેમ કબૂતર પોતાના કુટુંબ સાથે વિનાશ પામ્યું તેમ શ્રોતાનો પણ વિનાશ નોતરે તે શ્રવણ કે સત્સંગ સાચો નથી. સત્સંગ કરવા યોગ્ય સંત ભલે કશું જ ન બોલે તોય તેની પાસે કેવળ બેસી રહેવાથી અને તેના અંતરમાંથી ક્ષણે ક્ષણે નીકળતા શુભ સંકલ્પના પ્રવાહમાંથી એકાદ કણ પ્રાપ્ત થાય તો એવા મૂક શ્રોતાનો બેડો પાર ઊતરે છે. એવા આત્મદર્શી સંતનો સહચાર, સંપર્ક, સહવાસ સાધવાથી પણ સાધકને જો આત્મોદ્ધાર કરવાની મતિ હોય, તો સાધકને નિરીક્ષણથી પણ ઘણું જાણવાનું મળે, જોવાનું મળે અને તેનો વિચાર કરવાથી અને આચાર કરવાથી એ શ્રવણ પણ સાધકને ફળદાયી નીવડે છે. લેભાગુ સંતનો સંગ કર્યાથી તો સાધકે સ્વપ્રયાસથી જે મેળવ્યું હોય તે પણ ગુમાવવાનો સંભવ છે. સત્સંગ સર્વ સાધનમાં શ્રેષ્ઠ છે. પણ તે સંગ સાચા સંતનો હોવો જોઈએ. અને શ્રી અવધૂત કોક વાર કહે છે તેમ એવા સંતની આડીઅવળી વાતોમાં પણ શાસ્ત્રોનાં રહસ્ય ભરેલાં હોય છે. અને તે વાતો પ્રસંગોચિત થતી હોવાથી લોઢું ગરમ હોય ત્યારે ઘણ મારીએ તો ધાર્યો ઘાટ ઘડાય છે તેમ, ધાર્યું પરિણામ ઊપજી શકે છે. પારસની મહત્તા લોહને સુવર્ણ બનાવવામાં છે. સંતની મહત્તા પાપીને સંત બનાવવામાં છે. સત્સંગ અને સ્મરણ માર્ગભૂલ્યા પાંથને પંથ દાખવનાર ભોમિયો છે. સાધન અને સત્સંગની સાથે જ્યારે સ્મરણ સહાયક બને છે ત્યારે એ ત્રિપુટી ચિત્તશુદ્ધિનું કારણ બને છે. ચિત્તશુદ્ધિ એ પરમાત્મપ્રાપ્તિ અર્થે પ્રથમ આવશ્યક છે. ચિત્તમાંથી મળ વિક્ષેપાદિ દોષો દૂર થવાથી ચિત્ત સ્ફટિક જેવું શુદ્ધ અને પારદર્શક બને ત્યારે જ સાધકને પરમતત્ત્વનાં દર્શન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, ત્યારે જ જ્ઞાનપ્રાપ્તિને માર્ગે તે વળે છે અને જ્ઞાનસ્વરૂપ બને છે.

સત્સંગ, સ્મરણ અને શાસ્ત્રવિહિત સાધનો દ્વારા ધીમેધીમે મળ, વિક્ષેપ અને આવરણનો ક્ષય થાય છે અને ત્યારે જ ચિત્તની શુદ્ધિ થાય છે. કર્મથી મળ, ઉપાસનાથી વિક્ષેપ અને જ્ઞાનથી આવરણનો નાશ થતાં જ શુદ્ધ બનેલા ચિત્તમાં પરમતત્ત્વનાં દર્શન થાય છે. અને તેથી સત્સંગ આદિ શ્રી અવધૂતભાખી સાધનત્રિપુટી, અંતે સાધકને પરમતત્ત્વનાં દર્શન માટે પાત્ર બનાવે છે. આજકાલના કપરા કાળમાં જ્યારે શાસ્ત્ર પ્રણાલિકા અનુસાર સાધન કરવાનું વિકટ બન્યું છે, જ્યારે સાચા સંતોનો સંગ પણ કપરો થયો છે ત્યારે

'कलौ केशव कीर्तनम्'

એ વાક્યાનુસાર શ્રી અવધૂતે કહ્યું તેમ સ્મરણથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય એમાં શક નથી. અને તેથી સ્મરણ એ સાધકને સાચો સહારો છે. કેવળ





હરિનામના સ્મરણ માત્રથી જ અજામિલ જેવો પાપી, ગજેંદ્ર જેવો પશુ પણ ભવપાર થયાનાં દૃષ્ટાંતો આપણે ક્યાં નથી વાંચ્યાં! સ્મરણનું મહત્ત્વ પણ કાંઈ ઓછું નથી. એ સ્મરણ જીહ્વાનું નથી. મુખથી નામ, અને ચિત્ત નામીમાં હોય ત્યારે શબ્દ અને અર્થનું ઐક્ય સધાય. ત્યારે જ શબ્દ વડે તેના અર્થને પામીને સાધક સાધ્યની પ્રાપ્તિ કરે. શ્રી અવધૂતે પણ એ જ વાત કહી છે.

**'રસના નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય,'**

રટણ વૈખરીથી થાય કે મનથી થાય પણ ચિત્ત લક્ષ્યમાં હોય તો જ રટણ ફળદાયી બને છે. સાચા સ્મરણની એ જ ચાવી છે. નામી કરતાં પણ નામનું મહત્ત્વ વિશેષ છે કારણકે નામ નામીને પહોંચાડે છે એવું સંતોએ પણ ગાયું છે. નામ અને નામી અભેદ છે. અને તેથી શ્રી અવધૂતે સત્સંગ, સાધન અને સ્મરણ એ ત્રણ માર્ગો પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે સુલભ સાધન છે એવું કહ્યું છે. એ સાધન વિના સર્વત્ર અંધકાર છવાયલો છે એ શ્રી અવધૂતનો નિર્ણય છે. એ નિર્ણય શાસ્ત્રસંમત છે. જીવ અજ્ઞાનના આવરણથી આચ્છાદિત છે અને તેથી, ઘુવડ જેમ સર્વત્ર અંધકાર જ જુએ છે, કમળાની આંખોવાળો જેમ સર્વત્ર શ્વેતમાં પણ પીળાશ જુએ છે તેમ, સર્વત્ર અજ્ઞાનજનિત માયાને જ જુએ છે. તેને માયાપતિનાં દર્શન સરખાંય થતાં નથી. એ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાને જ્ઞાનરૂપી દીપકની જરૂર છે. એ દીપક પ્રકટાવવાને સત્સંગ, સાધન અને સ્મરણ એ કોડિયું, દીવેટ, તેલ અને દીવાસળી જેવાં છે. એ ભેગાં થતાં જેમ પ્રકાશ થાય છે તેમ સત્સંગ, સાધન અને સ્મરણથી જ્ઞાનનો ઉજાસ મળે છે. ત્યારે, દોરડીમાંથી સર્પની ભ્રમણા ટળીને દોરડી જ રહે છે તેમ, માયાની અજ્ઞાનની ભ્રમણા ટળીને જ્ઞાન-પરમતત્ત્વ જ રહે છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'રાગ દ્વેષ ન છૂટા તબલૂ, જ્ઞાન પેટ ગુજારો હૈ;'**

કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ અનુકૂળ હોય ત્યાં માણસની તેના પ્રત્યે આસક્તિ કે પ્રીતિ ઉત્પન્ન થાય છે. એને જ રાગ કહે છે. તેવી જ રીતે પ્રતિકૂળ પ્રત્યે મનમાં જે અણગમો કે તિરસ્કારની ભાવના ઊપજે છે તેને દ્વેષ કહે છે. જ્યાં સુધી કર્મપ્રવાહ બંધ થતો નથી ત્યાં સુધી એ અનુકૂળતા અને પ્રતિકૂળતા દૂર કરી શકાય એમ નથી. પણ જ્યારે માણસને દેહનું મિથ્યાત્વ પૂરેપૂરું સમજાય છે અને તેનો દેહાધ્યાસ કે દેહમાં આત્મભાવની નિવૃત્તિ થાય છે ત્યારે જ દેહને અનુકૂળ કે પ્રતિકૂળ ફાવે તેવી પરિસ્થિતિમાં તેને રાગદ્વેષ ઉત્પન્ન થતો નથી પણ સમભાવ રહે છે. અને ફાવે તે સંજોગોમાં એ જ શાંતિ અને આનંદ અનુભવી શકે છે. આમ રાગદ્વેષ વિહોણી પરિસ્થિતિ જ્યાં સુધી પ્રાપ્ત ન થાય, માણસનો રાગદ્વેષ અને તેથી ઉપલક્ષિત એવી અનેક રાજસ્ તામસ્ વૃત્તિઓ






નિઃશેષ ન થાય ત્યાં સુધી જ્ઞાનના બકવાદની કિંમત પેટ ભરવાના સાધનથી જરાય વધારે નથી. અને પેટ તો કૂતરુંય ભરે છે. જ્ઞાન જેવી પવિત્ર વસ્તુનો ઉપયોગ એવા ઉદરભરણ માટે કરવો એ જ્ઞાનનું અને જ્ઞાનસ્વરૂપ પરમાત્માનું અપમાન અને વેષવિડંબનમાત્ર છે. જે પોતે રાગ દ્વેષાદિથી છૂટ્યો નથી તે બીજાને તેમાંથી શું છોડવી શકે! શ્રી શંકરાચાર્યે આવાઓને, પોતે અનેકવિધ વિકારોમાં બંધાયેલ હોવા છતાં બીજાઓને મુક્ત કરવાનો ડોળ કરનારાઓને ઉદ્દેશીને

'उदरनिमित्तं बहुकृतवेषः ।'

કહ્યું છે. નરસિંહ મહેતાએ પણ

**'એહ છે ધંધ સહુ પેટ ભરવા તણા,'**

કહીને આવા બાહ્યાચારીઓ પ્રત્યે કટાક્ષ કર્યો છે. એ રાગ દ્વેષ જાય છે ત્યારે શ્રી ભગવાનના શબ્દોમાં

**रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।**
**आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥**

"વિષયોમાં દોડતી ઇન્દ્રિયોને રાગદ્વેષ મુક્ત કરીને જ્યારે આત્માને વશ બનાવી યથાપ્રાપ્ત પરિસ્થિતિમાં સમભાવ કેળવીએ ત્યારે આત્મપ્રસાદ કે આત્માનંદ પ્રાપ્ત થાય છે." જ્યાં સુધી મનમાં રાગદ્વેષ જીવતા છે ત્યાં સુધી જ્ઞાનની વાતો એ ઉદરપોષણનો વેપાર જ છે.

બ્રહ્મજ્ઞાનને પેટ ભરવાનું સાધન બનાવનાર જ્ઞાનદંભીઓ નથી પોતે તરતા કે નથી બીજાને તારતા! પોતે જ પોતાના શત્રુનું કામ કરનાર, આવા જ્ઞાનીઓનો આ ભવ પણ બગડે છે અને પરભવ પણ બગડે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ખ્યાલ ન કર ઔરનકા સાધો, આતમરંગ અકેલો હૈ;"**

અહીં પણ શ્રી અવધૂતે 'સાધો' શબ્દનો પ્રયોગ સહેતુક કર્યો છે. શ્રી અવધૂતનો આ બોધ જે સાધુ છે તે જ પચાવી શકે, સમજી શકે. જે અસાધુ છે તેને માટે તો આ બોધ અરણ્યરુદન જેવો જ છે. જેને રાગદ્વેષ છે તેને મન સાધુતાની વાતો તો કેવળ ટાઢા પહોરના ગપ્પાં જેવી જ છે. અથવા મન બહેલાવવાનાં એક સાધન જેવી છે. જે સાધુ છે, જેને આત્મદર્શનની તમન્ના છે, જેને આત્મદર્શન દ્વારા આત્મોદ્ધારની અભિલાષા છે તેને માટે આ બોધ સર્વોત્તમ સાધન છે.

શ્રી અવધૂત કહે છે : "સાધો! બીજાઓનો ખ્યાલ ન કર. કારણ આત્મરંગ છે તે એક જ છે." એક પુરુષ અને બીજી પ્રકૃતિ. જ્યાં સુધી પ્રકૃતિ અને પ્રકૃતિના પ્રપંચના ખ્યાલમાં આપણે રચ્યાપચ્યા રહીએ છીએ ત્યાં સુધી પુરુષનો ખ્યાલ સરખો પણ આવતો નથી. અને આપણે પ્રકૃતિના પ્રવાહમાં જ ઘસડાઈ એ ધર્મ અને જીવન વ્યતીત કરીએ છીએ. એ પ્રકૃતિનો વિચાર કરવાનું અને પ્રકૃતિના સ્વરૂપમાં પ્રકૃતિને

નહીં પણ પરમાત્મસ્વરૂપ જ જોવાનો આપણે જ્યારે પ્રયાસ કરીએ ત્યારે અને પ્રયાસમાં ફળીભૂત થઈએ ત્યારે એ પુરુષ અને પ્રકૃતિનો ભેદ આપણા મનમાંથી નિવૃત્ત થાય, અને એક જ અદ્વૈત પરબ્રહ્મ આપણો આધારસ્થંભ બની રહે. સ્ફટિક શુદ્ધ શ્વેત વર્ણનો છે. પણ જે જે રંગીન વસ્તુના સંપર્કમાં આવે તેવા રંગવાળો તે દેખાય છે. તેમ પરમતત્ત્વ તો એક જ અખંડ અને અદ્વૈત છે પરંતુ માયાના જેટલા રંગો તેના પર આપણે આરોપીએ છીએ તેવું તે જણાય છે. વસ્તુતઃ તેને રંગ નથી. એ આરોપિત છે. એ આરોપિત રંગ જ્યારે જ્ઞાનરૂપી જળ દ્વારા ધોઈ કાઢીએ ત્યારે કેવળ શુદ્ધ સ્ફટિક સમ પરમાત્મા 'एकमेवाद्वितीयम्' અખંડ રહે છે. અને તેથી દ્વૈતના એટલે પુરુષ અને પ્રકૃતિના અનેકવિધ દૃશ્યોનો વિચાર કરવાનો છોડીને કેવળ એક જ આત્મામાં ચિત્તવૃત્તિ કેન્દ્રિત કરવાનો અહીં શ્રી અવધૂતે બોધ કર્યો છે. કારણ કે

**"ચીન્હે સો કહને ન પાવે, દેખત જિયરો ઠારો હૈ!"**

એ અદ્વૈત તત્ત્વ કેવું છે તે કહેવાની કોઈનામાં શક્તિ નથી. અદ્વિતીય અને અવર્ણનીય પરમતત્ત્વ કેવળ અનુભવગમ્ય છે અને જેને તેનો અનુભવ થાય છે તે એનું વર્ણન કરી શકતો નથી. એનું મોઢું, એની વાત હોઠમાં આવતાં જ બંધ થઈ જાય છે. વેદ, ઉપનિષદ આદિ મંત્રદ્રષ્ટા ઋષિઓ અને સાધનસંપન્ન મુનિજનોએ પણ આત્મતત્ત્વનો અનુભવ કર્યો છે અને પોતાના અનુભવની વાતો ઉપનિષદાદિમાં ગાઈ છે પણ એ સંકેત માત્ર છે. પોતાના આત્માનુભવનું યથાસ્થિત વર્ણન કરવાને તેઓ પણ શક્તિમાન બન્યા નથી. તેને પામીને મૂકભાવે એના આનંદમાં સ્થિત રહ્યા છે. આત્મદર્શનનું પરિણામ શ્રી અવધૂત કહે છે તેમ

**"દેખત જિયરો ઠારો હૈ."**

તેને જોતાં જ જીવ ઠરી જાય છે. વાણી થંભી જાય છે તેથી તે બોલી શકતો નથી. પણ જેને જોતાં જેનો અનુભવ કરતાં જીવને ટાઢક વળે છે, એની બધી અશાંતિ અને દોડધામ દૂર થાય છે, એનો જીવભાવ ટળી જઈ, આત્મભાવમાં તે એકરસ બનીને, નામરૂપથી મુક્ત બની, સરિતા જેમ સાગરમાં ભળી સાગર બની જાય તેમ, તે જીવ આત્મદર્શન કરી આત્મરૂપ ધીર ગંભીર બની જાય છે. એવા આત્મવિતને જોનાર પણ ધન્ય બની જાય છે.

બ્રહ્મ એ વાણીનો વિષય નથી. અનુભવગમ્ય તત્ત્વ કોઈના કહ્યાથી પ્રાપ્ત થતું નથી. ભૂખ્યો પકવાનની વાતો સાંભળે તરપત થતો નથી. ભૂખ મટાડવા તો ભોજન કરવું જ જરૂરનું છે. ભોજન લીધા પછી તો માત્ર તૃપ્તિના ઓડકાર જ આવે. એ તૃપ્તિનું વર્ણન થતું નથી તેમ

બ્રહ્માનંદનું વર્ણન પણ થતું નથી. શ્રી ભગવાનના શબ્દોમાં

**यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।**
**यस्मिं स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥**

"જેને મેળવ્યા પછી કાંઈ મેળવવાનું રહેતું નથી. અને જેમાં સ્થિર થવાથી ફાવે તેવા મહાન દુઃખોથી એની શાંતિ ટળતી નથી. એવા એ શાંતિના મેરુ સમા બ્રહ્મ-આત્મદર્શીને જે જુએ છે, તેના સંસર્ગમાં જે આવે છે તે પણ શાશ્વત શાંતિને વરે છે. અન્યને તેની ઝાંખી થવી પણ અશક્ય છે અને માટે જ કહ્યું કે

**तमात्मस्थं येऽनुपश्यन्ति धीराः ।**
**तेषां शांतिः शाश्वती नेतरेषाम् ॥**

(૪૭)

(રાગ : ભૈરવી, ગઝલ)

હુઆ ક્યા યે મુઝે સાંઈ, ન મૈં જાનું ન તૂ જાનું !
ફટી દિલસે દૂઈ સારી, ન મૈં જાનું ન તૂ જાનું !! ધ્રુ.
અગર જિંદા ન હાલું મૈં, મરા ચેતન ભરા ભરપૂર;
મરે જીતે પરે બૈઠા, ન મૈં જાનું ન તૂ જાનું ! હુઆ–(૧)
બના આશક બિના માશુક, હકીકી ઈશ્કકા દરિયા,
બિના મિલકત બના ખાલિક, ન મૈં જાનું ન તૂ જાનું ! હુઆ–(૨)
ન દેખું પૂન ના પાપા, કહાં સૈતાન વો આપા ?
બિના બેટા કહાં બાપા? ન મૈં જાનું ન તૂ જાનું ! હુઆ–(૩)
બના માલિક બિના દૌલત, બના રાજા બિના રૈયત;
કરું બાતા બના મૈયત, ન મૈં જાનું ન તૂં જાનું ! હુઆ–(૪)
વૃથા હૈ ઔર સબ બકના, વૃથા લિખના વૃથા પઢના;
ચુપાચુપ મૌજ હૈ લૂટના, અકેલા રંગ યહ જાનું ! હુઆ–(૫)

*

અભેદદર્શન એ અપરોક્ષ અનુભવ યા સાક્ષાત્કારની અંતિમ અવસ્થા છે. એ અવસ્થાને પ્રાપ્ત થયેલા અદ્વૈતતખ્ત પર બિરાજમાન આલમગીરનું આછું પણ વેધક શબ્દચિત્ર શ્રી અવધૂતે અહીં દોર્યું છે. સાધકને જ્યારે બ્રહ્માનુભવ થાય છે, સાધક મટીને જ્યારે સાધ્યમાં સમરસ બની જાય છે, જ્યારે સાધ્યસાધકનો ભેદ ટળી જાય છે અને સાધક અને સાધ્ય અભેદ બની જાય છે ત્યારે સાધકની સિદ્ધ અવસ્થામાં આત્મરત, આત્મક્રીડ અને આત્મતૃપ્ત બનેલો સાધક 'હું' અને 'તું' ના ભાવથી મુક્ત બનીને 'તે'માં સમાઈ જાય છે. 'હું' એટલે વ્યક્તિ અને 'તું' એટલે 'સમષ્ટિ'; અથવા 'હું' એટલે 'જીવ' અને 'તું' એટલે 'જગત'. પરમતત્ત્વના 'અહં' સંકલ્પથી માયાનું નિર્માણ થયું છે અને તે માયાથી ગુણપ્રમુખ સૃષ્ટિનું નિર્માણ થયું છે. એ સમષ્ટિના આત્માને જ્યાં સુધી સમષ્ટિનું જ ભાન હતું ત્યાં સુધી તે અભિન્ન હતો. પણ એ અહંતા સાથે જ્યારે મમત્વ ભેળું મળ્યું ત્યારે વ્યક્તિ કિંવા જીવનું ભિન્ન અસ્તિત્વ થયું, એટલે જીવ અને જગત એ બે જુદાં પડ્યાં પણ સમષ્ટિના અંગભૂત રહ્યાં. જીવ એ સમષ્ટિનું એક અંગ રહ્યો પણ સમષ્ટિથી પોતાને ભિન્ન માની મમત્વની જાળમાં જકડાયો ત્યારે તે 'હું' બન્યો અને પોતાના સિવાયના અન્ય બધાં 'તું' બન્યાં. 'હું' અને તેના વિસ્તારમાં જીવને મમત્વ થયું અને તેથી જીવ





રાગયુક્ત બન્યો અને 'તું' અને તેના વિસ્તારમાં દ્વેષબુદ્ધિ થઈ. અને તેથી જીવ 'તું' અને તેના વિસ્તાર પ્રત્યે દ્વેષબુદ્ધિયુક્ત બન્યો. આમ રાગ અને દ્વેષયુક્ત જીવનાં બંધન દૃઢ બન્યાં.

એ 'હું' અને 'તું'ના રાગદ્વેષથી જ્યારે જીવ મુક્ત બને છે ત્યારે એ જ ઉભય વૃત્તિથી મુક્ત જીવ જીવ રહેતો નથી પણ 'તે' એટલે 'હું' અને 'તું' ને જોનારા કેવળ સાક્ષી અથવા દ્રષ્ટા જ રહે છે. પછી તે 'હું' ભાવે કરેલાં કર્મોના ફળનો ભોક્તા રહેતો નથી એટલે કર્મનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ તેને અડતું નથી અને નિર્દોષ ભાવે જ તે જીવન જીવે છે. જેમજેમ સત્ત્વનો વિકાસ થતો જાય છે તેમતેમ દૃશ્યનું મિથ્યાત્વ પ્રતીત થતાં દ્રષ્ટાનો 'હું' જોનાર છું, એ ભાવ પણ ક્ષીણ થતો જાય છે અને દ્રષ્ટાપણાનું કિંવા સાક્ષીભાવનો પણ લોપ થતો જાય છે; કારણ કે એનાથી ભિન્ન સાક્ષ્ય કે જોવા જેવું કાંઈ રહેતું નથી. અને ત્યારે સત્ત્વના પણ વિસર્જનના પરિણામરૂપ, જે શૂન્ય કે નિ:સંકલ્પ અવસ્થા રહે છે તે અવસ્થાનું શ્રી અવધૂતે અહીં શબ્દચિત્ર આલેખ્યું છે. જ્યાં સુધી 'હું'ને જાણનાર છે, ત્યાં સુધી તેનામાં જ્ઞાતાપણાનું, દ્રષ્ટા અથવા સાક્ષીત્વનું અભિમાન છે. એ અભિમાન રહિત જે બને છે તે જ 'હું' અને 'તું'ના એટલે જીવ અને જગતના પૃથકત્વના જ્ઞાનથી મુક્ત બનીને 'તે' એટલે આત્મભાવમાં નિમગ્ન બનીને, જેમ સમુદ્રને તળિયે ગયેલો આદમી પોતાની ચોમેર સમુદ્રનું જળ જ જુએ છે તેમ, પોતાની ચોમેર અંદર બહાર પોતાના જ સ્વરૂપને જોતો જોતો અંતે, જેમ સમુદ્રમાં ભળેલી સરિતા સમુદ્ર બનીને કિંવા સમુદ્રમાં નાંખેલો મીઠાનો કાંકરો સમુદ્ર જ બની જાય છે અને પોતાના અસ્તિત્વનો સ્વયં લોપ થઈ જાય છે તેમ, અથવા શુદ્ધજળમાં ભળેલું જળ જેમ શુદ્ધજળ બની જાય છે તેમ, અથવા જ્યોત જ્યોતમાં ભળીને એક જ જ્યોત બની જાય છે તેમ, અભિન્ન ભાવે પરમતત્ત્વમાં ભળીને પરમતત્ત્વ જ બની જાય છે. ત્યાર પછી એ 'હું' અને 'તું'નું જ્ઞાન કોને રહે ? જ્યાં સુધી ભિન્ન વ્યક્તિત્વ હોય ત્યાં સુધી જ પોતાનાથી ભિન્ન ઇતરના વ્યક્તિત્ત્વનું જ્ઞાન રહે પણ જ્યારે સર્વત્ર અભિન્નતા જ થઈ જાય ત્યારે કોણ કોનું જ્ઞાન રાખે ? 'હું' અને 'તું'નો જાણનાર કોણ રહે? અને 'હું' અને 'તું' પણ ક્યાં રહે ? અભેદદૃષ્ટિ થતાં અભેદદૃષ્ટિના પરિણામ રૂપ જે 'હું' અને 'તું' છે તે નિવૃત્ત થાય છે. યાજ્ઞવલ્ક્યે પણ મૈત્રેયીને એ જ ભાવનો બોધ આપ્યો છે. જ્યાં અન્ય છે ત્યાં જ દ્રષ્ટાને દર્શન અને દૃશ્ય ભિન્ન જણાય છે; પણ જ્યાં અન્ય નથી ત્યાં દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય અભિન્ન બની જાય છે. અને એ જ ભાવે શ્રી અવધૂતે કહ્યું :

**"ન મૈં જાનું ન 'તૂ' જાનું"**

એ ભાવ વ્યક્ત કરવામાં શ્રી અવધૂતની કુશળતાની અહીં સીમા આવે છે. કેવળ આત્મવિસ્મરણનો સચોટ ખ્યાલ આ શબ્દોમાં સમજુને





આવ્યા વિના ન રહે. એ પદમાંથી એક પણ શબ્દ ફેરવો અને સમગ્ર ભાવ પલટાઈ જશે. સંતોના સ્વયંસ્ફુર્ત શબ્દોના પ્રયોગનું એ મહાત્મ્ય છે. કોઈકે શ્રી અવધૂતને કહ્યું :

"બાપજી, 'ન તૂ જાનું' એ બરાબર નથી. અહીં 'ન તૂ જાને' એમ હોવું જોઈએ." શ્રી અવધૂતે ઉત્તરમાં માત્ર મૂક મંદ સ્મિત જ કર્યું. વાચક, એ બે ચરણો

**'ન તૂ જાનું' અને 'ન તૂ જાને'**

માં કેટલો અર્થ પલટાય છે તેનો વિચાર કરી લે.

આમ જ્યારે 'હું' અને 'તું'નો અભાવ થઈ જાય છે ત્યારે 'તે'ની કલ્પના કરનાર પણ ભિન્નપણે કોઈ રહેતું નથી. અને તેથી કલ્પનાને સ્થાન પણ ક્યાં છે? અને તેથી જ પરમતત્ત્વ કલ્પનાતીત છે. કલ્પનાતીત બનીને પણ તેનો પાર પામી શકાતો નથી. આ એક સુંદર સમસ્યા છે. જ્યાં સુધી જ્ઞાનનું સ્મરણ છે ત્યાં સુધી પણ પરમતત્ત્વનું જ્ઞાન અધુરું છે અને જ્યારે જ્ઞાન અને અજ્ઞાન અવસ્થાથી પર બની જવાય છે ત્યારે પણ પરમતત્ત્વનું જ્ઞાન થયું કે નહીં તેનું જ્ઞાન કોને થાય? જે 'હું જાણું છું' એમ માને છે તે પરમતત્ત્વને જાણતો નથી. જે 'હું નથી જાણતો' એમ માને છે તે પણ પરમતત્ત્વને જાણતો નથી અને જે 'હું' જાણું છું પણ ખરો અને નથી પણ જાણતો એમ અનુભવે છે તે પરમતત્ત્વને અંશતઃ જાણે છે. જે 'હું જાણું છું' અને નથી જાણતો એ બન્ને ભાવથી પર કેવળ મૂક છે તે જ વાસ્તવિક રીતે પરમતત્ત્વને જાણે છે. એ જ વાત અહીં શ્રી અવધૂતે કહી છે.

એ જ્ઞાન અને અજ્ઞાનથી પર જ્ઞાનાજ્ઞાનાતીત અવસ્થા કેવી છે તેનો જેને અનુભવ થાય છે તે તેનું વર્ણન કરવાને શક્તિમાન રહેતો નથી. "હું, તું, તે," રૂપી ત્રિપુટીનું વિસર્જન એ જ આત્માવસ્થાની અંતિમ અવસ્થા છે. જ્યાં સુધી એ 'હું, તું, તે'ની ત્રિપુટીનું અંશતઃ પણ જ્ઞાન રહે ત્યાં સુધી અપૂર્ણતા છે. પૂર્ણાવસ્થા જ્ઞાનાતીત છે, અજ્ઞાનાતીત છે કારણકે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રિપુટીનું એકીકરણ થઈને અંતે એ એકીકરણનું પણ સંપૂર્ણ વિસ્મરણ એ જ સહજ અવસ્થા છે. અહીં

**"હુઆ ક્યા યે મુઝે સાંઈ, ન મૈં જાનું ન તૂ જાનું"**

એ પંક્તિમાં શ્રી અવધૂતે એ જ સહજ અવસ્થાનો ખ્યાલ આપ્યો છે.

પણ એ અવસ્થા—સહજઅવસ્થા ક્યારે પ્રાપ્ત થાય છે ? શ્રી અવધૂત કહે છે :

**"ફટી દિલસે દૂઈ સારી"**

જ્યારે અંતરમાંથી દ્વૈતભાવનો નિઃશેષ ક્ષય થાય છે ત્યારે એ સહજ અવસ્થા પ્રાપ્ત થાય છે. એ દ્વૈતભાવની સૂક્ષ્મતા પણ સૂક્ષ્મ છે. જ્યારે દ્વૈતભાવના સૂક્ષ્માતિસૂક્ષ્મ સંસ્કારો પણ અંતરપટ પરથી નિઃશેષ

અદૃશ્ય થાય છે અને જ્યારે અંતઃકરણ કોરા કાગળ જેવું બની જાય છે ત્યારે જ એ સહજઅવસ્થા પ્રાપ્ત થાય છે. સાથે સાથે નવા સંસ્કારો ન રેખાય એ પણ જોવાનું રહે છે. અને તેથી જૂના સંસ્કારોનો નિઃશેષ ક્ષય અને નવા સંસ્કારોનો સંપૂર્ણ અભાવ એ જ દ્વૈતભાવની નિવૃત્તિનું ચિહ્ન છે. અને જ્યારે એવું બને છે ત્યારે સિદ્ધ અવસ્થા-આત્માવસ્થાસ્થિત 'હું'ને પણ નથી જાણતો અને 'તું'ને પણ નથી જાણતો. અને એ બેના અભાવે તેને 'તે'ની કલ્પના થતી નથી. અને તેથી 'હું' અને 'તું'ની અપેક્ષાએ વિભક્તભાવે જણાતા 'તે'ની કલ્પના વિહોણો એ સહજ અવસ્થાસ્થિત પોતે કોણ છે તે કહેવાની સ્થિતિમાં પણ રહેતો નથી. જો પોતે કોણ છે તે કહેવાનું તેનામાં સામર્થ્ય-જ્ઞાન હોય તો ત્યાં દ્વૈતભાવ છે અને તેથી

**'ફટી દિલસે દૂઈ સારી'**

એ શબ્દનું રહસ્ય પૂર્ણપણે અનુભવાતું નથી. '**अहं ब्रह्मास्मि**'નો ઝાંખો પણ ખ્યાલ ન રહે અથવા '**अहमात्मा**' એ ભાવ પણ જ્યારે લુપ્ત થઈ જાય ત્યારે જ તે 'દ્વૈતભાવમુક્ત' પરમતત્ત્વથી ભિન્ન થયેલો આત્મા પરમતત્ત્વ સાથે ભળી જાય.

જ્યાં સુધી સરિતાને 'હું સરિતા છું' અને 'સાગરથી ભિન્ન છું' અથવા 'હું સરિતા સાગરમાં ભળીને સાગર બની છું' એવું ભાન રહે છે ત્યાં સુધી તે સાગરથી અભિન્ન ભલે જણાય પણ વસ્તુતઃ અભિન્ન નથી. જ્યારે એ જ્ઞાનનું વિસ્મરણ થઈ જાય અને એ કેવળ જલસ્વરૂપ બને ત્યારે જ અભિન્નતા સાધ્ય કરી શકાય. ભિન્નભિન્ન અલંકારોને મૂસમાં ભેળાં ભરીને અગ્નિમાં તપાવી તેનો રસ કરીએ અને તેની લગડી બનાવીએ તો તે લગડીને જોઈને 'આ અમુક અલંકારોના સોનાની લગડી છે' એમ કોઈ કહી નહીં શકે. અને ત્યારે અલંકારનું રૂપાંતર સુવર્ણમાં થતાં અલંકારોનું અસ્તિત્વ ભૂંસાઈ જાય છે અને મૂળમાં હતું તેમ સુવર્ણરૂપે જ જેમ ઓળખાય છે તેમ, જ્યારે દ્વૈતભાવ નિઃશેષ નિવૃત્ત થાય છે ત્યારે જ તે પરમતત્ત્વમાં સમરસ બનીને પરમતત્ત્વરૂપે જ રહે છે. અને ત્યારે જ બ્રહ્મને જાણીને બ્રહ્મ બને છે. જ્યારે બ્રહ્મ બને છે ત્યારે બ્રહ્મને જાણીને બ્રહ્મ બન્યાનું જ્ઞાન તેને રહેતું નથી. 'હું' 'તું'ના વિસ્મરણની અવસ્થામાં જ એ સ્થિતિ અનુભવાય છે. અને ત્યારે જાણનાર અને જાણવાનું એવો ભેદ રહેતો નથી.

અને દિલથી એ દૂઈ ક્યારે ફાટી જાય છે? દ્વૈતનો નિઃશેષ ક્ષય ક્યારે થાય છે ?

બ્રહ્મતત્ત્વ અવ્યક્ત છે. નિજસંકલ્પના પરિણામે તે વ્યક્તરૂપોમાં અવ્યક્તસ્વરૂપે રહેલું છે. એ પરમતત્ત્વ અણુથી પણ સૂક્ષ્મ છે, મહાનથી પણ મહાન છે, સર્વવ્યાપક છે, અખંડ અને છતાંય સર્વત્ર છે.





अणोरणीयान्महतो महीया-
नात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।

એવું આત્માનું ઉપનિષદોક્ત વર્ણન પણ છે. એ પરમતત્ત્વના અમોઘ સંકલ્પના પ્રભાવે જ આપણે આગળ જોયું તેમ માયાનું સ્વપ્નસમું અસ્તિત્વ છે. 'હું' અને 'તું'નું ભેદભુતાવળ પણ એ માયાનું જ કરતૂક છે. જ્યાં સુધી એ માયા, જે મિથ્યા છે છતાંય જીવને બંધન સરજાવે છે, તેનું જીવ પર વર્ચસ્વ છે ત્યાં સુધી એ દ્વૈતનો પ્રભાવ અને પ્રતાપ અંતરથી અળગો થતો નથી. માયા જ્યારે ટળે ત્યારે જ દ્વૈતબુદ્ધિનો ભ્રમ પણ નિવૃત્ત થાય. દ્વૈત જાય ત્યારે અદ્વૈતનાં દર્શન થાય. અને દ્વૈતાદ્વૈતના જ્ઞાનનું વિસ્મરણ થાય ત્યારે એ પરમ અદ્વૈતતત્ત્વમાં ભળી જવાય. અને ત્યારે જ શ્રી અવધૂતે કહ્યું તેમ

**'ન મૈં જાનું ન તું જાનું'**

એ અવસ્થા પ્રાપ્ત થાય. આત્મા-બ્રહ્મની વાસ્તવિક તો એ જ અવસ્થા છે. ત્યાં સ્મરણ પણ નથી, વિસ્મરણ પણ નથી અને સ્મરણ વિસ્મરણનું પણ સ્મરણ નથી કે વિસ્મરણ નથી. અને તેથી જ શ્રી અવધૂતે અન્યત્ર કહ્યું

**'ભૂલા ભૂલાના ભૂલના હૈ'**

આપણે તો કેવળ વાણીવિલાસ કરીએ છીએ. સુંદર શબ્દોમાં એ વાતને આલેખીને તેને મોહક બનાવીએ છીએ; પણ એ વિસ્મરણ અવસ્થાનો ખ્યાલ, જીવને અને જગતને ભૂલીને, જગતના નિમિત્તોપાદાન કારણ એક પરમાત્માને પણ ભૂલીને, અવ્યક્ત પરમાત્મામાં પ્રવેશ કરીને, ત્યાં સમાઈએ ત્યારે જ જે અવિભક્તમાં અવિભક્તભાવે સમાયો છે તેને જ આવે છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥

'મારાં સર્વોત્તમ નિર્વિકારસ્વરૂપને નહીં જાણનાર અજ્ઞાની એ અપ્રકટ એવા મને પ્રકટ થયેલો માને છે!' અને તેથી જ

''कश्चिन्मां वेत्ति तत्त्वतः''

એવો શબ્દોચ્ચાર કરીને એ પરમતત્ત્વ કેવું છે, કેવડું છે વગેરેનું તત્ત્વજ્ઞાન તો ભાગ્યે જ કોઈ જાણી શકે છે એવું શ્રી ભગવાને કહ્યું છે. ભારતવર્ષની કોટ્યાવધિ વસ્તીમાં એવા કેટલા? કરોડે એકાદ મળે તો ભાગ્ય! અને એવો જે છે તે જ સાચો બાદશાહ છે– શાહનો પણ શાહ છે. બીજા બધા મારા તમારા કરતાં તો અનેકવિધ શ્રેષ્ઠ છે પણ વાસ્તવિક દૃષ્ટિએ તત્ત્વદ્રષ્ટા નથી. હશે, નાને મોંએ મોટી વાત શેં કરવી?

શ્રી ભગવાનભાખી ઉપર કહી તે બુદ્ધિની અવસ્થા અજ્ઞાનઅવસ્થા છે. સાચી પરિસ્થિતિના જ્ઞાનના અભાવે અવ્યક્તને વ્યક્ત માનનારો ભીંત ભૂલે છે. ભગવાન સ્વયં જ્યારે કેવળ એક જ અંશમાત્રથી આ જગતમાં વ્યાપ્ત છે ત્યારે તેનું સમગ્ર સ્વરૂપ કેવું હશે તેનો ખ્યાલ કો'ને આવે ?

પણ એમાં કોઈનો દોષ નથી. એ પણ પ્રભુની જ માયા છે. જેમ 'જે નથી તે જણાય' એ પ્રભુની માયા છે– લીલા છે તેમ અવ્યક્તને વ્યક્ત માનવાની બુદ્ધિ થાય તે પણ પ્રભુની જ માયા છે. એ માયા જ્યારે જાય ત્યારે શ્રી અવધૂતે કહ્યું તેમ

'ફટી દિલસે દુઈ સારી'

નો અનુભવ થાય અને વ્યક્તમાં પણ અવ્યક્તને અવ્યક્ત સ્વરૂપે અનુભવીને તેમાં જ સમરસ થઈ શકાય. પણ એ કરતાં કેટલો સમય લાગે ? કેટલા જન્મ જાય ? શ્રી ભગવાને પણ એ વસ્તુની દુર્લભતાનો ખ્યાલ કરાવતાં અર્જુનને 'પરમતત્ત્વને પ્રાપ્ત કરવાને પુરુષાર્થ કરતા હજારો પૈકી મને કોઈક જ તાત્ત્વિક દૃષ્ટિએ જાણે છે' એવું કહ્યું. આ શબ્દોચ્ચાર કરવાનો અધિકાર પણ જેણે ભગવાનના એ શબ્દોનો મર્મ કળીને એ રીતે પરમતત્ત્વને જાણ્યું છે તેનો જ છે. અને તેથી જ

तत्त्वमाध्यात्मिकं द्रष्टवा तत्त्वं द्रष्टवा तु बाह्यतः ।
तत्त्वीभूतस्तदारामस्तत्त्वादप्रच्युतो भवेत् ॥

'આધ્યાત્મિક તત્ત્વને જોઈને અને બાહ્યતત્ત્વનો પણ અનુભવ કરીને તત્ત્વીભૂત અને તત્ત્વમાં જ રમણ કરનારો બનીને તત્ત્વથી ચ્યુત થતો નથી.' એવું માંડુક્યોપનિષદમાં કહેવામાં આવ્યું છે.

આ વિવેચનનું પરિણામ તો એટલું જ છે કે સંપૂર્ણ વિસ્મરણ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે બ્રહ્માનંદ અવસ્થાનો આનંદ રેલાય. પણ એ આનંદનો આસ્વાદ લેનાર સ્વ-ભિન્ન કોઈ રહે નહીં. સાગરમાં પહાડ જેવાં ઊંચાં મોજાં ઊછળે તે જોઈને જોનારનું અંતર આનંદથી હીંચોળા ખાય તેમાં સાગરને શું? જે બ્રહ્મઅવસ્થા પ્રાપ્ત કરે છે તેને બ્રહ્માનંદ શું છે તેની કલ્પના પણ જો રહે તો તે બ્રહ્માવસ્થામાં સ્થિર નથી એમ કહેવું અયોગ્ય નથી. કલ્પના એ જ વિક્ષેપ છે. બ્રહ્માવસ્થામાં વિક્ષેપનો સંપૂર્ણ અભાવ છે. પથ્થરને 'હું પથ્થર છું' એવું જ્ઞાન નથી તેમ બ્રહ્મને 'તે બ્રહ્મ છે' એવું જ્ઞાન નથી. જ્ઞાન, વિજ્ઞાન, અજ્ઞાન આદિ મૂળતત્ત્વના આવરણરૂપ છે. મૂળતત્ત્વ નિરાવરણ હોવાથી તેને એવું કાંઈ જ આવરણ નથી અને તેથી જ 'હું બ્રહ્મને જાણું છું' એવું કહેનાર બ્રહ્મ નથી, બ્રહ્મને જાણતો નથી.' હું બ્રહ્મને નથી જાણતો એવું કહેનાર પણ બ્રહ્મને જાણતો નથી. અને 'હું બ્રહ્મને જાણું છું અને નથી પણ જાણતો એવું કહેનાર બ્રહ્મને અંશતઃ જાણે છે. જે ખરેખર બ્રહ્મને જાણે છે તે મુનિ છે. અનુભવગર્ભમૌન એ જ તેની સાચી ઓળખ છે.

એવા તત્ત્વવિત્‌ની અવસ્થાનું પણ શ્રી અવધૂતે વર્ણન કર્યું જ છે. એવો તત્ત્વવિત્ કેવો હોય? જીવિત હોવા છતાંય ચેષ્ટા કરતો નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

'અગર ઝુંડા, ન હાલું મૈં,'

આ એક વિલક્ષણ સ્થિતિ છે. સંકલ્પના અભાવે સર્વ ચેષ્ટાઓનો અભાવ થઈ જાય છે. સંકલ્પના અભાવે કામના નથી અને કામનાના અભાવે ચેષ્ટા નથી. સંકલ્પરહિત, નિષ્કામ, નિષ્ક્રિય, નિશ્ચેષ્ટ છે અને ચેતનનો અખંડ સ્રોત છે, છતાંય જડવત્ છે એવું કહેવાનો હેતુ એ જ છે કે તેમાં સ્ફુરણ નથી. સ્ફુરણાના અભાવે સ્પંદન નથી, સ્પંદનના અભાવે ઊર્મિ નથી અને ઊર્મિના અભાવે ચાંચલ્ય નથી. જ્યાં ચાંચલ્ય નથી ત્યાં ચેતન ભરેલું હોવા છતાંય જડતાનો આભાસ છે. ગાંભીર્ય છે. ચાંચલ્યનો અભાવ એ જડ અચેતન અવસ્થા નથી પણ જડતાનો આભાસ માત્ર છે મૂર્છાવસ્થા કે ગાઢ સુષુપ્તિ અવસ્થામાં ચાંચલ્ય નથી, જડતા છે પણ અચેતન અવસ્થા નથી. એ તો સ્વયં ચૈતન્ય છે અને તેથી જ એવા ચાંચલ્યરહિત બ્રહ્મને ભાષાશાસ્ત્રીઓએ નપુંસકલિંગ ગણ્યું છે. ભાષામાં 'બ્રહ્મ કેવું છે' એમ બોલાય છે તેનો પણ એ જ હેતુ છે. શ્રી ભગવાને ગીતામાં 'સર્વારંભપરિત્યાગી અને શુભાશુભપરિત્યાગી' એવાં બે વાક્યોનો પ્રયોગ કર્યો છે તે પણ એ જ હેતુથી કર્યો છે. જ્યાં સુધી પ્રકૃતિના ગુણો જીવ પર વર્ચસ્વ ભોગવે છે ત્યાં સુધી જ જીવનું ચાંચલ્ય હોય છે અને જ્યારે પ્રકૃતિના એ ત્રણે ગુણોને ઓળંગીને ગુણાતીત બને છે ત્યારે પ્રાકૃતિક ચાંચલ્યનો લય થાય છે. અને ત્યારે શ્રી અવધૂતે કહ્યું તેમ

'અગર જીંદા ન હાલું મૈં'

એ સ્થિતિનો અનુભવ થાય છે. જેણે બ્રહ્મનો અનુભવ કર્યો છે, બ્રહ્મને જાણીને જે બ્રહ્મ બન્યો છે તેણે બ્રહ્મનું શાસ્ત્રોમાં અને ઉપનિષદોમાં એવું વર્ણન કર્યું છે. એવા બ્રહ્મ બનેલા શરીરધારીનું શ્રી અવધૂતભાખ્યું આ વર્ણન છે.

શરીર જ્યારે મરણને શરણ થાય છે ત્યારે મરણધર્મા શરીરની ઉપર કહી તેવી જ નિશ્ચેષ્ટ જડ અવસ્થા થાય છે. પ્રાણપંખેરું ઊડી જતાં ત્રણે ગુણોની બધી પ્રક્રિયાઓનો અભાવ વર્તાય છે ત્યારે આપણે તેને 'મૃત્યુ થયું' એમ કહીએ છીએ. શરીરની અનેકવિધ ક્રિયાઓ ઉપરથી જ આપણે શરીરમાં જીવ છે એમ કહીએ છીએ અને શરીરની અનેકવિધ ચેષ્ટાઓ અને ક્રિયાઓ બંધ થઈ જાય છે ત્યારે આપણે શરીર મરી ગયું એમ કહીએ છીએ. શ્રી અવધૂતે 'હાલું' શબ્દ દ્વારા નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય અવસ્થા તરફ જ અંગુલીનિર્દેશ કર્યો છે. ભાવ એ છે કે એવા બ્રહ્મ બનેલા- શરીર તો બ્રહ્મ બનતું નથી પણ શરીરમાં રહેલો શરીરિ બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે– શરીરિના શરીરને જીવિત કહેવું કે મરેલું કહેવું એ એક પ્રશ્ન છે. અગર શરીર જીવતું છે એમ કહીએ તો હાલતું નથી. 'હાલતું' શબ્દ દ્વારા કેવળ શરીરના હલનચલનનો જ ભાવ વ્યક્ત કર્યો નથી પણ સૂક્ષ્મ, સ્થૂળ અને કારણશરીરની તમામ ક્રિયાઓનો સંકેત કર્યો છે. અને તેથી એ શરીર અથવા શરીરોની ગુણાત્મક ક્રિયાઓ સર્વ રીતે થંભી ગયેલી

હોવાથી શ્રી અવધૂતે કહ્યું :

**'અગર જીંદા ન હાલું મૈં'**

શરીર ચેષ્ટાઓ મનને આધીન છે. મનની ચેષ્ટાઓ પ્રારબ્ધને આધીન છે અને પ્રારબ્ધ કર્મને આધીન છે. જે બ્રહ્મ બન્યો છે તેને મન નથી, કર્મ નથી અને પ્રારબ્ધ નથી. તેનાં સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ કર્મોનો નિઃશેષ ક્ષય થયો હોવાથી એ સર્વ રીતે નિશ્ચેષ્ટ છે. અને તેથી જ તે જીવતો હોવા છતાં એટલે શરીરમાં પ્રાણ હોવા છતાંય હાલતો નથી. તેનું મન કંઈ કરવા ઉછાળા મારતું નથી. સહેજ સહેજમાં કંપી ઊઠતું નથી. તે જીવતો હોય છે છતાંય ચેષ્ટાહીન છે અને જ્યાં સુધી અવશિષ્ટ શ્વાસોચ્છ્‌વાસ લેવાના છે ત્યાં સુધી તે શરીરમાં કેવળ 'શરીરિ' રૂપે રહીને એ શ્વાસોચ્છ્‌વાસનો અવધિ પૂર્ણ થતાં જ પ્રાણ અને સાથે જ શરીરિ પણ બ્રહ્મમાં અહીં જ ભળી જાય છે. એ શરીરી જ્યાં સુધી શરીરમાં રહે ત્યાં સુધી તો જીવન્મુક્ત કિંવા વિદેહમુક્ત પેરે જ રહે છે અને એવા બ્રહ્મ બનેલા જીવન-વિદેહ મુક્તને શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું તેમ

**तिष्ठन्तमासीनमु तव्रजन्तं**
**शयानमुक्षन्तमदन्तमन्नम् ।**
**स्वभावमन्यत् किमपीहमान–**
**मात्मानमात्मस्थ मतिर्न वेद ॥**

'જે પોતાના સ્વરૂપમાં સ્થિત છે તેનું શરીર ઊભું છે કે બેઠું છે. ચાલે છે કે સૂઈ રહ્યું છે. મળમૂત્ર ત્યાગ કરે છે કે નથી કરતું, ભોજન અથવા કોઈ સ્વાભાવિક કર્મ કરે છે કે નથી કરતું તેનો ખ્યાલ હોતો નથી, કારણકે તેની વૃત્તિઓ આત્મસ્વરૂપમાં સ્થિત બ્રહ્માકાર રહે છે.' એ જીવતો પણ મર્યા સરખો જ છે અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'અગર જીંદા ન હાલું મૈં'**

જીવતો હોય પરંતુ જીવતા મનુષ્યના જેવી ચેષ્ટા ન કરતો હોય તે મરેલો છે એમ માનવાને કારણ નથી. એ જીવે છે તો ખરો પણ જીવનના સર્વ ધર્મોથી મુક્ત બનીને, આત્માના ધર્મથી યુક્ત બનીને શરીરિરૂપે જીવે છે. જીવના ધર્મથી મુક્ત બનવું એટલે જીવને જે 'હું દેહ છું', 'મારો દેહ છે', 'હું કર્તા છું' 'હું ભોક્તા છું' એવી અજ્ઞાન જનિત ભ્રાંતિ થઈ છે તેનાથી મુક્ત બનવું. આત્માના ધર્મથી યુક્ત બનવું એટલે 'હું બ્રહ્મ છું', 'હું આત્મા છું', 'હું શુદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત, અજર, અમર, 'અનાદિ છું એવી નિર્ભ્રાંત અવસ્થામાં સ્થિર થવું. એવી આત્મભાવયુક્ત અવસ્થામાં રહેવા છતાંય શરીરનું પ્રારબ્ધ જ્યાં સુધી ક્ષીણ ન થાય ત્યાં સુધી ઉપર કહ્યું તેમ નિષ્ક્રિય, નિષ્કર્મ અને નિશ્ચેષ્ટ અવસ્થામાં શ્વાસોચ્છ્‌વાસની અવધિ પૂરી થતાં સુધી એ આત્મભાવે રહે છે. એ શરીરમાં રહેલા શરીરિને તો જીવવાનું પણ નથી અને મૃત્યુ પણ નથી. આત્મા







તો જીવન અને મૃત્યુથી સદા મુક્ત જ છે. જીવન અને મરણ તો શરીરના ધર્મો છે. એ શરીર ધર્મોથી શરીરિ અલિપ્ત છે. અને તેથી 'હું જીવું છું' એમ કહેશો તો પણ હું હાલતો નથી, બીજાઓની માફક આમ તેમ ડાફોળિયાં મારતો નથી, વલખાં મારતો નથી, દોડધામ કરતો નથી." એવી એક સમસ્યા શ્રી અવધૂતે મૂકી છે. એનો ઉત્તર એટલો જ છે કે નિષ્ક્રિય અથવા નિશ્ચેષ્ટ અવસ્થા જ મૃત્યુનું માપ નથી.

વિસ્તાર તો થશે પણ એ જ વાતનો બીજી દૃષ્ટિએ વિચાર કરવો પણ જરૂરનો છે. શું કેવળ નિષ્ક્રિયતા કિંવા ચેષ્ટાહીનતા જ તત્ત્વવિત્‌ની ઓળખ છે? બાહ્યચેષ્ટાઓ કિંવા નિષ્ક્રિયતા વિહોણા શરીરમાં રહેલા શરીરનું, તત્ત્વવિત્ બનીને તત્ત્વમાં સમરસ બન્યો છે એમ માનવું વાસ્તવિક છે? જો એમ જ હોય તો એ તો અભ્યાસનું કામ છે. બોલ્યા ચાલ્યા વિના કે અંગને હલાવ્યા વિના અથવા ઈતર કાંઈ પણ ક્રિયા વિના કેવળ અભ્યાસ દ્વારા, જેણે આસનસિદ્ધિ કરી હોય તે એ પ્રમાણે કરી શકે છે. એટલાથી જ તે બ્રહ્મવિત્ બનતો નથી. બાહ્યચેષ્ટાઓ અને ક્રિયાઓનો અંતઃકરણ સાથે સીધો સંબંધ છે. અંતઃકરણની ઊર્મિઓને આકાર આપવાને એ ચેષ્ટાઓ અથવા ક્રિયાઓ થાય છે. એ ઊર્મિઓ આગળ આપણે જોયું તેમ અંતરમાં ઊઠતી કામનાઓની સિદ્ધિ અર્થે થાય છે. અને તેથી જે જે ક્રિયાઓ અને ચેષ્ટાઓ શરીરથી થાય છે તેને અંતઃકરણનો આધાર છે. એટલે કેવળ બાહ્ય નિશ્ચેષ્ટ અવસ્થા કિંવા નિષ્ક્રિય અવસ્થા તત્ત્વવિત્‌નું લક્ષણ નથી એમ કહેવું અયોગ્ય નથી. અંતઃકરણના આદેશને આકાર આપવાને સક્રિયતા છે, અને તેથી જો અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આદેશ આપતું અટકી જાય, એનું ચાંચલ્ય શમી જાય તો તેના પરિણામરૂપે જે નિષ્ક્રિયતા કે નિશ્ચેષ્ટતા ક્રિયામાં આવે તે જ સાચી નિષ્ક્રિયતા કે નિશ્ચેષ્ટતા છે. અને તેથી જ શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥

'હે પાર્થ જ્યારે મનમાં રહેલી સર્વ કામનાઓ ત્યજી દે છે અને આત્મા વડે જ આત્મામાં જ સંતોષ પામે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.' શ્રી ભગવાનભાખી સ્થિતપ્રજ્ઞની આ વ્યાખ્યા આત્મવિત્, આત્મરત્ અને આત્મક્રીડની સાચી ઓળખ છે. અને તેથી જ શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥

'પરંતુ જે મનુષ્ય આત્મામાં જ પ્રીતિવાળો છે, આત્મામાં જ તૃપ્ત અને આત્મા જ સંતુષ્ઠ રહે છે તેને કાંઈ કરવાનું રહેતું નથી.' અને તેથી જે સાચી નિષ્ક્રિયતા છે, જે સાચી નિશ્ચેષ્ટ અવસ્થા છે તે અંતઃકરણની— મનની નિષ્ક્રિયતા અને નિશ્ચેષ્ટતા છે. અહીં શ્રી અવધૂતે 'હાલું' શબ્દ

દ્વારા જે નિષ્ક્રિયતાનો અને નિશ્ચેષ્ટતાનો ખ્યાલ આપ્યો છે તે બાહ્ય શરીરની નથી પણ અંતઃશરીરની છે. અંતઃકરણના આદેશને શરીર અનુસરતું હોવાથી અંતઃકરણ શરીરને આદેશ આપતું-નચાવતું અટકાવવું અને અંતઃકરણને સ્થગિત કરવું એ જ 'હાલું' શબ્દનો સાચો અર્થ અને મર્મ છે એમ કહેવામાં અજુગતું નથી. સંતોની વાણી સંતકૃપા વિના સમજાતી નથી. શબ્દાર્થમાં અને મર્માર્થમાં ઘણો ભેદ છે. અસ્તુ.

આપણે જોયું કે કેવળ શરીરની નિષ્ક્રિયતા કે નિશ્ચેષ્ટ અવસ્થા એ તત્ત્વવિત્‌ની સાચી ઓળખ નથી. પણ અંતઃકરણની સ્થગિત અવસ્થાના પરિણામરૂપ જે નિષ્ક્રિયતા છે અને નિશ્ચેષ્ટા-અકંપ્ય અવસ્થા છે તે જ સાચા તત્ત્વવિત્‌ની અવસ્થા છે.

પરિણામ એ આવશે કે જે આત્મવિત્ છે તે કશું જ કરતો નથી અને છતાંય બધું જ કરે છે અને બધુંય કરે છે છતાંય કશું જ કરતો નથી. ત્યારે શું તે નિષ્ક્રિય અને નિશ્ચેષ્ટ પથ્થર બની જાય છે ? અને તેનું શરીર કાંઈપણ હલનચલન વિના જડવત્ પડી રહે છે ? યાજ્ઞવલ્કય, વશિષ્ટ, જનક આદિનાં દૃષ્ટાંતો ઈતિહાસને પાને સુવર્ણના અક્ષરે અંકિત થયેલાં છે. એમનાં જીવનચરિત્ર આપણે જોઈએ તો એ બધાય ગૃહસ્થાશ્રમના ધર્મો યથોચિત કરતા હતા છતાંય બધા બ્રહ્મભાવભાવિત હતા એ વાતનો ઈનકાર કરી શકાતો નથી. બ્રહ્મનો પાર પામીને જે બ્રહ્મ બન્યા છે તે નિષ્ક્રિય કે નિશ્ચેષ્ટ જ રહેતા નથી એમ કહી શકાય પણ તેમની બધી જ ક્રિયાઓ સંકલ્પરહિત હોવાથી એ બધાય સર્વ સંકલ્પસંન્યાસી હતા. અને પરિણામે કામસંકલ્પવર્જિત જે જે સમારંભો થાય છે તે કેવળ શારીરિક કાર્યો છે અને તેથી આત્માને બંધન થતું નથી. અને તેથી આત્મા આત્મસ્થિતિમાંથી વિચલિત થતો નથી. અને તેથી જ

"ન હાલું મૈં"

એ સ્થિતિ ઉત્પન્ન થાય છે.

પાણી જ્યાં સુધી પ્રવાહી રહે ત્યાં સુધી તેમાં તરંગ ઉત્પન્ન થયા વિના રહેતા નથી તેમ અંતઃકરણ જ્યાં સુધી વાસના અને કામનાયુક્ત રહે છે ત્યાં સુધી તેનો પ્રવાહ અવરોધાતો નથી અને વાસનાને અનુરૂપ કામનાની પૂર્તિ અર્થે તરંગરૂપે સંકલ્પો ઉત્પન્ન થયા જ કરે છે. પાણી જ્યારે ઘન બની જાય છે ત્યારે તેમાં તરંગનો અભાવ વર્તાય છે તેમ જ્યારે અંતઃકરણમાંથી કામના અને વાસનાનો જેમજેમ ક્ષય થતો જાય છે અથવા ઓસરતી જાય છે તેમતેમ અંતઃકરણ પણ ઘનતાને પ્રાપ્ત થતું જાય છે. અંતઃકરણની એ ઘનતા એટલે મલિનતા આવરણનો ઉચ્છેદ. અને ત્યારે એવા ઘન બનેલા અંતઃકરણમાં પણ સંકલ્પરૂપી તરંગો ઉત્પન્ન થતા નથી. એ જ પાણી જ્યારે વરાળરૂપે પરિવર્તન પામે છે ત્યારે તેની પ્રવાહી અને ઘન અવસ્થાનું પણ અસ્તિત્વ રહેતું નથી. તેમ જ્યારે

અંતઃકરણ પણ સર્વ રીતે શુદ્ધ બની જાય છે ત્યારે અંતઃકરણના બધાય ધર્મોરહિત બનીને તેના સ્વાભાવિક અસ્તિત્વનો લોપ થઈ જાય છે. એ અંતઃકરણની નિરાવરણ અવસ્થા છે. તેને આપણે બીજી રીતે અમન અવસ્થા પણ કહીશું. એ વરાળ અંતે વાયુમંડળમાં ભળી જાય છે ત્યારે તે પણ અદૃશ્ય થઈ જાય છે અને એ રીતે મૂળ પ્રવાહી પાણી નિરાવરણ અને નિરાકાર બનીને પોતાનું જે નિરાકાર અને નિર્વિકાર રસસ્વરૂપ છે તેમાં ભળી જઈ

'रसोऽहमप्सु कौंतेय'

એ શ્રી ભગવાનના શબ્દો અનુસાર રસરૂપ બની જાય છે. જ્યાં સુધી આત્મા જીવભાવયુક્ત રહે છે ત્યાં સુધી તેને કર્મ અને પ્રારબ્ધના કારણે મન દ્વારા અનેકવિધ સંકલ્પોના પ્રવાહમાં તણાવું પડે છે. એ સંકલ્પો મનના છે પણ જીવ મનના સંકલ્પોને પોતાના માનીને તેમાં તણાય છે. અને તેને અનુરૂપ કર્મો કરવાં પડે છે. એ તેની સક્રિય અને સચોટ અવસ્થા છે. જેમજેમ સંકલ્પોનો પ્રભાવ ઘનીભૂત થતો જાય છે, તેમતેમ અંતઃકરણની વૃત્તિઓ સ્થગિત થતી જાય છે અને જ્યારે નિઃસંકલ્પ અવસ્થા સિદ્ધ થઈને સ્થિર બને છે ત્યારે એ જ અંતઃકરણ નિષ્ક્રિય બની જાય છે. ત્યારે તેની વૃત્તિઓ સર્વારંભપરિત્યાગી અને શુભાશુભપરિત્યાગી થઈ જાય છે. એટલે વૃત્તિઓ જ ઉત્પન્ન થતી નથી અને પરિણામે

'तस्य कार्यं न विद्यते'

એ શ્રી ભગવાનભાખી સ્થિતિ ઉત્પન્ન થાય છે. જેને કાર્ય જ નથી તેને ક્રિયા પણ નથી અને કાર્ય અને ક્રિયાના અભાવે હલનચલનની પણ આવશ્યકતા રહેતી નથી. જ્યારે એ નિષ્ક્રિયતાનું પણ લક્ષ રહેતું નથી ત્યારે એ જ અનિર્વચનીય અવસ્થાનો અનુભવ કરે છે અને એ જ અનુભવનું પણ જ્યારે જ્ઞાન રહેતું નથી ત્યારે જ શ્રી અવધૂત કહે છે તેમ

"અગર જીંદા ન હાલું મૈં"

એ અવસ્થાનો ઉદ્ભવ થાય છે. અંતઃકરણની એ ચિદ્ઘન અવસ્થાને બાહ્ય કારણોની ક્રિયાઓ સાથે કશો જ સંબંધ હોતો નથી. નિષ્ક્રિય અને નિઃસંકલ્પ અવસ્થાના પરિણામે કરણ દ્વારા જે બાહ્યક્રિયાઓ જણાય છે તે સ્વયંભૂ હોય છે, સહજ હોય છે. એ સહજ ભાવે થાય છે અને તેથી તેનો કર્તા પુરુષ નથી પણ પ્રકૃતિ છે અને તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

''स्वभावस्तु प्रवर्तते''

એ સ્વભાવજન્ય ક્રિયાઓ આત્માને બંધન સર્જાવતી નથી. અને અંતે જેમ વરાળ વાયુમંડળમાં ભળીને રસરૂપ બની જાય છે તેમ જીવભાવમુક્ત આત્મા પરમતત્ત્વમાં ભળી જાય છે. અને ત્યારે

'ન હાલું મૈં'

એ સ્થિતિનો અનુભવ થાય છે.

એ જ વાતના અનુસંધાનમાં બીજી પણ એક વાતનો વિચાર કરીએ. હલનચલનની સ્થૂળ ક્રિયાઓ તો શરીરની છે ને ? એ ક્રિયાઓ સાથે આત્માને તો કશો જ સંબંધ નથી ને ? જે પરમતત્ત્વનો જીવાત્મા એક અંશ છે તે પરમતત્ત્વનું ઉપનિષદોએ વર્ણન કર્યું છે. તેનો સાર એ છે કે

अशब्दमस्पर्शमरूपमव्ययं
तथा रसंनित्यमगन्धवच्चयत् ।
अनाद्यनन्तं महतः परं ध्रुवं
निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥

"જે અશબ્દ, અસ્પર્શ, અરસ, અરૂપ અને અવ્યય છે તથા નિત્ય અને ગંધરહિત છે. જે અનાદિ, અનન્ત અને મહત્તત્ત્વથી પર ધ્રુવ અને નિશ્ચળ છે તે આત્મતત્ત્વને જાણીને પુરુષ મૃત્યુના મુખમાંથી છૂટી જાય છે." કઠોપનિષદકારે એવું કહ્યું છે. તે પરમતત્ત્વ સંપૂર્ણ રીતે નિષ્ક્રિય અને નિશ્ચેષ્ટ હોવાથી, એ હલનચલન આત્માનું નથી. હલનચલન અને ક્રિયાઓ શરીરની અને ઇન્દ્રિયોની છે. ઇન્દ્રિયો મનને આધીન છે અને મનનું દોરવ્યું એ શરીર જ્યાંત્યાં જાય છે અને ક્રિયાઓ કરે છે. તેને અને આત્માને કશો જ સંબંધ નથી. અહીં "ન હાલુ મૈં" એ શબ્દોચ્ચાર કરનાર કોણ ? શરીર કે આત્મા ? શરીર જડ છે. શબ્દોચ્ચાર કરી શકતું નથી. આત્મા નિષ્ક્રિય અને નિર્વિકાર છે. તે શબ્દોચ્ચાર કરી શકતો નથી. પણ એ શબ્દ શરીરધારી જીવાત્માનો છે. અને તેથી શરીરથી તે ભિન્ન હોવાથી જ 'હું હાલતો નથી' એમ કહે છે. જ્યાં સુધી એ શરીરધારી જીવાત્મા શરીરની ચેષ્ટાઓ કે ક્રિયાઓમાં અહંતાયુક્ત બનતો નથી ત્યાં સુધી શરીરની ક્રિયાઓ સાથે તેને કશો જ સંબંધ રહેતો નથી. તે તો માત્ર દ્રષ્ટા કિંવા સાક્ષી જ રહે છે. શરીરમાં રહેલા એ દેહભાવથી મુક્ત શરીરધારી જીવાત્માના શબ્દોચ્ચાર તેની આત્મૈક્યતાના દ્યોતક છે.

આ રીતે આપણે જોયું કે શ્રી અવધૂતે

"અગર જીંદા ન હાલું મૈં"

એટલું એક જ વાક્ય કહીને આપણી આગળ વિચારપરંપરા રજૂ કરી છે. જેટલો વિચાર કરીએ તેટલો અને જેટલા ઊંડા ઊતરીએ તેટલું જ એમાંથી રહસ્ય જાણવાનું મળે; પણ વિસ્તારભયે એ વિચારધારાને અહીં જ અટકાવીશું. આટલા વિવેચન પછી હવે આપણે બીજી વાત ઉપર આવીએ.

અહીં આપણે શરીરનું મૃત્યુ ક્યારે થાય છે તે પ્રશ્નનો પણ થોડો વિચાર કરીએ. ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ એવા કર્મના ત્રણ પ્રકાર અથવા ભેદ છે. કર્મ જ્યાં સુધી ક્રિયમાણ કે સંચિત અવસ્થામાં રહે ત્યાં સુધી તેવાં કર્મ અર્થે જીવને શરીરપ્રવેશ કરવો પડતો નથી. પણ એ કર્મ જ્યારે પ્રારબ્ધ બને છે ત્યારે એટલે કર્મ જ્યારે તેના પરિણામરૂપ ફળ






આવવાની અણી પર આવે છે ત્યારે તે પરિણામને ભોગવવાને માટે શરીરની જરૂર રહે છે અને તે હેતુએ જીવ શરીર ધારણ કરે છે. તે કર્મનું પરિણામ ભોગવીને તે શરીર મરણ પામે છે. એવાં અનેક કર્મનાં પ્રારબ્ધ ભેગાં થાય છે અથવા જેટલાં કર્મનાં પરિણામ ભોગવવા માટે તૈયાર થાય છે તેટલાં કર્મનાં પરિણામનો સમૂહ એકત્ર થાય ત્યારે તે બધાંને ભોગવવા માટે શરીર સરજાય છે અને તે પરિણામ ભોગવીને શરીરનું મૃત્યુ થાય છે. જો ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ કર્મનો અભાવ હોય તો શરીરનો જન્મ પણ નથી અને મૃત્યુ પણ નથી. અને તેથી જ જ્ઞાનાગ્નિથી સર્વ કર્મોનો નિઃશેષ ક્ષય થતાં અને સંકલ્પજનિત નવાં ક્રિયમાણ કે સંચિત કર્મના અભાવે શરીરનો જન્મ નથી અને મૃત્યુ પણ નથી.

એવા બ્રહ્મને જાણીને બ્રહ્મ બનેલા મહાનુભાવનો આત્મા જે શરીરમાં નિશ્ચળ ભાવે રહે છે તે શરીર જીવિત છે કે મરેલું છે તેનો આપણે નિર્ણય કર્યો. કેવળ નિશ્ચળતા એ મૃત્યુની નિશાની નથી. એ નિશ્ચળતા કે નિષ્ક્રિયતા શરીરની હોવી પણ જરૂરની નથી પણ આત્માની નિશ્ચળતા છે. આત્મા હાલતો નથી અને તેથી શ્રી અવધૂતની સમસ્યાનો આપણે બુદ્ધિગમ્ય ઉકેલ એવો જ કરી શકીએ કે, મૃત્યુના પરિણામે થતી શરીરની નિશ્ચળતા અને બ્રહ્મભાવભાવિત આત્મસ્થિતની આત્મનિશ્ચળતાના પરિણામે થતી શરીરની નિશ્ચળતામાં, આકાશપાતાળ જેટલું અંતર છે. એક કેવળ મૂઢાવસ્થા છે, બીજી છે કેવળ ચૈતન્યઅવસ્થા. એક છે આત્માની દેહાન્તર પ્રાપ્તિની અવસ્થાના કારણે અને તેને મૃત્યુ સંજ્ઞા અપાઈ છે; બીજી છે આત્માની નિશ્ચળતાના કારણે અને તેને 'બ્રાહ્મીસ્થિતિ' એવી સંજ્ઞા અપાઈ છે. અને એ રીતે

**'અગર જીંદા ન હાલું મૈં'**

એ સમસ્યાનો ઉત્તર આ રીતે આપી શકાય.

શ્રી અવધૂતે આપણી આગળ બીજી સમસ્યા મૂકી છે.

**'મરા, ચેતન ભરા ભરપૂર'**

''અગર જો નિશ્ચળતાના કારણે મૃત્યુ થયું એમ માનો તો ચેતન ભારોભાર ભરેલું છે.'' જો ચેતન ભારોભાર ભર્યું છે તો પછી તેને 'મૃત્યુ' પણ શી રીતે કહી શકાય ? શું મૃતશરીરમાં ચેતન નથી ? મૃતશરીરમાં ચેતન ન હોય તો સર્વવ્યાપી પરમાત્મા એ મૃતશરીરમાં નથી ? જો સર્વવ્યાપક પરમતત્ત્વ એ મૃતશરીરમાં છે તો એ શરીરને મૃત પણ શી રીતે કહેવાય ? જ્યાંજ્યાં ચેતન છે ત્યાંત્યાં આત્મા છે. જ્યાંજ્યાં ધૂમ છે ત્યાંત્યાં અગ્નિ છે. આત્મા સિવાય ચેતનનું અસ્તિત્વ જ નથી અને તેથી એ શરીરને મૃત કહેવું એ શું યોગ્ય છે ? અને છતાંય શરીરને મરેલું માનીને આપણે તેને અગ્નિદાહ, જળદાહ કે ભૂમિદાહ કરીએ છીએ. ત્યારે શું એ શરીરને ખાખ બનાવવાથી આત્માની ખાખ થતી હશે ? આત્મા તો

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एवच।
नित्यः सर्वगतः स्थाणुचलोऽयं सनातनः॥

''આ આત્મા છેદવો અશક્ય છે, બાળવો અશક્ય છે, ભીંજવવો અશક્ય છે અને સૂકવવો અશક્ય છે. આ નિત્ય, બધે વ્યાપ્ત, સ્થિર, અચળ અને સદા હોનાર છે.'' એમ શ્રી ભગવાને અર્જુનને કહ્યું છે. અગ્નિ એને બાળી શકતો નથી, શસ્ત્રોથી એનું છેદન થતું નથી, પાણી એને ભીંજવી શકતું નથી અને વાયુ એનું શોષણ કરી શકતો નથી. એ આકાશવત્-સર્વગત આત્માનો વિનાશ જ નથી. ત્યારે બ્રહ્મભાવયુક્ત નિશ્ચળ શરીરને શું કહેવું ? શ્રી અવધૂત કહે છે : ''જીવતું કહેશો તો ચેષ્ટાહીન છે. મરેલું કહેશો તો ચેતન ભરેલું છે.'' એ જીવિત નથી એમ પણ ન કહેવાય અને મરેલું છે એમ પણ ન કહેવાય. ત્યારે ?

એનો ઉત્તર શ્રી અવધૂત આપે છે :

'મરે જીતે પેરે બૈઠા'

જીવન અને મૃત્યુ એ ઉભય અવસ્થાને ઓળંગીને એ શરીરમાં રહેલો અચળ અને નિશ્ચળ આત્મા ઉભય અવસ્થાના કેવળ દ્રષ્ટા તરીકે જ શરીરમાં રહે છે. અને તેથી શરીરની ગમે તે વલે થાય, તેને જીવતું કહેવાય, મરેલું કહેવાય કે પ્રેત કહેવાય તેની સાથે આત્માને કશો જ સંબંધ નથી. તેથી આત્મા મૃત્યુ અને જીવનથી પર છે. એ મૃત્યુ અને જીવનથી પર અવસ્થાનો ખ્યાલ સાધારણ રીતે આવી શકતો નથી. એ વાતને સમજવાને આપણે સર્જન તરફ દૃષ્ટિપાત કરીશું.

સચર અને અચર એવા નિસર્ગના બે વિભાગ. એ મુખ્ય બે વિભાગનાય ઘણા વિભાગો પાડી શકાય. માનવસર્જન એ બ્રહ્મપ્રાપ્તિનું એક જ સાધન છે અને તેથી તે બ્રહ્મથી ખૂબ જ નજીક છે. પ્રાણી એટલે પશુપક્ષી આદિ સર્જન તેનાથી ઊતરતી કોટીનું છે. બ્રહ્મપ્રાપ્તિ અર્થે અથવા બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરવા માટેનો જે સાધનસમુચ્ચય શાસ્ત્રોએ વર્ણવ્યો છે તેનો આચાર માનવ-સર્જન સિવાય ઇતર સર્જન કરી શકતું નથી અને તેથી તે માનવ સર્જનથી ઊતરતી કોટીનું છે એમ કહ્યું છે. તેનાથી ઊતરતી કોટીના સર્જનમાં પહાડ, પાષાણ, પૃથ્વી આદિનો સમાવેશ કરી શકાય છે. અને તેથી પણ આગળ ચાલીએ તો ઇતર ખનિજ આદિ સર્જનનો પણ આપણને ખ્યાલ આવે. જ્યારે 'सर्वं खल्विदं ब्रह्म' એ સૂત્રનો આપણે સ્વીકાર કરીએ ત્યારે એ સર્જન તાત્ત્વિક દૃષ્ટિએ તો બ્રહ્મ જ છે. બ્રહ્મ અભેદ હોવાથી તેમાં ભેદ નથી અને તેથી જે બ્રહ્મતત્ત્વ માનવ સર્જનમાં છે તે જ બ્રહ્મતત્ત્વ પાષાણમાં પણ છે, વૃક્ષમાં પણ છે, પશુપંખીમાં પણ છે, અને ક્યાં નથી એ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ભેદમાત્ર નામ, રૂપ અને આકારનો છે. એ બધાય નામ, રૂપ અને આકારમાં પરમતત્ત્વ તો અભેદરૂપે સભર ભરપૂર છે અને તેથી વૃક્ષ આદિ જડ

સર્જન પણ બ્રહ્મવિહોણું નથી એ નિઃશંક છે. માત્ર તેની અભિવ્યક્તિમાં ન્યૂનાધિકત્વ છે એટલું જ. શ્રી અવધૂત કહે છે :

'મરા, ચેતન ભરા ભરપૂર'

એ વાતનો આ વિવેચન સાથે વિચાર કરીએ તો નામ, રૂપ અને આકાર જ મરે છે. ચેતન મરતું નથી. ચેતન અમર્ત્ય છે અને તેથી જેને આપણે મરેલાં માનીએ છીએ તેમાં પણ એ અમર્ત્ય ચેતન ભરપૂર છે એમ કહેવું અયોગ્ય નથી. એ ચેતન જે સઘળે સભર ભરેલું છે તેને મૃત્યુ નથી અને તેથી તે જન્મ અને મૃત્યુથી પર છે અને તેથી જ કઠોપનિષદ્કારે

अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ।
महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥

'જે શરીરમાં શરીરરહિત તથા અનિત્યોમાં નિત્યસ્વરૂપ છે તે મહાન અને સર્વવ્યાપક આત્માને જાણીને બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી.' એ પ્રમાણે કહીને નિરાકાર અને નિર્વિકાર આત્માનું અમરત્વ પ્રતિપાદન કર્યું છે. જે બ્રહ્મને જાણીને બ્રહ્મ બન્યો છે, જે આત્મા જીવભાવથી મુક્ત બનીને શિવભાવયુક્ત બન્યો છે અને પછી શિવભાવથી પણ મુક્ત બનીને શિવ જ બન્યો છે તે જન્મ અને મૃત્યુથી પર છે. અને તે જ સચરાચરમાં ચેતનસ્વરૂપે ભરપૂર છે. અનેકવિધ યોનિઓની પ્રાપ્તિ સાથે તે અનંત-બ્રહ્મને કશો જ સંબંધ નથી.

નચિકેતાએ બ્રહ્મનું એ સ્વરૂપ જાણવાને યમરાજને પ્રાર્થના કરતાં કહ્યું :

यस्मिन्निदं विचिकित्सन्ति मृत्यो-
यत्साम्पराये महति ब्रूहि नस्तत् ।

''હે મૃત્યો ! જે પરલોકગત જીવના સંબંધમાં લોક 'છે કે નથી' એવો સંદેહ કરે છે અને જે મહાન પરલોકના વિષયોમાં નિશ્ચિત વિજ્ઞાન છે તે મને કહો.''

ત્યારે યમરાજાએ બ્રહ્મતત્ત્વનું સ્વરૂપ વર્ણવતાં કહ્યું :

सर्वे वेदा यत्पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

''સર્વે વેદો જેના પદનું વર્ણન કરે છે, જેની પ્રાપ્તિનાં સાધન તરીકે સર્વ પ્રકારનાં તપો કરવામાં આવે છે, જેની ઇચ્છા રાખીને મુમુક્ષુજન બ્રહ્મચર્યનું પાલન કરે છે તે પદનું હું તને સંક્ષિપ્તમાં વર્ણન કરું છું. ''ૐ એ જ તે પદ છે.'' ૐકાર દ્વારા વ્યક્ત કરવામાં આવેલું એ પરમતત્ત્વ તે જ શ્રી અવધૂતના કહ્યા પ્રમાણે

'મરા, ચેતન ભરા ભરપૂર'

છે. અને એ તત્ત્વમાં સમરસ થયેલા જીવન્મુક્તને, અજ્ઞજનની માફક વિધવિધ પ્રકારની ચેષ્ટાઓ ન કરતો હોવાથી જો, તે મૃત છે એમ કહો, મડદું છે એમ કહો તો એ બરાબર નથી કેમકે એ ચેતન છે. અને તેથી જ એને કેટલાક જીવંત મડદું કહી ઓળખવાનો પ્રયત્ન કરે છે. સર્વથા બીજા જેવો એ જીવતો પણ નથી અને બીજા જેવો એ મરેલો પણ નથી. એની સ્થિતિ સામાન્યજનોના ખ્યાલમાં આવી શકે તેવી નથી હોતી અને તેથી જ લોકોને માટે એ એક અણઉકલ્યો કોયડો જ બની રહે છે. અને તેથી જ શાસ્ત્રો એને **અનિર્વચનીય** કહીને સંતોષ માને છે.

આગળ અન્યત્ર આપણે જોયું છે કે દેવયોનિ પુણ્યકર્મનું ફળ છે. માનવયોનિ પાપ અને પુણ્યના મિશ્રિત કર્મનું પરિણામ છે અને પશુ, પક્ષી, વૃક્ષ આદિ ઈતર યોનિઓ કેવળ પાપકર્મનું પરિણામ છે. જ્યાં કર્મ નથી, ત્યાં પાપ કે પુણ્ય નથી, જન્મ કે યોનિ નથી, ત્યાં મૃત્યુ પણ નથી. એટલે સંપૂર્ણ કર્મોનો નિઃશેષ ક્ષય થતાં જે આત્માવસ્થા પ્રાપ્ત થાય છે તે બ્રહ્મની મૂળ અવસ્થા છે. અને તે અવસ્થાનું પરિણામ

'न तस्यप्राणाः उत्क्रामन्ति'

એ છે. અગ્નિની ચિનગારી જેમ અગ્નિમાં સમાઈ જાય છે તેમ આત્મા પરમાત્મામાં જ, અંશ અંશીમાં સમાઈ જાય છે.

જીવભાવયુક્ત આત્મા પ્રલયકાળે પરબ્રહ્મમાં લીન થાય છે; પણ ત્યારે તેના સંસ્કારો સાથે લીન થાય છે તેથી જ તેનો પુનર્જન્મ છે. જે આત્મા જીવભાવયુક્ત નથી તેને એવા કોઈ સંસ્કાર રહેતા નથી. તે બ્રહ્મ જ હોવાથી બ્રહ્મને બ્રહ્મમાં સમરસ બનવાનું પણ અવશેષ રહેતું નથી. અને તેથી તે જાતે સ્વયંબ્રહ્મ જ છે અને તેથી જ તે જન્મ અને મૃત્યુથી પર છે. તાત્પર્ય એ છે કે જે 'હું'ને નથી જાણતો એટલે જે જીવને પોતાનાથી ભિન્ન નથી જાણતો અને જે 'તૂ'ને એટલે જગતને પણ પોતાનાથી ભિન્ન નથી જાણતો તે જ સાચો જ્ઞાની છે. તે જ સર્વને પોતાનામાં અને પોતાને સર્વમાં જાણીને વાસુદેવ બને છે. વાસુદેવ બને છે ત્યારે 'હું' અને 'તું' ને જાણવાપણું રહેતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે પ્રશ્ન પૂછ્યો,

**'હુઆ ક્યા યે મૂઝે સાંઈ, ન મૈં જાનું ન તૂ જાનું !''**

એનો ઉત્તર એક જ છે અને તે એ છે કે પ્રશ્ન પૂછનાર બ્રહ્મને જાણીને બ્રહ્મ બન્યો છે અને તેથી બ્રહ્મથી ઈતર કોઈનું અસ્તિત્વ નથી એવો સ્વાનુભવ કરીને, જે નથી તેને તે જાણી શકતો નથી, જાણવાપણું રહેતું નથી.

એ અવસ્થા પ્રાપ્ત કરનારનું શરીર છૂટી જાય એવો નિયમ નથી. શરીર તો જ્યાં સુધી પ્રારબ્ધ નિઃશેષ ક્ષીણ ન થાય ત્યાં સુધી રહે જ છે. પણ શરીર સાથે જ સંકળાયેલો માયા અને માયાનો પ્રભાવ એવા બ્રહ્મને સ્પર્શ કરી શકતો નથી. એવી આત્માવસ્થા જેણે પ્રાપ્ત કરી છે તેની દૃષ્ટિ જ્યાંત્યાં અભેદભાવે પોતાને જ– આત્માને જ જુએ છે, પોતાને






જ અનુભવે છે, પોતાને જ ભોગવે છે. ભોક્તા, ભોગ્ય અને ભોગ પોતે જ બને છે.

**'મરા, ચેતન ભરા ભરપૂર'**

એ વાક્યમાં રહેલું ગૂઢરહસ્ય આટલા વિવેચનથી સમજાતું નથી. અને તેથી થોડો વિચાર કરીએ.

આગળ આપણે જોયું તેમ જ્યારે શરીરમાંથી પ્રાણ નીકળી જાય છે ત્યારે તેને આપણે 'મડદું' કહીએ છીએ. પ્રાણ વડે શરીરની ક્રિયાઓ ચાલે છે. એક શરીર જન્મે છે ત્યારે તેના શ્વાસોચ્છ્વાસનું નિર્માણ થયું જ હોય છે. એ શ્વાસોચ્છ્વાસ જ્યાં સુધી પૂરા ન થાય ત્યાં સુધી પ્રાણ તે દેહનો ત્યાગ કરવાને શક્તિમાન નથી. એ પ્રાણને ગતિ આપવાને આત્મા શરીરમાં રહે છે. જ્યારે એ શ્વાસોચ્છ્વાસ પૂરા થાય છે ત્યારે પ્રાણ ભલે એ શરીરનો ત્યાગ કરે પણ તેથી કરીને આત્મા એ શરીરનો ત્યાગ કરતો નથી. આત્મા તો એ શરીરમાં એના કણરજકણમાં રહે જ છે. એ જ શરીર બળીને ભસ્મ થાય છે તે ભસ્મમાં પણ આત્મા છે. એ જ શરીર સડી જાય તોય આત્મા એ શરીરનો ત્યાગ કરતો નથી. એ જ શરીરને પાણીમાં પ્રવાહિત કરવામાં આવે કિંવા ડુબાડી દેવામાં આવે તોય અથવા જમીનમાં દાટવામાં આવે તો પણ આત્મા એ શરીરનો ત્યાગ કરતો નથી. શરીર ક્રિયાશૂન્ય બને પણ આત્માશૂન્ય બનતું નથી. એક શરીરનો ત્યાગ કરીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે તે સૂક્ષ્મશરીરાંતરગત જીવ છે. આત્મતત્ત્વ એ જીવતત્ત્વથી વિલક્ષણ છે અને તેથી શરીર મરે છે એમ કહીએ તો પણ, તેમાં ચેતન ભરપૂર છે એ વાત સત્ય છે. જેનું મૃત્યુ મરી જાય છે. તેને જ આ બોધ થાય છે. જેનું મૃત્યુ નથી મરી ગયું તે જ જન્માંતર ભોગવે છે જેનું મૃત્યુ મરી ગયું છે તેને મૃત્યુનો ભય નથી, કારણ કે તે સ્વયં મૃત્યુથી પર બનીને મૃત્યુને– કાળને પોતાના કાબૂમાં રાખે છે. શરીરના મૃત્યુ સાથે આત્માનું મૃત્યુ થતું નથી. આત્મા તો અમર છે. અહીં શ્રી અવધૂતે 'મરા' શબ્દ દ્વારા જે સૂચન કર્યું છે તે શરીરના મૃત્યુને અનુલક્ષીને કર્યું નથી પણ શરીરમાં રહેલા સૂક્ષ્મશરીર અને તેને અનુસરતા જીવના સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ કર્મના એટલે સૂક્ષ્મ અને કારણ દેહના મૃત્યુને અનુલક્ષીને કર્યું છે. જેના સૂક્ષ્મ અને કારણદેહનો નાશ થાય છે તે ચેતનસ્વરૂપ જ નહીં પણ સ્વયં ચેતનઆત્મા જ છે. અને તેથી તેના સ્થૂળશરીર સાથે કે સ્થૂળ શરીરની ચેષ્ટાઓ સાથે તેને કશો જ સંબંધ રહેતો નથી. વસ્તુતઃ જે મૃત્યુ સાધવાનું છે તે સૂક્ષ્મ અને કારણશરીરનું સાધવાનું છે. સ્થૂળદેહ તો એ સૂક્ષ્મ અને કારણશરીરના નિવાસસ્થાન જેવો છે. તે મરે તોય શું અને રહે તોય શું ? જેના સૂક્ષ્મ અને કારણશરીરનું મૃત્યુ થયું છે તે વસ્તુતઃ મરેલો જ છે. કારણકે ચેષ્ટાઓનું અને ક્રિયાઓનું અધિષ્ઠાન સૂક્ષ્મ અને કારણશરીર છે. તેના

અભાવે સ્થૂળશરીર રહે તોય તે નિશ્ચેષ્ટ જ છે, કારણ કે તેને કશું જ કરવાનું રહેતું નથી. જ્યાં સુધી પ્રકૃતિ છે ત્યાં સુધી જ ક્રિયાઓ છે. પ્રકૃતિનો વિલય થતાં ક્રિયાઓનો આપોઆપ જ વિલય થાય છે અને ત્યારે ચેતન ભરપૂર ભર્યું હોવા છતાંય નિશ્ચેષ્ટ અને નિષ્ક્રિય શરીર મરેલા જેવું જ જણાય છે અને એ જ ભાવે શ્રી અવધૂતે

'મરા, ચેતન ભરા ભરપૂર'

કહ્યું છે એમ કહીશું તો અયોગ્ય નહીં ગણાય. સ્થૂળ શરીર જેવું નાશવાન છે તેવાં જ સૂક્ષ્મ અને કારણ શરીર પણ નાશવાન છે. સ્થૂળ શરીરનો નિર્વાહ જેમ પ્રાણ પર છે તેમ સૂક્ષ્મ અને કારણ શરીરનો નિર્વાહ વાસના અને તેને અનુસરીને થતી કામનાઓ અને તેની પૂર્તિ અર્થે થતી ક્રિયાઓ ઉપર છે. જ્યારે વાસનાનો ક્ષય થાય છે, કામનાઓનો લય થાય છે અને પ્રારબ્ધ અવશિષ્ટ રહેતું નથી ત્યારે એ સૂક્ષ્મ અને કારણદેહનું મૃત્યુ નિર્માય છે. અને ત્યારે એ જીવતો પણ મરેલા જેવો જ છે અને તેથી જ એવા મરેલામાં ચેતન ભરપૂર છે. એ વાસના, કામના અને પ્રારબ્ધનો ક્ષય ક્યારે થાય છે ? એનો ઉત્તર શ્રી ભગવાને અર્જુનને આપ્યો છે :

यथैधांसि समिद्धोऽग्नि र्भस्मसात्कुरुतेऽर्जुन।
ज्ञानाग्निः सर्व कर્माणि भस्मसात्कुरुते तथा॥

"હે અર્જુન, જેમ પ્રજ્જ્વલિત થયેલો અગ્નિ લાકડાંને સંપૂર્ણ ભસ્મ કરે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ સર્વકર્મોને સંપૂર્ણ ભસ્મ કરે છે." અને ત્યારે જ બ્રહ્મતત્ત્વનો અપરોક્ષ અનુભવ થાય છે. અસ્તુ. આ વિષયમાં તો જેટલું વિવેચન કરીએ તેટલું ઓછું છે.

એવી બ્રાહ્મીસ્થિતિ જેણે પ્રાપ્ત કરી છે તે કેવો હોય તેનું હવે શ્રી અવધૂત વર્ણન કરે છે. કહે છે :

'બના આશક બિના માશુક'

અહીં શ્રી અવધૂતે જે આશક માશુકની વાતો કરી છે તે પાશવી પ્રેમની અથવા પાશવતાની નથી પણ

'હકીકી ઈશ્ક કા દરિયા !'

એટલે પરમતત્ત્વ જે પ્રેમનો સાગર છે તે પ્રેમના આશક અને માશુકની વાતો કરી છે.

આશક અને માશુક એવાં બે ભિન્ન વ્યક્તિત્વ છે. એ ભિન્ન વ્યક્તિત્વને એક કરનાર, એ બે વચ્ચે રહેલો સંયોગમૂલક પ્રેમ છે. એ પ્રેમની સાંકળે સંકળાયેલાં એ બે શરીરોમાં રહેલો આત્મા એક જ છે. પ્રેમ એ બે ભિન્ન જણાતા દેહના દેખીતા ભિન્નત્વને છેદીને એક બનાવે છે. અને તેથી જ પ્રેમ એ એક કડીરૂપ છે. જેમ બે વસ્તુઓને સંયુક્ત કરવાને કડીની આવશ્યકતા છે તેમ અહીં પણ આશક અને માશુકને સંયુક્ત કરવાને પ્રેમની આવશ્યકતા છે. જ્યાં સુધી એ ઉભય પ્રેમીઓ અને પ્રેમ





ભિન્ન રહે ત્યાં સુધી જ એ પ્રેમ સંયોજનના સાધન તરીકે ગણી શકાય. જ્યારે એ સાધનદ્વારા ઉભય પ્રેમીઓનું ઐક્ય સધાય ત્યારે સાધક અને સાધનનો અભાવ થઈ જાય છે અને સાધ્યસ્વરૂપે એ ત્રિપુટી એક જ રૂપ બની જાય ત્યારે આશક, માશુક અને પ્રેમ એ ત્રિપુટીનું જે ઐક્ય થાય તે જ અભેદ લેખાય. એવા અભેદભાવનું શ્રી અવધૂતે અહીં

**'બના આશક બિના માશુક'**

એ શબ્દો દ્વારા વર્ણન કર્યું છે. જ્યાં સુધી આશક, માશુક અને પ્રેમ એ ત્રણ જુદાં છે ત્યાં સુધી વાસ્તવિક ઐક્ય સાધી શકાતું નથી.

પરમાત્મા પ્રેમસ્વરૂપ છે એટલું જ નહીં પણ પ્રેમ સ્વયં છે. સત્, ચિત્ અને આનંદ એ પરમાત્માના સ્વરૂપનાં લક્ષણ છે. પ્રેમ એ આનંદનું પરિણામ છે અથવા આનંદ એ પ્રેમનું પરિણામ છે. જે નિર્મળ આનંદનો અનુભવ થાય છે તે પરમતત્ત્વનો જ અનુભવ છે. એવો અનુભવ જેને થાય છે તે જ

**'હકીકી ઈશ્ક કા દરિયા'**

દૈવીપ્રેમના દરિયામાં તરબોળ બની જાય છે. અને ત્યારે, જેમ એક સમુદ્રમાં ડૂબેલા મનુષ્યને અંદર અને બહાર જળ સિવાય ઈતર કાંઈ જ જણાતું નથી તેમ, જે દૈવીપ્રેમમાં તરબોળ થયો છે તેને પણ એ પ્રેમના સાગર–પરમતત્ત્વ સિવાય અન્ય કશું જ જણાતું નથી. અને તેથી તે જાતે આશકમાં પણ જે પ્રેમ જુએ છે તે જ પ્રેમને માશુકમાં પણ જુએ છે અને એ રીતે ઉભય પ્રેમસ્વરૂપનો સંયોગ થતાં કેવળ પ્રેમ જ અવશિષ્ટ રહે છે. ભિન્નતાનો ઉચ્છેદ થાય છે ત્યારે

**'બના આશક બિના માશુક'**

ની સ્થિતિનો અનુભવ થાય છે. અને ત્યારે જ પ્રેમ પરમાત્મા છે, પ્રેમ કરનાર પરમાત્મા છે અને જેના પ્રત્યે પ્રેમ કરે છે તે પણ પરમાત્મા છે એવો નિશ્ચય કરીને, પ્રેમ કરનાર અને જેના પ્રત્યે પ્રેમ થયો હોય તેનું ભિન્ન વ્યક્તિત્વ મટી જાય છે અને કેવળ પ્રેમ જ અવશેષ રહેલો હોવાથી, માશુક વિનાનો આશક બનીને રહે છે. આગળ ચાલીએ.

સર્જન વિનાનો સરજનહાર કેવો હશે ? શ્રી અવધૂત કહે છે :

**'બિના મિલકત બના માલિક'**

આપણે આગળ જોયું કે

**'મરે જીતે પરે બૈઠા'**

એ પરિસ્થિતિનો જેને અનુભવ થયો હોય તેને માટે તો પોતાના સિવાય ઈતરનું અસ્તિત્વ નથી. પોતે એક અને અદ્વિતીય છે. તે જ બ્રહ્માવસ્થામાં સ્થિત છે. સરજન એટલે એ બ્રહ્મના અમોઘ સંકલ્પનું પરિણામ. જેના સંકલ્પવડે આ સરજન સમું મૃગજળ ભાસે છે તે તેનો સરજક. એ સરજક જ્યારે નિઃસંકલ્પ બની જાય ત્યારે તેની દૃષ્ટિમાંથી સંકલ્પ માત્રના

પરિણામનો પણ લોપ થઈ જાય છે. અને તેથી જે નથી તેના સરજક કહેવરાવવું એ પણ સંભવિત નથી. આ સરજન માયામાત્ર છે. માયા એટલે જે નથી તેનો ભાસ. એ, 'ભાસ મિથ્યા છે,' ભ્રમણા છે. જે ભ્રમણારહિત છે તેને માયા અને તેના કારણરૂપ સરજન જણાતું નથી. અને એ જ સ્થિતિનો અહીં શ્રી અવધૂતે ખ્યાલ આપ્યો છે. ભૂતકાળમાં જે નહોતું, ભવિષ્યમાં પણ જે નથી તેનો વર્તમાન કાળમાં જે આભાસમાત્ર છે તે પણ મિથ્યા છે. જ્યાં દ્વૈતબુદ્ધિ છે ત્યાં જ ભક્ત અને ભગવાન છે, કુંભાર અને ઘટ છે, સુવર્ણ અને અલંકાર છે, તંતુ અને પટ છે. જ્યાં દ્વૈતબુદ્ધિ નથી ત્યાં એવો ભેદ રહેતો નથી અને જે કાંઈ છે તે બધું જ 'બ્રહ્મ' છે. જ્યાં એવી બુદ્ધિ સ્થિર છે ત્યાં સરજન પણ નથી અને સરજક પણ નથી. અને તેથી જ





'ન મૈં જાનું ન તૂ જાનું'

એવી અવસ્થા થાય છે. કેવળ દૃષ્ટિનું જ પરિવર્તન છે. જે છે તે બધુંય તેમનું તેમ જ રહેશે. દ્વૈતબુદ્ધિયુક્તને જે જગત પોતાનાથી ભિન્ન જણાશે તે જ અદ્વૈતબુદ્ધિથી યુક્તને બ્રહ્મ જણાશે. પોતાનાથી અભિન્ન જણાશે. અને ત્યારે સરજક પણ તે જ બનશે અને સરજન પણ તે જ બનશે. અને એ ઉભય ભાવથી મુક્ત પરમતત્ત્વ પણ તે જ બનશે. આમ શ્રી અવધૂત ભાખ્યો સરજક પણ સરજનવિહોણો બનીને કેવળ આત્મસ્વરૂપમાં જ રહેવાનો અવસર પ્રાપ્ત થશે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

'ન દેખું પૂન ના પાપા, કહાં સૈતાન વો આપા'

પાપ અને પુણ્ય એ અહંકારયુક્ત બુદ્ધિની ભ્રમણા. એ ભ્રમણાનો ઉત્પાદક અહંકાર. આ સારું અને આ નરસું એ વિવેકબુદ્ધિનું કાર્યક્ષેત્ર છે. એ બુદ્ધિ જે વિવેક કરે છે તે અહંકારયુક્ત છે કારણકે એ બુદ્ધિ ગુણજનિત છે. જો પાપની ભીતિ છે તે જ પુણ્યની ભાવના છે. અને એ ઉભયમાં અહંકાર ડોકિયું કરે છે. એ અહંકારનો-દેહતાદાત્મ્યનો ત્યાગ કરશો તો 'હું કર્તા છું' એ અજ્ઞાનજનિત મોહ નાશ પામશે અને તેની સાથે પાપ અને પુણ્ય ઉભયની ભાવના નષ્ટ થશે. જ્યાં સુધી કર્તૃત્વભાવ છે ત્યાં સુધી જ એ પરસ્પર અપેક્ષિત ભાવના છે. એ કર્તૃત્વભાવ કે દેહાભિમાનનો લય થતાં એ ઉભય ભાવનાનો લય થશે. પારમાર્થિક દૃષ્ટિએ પાપ અને પુણ્ય જેવું કશું જ નથી. જ્યાં સુધી મનનો નચાવ્યો જીવ નાચે છે ત્યાં સુધી જ એ પાપપુણ્યની ભાવના જાગ્રત રહે છે. મનના જ દૂષિત સંસ્કારોને પાપ માનવામાં આવે છે અને મનના જ વિશુદ્ધ કે પાવન સંસ્કારોને પુણ્ય માનવામાં આવે છે. મનને મારો અને પાપપુણ્ય આપોઆપ મરી જશે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું, 'હું પાપ પણ જોતો નથી અને પુણ્ય પણ જોતો નથી કારણ કે એ બન્નેને નીપજાવનાર અહંકારનું ક્યાં






નામોનિશાન છે ? આત્મામાં કે આત્માનુભવી મહાત્મામાં કર્તુત્વાહંકારનો છાંટોય રહેતો નથી. અને તેથી સ્વપ્નમાંય એને ભોક્તૃત્વ રહેતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'કહાં સૈતાન વો આપા'**

બધાને સતાવનાર એ દુષ્ટ અહંકાર છે ક્યાં ? જેમ સૂર્યમાં અંધકારનું નામોનિશાન નથી તેમ બ્રહ્મજ્ઞાનીમાં અહંકાર શોધ્યો જડતો નથી. અને એના અભાવે પાપ કે પુણ્યની કલ્પના પણ ઊઠતી નથી. જેમ ભૂતોનો વાસ પીપળે જ છે તેમ અહંકાર સેતાનનો વાસ મનને જ પીપળે છે. વાસનાના ડાળાં-મૂળિયાં સાથે એ મનોવૃક્ષનો નાશ થતાં એ સેતાન અહંકાર શોધ્યો જડતો નથી. અને ભૂતોના સરદાર અહંકારનો નાશ થતાં પાપપુણ્યાદિ પિશાચો પણ પોબારા ગણી જાય છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત શું કહે છે :

**'બિના બેટા કહાં બાપા'**

બેટો છે તો બાપની કલ્પના છે. શ્રી અવધૂત કોક વાર ગમ્મતમાં કહે છે તેમ 'બાપનો બાપ કોણ ? બેટો.' બેટો નથી ત્યાં સુધી અમુકને બાપ સંજ્ઞા પણ નથી. અમુક અમુક રૂપે છે તો ખરો પણ બેટો થતાં પહેલાં એ બાપ તરીકે જન્મતો નથી. એને બાપ તરીકે કોઈ જાણતું નથી. તેમ જ સરજનની કલ્પના સાથે સરજનહારની કલ્પના જન્મે છે. જગતના વિચાર સાથે જગતકર્તા તરીકે ઈશ્વરની ઓળખાણ અપાય છે. સરજનનું-જગતનું મિથ્યાત્વ પ્રતીત થતાં તેના સરજક તરીકે સરજનહાર કે જગતકર્તા ઈશ્વર રહેતો નથી. જે છે, સરજન પહેલાં પણ જે હતું અને લય પછી પણ જે રહેશે તે એક અનામીરૂપે– સદ્રૂપે છે. અને એ જ અર્થમાં શ્રી અવધૂત કહે છે કે 'જેમ બેટો નથી તેમ બાપ પણ નથી. પણ એ બેથી પર, એ બેયના અધિષ્ઠાનરૂપ અમુક તો છે છે ને છે જ ! તેમ જ નથી મને 'હું'નું જ્ઞાન કે નથી 'તું'નું ભાન. પણ એ હું-તુંથી પર અનામી કાંઈક બની બેઠેલા એની શી દશા છે કોણ જાણે ? ઉપર કહ્યું તેમ એ દશાનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી. તેથી જ એ અભેદ આનંદની મસ્તીમાં શ્રી અવધૂતે એક ઠેકાણે ગાયું છે.

**'હું-માં તું-નું મોત નિહાળ, તું-માં હું-ની ક્યાંય ન ભાળ !**
**ગળ્યો હેવે મુજને હાય ! આજે આનંદ આનંદ !!**

'હું' ને ગળીને બેઠેલો એ અનામી અમર્યાદ પ્રકાશ કે આનંદ એ જ બ્રહ્મજ્ઞાનીનું સાચું સ્વરૂપ છે. એની ખુમારી તો જુઓ !

શ્રી અવધૂત બીજા શબ્દોમાં એ જ વાત આગળ કહે છે.

**બના માલિક બિના દૌલત, બના રાજા બિના રૈયત,**
**કરું બાતાં બના મૈયત.....**

પાસે એક કોડી પણ નથી. મેળવવાની લેશ પણ ઇચ્છા નથી. એવો






નિતાન્ત, વિતૃષ્ણ, નિસ્પૃહ બધાનો માલિક છે. ભલેને એની પાસે દોલતનું નામ ન હોય ! પાર્થિવ દોલતનો સ્વામી બાહ્ય દૃષ્ટિએ માલિક હોવા છતાં એની સંપત્તિનો ગુલામ છે, ડરથી દબાયેલો છે, અનેકવિધ ચિંતાઓથી ખવાયેલો છે, ઈર્ષા, દ્વેષથી સડેલો છે, દુઃખી દુઃખી છે ! જ્યારે જેનાં મનમાંથી માલિકીની કલ્પના જ ભૂંસાઈ ગઈ છે તે આશા તૃષ્ણાથી મુક્ત હોવાથી માલિકના પણ માલિકની ખુમારીથી, સ્વતંત્ર અને નિર્દ્વંદ્વ જીવે છે, માલિકી વિનાનો માલિક બન્યો છે. જે મનનો માલિક બન્યો છે, જેણે મન જીત્યું છે તેણે બ્રહ્માંડ જીત્યું છે. અનંતકોટિ બ્રહ્માંડનો માલિક છે એ !!! એના સ્વપ્નમાં પણ કોઈના પ્રત્યે રૈયતભાવના નથી. કોઈના પર પણ–એક કીડી ઉપર પણ પ્રભુત્વ, સત્તા ગજાવવાની ખ્વાયેશ નથી. છતાંય હજારો લોકો એના તરફ, કોઈ તખ્તનશીન બાદશાહ કે સત્તાના સિંહાસન પર આરૂઢ થયેલા કહેવાતા લોકનાયક કરતાં વધારે આદર ભાવથી જુએ છે. એનો પડતો બોલ કોઈ વેદવાક્યની માફક ઝીલી લેવા માટે તત્પર હોય છે. અને તેથી જ વગર રૈયત કે વગર સમૃદ્ધિએ અવિનાશી અને અમર સમૃદ્ધિનો સમ્રાટ છે એ ! કારણ એને કશું જ જોઈતું નથી, કશાની જ સ્પૃહા નથી અને તેથી જ કશાની ઊણપ નથી. તેથી જ કોઈએ કહ્યું છે :

चाह मीटी चिंता मीटी मनुवा बेपरवाह ।
जाको कछु न चाहीये, सोहि शाहनशाह ॥

એવી બેનમૂન બાદશાહી છે એની !

આમ તો મડદું બનીને બેઠો છે એ ! એને દેહભાન ક્યાં છે ? શું કરે છે, શું બોલે છે એના તરફ ચિત્ત સાહંકાર ક્યાં હોય છે એનું ? પણ એ જીવતું મડદું હોં ! અને તેથી જ તો

'મરા ચેતન ભરા ભરપૂર'

કહી એનું સૂચક વર્ણન કર્યું છે. અને તેથી જ એની વાણી કોઈ વીજળીના પ્રવાહની માફક અસર કરે છે. એ કરતો કાંઈ નથી; બોલતો કાંઈ નથી, પણ કોક વાર બોલે તો બ્રહ્માંડ ડોલાવવાની શક્તિ છે એની વાણીમાં ! શ્રી અવધૂતે કોક ઠેકાણે ગાયું છે તેમ

"બેઠો બેઠો ભાળે રે, જોગી બીજું કાંઈ ના કરે;"
"અષ્ટંપષ્ટં બોલે રે, વાતો એની ચિત્ત હરે !"

કેવળ દ્રષ્ટા થઈ જગતનું નાટક બેઠો બેઠો જોયા કરે છે. એ "લાખોમાં કોઈ બિરલો આત્મયોગી !" જગતનો નાચ એને ડોલાવી શકતો નથી. જગતનું એકું ઐશ્વર્ય એને એના વજ્રાસનથી ચળાવી શકતું નથી. કોઈની સાથે બોલવાની – વાતોના તડાકા મારવાની ઊર્મિ જ ઊઠતી નથી એના પ્રશાંત અંતઃસાગરમાં ! પણ કોઈ વિરલ જિજ્ઞાસુ પ્રશ્ન કંકરી ફેંકે તો એના મુખમાંથી આડાઅવળા બેચાર શબ્દ તરંગો નીસરી પડે અને એ

એવાં મોહક હોય કે બડભાગી ભોક્તાઓનાં દિલ નાચી ઊઠે ! એમાં વેદ અને શાસ્ત્રોનું રહસ્ય ભરેલું હોય. એવા એવા વિરલ આત્મજ્ઞાનીના સ્વૈર ઉદ્‌ગારોમાંથી ઉપનિષદ જન્મ્યાં છે.

**या स्तेषांस्वैरकथा ताएव भवन्ति शास्त्राणि ॥**

એમ કહી અનુભવના ભંડાર યોગેશ્વર ભર્તૃહરિ જેવા પણ શાખ પૂરે છે. અસ્તુ.

**"કરું બાતાં બના મૈયત, ન મૈં જાનું ન તૂ જાનું !"**

એ પંક્તિનો મર્મ પણ ઉપરના વિવેચનમાં સમાઈ જાય છે. બના મૈયત, એટલે જેનો સૂક્ષ્મ અને કારણદેહ પંચત્વ પામ્યો છે, સ્થૂળદેહ પ્રારબ્ધવશ ચેતનવંતો છે અને તેથી વ્યાવહારિક દૃષ્ટિએ જીવતો છતાં મરેલો એ આત્મસ્થિત, ઉપર કહ્યું તેમ વાત કરે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત છેવટની વાત કરે છે.

**"વૃથા હૈ ઔર સબ બકના, વૃથા લિખના વૃથા પઢના;"**
**"ચુપાચુપ મૌજ હૈ લૂટના, અકેલા રંગ યહ જાનું !!"**

વાણીવિલાસ વ્યર્થ છે. વૈખરીના એ વિલાસને કાગળ પર ટપકાવવા એ પણ વ્યર્થ છે. જ્યાં સુધી દ્વૈતબુદ્ધિ અને અહંતા છે ત્યાં સુધી જ એ ઉભય વૃત્તિઓ રહે છે. અને તેથી તે વૃથા છે. સાચી સ્થિતિ તો આત્મતત્ત્વને પ્રાપ્ત કરીને સર્વેન્દ્રિય મૌનમાં જ આનંદ માણવો એ છે.

જ્યારે આત્મભાન થાય છે ત્યારે જે સ્વાભાવિક વૃત્તિશૂન્ય મૌન અવસ્થા પ્રાપ્ત થાય છે તે જ સાચી અવસ્થા છે. માનવજીવનનું પરમ લક્ષ્ય પણ એ "મૌન" પ્રાપ્ત કરીને તે મૌનમાં જ – મૌનગર્ભ બ્રહ્મમાં જ રમમાણ રહેવાનું છે.

આ સમગ્ર ગીતનું તાત્પર્ય એક જ છે કે દ્વૈતને ટાળીને જે અદ્વૈત બન્યો છે તેને પછી પ્રભુમાં અને પોતાનામાં પણ ભેદ રહેતો નથી. સર્વત્ર અભેદ બુદ્ધિ એ જ સમ્યક્‌જ્ઞાન છે અને જ્યાં સુધી એવું સમ્યક્‌જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવન સફળ નથી. અસ્તુ.

(૪૮)

(રાગ : કાફી, તાલ : દીપચંદી)

(ગઝલની રાહ)

લખવું અને બકવું નકામું, હા ! વધ્યું અવળું બધે !
લખવા અને બકવા થકી, પ્રભુ ના મળે પ્રભુ ના મળે !!–ટેક.
વાણી તણો ના વિષય એ, હા ! શેષ કુંઠિત જ્યાં થયો;
વેદો પુકારે માન મૂકી, નેતિ નેતિ સર્વથા !–લખવું. (૧)
અનન્તને એ સાન્ત વાણી, રીત શી વર્ણી શકે ?
માબાપની શાદી ખુશાલી, બાળ શું જાણી શકે ?–લખવું. (૨)
હે પંડિતો ! સાચું કહો શું મેળવ્યું પાંડિત્યથી ?
જૂઠું વદો તો આણ છે, શ્રીરામની રહેમાનની !–લખવું. (૩)
પંડા વડે પંડિત વદે, ના ચીજ પંડા શી લહી !
ઠંડા દિલે મિશ્રી બધી વેચી, ન ચાખી, હા જરી !!–લખવું. (૪)
જ્ઞાની ખપ્યો પોથાં પઢી, ખોલો વહી ચંદન મૂવો !
માંહે ખજાનો જે ભર્યો, હા ! અન્યને તે સાંપડ્યો !!–લખવું. (૫)
પોથાં તણો ના વિષય એ, ના તર્કની ત્યાં તો ગતિ;
આગમ અગોચર પંથએ, ગુરુગમ બધી ચાવી રહી !–લખવું. (૬)
લઘુ અને સિદ્ધાંતથી, જો અંત હાંસલ ના થયો;
બાળી મૂકો સિદ્ધાંતને, એ પાણિની પડતો મૂકો !–લખવું. (૭)
સૂણી સૂણાવી રામગાથા, ગર્થ કોટિ સંઘર્યો;
એ અયન જો ના રામનું, પામ્યો વૃથા બોજો વહ્યો !–લખવું. (૮)
પર્વો અઢારેના કીધાં, પારાયણો તેં ભારતી;
જો ભા વિષે રત ના થયો, તો જન્મ એળે રે ગયો !–લખવું. (૯)
વેદો પઢી વ્હેદાનીઅત, જો ના કીધી હાંસલ બધે;
વાણી થકાવી હા વૃથા ! આયુરસી ટૂંકી કીધી !!–લખવું. (૧૦)
ગીતા ઉકેલી ના સમી, ત્યાગી થયો જો ના જરી !
કૂદી કૂદી મૂવા કપિ, મોતી મળ્યાં ના જળનિધિ !!–લખવું. (૧૧)
ઉપનિષદ્ સારાં ઓચર્યાં, પાસે ન બેઠો રામની !
જળ જળ કહી પ્યાસે મર્યો, પાણી ન પીધું કાં જરી ?–લખવું. (૧૨)
રંગ પોથાં પુસ્તકો, ફેંકી બધાં દરિયાવમાં;
મૂંગો થઈ ડૂબી રહે, સમુંદરે એ શાહનર !–લખવું. (૧૩)

*

જ્યાં જોશો ત્યાં ચાર ચોપડાં વાંચીને વેદિયા બનીને પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાને ચોપડાંઓ લખનારા અને વ્યાસપીઠ પર ચઢીને પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાને, પોતાના વક્તવ્યથી શ્રોતાના મનોરંજન કરવાને, ઉત્સુક બનેલાઓ આજકાલ આગિયા જેવા જ્યાંત્યાં નજરે પડે છે; પણ તેનું પરિણામ લેખકના મન ઉપર, શ્રોતાના મન ઉપર કે વક્તાના મન ઉપર લેશમાત્ર થતું નથી. આ ગીતમાં શ્રી અવધૂત એ વાતનો વિચાર કરીને એ બધીય પ્રવૃત્તિઓ વ્યર્થ છે એમ પ્રતિપાદન કરતાં કહે છે.

**"લખવું અને બકવું નકામું, હા ! વધ્યું અવળું બધે !"**

લખ્યાથી જો પ્રભુપ્રાપ્તિ થતી હોય, તો વેદો 'નેતિ નેતિ' કહીને મૂક ન બને. વેદોએ વિભુનું વર્ણન કર્યું છે ત્યાં નકારાત્મક વર્ણન કરીને 'પરમતત્ત્વ આવું નથી, પરમતત્ત્વ આવું નથી.' એમ કહીને અંતે થંભી ગયા છે. અને તેથી, વેદો પણ પરમતત્ત્વનો અંત પામી શક્યા નથી. કઠોપનિષદકારે પણ

**नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा ।**
**अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते ॥**

"એ આત્મા વાણીથી, મનથી કે નેત્રથી પ્રાપ્ત કરી શકાતો નથી. તે છે, એવું કહેવાવાળાઓ સિવાયના જે બીજાઓ છે તેને એ આત્મા શી રીતે પ્રાપ્ત થઈ શકે ?" અર્થાત્ પ્રાપ્ત થઈ શકતો નથી.

પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણી શાસ્ત્રોમાં કહી છે. એ ચારે પ્રકારની વાણીનો એ વિષય નથી. વાણીનો ત્યાં પત્તો લાગતો નથી. એટલે લખનારને મન ભલે મહત્ત્વનું હોય પણ તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ તો લખવું એટલે કલમ, કાગળ અને સમયનો વ્યર્થ વ્યય કરવા જેવું છે. પરમતત્ત્વ તો કેવળ અનુભવગમ્ય છે અને ધ્યાનાવસ્થામાં જ તેની ઝાંખી થાય છે. એ પરમતત્ત્વ બુદ્ધિથી પણ પર છે. અને તેથી સૂક્ષ્માતિસૂક્ષ્મ બુદ્ધિ પણ જ્યાં સુધી દોડે ત્યાં સુધી એ તત્ત્વનો પાર પામી શકાતો નથી. આ જ સત્ય આજ સુધીની સંતપરંપરાએ, વેદો, ઉપનિષદો અને અનુભવી ભક્તોએ નિશ્ચિત કર્યું છે.

લખવું અને બકવું એ અનુક્રમે વિચાર એટલે તર્કપ્રધાનબુદ્ધિ અને વાણીનો વિષય છે. પણ

**यतोवाचो निवर्तन्ते...**

એ શ્રુતિ અનુસાર જ્યાં વાણી થંભી જાય છે ત્યાં એ પરમતત્ત્વના પ્રકાશનો પ્રારંભ થાય છે. જ્યાં વિચાર પરંપરા થંભી જાય છે, જ્યાં બુદ્ધિની અંતિમ સીમા આવે છે ત્યાં એ પરમતત્ત્વના પ્રકાશનો આરંભ થાય છે. એટલે શ્રી અવધૂતે કહ્યું તેમ વાણી અને વિચાર, લખવું અને બકવું એ પરમાત્માના પ્રકાશની પ્રાપ્તિ અર્થે નિષ્ફળ પુરુષાર્થ છે એમ કહેવામાં જરાય અયોગ્ય નથી. જ્યાં સુધી વિચારધારા વહેતી રહે છે ત્યાં સુધી

વાણીનો પ્રવાહ પણ વહેતો જ રહે છે. જ્યાં સુધી વિચાર અને વાણીનો પ્રવાહ વહેતો રહે છે ત્યાં સુધી ચિત્તની સ્થિરતા નથી. ચિત્તની શુદ્ધતા નથી. સંકલ્પવિકલ્પની એ અવસ્થામાં પરમતત્ત્વની પ્રાપ્તિ અસંભવિત છે. અને તેથી જ ઉપનિષદકારે પણ ઉપરનું સૂત્ર કહીને, એ પરમતત્ત્વ વાણીગમ્ય નથી એવો અનુભવસિદ્ધ સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. પરમતત્ત્વની પ્રાપ્તિનું સાચું એંધાણ મૌન છે અને તેથી શ્રુતિએ પણ 'નેતિ નેતિ' કહ્યું છે. એ ' न इति'નો બોધ પણ લેવા જેવો છે.






શું રજકણ પરમતત્ત્વ છે ? શ્રુતિ કહે છે ના. શું અચર સર્જન પરમતત્ત્વ છે ? શ્રુતિ કહે ના. શું સચર માનવ આદિ સર્જન પરમતત્ત્વ છે ? શ્રુતિ કહે છે ના. અને એ રીતે દશ્ય અથવા અદશ્ય સર્જનમાત્રનો વિચાર કરતાં જાવ અને તમને જણાશે કે પરમતત્ત્વ એટલું જ નથી પણ એથી અદકું છે. અને તેથી અમુક પ્રાણી કે પદાર્થ માત્ર જ પરમતત્ત્વ નથી. ત્યારે એ પરમતત્ત્વ કેટલું છે ? કોઈનો પત્તો તેની સીમાનું વર્ણન કરવામાં ખાતો નથી અને તેથી આવું નથી, આવું નથી, કહીને તેની અસીમ અવસ્થાનો ઝાંખો ખ્યાલ આપવાને વેદમાં 'નેતિ નેતિ' કહેવામાં આવ્યું છે એમ માનવું અયોગ્ય નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"લખવા અને બકવા થકી, પ્રભુ ના મળે, પ્રભુ ના મળે !"**

લખવાથી અને બકવાથી પ્રભુ નથી મળતા, પ્રભુ નથી મળતાં. અને એ વાત અક્ષરસઃ સત્ય છે. ઉપનિષદ્કારે કહ્યું :

अस्तीत्येवोपलब्धस्यस्तत्वभावेन चोभयोः ।
अस्तीत्येचोपधब्धस्य तत्त्वभावः प्रसीदति ॥

"એ આત્મા છે એ રીતે જ તે ઉપલબ્ધ કરવો જોઈએ અને તેને તત્ત્વભાવે પણ જાણવો જોઈએ. આ ઉભય પ્રકારની ઉપલબ્ધિ પૈકી જેને "છે" એવી ઉપલબ્ધિ થઈ ગઈ છે. તેની આગળ તત્ત્વભાવ મૂર્તિમંત થાય છે."

આ રીતે કેવળ વિશ્વાસ અને નિષ્ઠા એ જ પરમતત્ત્વની પ્રાપ્તિનું પરમ એકમેવ સાધન છે એવું આ શ્રુતિના વચન ઉપરથી સિદ્ધ થાય છે. જ્યાં સુધી લખવું બકવું આદિ વિકારોના અધિકાર ચિત્ત ઉપર જામેલા છે ત્યાં સુધી એ વિકાર વાણીનો વિલાસ છે અને તે નામમાત્ર છે. વસ્તુતઃ એ પરમતત્ત્વ જાણવા માટે, તેની ઉપલબ્ધિ અર્થે, વાણીનો બધોય વ્યવસાય વ્યર્થ છે અને તેથી જ ઉપનિષદમાં અને અન્ય સ્થળે જ્યાંજ્યાં પરમતત્ત્વનું વર્ણન છે ત્યાંત્યાં સંકેતમાત્ર છે. કેવળ જ્ઞાનસ્વરૂપ, પ્રકાશમય અને અંધકારથી પર એ પરમતત્ત્વ છે, એવો સંકેત કર્યો છે. અંધકાર શું અને પ્રકાશ શું એ કેવળ અનુભવથી જ જાણી શકાય. અને તેથી જ વાણીનો વિષય નથી. બુદ્ધિથી પણ એ પરમતત્ત્વ પર છે. અને તેથી લહિયો લખી લખીને થાકે તોય એ તત્ત્વનું વર્ણન કર્યું સદાય અધૂરું જ રહેશે. અને તેથી શ્રી અવધૂતે એ 'લખવું અને બકવું' નકામું છે એવી સ્વાનુભવસિદ્ધ

વાત અહીં વ્યક્ત કરી છે.

આ સત્ય હોવા છતાંય લોકો કેવળ પાંડિત્યના અભિમાનમાં મસ્ત બનીને લેખક અને વક્તા બનતા જ જાય છે. તેનું પરિણામ શૂન્યમાં પામે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"હા વધ્યું અવળું બધે"

શ્રી અવધૂતની વાતનો રખેને કોઈ અનર્થ કરે ! શ્રી અવધૂત તમને મૂર્ખ કે અક્ષરજ્ઞાનથી વંચિત રહેવાનો ઉપદેશ નથી કરતા. ભણવું એ જરૂરનું છે, જાણવું એ જરૂરનું છે પણ એ ભણતર અને એ જ્ઞાનથી જે ઘમંડ આવે તે ઘમંડ તમને અવળે માર્ગે લઈ જનારું છે અને તેથી જ

"લખવું અને બકવું નકામું હા ! વધ્યું અવળું બધે"

એમ શ્રી અવધૂતે કહ્યું છે.

એ લખવાથી અને બકવાદ કર્યાથી પરમતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. જેને પરમતત્ત્વની પ્રાપ્તિની તમન્ના છે, જેને સાક્ષાત્કાર કરવાની તાલાવેલી છે, જેને એ તત્ત્વને જાણ્યા વિના ઘડી પણ ચેન પડતું નથી તેણે તો વાણીવિલાસ અને કાગળકલમ છોડીને કેવળ વિચાર કરતાં કરતાં અંતે વિચારમુક્ત બનીને એ તત્ત્વનો અનુભવ કરવો ઘટે !

ઉપનિષદ્કારે કહ્યું :

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य-
स्तस्येष आत्मा विवृणुते तनूं स्वाम् ॥

''આ આત્મા કેવળ વેદાધ્યયનથી પ્રાપ્ત થતો નથી અથવા ધારણા શક્તિ કે અધિક શ્રવણ કરવાથી પણ પ્રાપ્ત થતો નથી. જે સાધક ઉપર એની કૃપા ઊતરે છે તેને જ એની પ્રાપ્તિ થાય છે. આ આત્મા તેની આગળ પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે છે.'' અને તેથી શ્રી અવધૂતે

"લખવા અને બકવા થકી પ્રભુ ના મળે"

એવું યથાર્થ જ કહ્યું છે. આત્માની પ્રાપ્તિ આત્મકૃપાસાધ્ય છે. અને તે આત્મકૃપા આડે જે આવરણ એટલે કે લખવું અને બકવાનું વ્યસન છે તેનાથી મુક્ત થવાની જરૂર છે. લખવું અને બકવું એ આવરણ પૈકીના છે. તેથી મૌન સેવન કરનાર આત્મપ્રાપ્તિ અર્થે યોગ્ય સેવનશીલ છે એમ કહેવું અયોગ્ય નથી. જ્યારે સંપૂર્ણ કામનાઓ, જેણે સાધકના હૃદયમાં ઘર કર્યું છે અને તેનો કબજો લીધો છે, તે છૂટી જાય છે ત્યારે મરણધર્મા અમર થઈ જાય છે. આ જ શરીરથી બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે. જ્યારે આ જ જીવનમાં એના હૃદયની સંપૂર્ણ ગ્રંથિઓ છૂટી જાય છે ત્યારે એ મરણધર્મા અમર બને છે. વેદાંતમાત્રનો આ સંક્ષિપ્ત સાર છે. આત્મદર્શન, સાક્ષાત્કાર, કિંવા બ્રહ્મભાવની પ્રાપ્તિ અર્થે આ ઉપનિષદોક્ત માર્ગ સચોટ

હોવાથી શ્રી અવધૂતે લખ્યું, બકવાદ પણ કર્યો અને અંતે એનું પરિણામ પણ અનુભવ્યું અને અનુભવસિદ્ધ આ પંક્તિનો અહીં ઉચ્ચાર કર્યો.

જેણે આત્મદર્શન કર્યું છે તે કેવળ મૌન સેવીને જ બેસી રહે છે. તેમને મન આ બધું લખવું અને બકવું એ કેવળ તમાસા જેવું છે. અને તમાસો કોઈપણ સમયે સાચો હોતો નથી. લખવું એ કેવળ શબ્દજાળ છે. બકવું એ કેવળ બીજાઓને રાજી કરવાનું અને પોતાના પાંડિત્યના અભિમાનને પોષવાનું એક સાધન છે. એ ઉભયથી પ્રભુ પ્રાપ્ત થતા નથી; એટલું જ નહીં પણ ઉભય પ્રવૃત્તિઓ પ્રભુપ્રાપ્તિના માર્ગમાં મહાન અવરોધ છે. અને તેથી જ જ્યાં સુધી એ લખવા બકવાની પ્રવૃત્તિ છે ત્યાં સુધી પ્રભુનાં દર્શન કરવાની અભિલાષા વ્યર્થ છે. આત્મદર્શન અર્થે સન્માર્ગ સૂચવવામાં અનુભવી સંતો કુશળ હોય છે. પોતે જે માર્ગે જઈને સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, આત્મદર્શન કર્યું હોય, તે માર્ગ સાચા સાધકને બતાવવામાં એ ઉદાર છે. અને તેથી આપણે તેના ચીંધ્યા માર્ગે જઈએ તો જરૂર આત્મદર્શનનો લહાવો મેળવી શકીએ એ વાત પણ નિર્વિવાદ છે. અને તેથી જ બ્રહ્મનિષ્ઠ, સદ્ગુરુ, જેણે બ્રહ્મને જાણ્યું છે એવા બ્રહ્મવિદ અને બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુની આવશ્યકતા ઉપર શાસ્ત્રોએ ભાર મૂક્યો છે. શાસ્ત્રોની એ ઘોષણા પ્રચારમાં પણ આપણે અનુભવી શકીએ છીએ. શિષ્યના વિત્તનું હરણ કરનારા ગુરુઓ તો વાટે ઘાટે મળે છે પણ શિષ્યના ચિત્તનો સંતાપ હરણ કરનાર ગુરુ તો ભાગ્યે જ મળે છે, એ મતલબનું એક બોધવચન પણ આ વાતને પુષ્ટિ આપે છે. એ કારણે આપણે પણ શ્રી અવધૂતના આ શબ્દોમાં સંપૂર્ણ શ્રદ્ધા અને નિષ્ઠા રાખીએ તો ખરેખર આપણા અધઃપતનના કારણરૂપ લખવાનો અને બકવાનો જે રોગ આપણને લાગુ પડ્યો છે તેની એ રામબાણ ઔષધિ થઈ પડશે એમ માનવાને હરકત નથી. લખવાથી કે બકવાથી પ્રભુ મળતા હોય તો વેદો, ઉપનિષદો અને ઈતર ધર્મગ્રંથો ઉપર તો ભાષ્યો કરનારા આર્યાવર્તમાં અનેક પાક્યા છે અને તે બધાએ બ્રહ્મદર્શન કર્યાં છે એમ માનવું પડે. પણ એ માન્યતા સત્ય નથી કારણકે એ વ્યવસાય જ આત્મઘાતક છે. પ્રભુદર્શનથી વંચિત રાખનારા એ વ્યવસાયથી મુક્ત રહેલો એક અભણ, અબુધ છતાંય દૃઢ વિશ્વાસ અને નિષ્ઠાવાન ગમાર ગામડિયો, પ્રભુનાં દર્શન, એ કહેવાતા વિદ્વાનો, પંડિતો અને વેદના તત્ત્વને જાણવાનો દાવો કરનારા કરતાં વધારે સરળ રીતે, સુગમ રીતે અને ટૂંક સમયમાં કરી શકે છે. એક બાજુ વિદ્વતા અને વક્તવ્યનું અભિમાન છે, બીજી બાજુ નિરક્ષરતા, નિરભિમાનતા અને દૃઢનિષ્ઠા છે. 'હું સારો લેખક છું, હું સારો વક્તા છું, એવું અભિમાન આડે આવીને ઊભું રહે છે અને તેથી જ સાચા સાધક અર્થે એ ઉભય પ્રવૃત્તિઓ ત્યાજ્ય છે. અસ્તુ.






શ્રી અવધૂતે કહ્યું.

'લખવું અને બકવું નકામું'

અને અન્યત્ર પણ શ્રી અવધૂતે કહ્યું :

'ભણતર મોટું ભૂત તપસી,'






ત્યારે પ્રશ્ન એ થાય છે કે વેદ, પુરાણો, ઉપનિષદો એ પણ બધાં નકામાં છે એમ માનવું ? ના. એ બરોબર નથી. વેદ અપૌરુષેય છે. શ્રી અવધૂતે કહ્યું :

'વેદ શ્વાસ તારા નિરધાર'

અને એ રીતે વેદ એ તો ભગવાનના શ્વાસ છે. ઉપનિષદો પણ શ્રુતિગ્રંથો છે. જેઓએ આત્મદર્શન કિંવા આત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેમના અનુભવના એ શ્રુતિગ્રંથો – જેવું સાંભળ્યું તેવું જ બોલ્યા – એ કોટિના છે. એ ગ્રંથો અનુભવસિદ્ધ ગ્રંથો હોવાથી પુરાણ જેવા સ્મૃતિ ગ્રંથો કરતાં એની કિંમત અદકી છે. પુરાણો પણ પરમાર્થદર્શન અર્થે સર્વસાધારણ સાધકને સહાયક બને છે. એ ગ્રંથોમાં જે વર્ણનો કરવામાં આવ્યાં છે, જે ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે અનુભવસિદ્ધ છે. કેવળ ટાઢા પહોરના તડાકા નથી કે લેખકોએ પોતાની બુદ્ધિમાંથી નીપજાવી કાઢેલા નથી. આધુનિક ધર્મગ્રંથોની સ્થિતિ એથી વિપરીત છે. આધુનિક વિચારસરણી કેવળ તર્ક અને બુદ્ધિનું ચાંચલ્ય છે. વાચારંભણ છે. આધુનિક વિચારસરણીના ગ્રંથોમાં પણ આધાર તો મૂળ ગ્રંથોનો લેવામાં આવ્યો છે, એટલે એ વિચારસરણી મૌલિક છે એ કહેવું પણ યોગ્ય નથી. વેદ અને ઉપનિષદો મૌલિક છે અને તેથી જ તેની મહત્તા છે, એટલું જ નહીં પણ એટલા જ કારણે એ ગ્રંથો સૈકાઓ વિત્યા છતાં આજે પણ તેટલા જ મૂલ્યવાન છે અને અમર છે. એનું મહત્ત્વ લેશમાત્ર ઓછું થયું નથી. જ્યારે એ ગ્રંથોના આધાર પર રચાયલા અનુભવની ઊણપવાળા અન્ય ગ્રંથો, જેમ આગિયાઓ ચોમાસું પૂરું થતાં અદૃશ્ય થઈ જાય છે તેમ થોડો સમય ઝગારો મારીને અદૃશ્ય થઈ જાય છે. આ કારણે જ વેદો અને ઉપનિષદો ઈતર ગ્રંથોની સરખામણીમાં મહત્ત્વના છે અને ચિરંજીવ છે એમ કહેવું અયોગ્ય નથી. પરમાર્થદર્શન કે સાક્ષાત્કાર એ કલ્પના કે બુદ્ધિનો વિષય નથી. તર્ક કરતાં કરતાં આપણી મતિ કુંઠિત થઈ જાય તો પણ એ પરમતત્ત્વનો પાર પામી શકાતો નથી. અને તેથી જ કેવળ તર્ક અને બુદ્ધિના ચાંચલ્યથી ભરેલા જે ગ્રંથોમાં અનુભવની ઊણપ હોય અને તર્ક ઉપર જ જેનું બંધારણ હોય તેમાંથી પરમાર્થનો ખરો માર્ગ મળી શકતો નથી; એટલું જ નહીં પણ ભિન્નભિન્ન મતમતાંતરના કારણે બુદ્ધિભેદ થવાનો પણ સંભવ રહે છે. અને તેથી જ શ્રી અવધૂતે

લખવું અને બકવું નકામું



એમ કહીને વાસ્તવિકતાનું ભાન કરાવ્યું છે.

'ભણતર મોટું ભૂત તપસી,'

એમ કહેવામાં પણ શ્રી અવધૂતે એ જ વાતનું સમર્થન કર્યું છે. જે વિદ્યા વિનયશીલ નથી બનાવતી તે વિદ્યા સદ્વિદ્યા નથી. આજકાલનું ભણતર પણ આપણે જોઈએ છીએ. શ્રી અવધૂતના આ શબ્દોમાં જ એ ભણતરના મૂલ્યાંકન કરવાનાં હોય તો

**'ગર્વ વધારે, વિનય સંહારે, દેવ કહે સબ તૂત,'**
**'સહુથી અદકો આપ વખાણે, સંત કહે હડધૂત !'**

એ અને એવાં જ તર્કવાદ, સ્વચ્છંદતા, અહંતા, સર્વજ્ઞતા આદિ અનેક અપલક્ષણો એ આજકાલના ભણતરનું પરિણામ છે. અને તેથી જ પરમાર્થદર્શનના માર્ગમાં અંતરાયરૂપ થતા એ બધા અપલક્ષણોનો ત્યાગ કરવાના હેતુથી જ શ્રી અવધૂતે આ ગીતનું નિર્માણ કર્યું છે. આ ગીતના ગર્ભમાં એ ભણતરના ભૂતથી મુક્ત થઈ પરંપરાગત સન્માર્ગે જવાનું સૂચન કરવામાં આવ્યું છે. સમયને અનુસરીને પ્રણાલિકાભંગ આવશ્યક છે એ ખરું, પણ પારમાર્થિક વિષયમાં કદાચ આ એ નિયમનો અપવાદ પણ લેખી શકાય.

એ જ વાતનું સમર્થન કરતાં શ્રી અવધૂતે કહ્યું :

**"વાણી તણો ના વિષય એ હા ! શેષ કુંઠિત જ્યાં થયો;"**
**"વેદો પુકારે માન મૂકી, નેતિ નેતિ સર્વથા !"**

આગળ કહ્યું તેમ સાક્ષાત્કાર કિંવા પરમાત્મદર્શન એ વાણીનો વિષય નથી. આગળ આપણે જોયું છે અને વધુ ઉપનિષદોનો સાર જોશું તો એ કેવળ અનુભવગમ્ય છે એમ આપણને પ્રતીતિ થશે. ઉપનિષદો તો અનુભવી ઋષિમુનિઓના અનુભવની ગાથાઓ છે. એ સંતોની એ ગાથાઓ ઉપર અણવિશ્વાસ કરવાનું જરાય કારણ નથી. મુંડકોપનિષદકારે

**न चक्षुषा गृह्यते नापि वाचा**
**नान्यैर्देवैस्तपसा कर्मणा वा ।**
**ज्ञानप्रसादेन विशुद्धसत्त्व–**
**स्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ।**

'આ આત્મા નેત્રથી ગ્રહણ થઈ શકતો નથી. વાણીથી, અન્ય ઇન્દ્રિયોથી, તપ કે કર્મથી પણ એ આત્મા ગ્રહણ થઈ શકતો નથી. જ્યારે જ્ઞાનના પ્રસાદથી પુરુષ વિશુદ્ધચિત્ત થઈ જાય છે ત્યારે તે ધ્યાનાવસ્થામાં એ નિષ્કલ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે." એવું કહીને આત્મસાક્ષાત્કારમાં જ્ઞાનપૂર્ણ શુદ્ધચિત્તની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે. કેનોપનિષદકારે પણ,

**यद्वाचाअनभ्युदितं येन वागभ्युद्यते ।**
**तदेवब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥**

'જે વાણીથી પ્રકાશિત થઈ શકતું નથી, જેનાથી વાણી પ્રકાશિત થાય છે તે બ્રહ્મ છે એવું તું જાણ. લોકો જેની ઉપાસના કરે છે તે

બ્રહ્મ નથી એમ તું જાણ.' એમ કહીને શ્રી અવધૂતે કહ્યું તેમ

**'વાણી તણોના વિષય, હા !'**

એ વાતને પુષ્ટ કરી છે. જેની શક્તિ વડે વાણી પ્રકાશિત થાય છે તે બ્રહ્મ છે. આ અને એવાં જ બીજાં ઉપનિષદનાં વર્ણનો દ્વારા આપણે આ જ વાતનો અનુભવ કરીએ છીએ. વાણી જ્યાં સુધી પહોંચી શકે છે તે તમામ વસ્તુ, સીમાબદ્ધ બની જાય છે. આત્મતત્ત્વ અસીમ હોવાથી જ વાણીનો વિષય નથી. તેથી જ ભિન્નભિન્ન ઋષિમુનિઓએ પોતપોતાનો અનુભવ જુદાં જુદાં ઉપનિષદોમાં વર્ણવ્યો હોવા છતાંય, પરમતત્ત્વ વાણીનો વિષય નથી એ વાતનું જ પ્રતિપાદન કર્યું છે. એ વર્ણન અનુભવગાથા છે. એમાં બુદ્ધિ કે કલ્પનાનું ચાંચલ્ય નથી. એમાં પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે જે જે માર્ગોનું સૂચન કરવામાં આવ્યું છે તે તે માર્ગો અનુભવસિદ્ધ પ્રણાલિકાઓ છે. એ પ્રણાલિકાઓનું અનુભવીબાપ્યું યથાસ્થિત પાલન થાય તો પરિણામ પણ નિશ્ચિત છે. શેષ જેવા પણ જ્યારે એ પરમતત્ત્વનું વર્ણન કરતાં થંભી જાય, વેદો પણ જ્યારે કુશાગ્ર બુદ્ધિ દ્વારા પરમાત્માનું વર્ણન કરતાં કરતાં પાર પામ્યા વિના જ જ્યારે થંભી જાય અને અંતે 'નેતિ નેતિ'ના પોકાર કરે ત્યારે આજકાલના ક્ષુલ્લક પણ વિદ્યાના અભિમાનમાં, મદિરાના ઘેનમાં ચકચૂર બનેલા દારૂડિયા જેવાના, કલ્પના અને બુદ્ધિ ઉપર જ નિર્ભર બકવાદ અને લેખો આત્મોદ્ધાર શું કરી શકે ?

પરમતત્ત્વ વાણીનો વિષય નથી એનું કારણ પણ શ્રી અવધૂતે આપ્યું છે.

**"અનન્તને એ સાન્ત વાણી, રીત શી વર્ણી શકે ?"**
**"માબાપની શાદી ખુશાલી, બાળ શું જાણી શકે ?"**

પરમતત્ત્વ અનન્ત છે. જેને આદિ છે તેને અંત છે. પરમતત્ત્વ આદિઅંતવિહીન હોવાથી તે અનન્ત છે. તેનો જન્મ નથી અને મૃત્યુ પણ નથી. જે જન્મ અને મૃત્યુથી મુક્ત છે તે પરમતત્ત્વનું વર્ણન કરવાને વાણી સર્વથા અસમર્થ છે. વાણીની દોડ કેટલી ? બુદ્ધિ જાય તેટલી. અને બુદ્ધિની પકડમાં તો એ તત્ત્વ આવતું નથી અને આવશે પણ નહીં. જો બુદ્ધિ કિંવા તર્કથી એ તત્ત્વનો પાર પામી શકાતો હોય તો આજના કુશાગ્રબુદ્ધિ વૈજ્ઞાનિકોએ એ તત્ત્વને ક્યારનુંય પકડ્યું હોત. એ અનંતને હસ્તગત કર્યું હોત. આજના અને પ્રાચીન વિજ્ઞાનવેત્તાઓ તો હજી પાંચ તત્ત્વો સાથે બાથ ભીડતાં જ પરવારતા નથી. અને છતાંય એ પાંચ તત્ત્વોનો જ હજી પાર પામ્યા નથી, તો એ પાંચ તત્ત્વો જેમાંથી, જેના ઈક્ષણ-સંકલ્પમાત્રથી સર્જાયાં છે તેનો પાર તો કેમ અને ક્યારે પામશે એ પ્રશ્ન જ છે. પરમતત્ત્વ એ પાંચ તત્ત્વોથી પણ પર છે. એ પાંચ તત્ત્વો અંતવાન છે. જ્યારે અન્તવાન પાંચ તત્ત્વોને નાથી શકતા નથી તો અનન્તને નાથવાના એ વિજ્ઞાનના કહેવાતા મહારથીઓના પાસાં કેમ પોબાર પડશે

તે સમજાતું નથી. હવામાં બાચકાં ભરવાથી શું વળશે ? પ્રાચીન વિચારકોએ એ પાંચ તત્ત્વો ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરીને એ જ પાંચ તત્ત્વોથી પર પરમતત્ત્વનો ભેદ ઉકેલ્યો છે. ઈતિહાસને પાને એ વાત મોજુદ છે. અને તેથી જ તો જગતના વિચારકો અંતિમ પરિણામના જ્ઞાન અર્થે આર્યાવર્તના સંતો-નગ્ન ફકીરો તરફ જ મીટ માંડે છે.

એવા અનન્ત તત્ત્વનો અંત સાન્તવાણી પામી શકતી નથી એમ કહીને શ્રી અવધૂતે વાણીની મર્યાદા ઉપર ભાર મૂક્યો છે. વેદો અને ઉપનિષદો એ પરમતત્ત્વના વર્ણનના સર્વશ્રેષ્ઠ ગ્રંથો છે, અપૌરુષેય છે છતાંય તે પણ પરમતત્ત્વનું વર્ણન કરવાનો પુરુષાર્થ કરીને થાક્યા એટલે જ 'નેતિ નેતિ' કહીને મૂંગા રહ્યા. જ્યાંજ્યાં આંગળી ચીંધી ત્યાંત્યાં એ વેદોને જણાયું કે એ પરમતત્ત્વ એટલું જ નથી પણ એથી અધિક છે. જ્યાંજ્યાં તર્ક અને બુદ્ધિની સહાયતા દ્વારા વાણી વ્યક્ત થઈ ત્યાંત્યાં એ પરમતત્ત્વનું વર્ણન કરી શકી નથી. જે છે તે પાંગળું જ છે. કારણ કે એ પરમતત્ત્વની વિભૂતિનું જ કેવળ વર્ણન છે. એ વર્ણન વડે પરમતત્ત્વની ઓળખ થાય છે એ ખરું પણ વિભૂતિથી પરમતત્ત્વ વેગળું છે એટલું જ એ પણ સત્ય છે. આકાર અને આકારવાન ભલે અભિન્ન જણાય પણ વસ્તુતઃ તો આકારવાન આકારથી ભિન્ન છે. જેમ પ્રકાશ એ સૂર્ય નથી પણ સૂર્યની વિભૂતિ છે તેમ તત્ત્વો પરમતત્ત્વ નથી પણ પરમતત્ત્વની વિભૂતિ છે. વિભૂતિ વિભૂતિવાનથી ભિન્ન નથી પણ એ વિભૂતિમાં જ ભુલભુલામણીમાં ભૂલેલાઓ પરમતત્ત્વને શોધવાનો યત્ન કરવાનું પડતું મૂકીને કેવળ વિભૂતિને પ્રાપ્ત કરીને જ સંતોષ માને છે. પ્રકાશથી આપણે સંતોષ માનીએ છીએ કારણ કે પ્રકાશથી આપણું કાર્ય સધાય છે. પ્રકાશના સ્રોત સમા સૂર્યને પ્રાપ્ત કરવાની તેથી આપણે ચેષ્ટા કરતા નથી. વેદો એ વિભૂતિઓ સુધી પહોંચ્યા પણ તેનાથી પર જે પરમતત્ત્વ છે તેને પામી શક્યા નથી. એટલે શાંત બનીને ભાખ્યું : ''પરમતત્ત્વ એટલું જ નથી, એટલું જ નથી.'' એ પરમતત્ત્વને પામવાની વેદોની ગતિ પણ નથી. કારણ કે તે વાણી છે, બુદ્ધિ અને તર્ક છે.

વાણીની મર્યાદાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂતે ગાયું

**''ચારોં પર પંચમ સૂર છેરા, બુઝે કોઈ બિરલા ચેરા;**
**ભૂલત ક્યોં કાગન બાતન મેં''**

કેટલું ગૂઢ જ્ઞાન ભર્યું છે એ પંક્તિમાં ! કેટલી સુંદર રીતે એ પરમતત્ત્વનું સ્થાન શ્રી અવધૂતે બતાવ્યું છે ! ચાર વાણીઓની પર જે પંચમસ્થાન છે તે પરમતત્ત્વ છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચારે પ્રકારની વાણીઓ અંતવાન છે જ્યારે એ ચારે વાણીઓનો મૂળસ્રોત છે તે અનન્ત છે. અને તેથી જ

**''અનન્તને સાન્ત વાણી શી રીતે વર્ણવી શકે ?''**




એવું કહીને વાણીની મર્યાદાનો આપણને ખ્યાલ આપ્યો છે.

આ જ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવવાને શ્રી અવધૂતે કહ્યું :

**"માબાપની શાદી ખુશાલી, બાળ શું જાણી શકે ?"**

એક સ્ત્રી જ્યાં સુધી બાળકને જન્મ ન આપે ત્યાં સુધી તે 'માતા' કહેવાતી નથી. એક પુરુષને જ્યાં સુધી સ્ત્રી દ્વારા બાળકનો જન્મ ન થાય ત્યાં સુધી તે પિતા કહેવાતો નથી. એટલે બાળકનો જન્મ એ સ્ત્રીને માતા અને પુરુષને પિતા બનાવવાને શક્તિમાન બને છે. સ્ત્રી અને પુરુષના લગ્ન થાય, સ્ત્રી અને પુરુષનો સંયોગ થાય ત્યારે સ્ત્રીના ગર્ભાધાનના પરિણામે બાળકનો જન્મ થાય. સ્ત્રી-પુરુષના લગ્ન કિંવા સંયોગમાં સ્ત્રી અને પુરુષને જે આનંદ આવે છે, સ્ત્રી અને પુરુષ એ લગ્નસંયોગનો જે આનંદ માણે છે તેનું ભાન કિંવા જ્ઞાન જે બાળકનું અસ્તિત્વ જ નથી તેને થવાનો અને તેના આનંદના હર્ષનો અનુભવ થવાનો એ બાળકને અવસર પણ પ્રાપ્ત થતો નથી. બાળકને આપણે પૂછીએ "ભાઈ, તારા માતા-પિતાના લગ્નમાં તને કેવો આનંદ થયો ?" બાળક વિચારમાં પડશે. બાળક શું જવાબ આપે ? જે પરિસ્થિતિ તેના જન્મ પહેલાં સર્જાઈ છે તેનો ખ્યાલ તેને શું આવે ? તેનો આનંદ તે શી રીતે માણી શકે ? માબાપના લગ્નમાં જો તેણે ભાગ લીધો હોય તો તેને એ આનંદની કલ્પના આવે. તેનો તો જન્મ જ નથી થયો તો એ આનંદ તેણે કેમ માણ્યો હોય ? તે જ રીતે પરમતત્ત્વના અસ્તિત્વનો તો પ્રશ્ન જ નથી કારણ કે એ તો સત્ છે, સનાતન છે. જેમ એ માતાપિતાના લગ્ન મહોત્સવનું અને તેના આનંદનું બાળકને ભાન નથી કે જ્ઞાન નથી તેમ એ પરમતત્ત્વ જે તેની જ વિભૂતિથી આચ્છાદિત છે તેનું કોઈને ભાન નથી. વાણીમાત્ર વિભૂતિનું જ વર્ણન કરી શકે છે. વિભુનું વર્ણન એટલે આનંદનું વર્ણન કરવાની એની ગતિ નથી. જેનું સરજન થયું હોય તેના અસ્તિત્વનો ખ્યાલ કે કલ્પનાબુદ્ધિથી આવી શકે; પણ જેનું સરજન જ ન થયું હોય, જે ત્રણે કાળમાં એક જ સરખું રહેલું છે એટલે જેના સરજનને શોધવા જનારો અંતવાન પોતે જ અંત પામી જાય છે અને અનન્તમાં સમાઈ જાય છે તેને એ અનન્તતાનો ખ્યાલ આવી શકતો નથી. અને તેથી જ પરમતત્ત્વના સરજનનો— માતાપિતાની શાદી ખુશાલીનો પાર બાળક પામી શકતો નથી. અને તેથી જ વાણી જે અંતવાન છે તે અનન્તનું વર્ણન કરી શકતી નથી.

અત્યાર સુધીના વિવેચનમાં આપણે શ્રી અવધૂતભાખી અનન્તની અગાધ અકલ્પનીય અવસ્થાનો ખ્યાલ કર્યો. તે મન, બુદ્ધિ, ચિત્ત, વાણી અને ઇન્દ્રિયોથી અગોચર છે એમ જોયું, છતાંય એવા અગમ્યતત્ત્વનાં વર્ણનો પંડિતો કરે છે અને તેથી પંડિતો અને લહિયાઓને અને વક્તાઓને શ્રી અવધૂત પૂછે છે :

**'હે પંડિતો ! સાચું કહો, શું મેળવ્યું પાંડિત્યથી ?'**

"હે પંડિતો, તમારા એ પાંડિત્યથી તમને શું મળ્યું ? તમે શું પ્રાપ્ત કર્યું ? તે સાચું જ કહો. જો જૂઠું કહેશો તો તમને રામ અને રહેમાનની આણ છે." વાચક, એ પંડિતો પાસે તું શા જવાબની આશા રાખે છે ?







શ્રી અવધૂતે આ ગીતના પ્રારંભમાં જ કહ્યું છે :

**'હા વધ્યું અવળું બધે !'**

અહીં અવળું શબ્દનો પ્રયોગ રહસ્યપૂર્ણ છે. શું પંડિતો એમ કહી શકે કે તેમણે આત્મદર્શન કર્યું છે ? તેણે સાક્ષાત્કાર કર્યો છે ? તે બ્રહ્મવિદ્ બન્યા છે ? ના. એવો ઉત્તર દેવાની તેમનામાં ગતિ નથી, તેમનું ગજુ પણ નથી. જે આત્મદર્શી છે, જેણે સાક્ષાત્કાર કર્યો છે, જે બ્રહ્મને જાણીને બ્રહ્મ બન્યો છે તે તો કેવળ મૌન જ સેવે છે. તેનામાં વાચારંભણ અને વાણીવિલાસ રહેતાં નથી. એટલે જે વાસ્તવિક પંડિત છે તે તો લખતો પણ નથી અને બકતો પણ નથી. પણ જે અધૂરો ઘડો છે તે જ છલકાય છે. કેવળ શબ્દજ્ઞાન દ્વારા પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરનારો કહેવાતો પંડિત જ બકવાદ કરીને, સમાજને પ્રસન્ન રાખીને પોતાની વિદ્વત્તાના ગર્વને પોષે છે. એમ પાંડિત્યના ઘમંડમાં અટવાતો પંડિત ખરેખર કંઈ જ પ્રાપ્ત કરી શકતો નથી. અને કરી શક્યો પણ નથી. તેની વાણી અને વિચાર, તેની વાણી અને આચાર એ ઉભયમાં કોઈ દિવસ સુમેળ હોઈ શકતો નથી. કદાચ કોઈ દંભી વિદ્વાન 'મેં આત્મદર્શન કર્યું છે' એમ કહેવાની ધૃષ્ટતા કરે તો તેનાથી બચવા માટે શ્રી અવધૂતે તેને

**"જૂઠું વદો તો આણ છે, શ્રીરામની રહેમાનની !"**

એમ કહીને તેને ભગવાનની આણ આપી છે. એટલે પ્રભુના નામ ઉપર એ પંડિત અસત્ય બોલી શકતો નથી. અને તેથી શ્રી અવધૂતના એ પ્રશ્નનો ઉત્તર, 'મેં કશું જ પ્રાપ્ત કર્યું નથી,' એવો જ આપવો રહ્યો ! બીજો ઉત્તર સત્યથી વેગળો જ હોઈ શકે. શ્રી અવધૂતે 'અવળું' શબ્દનો પ્રયોગ આ જ કારણે કર્યો છે. કોઈપણ વસ્તુને જાણ્યા છતાં જે અસત્યનો આશ્રય લઈને પોતે આડે રસ્તે જઈને બીજાને પણ આડે રસ્તે લઈ જાય છે તે ખરેખર પોતે તો સત્યથી વંચિત થાય છે જ પણ બીજાઓને પણ વંચિત કરે છે. અંધનો આધાર લઈને લાકડીને આધારે ચાલતો બીજો અંધ કોઈ દિવસ ઊગર્યો છે ખરો ? એ તો આધાર અને આધેય ઉભય કૂવામાં જ પડે ! લખવું અને બકવું અવળે રસ્તે લઈ જનારું છે એમ કહેવાનો એ જ હેતુ છે. જીવનભર પુસ્તકો ફાડીને, રાતદિવસ આંખો ફોડીને, બુદ્ધિને કસી કસીને મહેનત કરવા છતાંય જ્યારે એક પંડિત કશું જ પ્રાપ્ત કરી શકતો નથી ત્યારે તેનું કર્યું કારવ્યું વ્યર્થ છે. રાત બધી દળીને કોડિયામાં ઓસાર્યા જેવું છે. જે પ્રાપ્ત કરવાનું છે તેની પ્રાપ્તિથી વંચિત રહેનાર પંડિતનું જીવન એળે જ ગયું છે એમ માનવું જોઈએ.



'પંડિત' શબ્દનો શાસ્ત્રોક્ત અર્થ તો જુદો જ છે. પંડા એટલે

બ્રહ્મવિદ્યા-જીવબ્રહ્મની એકતા-જીવબ્રહ્મૈક્યભાવ. તેને જાણીને જેણે તેનો પાર મેળવ્યો છે તે 'પંડિત'. આપણને વાટે અને ઘાટે મળતા પંડિતો એવા છે ખરા ? શ્રી ભગવાને પણ 'પંડિત' શબ્દની વ્યાખ્યા કરતાં

यस्य सर्वे समारंभाः काम संकल्प वर्जिताः ।
ज्ञानाग्नि दग्ध कर्माणं तमाहुः पंडितं बुधाः ॥

'જેના સર્વ આરંભો કામનાઓ અને સંકલ્પોથી રહિત છે તથા જેનાં કર્મો જ્ઞાનાગ્નિ વડે બળી ગયાં છે તેને જ્ઞાનીઓ પંડિત કહે છે.'

અને શ્રી અવધૂતે પણ

'પંડા વડે પંડિત વદે'

એમ કહીને પંડિતની કલ્પના આપી છે.

દરેક પંડિત, જે એમ માનતો હોય કે પોતે પંડિત છે તેને શ્રી અવધૂતનો આ પડકાર છે. 'તમે પંડા પ્રાપ્ત કરી છે ? જો હા કહેશો તો તમે વાચારંભણ કે વાણીવિલાસ કરી શકતા નથી. કારણ કે મૌન એ પંડાની પરાકાષ્ઠા છે. કહો, તમે પંડિત છો ? એ પાંડિત્યનો કેવળ દંભ છે, લોકોને ઠગવાનો એક વ્યાપાર છે. જગતનાં ભોળાં માનવીઓને અવળે માર્ગે ચઢાવવાનો એ એક વ્યવસાય છે.

લખે છે કોણ ? બોલે છે કોણ ? જેને પોતાના વાક્ચાતુર્યનું અભિમાન હોય, જેને પોતાની વિદ્વત્તાનું ઘમંડ હોય, તે જ અંતરમાં ઘર કરી બેઠેલી લોકૈષણાને પોષવા, ઉદરને પોષવા અને તે દ્વારા વિત્તૈષણાને પોષવા માટે એવાં પુસ્તકો લખીને, એવાં ભાષણો કરીને, વ્યાસપીઠ ઉપરથી મોટાં મોટાં વ્યાખ્યાનો આપીને, બીજાઓમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. એ પ્રતિષ્ઠા કેટલો વખત ટકશે ? ચોમાસામાં ઊગેલાં કુંવાડિયાના છોડ અશ્વિન મહિનો આવતાં ખખડી જશે ! અને એવા પંડિતો બોલશે પણ શું ? કેવળ શબ્દાર્થ. એ શબ્દના અર્થનો મર્મ જેણે અનુભવ્યો નથી તે ગમે તેટલું બોલે તોય તેની અસર શ્રોતાઓ ઉપર કામળ પર બીબાં જેવી જ થાય છે. ધૂળ પરનું લીંપણ કેટલો વખત ટકશે ? કમળપત્ર પર પડેલું જળબિંદુ તુરત જ જમીન પર ખરી પડે છે તેમ એવા પંડિતોના વક્તવ્યની શ્રોતાઓ ઉપર ક્ષણજીવી અસર થાય છે. નાટકો તો તમે જોયા હશે ! હરિશ્ચંદ્ર અને તારામતીના નાટકી વિલાપો પણ સાંભળ્યા હશે ! વૈરાગ્યની વાતો છટાદાર રીતે બોલતા નાટકના તખ્તા પર નટને સાંભળીને ક્ષણભર વૈરાગ્યનો ખ્યાલ પણ આવ્યો હશે. ભર્તૃહરિનું નાટક જોઈને તો સંસારના ત્યાગના સ્વપ્ન પણ સેવ્યાં હશે ! પણ ઘેર ગયા પછી શું ? પથ્થર પર પાણી. સ્ત્રી આવે, પુત્ર આવે, વૈભવ જણાય અને એ બધાય આગળ શ્રવણ કર્યું તેના આછા સંસ્કારો પણ ધોવાઈ જાય, નિરર્થક થાય અને તેથી જ શ્રી અવધૂતે પંડિતની નહીં પણ તેના અર્થ વિનાના પાંડિત્યની અને તેની ઓથે રહેલા

અભિમાનની અવગણના કરી છે. ખરું પાંડિત્ય શું?

શ્રી અવધૂત કહે છે :

**"પંડા વડે પંડિત વદે, ના ચીજ પંડા શી લહી !"**
**"ઠંડા દિલે મિશ્રી બધી વેચી ન ચાખી હા જરી !"**

આપણે પંડા વિષે થોડું વિવેચન કર્યું. 'પંડા' એટલે બ્રહ્મવિદ્યા, જીવબ્રહ્મૈક્યભાવ. વિદ્યાના બે પ્રકાર. અપરા અને પરા. અપરાવિદ્યા પ્રાપંચિક બંધન સર્જાવે, પરાવિદ્યા પ્રાપંચિક જીવનથી મુક્ત કરાવે. જે વિદ્યા જાણ્યાથી અને જીવનમાં તેનો આચાર કર્યાથી પરમતત્ત્વના અપરોક્ષ અનુભવનો એટલે સાક્ષાત્કારનો લહાવો મળે તે પંડા-બ્રહ્મવિદ્યા. વેદ અને ષટ્શાસ્ત્રોનો અપરાવિદ્યામાં સમાવેશ થાય છે જ્યારે પરાવિદ્યા કંઈક વિલક્ષણ છે. જે વિદ્યા વડે એકને જાણ્યાથી જાણનાર બધું જ જાણી શકે છે તે પરાવિદ્યા છે. પરાવિદ્યાની વ્યાખ્યા કરતાં મુંડકોપનિષદમાં

'अथ परा यया तदक्षरमधिगम्यते'

'જેના વડે અક્ષર પરમાત્માનું જ્ઞાન થાય છે તે પરાવિદ્યા છે' એ પ્રમાણે કહ્યું છે. તાત્પર્ય એ છે કે પરમતત્ત્વનો પ્રત્યક્ષ અનુભવ કરવાનું સાધન તે પરાવિદ્યા છે. અને તેથી શ્રી અવધૂતે

'પંડા વડે પંડિત વદે'

એમ કહીને એવી પંડા એટલે બ્રહ્મવિદ્યા-પરાવિદ્યાના જાણકાર જે બ્રહ્મ જાણીને બ્રહ્મ'બન્યા છે તેવાઓ જ સાચા પંડિત છે એમ કહ્યું છે. લોકવહેવારમાં પંડિત શબ્દનો જે પ્રયોગ થાય છે તે એવા બ્રહ્મવિદ્યા જાણનાર અને પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરનાર માટે થતો નથી. અને તેથી જ

'ના ચીજ પંડા શી લહી'

એમ કહ્યું છે. પંડિત ભલે કહાવે પણ 'પંડા' શું તેનું એવાઓને લેશ માત્ર ભાન-જ્ઞાન નથી. અને તેથી એ શબ્દના વાસ્તવિક અર્થમાં તેઓ પંડિત નથી. બ્રહ્મવિદ્યાનાં લક્ષણો ભલે જાણતા હોય પણ, જ્યાં સુધી ભોજન ન કરીએ ત્યાં સુધી ક્ષુધાનું નિવારણ થતું નથી તેમ, બ્રહ્મવિદ્યા કેવળ જાણવાથી જ બ્રહ્મતત્ત્વ પ્રાપ્ત થતું નથી. એ બ્રહ્મવિદ્યાનો સહારો લઈને જ્યારે અક્ષરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે જ્ઞાન જ્યારે જીવનમાં વણાઈ જાય છે અને તેનો અનુભવ થાય છે ત્યારે તે પંડાનો પાર પામી પંડિત બન્યો કહેવાય છે. બ્રહ્મવિદ્યાનાં મુખ્ય લક્ષણો છે વૈરાગ્ય, વિવેક આદિ સાધનો. જ્યારે એ સાધનોને જીવનમાં આચારમાં ઉતારવામાં આવે છે ત્યારે એ બ્રહ્મવિદ્યા દ્વારા બ્રહ્મને પ્રાપ્ત કરવાનો અંશતઃ અધિકાર પ્રાપ્ત થાય છે અને તેથી કહેવાતા પંડિત કેવળ શબ્દપાંડિત્યને અને શબ્દજ્ઞાનને આગળ ધરીને પંડિત કહેવરાવે છે.

એવા કહેવાતા પંડિત કેવા છે ? સુંદર દૃષ્ટાંત દ્વારા શ્રી અવધૂતે તે સમજાવ્યું છે. વ્યાખ્યાન કરનાર વ્યાસપીઠ ઉપરથી ગાંભીર્યયુક્ત સ્વરથી

કહેશે : "પરમાત્મા નિરાકાર છે, અરૂપ, અરસ, અગંધ, ગુણાતીત અને માયાતીત છે, પણ એ બધાયમાં શું રહસ્ય રહેલું છે તે જાણવાની તે ક્યાંય દરકાર કરતો નથી. જેમ એક વેપારીને માલ વેચીને કેટલો વકરો થયો તેની દરકાર હોય છે તેમ એવા પંડિતોની પોથી ઉપર પડતા પૈસા તરફ જ તેનું ધ્યાન હોય છે. સાકરનો વેપારી જેમ દરરોજ ગુણબંધી સાકર વેચી નાંખે છે પણ એક કણ સરખોય જીભ પર મૂકી સાકરનો સ્વાદ લેતો નથી તેમ એવા પંડિતો સાકર જેવી મીઠી વાતો કેવળ બીજાઓને જ કહે છે. સાકર જેવું સર્વોત્તમ તત્ત્વ જાણતા હોવા છતાં તેની પ્રાપ્તિ અને અનુભવ પોતે કરતા નથી અને તેનો સાર પોતે ગ્રહણ કરતા નથી. શ્રોતાઓમાં કોક ભાવિક હોય તે એ સાકર જેવી અમૃતવાણીનો સ્વાદ ચાખે છે. કેવળ શબ્દજ્ઞાન અને વાક્ચાતુર્ય દ્વારા સમાજમાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરવામાં જ પોતાનો સમય વ્યતીત કરે છે. એવા કોરા બ્રહ્મજ્ઞાનીઓ – શુષ્ક વેદાંતીઓને શ્રી એકનાથ મહારાજે શેરડી પીલવાના કોલુની ઉપમા આપી છે. જેમ લાકડાનો કોલુ શેરડી પીલે છે અને ચરરર અવાજ કરે છે અને શેરડીનો મધુર રસ બહાર કાઢે છે તેમ એ બ્રહ્મવિદ્યાની અથવા બ્રહ્મજ્ઞાનની વાતો કરનારાઓ અને વ્યાખ્યાન કરનારાઓ પણ માત્ર વાણીવિલાસ કરીને જ પોતાના મનને પોતે બ્રહ્મજ્ઞાની છે એમ મનાવીને ભ્રમમાં જ પોતાનું જીવન એળે ગાળે છે. શેરડીના રસનું એક ટીપું પણ કોલુમાં રહેતું નથી. તેમ અહીં પણ શ્રી અવધૂતે કહ્યું :

**"ઠંડા દિલે મિશ્રી બધી વેચી ! ન ચાખી હા, જરી !"**

પોતાનું બધુંય બ્રહ્મજ્ઞાન શ્રોતાઓ આગળ શાંતિથી ઠાલવ્યું પણ તેમાંનું જરાય પોતે ન પચાવ્યું. જેમ શેરડીનો રસ બીજાઓ પીએ છે અને તેના માધુર્યનો આસ્વાદ લે છે તેમ એવા પંડિતની વાણીનો મર્મ બધા પામી શકતા નથી. શ્રોતાઓમાંથી કોક જિજ્ઞાસુ એ વ્યાખ્યાનના મર્મપૂર્ણ પ્રસંગને પોતાના જીવનમાં ઉતારીને પરમાનંદ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી બને છે. સાકરનો વેપારી કે શેરડી પીલતો કોલુ જેમ તેના માધુર્યનો આસ્વાદ લઈને આનંદ માણતા નથી, તેમ એવા શુષ્ક પંડિતોને પણ એ શબ્દજ્ઞાનના ઓથમાં છુપાયેલા પરમતત્ત્વના મર્મને કળીને જીવનમાં ઉતારવાનું મન થતું નથી. અને તેથી તે પોતાનું જીવન એળે ગાળે છે. તાત્પર્ય એ છે કે એવા શુષ્ક જ્ઞાનીઓ પંડિત કહેવરાવવાને યોગ્ય નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત જ્ઞાનીઓની વાતો કરે છે :

**"જ્ઞાની ખપ્યો પોથાં પઢી, ખોલો વહી ચંદન મૂવો,"**
**"માંહે ખજાનો જે ભર્યો, હા ! અન્યને તે સાંપડ્યો !"**

શ્રી ભગવાને જ્ઞાન અને જ્ઞાનીનો અર્થ ગીતાના તેરમા અધ્યાયમાં સમજાવ્યો છે. અમાનીપણું, અદંભીપણું, અહિંસા, ક્ષમા, સરળતા, આચાર્યસેવા, પવિત્રતા, સ્થિરતા, માનસિક સંયમ, ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે

વૈરાગ્ય, અહંકારરહિતપણું, જન્મમરણ, ઘડપણ અને રોગમાં દુ:ખનું દર્શન, અનાસક્તિ, સ્ત્રીપુત્ર, ઘરબાર વગેરેમાં મમતાનો અભાવ. ઈષ્ટઅનિષ્ટની પ્રાપ્તિમાં ચિત્તની સમાનતા, અનન્યયોગ દ્વારા ભગવાનમાં અસ્ખલિત ભક્તિ, એકાંત પ્રદેશનું સેવન, જનસમૂહમાં અપ્રીતિ, અધ્યાત્મજ્ઞાનમાં નિત્યસ્થિતિ તથા તત્ત્વજ્ઞાનનો અર્થ (ફળરૂપ) મોક્ષનો અનુભવ કરવો.






एतज्ज्ञानमिति प्रोक्तं अज्ञानं यदतोन्यथा ॥

'એને જ્ઞાન કહ્યું છે. બીજું બધું અજ્ઞાન છે.' એવાં લક્ષણોયુક્ત જે જ્ઞાની છે તે જ એવા જ્ઞાન વડે મોક્ષ પ્રાપ્ત કરે છે, આત્મસાક્ષાત્કાર કરે છે.

અહીં શ્રી અવધૂતે 'જ્ઞાની' શબ્દનો પ્રચલિત અર્થમાં પ્રયોગ કર્યો છે. કેવળ પુસ્તકોનો અભ્યાસ કરીને જ જે 'જ્ઞાની'માં ખપે છે તેને અહીં ટકોર કરી છે. એવો માણસ સાચો જ્ઞાની નથી. એ પુસ્તકિયા જ્ઞાનથી એને સમ્યક્જ્ઞાન થતું નથી. જે સાચો જ્ઞાની છે તે તો પ્રભુનો આત્મા છે. પુસ્તકિયા જ્ઞાનથી સાચું જ્ઞાન લાધતું નથી અને જ્ઞાનના પરમાનંદનો પ્રસાદ પણ તેને ચાખવાનો મળતો નથી. કેવળ પુસ્તકો ભણીને, તેનો માત્ર શબ્દાર્થ જાણીને જ જો જ્ઞાની થઈ શકાતું હોય તો, અને એવા જ્ઞાનથી જ જો પરમાત્માનો પ્રસાદ પ્રાપ્ત કરી શકાતો હોય તો એવા પુસ્તકિયા જ્ઞાનવાળા તો ઘરઘર મળે. પણ બીજી વિદ્યા પેરે આ વિદ્યામાં નથી. આ વિદ્યા તો અનુભવગમ્ય છે. એક ગધેડું પોતાની પીઠપર લાદેલો ચંદનકાષ્ઠનો ભાર વેંઢારતો વેંઢારતો મરે છે પણ ચંદનની સુગંધનો આસ્વાદ તે માણી શકતો નથી, તેમ પુસ્તકિયા જ્ઞાનીઓ જ્ઞાનપ્રસાદનો આનંદ માણી શકતા નથી. એવું જ્ઞાન તો વસ્તુતઃ ભારરૂપ છે, કારણ કે તે જ્ઞાન ગર્વમાં વધારો કરે છે. ગધેડાને જેમ ચંદનકાષ્ટનો માત્ર ભાર જ વહન કરવાનો હોય છે તેમ એવા શબ્દજ્ઞાનપારંગતને માત્ર જ્ઞાનનો ભાર જ વેંઢારવાનો હોય છે. એ જ્ઞાનના ગર્ભમાં રહેલો પરમતત્ત્વનો પરમાનંદ તે પ્રાપ્ત કરી શકતો નથી. કેવળ જ્ઞાનના ઘમંડમાં જ મરે છે. એ ચંદનકાષ્ઠનો ખજાનો તો બીજાઓને જ મળે છે. ગધેડાને તો માત્ર લાકડાનો માર જ ખાવાનો હોય છે. તેમ એવા જ્ઞાનીઓની જ્ઞાનગોઠડી સાંભળીને જે ભાવિક હોય તેને આનંદ આવે એ બનવા જોગ છે, પણ એ જ્ઞાનગાથા સાંભળનાર તો માત્ર અહંતાનો ભાર વહેતો જન્મમરણનો માર જ ખાય છે. એ જ્ઞાનનું તાત્પર્ય જાણવાની કે તેનો અનુભવ કરવાની એવા જ્ઞાનીઓમાં શક્તિ નથી. પરિણામે પુસ્તકિયુ જ્ઞાન પ્રાપ્ત કરનાર સાચો જ્ઞાની નથી એમ શ્રી અવધૂત કહે છે.

વસ્તુતઃ જોઈએ તો પરમાત્મપ્રાપ્તિ અર્થે કેવળ જ્ઞાન જ એક સાધન છે એમ કહી શકાય નહીં. જ્યાં કેવળ ભાવ, શ્રદ્ધા અને વિશ્વાસ જ શ્રેષ્ઠ સાધનો છે ત્યાં જ્ઞાન તો ગૌણ બની જાય છે. જ્ઞાનમાર્ગ એ પણ પરમતત્ત્વને જાણવાની એક પ્રણાલિકા છે પણ તે પ્રણાલિકાથી અનભિજ્ઞ






પરમતત્ત્વને પામી શકતો નથી એમ કહેવું અયોગ્ય છે. ભક્તિ, કર્મ, ઉપાસના આદિ પણ અનેક પ્રણાલિકાઓ છે. એ પ્રણાલિકાનો આધાર અધિકાર અને અભિરુચિ ઉપર નિર્ભર છે. જ્ઞાનમાર્ગની ઉપાસના પણ તે જ રીતે અધિકાર અને અભિરુચિ ઉપર જ નિર્ભર છે. એ જ્ઞાનમાર્ગ વિકટ છે અને તે સર્વસાધારણ માટે સુલભ નથી. અને તેથી જ ભિન્નભિન્ન અભિરુચિ અર્થે ભિન્નભિન્ન ભેદો પણ પાડવામાં આવ્યા છે. વસ્તુતઃ જ્ઞાન માર્ગે જનાર, કર્મ, ઉપાસના કે ભક્તિમાર્ગે જનાર માટે ગંતવ્ય સ્થાન તો એક જ છે. જ્ઞાની, ભક્ત, કર્મી કે ઉપાસક પોતપોતાના માર્ગે અંતિમ ગંતવ્યસ્થાનને જ્યાં સુધી પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે કોઈથી ઊતરતો છે એમ કહેવું વાજબી નથી. કેવળ જ્ઞાનનાં પુસ્તકો વાંચીને જ જ્ઞાનીમાં ખપનારો પોતાનો ઉદ્ધાર કરી શકતો નથી અને બીજાઓનો પણ તારણહાર બની શકતો નથી. પરમતત્ત્વ તો સર્વવ્યાપક છે એ વાત શાસ્ત્રોમાં લખી પણ છે. જાણનારાઓ જાણે છે પણ ખરા; પણ જ્યાં સુધી શાસ્ત્રના એ સત્યનો અનુભવ ન કરીએ ત્યાં સુધી એ જ્ઞાન કોડીની કિંમતનું પણ નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું 'ચંદનકાષ્ઠનો ભાર વહન કરનાર ગધેડા જેવો છે. જેમ ગધેડાને પોતાની પીઠ ઉપર શું લાદ્યું છે તેનું જ્ઞાન નથી. તેને પથ્થરનો અને ચંદનકાષ્ઠનો ભાર સરખો જ લાગે છે અને તે તેણે વહન કરવાનો જ છે. તે જ રીતે શાસ્ત્રોના પોથાં વાંચીને 'બ્રહ્મ સર્વવ્યાપક છે,' એમ કહેનારો બ્રહ્મના સર્વવ્યાપકત્વના અનુભવ વિનાના શબ્દજ્ઞાનનો જ ભાર વહે છે. 'બ્રહ્મ સર્વવ્યાપક છે,' એમ કહેનારો જ્યારે બ્રહ્મના એ સર્વવ્યાપકત્વનો અનુભવ કરે ત્યારે, જેમ ચંદનની સુગંધનો આનંદ બીજાઓ માણી શકે તેમ, તે તત્ત્વજ્ઞાનનો આનંદ માણી શકે. અને ત્યારે જ તે સાચો જ્ઞાની કહી શકાય.

એનું કારણ આપતાં શ્રી અવધૂત કહે છે :

**'પોથાં તણો ના વિષય એ, ના તર્કની ત્યાં તો ગતિ;'**
**અગમ-અગોચર પંથ એ, ગુરુગમ બધી ચાવી રહી !'**

આગળ આપણે જોયું છે તેમ વાણી અને તર્ક વડે પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. સાક્ષાત્કાર પુસ્તકો વાંચીને કે પુસ્તકોનું અનુશીલન કરીને થઈ શકતો નથી. પરમતત્ત્વ બુદ્ધિગમ્ય પણ નથી. તર્ક કરી કરીને થાકેલા વેદોએ પણ અંતે તો 'નેતિ, નેતિ' કહીને જ વિરમવું પડ્યું છે. પુસ્તકોમાં સંકેત રૂપે જ પરમતત્ત્વનાં લક્ષણોનું જ વર્ણન વાંચવાનું મળે છે. અને એ નકારાત્મક લક્ષણોનો ઉચ્છેદ કરતાં કરતાં જ્યાં થંભી જવાય, જ્યાં કશાનો જ અંત ન જણાય અને જ્યાં કશું જ છેદ કરવાનું ન રહે એમ લાગે ત્યાં પણ પરમતત્ત્વનો પાર આવ્યો છે એમ કહી શકાય નહીં. અને તેથી અંતે એ પરમતત્ત્વ અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન છે એવું વેદ ઉપનિષદ કેવળ આશ્વાસનાત્મક વર્ણન કરીને





પોતાનું તર્કપ્રધાન વક્તવ્ય સમાપ્ત કરે છે. જે સૂક્ષ્માતિસૂક્ષ્મ સરજન જોઈ શકાય છે, જેની કલ્પના કરી શકાય છે તેનાથી પણ એ તત્ત્વ સૂક્ષ્મ છે. એવા વેદ અને ઉપનિષદના વર્ણનને અને નિર્ણયને આપણે સ્વીકારીએ ત્યારે એ તત્ત્વ કલ્પનાતીત છે એમ કહ્યા વિના ચાલતું નથી. પણ સાધકે તેથી હતાશ થવાની જરૂર નથી. 'થાક્યા ત્યાંથી ફરીથી ગણો'. એ કહેવત અનુસાર જ્યારે સતત પ્રયત્ન કરતો જ રહે ત્યારે સાધક કોક દિવસ એની પરમતત્ત્વનાં દર્શન કરવાની ઝંખના ફળીભૂત કરવાને શક્તિમાન બને છે. તેને માટે જ

'ગુરુગમ બધી ચાવી રહી'

એવું શ્રી અવધૂતે કહ્યું છે. ગુરુકૃપા થાય, ગુરુપ્રાપ્તિ થાય ત્યારે જ એ અગમઅગોચર એટલે વેદોને પણ જેનો પાર જડ્યો નથી તેવું પરમતત્ત્વ સાધકને પ્રાપ્ત થાય છે.

આગળ જોયું છે કે પરમતત્ત્વ પ્રાપ્ત કરવાની વસ્તુ નથી. પરમતત્ત્વ તો નિત્યપ્રાપ્ત જ છે. અને તે સર્વ પ્રાણી પદાર્થમાં એક જ સરખું રહેલું છે. તેનાં દર્શન કરવા માટે, તેનો સાક્ષાત્કાર કરવા માટે તો માત્ર દૃષ્ટિની જરૂર છે. એ દૃષ્ટિ આપણી પાસે નથી અને તેથી જ આપણે ફાંફાં મારીએ છીએ. એ દૃષ્ટિ એટલે જ 'ગુરુ.' એ દૃષ્ટિ પ્રાપ્ત કરવાનું જે સાધન તે 'ગુરુકિલ્લી' જ્યાં સુધી ભોમિયો ન મળે ત્યાં સુધી આપણે મારગમાં જેમ અહીંથી તહીં અટવાયા કરીએ તેમ, જ્યાં સુધી ગુરુ ન મળે ત્યાં સુધી એ ગુરુકિલ્લી આપણને પ્રાપ્ત ન થાય. અને ગુરુકિલ્લીના અભાવે એ તાળું ઉઘાડવાની આપણમાં શક્તિ પણ ન આવે.

એ ગુરુકિલ્લી પુસ્તકોમાં નથી. એ ગુરુકિલ્લી તર્કથી પ્રાપ્ત કરી શકાતી નથી પણ ગુરુના પ્રસાદ વડે જ એ ગુરુકિલ્લી મેળવી શકાય છે. જ્યારે ગુરુકૃપા થાય છે ત્યારે માત્ર એક જ ક્ષણમાં પરમાત્મદર્શન થાય છે અને તેથી જ શ્રી અવધૂતે આ ગીતમાં એ જ વસ્તુનું પ્રતિપાદન કર્યું છે. અવળે ચીલે ચઢેલા સાધકને માટે આ એક માર્ગદર્શનરૂપ છે. ઘણી વખત શ્રી અવધૂત કહે છે, 'આ બધું ભણતર ભૂલવાની કોશિશ કરું છું પણ ભુલાતું નથી. જ્યાં સુધી ભણતર ન ભુલાય, ભણતરનો મોહ ન ટળે, જ્યાં સુધી ભણતરનો એટલે જ્ઞાનનો ગર્વ અંતરમાં ડોકિયું કરતો રહે ત્યાં સુધી પરમતત્ત્વના દર્શન કરવાની નેમ આશામૃગજળમાં સ્નાન કરીને વસ્ત્ર ભીંજવવા જેવી છે. એ ગુરુકિલ્લી પણ શ્રી અવધૂતે બતાવી છે. શ્રી અવધૂતે અન્યત્ર કહ્યું :

**"જહાં પે દેખું વહાં પે સાહેબ, વો નંગા ચંગા છિપા રહા હૈ."**

"જ્યાંજ્યાં નજર ફરે ત્યાંત્યાં પરમતત્ત્વ તો તેના મૂળ સ્વરૂપમાં સમાયેલું જ છે પણ તે છૂપું છે." માયાના આવરણથી ઢંકાયેલું છે. માયાનું એ આવરણ-દ્વાર ખોલવા માટે જે દૃષ્ટિની જરૂર છે તે દૃષ્ટિ એ જ





ગુરુકિલ્લી છે અને ત્યારે જ

**"અનંતરૂપી વો રૂપ એકા, બેરૂપ રંગા સમા રહા હૈ."**

એ દૃષ્ટિપાત કરી શકાય. અને ત્યારે જ કેવળ ગુરુકૃપા વડે. કોઈપણ પ્રકારના શાસ્ત્રના – આગમના કે બીજા કશા પણ જ્ઞાન વિના – સાધકને સિદ્ધ બનવાનું, સાક્ષાત્કાર કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય. તાત્પર્ય એ છે કે તર્ક અને પુસ્તકો વડે પરમાત્મપ્રાપ્તિ કરવાના નિષ્ફળ પ્રયત્નો કરવા કરતાં સત્સંગ દ્વારા સદ્‌ગુરુકૃપા મેળવી દૃષ્ટિપરિવર્તન કરનાર જ તત્ત્વદર્શન કરી શકે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"લઘુ અને સિદ્ધાંતથી જો અન્ત હાંસલ ના થયો;"**

**"બાળી મૂકો સિદ્ધાંતને એ પાણિની પડતો મૂકો !"**

પાણિની નામના મહાન વિદ્વાન વૈયાકરણીએ સંસ્કૃત ભાષામાં મૂળ વ્યાકરણ રચ્યું, સિદ્ધાંતકૌમુદી અને લઘુકૌમુદી એ પણ એના જ વિસ્તારના સંક્ષેપરૂપે વ્યાકરણગ્રંથો છે. સંસ્કૃતભાષા માટે એ ઉભય ગ્રંથોનું જ્ઞાન આવશ્યક છે. ભાષા જ્ઞાન માટે એ ગ્રંથો ઉત્તમ લેખાયા છે અને આજે પણ સન્માનનીય છે. સંસ્કૃતભાષાવિશારદ થવા માટે એ ગ્રંથોનું પરિશીલન આવશ્યક પણ ખરું. પણ તેથી શું ? જેણે આત્મતત્ત્વવિશારદ થવું હોય તેને કેવળ એ વૈયાકરણી ભાષાના સિદ્ધાંતો શું ઉપયોગમાં આવે ? પરમાત્મપ્રાપ્તિ અર્થે જે ભાષાની જરૂર છે તે વૈખરી નથી, તે ભાષા તો અંતરની મૂકભાષા છે અને તે કેવળ ભાવ છે. ભાવને અને ભાષાને કશો જ સંબંધ નથી. ભાષાના શબ્દો છે, ભાવના શબ્દો જ નથી. ભાવની લિપિ નથી. ભાવ એટલે અંતરની ઊર્મિ. તેને ઉત્તેજિત કરવાને તો કેવળ ભક્તિનો વાયુ જ જરૂરનો છે. ત્યાં તમારો એ પાણિની શું સહાય કરશે ? અથવા એ લઘુ અને સિદ્ધાંત કૌમુદીના પરિશીલનથી ભલે ભાષાનો પાર તમે પામી શકો પણ ભગવાનનો પાર નહીં પામી શકો. ભાષા તો અંતવાન છે. ભાષા પણ જ્યાં વિરામ પામે છે ત્યાં જ તો ભાવનો ઉદય થાય છે. એટલે ભાષા દ્વારા જો અનંતનો પાર ન પામી શકાય, અનંતનો અંત પ્રાપ્ત ન કરી શકાય તો એ સિદ્ધાંતકૌમુદીનાં અધ્યયનનો લાભ પણ શો ? જેનાથી અંતિમ તત્ત્વ સિદ્ધ થાય એવો પ્રકાશ પડે તેનું નામ સિદ્ધાંતકૌમુદી. એ પ્રકાશ ન મળે તો એ વ્યાકરણ ગ્રંથની એકલી ગોખણપટ્ટી શા કામની ? આત્મતત્ત્વવિશારદ થવું એ જ માનવજીવનનું ચરમ લક્ષ્ય છે અને તે લક્ષ્યને પહોંચી વળવાને જો એ લઘુ અને સિદ્ધાંતકૌમુદી સહાયક ન થાય તો એ લઘુ અને સિદ્ધાંતકૌમુદીના સૂત્રોની ગોખણપટ્ટી શા અર્થની ? જીવનમાં આધ્યાત્મિક ઉન્નતિ અર્થે અને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરીને તેના પરિણામરૂપ આત્મસાક્ષાત્કાર જો ન થાય તો તેવો કોઈપણ પ્રકારનો અભ્યાસ નિરર્થક છે.






નારદે સનત્કુમારને કહ્યું :

"ભગવન્ ! મને શાંતિ મળતી નથી."

સનત્કુમારે પૂછ્યું :

"નારદજી, શાનો અભ્યાસ કર્યો છે ?"

નારદજીએ અનેક વિદ્યા, અનેક ગ્રંથો, અનેક શાસ્ત્રોના અભ્યાસની વાત કરી. અને અંતે

"આ બધું કર્યું છતાંય શાંતિ નથી, માટે શાંતિનો માર્ગ બતાવો !" એવી પ્રાર્થના કરી. સનત્કુમાર અને નારદનો ઉપનિષદોક્ત આ પ્રસંગ જાણે શ્રી અવધૂતના આ ગીતમાં ઊતર્યો હોય એમ લાગે છે. વાસ્તવિક રીતે માનવજીવનમાં મનુષ્ય જે શાંતિની ઝંખના કરે છે તે શાંતિ વેદથી આરંભી વાણીવિલાસરૂપે સર્જાયેલી અનેક વિદ્યાઓ પ્રાપ્ત કર્યાથી થઈ શકતી નથી; એ સિદ્ધાંતનું અહીં શ્રી અવધૂતે પ્રતિપાદન કર્યું છે. પરિણામે એ બધાયનો ત્યાગ કરીને, એ બધાયની પ્રાપ્તિ અર્થે જીવનની અણમોલ પળો વેડફી નાંખવાને બદલે, કેવળ પરમાત્મચિંતનમાં જ એ અણમોલ ઘડીઓનો સદુપયોગ કરીએ તો, ધાર્યું પરિણામ આવે એ આ ગીતનો શ્રી અવધૂતભાખ્યો બોધ છે. જો લઘુ અને સિદ્ધાંતકૌમુદીના અભ્યાસથી મોક્ષપ્રાપ્તિ ન થતી હોય

**'અંત હાંસલ ના થયો'**

તો એ અભ્યાસ અને એ પુસ્તકોની કોડીની કિંમત નથી.

આમ આપણે જોયું કે બુદ્ધિ, તર્ક અને વાણી પરમતત્ત્વને પ્રાપ્ત કરવાને સમર્થ નથી. સાધારણ રીતે માનવજીવનમાં મનુષ્ય પ્રત્યેક પગલું ભરે છે તે પહેલાં પોતાનું ધ્યેય નક્કી કરે છે. ધ્યેય નક્કી કર્યા વિના જ આંધળિયાં કરનાર કદી સફળ થતો નથી. જ્યાં સુધી ગંતવ્યસ્થાનનો નિશ્ચય ન થાય ત્યાં સુધી તેનો માર્ગ પણ નિશ્ચિત થતો નથી. અને તેથી આપણે એક ધ્યેય નિશ્ચિત કર્યું.

**'મારે આત્મસાક્ષાત્કાર કરવો છે. પરમતત્ત્વનાં દર્શન કરવાં છે.'**

આ આપણું ધ્યેય અથવા ગંતવ્યસ્થાન નિશ્ચિત થયું. હવે આપણે એ સ્થાન પર પહોંચવાને માર્ગ નક્કી કરવો જોઈએ. ઉપનિષદોક્ત, વેદોક્ત, શાસ્ત્રોક્ત, ભક્તોક્ત અને એમ અનેક માર્ગ આપણી આગળ છે. આપણી અભિરુચિ અને અધિકાર અનુસાર આપણે માર્ગ નક્કી કરવાનો છે. ગતાનુગતિક માર્ગે જનારો સફળ થતો નથી. શ્રીમંત હોય તે વાયુયાનમાં વિલાયત પહોંચે અને ગરીબ હોય તે હોડકામાં ત્યાં પહોંચે. શ્રીમંત વાયુયાનમાં વિલાયત જાય તેની સ્પર્ધા કરીને જો ગરીબ વાયુયાનની આશામાં બેસી રહે તો વિલાયત ન પહોંચે. કોઈકે યોગનો, કોઈકે જ્ઞાનનો, કોઈકે કર્મનો, કોઈકે ઉપાસનાનો અને કોઈકે ભક્તિનો – આમ ભિન્નભિન્ન પુરુષાર્થ કર્યા અને તેનું ઇષ્ટ પરિણામ પામ્યા. તેનું જોઈ






આપણી અભિરુચિ ન હોય, અધિકાર ન હોય છતાંય આપણને ન ફાવે તે માર્ગ ગ્રહણ કરીએ તો અધવચ પાછા પડવું પડે. એના કરતાં પ્રથમથી જ આપણને જે અનુકૂળ હોય તે જ માર્ગ પકડવાથી પરિણામે સફળતા પ્રાપ્ત કરી શકાય છે. શ્રી અવધૂતે એક સમે કહ્યું :

> 'તમારો હેતુ તો કૂવામાંથી પાણી કાઢવાનો છે ને ? જો તેમ જ હોય તો એક જ જગ્યાએ ખોદો. જુદી જુદી જગ્યાએ ખોદવાથી તમે પાણી કાઢી નહીં શકો. પાણીને તો કાઢવાનું જ નથી. તે તો ભૂગર્ભમાં છે જ પણ એ પાણીને પ્રત્યક્ષ કરવા માટે તેના ઉપરના કચરાના, માટીના, પથ્થરના, કાદવના અને એવા બીજા અનેક થરો છે તેને જ તમારે ખોદીને બહાર કાઢવાના છે.'

એ જ સિદ્ધાંતને આપણે આપણા જીવનમાં અપનાવીએ. સાકાર ભક્તિ દ્વારા, નિરાકાર ભક્તિ દ્વારા, અથવા આપણને જે રુચિકર જણાય તે માર્ગે આપણે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરીએ.

આ ગીતનો એ જ હેતુ છે. આગળ ચાલતાં રામાયણ, મહાભારત, ગીતા, વેદ, ઉપનિષદ્ આદિ ગ્રંથોનું પારાયણ કરનારાઓને એ પારાયણનો હેતુ સમજાવતાં શ્રી અવધૂત કહે છે કે જે કર્યાથી હેતુ સિદ્ધ ન થાય તે કરવું એનો અર્થ સમય અને શક્તિનો વ્યર્થ વ્યય છે. એટલે શક્તિ અને સમયનો વ્યર્થ વ્યય કરવો તેના કરતાં એ ન કરવું વધારે સારું છે. તે તે ગ્રંથોના નામમાંથી જ અર્થબોધ ઘટાવીને તે તે ગ્રંથના પરિશીલનથી શું શું સિદ્ધ થવું જોઈએ તે આગળ જતાં બતાવ્યું છે. એ અર્થ જો સિદ્ધ ન થયો તો તે તે ગ્રંથોના પોપટપંચીરૂપ પારાયણોમાં કંઈ જ અર્થ નથી એમ સૂચવ્યું છે.

એ જ અનુસંધાનમાં આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'સૂણી સૂણાવી રામગાથા, ગર્થ કોટિ સંઘર્યો;'**
**'એ અયન જો ના રામનું, પામ્યો વૃથા બોજો વહ્યો !'**

રામાયણનું અધ્યયન કરનારને રામાયણમાંથી શું મળે ? દશરથના પુત્ર રામનું જીવનચરિત્ર જાણવાનું મળે, રઘુપતિ રાજારામનું આદર્શ રાજા તરીકેનું જીવન જાણવાનું મળે, આદર્શ પતિ, આદર્શ પુત્ર, આદર્શ ભાઈ અને આદર્શ પ્રજાસેવક તરીકેનું રામનું જીવન જાણવાનું મળે અને એ રીતે મર્યાદાપુરુષોત્તમ શ્રીરામનું જીવન જાણવા ઉપરાંત પરમતત્ત્વ તરીકેનું શ્રીરામનું આધ્યાત્મિકદર્શન પણ એ જ રામાયણમાંથી મળે. રામાયણ મહાકાવ્ય છે, ઇતિહાસ છે અને અંતે પરમતત્ત્વને પામવાનું સર્વશ્રેષ્ઠ સાધન છે. અને તેથી રામાયણ એટલે રામનું અયન, એટલે રહેવાનું સ્થાન. એ રામાયણનું અધ્યયન કરનાર જો વાસ્તવિક રીતે રામનું સ્વરૂપ-આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સ્વરૂપને જાણીને જો રામરૂપ ન બને, સર્વત્ર રહેલા એ રામનું સ્થાન ન પિછાને તો એ રામાયણનું

અધ્યયન કર્યું શું કામનું ? એ રામાયણની અનેક કથાઓ સાંભળીને અને બીજાઓને સંભળાવીને હજારો રૂપિયાની કમાણી કરી તેથી શું ? શ્રી રામ મર્યાદાપુરુષોત્તમ કહેવાય છે. સમાજમર્યાદાના એક આદર્શ તરીકે શ્રી રામનું જગતમાં પૂજન થાય છે. પરમાત્માના અવતાર તરીકે તો ભાવિક ભક્તો શ્રીરામની ઉપાસના કરે જ છે; પણ ભણેલાગણેલા વિચારકો અને વિદ્વાનો પણ શ્રીરામને એક આદર્શ માનીને તેનું પૂજન કરે છે. રામનું સ્વરૂપ પરમતત્ત્વના સ્વરૂપથી ભિન્ન નથી. રામ એ જ પરમાત્મા છે અને તેથી રામાયણની કથા સંભળાવતાં જો શ્રોતા અને વક્તાના અંતઃકરણમાં શ્રીરામના એ આધ્યાત્મિક સ્વરૂપનો પ્રકાશ ન પડે, શ્રીરામના એ તત્ત્વસ્વરૂપનું જ્ઞાન ન થાય તો તે એ રામાયણ વાંચવું, સાંભળવું અને સંભળાવવું સર્વ વ્યર્થ છે. જેમ એક નવલકથા વાંચીએ તેમ જ એ રામાયણ વાંચ્યાનું ફળ મળે છે અને તેથી જ શ્રી અવધૂતે




ભા.- 3

**'એ અયન જો ના રામનું, પામ્યો વૃથા બોજો વહ્યો !'**

એમ કહીને રામાયણનું મહત્ત્વ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. રામને કેવળ અવધપુરીના આદર્શ રાજપુરુષ તરીકે જ ભજવાના નથી, પણ પરમાત્માના સગુણસાકાર સ્વરૂપ તરીકે ભજવાના છે. એ ધ્યેય નજર સમક્ષ રાખીને જો શ્રીરામની કથા શ્રવણ કરીએ તો તેવા શ્રવણથી જીવન સાર્થક કરવાનાં સાધનો સાધકને પ્રાપ્ત થયા વિના રહેતાં નથી. એવા હેતુ વિના જો રામાયણ સાંભળ્યું તો તે મિથ્યા ભાર વહેવા જેવું છે. આપણે જે કાર્યનો આરંભ કરીએ તેના પરિણામની કલ્પના કરવી જરૂરની છે. ધ્યેય વિનાનો યત્ન નિષ્ફળ છે. રામાયણના અધ્યયનમાં આપણું ધ્યેય રામના અયનને પામવાનું હોવું જોઈએ. રામનું અયન એટલે પરમધામ. જે શ્રવણ કરીએ તેનો સાર ગ્રહણ કરવાની પણ બુદ્ધિ હોવી જોઈએ. આ જન્મ અને પરજન્મનું કલ્યાણ પ્રાપ્ત કરાવનાર એ રામાયણનું તત્ત્વ જાણ્યા વિના એ રામાયણનાં પાનાં ફેરવ્યાથી, 'તુલસીદાસે સુંદર લખ્યું છે, વાલ્મીકિએ સુંદર વર્ણન કર્યું છે,' વગેરે પ્રશંસાના શબ્દો કહેવાથી કંઈ વળતું નથી. અને તેથી જ અહીં

**'વૃથા બોજો વહ્યો,'**

કહીને શ્રી અવધૂતે એ તત્ત્વબોધ કર્યો છે.

મહાભારતની વાત પણ શ્રી અવધૂતે કહી છે :

**"પર્વો અઢારેનાં કીધાં, પરાયણો તેં ભારતી;"**
**"જો ભા વિષે રત ના થયો, તો જન્મ એળે રે ગયો !"**

જેમ રામાયણનું તેમ મહાભારતનું પણ સમજવું. મહાભારત કેવળ કૌરવપાંડવોના યુદ્ધના ઈતિહાસની દૃષ્ટિએ જ વાંચ્યાથી આત્મોદ્ધાર થતો નથી. વ્યાસજી જેવાએ લખેલા એ મહાભારતની ગાથા પણ રામાયણ પેરે શ્રીકૃષ્ણના આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિકસ્વરૂપને લક્ષ્ય

બનાવીને જ આલેખાયેલી છે. અને તેથી વસ્તુતઃ શ્રીકૃષ્ણ તત્ત્વ શું છે તે જાણવા માટે એટલે પરમતત્ત્વની સાચી ઓળખ કરવા માટે મહાભારત એક અણમોલ ગ્રંથ છે એમ કહેવું અસ્થાને નથી. મહાભારતના અઢારે પર્વોનું શુષ્ક પારાયણ અનેકવાર કર્યાથી કંઈ અર્થ સરતો નથી. પણ એ મહાભારતમાં જે 'ભા' અર્થાત્ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ચાવી છે તે તત્ત્વજ્ઞાનનો પ્રકાશ જો પ્રાપ્ત ન કર્યો તો એ મહાભારત વાંચ્યાનું કશું જ પરિણામ નથી. એ આત્મજ્ઞાન શ્રી વ્યાસજીએ ઇતિહાસમાં વણી લીધું છે. અને તેને માટે જ દૈવાસુરસંપદ્‌વિગ્રહને કૌરવપાંડવોના યુદ્ધના રૂપમાં વર્ણવી વિસ્તાર કર્યો છે. સૂતર વણીને વસ્ત્ર બનાવાય તેમ, તત્ત્વજ્ઞાનને વણીને રચાયેલા એ મહાભારતમાંથી કુસકામાંથી ચોખા જુદા પાડી શકાય તેમ, ઇતિહાસમાંથી જ્ઞાન જુદું પાડીને તે જ્ઞાનનું જ અનુશીલન કરનારે જ મહાભારતનું સાચે પારાયણ કર્યું એમ કહી શકાય. એ જ્ઞાન હંસક્ષીર ન્યાયે પ્રાપ્ત કરીને તેને જીવનમાં ઉતારનાર પોતાનું જીવન ઉત્કૃષ્ટ બનાવી શકે છે. કેવળ મહાભારતનાં પારાયણ આત્મોદ્ધાર કરી શકતાં નથી. કેવળ મહાભારત જ નહીં પણ ભાગવત્, ગીતા, રામાયણ આદિ પ્રાસાદિક ગ્રંથો કેવળ પુસ્તકો તરીકે વાંચ્યાથી કંઈપણ અર્થ સરતો નથી. તેમાં રહેલા રહસ્યને જ્યારે વાંચનાર પોતાના જીવનમાં આચારમાં મૂકે છે ત્યારે તેનું વાંચન સાર્થ થાય છે. શ્રી અવધૂતે આ વાત એ દૃષ્ટિએ જ કહી છે. પરમતત્ત્વની સમજ આપવા માટે એ બધાય ગ્રંથો ઉત્કૃષ્ટ છે. અને તેથી તે દૃષ્ટિએ જ એનું અધ્યયન થવું જોઈએ. તેમ કરવાથી જ શ્રેય પ્રાપ્ત કરી શકાય છે. જ્ઞાનમાર્ગે અને ભક્તિમાર્ગે જનારાને એ રામાયણ અને મહાભારતમાંથી ઘણુંઘણું જાણવાનું અને સમજવાનું મળે છે. વેદો અને ઉપનિષદોનો એ અનુવાદ છે એમ કહેવું પણ ખોટું નથી. એ જ્ઞાન જો સમજપૂર્વક આચારમાં મુકાય તો જ શ્રેયસ્કર છે અને તેનાથી ઈષ્ટ પરિણામ પણ પ્રાપ્ત કરી શકાય છે. તાત્પર્ય એ છે કે મહાભારતનું અધ્યયન કરીને જે સાધુદૃષ્ટિએ જ્ઞાન-ભા-આત્મપ્રકાશ પ્રાપ્ત કરીને તે 'ભા'માં જ જો રત ન થાય તો ભારતનું એ અધ્યયન અને પારાયણ વ્યર્થ છે એવો શ્રી અવધૂતનો નિર્ણય છે.

અને ગીતાનું પણ એમ જ સમજવાનું છે. શ્રીકૃષ્ણે વિષાદગ્રસ્ત અર્જુનનું જ્ઞાનદ્વારા યુક્તિપ્રયુક્તિથી સમાધાન કર્યું છે. એ ગીતાનો બોધ શ્રવણ કરીને, સમજીને જે રીતે અર્જુન સંસારના મિથ્યા મોહમાંથી મુક્ત થયો તે જ રીતે સંસારમાં રહીને પરમતત્ત્વની પ્રાપ્તિના જિજ્ઞાસુએ પણ અર્જુન બનવું જરૂરનું છે. માયાના મિથ્યા મોહમાંથી મુક્ત થવાને તત્ત્વજ્ઞાન જેવું અન્ય સરળ અને સુલભ સાધન બીજું એકે નથી. ભક્તિમાર્ગે જનારો અંતે તો આત્મનિવેદન દ્વારા પરમતત્ત્વમાં જ સમાઈ જાય છે. જીવમાત્ર અર્જુન છે. અર્જુન એટલે અખૂટ શક્તિનો ઝરો, પણ એ નિર્ઝરનો સ્રોત

અવરોધાય છે કેવળ મિથ્યા મોહથી. અને તેથી પોતાની આત્મશક્તિનું અર્જુનને તેમ જીવને જ્ઞાન થતું નથી. એ જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયલું હોવાથી અજ્ઞાનજનિત આવરણને લીધે જીવ પોતે નિર્બળ માંયકાંગલો છે એમ પોતાને માને છે અને કાયર બને છે. જે વિશ્વનો અધિપતિ છે તે કેવળ ખાબોચિયાનો અધિપતિ છે એમ માનીને, તે 'આ મારું, આ મારું', આ તારું' એ મિથ્યા અહં અને મમત્વના આવરણથી આચ્છાદિત બની, પોતે અસીમ હોવા છતાં પોતાને સીમિત માને છે. મોહથી ઉત્પન્ન થયેલી એ કાયરતાના કારણે જીવ પોતાની અખૂટ શક્તિનું જ્ઞાન ભૂલી જાય છે. અને કાયર બનીને જ જન્મમરણના ફેરા ખાતો થાય છે. તેથી શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

"क्लैब्यं मास्मगमः पार्थ"

'હે અર્જુન, આમ તું કાયર ન થા.' તે જ ઉપદેશ ગીતા પ્રત્યેક જીવને સંભળાવે છે. ગીતામાં એ તત્ત્વ સમજવાનું છે. જ્યાં સુધી આત્માનું અનાદિત્વ, નિત્યત્વ અને સર્વવ્યાપકત્વ જીવને સમજાતું નથી ત્યાં સુધી તે જીવ ભાવયુક્ત જ રહે છે. ગીતાના અધ્યયનથી જ્યારે જીવને પોતાની એ અસીમ અવસ્થાનો ખ્યાલ આવે છે અને સમજપૂર્વક તેનો આચાર થાય છે ત્યારે ગીતા જીવને જીવભાવમુક્ત કરી શિવભાવયુક્ત બનાવે છે અને બોધની સ્થિરતા થતાં એ શિવભાવનું સ્મરણ પણ ટળી જઈ, કાયમ અને નિરંતર શિવત્વ પ્રાપ્ત થાય છે. અર્જુનને નિમિત્ત બનાવીને શ્રી ભગવાને જગતના જીવમાત્રને એ જ્ઞાન આપ્યું છે. ગીતાનું એ જ્ઞાન પચાવીને જીવ જ્યાં સુધી પોતાનું શિવત્વ ન પિછાને ત્યાં સુધી, કેવળ શબ્દજ્ઞાનથી, વાસ્તવિક બોધ થતો નથી. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"વેદો પઢી વેદાનિઅત, જો ના કીધી હાંસલ બધે;"
"વાણી થકાવી હા વૃથા! આયુરસી ટૂંકી કીધી!!"
"ગીતા ઉકેલી ના સમી, ત્યાગી થયો જો ના જરી!"
"કૂદી કૂદી મૂવા કપિ, મોતી મળ્યાં ના જળનિધિ!!"
"ઉપનિષદ્ સારાં ઓચર્યાં, પાસે ન બેઠો રામની!"
"જળજળ કહી પ્યાસે મર્યો, પાણી ના પીધું કાં જરી!"

અહીં શ્રી અવધૂતે સમગ્રપણે એક જ વસ્તુ ઉપર લક્ષ કેન્દ્રિત કર્યું છે. રામાયણ, મહાભારત, વેદ, ઉપનિષદ્, ગીતા આદિ બધાય ગ્રંથો જ્ઞાનનો ભંડાર છે. જ્યાં સુધી એ જ્ઞાનના ભંડારમાંથી એકાદું તત્ત્વ પણ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ બધાય ગ્રંથો વાંચ્યાનું કશું જ પરિણામ થતું નથી. માનવજીવનનું ચરમ લક્ષ્ય 'પોતાને જાણવો' એ છે. એ ચરમલક્ષ્યને પહોંચવાના આ બધા માર્ગો છે. એ માર્ગે જઈને જ્યાં સુધી ચરમલક્ષ્યની પ્રાપ્તિ ન કરીએ ત્યાં સુધી માનવજીવન જીવ્યું સાર્થક નથી. ગ્રંથોનાં પારાયણ કર્યાથી કશું વળતું નથી.






ગીતા માનવીને શું શીખવે છે ? ત્યાગ, વૈરાગ્ય અને અનાસક્ત કર્મયોગ. ગીતાનાં અનેક પારાયણો કર્યા છતાં જો એ ત્યાગ અને વૈરાગ્ય-યુક્ત અનાસક્તયોગ જીવનમાં આચારયુક્ત ન બને તો કંઠસ્થ કરી ગીતા નકામી છે. આપણે વાત વાતમાં ગીતાના શ્લોકો ટાંકીએ છીએ અને આપણા ગીતાના જ્ઞાનનો બીજાઓને પરિચય કરાવીએ છીએ અને ઉપદેશ પણ આપીએ છીએ પણ એવા સંજોગો ઉત્પન્ન થતાં આપણે તેમાંનું કેટલું જીવનમાં આચારમાં મૂકીએ છીએ તેનો પ્રથમ, આત્મનિરીક્ષણ કરીને વિચાર કરવો ઘટે. ગીતાનો અંશતઃ બોધ જો આપણા જીવનમાં ન ઊતર્યો હોય તો એ ગીતા વાંચી ન વાંચી સરખી જ છે. જેમ વાનરો કૂદકા મારી મારીને થાક્યા, પ્રાણ ગુમાવ્યા પણ સમુદ્રનાં તળિયામાં રહેલા મોતી તે પ્રાપ્ત કરી શક્યા નહીં તેમ એ ગીતાને ઉપર ઉપરથી જોવાનો કશો જ અર્થ નથી. ગીતાના ગર્ભમાં રહેલા જ્ઞાનભંડારને પ્રાપ્ત કરવા માટે અને બોધ પ્રાપ્ત કરવા માટે, જેમ મોતી કાઢનારાઓ સમુદ્રને તળિયે પહોંચી જાય છે તેમ, સાધકે ગીતામય બનવું પડે, ગીતાના ગર્ભમાં પ્રવેશ કરવો પડે અને અંતે, જેમ અર્જુનનો મોહ નષ્ટ થયો તેમ, મોહમુક્ત બનવું પડે.

વેદોમાં પણ જ્ઞાન, કર્મ આદિ પ્રણાલિકાઓનો બોધ કરવામાં આવ્યો છે. એ વેદનું અધ્યયન કરવાથી કાંઈ વળતું નથી. એ વેદના ગર્ભમાં બ્રહ્મને જાણવાની અને તેને જાણીને બ્રહ્મ બનવાની ચાવી રહેલી છે તે જ્યાં સુધી આપણે પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી ઊંચાનીચા હાથો કરી વેદો જાણીને, વાણીને વ્યર્થ પરિશ્રમ આપ્યા જેવું કરીએ છીએ. અને આવરદા એળે ગાળીએ છીએ.

ઉપનિષદોનું પણ એવું જ છે. ઉપનિષદો એ બ્રહ્મની ઓળખ આપવાનો અણમોલ જ્ઞાનભંડાર છે. તેના મંત્રો કેવળ ભણી જવાથી કાંઈ અર્થ સરતો નથી. અને આખરે જેમ પાણીનો કુંભ, પાસે પડ્યો હોવા છતાં 'जल, जल' એવી બૂમો પાડવાથી પાણી મોંમાં આવતું નથી અને અંતે તરસથી મૃત્યુ થાય છે તેમ, એ ઉપનિષદોનાં સૂત્રો ભણવાથી બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. પણ એ ઉપનિષદભાખ્યા માર્ગે આચરણ કરવાથી જ બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. જેમ પાણી પીવું હોય તો લોટો હાથમાં લઈ પી શકાય છે તેમ ઉપનિષદોનો અભ્યાસ કરીને તેના સંકેત અનુસાર પુરુષાર્થ કરવાથી પરમાત્મપ્રાપ્તિ થાય છે. એ ગ્રંથોનાં પારાયણ કર્યાથી જીવને આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાની જે તરસ લાગી છે તે તરસ મટતી નથી. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે બધાય ગ્રંથોમાં જે જ્ઞાન સમાયેલું છે તે જ્ઞાનનું પાન કરવાથી જ અર્થ સિદ્ધ થાય છે. જેમ પાણી પાણી કરે તરસ મટતી નથી તેમ 'अहं ब्रह्मास्मि' કહેવાથી બ્રહ્મ થવાતું નથી. કેવળ જનમનરંજન અર્થે અને લોકોમાં વિદ્વાન, જ્ઞાની, પંડિત લેખાવા

માટે જે ગ્રંથોનો અભ્યાસ કરે છે તે વ્યર્થ છે, મિથ્યા બકવાદ છે. અને તેથી અંતે શ્રી અવધૂતે અહીં પોતાનો નિચોડ આપ્યો છે.

‘રંગ પોથાં પુસ્તકો ફેંકી બધાં દરિયાવમાં;’
‘મૂંગો થઈ ડૂબી રહે, સમુંદરે એ શાહના!!’

ઉપર કહ્યું તેમ એ બધાંય પુસ્તકો કેવળ વાંચ્યાથી અર્થ સરતો નથી. પરમતત્ત્વને પામવાને પુસ્તક વાંચવાની જરૂર નથી. જેમ પથ્થર પર પાણી રેડવાથી પથ્થર પીગળતો નથી કે પલળતો નથી પણ તુરત જ સુકાઈ જાય છે તેમ એ બધાંય જ્ઞાન, કર્મ કે ઉપાસનાનાં પુસ્તકો વાંચ્યાથી કશું જ વળતું નથી. પણ એ પુસ્તકોમાં પરમતત્ત્વને પામવાના જે જે માર્ગો સૂચવ્યા છે તેમાંના અધિકાર, શક્તિ અને રુચિ અનુસાર એકાદ માર્ગને ગ્રહણ કરીને તે માર્ગે જઈએ તો જ ધારેલા સ્થાને પહોંચી શકાય છે. એક મુસાફર કેવળ મુસાફરીનું જ રટણ કર્યા કરે તો તેથી તેનો રસ્તો કપાતો નથી. મુંબઈ જનારે ઘેરથી નીકળી, સ્ટેશને જઈ, ટિકિટ લઈ, ગાડીમાં પ્રવાસ કરવો પડે છે તેમ આ બધાય ગ્રંથો કેવળ માર્ગદર્શક છે. માર્ગદર્શકનું જ રટણ કર્યાથી આપણે માર્ગે ચઢી શકતા નથી પણ એ માર્ગદર્શકના ચીંધ્યા માર્ગે આપણે પ્રવાસનો પ્રારંભ કરીએ તો જ ગંતવ્યસ્થળ પ્રાપ્ત કરી શકીએ. તેમાં નિર્વિઘ્ને પાર ઊતરવા માટે સદ્‌ગુરુની કૃપા જરૂરની છે. અસ્તુ.

## (૪૯)

(ઓ મન ભમરા-એ રાહ)

(રાગ : સારંગ, તાલ : કહેરવા)

મન મૂઢ અજાણ! ફાંફાં કાં મારે છે અમથાં આભમાં?
વળ મૂળ નિશાન, જેણે રે સંરક્ષણ કીધું ગાભમાં?
પળપળમાં જાય કહાં દોડી શરણું ભગવંત તણું છોડી?
આખર નાવે ફૂટી કોડી.—મન મૂઢ (૧)
અમૃત કીધું દેવો કાજે, સ્તન દૂધ ભર્યું બાળક કાજે;
ફળ ફૂલ અન્ન પૃથ્વી રાજે.—મન મૂઢ (૨)
ખડતૃણથી પશુને સંતોષે, કીડી કણ મણ હાથી પોષે;
ભજશે ના તે આખર રોશે.—મન મૂઢ (૩)
દિવસે પ્રગટે ભાનુદેવા, રાતે શશીતારકની સેવા;
ઋતુઓ અરપે વિધવિધ મેવા.—મન મૂઢ (૪)
સાગરમાં ભરતી લાવે છે, વાદળથી જળ વરસાવે;
આકાશે ચાપ ચઢાવે છે.—મન મૂઢ (૫)
લખચોરાશી જાતિ કીધી; કળ કર્મ તણે હસ્તક દીધી;
વિધવિધતામાં ન કમી કીધી.—મન મુઢ (૬)
જે ઘટ ઘટ માંહી બોલે છે, બાજીગર અળગો ખેલે છે;
જે જાણે તે રંગ રેલે છે.—મન મુઢ (૭)

⁂

વિશ્વગ્રંથ વાંચવાની સૂચના આપીને શ્રી અવધૂતે જેમ વિશ્વગ્રંથમાં પ્રભુની લીલાનું સંકેતરૂપે આપણને ભાન કરાવ્યું છે તેમ અહીં પણ પ્રભુની પ્રભુતાનું, જેમ પિતા પોતાના બાળકને માટે બધું જ કરી છૂટે છે તેમ, પ્રભુ સર્જન માટે શું શું કરે છે તેનું આપણને ભાન કરાવવાને આ ગીત શ્રી અવધૂતે ગાયું છે.

અજાણ્યો ભૂલો પડેલો માનવી જેમ પોતાના સ્થાનની શોધમાં ગામની ગલીએ ગલીએ ભટકે છે તેમ મન પણ પોતાના મૂળ સ્થાનથી વંચિત ભમે છે. એવા ભટકતા મનને ઠેકાણે લાવવા અને સ્થિર કરવા શ્રી અવધૂત કહે છે :

**'મન મૂઢ અજાણ'**

મનને ઉપમા પણ કેવી આપી છે! મૂઢ અને અજાણ ! જે અજાણ છે તે પોતાનું અસ્તિત્વ નભાવવાને, પોતાનું જીવન ટકાવવાને અને પોતાનું સ્થાન નક્કી કરવાને, જેમ વાટભૂલ્યો અંધ ચારેકોર ફાંફાં મારે છે તેમ,

ફાંફાં મારે છે. એમ ફાંફાં મારવા છતાંય જ્યારે કાંઈ પત્તો લાગતો નથી, સ્થાન મળતું નથી, વિશ્રાંતિ થતી નથી ત્યારે તે શૂન્યમનસ્ક બનીને મૂઢ જેવો જણાય છે. એ મન મૂઢ બને છે. શું કરવું તેનો ખ્યાલ પણ એને આવતો નથી. તેની મતિ જ સર્વથા કુંઠિત બની જાય છે. અને ત્યારે તે ગમે ત્યાં ઝીંકાય છે. એ રઝળાટ અને એ અટવાણ હેતુરહિત જ હોય છે. મૂઢતાને કારણે પોતાનો માર્ગ– પોતાનું ધ્યેય નક્કી થઈ શકતું નથી અને તેથી હડકવાયું કૂતરું જેમ અવિશ્રાંત ભમ્યા જ કરે છે તેમ મન પણ મૂઢ અને અજાણ હોવાથી સુખને માટે ગમે ત્યાં ભટકાય છે અને ભટક્યા કરે છે. તેથી એવા મૂઢ મનને શ્રી અવધૂતે






**'ફાંફાં કાં મારે છે અમથાં આભમાં'**

એમ કહ્યું છે. 'આભમાં અમથાં–નકામાં ફાંફાં શા સારુ મારે છે?' હવામાં બાચકાં ભરવાથી પેટ ભરાતું નથી. નક્કી કર્યા વિના લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી. લક્ષ્ય નક્કી કર્યા વિના લક્ષ્યની શોધમાં ફાંફાં મારવાં વ્યર્થ છે. લક્ષ્ય નક્કી કર્યા વિના તેની પ્રાપ્તિ અર્થે થતા પ્રયાસોનું કશું જ પરિણામ આવતું નથી અને મહેનત વ્યર્થ જાય છે. આભમાં ફાંફાં મારવાથી પોતાનું સ્થાન મળતું નથી. દિવસભર પક્ષી આભમાં ઊડે છે. પણ ત્યાં તેને ક્યાંય વિશ્રાંતિ અર્થે સ્થાન નથી. વિશ્રાંતિ અર્થે તો પૃથ્વી તળપરનાં વૃક્ષોનો જ આશ્રય લેવો પડે છે. પણ મન મૂઢ છે, અજાણ છે, અને તેથી તેનું ધ્યેય નક્કી કરી શકતું નથી. પરમસુખનિધાન પરમતત્ત્વ તેનું ધ્યેય છે એ પણ તે જાણતું નથી. અને તેથી તેને પ્રાપ્ત કરવાની તેનામાં ગતિ નથી. અને તેથી તે વિષયાકાશમાં – જ્યાં આત્યંતિક સુખ નથી તેવા પોલા વિષયોમાં ભટક્યા કરે છે. વિષયોમાં ભટકતું મન આકાશમાં ઊડતા પક્ષી જેવું છે. જેને વિસામો લેવાને અને ઠરવાને કશે જ ઠામ મળતું નથી, અને એકથી બીજા વિષય પર અને બીજાથી ત્રીજા વિષય પર ભટકતું રહે છે. અગર એક જ વિષયને વળગી રહે તો તેમાં અંશતઃ પણ તૃપ્તિ થાય. પણ મન અશાંત છે. તેને એકથી તૃપ્તિ નથી. લોભિયાને જેમ દુનિયાનું ધન મળે તોય તૃપ્તિ નથી તેમ મનને પણ વિષયોથી તૃપ્તિ નથી. અને તેથી તે એકે વિષયમાં સ્થિર થઈ શકતું નથી અને તેથી જ આભમાં ફાંફાં મારવા જેવું થાય છે. અને તેથી જ

**'અમથા આભમાં'**

એમ કહીને મનનો એ રઝળાટ પરિણામ વિનાનો છે એમ કહ્યું છે. એક પરમાત્મા જ અક્ષયસુખનો ભંડાર છે, અને તેના પરપોટારૂપ વિષયો માત્ર ક્ષણિકસુખની ભ્રાંતિ જ ઉપજાવે છે. વસ્તુતઃ એમાં સાચું સુખ નથી એમ મન સમજી જાય તો બીજે ફાંફાં મારવાનાં છોડી એ સર્વના અધિષ્ઠાનસુખનાં મૂળ પરમતત્ત્વ પરમાત્મા તરફ પાછું વળે અને વિશ્રાંતિ પામે. તેમાં તેને જે પાર્થિવ મોહ ઉત્પન્ન થાય છે તે ન થાય. અંતે જીવ, પ્રાણ, મન,

બુદ્ધિ, ઇન્દ્રિયો આદિ સૂક્ષ્મશરીરનું અંતિમ વિશ્રાંતિનું ધામ તો પરમાત્મા જ છે. પણ એ તત્ત્વને જાણ્યા વિનાનું મન આભમાં બાચકાં જ ભરે છે.

ત્યારે મન શું કરે તો તેનું ઠેકાણું પડે? શ્રી અવધૂત કહે છે :

**'વળ મૂળ નિશાન'**

મૂળ નિશાન-લક્ષ્ય શું ? આ રીતે ધ્યેય નિશ્ચિત કર્યા વિના આભમાં ભટક્યા કરવાથી મનનું કાંઈ વળતું નથી. આગળ કહ્યું તેમ દિનભર આકાશમાં ઊડ્યા કરતાં પંખેરું પણ રાતવાસા માટે તો અવનિ પર વૃક્ષનો આશ્રય લઈને નિરાંતે રાત્રિ વ્યતીત કરે છે. ગમે તેટલા ફાંફાં મારીને પણ અંતે એક દિવસ તો એ મન પરમતત્ત્વમાં શાંતિ પ્રાપ્ત કરવાનું જ છે. જ્યાંથી સર્જાયું છે ત્યાં સમાવાનું છે, તો રઝળીરવડીને થાકીને પછી એ તત્ત્વનો આશ્રય લેવો તેના કરતાં સવેળા જાગ્રત શો સારું ન થવું? અજ્ઞાનતા જાય, મૂઢતા જાય તો મન સત્વર પોતાનું ધ્યેય નક્કી કરી શકે છે. અને તેને પ્રાપ્ત કરવાના માર્ગો પણ નક્કી કરી શકે છે. અને તેથી જ શ્રી અવધૂતે મનને પોતાનું ધ્યેય નક્કી કરવાનું કહીને મૂળ ધ્યેય તરફ સંકેત કર્યો છે. શ્રી ભગવાને મનને તો

**'इन्द्रियाणां मनश्चास्मि'**

એમ કહીને પોતાની વિભૂતિ કહી છે. તો પછી તે મૂઢ કેમ? પ્રશ્ન વિચાર માંગી લે છે. જે મન પરમાત્માનો અંશ છે તે મન પરમાત્માના જેવું જ શુદ્ધ, બુદ્ધ અને મુક્ત હોવું જોઈએ. પણ અનુભવ તેથી વિપરીત છે. ઉપનિષદકારે ઇન્દ્રિયસમૂહમાં એ મનનો પણ સમાવેશ કરેલો છે અને તે અર્થ આપણે અહીં 'મન'નો લઈએ તો ઇન્દ્રિયોમાં મન બળવાન છે. મનના સાથ વિનાની ઇન્દ્રિયો નિર્માલ્ય છે. પરમાત્મા બળનું અધિષ્ઠાન છે. અધિષ્ઠાનમાંથી જ મનને બળ મળે છે. તેથી શ્રી ભગવાને ઇન્દ્રિયોમાં મન પોતે હોવાનું કહ્યું છે. સૂક્ષ્મ શરીરના આવરણના કારણે મૂઢતા પામીને અજ્ઞાન બનેલું મન પોતે પ્રભુની વિભૂતિ છે. એ વાતનું વિસ્મરણ કરીને આમ ભટકતું ફરે છે. ધ્યેય ભૂલીને વિષયોમાં વિશ્રાંતિ શોધવા મન આ કારણે જ નીકળે છે.

એવા પંથ ભૂલેલા પથિકસમા મનને શ્રી અવધૂત માર્ગ બતાવે છે.

**'વળ મૂળ નિશાન'**

'તારું ધ્યેય-સ્થાન પરમાત્મા છે. જે સર્જનમાત્રનું અને તારું ઊગમસ્થાન છે ત્યાં જા !' એમ કહીને મનને પરમાત્મા તરફ વળવાનું કહે છે. વિષયોથી પાછા વળીને પરમાત્માને પામવાની મનને સૂચના આપતાં એ પરમાત્માની આછી ઓળખ પણ મનને આપવાની જરૂર છે.

અજાણ્યા સ્થળે જનાર વટેમાર્ગુને જેમ ભોમિયો એ સ્થાનની નિશાની આપીને તેને માર્ગદર્શન કરાવે છે તેમ શ્રી અવધૂત પણ એ 'મૂળ નિશાન'ની આછી ઓળખ આપીને મનને તે તરફ વળવાની સૂચના આપે

છે. એ મૂળ નિશાન કેવું છે?

'જેણે રે સંરક્ષણ કીધું ગાભમાં!'

માતાના ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જનેતાના ગર્ભમાં નવ માસ કેવી યાતના ભોગવવી પડે છે તેનો ખ્યાલ માતાના ગર્ભમાંથી બહાર નીકળ્યા પછી બાળકને રહેતો નથી. કદાચ રહે તો તેનું વર્ણન કરવાને વાણી નથી. ત્યાં પણ એ ભગવાન તેનું રક્ષણ કરે છે. એ ભગવાન કેવો દયાળુ છે? પ્રભુને ત્યાં પક્ષપાત નથી. કર્મ અને પ્રારબ્ધ એ પ્રભુનો અચૂક-અટલ નિયમ છે. જેવું કરો તેવું પામો. અને તેથી જ કર્મ અને પ્રારબ્ધના પ્રભાવે જીવ લક્ષચોરાશી યોનિઓમાં ભટકતો ફરે છે. પ્રભુને પ્રીછતો નથી. છતાંય એ દયાળુ છે, દયાનો અવતાર છે અને જીવમાત્ર ઉપર તે વણ માંગે જ દયાની વૃષ્ટિ કરે છે. પિતાના કોક સંતાનની કુમાર્ગે પ્રવૃત્તિ હોય તો પિતાની તેની એ પ્રવૃત્તિ તરફ ઘૃણાની દૃષ્ટિ હોય પણ પુત્ર તરીકે તો નિષ્પક્ષપાતપણે તેનું પાલન કરે. બીજાં સંતાનમાં અને તેનામાં જરાય ભેદભાવ ન રાખે. કુટુંબના પાલનપોષણ અને રક્ષણનો ભાર પિતાને શિર. જગત-વસુધા જેનું કુટુંબ છે. તેના પાલનપોષણ અને રક્ષણનો ભાર ભગવાનને શિર છે. અને તેથી જ સંતાન ગમે તેવાં હોય છતાંય જે પ્રભુએ જગતના રક્ષણનો ભાર પોતાને શિર લીધો છે તે ભગવાન સમદૃષ્ટિવાન છે. તેને ભજો યા ન ભજો પણ પોતાના સંતાનનું પળે પળે એ રક્ષણ કરતો જ રહે છે. બાળક જ્યાં સુધી સાનભાનયુક્ત બનીને પોતાની સંભાળ લેતું થાય ત્યાં સુધી માતા તે બાળકની—અનભિજ્ઞ અને મૂઢ બાળકની કેટલી કાળજી લે છે ? એ માતાને એ બાળક માટે અંતરમાં કેટલી ચિંતા રહે છે તે કોણ નથી જાણતું ? એ બાળક જરાય આઘુંપાછું થાય તો તેને શોધવાને એ માતા શેરીએ શેરીએ બાવરી બનીને નીકળી પડે એ કોઈ માતાને જોશો ત્યારે તમને જણાશે. પ્રભુનું પણ માતાના જેવું જ છે. અને તેથી જ

'જેણે રે સંરક્ષણ કીધું ગાભમાં'

એમ કહીને પ્રભુની દયાળુતાની પ્રથમ પિછાન મનને કરાવી છે.

માતાના ગર્ભમાં પણ અનેકવિધ સંકટોમાંથી તે જ ઉગારે છે. એ રીતે રાખણહાર તરીકે પ્રથમ તો પ્રભુને પ્રીછવા જોઈએ. એ ગર્ભને માતાના શરીરમાંથી જ પોષણ મળે છે. માતાના આહારવિહારની અસર એ ગર્ભ ઉપર થાય છે. અને તેને કારણે જે સંકટો ગર્ભવાસમાં સોસવાં પડે છે, તેમાંથી પ્રભુ જ ગર્ભનું રક્ષણ કરે છે. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતનું ગર્ભમાં કોણે રક્ષણ કર્યું? તાત્પર્ય એ છે કે જગતનું પ્રથમ કિરણ જોવા મળે તે પહેલાં અનેકવિધ સંકટોમાંથી જે પ્રભુ ઉગારે તે, તેને શરણે જતાં જન્મ્યા પછી પણ ભવસાગરમાંથી સલામત પાર કેમ ન ઉતારે? જે સર્જનહાર છે તે જ રાખણહાર છે.

એવા પ્રભુને છોડીને પ્રભુને પીછાણ્યા વિના એ મન જ્યાંત્યાં દોડી જાય છે તેને શ્રી અવધૂત કહે છે.

**'પળપળમાં જાય ક્હાં દોડી, શરણું ભગવંત તણું છોડી?'**




ભા.- ૩

મન એટલું અસ્થિર અને ચંચળ છે કે તે, જેમ વાંદર એક વૃક્ષની ડાળ પર એક ઘડી ટકતો નથી અને પળેપળે ડાળીએ ડાળીએ કૂદકા મારે છે તેમ મન પણ એક પળમાં અહીં તો બીજી પળે બીજે કશે હોય છે. ઘડીકમાં તે ધન તરફ દોડી જાય છે, ઘડીકમાં તે સ્ત્રી તરફ દોડી જાય છે, ઘડીકમાં છોકરાંઓમાં અને એમ અનેકવિધ પાર્થિવ પદાર્થના જ સંકલ્પો કરતું રહે છે. મન હમેશાં વિચારધારાનું જ શરણ લે છે. અને વિચારના તરંગો ઉપર તરંગોને વશ થતું મન ક્યાંય પણ સ્થિર થતું નથી. તેવા અસ્થિર મનને શ્રી અવધૂત કહે છે : 'સુખસાગર ભગવાનનું શરણું મૂકીને આમ તરણા જેવા વિષયો પાછળ તું ક્યાં દોટ મૂકતું ફરે છે ? વિષયો તો નાશવંત છે, જીવવું તને વહાલું છે અને તું માર્ગ તો મૃત્યુનો ગ્રહણ કરે છે ! શી રીતે જીવી જશે ! ઝેર પીનારને કોઈ દિ જીવતો જોયો છે ! અને અમૃત પીનારને કદી મૂવો સાંભળ્યો છે ? જરા વિચાર કર ! ભગવંતનું શરણ લેવાથી તું ભગવાનમાં ભળી જશે અને તારું અસ્તિત્વ પણ ભગવાન જેવું જ શાશ્વત બની જશે! તું સ્થિર થશે તો તારું ભટકવાનું નહિ રહે! ચિરશાંતિ પણ મળશે અને ત્યારે તને અશાંતિનાં સ્વપ્ન પણ નહીં આવે! વિષયોનો આશ્રય લેવાથી તો ફૂટી બદામ પણ તારા હાથમાં નહીં આવે! અને કેવળ જન્મ અને મૃત્યુના ફેરા ખાતો ખાતો થાકશે તોય તે પૂરા નહીં થાય! પણ મન મોજીલું છે. એ શિખામણ મનને ગળે નહીં ઊતરે. એ તો જશે વિષયોની દુર્ગંધમાં જ સુગંધનો અનુભવ કરવા! 'પણ મૂરખ મન ! જરા તો સમજ. વિષયોમાં શું બળ્યું છે? વિષયાનંદ લેતાં લેતાં તો તારા અનેક જન્મ ગયા, પણ એ વિષયોથી તારી તૃપ્તિ ન થઈ. વિષયોને ભોગવતાં ભોગવતાં તું જ ખવાઈ ગયો! હજીય સમજ અને ભગવાનને શરણે જા! ભગવાનનું રક્ષણ શોધ! એ શીતળ છાંયામાં તને ખરેખર વિશ્રામ મળશે અને વિષયોની પાછળ ઘેલા થવામાં તારા હાથમાં

**'આખર ના'વે ફૂટી કોડી,'**

આખરે ફૂટી કોડી પણ નહીં આવે.

'વિષયો તો વિષ જેવા છે. તને જ ભરખી જશે. ભગવાનને શરણે જા, ભક્ત બન તો ભગવાન પોતાનું સર્વસ્વ તને અર્પણ કરશે. તું ભગવાનના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરીશ, અને અંતે શાશ્વત પદનો સ્વામી બનીશ !' અને તેથી સાચું શરણ તો શ્રી ભગવાનનું છે.



પણ મનને એ સંબોધન કરવાનો શો હેતુ ? મન એ વાયુ જેવું છે. વાયુ ઘડીક પૂર્વમાં, ઘડીક પશ્ચિમમાં, ઘડીક ઉત્તરમાં અને ઘડીક

દક્ષિણમાં એમ ચારે દિશાએથી વાય છે. તેમ મન પણ ચોગરદમ ભટકતું રહે છે. જો મન ન હોય તો કશું જ નથી. મન વિનાનો માનવી દેવ છે. ના દેવથીએ અદકો છે. અને જગતવંદ્ય જે બને છે તે બધાય મન વિનાના માનવદેહધારી પરમાત્માનાં સ્વરૂપો જ છે. અને તેથી જ શબ્દના સાચા અર્થમાં સંત-મહાત્માઓ સાકાર પરમાત્મા છે એવું કહ્યું છે. મન છે તો સંસાર છે. મન છે તો વિષયો છે, મન છે તો હર્ષ અને શોક છે, મન છે તો મોહ અને મમત્વ છે, મન છે તો સુખ અને દુઃખ છે, મન છે તો શત્રુ અને મિત્ર છે, મન છે તો કામ ક્રોધાદિનું અસ્તિત્વ છે અને મન છે તો માયાનું મંડાણ છે. એક મન કેટલું દૃઢ છે, પ્રમાથિ અને બળવાન છે? અને છતાંય જેને એ મન નથી તે તો એને મગતરાં જેવું તુચ્છ પણ નથી ગણતા. અરે, એટલું જ નહીં પણ એના અસ્તિત્વનો જ ઈનકાર કરે છે. અર્જુન જેવા ભડવીરને પણ એ મન જેવા મગતરાંએ જ કાયર બનાવ્યો ! દુર્યોધન જેવાને એ મન વડે જ આપ્તજનોનો સંહાર કરવાની બુદ્ધિ સૂઝી ! દુઃશાસન જેવાને એ મન વડે જ દ્રૌપદીના ચીર ખેંચવાનું કુતૂહલ જાગ્યું! શિશુપાલ જેવાને પણ એ મનની પકડમાં જકડાઈને જ શ્રીકૃષ્ણને ગાળો ભાંડવાની મતિ સૂઝી! અરે એ મન શું ન કરે! એ જ કહેવું મુશ્કેલ છે. મનનું રામાયણ રચાય. રાવણ સીતાનું હરણ કરે, વિશ્વામિત્ર મેનકાના મોહમાં ઘેલો બને, પુરૂરવા જેવો ઉર્વશીની પાછળ સાનભાન ભૂલી રાજ્યપાટનો ત્યાગ કરી વનવગડે રઝળે! એ મન કયો અનર્થ ન કરે! અને માનવીને ક્યાં ન પછાડે એ કહી જ ન શકાય. અને તેથી જ શ્રી અવધૂતે મનને સદ્‌બોધ આપવા આ ગીતની યોજના કરી છે. ભગવાનનું શરણ લેનારને ભગવાન પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે અને અંતે શાશ્વતપદ આપે છે. અને તેથી સાચું શરણ તો શ્રી ભગવાનનું જ છે એમ કહેવામાં કશુંય ખોટું નથી.

'અલ્યા, એ પ્રભુ પળપળ તારી સંભાળ રાખે છે તેનો તો વિચાર કરી જો !'

**'અમૃત કીધું દેવો કાજે, સ્તન દૂધ ભર્યું બાળક કાજે;**
**ફળ ફૂલ અન્ન પૃથ્વી રાજે.'**

સ્વર્ગમાં અમૃતના કૂપ ભર્યા છે. દેવો એ અમૃતનું પાન કરીને જ તૃપ્ત થાય છે. અને તેથી તેમને ક્ષુધા કે તૃષા લાગતી જ નથી. સ્વર્ગ તો કેવળ ભોગભૂમિ છે. અને ત્યાં ભોગ સિવાય બીજું કશું જ નથી. ત્યાં દુન્યવી ખાનપાન હોતાં નથી અને છતાંય ભગવાને એમને માટે ત્યાં અમૃતની વ્યવસ્થા કરી રાખી છે, જેના પાનથી એમની શક્તિ અને સ્વાસ્થ્ય લાંબો વખત ટકી રહે છે. દેવોનું શરીર દિવ્ય છે. લૌકિક ખાનપાન વગર જ સ્વર્ગીય અમૃતથી જ એને પોષણ મળતું રહે છે; એટલે ભગવાને દેવો માટે અમૃત પેદા કર્યું. માનવ શરીર અન્નમય કોશ છે. અને તેથી









તેના પોષણ અને વર્ધન અર્થે અન્નની આવશ્યકતા છે. બાળક જ્યારે માતાના ગર્ભમાંથી બહાર આવે છે ત્યારે તેનું પોષણ કરવાને ધાન્ય ઉપયોગી નથી. અને તેથી માતાના સ્તનમાં બાળક જન્મતાં પહેલાં જ એ દયાળુ દેવે દૂધ ભર્યું છે. એ દૂધ ક્યાંથી આવે છે ? સ્વાભાવિક રીતે તો શરીરમાં રક્ત ભરેલું છે. એ રક્તનું દૂધ શી રીતે બને છે અને ક્યારે બને છે તે હજી તો કોઈએ બુદ્ધિગમ્ય રીતે કહેલું જાણમાં નથી, છતાંય માતાના સ્તનના દૂધથી બાળકનું શરીર પોષાય છે. આજકાલના કૃત્રિમતાથી ભરેલા સમયમાં માતાના સ્તનમાં દૂધનો અભાવ વર્તાય છે. બાળકને પૂરું પોષણ મળતું નથી અને તેના પરિણામે બાળક માટે અનેક પ્રકારના કૃત્રિમ આહારનું સંશોધન અને નિર્માણ થાય છે. પણ તે માતાના સ્તનના દૂધ જેટલું પોષણ બાળકને આપતું નથી. પરિણામે બાળક બચપણથી જ નિર્માલ્ય, નિઃસત્ત્વ અને નિરુત્સાહી બની જાય છે. અનેક પ્રકારના વ્યાધિઓનો ભંડાર બનેલો જોઈએ છીએ. પણ જવા દો એ વાતને. એનો વધુ વિસ્તાર કરવાનું આ સ્થાન નથી.

આમ પરમાત્માએ પોતાના સર્જન માટેના વાત્સલ્યભાવને માતાના સ્તનમાં દૂધરૂપે પ્રગટ કર્યું અને જન્મ પહેલાંથી જ બાળકની સંભાળ લેવા માંડી. એથી વધારે કૃપા શી હોઈ શકે? દેવોને માટે સ્વર્ગમાં અમૃતની વ્યવસ્થા કરી. મૃત્યુલોકની અપેક્ષાએ તેમને અમર બનાવ્યા. આમ બાળપણમાં માતાના દૂધની જોગવાઈ કરી, બાળક મોટું થતાં તેના પોષણ માટે પણ અનેકવિધ ફળ, ફૂલ, અન્ન વગેરેથી પૃથ્વીને ભરી દીધી અને અન્ય પશુપંખીઓની પણ વ્યવસ્થા કરી. એમ કહેતાં શ્રી અવધૂત કહે છે :

**'ફળ ફૂલ અન્ન પૃથ્વી રાજે.'**

વૃક્ષો, તેનાં પુષ્પો, તેનાં ફળ, તેનાં પાન એ પણ પ્રાણીનાં પોષણનાં સાધનો છે. અનેક પશુપંખીઓ એના ઉપર જીવન ટકાવે છે અને તેમ કરીને પોતાનું અસ્તિત્વ સાચવી રાખે છે. ક્ષુધા એ નૈસર્ગિકવૃત્તિ છે. અને તેથી એ ક્ષુધાને શાંત કરવાને ભગવાને યોજના કરીને પોતાના વિષ્ણુસ્વરૂપનું કાર્ય કર્યું છે. જો આહાર ન હોય તો પ્રજા કેમ જીવે? શરીર ઉપરાંત મન અને પ્રાણનો આધાર પણ અન્ન ઉપર છે. અન્નથી સ્થૂળ શરીર પોષાય છે. સૂક્ષ્મ મન, પ્રાણ, ઇન્દ્રિયો વગેરેનું જોમ પણ યોગ્ય આહારથી જ ટકી રહે છે. પરાર્થે જીવન જીવતાં એ વૃક્ષો પોતાનાં ફળ, પુષ્પ અને પાનથી પ્રાણીજગતને પોષણ આપીને દેવનું કૃત્ય કરે છે. ઇતર જીવોનું પણ અન્નથી પોષણ થાય છે. એ અન્ન, વૃક્ષ, ફળ, ફૂલ આદિ જાણે પૃથ્વીનાં ભૂષણ હોય તેમ પૃથ્વીને શોભાવી રહે છે. ક્ષમાની મૂર્તિસમી એ પૃથ્વી પણ અનેકવિધ યાતનાઓ સહન કરીને, અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરીને અન્ન આપી તેના દેહનું પોષણ કરે છે. એ પ્રભુની લીલા છે. જેણે જન્મ દેતાં પહેલાં જ જીવવાની જોગવાઈ

કરી તેનો પાડ વિસરનાર ખરેખર કૃતઘ્ન છે. શ્રી અવધૂતે કહ્યું :

**"ખડતૃણથી પશુને સંતોષે, કીડી કણ મણ હાથી પોષે;**
**ભજશે ના તે આખર રોશે."**






એ ભગવાન કેવો છે? મૂઢ મૂંગા પશુઓને, અરે કીડીમંકોડી જેવા અલ્પ જીવોને પણ એણે નથી વિસાર્યા! વિવિધ પ્રકારનો ઘાસચારો પેદા કરીને એણે પશુઓના પોષણની વ્યવસ્થા કરી છે. ટૂંકમાં જે પ્રકારના પ્રાણીને તેના શરીરના રક્ષણ અર્થે જે પ્રકારના આહારની આવશ્યકતા છે તે પ્રકારનો આહાર તેણે સૃષ્ટિમાં તૈયાર કર્યો છે. જેને જેટલું જોઈએ તેટલું અન્ન એ જ પ્રભુ અવ્યક્તરૂપે રહીને આપે છે. કીડીનું પેટપોષણ કણિકાથી થાય છે એટલે તેને કણ આપીને તેનું પોષણ કરે છે. કીડી પોતાને માટે કણકણ ભેગું કરીને પોતાના શરીરનો નિર્વાહ કરે છે. હાથીના શરીરના પોષણ અર્થે મણ ધાન્ય જોઈએ છે. હાથીનો માલિક હાથીને માટે મણ ધાન્ય આપે છે. હાથીને એ રીતે તેનો આહાર મળી જ રહે છે. પાળેલા હાથીની કાળજી તો તેનો રખવાળ રાખે જ છે અને તેને ગમે તેમ સમજાવીને તેને માટેનો ખોરાક તેના મોં આગળ મૂકે છે. પણ અરણ્યના હાથીઓ પણ પોતાનો આહાર ઝાડપાનમાંથી યથેચ્છ રીતે મેળવીને શરીરનું રક્ષણ કરે છે. આમ એ જગતનો પિતા પોતાનાં બાળકો અર્થે અવ્યક્ત રીતે તેમનું પોષણ કરી રહ્યો છે. એવા દયાળુ પ્રભુને ઓળખીને તેને ભજવા એ જ જીવનનું સાર્થક છે. પ્રભુને શા સારુ ભજવા? એવા એક પ્રશ્નનો આ પ્રત્યુત્તર છે. મનુષ્ય કૃતઘ્ન થાય તો તે મનુષ્ય નથી. મનુષ્ય કૃતજ્ઞ થાય તો જ તે મનુષ્ય કહેવરાવવાનો અધિકારી છે. જે હરિએ બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી તે તેના મૃત્યુપર્યંત તેની કાળજી રાખી હોય તે હરિને જો મનુષ્ય ન ભજે, તેને ન ઓળખે, તેના ઉપકારનું સ્મરણ ન રાખે તો તેના જેવો કૃતઘ્ન બીજો કોણ હોઈ શકે?

એવા દયાળુ પ્રભુને જે નથી ભજતો તે અંતસમે યમરાજનો માર ખાતો ખાતો, કરેલાં કર્મના ફળ ભોગવવાને જન્મજન્માંતરના ફેરા ખાય છે. જીવનભર જગતનું પ્રાપંચિક અને કોલાહલભર્યું જીવન વિતાવીને જ્યારે અંત સમય આવે છે ત્યારે મનુષ્યને પોતાનાં કરેલાં અનેક કાળાંધોળાં કર્મનું સ્મરણ થાય છે. અને ત્યારે એ કર્મની ભીષણતાના ખ્યાલથી, તેનાં પરિણામના વિચારથી, તેનું મન અસ્થિર બને છે. અને ત્યારે પણ તે ભાગ્યે જ ભગવાનનું સ્મરણ કરી શકે છે. અજામિલ જેવો કોક જ કોક જન્મના પુણ્યના પ્રભાવે અંતકાળે 'નારાયણ'ના નામનો પોકાર કરીને જ પ્રભુને પ્રાપ્ત કરી શકે છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**"ભજશે ના તે આખર રોશે."**

અને તેથી જ જીવન જીવતાં પણ જીવનદાતા જગદાધારનું સ્મરણ કરવાથી અંતકાળે તેની ઘડી સુધરે છે અને તેનું ઇષ્ટ પરિણામ આવ્યા વિના






રહેતું નથી. અંતકાળે હરિનું સ્મરણ કરતાં કરતાં જે પ્રાણત્યાગ કરે છે તે હરિને પ્રાપ્ત કરે છે; એવા ગીતાના બોધનો પણ અહીં સંકેત કરી, પ્રપંચમાં રહીને પણ પ્રપંચથી વિરક્ત રહી પ્રભુને ભજવાનો અહીં આદેશ કરવામાં આવ્યો છે. એ અનુસાર જીવન જીવનારને અંતસમે રોવાનો સમય આવતો નથી. પ્રભુ આગળ પણ તે હિંમત કરીને ઊભો રહી શકે છે. તાત્પર્ય એ છે કે હરસમે હરિને ભજવા અને એમ કરીને એવા અભ્યાસના પરિણામે અંતકાળ સુધારવો એ માનવનું પરમ કર્તવ્ય છે.

જુઓ એ પ્રભુની કેવી લીલા છે?

**'દિવસે પ્રગટે ભાનુદેવા, રાતે શશીતારકની સેવા;'**
**'ઋતુઓ અરપે વિધવિધ મેવા.'**

દિવસે સૂર્યરૂપે પ્રગટીને એ જ પરમાત્મા અખિલ સૃષ્ટિને પ્રકાશ, પોષણ અને સ્ફૂર્તિ આપે છે, તેથી પ્રાણીમાત્ર પોતપોતાના કાર્યમાં પ્રવૃત્તિ કરવાને શક્તિમાન થાય છે અને સૃષ્ટિનો ક્રમ ચાલુ રહે છે. સૂર્યના અભાવે અંધકારમાં જગતનો કશો જ વહેવાર ચાલી શકતો નથી; એટલું જ નહીં પણ પ્રાણીમાત્રના શરીરનો વિકાસ પણ કુંઠિત થઈ જાય છે. તેજ, અન્ન અને પાણી એ જીવના જીવનસમાં છે. એ ત્રિપુટી વિના જગતનો વિકાસ નથી. અને તેમાં પણ તેજ એ સર્વાર્થે આવશ્યક છે. અને તેથી જ સૂર્યરૂપે દિવસે એ જ પરમદેવ પ્રકાશે છે. સૂર્યના તાપથી અનેકવિધ રોગની શાંતિ થાય છે. એ જ સૂર્યના તાપના પરિણામે પૃથ્વીનો ભેજ વરાળરૂપે અંતરિક્ષમાં થઈ પાછો વાદળાં રૂપે વર્ષાઋતુમાં પૃથ્વીને ભીંજવી અન્ન પકવે છે. એ જ અન્ન પ્રાણીમાત્રનું જીવન છે અને તેથી સૂર્ય એ જ જીવન છે એમ કહેવું અયોગ્ય નથી. આપણી આંખ પણ એ જ સૂર્યના તેજથી જોઈ શકે છે. આમ એ જગતના આત્મા સૂર્યનો આપણા પર કેટલો ઉપકાર છે ?

પણ એ જ સૂર્યના તેજ અને ગરમીમાં અખંડ રહેવાનું હોય તો સૃષ્ટિ બળીજળી ઊઠે. માટે એ દયાળુ પ્રભુએ રાતે આપણે માટે શીતળ ચંદ્ર અને તારાની સેવા નિર્માણ કરી છે.

ચંદ્રના અમી વડે વનસ્પતિજગતને પોષણ મળે છે, ચંદ્રના અમી વડે જગતને શીતળતા મળે છે અને ચંદ્રના એ જ અમી વડે સૂર્યના પ્રખર તાપથી તપતા માનવી અને ઈતર પ્રાણીઓને પણ શાંતિ વળે છે. એ પણ પ્રભુનાં સ્વરૂપ જ છે કારણકે એક હોવા છતાં અનેકધા પ્રકાશતા એ પરમતત્ત્વનું અસ્તિત્વ ક્યાં નથી એ જ પ્રશ્ન છે. વ્યાપક પરમાત્માની પ્રભા વિના કોઈપણ પ્રભાવિત થઈ શકતું નથી. એ સત્ય જો આપણે સ્વીકારીએ તો સૂર્ય, ચંદ્ર અને તારાઓ પણ પ્રભુના પ્રકાશ વડે જ પોતાનો પ્રકાશ પ્રસારીને જગતને પ્રકાશિત કરે છે. શ્રી ભગવાને પણ

'પ્રભાઽસ્મિ શશીસૂર્યયોઃ'

એ પ્રમાણે કહ્યું છે. વળી

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥

''સૂર્યમાં રહેલું જે તેજ સમગ્ર જગતને પ્રકાશિત કરે છે અને જે તેજ ચંદ્રમાં અને અગ્નિમાં છે તે તેજને તું મારું તેજ જાણ.'' એવું શ્રી ભગવાને વચન કહ્યું છે. અને ઉપનિષદો પણ એ જ વાતનું સમર્થન કરે છે. મનુષ્ય પોતાના જીવનને નભાવવાને, પોતાના જીવનનો વિકાસ સાધવાને અને પોતાના દેહના રક્ષણ અર્થે આવશ્યક બધાં જ તત્ત્વો અજાણપણે પ્રકૃતિમાંથી મેળવે છે અને તેમાં સૂર્ય, ચંદ્ર અને તારાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ રીતે ભિન્નભિન્ન સ્વરૂપે કેવળ પરમાત્મા જ જગતનો રાખણહાર છે એ નિઃશંક છે.

એ જ પરમાત્મા જુદી જુદી ઋતુઓમાં અનેક પ્રકારના ફળ-ફૂલ આપે છે. આપણે જોઈએ છીએ કે વર્ષની છએ ઋતુઓમાં આવશ્યકતા પ્રમાણે આપણને વિધવિધ ભાતનાં ફળ, ફૂલ અને મેવાઓ મળે છે અને આપણે શરીરની પુષ્ટિ અર્થે તેનો ઉપયોગ કરીએ છીએ. અરણ્યમાં પ્રભુપરાયણ તેના નામના જપ જપતા સંતમહંતો એ વૃક્ષના અનેકવિધ પોષકપુષ્પો, ફળો અને કંદમૂળોથી પોતાનો જીવનનિર્વાહ નભાવે છે અને ઝરણાનાં નિર્મળ નીરનું પાન કરીને પોતાની તૃષાને તૃપ્ત કરે છે. અને એમ કરીને ક્ષુધાતૃષાનિવૃત્ત ભગવાનના ભજનમાં જ પોતાનું જીવન વ્યતીત કરે છે.

આમ પ્રભુની નિસર્ગલીલા વર્ણવતાં શ્રી અવધૂત આગળ શું કહે છે ?

**''સાગરમાં ભરતી લાવે છે, વાદળથી જળ વરસાવે;**
**આકાશે ચાપ ચઢાવે છે.''**

સમુદ્રમાં થતી ભરતી અને ઓટ, વાદળાંમાંથી થતી વૃષ્ટિ, ચોમાસામાં આકાશમાં જણાતું મેઘધનુષ, એ બધી જ પ્રભુના પ્રતિબિંબસમી નિસર્ગની અકલ્પ્યકળા છે. જગતના ભોળા લોકો ચમત્કારને નમસ્કાર કરીને ઠગોના હાથમાં ઠગાય છે. પણ નિસર્ગના આ ચમત્કારો કાંઈ જેવા તેવા છે ? રોજબરોજ એ જોવા છતાંય એના મૂળને પીછવાનો, એ પરમદયાળુ પ્રભુના ચરણમાં લીન થવાનો આપણને વિચાર સરખોય આવે છે? એ ઉપકારશ્રેણીનું સ્મરણ થાય છે કો હિ? કેટલી કૃતઘ્નતા છે આ!! આ બધાય અલૌકિક પરિવર્તનની પાછળ રહેલી દિવ્યશક્તિ તે પરમાત્માની જ શક્તિ છે. માનવોથી શું બની શકે ? નિસર્ગને કાબૂમાં લેવા અનેક વૈજ્ઞાનિકો શોધો કરી રહ્યા છે પણ વખત આવતાં એ નિસર્ગ એના ઉપર ચઢી બેસે છે. શક્તિ બધી પરમાત્માની છે માટે એનું શરણ જ શ્રેય છે.

શ્રી અવધૂત આગળ શું કહે છે ?

**''લખ ચોરાશી જાતિ કીધી; કળ કર્મ તણે હસ્તક દીધી;**
**વિધવિધતામાં ન કમી કીધી.''**

અને પ્રભુની સૃષ્ટિ તો જુઓ! એમાં કેટલા બધા પ્રકારના પ્રાણીપદાર્થો છે ! શાસ્ત્રોએ એની ચોરાસી લાખ યોનિ વર્ણવી છે. પરસેવામાંથી ઉત્પન્ન થતી જૂ, માકણ જેવી સ્વેદજ, ઈંડામાંથી ઉત્પન્ન થતી પંખીઓ જેવી લાખો અંડજ, પૃથ્વીના પેટાળને ચીરીને બહાર નીકળતી વૃક્ષ, વનસ્પતિ જેવી લાખો ઉદ્‌ભિજ્જ અને ગર્ભમાંથી જન્મતી મનુષ્ય, પશુ જેવી લાખો જરાયુજ. આમ મૂળમાં સર્વને સમાનભાવે સર્જીને તેની ઉત્ક્રાંતિની કળ પ્રભુએ તેના હાથમાં સોંપી છે. પોતાની પાસે રાખી નથી. કેટલી બધી ઉદારતા છે આ? જે જેવાં કર્મ કરે તે તેવો થાય! આજ વાત શ્રી અવધૂતે સુંદર રીતે મૂકી છે :

**'ફળ કર્મ તણે હસ્તક દીધી'**

એમ કહીને

कर्मणा जायते जन्तुः ।

એ શાસ્ત્રનો અટળ નિયમ છે તેનું પ્રતિપાદન કર્યું છે. જેવું કરો તેવું પામો. ખૂન કરનારને ફાંસી મળે, એ તેના કર્મનું પરિણામ છે. જન્મ અને મૃત્યુ એ પણ કર્મનું પરિણામ છે. સુખ અને દુઃખ એ કર્મનું પરિણામ છે. જેવાં કર્મ કરીએ તેવું પ્રારબ્ધ સરજાય છે અને પ્રારબ્ધ અનુસાર ફળ પણ મળે છે. પ્રભુ તો માત્ર ફળનો નિયામક જ છે. લખચોરાશી યોનિની પ્રાપ્તિ એ કર્મને જ આધીન છે.

'कर्माधीनं जगत्सर्वम्'

એવું પણ એક શાસ્ત્રવચન છે. અને તે ન્યાયે પણ કર્મને આધીન સમસ્ત સર્જન છે એ એક સિદ્ધાંત છે. જો કર્મ નથી તો જન્મ નથી. અને જન્મના અભાવે ઊંચનીચ યોનિ પણ નથી. દૈવનો એ નિયમ જેટલો અટલ છે તેટલો જ અભંગ પણ છે. એવા અભંગ નિયમ કરીને પ્રભુએ એક વાત સમજાવી છે. પ્રભુ નિષ્કર્મ છે. સર્જન એ તેનો કેવળ લીલાવિહાર છે. એટલે પ્રભુ કોઈનો જન્મદાતા નથી, કોઈનો મૃત્યુદાતા નથી, કોઈને સુખ કે દુઃખ દેતો નથી. પણ જે કાંઈ છે તે બધું કેવળ કર્મનું જ ફળ છે. ભલભલા પીર-પેગંબરો કે અવતારી પુરુષો પણ કર્મના ચાબખામાંથી છટકી શકતા નથી.

વળી જગતમાં વિવિધતા પણ કેવી ને કેટલી ? કેટલી જાતનાં ફળો ? રૂપ, રંગ, આકાર, સ્વાદ એમ કેટકેટલી વિવિધતા એમાં ભરી પડી છે ? જુદાં જુદાં વૃક્ષો. તેનાં પાન, છાલ, મૂળ, ડાળ વગેરેમાં કેટલી બધી ચિત્રવિચિત્રતા ? કેટલાં બધાં પશુપંખીઓ ! તેમનાં રૂપ, ગુણ, આકૃતિઓ કેટલી હેરત પમાડે તેવી ભિન્નભિન્ન કેટકેટલાં મનુષ્યો ! તેમનાં રૂપ, રંગ, સ્વભાવમાં કેટલું નાવિન્યપૂર્ણ વૈચિત્ર્ય ! પહાડો, જંગલો, નદીઓ - એમાં પણ કેટકેટલી વિપુલ શોભા ! બધા એક જ સાંચાનાં રમકડાં હોય તો વધારે વાર સામું જોવુંયે ન ગમે. એક જેવું બીજું નહીં ! અને તેથી

જ તો એ જોવામાં રસ રહે છે. પણ એવું એવું અવનવું એકમાં જ છે. પણ મન એવા હરિને ક્યાં પકડી શકે ? એને ક્યાં શોધે ? જવાબ છે.

**"જે ઘટઘટ માંહી બોલે છે, બાજીગર અળગો ખેલે છે;"**
**"જે જાણે તે રંગ રેલે છે."**

શ્રી અવધૂત કહે છે 'એ હરિ ઘટઘટવ્યાપી છે; એ હરિ પ્રાણી માત્રના હૈયામાં આત્મસ્વરૂપે રહેલો છે અને એની શક્તિ વડે જ સરજન શક્તિશાળી છે. 'હું છું' 'હું છું' એવો એનો બોલ પ્રાણી માત્રના શ્વાસેશ્વાસે નીકળે છે પણ કોક વિરલો જ એ બોલને શ્રવણ કરી શકે છે. જ્યાં સુધી શ્રવણમાં મન છે ત્યાં સુધી તે કાન પ્રાપંચિક ધ્વનિ જ સાંભળશે. પ્રાપંચિક ધ્વનિયુક્ત શ્રવણ એ 'हसः सोऽहम्'નો અખંડનાદ શ્રવણ કરી શકશે અને તે શ્રવણ કરીને કૃતાર્થ થશે. અને એ...એ...પ્રભુ તો મહાન જાદુગર છે. સરજન બધું એની જાદુગીરીનો ખેલ છે. એની જાદુગીરી કોઈથી કળી શકાતી નથી. એની જાદુગીરી એટલે એની દૈવીમાયા. એ મહાન માયાને મોખરે ધરીને એ તો એ જાદુગીરીથી અળગો જ રહે છે. અને તેથી જાદુગીરીમાં મોહ પામેલું મન જાદુગરને જોઈ શકતું નથી. માયામાં લપટાયેલું મન માયાધીશને ઓળખી શકતું નથી. જાદુગર અને જાદુગીરીનો ખેલ એ બે વસ્તુ જુદી છે. આપણે જાદુગરને નથી જોતા તેના ખેલને જોઈએ છીએ. અને તેથી જાદુગરને ઓળખી શકતા નથી. અને તેથી જ માયાધીશ જાદુગરની ઓળખના અભાવે આપણે કર્મના બંધનમાં જકડાતા જઈએ છીએ. અને અહીંતહીં ફાંફાં મારીએ છીએ. પણ કોક વિરલો જ્યારે એ માયાનું રહસ્ય સમજી તેની પકડમાંથી છટકીને, જાદુગીરીમાંથી મુક્ત બનીને જાદુગર-માયાધીશને પકડે છે ત્યારે જ તે દિવ્ય આનંદ લૂંટે છે.

સંક્ષેપમાં કુદરતનું સાચું નિરીક્ષણ કરનારને એ પ્રકૃતિમાં જ પ્રભુનો પ્રભાવ અને તેની પ્રભુતાના ખરાં દર્શન થાય છે. દ્વૈત દ્વારા જ અદ્વૈતની પ્રાપ્તિ પણ કરી શકાય છે. માનવશક્તિની બહારના નિસર્ગના અનેકવિધ પરિવર્તનો જે શક્તિ દ્વારા થાય છે અને થતાં આવ્યાં છે તે અનન્ત-શક્તિ જ પરમતત્ત્વ છે; તે જ મૂળ નિશાન છે. અને તેથી જગતનું સ્થૂળ-સ્વરૂપ જોવાને બદલે આપણે એનું તાત્ત્વિક સ્વરૂપ નિરખવાની મહેનત કરીએ તો આપણને પરમતત્ત્વનો પરમાનંદ પ્રાપ્ત થાય. તે પ્રાપ્ત કરવા માટે ઉપર બતાવેલા પરમાત્માનાં નિસર્ગનાં કાર્યોનો વિચાર કરવાની અને મનને તેમાં પરોવી, તે કાર્યો દ્વારા એ કાર્ય કરનારને પ્રાપ્ત કરવાની અહીં શ્રી અવધૂતે સૂચના કરી છે. જ્યારે આપણે ઘડો જોઈએ અને તેની કારીગીરી અને ઉપયોગિતાનો વિચાર કરીએ ત્યારે તેના બનાવનારનો સહેજે ખ્યાલ આવે છે. એ ઘટ રૂપે પ્રતિબિંબિત તેનો બનાવનાર કુંભાર વિચારદૃષ્ટિએ નજરે પડશે. એ જ રીતે સરજન સમગ્ર તેના શિલ્પી

સરજનહાર પરમાત્માનું પ્રતિબિંબ છે. અને બિંબપ્રતિબિંબની એકતાને ન્યાયે પરમાત્મસ્વરૂપ છે. નામરૂપને લીધે સુવર્ણથી પૃથક્ જણાતા ભિન્નભિન્ન અલંકારો એ નામરૂપનું મિથ્યાત્વ સમજાતાં અભિન્ન સુવર્ણ જ છે એવી પ્રતીતિ થાય છે. તેવી જ રીતે જ્યારે આપણે કુદરત અને તેની વિવિધ ચેષ્ટાઓનું સૂક્ષ્મ અવલોકન અને વિચાર કરીએ ત્યારે એ ભિન્નાભિન્ન નામરૂપ અને ક્રિયાના લેબાસમાં ઝળકતા સરજનની પાછળ એક જ શક્તિ કામ કરતી જણાય છે જે એ બધાથી અસ્પૃષ્ટ અને અભેદ્ય છે. એ મૂળ શક્તિ અને સૌંદર્યનો અખૂટ ઝરો તે જ પરમતત્ત્વ છે, તે જ પરમાત્મા છે, તે જ મનુષ્યમાત્રનું અને સરજનમાત્રનું સત્યસ્વરૂપ છે.

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यांजगत् ।

''જે કાંઈ સ્થાવર જંગમ જગત છે તે બધું એ પરમતત્ત્વથી જ સભર ભર્યું છે.'' એ ઈશાવાસ્યોપનિષદના કથનનું રહસ્ય પણ આ જ છે. પણ જ્યાં સુધી નામ, રૂપ કે ક્રિયા તરફ દૃષ્ટિ છે ત્યાં સુધી અનેકત્વ કે ભિન્નત્વની ભ્રાંતિ જતી નથી. અને કાષ્ઠમાં અગ્નિની માફક નામરૂપમાં લપાયેલા એ તેજઃપુંજ પરમાત્માની ઝાંખી થતી નથી. એને માટે હૃદયમંથન એ એક જ ઈલાજ છે. એવું

'વળ મૂળ નિશાન'

કહીને શ્રી અવધૂતે સૂચવ્યું છે. એ મૂળ નિશાનનો વેધ થાય ત્યારે વેધક, વેધન અને વિદ્ધ, સાધક, સાધ્ય અને સાધનની ત્રિપુટીનો લય થઈ સઘળે એક અદ્વિતીય આનંદસ્વરૂપ પરમતત્ત્વ જ પ્રકાશે છે. વિલસી રહે છે. અસ્તુ.

(૫૦)

વાણી માંહી શૂરા રે, વળો નિજ મૂળ ભણી;
પાખંડમાં પૂરા રે, પળો સત્પંથ ભણી.–ટેક






કા કા કરે રે કાક અતિશે, સોહં હંસ અવાક્;
ખાલી ગર્જે મેઘ શરદમાં, નિઃસ્વન વર્ષે દ્રાક્;
જાણ્યું કહે ના જાણે રે, ન્યારી રીત જ્ઞાની તણી.–વાણી.(૧)
ભરાયે મોઢું બંધજ થાયે, અધૂરો કરે અવાજ;
ચિત્રની સેનાથી જુદ્ધ ન થાએ, એ તો જોવા માતર સાજ;
ચલચ્ચિત્ર જેવાં રે, જોવા થાએ ગિરદી ઘણી.–વાણી.(૨)
ખોટા જગતમાં ખોટું પૂજાએ, સત્ય ભગવંતને ત્યાંય;
વેશ્યાવાડામાં જો સતી જાએ તો, ખત્તા બાવન ખાય;
સાનમાં સમજાવે રે, રીતી એ તો સંત તણી.–વાણી.(૩)
નાટકી રાજા જો રણે ચઢે તો, ભેલ એનેરો થાય;
પાખંડી પ્રસંગ આવી પડતાં, આપ ઉઘાડો થાય;
સૂરજ કેમ છીપે રે, છાયા મહીં વાદળની ?–વાણી.(૪)
કામાદિ શત્રુને નિઃશેષ મારે, તેજ પામે પરિબ્રહ્મ;
રાજા કહાવે ને પેટ નચાવે, એવો અજ્ઞાનીનો ભ્રમ;
રંગ જોઈ રાચે રે, દોરે જગ ભાંડ ભણી !–વાણી.(૫)

✳

જે વાણીમાં શૂરા છે તેને અહીં પોતાના મૂળ ભણી વળવાનો શ્રી અવધૂત આદેશ આપે છે. જ્યાં સુધી વાણીનું ક્ષેત્ર છે ત્યાં સુધી આત્મતત્ત્વનો પાર પમાતો નથી. જ્યાં વાણી વિરામ પામે છે ત્યાં જ પરમતત્ત્વ પ્રાપ્ત થાય છે. વાણી એટલે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. એ ચારે વાણીના ક્ષેત્રને પાર કરીને જે પરાતીત બની જાય છે તેને જ પરમતત્ત્વનો પત્તો લાગે છે અને તે જ પરમતત્ત્વનો પાર પામે છે. જે વાણીમાં શૂરા છે, જે પોથીપંડિતો છે તેનો ક્યાંય પત્તો લાગતો નથી. અને તેથી વાણીના એ અસ્ખલિત પ્રવાહને અવરોધીને વાણીના મૂળ "મૌન"માં જ પરમતત્ત્વને પ્રાપ્ત કરવાની શ્રી અવધૂતે અહીં સૂચના આપી છે.

વાણી એ જેમ પરમતત્ત્વની પ્રાપ્તિમાં અવરોધક છે તેમ પાખંડ, દંભ, ઢોંગ કે બગભક્તિ પણ પરમતત્ત્વની પ્રાપ્તિમાં અવરોધક છે. અને તેથી,

**"પાખંડમાં પૂરા રે, વળો સત્પંથ ભણી;"**

એવું કહીને શ્રી અવધૂત પાખંડનો ત્યાગ કરીને પરમાર્થપંથે પ્રયાણ કરવાનો આદેશ કરે છે. જ્યાં સુધી પ્રપંચ છે, પ્રપંચમાં મનુષ્ય રચ્યોપચ્યો

રહે છે ત્યાં સુધી તેને પરમાર્થનો માર્ગ મળતો નથી અને તે માર્ગે જવાનું મન પણ થતું નથી. જ્યાં સુધી પાખંડ છે, પાખંડમાં પ્રવૃત્તિ છે ત્યાં સુધી પ્રભુદર્શન થવાનો સંભવ નથી. અને જ્યાં સુધી પ્રભુદર્શન થતાં નથી ત્યાં સુધી આત્માનો ઉદ્ધાર થતો નથી. આત્મોદ્ધાર અર્થે પાખંડનો ત્યાગ કરી, પરમાર્થપંથે વળવું એ જ એક સન્માર્ગ છે અને તેથી તેવા સત્પંથે જવાનો શ્રી અવધૂતે જિજ્ઞાસુને આદેશ કર્યો છે.

જે વાણીશૂરા છે તેના વાણીવિલાસનો વિચાર કરતાં હવે શ્રી અવધૂત કહે છે :

**'કા કા કરે રે કાક અતિશે'**

જે કાગડો છે તે જ અતિશે કા કા અને શોરબકોર કરે છે. કાગડાના એ શોરબકોરથી કાયમનું કોઈ જ છેતરાતું નથી અને કોઈને એનું આકર્ષણ પણ થતું નથી. તે જ રીતે જે કેવળ વાણીશૂરા છે, જે કેવળ પરોપદેશે પાંડિત્યમાં પાવરધા છે અને "કથની જેવી કરણી" કરતા નથી તેની વાણીનો લેશમાત્ર પણ પ્રભાવ પડતો નથી. અને તેથી શ્રોતાઓને આકર્ષણ પણ થતું નથી. એવા કાગડા પેરે કાકા કરનારા વક્તાઓ ભલે પોથી વાંચીને પંડિત કહેવાય પણ પરમાર્થમાં તેની પ્રવૃત્તિ શૂન્યવત્ છે. અને તેથી નથી આત્મકલ્યાણ થતું કે નથી પરકલ્યાણ થતું. કદાચ બે પૈસા કે બે દિવસની નામના ભલે મળે અને તેથી એવા વાણીશૂરાને સન્માર્ગે





**દેહતરંગ ન ઊઠે દિલમેં, દિસે ન આતમજ્યોતિ;**
**મન મારુત મિસ જાય મૂસમેં, ગ્રહે રંગ જમચોટી ! !**

વાળવાને શ્રી અવધૂતે અહીં

'વળો નિજ મૂળ ભણી'

એમ કહીને બોધ કર્યો છે.

એવા વાણીશૂરાઓની આવી દશા છે ત્યારે

'સોહં હંસ અવાક્'

જે આત્મા તરફ પ્રગતિ કરે છે, જેણે આત્મતત્ત્વને પ્રીછયું છે અને આત્મતત્ત્વમાં જેને રતિ છે તેવા હંસ જેવા છે. હંસનો નાદ ભાગ્યે જ શ્રવણ કરવાનો મળે છે. અને હંસ તો મૂક છે. તેને મૌનમાં જ મોજ છે. આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે પણ મૌન જ આવશ્યક છે. જ્યાં સુધી વાણી અને ઇન્દ્રિયોની ચંચળતા છે, તે તરફ મનનું વલણ છે ત્યાં સુધી આત્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી અને તેથી હંસ પેરે મૌન રાખીને ખપ કરતાં વધારે વાણીનો દુર્વ્યય ન કરતાં પરમતત્ત્વમાં તલ્લીન બનવાનું શ્રી અવધૂત સૂચવે છે.

બે સ્થિતિ છે. એક વાણીશૂરાની અને બીજી વર્તનનિષ્ઠની. વાણીશૂરા આત્મલાભ કરી શકતા નથી. મૌની-વર્તનનિષ્ઠ આત્મલાભ કરીને વિરામ પામે છે. શ્રી અવધૂતે સાધક આગળ સાધન તરીકે એ ઉભય માર્ગ મૂક્યા છે. સાધકને વાણીશૂરા બનીને આત્મલાભથી વંચિત રહેવાનું છે અને મૌની-વર્તનનિષ્ઠ બનીને આત્મોપલબ્ધિ કરી ભવના ફેરામાંથી મુક્ત થવાનું છે. એકમાં બંધન છે બીજામાં મુક્તિ છે.

એ જ વાતના દૃષ્ટાંત રૂપે શ્રી અવધૂત કહે છે :

"ખાલી ગર્જે મેઘ શરદમાં, નિઃસ્વન વર્ષે દ્રાક્;'

આ દૃષ્ટાંત અનુભવગમ્ય છે. શરદનાં વાદળાં ગાજવીજ કરે, ધૂમધડાકા કરે પણ ભાગ્યે જ ચાર ટીપાં વરસે છે. જ્યારે આષાડ-શ્રાવણના મેઘાડંબર ગાજવીજ વિના પણ મુશળધાર વરસે છે. તે જ રીતે જે કેવળ વાણીશૂરા છે જે ખૂબ જ ગર્જે છે. તે શરદનાં વાદળાં જેવા છે અને જે મૌની છે તે ગાજવીજ વિનાનાં મૂંગાંમૂંગાં વરસતાં અને મુશળધાર પાણી રેડતાં વાદળાં જેવા છે.

આ દૃષ્ટાંતમાં એક જ્ઞાની છે, બીજો અજ્ઞાની છે. એક બાહ્યાડંબરપ્રિય છે અને બીજો કેવળ નિસર્ગમાં નિર્દંભ બનીને જીવન વ્યતીત કરનારો છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"જાણ્યું કહે ના જાણે રે, ન્યારી રીત જ્ઞાની તણી."

જે 'હું પરમાત્માને જાણું છું, એમ કેવળ વૈખરીની વાતો જ કરે તે પરમાત્મા વિષે કશું જ જાણતો હોતો નથી. પણ જે જ્ઞાની છે તે પરમાત્માને જાણવા છતાંય કેવળ મૌનમાં જ મોજ માણે છે. અને તેથી તેની રીતે ન્યારી છે. જે કૂતરાં ભસે છે તે ભાગ્યે જ કરડતાં હોય છે, પણ જે ભસતાં નથી તે મૂંગાં મૂંગાં આવીને ક્યારે કરડશે તે કહી શકાતું






નથી. તાત્પર્ય એ છે કે બોલ્યા કરતાં આચાર કરવો એ જ આત્મોપલબ્ધિ અર્થે શ્રેયસ્કર છે. જે જાણે છે તે મૂંગો છે. જે નથી જાણતો તે જ લવરી કરે છે કારણ કે તે જ્ઞાનના અહંકારથી ભરેલો છે અને એ અહંકારને વ્યક્ત કરવાને જ્યાંત્યાં શરદનાં વાદળ પેરે ગરજતો રહે છે. જે ઘડો ખાલી છે તે જ છલકાય છે. જે ઘટ જળથી પૂર્ણ છે તે છલકાતો નથી. મૌનમાં ગાંભીર્ય છે, વાણીવિલાસમાં આછકલાપણું છે. અને તેથી વાણીવિલાસનો ત્યાગ કરીને કેવળ મૌનસેવન તરફ જ અહીં શ્રી અવધૂતે સંકેત કર્યો છે, અને આગ્રહ પણ કર્યો છે.

એ જ વાતની પુષ્ટિમાં આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ભરાયે મોઢું બંધજ થાએ, અધૂરો કરે અવાજ;"**

**"ચિત્રની સેનાથી જુદ્ધ ન થાએ, એ તો જોવા માતર સાજ;"**

એક વાત છે કે જેનું મુખ ખાલી છે તે જ બકવાદ કરે છે. જેનું મુખ ભરાયું હોય તે ભરાય એટલે બંધ જ થાય છે. આપણે ભોજન કરવા બેસીએ છીએ ત્યારે આ દૃષ્ટાંતનો અનુભવ કરી શકીએ છીએ. "લોટ ખાવો અને ભસવું બે સાથે થતાં નથી" એવી એક કહેવત પણ આ વાતને અનુમોદન આપે છે. જ્યાં સુધી મુખ અન્નથી ભર્યું હોય ત્યાં સુધી આપણે એક શબ્દનો પણ ઉચ્ચાર કરી શકતા નથી. બોલવાની ઇચ્છા હોય તોપણ બોલી શકતા નથી. પણ જ્યારે મુખમાં અન્ન ન હોય ત્યારે જ કાંઈક બોલી શકીએ છીએ. તે જ રીતે જ્યાં સુધી મનુષ્ય અજ્ઞાનના ક્ષેત્રમાં અટવાતો હોય ત્યાં સુધી જ તે વાચારંભણ કરે છે. જ્યારે જ્ઞાનના ક્ષેત્રમાં તેનો પ્રવેશ થાય છે ત્યારે તેનું વાચારંભણ વિરામ પામે છે કારણકે આત્મતત્ત્વ વાચારંભણનો વિષય નથી.

અધૂરા ઘડાનું બીજું દૃષ્ટાંત શ્રી અવધૂતે આપ્યું છે. ખાલી ઘડો હોય તે જ વાગે છે. અન્નથી કે પાણીથી ભરેલો ઘડો તેના પર ટકોરા મારો તોય અવાજ કરતો નથી. આપણે કુંભારને ત્યાં ઘડો ખરીદવા જઈએ ત્યારે આ વાતનો અનુભવ કરીએ છીએ. કુંભારને ત્યાં જ્યારે ઘડો જોઈએ છીએ ત્યારે તેને ટકોરા મારીએ છીએ અને મઝાનો તીણો અવાજ આવે ત્યારે જ આપણે ખરીદ કરીએ છીએ. એ જ ઘડો આપણે પાણીથી ભરી લઈએ અને તેના પર ટકોરા કરીએ ત્યારે તેનો અવાજ થતો નથી.

એ જ રીતે જ્ઞાની અને અજ્ઞાની તુલના કરવાનો અહીં સંકેત કર્યો છે. જે જ્ઞાની છે તે ભરેલા ઘટ જેવો છે. અજ્ઞાની છે તે ખાલી કુંભ જેવો છે. જે પૂર્ણ છે તે જ પ્રાપ્તિનો આનંદ અનુભવે છે. જે અપૂર્ણ છે તે કેવળ દંભમાં જ ગોથાં ખાય છે.

એ જ વાતની પુષ્ટિમાં બીજું દૃષ્ટાંત આપતાં શ્રી અવધૂત કહે છે :



**"ચિત્રની સેનાથી જુદ્ધ ન થાએ; એ તો જોવા માતર સાજ;"**

યુદ્ધ લડવું હોય તો સૈન્ય જોઈએ. સૈન્ય વિના યુદ્ધ ન થાય. દીવાલ




ઉપર ચીતરેલા સૈન્યથી જો યુદ્ધ કરવા જાય તો તેનો ક્યાંય પત્તો ન લાગે, કેમકે એ સૈન્ય તો કેવળ જોવા માત્રનું જ છે. એ સૈન્યનો યુદ્ધક્ષેત્રમાં ઉપયોગ થઈ શકતો નથી. જે જ્ઞાની છે તે વાસ્તવિક સૈન્ય જેવો બળવાન છે અને જે અજ્ઞાની છે તે ચિત્રના સૈન્ય જેવો નિ:સત્ત્વ છે. અને તેથી તેવી ભ્રમણાનો ત્યાગ કરવાનો અહીં અનુરોધ કરવામાં આવ્યો છે.

અને એવા જે વાણીશૂરા છે, જેને આત્મતત્ત્વનું ભાન નથી, છતાંય આત્મા, પરમાત્મા, બ્રહ્મ, નિર્વાણ, ધર્મ, આદિ વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનો કરે છે તે ભાષણોની અને તેના કરનારની કિંમત કેવી છે તેનો વિચાર કરતાં શ્રી અવધૂત કહે છે :

**"ચલચ્ચિત્ર જેવાં રે, જોવા થાએ ગિરદી ઘણી;"**

એવા વક્તાઓનાં પ્રવચનો સાંભળવા, તમાસાનો જેને શોખ હોય તેવા, જેમ સિનેમા જોવા જઈને ગિરદી કરે છે તેમ, ઘણાય માણસો ભેળાં થાય છે અને ગિરદી કરે છે અને તાત્પર્યે, જેમ સિનેમાની ફિલ્મ જોઈને બહાર નીકળ્યા પછી તે દર્શનની કાંઈ અસર રહેતી નથી તેમ, એવા ભાષણની અંત:કરણ ઉપર કાંઈ પણ કાયમની અસર થતી નથી અને વક્તાનું વક્તવ્ય વ્યર્થ થાય છે. જ્યાં સુધી વક્તવ્ય અંતર ઉપર અસર ન કરે ત્યાં સુધી અને તેના સંસ્કાર અંતર ઉપર ન આલેખાય ત્યાં સુધી એ કેવળ તમાસો જ છે અને તેની કશી જ કિંમત નથી. જે જ્ઞાની છે તે બોલતો નથી. જેમ કોયલ વનવગડે વસંતમાં ટહુકે તેમ ક્વચિત્ શબ્દ બે શબ્દ બોલે તો તેનું પરિણામ સાંભળનારના અંતર ઉપર સચોટ થાય છે. તેના અંતરના તારને ઝણઝણાવી દે છે અને તેનું પરિણામ પણ ચિરસ્થાયી હોય છે. એ ચલચ્ચિત્રનાં દૃશ્યો દીવાલ પર ચિત્રેલા સૈન્ય જેવાં નકામાં છે તેવું જ વાણીશૂરાનું વચન પણ અર્થહીન છે.

એ જ વાતના સમર્થનમાં આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ખોટા જગતમાં ખોટું પૂજાએ, સત્ય ભગવંતને ત્યાંય;"**

જગત ખોટું છે. જગતની અસારતા, ભાસમાત્રતા વગેરેનો વિસ્તૃત વિચાર આપણે આગળ કર્યો છે. જે જગત ખોટું છે, જેનું અસ્તિત્વ જ નથી તેમાં સત્યની કલ્પના કરવી એ મિથ્યા છે. અસત્ કોઈ પણ કાળે સત્ થઈ શકતું જ નથી, અને જે સત્ છે તે ત્રણે કાળમાં સત્સ્વરૂપે જ રહે છે. એવા જૂઠા જગતમાં તો જૂઠાની – નકલીની જ પૂજા થાય છે. છાણના દેવને તો કપાસિયાની આંખો જ હોય છે, તેમ જગત જે સત્ય જણાય છે તે માત્ર ભ્રમણા છે. એવા ભ્રમણાત્મક જગતમાં તો બધું ભ્રમણાત્મક જ હોય છે. અને તેથી જ જગતમાં પાખંડ પુજાય છે. સત્ય છે તેની કિંમત તો ભગવાનને ત્યાં જ અંકાય છે. જે વાણીશૂરા છે, કેવળ દંભી બનીને જ જગતને ઠગવાના ધંધા કરે છે તે એવા ખોટા જગતમાં જ પુજાય છે. પ્રભુને ત્યાં ઊભા રહેવાની પણ તેને માટે જગ્યા





નથી. જે નિર્દંભ છે, જે આત્મજ્ઞાની છે તેની કિંમત જગત ભાગ્યે જ કરે છે. કારણકે જગતને તેનો અનુભવ નથી અને પોતાના આત્મવૈભવનું તે જગત આગળ પ્રદર્શન કરતો નથી. જગતને તેની કલ્પના નથી. ઓપ ચઢાવેલા અલંકારો થોડો વખત ચળકાટ મારીને ઝાંખા પડી જાય છે. બનાવટી મોતી, હીરા, માણેક અને ઝવેરાત, સાચા મોતી અને ઝવેરાત આગળ ઝાંખાં પડી જાય છે. દંભનું જ્યાં પૂજન થાય છે ત્યાં જે સાચો જ્ઞાની છે, જેણે આત્મોપલબ્ધિ કરી છે તેની કિંમત નથી. એવા આત્મજ્ઞાનીની કિંમત પ્રભુના દરબારમાં થાય છે. જેની જગતને કિંમત નથી તેની પ્રભુને કિંમત છે. જેની જગતને કિંમત છે તેની પ્રભુને ત્યાં ગણના નથી. જગતમાં તો દંભ જ પુજાય છે.

આ જ વાતના દૃષ્ટાંત તરીકે શ્રી અવધૂત કહે છે :

**"વેશ્યાવાડામાં જો સતી જાએ તો, ખત્તા બાવન ખાય."**

સતી અને વેશ્યા ઉભય છે તો સ્ત્રી પણ એક ચારિત્ર્યનો નમૂનો-આદર્શ છે અને બીજી ચારિત્ર્યને નામે શૂન્ય છે. સ્ત્રૈણવૃત્તિના મનુષ્યો આગળ એવી વેશ્યાઓ મોજમજા કરે છે. સતીનાર હેમના અલંકાર સમી છે જ્યારે વેશ્યા ઓપ ચઢાવેલા અલંકાર જેવી છે. એ વેશ્યાના આવાસમાં જો સતી સ્ત્રી જાય તો ત્યાં તેના સતીત્વની કિંમત અંકાતી નથી. વેશ્યાઓ આગળ તેનો પ્રભાવ પડતો નથી. વેશ્યાવાડામાં જો સતી સતીત્વ દાખવવા જાય તો તે હડધૂત જ થાય છે, તેમ જે સાચો આત્મજ્ઞાની છે તેની કિંમત પાખંડીઓમાં થતી નથી. અને તેથી એવા આત્મજ્ઞાનીઓ પોતાની મસ્તીમાં મસ્ત બનીને વસ્તીનો મોહ ત્યજીને, જગતના પ્રપંચને તિલાંજલિ આપીને કેવળ આત્મચિંતન અર્થે, વનવગડે ગિરિકંદરામાં લપાઈને પોતાનો કાળ નિર્ગમન કરે છે. જીવન સાર્થ કરે છે. તેમને નથી જગતનો મોહ કે નથી જગતનાં માન, પ્રતિષ્ઠાની કિંમત ! એવા આત્મજ્ઞાનીઓ સતી જેવા છે. જેમ સતીનું લક્ષ્ય તેનો પતિ છે તેમ એવા આત્મજ્ઞાનીઓનું લક્ષ્ય તેમનો પરમાત્મા છે. માલા, મુદ્રા, ટીલાંટપકાં આદિ ધારણ કરીને બાહ્યાડંબરથી જગતને આંજી દેનારા પાખંડીઓ વેશ્યા જેવા છે. વેશ્યાના અભિનય, હાવભાવ, વસ્ત્રપરિધાન આદિથી કામી પુરુષો અંજાઈ જાય છે. અને જેમ પતંગ દીપકમાં પડીને દેહને ભસ્મ કરે છે તેમ, એવા કામી પુરુષો પણ વેશ્યાના એવા કેવળ દંભીદર્શનથી અંજાઈ જઈને પોતાના તન-મન અને ધનથી વંચિત બની આખરે ખત્તા ખાય છે. સતીનાર જો એવા વેશ્યાવાડામાં જાય તો તેના સતીત્વ પર પણ લોકો શંકાશીલ નજરે જુએ છે. અને તેથી તેની ત્યાં કિંમત થતી નથી. તાત્પર્ય એ છે કે સાચું છે તેને જો જૂઠાની સાથે રાખીએ તો તેની કિંમત થતી નથી, તેનું પોત પ્રકાશતું નથી અને અંતે ખત્તા ખાય છે.

જે વાણીશૂરા છે તે અનેકવિધ વાણીવિલાસ કરીને એક વાત સમજાવે

છે. જે સંત છે તે થોડા શબ્દોમાં જ અનેક વાતો કરી નાંખે છે. એ વાત સમજાવતાં શ્રી અવધૂત કહે છે :

**"સાનમાં સમજાવે રે, રીતી એ તો સંત તણી."**

સંતોની વાણીમાં જે ગાંભીર્ય, જે ગૌરવ ભર્યું છે તે કેવળ વાચારંભણ કરનારા પોથીપંડિતોની વાણીમાં ભર્યું નથી. સંતનું એક જ વેણ શ્રોતાના સંશયને છિન્નભિન્ન કરે છે અને શ્રોતાને તેનાથી તૃપ્તિ થાય છે, કારણકે સંતના એ સાંકેતિક શબ્દની પાછળ તેની તપશ્ચર્યા અને અનુભવનું બળ છે. કેવળ શબ્દજ્ઞાનીઓ એ જ વાત અનેક રીતે સમજાવે તોય તેનાથી શ્રોતાને સંતોષ થતો નથી, કારણકે એ વાણી શુષ્ક છે, અનુભવવિહોણી વાંઝણી છે. અને તેથી જ સંતોની વાણી અનુભવપૂર્ણ હોવાથી તેનો મહિમા જગતમાં ગવાય છે. નરસિંહ, મીરાં, તુકારામ આદિ સંતપરંપરાનાં અનુભવપૂર્ણ વચનો આજે પણ આકાશમાં પ્રકાશતા પૂર્ણચંદ્ર પેરે પ્રકાશે છે. જ્યારે ઇતરનાં વચનો આગિયા જેવાં ક્યાંય લપાઈ ગયાં છે તેનો પત્તોએ નથી.






આગળ ચાલતાં શ્રી અવધૂત બીજી વાત કહે છે :

**"નાટકી રાજા જો રણે ચઢે તો, ખેલ અનેરો થાય;"**

**"પાખંડી પ્રસંગ આવી પડતાં, આપ ઉઘાડો થાય."**

અહીં પણ શ્રી અવધૂતે નાટકી રાજા અને ખરા રાજાની તુલના કરી છે. નાટકમાં આપણે રાજાને શસ્ત્રાસ્ત્ર સજીને રંગભૂમિ ઉપર નાટકનાં યુદ્ધ ખેલતા જોઈએ છીએ. વાસ્તવિક રીતે તે રાજા પણ નથી અને શૂરવીર પણ નથી. એ તો માત્ર રાજાનો અને શૂરવીરતાનો વેષ જ ભજવે છે. એ જ વેષધારી રાજાને જ્યારે ખરેખરા રણસંગ્રામમાં શસ્ત્રાસ્ત્ર સજીને યુદ્ધમાં જવાનો પ્રસંગ આવે ત્યારે તેની ખરેખર ફજેતી થાય છે. તેને યુદ્ધકળાનું ભાન નથી. તેને રણસંગ્રામમાં શૂરવીર પેરે ઝઝૂમતાં કંપ આવે છે, પ્રસ્વેદથી તરબોળ બને છે અને ભીરુ બનીને પાછેપગે પ્રાણરક્ષણ અર્થે ભાગી છૂટે છે. એ જ રીતે જે પાખંડી છે, જે વાણીશૂરા છે, જે કેવળ દંભથી જ જગતને આકર્ષણ કરે છે તેનું પણ પ્રસંગ આવ્યે પોકળ ઉઘાડું પડે છે. ત્યારે જગતના લોકો તેને લાતો મારે છે, તેની અવગણના કરે છે અને તેનો તિરસ્કાર, ધિક્કાર કરીને તેને બેહાલ કરે છે, ત્યારે તેણે કાળી રાત લેવી પડે છે.

જે સાચો રાજા છે તે જ્યારે રણસંગ્રામમાં યુદ્ધ ખેલવા નીકળે છે ત્યારે તે તેની હિંમત અને યુદ્ધકૌશલ્યના કારણે શત્રુને પરાજિત કરે છે અને સામી છાતીએ શમશેરના ખેલ ખેલતો રણાંગણમાં ઘૂમીને જાણે ઘાસ કાપતો હોય, તેમ શત્રુસૈન્યનો શિરચ્છેદ કરે છે. જે સાચો સંત છે તે પણ પ્રસંગ આવે પોતાનું શૌર્ય, વીર્ય દાખવે છે અને જગતમાં પૂજનીય બને છે. અને તેથી જ

**"સૂરજ કેમ છીપેરે, છાયા મહીં વાદળની."**

એ પ્રમાણે શ્રી અવધૂતે કહ્યું છે. જે સાચો જ્ઞાની છે, જે સાચો સંત છે તે સૂર્યના જેવો તેજસ્વી છે. જેમ સૂરજ વાદળાંની છાંયામાં છુપાતો નથી તેમ એ સંત પણ અંતે છુપાતો નથી. રાખના ઢગે ઢાંક્યો હીરો ઝળક્યા વિના રહેતો નથી અને સૂરજ પેરે પોતાનું પોત પ્રકાશે છે અને ત્યારે જ જગત તેને નમે છે. અંતે શ્રી અવધૂતે આ ગીતના આરંભમાં જે બે વાતો

**'વળો નિજ મૂળ ભણી,'**

અને

**'પળો સત્પંથ ભણી,'**

કહી છે તેની પ્રાપ્તિ અર્થે સાધકને માર્ગ બતાવ્યો છે. શ્રી અવધૂત કહે છે.

**'કામાદિ શત્રુને નિઃશેષ મારે, તેજ પામે પરિબ્રહ્મ.'**

પરમતત્ત્વની પ્રાપ્તિમાં અવરોધક જે છ શત્રુઓ છે તેને સાધક જ્યારે મારી હટાવે છે ત્યારે જ તે પરમતત્ત્વની પ્રાપ્તિ કરી શકે છે. કામ, ક્રોધ, લોભાદિ જે માનસિક વિકારો છે તે જ્યાં સુધી રહે ત્યાં સુધી પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. અને તેથી જેણે 'નિજ મૂળ ભણી' વળવાનું છે તેણે તો સર્વ પ્રથમ એ છ શત્રુઓનો જડમૂળથી ઉચ્છેદ કરવાનો છે. અને અંતરને સ્વચ્છ સ્ફટિક જેવું બનાવવું જરૂરનું છે. જે પાખંડી છે તેણે પણ જ્યારે સત્પંથે વળવાનું છે ત્યારે તેણે પણ એ છ શત્રુનો મારગમાં આવતો કાંટો કાઢીને જ જવાનું છે. જ્યાં સુધી એ છ વિકારો મારગના કાંટા પેરે અંતરમાં ખૂંચે છે ત્યાં સુધી સાધકનું ચિત્ત, જેમ પગમાં એક કાંટો વાગ્યો હોય તો તે કાઢી ન નાંખીએ ત્યાં સુધી ચિત્ત તેમાં જ રહે છે તેમ, એ વિકારોમાં જ રહે છે અને તેથી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકતી નથી. દૃષ્ટાંતરૂપે શ્રી અવધૂત કહે છે :

**"રાજા કહાવે ને પેટ નચાવે, એવો અજ્ઞાનીનો ભ્રમ."**

રાજા કહાવે છે તે જેમ પેટ નચાવે છે તેમ અજ્ઞાની છે તે પણ સંતના સ્વાંગ સજીને પણ ચપટી ચોખા માટે ભીખ માંગતો ફરે છે. નાટકનો રાજા જેમ કેવળ પોતાનું પેટ ભરવા માટે અનેકવિધ અભિનય કરે છે તેમ જે અજ્ઞાની છે તે કેવળ પેટ ભરવા અને પોતાની માગણ-વૃત્તિને પોષવા માટે – તૃપ્ત કરવા માટે જ જ્યાંત્યાં બોધ દેતો ફરે છે. પણ વસ્તુતઃ એ તેનો ભ્રમ છે. એવો અજ્ઞાની જો એમ માનતો હોય કે બાહ્યાડંબરથી તેણે આત્માની પ્રાપ્તિ કરી છે તો તે કેવળ આત્મવંચના જ છે.

આ છે એક જગતની વિવિધતાનું ચિત્ર. એ ચિત્રમાં બે દૃશ્યો છે. એક છે અજ્ઞાની છતાં જ્ઞાનીમાં ખપતા સ્વાંગધારીઓનું અને બીજું છે જ્ઞાની છતાં અજ્ઞાની જેવો જણાતો તેજઃપુંજ સંત. જેણે આત્માને જાણીને આત્માનો અપરોક્ષ અનુભવ કર્યો છે તે કોઈ દિવસ દંભ કરતો નથી. પોતાની જ્ઞાનાવસ્થાનું પ્રદર્શન કરતો નથી. અને કેવળ મૌનનો જ આશ્રય લઈને પ્રારબ્ધવશ જીવન જીવ્યે જાય છે. બીજો જે કેવળ દંભી છે, જેને

જ્ઞાનનું ભાન નથી, જેને આત્મદર્શન કે અપરોક્ષ અનુભવ થયો નથી તે માત્ર બાહ્યાડંબરથી જ લોકોમાં થોડો સમય પુજાય છે અને અંતે તેનો દંભ ઉઘાડો થતાં શ્રી અવધૂત કહે છે તેમ

**'પાખંડી પ્રસંગ આવી પડતાં, આપ ઉઘાડો થાય;'**

આ ઉભય દૃશ્યોને જોઈને શ્રી અવધૂત એકલા જ આનંદ માણે છે. તેને એ ઉભય દૃશ્યોમાં જરાય મોહ નથી પણ જગત જે

**'દોડે જગ ભાંડ ભણી,'**

ભવાઈ થાય છે ત્યાં દોડે છે તે જોઈને જગતની એ મૂર્ખતા ઉપર મુક્ત-હાસ્ય કરે છે.

સમગ્ર ગીતનું તાત્પર્ય એ છે કે નિર્દંભ અવસ્થા એ જ આત્મદર્શનનું -- આત્મોપલબ્ધિનું સાચું લક્ષણ છે. દાંભિકતા એ આત્મવંચના છે. અને તેથી શ્રી અવધૂત કહે છે :

**વળો નીજ મૂળ ભણી**

**અને**

**પળો સત્પંથ ભણી.**








(૫૧)

(રાગ : માંડ, તાલ : કહેરવા)

મૈં દિવાની દિવાની, હક ઘરકી પ્યાસી;
ભટક ભટક જબ સબ જગ થાકી, આ બૈઠી કાસી !—ટેક.
પંચ કિસ્મકી મિટ્ટી મિલાઈ, કુટી બની અદ્‌ભુત;
પંચ મહેલમેં ફિર ફિર થાકી, ઊઠી ભઈ જાગ્રત !—મૈં દિવાની (૧)
કફની પહેની ઈશ્ક હકીકી, અંગ બિરાગ ભભૂત;
સોહં બીણા કાંધે પકરી, બની બડી અવધૂત !—મૈં દિવાની (૨)
જ્ઞાનગંગામે મલ મલ ન્હાઈ, અહં બહાયા મૈલ;
કાયા કંચન સોહન લાગી, અલખ દિખાયો ખેલ !—મૈં દિવાની (૩)
કામક્રોધકી ધૂની ધિખાઈ, શીત ભગા અજ્ઞાન;
લક્કડગ્રંથી ખાખ જલાઈ, ભઈ રોશની રાન !—મૈં દિવાની (૪)
આતમકાસી કાસન લાગી, વિશ્વનાથ સબ ઠૌર;
મૈં બૈરાગન રંગ દિવાની, પતા નહીં મુજ ઔર.—મૈં દિવાની (૫)

—o—

શ્રી અવધૂત કહે છે : હું દિવાની છું, ઘેલી છું. મને પરમાત્માના દિદાર જોવાની પ્યાસ લાગી છે.

જગતમાં ગાંડાઓનો તો પાર નથી. પણ અહીં શ્રી અવધૂતે જે ગાંડાની વાત કરી છે તે ગાંડાઓ તો લાખ-કરોડે એકાદ જ મળે. એ ગાંડપણ તે પ્રપંચનું નથી પણ પરમાત્માના પ્રેમનું ગાંડપણ છે. જેને પરમતત્ત્વની તૃષા લાગી છે તેને સંસારનું, દેહનું ભાન રહેતું નથી. માયાવી વિષયજળથી તેની તૃષા તૃપ્ત થતી નથી. તેની તૃષાની તૃપ્તિ અર્થે તો પરમામૃત જ આવશ્યક છે. અને તેથી જ જગતની જાગતિક રહેણીકરણીથી તે અનોખો જણાય છે અને તેથી જ જગત તેને દિવાનો કહે છે. પણ એ દિવાનો નથી, એ જ વાસ્તવિક ડાહ્યો છે. કારણકે એણે પરમાત્માનું ધામ શોધીને પોતાના માનવદેહનું-માનવજન્મનું સાર્થક કર્યું છે. જન્મમરણથી મુક્ત બનીને પ્રભુપદને પામ્યો છે. એ દિવાના બનવું એ દુર્લભ છે.

પણ એવા દિવાના-'રામદિવાના'-બનવા પહેલાં તો તેણે પણ જગત જેની પાછળ ઘેલું બન્યું છે તેની નીરસતા ઓળખી, તેનાથી વિરક્ત થવાની, તેની પાછળ દોડવાનું મૂકી દેવાની જરૂર છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"ભટક ભટક જબ સબ જગ થાકી, આ બૈઠી કાસી !"

ઘરભૂલ્યો જેમ ઘર શોધવા માટે ગલીએ ગલીએ ભટકે છે તેમ એવો પ્રભુના પ્રેમનો પિપાસુ પણ પોતાની પિપાસા તૃપ્ત કરવા માટે

ગાંડોઘેલો બને છે. જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત કરવામાં તેને અજ્ઞાનનું આવરણ અંતરાયરૂપ બને છે. અને તેથી જે પરમાત્મા તેના હૃદયમાં જ રહેલો છે તે પરમાત્માને શોધવા માટે તે વનવગડે રઝળે, ગિરિકંદરામાં ભરાય, તપ, જપ અને અનેકવિધ સાધનો કરે, યાત્રા અને તીર્થના ધામમાં ભટકે, એ પ્રભુનું પ્રેમામૃત પાન કરવા હિમાલયમાં જાય, પણ ક્યાંય પત્તો ન લાગે ! અહીં પ્રભુ મળશે, ત્યાં પ્રભુ મળશે એમ બકતો દિવાના જેવો એ પ્રમાણે ભટકતો યાત્રી પોતાનો પુરુષાર્થ કરતાં થાકે છતાંય જ્યારે એને સઘળે જ નિરાશા મળે ત્યારે અંતે જેમ મીરાંએ કહ્યું તેમ

'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ'

'કેવળ પરમાત્મા સિવાય આ સંસારમાં મારું અન્ય કોઈ નથી' એવો અનન્યભાવ જાગ્રત થાય, અને ત્યારે 'હું પ્રભુનાં દર્શન કરીશ' એવા અભિમાનયુક્ત પ્રયત્નોનો ત્યાગ કરીને કેવળ પરમાત્માને શરણે જાય. ત્યારે જ એ પરમદયાળુ પ્રભુ એવા પરમભક્તનો હાથ ઝાલે અને તેને પોતાની ઓથમાં આશ્રય આપે. ત્યારે તેને બીજો આશ્રય શોધવાનો રહેતો નથી. અનન્ય શરણ અને અનન્ય ચિંતન એ જ પરમતત્ત્વની પ્રાપ્તિનાં અચૂક અને અમોઘ સાધનો છે. એ સાધન જેણે પ્રાપ્ત કર્યાં છે તેને બીજાં કશાંય સાધનોની આવશ્યકતા નથી. જ્યાં સુધી સાધક અનેકવિધ સાધનોની અટપટી અડફટમાં આવી સાધનોની જાળમાં ગૂંચવાયા કરે છે ત્યાં સુધી તેને સાધનનો આશ્રય છે અને તેથી સાધ્યના આશ્રયના અભાવે તે સદા નિરાશ જ બને છે. સાધનો સાધ્યની સિદ્ધિ અર્થે નથી પણ સાધ્યનાં દર્શનમાં જે અનેકવિધ આવરણો અને અંતરાયો છે તેના નિવારણ માટે છે. એ વાત સાધક જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી તેના જ્ઞાન, યોગ, ઉપાસના કર્મ આદિ બધાંય સાધનો નિષ્ફળ છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"ભટક ભટક જબ સબ જગ થાકી."

જ્યાં સુધી અહંતા છે, દેહાધ્યાસ છે ત્યાં સુધી કરેલાં અનેકવિધ સાધનોથી સાક્ષાત્કાર કિંવા આત્મદર્શન થતું નથી. જ્યાં સુધી દર્પણ મલિન છે ત્યાં સુધી તમારા મુખનું પ્રતિબિંબ દર્પણમાં દેખાતું નથી. અહંતા અને દેહાધ્યાસ નિવૃત્ત થાય તો આત્મસાક્ષાત્કાર કરવાનો રહેતો નથી. તેથી જ જ્યારે સાધક શાસ્ત્રોક્ત અનેકવિધ સાધનો કરી કરીને થાકે છે ત્યારે પુરુષાર્થના અભિમાનનો ત્યાગ કરીને પ્રભુને અનન્ય શરણે જાય છે. પ્રવાસીને જ્યારે ખૂબ જ થાક લાગે છે ત્યારે જ તે વિસામો લેવાનું વિચારીને કોક શીતળ છાંયાવાળા વટવૃક્ષ સમા વૃક્ષને શોધે છે અને તેવા વૃક્ષને જોઈને ત્યાં વિશ્રાંતિ લે છે. સાધક જ્યારે પુરુષાર્થની અહંતાનો વાસ્તવિક ત્યાગ કરીને નિરહં થાય છે ત્યારે જ તેને શ્રી હરિનું શરણ મળે છે. ત્યારે જ તેને સાક્ષાત્કાર થાય છે અને એ જ આશયથી શ્રી અવધૂતે

'આ બૈઠી કાસી'

એમ કહીને અહીં 'કાસી' શબ્દનો સ્વયંપ્રકાશ આત્મસ્વરૂપ એવો અર્થ કરીને, જીવને તેના અંતિમ સ્થાનમાં વિશ્રાંતિ મળે છે ત્યારે જ તે ખરેખરું સુખ શાશ્વત સુખ પ્રાપ્ત કરે છે એમ કહ્યું છે. લૌકિક અર્થમાં પણ 'કાશી'નું મરણ સ્પૃહણીય ગણાય છે.

જ્યારે મનુષ્યને જગતના પ્રાપંચિક જીવન તરફ ઉપરતિ થવા માંડે છે ત્યારે આત્મતત્ત્વની શોધ કરવાની તેના અંતરમાં જિજ્ઞાસા થાય છે. એ જિજ્ઞાસાને તૃપ્ત કરવાને તે સદ્ગ્રંથોનું વાંચન કરે છે, સાધુ-સંતોની સેવા શુશ્રૂષા અને સંગત કરે છે. સદ્ગુરુની શોધ કરે છે, જપ, તપ આદિ પ્રયાસો આદરે છે. પણ જ્યારે તેને કશો જ પત્તો નથી લાગતો ત્યારે અને તેની જિજ્ઞાસા તૃપ્ત થતી નથી ત્યારે તે હતાશ થઈ જાય છે. જ્યાં સુધી બ્રહ્મની જિજ્ઞાસા, બ્રહ્મને જાણવાની, બ્રહ્મનાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાની અને તેને પામવાની વૃત્તિ તીવ્ર બનતી નથી, એકમેવ બનતી નથી ત્યાં સુધી કરેલા બધાય પ્રયાસો નિષ્ફળ અને નિરર્થક છે. ભલે પ્રાથમિક ભૂમિકા મળે પણ તેથી પરિણામ થતું નથી. અને ત્યારે સાધકની ધીરજ રહેતી નથી. રોતોકકળતો, હતાશ, હાથ પછાડતો તે પ્રભુની આર્તભાવે પ્રાર્થના કરે છે : 'પ્રભો ! પામર છું. તને નથી ઓળખતો ! નથી જાણતો તું ક્યાં છે ? નથી પામતો તુજ લીલાનો પાર ! હવે ક્યાં જાઉં ? નાથ હવે તો હાર્યો છું ! તારી લીલામાં તું ક્યાં અંતર્ધાન થયો છે તે નથી કળી શકતો ! હવે તો ભીખ માગું ! દયાળુ ! ભિક્ષાર્થી છું ! આર્ત છું, જિજ્ઞાસુ છું ! ભિક્ષા દે તુજ દર્શનની અને દઈ દર્શન આંખોને ઠાર ! તારે ખોળે લે મારા નાથ !'

અને આવી કાતર સ્વરે કરેલી અનન્ય શરણની આર્તપ્રાર્થના, નિષ્ઠુર કાળજાને પણ પીગળાવે તો પછી દયાના અવતાર, કરુણાના સાગર પરમાત્માને ન પીગળાવે એ બનવું જ શક્ય નથી. પણ એ પ્રાર્થના આર્તની હોય, જિજ્ઞાસુની હોય, કેવળ હતાશ થયેલાની હોય, દંભ વિનાની હોય તો જ તે પરમાત્માને કાને અથડાય, પ્રભુ તે સાંભળે. અને પ્રભુએ સાંભળેલી આર્તની પ્રાર્થનાનું પરિણામ પરમાત્માની પ્રાપ્તિ જ છે ! માતાને ખોળે બેસવા માટે અશક્ત બાળક જરા સરખી ચેષ્ટા કરીને હાથ ઊંચો કરે એટલે તુરત જ વાત્સલ્યભાવભીની માતા તો ખરી, પણ નિષ્ઠુર હૃદયની માતા પણ નિષ્ઠુરતાને વિસારી નીચી નમીને તે બાળને વહાલથી ઊંચકી, છાતી સરસો ચાંપી જેમ પોતાના ખોળામાં બેસાડે છે અને બાળકની જિજ્ઞાસા તૃપ્ત કરે છે તેમ પ્રભુ પણ માતા જેવો જ દયાળુ છે. પ્રભુને પામવાને ખરા અંતઃકરણની અલ્પ પણ ચેષ્ટા કરીએ તો પ્રભુ પણ તુરત જ પોતાનો હાથ લંબાવી આર્ત-જિજ્ઞાસુને તુરત જ ઊંચકી લઈ પોતાના અંકમાં સ્થાન આપે. તેને પોતાનું સર્વસ્વ આપે. અહીં પણ શ્રી અવધૂતે






તેવું જ કહ્યું છે. જ્યારે ઠરવાના ઠામ માટે બહાર ફાંફાં મારતાં, અથડાતાં અને કુટાતાં ક્યાંય વિશ્રાંતિ ન દેખી અને આશાના ભૂકેભૂકા, ઊડી જઈ હતાશ થઈને બેઠો ત્યારે જ એ દિવાનાને આત્મકાશીની પ્રાપ્તિ થઈ. જ્યાં પહોંચતા જ બધી અથડામણ મટી ગઈ અને નિરાંત વળી. જીવ જ્યાં સુધી આશાનો ભર્યો બહાર અથડાયા કરે ત્યાં સુધી એને અંતઃસૂર્યનો પ્રકાશ કદી પણ પ્રાપ્ત થતો નથી. તે હૃદયમાં છે પણ હૃદયમાં તેને જોવાને તો હૃદયની અનેક ગ્રંથિઓને છિન્નભિન્ન કરવી પડે છે. અને ચિત્ત જ્યારે કેવળ શુદ્ધ બને છે ત્યારે જ એ હૃદયસ્થ પ્રભુનાં દર્શન ચર્મચક્ષુએ નથી થતાં પણ આત્મચક્ષુ વડે થાય છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિની તમન્નામાં એ પ્રેમવિભોર જીવની બધીય ચેષ્ટાઓ દિવાના જેવી જ હોય છે. અને તેથી એ પ્રેમદિવાનો દુન્યવી દૃષ્ટિએ પાગલ જેવો જ દેખાય છે.

હવે એ 'હક ઘરનો પ્યાસો;' એ 'હકીકી ઘરની' પ્રાપ્તિ માટે શું કરે છે તે જોઈએ.

**"પંચ કિસ્મકી મિટ્ટી મિલાઈ, કુટી બની અદ્‌ભુત,'**
**પંચ મહેલ મેં ફિરફિર થાકી, ઊઠી ભઈ જાગ્રત !"**

જેમ કોઈ સાદી કુટીમાં બેસી સાધક સાધના કરે છે, તેમ જીવાત્માએ પંચવિધ ગારાથી બનેલી અદ્‌ભુત કુટિયામાં રહી આત્મોન્નતિ સાધવાની છે. અહીં પંચીકૃત પંચમહાભૂત એ જ એ પંચવિધ ગારો કે માટી છે અને એનું બનેલું પાર્થિવ શરીર તે જ આ દિવાનાની કુટિયા છે. જેમ કુટિરને બારીબારણાં, દ્વાર વગેરે છે તેમ આ દેહ-કુટિરમાં પણ આંખ, કાન, મુખ વગેરે દ્વારો છે. મેલું પાણી જવા માટે જેમ કુટિયામાં ખાળ, મોરી હોય છે તેમ આ અદ્‌ભુત કુટિયામાં પણ મેલને બહાર નીકળવા માટે ગુદા, ઉપસ્થ હોય છે. બે પગ એ એના ટેકા છે. કરોડરજ્જુ એનો મોભ છે. પાંસળાં એના પર નાંખેલી નસ-શિરાઓરૂપી રજ્જુથી બાંધેલી એ વળીઓ જેવાં છે. ત્વચા એ એના ઉપરનું લીંપણ છે. કાળો ગોરો વર્ણ એ એના પર કરેલા રંગરોગાન છે. વાળ એ એના પર છાયેલી છાજને સ્થાને છે. એવી અદ્‌ભુત રચના ભલભલાને હેરત પમાડે તેવી છે. ભલભલા શાસ્ત્રજ્ઞો કે વૈજ્ઞાનિકો પણ એનું રહસ્ય ઉકેલવામાં હેઠા પડ્યા છે. અને તેથી જ એને શ્રી અવધૂતે **'બની અદ્‌ભુત'** કહી વર્ણવી છે. પંચીકરણાદિ પ્રાચીન ધર્મગ્રંથોમાં અને શરીરશાસ્ત્ર (Anatomy), ઇન્દ્રિય વિજ્ઞાનશાસ્ત્ર (Physiology) વગેરે આધુનિક વિજ્ઞાન ગ્રંથોમાં એનું સૂક્ષ્મતાથી વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે. એ બધું લંબાણ અહીં ઉતારવાની જરૂર નથી. અસ્તુ.

પણ એ કુટિરમાં એવી શી અદ્‌ભુતતા છે ? આંખ, કાન, નાક, રસના, ત્વચા, માંસ, મજ્જા, અસ્થિ, મેદ, રક્ત આદિ અનેક અદ્‌ભુત તત્ત્વો એ કુટિરમાં ભરેલાં છે. અને આગળ આપણે જોયું તેમ નાડીઓ






પણ કેટલી ? એની ક્રિયાઓ પણ અદ્‌ભુત છે. એની રચના પણ અદ્‌ભુત છે. બધું જ અદ્‌ભુત ! માનવશક્તિ એ રચના કરવાને કોઈ પણ કાળે શક્તિમાન બની નથી અને બનશે પણ નહીં એ નિર્વિવાદ છે. એવી એ અદ્‌ભુત કુટિરનું વર્ણન સ્થૂળ દૃષ્ટિએ પણ અવર્ણનીય છે. અને સૂક્ષ્મ દૃષ્ટિએ પણ અવર્ણનીય છે. સૂક્ષ્મ દૃષ્ટિએ પણ અકલ્પ્ય છે તો પછી અવર્ણનીય હોય એમાં શી નવાઈ ! એ કુટિરમાં વસે છે એ કુટિરનો ધણી, એ કુટિરને સાફસૂફ રાખનાર જીવાત્મા. જેમ એક મકાનમાં વસ્તી ન હોય, તેનો સ્વામી ન હોય તો તે સૂનકાર મારે છે, તેના સામું પણ કોઈ જોતું નથી તેમ આ દેહરૂપી અદ્‌ભુત કુટિરમાં જો તેના સ્વામી જીવાત્માનો વાસ ન હોય તો એ દેહ તરફ કોઈ જોતું પણ નથી. અરે એને કોઈ એક દિવસ રાખતું પણ નથી. એ જીવાત્મા દેહકુટિરમાં રહીને એની બધી રીતે દેખભાળ રાખે છે અને પોતાના વિકાસ માટે એનો ઉપયોગ કરે છે. અને છતાંય જેમ ઘડાને વાપરનાર ઘટદ્રષ્ટા ઘડાથી જુદો હોય છે અને ઘડાના વિકારોથી નિર્લેપ હોય છે તેમજ આ દેહી દેહના વિકારોથી અસંગ-અસ્પૃષ્ટ રહે છે.

હવે શ્રી અવધૂત એ કુટિરની અંદરના ખંડોની વાત કરતાં કહે છે :

**"પંચ મહેલમેં ફિર ફિર થાકી, ઊઠી ભઈ જાગ્રત !"**

મકાન જ્યારે બંધાય છે ત્યારે સાધારણ રીતે તેના ત્રણ વિભાગ કરવામાં આવે છે અને એ ત્રણ વિભાગમાંથી બીજા વિભાગ કરવામાં આવે છે. અહીં શ્રી અવધૂતે પરોક્ષ રીતે એ ત્રણ વિભાગરૂપી ત્રણ દેહનો સંકેત કરી; એ ત્રણ દેહાન્તર્ગત પાંચ કોષનો પણ ઉલ્લેખ કર્યો છે. અને તે પાંચ કોષને જ, અહીં તેની વિશાળતા અને સુંદરતાને લક્ષમાં રાખી, પાંચ મહેલ કહેવામાં આવ્યા છે એમ કહીએ તો અજુગતું નથી.

'સ્થૂળ' 'લિંગ' અને 'કારણ' એવા દેહના ત્રણ વિભાગ છે. તે જ મકાનના ત્રણ ખંડો છે એમ આપણે સમજીએ. એ ત્રણ દેહમાં જ પાંચ કોષ રહેલા છે. જેમ એક મકાનમાં બીજા ઓરડાઓ ચણવામાં આવે છે તેમ આ શરીરમાં પણ એ પાંચ કોષની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમ મકાનના જુદા જુદા ઓરડાઓમાં જુદીજુદી વસ્તુઓ રાખવાની વ્યવસ્થા છે તેમ આ પાંચ કોષમાં પણ જુદાજુદા વિકારો કે વૃત્તિઓનાં સ્થાન છે. અને તેથી તેનો પણ આપણે થોડો વિચાર કરીએ.

સ્થૂળદેહ છે તે એ અદ્‌ભુત કુટિરનો દેખાવ છે. એ અન્નમય કોષ છે. અન્નમય કોષ એ સ્થૂળદેહ છે. એનું સંવર્ધન અને સંરક્ષણ અન્નને આભારી છે. અન્ન વડે પોષાયેલું એ શરીર તે શ્રી અવધૂતભાખી અદ્‌ભુત કુટિરનો બાહ્ય દેખાવ છે. એ અન્નમય કોષના વિકારો પણ ઘણા છે. શરીર એ, એ અન્નમય કોષનો પ્રથમ વિકાર છે. પુરુષશરીરના આકારો છે તેને સ્થૂળ શરીર સાથે સંબંધ છે. ધર્મ અધર્મની ઉપાધિ, આધિ, વ્યાધિ, વર્ણાશ્રમ,

ટાઢ, તડકો, જન્મમરણ, બાળપણ, જુવાની, ઘડપણ, વૃદ્ધિ, ક્ષય વગેરે વિકારો, નામ, ગોત્ર, રૂપ, વર્ણ, આકાર, ધન ક્ષેત્ર, ગૃહસ્થાશ્રમ, કુલાચાર આદિ વિકારો એ સ્થૂળ દેહના એટલે અન્નમય કોષના વિકારો છે.

બીજો લિંગ દેહ છે. એ લિંગદેહમાં ત્રણ કોષ છે. પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય. એ પ્રત્યેક કોષના વિકારો અને ધર્મો પણ ભિન્નભિન્ન છે.

પંચ કર્મેન્દ્રિય અને પંચપ્રાણ મળી પ્રાણમય કોષ થાય છે. કેટલાક પંચપ્રાણ અને પંચ ઉપપ્રાણ મળી પ્રાણમય કોષ થાય છે એમ માને છે. પ્રાણાપાનાદિ પંચપ્રાણ અને તેની ક્રિયાઓ પ્રસિદ્ધ છે. ઉપપ્રાણમાં નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એની ગણના છે. તેમાં નાગથી ઓડકાર, કૂર્મથી આંખોની ઊઘાડમીંચ, કૃકલથી છીંક, દેવદત્તથી બગાસું અને ધનંજયથી શરીરને પુષ્ટિ મળે છે. આ શ્રી અવધૂતભાખ્યો બીજો મહેલ છે.

પ્રાણમય કોષના વિકારો, ભૂખ-તરસ, સબળતા, દુર્બળતા, આપવું લેવું, બહેરાપણું, અંધત્વ, નપુંસકત્વ અને પંગુ અવસ્થા છે.

શ્રી અવધૂતભાખ્યો ત્રીજો મહેલ કે ખંડ તે મનોમય કોષ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન મળીને એ છનો સમૂહ કહેવાય છે.

મનોમય કોષના વિકારો : વાચારંભણ, સંકલ્પવિકલ્પઅવસ્થા, સંશયને લીધે સર્જાતી વ્યાકુળતા, સુખદુઃખ, ક્ષોભ, શોક, મોહ, ભય, કામ, ક્રોધ, લોભ, મદ, ભેદ, ખેદ, હર્ષ, વિષાદ અને મત્સર. મનના એ બધાય વિકારો છે અને તેથી તેને મનોમય કોષ કહ્યો છે. એ બધાય વિકારો કેવળ મનના માન્યા સૂક્ષ્મ છે. મન ન હોય તો એ લાગણીઓ થવાનો પણ સંભવ નથી.

વિજ્ઞાનમય કોષ તે ચોથો ખંડ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિ એ એનો ઘટક છે.

વિજ્ઞાનમય કોષના વિકારો : સદ્‌બુદ્ધિ, દુર્બુદ્ધિ, નિશ્ચય, અનિશ્ચય, ઊહાપોહ, વિશુદ્ધિ, બુદ્ધાવસ્થા, અવધાન, માન, અખંડજ્ઞાન અને વિજ્ઞાન – આ બધાય વિકારો પણ સૂક્ષ્મ છે અને તેનું પરિણામ પણ મન ઉપર જ થાય છે.

અન્નમયકોષની અંદર પ્રાણમય અને પ્રાણમયની અંદર મનોમય અને મનોમયની અંદર વિજ્ઞાનમય કોષ એવી એની સુંદર વ્યવસ્થા છે.

અજ્ઞાનનું નામ કારણદેહ છે. સ્થૂળ સૂક્ષ્મ બન્નેનું કારણ અજ્ઞાન હોવાથી એને કારણદેહ કહે છે. આ કારણદેહમાં જ આનંદમય નામનો પાંચમો મહેલ છે. કારણશરીરમાં રજોગુણ અને તમોગુણથી મલિન થયેલ સત્ત્વગુણથી મનગમતા પદાર્થ જોવાથી થતો આનંદ તે પ્રિય, તેની પ્રાપ્તિથી થતો આનંદ તે મોદ અને તેના ઉપભોગથી મળતો આનંદ તે પ્રમોદ. રજસ્તમસ્થી મલિન થયેલા સત્ત્વગુણ સાથે એ ત્રણે પ્રકારની વૃત્તિઓ મળવાથી જે આનંદ થાય છે તે આનંદમય કોષ છે. સુષુપ્તિ કે ગાઢ

નિદ્રા એ એના ઉપભોગની અવસ્થા છે. ત્યારે "હું સુખેથી ઊંઘ્યો હતો" અને મને સ્વપ્ન વગેરે કોઈ જાતનો વિક્ષેપ થયો નહોતો !" એવા શબ્દોથી જાગ્યા પછી માણસ જે સ્થિતિનું વર્ણન કરે છે તે જ એ આનંદમય કોષ છે.

એ કોષના વિકારો : સ્વયંપ્રકાશ, સૂર્ય સમાન તેજસ્વિતા, અજ્ઞાન, આવરણ અને વિક્ષેપથી રહિત, પ્રિય, મોદ પ્રમોદ સ્વરૂપ, ખેદરહિત અવસ્થા, સ્મૃતિ અને વિસ્મૃતિ રહિત અવસ્થા.

આનંદમય કોષના આ સૂક્ષ્મ સાત્ત્વિક છતાંય વિકારો છે. એ વિકારોથી પણ આત્મા પર છે અને એ જ આ પંચ માટીની અદ્‌ભુત કુટિરમાં રહેલા છે અને પંચકોષથી વિરક્ત છે. એ પંચકોષ સાથે આત્માને કોઈપણ પ્રકારનું લેપન નથી. સૂર્યના પ્રકાશમાં થતાં અનેક શુભાશુભ કાર્યો સૂર્યને નડતાં નથી તેમ આ પંચકોષનાં કાર્યો પણ આત્માને અડતા નથી. અને તેથી આત્મા એ બધાથી અલિપ્ત છે.

ઉપર કહ્યા પંચકોષના વિકારો શ્રી બ્રાહ્મીભૂત પ. પ. સદ્‌ગુરુ **શ્રી વાસુદેવનંદ સરસ્વતી સ્વામી મહારાજ** કૃત 'આત્માનાત્મવિચાર' નામક મહારાષ્ટ્ર ભાષામાં પ્રકાશિત પુસ્તક ઉપરથી લીધા છે.

આત્મા હૃદયમાં વસે છે એવું શાસ્ત્રો દ્વારા આપણને પરોક્ષ જ્ઞાન થાય છે. પછી તે આત્માના આવાસમાં જવાની અને આત્માનાં દર્શન કરવાની જિજ્ઞાસા થાય છે. રાજા મહેલમાં રહે છે એવું આપણને કોઈ કહે છે ત્યારે આપણે રાજાનાં દર્શન કરવા માટે મહેલ તરફ નજર કરીએ છીએ. મહેલ એ રાજા નથી પણ મહેલમાં રહેનારાં અનેકમાંનો એક જ રાજા છે. મહેલમાં તો નોકરચાકર, દાસદાસીઓ, રાણીઓ વગેરે અનેક રહે છે પરંતુ તેના ઉપર અને મહેલ ઉપર પણ આધિપત્ય ભોગવતો રાજા તો એક જ છે. જ્યારે મહેલમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે એ બધાયનાં દર્શન થાય છે. "તમે રાજા છો ?" કોકને પૂછીએ. તે ના કહેશે. બીજાને પૂછીએ "તમે રાજા છો" તે ના કહેશે. આમ આખોય રાજભવન ફરી વળીએ અને જ્યારે બધાય કહે કે "હું રાજા નથી" ત્યારે આપણે થાકી જઈએ છીએ. તેમ શરીર, તેના શબ્દ – સ્પર્શાદિ વિષયો, શરીરની ઇન્દ્રિયો, મન, પ્રાણ, બુદ્ધિ એ બધાયના ધર્મ, શરીરના વ્યવહાર, આદિ શરીરને અનુસરતી બધી જ શરીરની પ્રવૃત્તિઓ તરફ આપણે વિચાર કરીએ ત્યારે તેમાંની એકે આપણને ઠરીઠામ બેસવા દે એમ લાગતું નથી. આત્માકાશીથી દૂર સુદૂર હોય એમ લાગે છે અને ત્યારે સાધક પોતાની બધીય મહેનત નિષ્ફળ ગઈ એમ વિચારીને હતાશ થાય એ સ્વાભાવિક છે. રાજમહેલ આખોય ખૂંદી વળ્યા પછી, શરીર અને તેના પંચકોષને ખૂંદી વળ્યા પછી, તેના ખૂણેખૂણા શોધી વળ્યા પછી પણ જ્યારે રાજાનાં દર્શન ન થાય ત્યારે સાધક થાકી જાય. અને થાકી જવું એટલે ? 'હું આત્મદર્શન કરીશ,

મારા પુરુષાર્થથી હું પ્રભુને પામીશ' એવી સાધકની જે સાધનની અહંતા છે તે. એ અહંતા તેને થકવી નાંખે છે. એ અહંતા અને સાધન નિર્ભરતા જ્યાં સુધી રહે ત્યાં સુધી સાધક સાધ્યને પ્રાપ્ત કરી શકતો નથી. અને શ્રી અવધૂતે એ જ વાત અહીં

"પંચ મહેલ મે ફિર ફિર થાકી"

એ શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. શરીરથી એટલે અન્નમય કોષથી આરંભી આનંદમયકોષ સુધીના બધાય કોષનું, તેના ધર્મોનું, તેના વિકારોનું અને એ પંચકોષને અનુસરતી માનસિક પરિસ્થિતિઓની સમીક્ષા કરીને તેને પાર કરતો કરતો સાધક આનંદમયકોષના અંતિમ આરે આવી પહોંચે છે ત્યારે પણ તેને ઠરવાનું ઠામ મળતું નથી. કારણકે તેને ઉત્તરોત્તર એ પાંચકોષનું જ્ઞાન રહે છે. આનંદમયકોષની સ્મૃતિ અને વિસ્મૃતિ અવસ્થાનું પણ જ્યાં સુધી જ્ઞાન રહે છે ત્યાં સુધી તે આનંદમયકોષમાં જ ભટકતો રહે છે. એ આનંદમયકોષથી પણ સાધક જ્યારે આગળ વધે છે ત્યારે તેને આત્મકાશીની ઝાંખી થવાનો અને ત્યાં પરમતત્ત્વ-વિશ્વનાથનો સાક્ષાત્કાર થવાનો સંભવ છે. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

"ઊઠી ભઈ જાગ્રત"

સાધક જ્યારે આમ ભટકી ભટકીને થાકે છે ત્યારે એ મનથી પરાવૃત્ત થઈ જાય છે. એ બધાથી વિરક્ત થઈ પોતાની ખોજ આગળ ધપાવે છે.

આશય એ છે કે :- જ્યાં સુધી જીવ એ પંચકોષના આવરણમાં ભટક્યા કરે છે ત્યાં સુધી તેને આત્મપ્રકાશ મળતો નથી. જ્યારે એ પંચકોષની અસારતા જાણી એના આવરણથી મુક્ત બનીને જીવ પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરે છે ત્યારે તેને અંધકારમાં જેમ વિદ્યુતનો એકાએક પ્રકાશ ચમકી રહે છે તેમ, આત્મપ્રકાશનો ચમકારો જણાય છે અને એ જ જીવની જાગ્રત અવસ્થા છે. એ પંચકોષમાં ભટકતો ભટકતો જીવ જ્યારે થાકીને હતાશ થાય છે, અહંતારહિત બને છે, સાધનનો ગર્વ ગળી જાય છે ત્યારે જ તેનામાં સાચી જાગૃતિ આવે છે અને ત્યારે જ તેની સાધનની જાત્રામાં ખરેખરું જોમ આવે છે.

સાધક ! હતાશ થવાની જરૂર નથી. હતાશ કે નિરાશ થવાની જરૂર નથી. જાગતિક પદાર્થ પ્રાપ્ત કરવાને તું કેટલો ઉદ્યમ કરે છે ? કેટલો ઉત્સાહિત બને છે ? અને છતાંય એ તો બધા નશ્વર છે, ક્ષણિક છે. આજે છે અને કાલે નથી. તેની સરખામણીમાં આ તો શાશ્વતધન છે. જે આજ છે, કાલે છે અને સદાસર્વદા છે. તે પ્રાપ્ત કરવાને નિરુત્સાહ અને હતાશાનું સેવન કરવું એ તારી આત્મહત્યા છે. એ તો મહાન પાપ છે. જરા ધીરજ ધર. શ્રી અવધૂત આગળ શું કહે છે તે સાંભળ અને તારો નિરુત્સાહ ખંખેરી નાખી અવધૂતની એ આપવીતી કથનીમાંથી પ્રેરણા મેળવ !

'કફની પહેની ઈશ્ક હકીકી, અંગ બિરાગ ભભૂત'
'સોહં બીણા કાંધે પકરી, બની બડી અવધૂત !'




ભા.- ૩

આ છે તને ઉત્સાહિત અને ઉદ્યમી બનીને તારા લક્ષ્યને પહોંચવાનું માર્ગદર્શન. તેં આજ સુધી ઉત્સાહપૂર્વક ઉદ્યોગ કર્યો. એ ઉદ્યોગ પ્રશંસાપાત્ર કહેવાય. પણ કેવળ પુસ્તક વાંચીને, પુસ્તકિયા જ્ઞાન પ્રાપ્ત કરીને સાધ્યને હસ્તગત કરવાનો પુરુષાર્થ કર્યો. તેમાં જે ઊણપ હતી તે તને ન જણાઈ. પણ ઊઠ, ખુદાઈ પ્રેમની કફની પહેરી બનજા અવધૂત !

'કફની પહેની ઈશ્ક હકીકી,'

આત્મદર્શન-પ્રભુદર્શનની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પ્રથમ તો પ્રભુપ્રેમની કફની પહેરવાની, તન્મયતા પ્રાપ્ત કરવાની, નખશિખાંત પ્રભુ પ્રેમથી ભરી દેવાની જરૂર છે. જેમ સ્થૂળ વસ્ત્રાદિની કફનીથી શરીર હવાના શીતોષ્ણાદિ વિકારોથી બચી શકે છે તેમજ સાધકનું અંતઃકરણ પ્રભુપ્રેમથી છલોછલ ભરાઈ જાય ત્યારે એને જગતનાં ઉત્સાહ, નિરુત્સાહ, આશાનિરાશા, માનઅપમાન, લાભહાનિ વગેરે દ્વંદ્વો આઘાત પહોંચાડી શકતાં નથી. જ્યાંત્યાં જગતમાં એને પોતાનો પ્રિયતમ પ્રભુ જ જોવાની વૃત્તિ જાગે છે. પછી એને કાં શ્વાન હો કાં સુરભિ ગાયા હો ! કાં સ્ત્રી હો કાં પુરુષ હો ! કાં બાળક હો કાં જુવાન હો ! કાં શઠ હો કાં સાધુ હો ! કાં વૃક્ષ હો કાં પાષાણ હો ! કાં નદી હો કાં સમુદ્ર હો ! કોઈ હો !! સઘળે એના આરાધ્યદેવનાં જ દર્શન થાય છે. એના ભેદખેદ નાસી જાય છે ! સૃષ્ટિની વિષમતામાં પણ એને 'શિવમ્ સુંદરમ્' સમત્વનું દર્શન થાય છે. પણ પ્રાપંચિક લેબાસ ઉતારી નાંખી આવા નિરતિશય પ્રભુપ્રેમની કફનીથી સજ્જ થવાનું ક્યારે બને ? એ અધિકાર ક્યારે પ્રાપ્ત થાય ?

એવો દૈવીપ્રેમ ક્યારે સ્થિર થાય ? જ્યારે જગત અને જાગતિક પદાર્થો ઉપરનો મોહજનિત પ્રેમ અથવા મમતા નષ્ટ થાય ત્યારે. અને એ મોહયુક્ત મમતાનો વિનાશ શી રીતે કરી શકાય ? જ્યારે જગત અને જાગતિક પદાર્થોમાંની આસક્તિ કે આત્મીયભાવનો નાશ થાય ત્યારે. એ જગત અને માયાના મંડાણ પ્રત્યે વૈરાગ્યબુદ્ધિ ઉત્પન્ન થાય ત્યારે. અને તેથી શ્રી અવધૂતે ઇશ્ક હકીકીને સ્થિર કરવાના સાધન તરીકે

'અંગ બિરાગ ભભૂત'

એમ કહ્યું છે. દૈવીપ્રેમમાં તન્મયતા સિદ્ધ કરવાને જગત પ્રત્યેનું માયિક મમત્વ ખેંચી લઈને પ્રભુ પ્રત્યે મમતા જોડવાની જરૂર છે. આને જ વૈરાગ્ય કહે છે. સ્થૂળ ભભૂત પણ જાગતિક પદાર્થોની આસક્તિને બાળી નાખવાનું નિદર્શક છે. સાધકદશામાં તેનું સતત સ્મરણ રહે એ હેતુથી જ એક ધાર્મિક ચિહ્ન તરીકે એને શરીર પર ધારણ કરવાની પ્રથા પડી છે. જ્યાં સુધી વૈરાગ્ય સિદ્ધ થતો નથી ત્યાં સુધી જાગતિક આસક્તિ પોતાનાં અપલક્ષણો દ્વારા જીવને પોતાના ધ્યેયમાંથી ચલિત કર્યા વિના રહેતી નથી.

પણ જ્યારે વિચાર, વિવેકથી જગત અને જાગતિક પ્રપંચની અસારતા સમજાય છે ત્યારે એના તરફ અસંગભાવ કે વૈરાગ્ય સિદ્ધ થાય છે અને એ સિદ્ધ થતાં સાધકના અંગેઅંગમાંથી પ્રભુપ્રેમ છલકાવા માંડે છે. એ પ્રેમસાગરમાં જગત ડૂબી જાય છે. જગત જગતરૂપે રહેતું નથી. જ્યાં ત્યાં પ્રિયતમ પરમાત્માની જ ઝાંખી થાય છે. સાધક પોતે પણ એ 'હકીકી ઈશ્કમાં' ઓગળી જાય છે. એની અહંતાનું નામોનિશાન રહેતું નથી. દ્રષ્ટા દર્શન અને દશ્યની ત્રિપુટી લય પામે છે. પછી જે કાંઈ છે તે પોતે જ છે, પોતાનાથી ભિન્ન કશું જ નથી, એવો એક પ્રેમમય અભેદ હુંકાર રણકી ઊઠે છે અને એ આત્માનુભવની મસ્તીમાં વીણા લઈ ગાતા નાચતા કોઈ અવધૂતની માફક સાધક અનાયાસે ગર્જી ઊઠે છે : "સોऽहम्, સોऽहम्". એ પ્રેમસ્વરૂપ પ્રિયતમ પરમાત્મા 'હું પોતે જ છું !! આ સ્થિતિ પરિપક્વ થતાં સાધકના સઘળા આશાપાશ તૂટી જાય છે. એનું અંતઃકરણ ગંગાજળ સમું નિર્મળ બને છે ! આનંદથી ઓતપ્રોત એનામાં વાસનાનું મૂળે રહેતું નથી ! એની વાણી બાળક સમી નિર્દોષ બને છે ! નથી એને ભૂતકાળ સતાવતો કે નથી એને ભવિષ્યની ચિંતા ! એ તો સદાસંતુષ્ટ વર્તમાનમાં જ મસ્ત હોય છે ! એનું દેહભાન ગળી જાય છે. બાહ્યવેષભૂષાનું એને ભાન જ નથી ! એનું ચિત્ત સ્ફટિક જેવું નિર્મળ બને છે ! નિત્ય સમાહિત હોવાથી એને ધ્યાન, ધારણાનો કડાકૂટો નથી રહેતો ! એને ચિંતન હોય તો તે એક માત્ર પરમતત્ત્વનું જ છે ! ચિંતા એ જાણતો નથી. એની દોડધામ શમી ગયેલી હોય છે. તમસ્-અજ્ઞાન એનું નિર્મૂળ થયેલું હોય છે. અને તેથી સ્વપ્નમાંય 'દેહ હું છું' એવો અહંભાવ એને ઊઠતો નથી. આવો અવધૂત ગીતામાં વર્ણવેલા લક્ષણયુક્ત મનનીય અવધૂત બની જાય છે એ !! શ્રી અવધૂતના

"સોહં બીણા કાંધે પકરી, બની બડી અવધૂત"

એ પદમાં આ જ ભાવ સમાયેલો છે. 'સોऽहम्' વીણાએ એક જ શબ્દથી અહીં શ્રી અવધૂતે યોગવર્ણિત અનાહત નાદનું અખિલ રહસ્ય આપી દીધું છે. અન્યત્ર એનો વિચાર કરેલો હોવાથી અહીં એનું ચર્વિત ચર્વણ ઉચિત ધાર્યું નથી.

આટલું કર્યા છતાં પણ મન બહુ વિચક્ષણ છે. એનો પૂરેપૂરો વિનાશ થયા વગર જ્ઞાનદશા પૂરેપૂરી પરિપક્વ થતી નથી. પ્રાપ્ત કરેલો જ્ઞાનાનુભવ સતત ટકી રહે અને જીવન્મુક્તિનો આનંદ નિષ્કંટક ભોગવી શકાય તે માટે નિદિધ્યાસથી વૃત્તિને સતત ઘૂંટી મનને નિર્વૃત્તિક કરવાનું રહે છે. એ જ વાતનો નિર્દેશ કરતાં શ્રી અવધૂત કહે છે :

"જ્ઞાન ગંગામેં મલ મલ ન્હાઈ, અહં બહાયા મૈલ,"
"કાયા કંચન સોહન લાગી, અલખ દિખાયો ખેલ !"

કાશી પહોંચી વિશ્વનાથનાં દર્શન કરતાં પહેલાં ગંગાજીમાં સ્નાન







કરી પવિત્ર થવાનું હોય છે. તેમ અહીં પણ સ્વસ્વરૂપ પરમતત્ત્વ-વિશ્વનાથનાં સતત સર્વત્ર દર્શન થવા માટે આત્મજ્ઞાનરૂપી ગંગાની અંદર નહાવાની વાત કરી છે અને તે પણ ચોળી ચોળીને ! ખૂબ ચિંતનપરિશ્રમ કરીને ! જીવન્મુક્તિની પ્રાપ્તિ માટે શાસ્ત્રકારે **તત્ત્વજ્ઞાન, વાસનાનો લય** અને **મનોભંગ** એ ત્રણ સાધનો કહ્યાં છે. એ પરસ્પરાવલંબી હોવાથી તેનો અભ્યાસ એકી સાથે જ કરવાનો કહ્યો છે. ગર્ભિત રીતે

**"જ્ઞાનગંગામેં મલ મલ ન્હાઈ, અહં બહાયા મૈલ"**

માં શ્રી અવધૂતે આ જ સૂચન કર્યું છે. જ્ઞાનગંગામાં સ્નાન કરવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને 'મલ મલ ન્હાઈ' એટલે ચોળી ચોળીને નહાવાથી, એટલે તત્ત્વનું સતત ચિંતન કરવાથી, જાગતિક પદાર્થોની નિઃસત્ત્વતા સમજાય છે અને વાસનાક્ષય થાય છે. ગંગાજીમાં ડીલને ખૂબ ચોળી ચોળીને નહાવાથી શરીરનો બધો મેલ ધોવાઈ જાય છે તેમ અહીં પણ અહંતારૂપી મેલ જે બધી વાસના અને સંસારનું મૂળ છે તે જ્ઞાનના તીવ્રવેગમાં વહી જાય છે, મનોભંગ સિદ્ધ થાય છે અને સાધક જીવન્મુક્તિનો આનંદ અનુભવે છે. ઉપર કહેલી અવધૂતદશા પ્રાપ્ત કર્યા પછી કાંઈ કરવાનું રહેતું નથી. જે નિર્મળ અને નિષ્પાપ છે તેને જ્ઞાનગંગા કે કોઈ ગંગાનું સ્નાન શું ? પણ કોકવાર પરિપક્વતાના અભાવે આત્મવંચના થઈ એ નિર્મળતા, નિષ્પાપતા કે સિદ્ધદશાનો અહંકાર થવાનો સંભવ રહે છે. મનનો જરા સરખો પણ ફણગો જીવતો રહે ત્યાં સુધી કેવળ નિર્ભય સ્થિતિ પ્રાપ્ત થતી નથી અને તેથી જ સતત જાગ્રત રહેવાની જરૂર છે અને ખૂબ ઘસીઘસીને અહંતાનો નાશ કરી પૂર્ણ મનોભંગ સાધવાની આવશ્યકતા છે. તેથી જ શ્રી અવધૂતે અહીં 'મલમલ' શબ્દથી એના પર ભાર મૂક્યો છે.

અહીં લૌકિક ગંગામાં સ્નાન કરવાનું કહ્યું નથી, પણ ગંગા-જ્ઞાનની ગંગામાં સ્નાન કરવાનું કહ્યું છે. જીવાત્માને પરમાત્મા જીવ-શિવની એકતાનું જે જ્ઞાન આપે તે જ્ઞાનગંગા. અને તેથી જ્ઞાનગંગામાં સ્નાન કરવાનું પ્રયોજન. ઉપર કહ્યું તેમ, જેમ આંતરડામાં ક્યાંય પણ અંશતઃ મળ રહ્યો હોય તો તે, ફાવે ત્યારે રોગરૂપે ડોકિયું કરે તેમ, સૂક્ષ્માતિસૂક્ષ્મ પણ 'અહં'નો અંશ જો રહ્યો હોય તો તે ધોવાનું, જ્ઞાનદ્વારા જગતની ક્ષણભંગુરતા અને આત્માની શાશ્વતતા-નિત્યતાનું ભાન વ્રજલેપ કરવાનું જરૂરનું છે. એ જ્યારે થાય છે ત્યારે એ અહંનો પૂરેપૂરો નાશ થાય છે, એવો જેણે પરમતત્ત્વ પ્રાપ્ત કર્યું છે તેવા સિદ્ધિનો અનુભવ છે. એને અનુલક્ષીને જ શ્રી અવધૂતે અહીં કહ્યું છે : "જ્ઞાનગંગામાં અંતઃકરણને ચોળીચોળીને સ્નાન કરાવ્યું અને તેના પરિણામે 'અહં' રૂપી જે કાંઈ મેલ હશે તેને ધોઈને જ્ઞાનગંગામાં વહેતો કર્યો અને પછી મળરહિત શરીર, જેમ સુવર્ણ પોતાના શુદ્ધસ્વરૂપમાં પ્રકાશિત થાય તેમ, એ અંતઃકરણ




નિર્મળ, શુદ્ધ બન્યું અને પ્રકાશમાન થયું.''

જે પૂર્ણજ્ઞાની જીવન્મુક્ત છે તેના નિર્મળ અંતરનું ઓજસ બહાર પણ પ્રકાશી ઊઠે છે. તેના સ્થૂળ શરીરના પાર્થિવ પરમાણુઓ પણ જ્ઞાનાગ્નિમાં બળીને તેને તપ્તકાંચન સમું યૌગિક તનુ પ્રાપ્ત થાય છે. અને તેનામાં અસામાન્ય આકર્ષણ હોય છે. દૃષ્ટિપરિવર્તન થવાથી તેની આખી રહનસહન બદલાઈ જાય છે; ત્યારે સર્વત્ર અવધૂત કે જીવન્મુક્ત દશા પરિપક્વ થઈ કહેવાય. અને જ્યારે સર્વત્ર સતત અહંશૂન્ય આત્મભાવ જ જાગ્રત હોય ત્યારે જ જળ, થળ સઘળે એ અનિર્વચનીય અલેખ પરમતત્ત્વની લીલા નજરે પડી આનંદ આનંદ પ્રવર્તે !

**'કાયા કંચન સોહન લાગી, અલખ દિખાયો ખેલ'**

એ વાક્ય દ્વારા શ્રી અવધૂતે આ જ તથ્યનું સૂચન કર્યું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત એ જ વાત બીજા રૂપકથી કહે છે :

**'કામ, ક્રોધકી ધૂની ધિખાઈ, શીત ભગા અજ્ઞાન'**
**લક્કડ ગ્રંથિ ખાખ જલાઈ, ભઈ રોશની રાન !'**

ગંગાજીના શીતપ્રવાહમાં સ્નાન કર્યા પછી જેમ ટાઢે ધ્રૂજતો ખાખી સાધુ પ્રસંગે ધૂણો ધિખાવે, લાકડાની ગાંઠોની ગાંઠો એમાં બળીને ખાખ થઈ જાય અને વિજન વેરાનમાં પણ એના પ્રકાશથી રોશની ઝળહળી ઊઠે તેમ, અહીં પણ એ અડબંગ બેફિકર અવધૂત પોતાના જ્ઞાનાનુભવથી કામ, ક્રોધાદિ વિકારોને બાળીને પ્રચંડ ધૂણો પ્રજવાળે છે. એના તાપથી એની અજ્ઞાનરૂપી ટાઢ સમૂળગી ઊડી જાય છે. ચિદ્‌ચિદ્‌ ગ્રંથિઓની લાકડાંની ગાંઠો બળીને ખાખ થઈ જાય છે અને તેનો પ્રકાશ એના અંતરજગતના નિર્વિકાર વિજનવેરાનમાં ઝળહળી ઊઠે છે.

આત્મદર્શનની જેને તાલાવેલી લાગી છે તેણે પોતાના માર્ગમાં આવતા તમામ અંતરાયોનો સમૂળ ઉચ્છેદ કર્યે જ છૂટકો. કામ, ક્રોધ વગેરે ષડ્‌રિપુઓ સાધકનું આત્મધન હરી લેવા હંમેશાં રાહ જોઈને બેઠેલા જ હોય છે. પરિપક્વતાના અભાવે ભલભલા જ્ઞાનીઓને પણ ઘણી વાર એ નીચોવી નાંખે છે. અને તેથી અંતરમાં જ્ઞાનાગ્નિ સળગાવી તેમાં કામ, ક્રોધાદિ વિકારો નિઃશેષ બાળી નાંખવાની જરૂર છે. એના તાપથી ધમાલરૂપી રજસ્‌ અને નિદ્રા, આળસ, પ્રમાદ રૂપી તમસ્‌ વગેરે અજ્ઞાનરૂપી ટાઢ ઊડી જાય છે. જડતારૂપી શંકાકુશંકાની ગાંઠો બળી જાય છે અને સઘળે એક જ દિવ્ય આત્મરોશની પ્રકાશી ઊઠે છે. અગ્નિના બે ગુણ છે : દાહ અને પ્રકાશ. જ્યારે અગ્નિનો સીધો સંપર્ક થાય છે ત્યારે અગ્નિમાં પડેલી વસ્તુ ભસ્મ થઈ જાય છે. અગ્નિના પ્રકાશમાં બીજી વસ્તુઓનું દર્શન થાય છે. કામ અને ક્રોધ એ અજ્ઞાનનાં લક્ષણ છે. હૃદયની ગ્રંથિઓ પણ અજ્ઞાનજનિત છે. તામસ્‌ અને રાજસ્‌ના પ્રતીક સમા એ ષડ્‌રિપુઓ સાધ્ય વસ્તુની પ્રાપ્તિમાં અંતરાયરૂપ છે. નર્કના દ્વાર સમા છે અને તેથી

તેનો સમૂળ નાશ કરવાનો શાસ્ત્રોએ આદેશ દીધો છે. અહીં પણ શ્રી અવધૂતે જ્ઞાનાગ્નિમાં કામ, ક્રોધ અને હૃદયની ગ્રંથિઓને ભસ્મ બનાવી અને એ જ જ્ઞાનાગ્નિના પ્રકાશમાં અજ્ઞાનરૂપી વેરાનનો વિનાશ સાધીને કેવળ પ્રકાશમય બની જવાની વાત કરી છે. શ્રી ભગવાને પણ અર્જુનને એ વિકારો નિર્મૂળ કરવાની આજ્ઞા આપી છે. કામક્રોધાદિ છ રિપુઓનું વર્ચસ્વ નાબૂદ થાય અને હૃદયની ગ્રંથિઓ અને ગૂંચોનો વિનાશ થાય તો સ્વયંસિદ્ધ પરમજ્ઞાનપ્રકાશ ઝળહળી ઊઠે છે. જ્યાં સુધી સમ્યક્‌જ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનની જડતા-ટાઢ ઊડતી નથી અને તેથી જ અહીં તેનો નાશ કરવાનું સૂચવ્યું છે.

શરીર અસત્ છે, તેને સત્ માનવું, અને આત્મા કે પરમાત્મા સત્, ચિત્, આનંદ સ્વરૂપ છે તેને અસત્, જડ કે દુઃખરૂપ માનવું એટલે કે એક બીજાના ધર્મો એક બીજા ઉપર આરોપિત કરવાની ભ્રાંતિ સેવવી એ જ ટૂંકમાં ચિદચિદ્ ગ્રંથિ કહેવાય છે. એનાથી અનેક શંકા-કુશંકાઓ ને ગૂંચો ઊભી થાય છે. તેનો સમૂળગો નાશ ન થાય ત્યાં સુધી માણસને પૂરેપૂરી નિરાંત કે શાંતિ વળતી નથી. સ્વસ્વરૂપના અપરોક્ષ અનુભવ વગર એ ગ્રંથિઓનો અંત આવતો નથી. તેથી જ અહીં જ્ઞાનાગ્નિમાં એ બધી જલાવી દેવાનું કહ્યું છે. ચિદચિદ્ ગ્રંથિઓ એટલે જડચેતનનો ભેદ-ભ્રાંતિ.

આપણે જોયું તેમ પરમતત્ત્વ તો વિશ્વવ્યાપક છે અને વિશ્વમાં વ્યાપીને પણ અવશેષ રહ્યું છે. તેમાં ચેતન અચેતન જેવું કશું જ નથી. સરજનમાત્ર ચેતન છે પણ સંકુચિત દૃષ્ટિમર્યાદાના પરિણામે આપણે ચેતન અચેતનના ભેદ પાડ્યા છે. સાચું જ્ઞાન પ્રાપ્ત કરીને, એ ચેતન અચેતનનો ભેદ મિટાવીને જ્યારે કેવળ આત્મતત્ત્વનું સર્વત્ર અસ્તિત્વ હોવાની પ્રતીતિ થાય ત્યારે સર્વત્ર ચૈતન્યનો પ્રકાશ જ પ્રસરેલો અનુભવાય છે. એ સત્યનો જ અહીં ઉલ્લેખ કર્યો છે. જ્ઞાનાગ્નિમાં કામક્રોધાદિ વિકારો અને ચેતન અચેતનના ભેદનો હવન કરવાથી અજ્ઞાન ટળે અને જ્ઞાનનો પ્રકાશ ફેલાય ત્યારે અજ્ઞાનરૂપી અંધકાર રહેતો નથી, એમ કહેવાનો આશય છે.

અને જ્ઞાનપ્રકાશમાં પરમતત્ત્વના અવિભક્તપણાનો અને ચિત્‌સ્વરૂપનો જ્યારે અનુભવ થાય છે ત્યારે તેનું શું પરિણામ આવે તેનો ઉલ્લેખ કરતાં શ્રી અવધૂત કહે છે કે :

**"આતમપ્રકાશી કાસન લાગી, વિશ્વનાથ સબ ઠૌર;"**
**"મૈં બૈરાગન રંગ દિવાની, પતા નહીં મુજ ઔર !!"**

એ રીતે જ્યારે સર્વત્ર આત્મપ્રકાશનો જ અનુભવ થાય છે ત્યારે આત્મકાશી ઝળહળી ઊઠે છે. અને એ પ્રકાશમાં જ્યાં દેખો ત્યાં વિશ્વનો નાથ — જગતનો ધણી જે પરમ પરમાત્મા છે તેનાં દર્શન થાય છે, જીવશિવનો ભેદ ટળી જાય છે અને હરેક હાલતમાં જીવાત્મા અને

પરમાત્માની એકતા અનુભવાય છે. એ પરમદિવ્ય સ્થિતિની અનુભૂતિ થતાં જ પ્રભુદિવાનો સાચો બેરાગી અવધૂત બની નાચી ઊઠે છે. અને કહે છે :

'પતા નહીં મુજ ઔર'

મારું બીજું કાંઈ ઠામઠેકાણું નથી કે પૃથક્ અસ્તિત્વ નથી. પરમપ્રભુ એ જ મારો વિશ્રામ છે. બીજો કોઈ વિસામો મારે માટે નથી. તદ્રૂપ થઈ તે જ પરમધામમાં હું રમણ કરું છું.

તાત્પર્ય એ છે કે જ્યારે આત્મતત્ત્વની પરિપૂર્ણ પ્રતીતિ થાય છે ત્યારે જ સાધક સંપૂર્ણ સિદ્ધ બને છે. દેહ અને જગતનું ભાન ભૂલીને, કેવળ આત્મભાવમાં જ મગ્ન રહીને અવશેષ જીવન પ્રારબ્ધાનુકૂળ સ્થિતપ્રજ્ઞ વૃત્તિએ વ્યતીત કરીને અંતે આયુષ્ય પૂર્ણ થતાં પરમાત્મામાં જ સંપૂર્ણ એકરસ બની જાય છે તેને ઉત્ક્રમણ કરવાનું રહેતું નથી પણ સર્વત્ર વ્યાપ્ત પરમાત્મામાં જ તે પણ વ્યાપકરૂપે અહીં ભળી જાય છે.

જતાં જતાં વાચકનું એક વાત તરફ ધ્યાન ખેંચવાનું આવશ્યક લાગે છે. આ ભજનમાં અને બીજે પણ કેટલેક ઠેકાણે શ્રી અવધૂતે પોતાની જાતને સ્ત્રી તરીકે આલેખી લેખન કર્યું છે. બીજા પણ કેટલાક સંતો કોક કોકવાર આવું કરતા જણાયા છે. એનું કારણ શું ? એવો સહેજે વિચાર આવે છે. તો કહેવાનું કે બધી સાધનાનું અંતિમ ધ્યેય સર્વ પ્રકારની અહંતાનો આંતરિક ત્યાગ છે. એ વિના પરમતત્ત્વની પ્રાપ્તિ કે સ્વસ્વરૂપનો અનુભવ દુર્લભ છે. અથવા એમ કહીએ કે સર્વ પ્રકારના અહંકારનો ત્યાગ કે સ્વત્વનું વિસ્મરણ એ જ પ્રભુપ્રાપ્તિ છે તો એમાં કાંઈ ખોટું નથી. મનુષ્યમાત્રમાં લિંગ કે જાતિ (sex)નું અભિમાન સૌથી પ્રથમ સ્ફુરે છે. ને એના સંસ્કાર પોષાતા હોવાથી ઉત્તરોત્તર દૃઢ થાય છે. એનો બીજભાવ પણ સ્વાત્મોન્નતિમાં અંતરાય રૂપ છે. એ ભાવ સમૂળો નષ્ટ થવા માટે કેટલાક સંતો પોતાના પુરુષત્વનું અભિમાન બાજુએ મૂકી સ્ત્રીભાવે પ્રભુનાં ચરણમાં ઝુકાવે છે અને આવાં લખાણોની પાછળ એ જ ભાવના કામ કરતી હોય છે. તેવા સંતો પુરુષ હોવા છતાં તેમના કાવ્યોદ્ગાર કંઈક સ્ત્રી જેવા હોય છે. વસ્તુતઃ તો એ ભેદ શરીરના છે અને અશરીરી આત્મા તો નથી સ્ત્રી કે નથી પુરુષ કે નથી નપુંસક ! અથવા બીજી રીતે કહીએ તો એ ત્રણેમાં સરખી રીતે અભિન્નપણે વ્યાપ્ત હોવાથી તે સર્વસ્વરૂપ છે. અસ્તુ.

(૫૨)

(રાગ : માંડ, તાલ : કહેરવા)

ક્યા ખોજે અજ્ઞાના ? અવધૂ ! ક્યા ખોજે અજ્ઞાના ?–ટેક.
ઘોર અંધેરા ખોજનહારા, દીપકજ્યોત જલાયા;
ખોજ ખોજ જુગ ચારિ ગંવાયા, મૂલ ન કોઉ પાયા !–અવધૂ. (૧)
બાંધી હૈ જબ ગઠરી ગહરી, છૂટી હીરાં ચારાં;
મોલી બોજ ઘણેરો સિરપે, છૂટી લકડી ચારાં.–અવધૂ. (૨)
સસાસીંગકા નાવ બનાયા, મૃગતૃષ્ણાપૂર બહાયા;
વંધ્યા સુત વેપાર ચલાયા, ગગનકુસુમ ફલ પાયા.–અવધૂ. (૩)
જૂઠી માયા જૂઠી કાયા, જૂઠા સબ સંસારા;
એક નિરંજન સોઈ દુઃખ ભંજન, સબમેં ખેલનહારા !–અવધૂ. (૪)
ઝંદાવેસ્તા કુરાન દેખા, ઢૂંઢા વેદ પુરાણા;
કરાર કલમા કામ ન આયા, ખાલી મગજ ખવાયા !–અવધૂ. (૫)
રંગ કૃપા ગુરુ ગોતા માર્યા, અમુલખ મોતી પાયા;
અંદર બાહિર ચમક દિખાયા, ભાન આપ ભૂલાયા !–અવધૂ. (૬)

✳

અવધૂત ! અજ્ઞાન અને તેનું કાર્ય જગત વગેરેને શું શોધી રહ્યો છે ? અરે ! જે હોય તેની શોધ કરવામાં વખત વિતાડે તે સમજી શકાય તેવું છે અને તેમાંથી કાંઈ શાશ્વત ફળ પણ હાથ લાગે. પણ જે મૂળમાં કદીયે નહોતું, અંતે પણ નહિ હોય અને વચમાં ભ્રાંતિથી દેખાતું હોય તેની પાછળ પડવાથી શું પ્રાપ્ત થવાનું ? આકાશને આલિંગન આપનારની બાથમાં શું આવે ? જો, એક માણસ અંધારામાં અટવાય છે. એ અંધારું શું છે ? ક્યાંથી આવ્યું ? ક્યાં રહે છે ? વગેરે શોધી જોવા માટે એણે દીવો પ્રગટાવ્યો. તો એણે શું જોયું ? ચારે તરફ બાવરા જેવાં ફાંફાં માર્યાં પણ એ અંધકારનું નામોનિશાન એને જણાયું ? એનું મૂળ હાથમાં આવ્યું ? ના. હોય તો આવે ને ? માટે જ શ્રી અવધૂતે કહ્યું :

"ઘોર અંધેરા ખોજનહારા, દીપકજ્યોત જલાયા;"
ખોજ ખોજ જુગ ચારિ ગંવાયા, મૂલ ન કોઉ પાયા !"

હાથમાં દીવો લઈ એ ઘોર અંધારને શોધતાં શોધતાં જુગના જુગ વીતી ગયા પણ હાથમાં કાંઈ ન આવ્યું ! અંધકાર કે અજ્ઞાન જેવું કે તેના કાર્ય જગત જેવું કાંઈ છે જ નહિ. દેખાય છે તે ભ્રાંતિ છે. જે છે તે જ્ઞાન જ કે તત્સ્વરૂપ પરમતત્ત્વ જ છે. નામરૂપની આંખે જોતાં જગત કે અંધકાર ભાસે છે. રજ્જુ : સર્પ મૂળેય નહોતો, અંતેય નથી

હોતો અને ભાસકાળમાં પણ રજ્જુથી પૃથક્રૂપે તેનું અસ્તિત્વ નથી જ હોતું. રજ્જુના અભાવે કોઈ અનિર્વચનીય ભ્રાંતિથી એ ભાસે છે ખરો ! પણ એ ભ્રાંતિને મન વગર બીજે કશે સ્થાન નથી. એ મિથ્યા સર્પની ભ્રાંતિ ટળી જતાં મૂળ સ્વરૂપે સદાસ્થિત રજ્જુ જ નજરે પડે છે. તેમ જ અજ્ઞાન અને તેનું કાર્ય જગદાઆદિ તાત્ત્વિક દૃષ્ટિએ મિથ્યા છે. અને જ્ઞાનના પ્રકાશમાં તેનું મૂળ શોધવા જતાં તેમાં માણસ નિષ્ફળ જાય છે. નથી તે હાથમાં ક્યાંથી આવવાનું ? પણ એ શોધતાં શોધતાં સ્વતઃસિદ્ધ જ્ઞાનસ્વરૂપ પરમ આત્મતત્ત્વની પ્રતીતિ થાય છે અને માણસ આભો બને છે. આ જ અનુસંધાનમાં શ્રી અવધૂત કહે છે :

**"બાંધી હૈ જબ ગઠરી ગહરી, છૂટી લીરાં ચારાં;"**
**"મોલી બોજ ઘણેરો સિરપે, છૂટી લકડી ચારાં !"**

કલ્પના કરો. માથે ચાર ચીંથરાંની પોટલી લઈને એક ભિખારી હરખભેર ચાલ્યો જાય છે. તેમાં શું હોય છે ? નથી તેમાં જરી શાલ દુશાલા કે નથી તેમાં મૂલ્યવાન વસ્તુઓ ! એ પોટલીમાં તો માત્ર ફાટ્યાંતૂટ્યાં કપડાંનાં ચાર ચીંથરાં બાંધ્યાં હોય છે. પણ તેનીયે એ ભિખારીને કેટલી બધી મમતા છે ? એ પોટલીને પ્રાણપેરે સાચવે છે. રાત્રે સૂએ છે ત્યારે રખેને કોઈ એ ચોરી જશે એ બીકથી માથા નીચે રાખે છે. સદોદિત એનું ચિત્ત પણ એ જ પોટલીમાં રહેલું હોય છે. વણ કિંમતની એ ચાર ચીંથરાંની પોટલી તેને અણમોલ જણાય છે. અને તેથી જ તે પોટલીનું એ એટલું જતન કરે છે, જાણે એનું સર્વસ્વ એ પોટલીમાં જ હોય તેમ તે તેને જીવ પ્રાણ પેરે સાચવે છે. પણ કોક ચોરની નજર એના પર પડે છે. રાત્રે એ ભિખારી ઊંઘમાં હોય ત્યારે એ ચોર એ પોટલીને ઉપાડે છે અને ગાંઠ છોડી બધું ફેંદી જોતાં એમાં ચાર ચીંથરાં વગર કાંઈ નથી એમ જાણીને બધું ત્યાં જ પડતું મૂકી ચાલ્યો જાય છે. ભિખારી જાગી ઊઠતાં માથાં તળે પોટલું ન જોઈ દીવો ચેતવે છે અને પોટલું ન જોતાં "મારી પોટલી કોઈ ચોરી ગયું રે !" એમ બૂમો પાડી રડવા માંડે છે. વસ્તુતઃ એ પોટલું બંધાતાં પહેલાં પણ ચાર ચીંથરાં જ હતાં અને પછીથી પણ તે ત્યાં પડેલાં જ હોય છે. વચમાં 'મારું પોટલું', 'મારું પોટલું' એ એને માથે વેંઢાર્યે જતો હતો અને એ જે માટે અનેકવિધ ચિંતાને સેવતો હતો ત્યારે પણ એનાં ચીંથરાં વગર કાંઈ જ નહોતું. એક સ્થૂળ આકાર અને પોટલું એવું નામ એટલું જ હતું ! અને એ નામરૂપની સૃષ્ટિમાં જ એ અટવાતો હતો અને એ ગુમ થયું માની શોક કરતો હતો. વસ્તુતઃ તો એ પોટલીના અધિષ્ઠાનરૂપ તત્ત્વરૂપે ચાર ચીંથરાં તો ત્રણે કાળમાં ચીંથરાં સ્વરૂપે હતાં જ. આવી જ રીતે માણસ અજ્ઞાન અને તેના કાર્યનું એટલે જગતરૂપી પોટલીનું રૂપ જોવા વિચારરૂપી દીપ પ્રગટાવે છે ત્યારે એને નામ અને રૂપથી ઉત્પન્ન થતી ભ્રાંતિ વગર બીજું કાંઈ






જ જણાતું નથી. અને એ ભ્રાંતિને સત્ય માની એ દૂર રોવા બેસનારને પોતાના તરફ હસવું આવે છે !

જગતનાં ચૂંથણાં ચૂંથવા જનારના હાથમાં તત્ત્વતઃ કાંઈ જ આવતું નથી. છતાંય જીવ જન્મજન્માંતરો સુધી એ બોજો પોતાને શિર વહ્યાં જ કરે છે. અનેક કાળાં ધોળાં કર્મ કરી ચીંથરાંનાં પોટલાં વધારતો જ જાય છે. પણ એમાંથી એને મોહ, શોક, ચિંતા, ભીતિ વગેરે વગર કાંઈ જ મળતું નથી. એટલે જ શ્રી અવધૂત એને જગાડીને કહે છે કે ''આ જગતરૂપી અજ્ઞાનમાં શું શોધે છે ? નામરૂપની ભુલભુલામણીમાં સત્યનો પંથ ક્યાંય જડશે નહિ ! માટે એ ફેંકી દઈ એનાંથી છૂટો થા. તો જ સત્યવસ્તુ-સર્વસુખનું નિધાન સત્, ચિત્, આનંદસ્વરૂપ પરમતત્ત્વ હાથ લાગશે.''

બીજો દાખલો લઈએ. એક કઠિયારો લાકડાના ભારાનો ભાર વેંઢારતો જાય છે. એ ભારો તેને ભારરૂપ જણાય છે. પણ જ્યારે એ ભારો છૂટી જાય છે ત્યારે તેનાં ચાર લાકડાં વગર કશું જ હોતું નથી અને તેનો ભાર પણ લાગતો નથી. એ કાષ્ઠમાં ભારાનું નામનિશાન નથી હોતું ! નામ અને રૂપથી જકડાયેલા એ કાષ્ઠને જ ભારો કહે છે અને તેનું મૂળ મનની કલ્પના કે અજ્ઞાનજનિત ભ્રાંતિમાં જ હોય છે. વસ્તુતઃ ભારા જેવી કોઈ કાષ્ઠથી અલગ ચીજ જ નથી. ભારો એ માત્ર દેખાવ પૂરતો જ છે. ભારો નહોતો બંધાયો ત્યારેય કાષ્ઠ જ, છૂટી જશે ત્યારેય કાષ્ઠ જ, અને વચમાંય કાષ્ઠ જ !! કાંઈ માલ હોય તો તે કાષ્ઠમાં ! ભારાની કલ્પનામાં નહિ !! માત્ર નામરૂપાત્મક ભારાને પકડવા જતાં હવામાં બાચકાં મારવા જેવું જ થાય ! માટે એ છોડી દઈ કાષ્ઠને લક્ષમાં રાખવાનું—અજ્ઞાન અને તેનાં કાર્ય જગત આદિનાં નામ તરફ દુર્લક્ષ કરી એના અધિષ્ઠાનરૂપે રહેલા પરમબ્રહ્મને જોવાનો જ શ્રી અવધૂત સંકેત કરે છે.

એ જ ભ્રાંતિરૂપ નામરૂપાત્મક જગત કે સંસારની નિઃસરતાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત આગળ કહે છે :

**"સસાસીંગ કા નાવ બનાયા, મૃગતૃષ્ણા પૂર બહાયા;"**
**"વંધ્યાસુત વેપાર ચલાયા, ગગનકુસુમ ફલ પાયા !"**

લ્યો, શ્રી અવધૂત તો અસંભવિત ને સંભવિત બનાવવાની વાતો કરે છે ! સંતોના વેણનો એ જ પ્રભાવ છે. જે નથી તે નથી છતાંય તે છે એમ માનીને તેની પાછળ પડવું એ જ અજ્ઞાન. અને એવા અજ્ઞાનનું નગ્નચિત્ર જ આ ગીતમાં શ્રી અવધૂતે વર્ણવ્યું છે. અને તેથી જ

**ક્યા ખોજે અજ્ઞાના...**

એ શબ્દોથી જ આ ગીતનો પ્રારંભ કર્યો છે. હવે આપણે આ બે પંક્તિઓનો પણ વિચાર કરીએ. જરા આનંદ આવશે !

સસલાના શિંગડાની નાવ બનાવી ! ભલા, સસલાને શિંગડાં હોય ખરાં ? કોઈએ જોયાં છે ખરાં ? વસ્તુતઃ સસલાને શિંગડાં હોતાં જ નથી

એ આપણે જાણીએ છીએ. પણ એ તો જગતનું અસ્તિત્વ જ નથી એવું શાસ્ત્રનું કથન સિદ્ધ કરવાને જ આ એક રૂપક મૂક્યું છે. જગત નથી, જાગતિક પ્રપંચ પણ નથી. કેવળ જે છે તે એક આત્મા જ છે એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવાને શાસ્ત્રોમાં પણ આ જ પ્રકારનાં દૃષ્ટાંત અપાય છે.

એ સસલાના શિંગડાની નાવ સંભવિત છે ખરી ? નથી. સસલાને શિંગડા છે એમ આપણે માનીએ તો પણ તે કેવડાં મોટાં હોય કે જેમાંથી નાવ બનાવી શકાય ? સસલું એવું વિશાળકાય પ્રાણી નથી. એ તો સાધારણ મોટી બિલાડી જેવું પ્રાણી છે અને તેને તે એવાં કેવડાં મોટાં શિંગડા હોય કે જેની નાવ બને ? એટલે પ્રથમ દૃષ્ટિએ જ સસલાનાં શિંગડાંની નાવ સંભવિત નથી. વારુ, માન્યું કે એ સસલાનાં શિંગડાંની નાવ બનાવી પણ તેને તે તરવાને સાગર ! મૃગતૃષ્ણાના પૂરમાં તેને વહેતી મૂકી ! આ વળી બીજી અસંભવિતતા ! મૃગતૃષ્ણાના જળમાં સ્નાન કરીને ભીંજાયેલો કોઈ આવ્યો છે ખરો ! અરે જ્યાં જળ જ નથી ત્યાં સ્નાન કરવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? જ્યાં જળ જ નથી ત્યાં તેનાં તે પૂર શાં આવવાનાં હતાં અને તેમાં સસલાના શિંગની નાવ તે શેં તરવાની હતી ? મૃગલાને તરસ લાગી, દૂર ક્ષિતિજમાં તેને જળનો સાગર જણાયો. મૃગલું દોડ્યું. દોડ્યું એ સાગરનું જળ પીને તરસને છીપાવવા ! દોડ્યું બિચારું તરસ્યું મૃગલું પાણી પીવા. પણ પાણી ક્યાં ? દોડતાં દોડતાં થાક્યું. પાણી ના જડ્યું અને છતાંય સાગર તો તેને જણાયો જ. જેમ દોડે, જેમ દોટ મૂકે તેમ તરસની પીડા વધે અને એ સાગર પણ દૂર ને દૂર જતો જણાય. અંતે થાક્યો. થાકીને પૃથ્વી પર પડ્યો. પ્રાણ ગયા ! જળ ના મળ્યું તે ના જ મળ્યું ! અને પ્રાણ ગયા ! એ છે મૃગતૃષ્ણા. એ છે મૃગજળ. તેમાં આપણે સસલાનાં શિંગડાની નાવ ચલાવવાની છે. મૃગજળ-ઝાંઝવાના જળનું અસ્તિત્વ જ નથી. જેમ સસલાનાં શિંગડા એ કેવળ કલ્પના જ છે તેમ મૃગજળ પણ કલ્પના વગર બીજું કાંઈ જ નથી. મૃગજળ જેવું વસ્તુતઃ કશું જ નથી છતાંય જળનો કેવળ ભાસ થાય છે. એ ભાસ કેવળ ભ્રમણા છે. જેમ સ્વપ્નામાં, શસ્ત્રધારી ડાકુને પોતાના પર પ્રાણહર પ્રહાર કરતો જોઈને સૂતેલો માનવી છળી મરે છે, ભયભીત બને છે, બચાવો, બચાવો એવા બૂમબરાડા મારે છે. તેમાં જેમ કશું જ સત્ય નથી તેમ આ મૃગજળ અને શશશિંગ એ પણ સત્ય નથી. માયાનું એ એક રૂપક છે. માયા કે અજ્ઞાન જેવું કશું જ નથી પણ ભાસે છે. નથી છતાં જણાય તે માયા છે. આ જગતમાં પણ મૃગજળ જેવો ભાસ છે. વસ્તુતઃ જગત જેવું કશું જ નથી. એવો જ બોધ વશિષ્ઠ મહારાજે શ્રી રામચંદ્રજીને યોગવાશિષ્ઠમાં આપ્યો છે. એવા મૃગજળમાં સસલાનાં શિંગડાની નાવ બનાવીને તે તરતી મૂકી ! અરે ભાઈ, એ તો શક્ય જ નથી. જ્યાં જળ નથી ત્યાં નાવ શી રીતે વહેતી મુકાય ? અને તે પણ સસલાનાં શિંગડાની નાવ ! હા બરોબર

છે ! જ્યાં મૃગજળ હશે ત્યાં શિંગડાની જ નાવ તરશે ! ખરી નાવ નહીં તરે ! અને તેથી જ શ્રી અવધૂતની એ કલ્પના પણ ઠીક છે. ત્રીજી વાત છે વહાણવટાની. સસલાના શિંગડાનું નાવ મૃગજળમાં તરતું મૂકીને તેમાં વહાણવટું કરવા નીકળ્યા ! કોણ ? વંધ્યાસુત. ઠીક છે. જેવું નાવ, જેવું નીર, તેવો જ તેમાં વહાણવટું કરનાર. જેને પુત્ર હોય તે વંધ્યા કહેવાય ખરી ? અને વંધ્યા હોય તેને પુત્ર હોય ખરો ? અને જો પુત્ર જ ન હોય તો વેપાર પણ કોણ કરે ? **''मूलंनास्ति कुतःशाखा''** જેવી જ વાત છે ને ! એટલે વંધ્યાસુતનું અસ્તિત્વ પણ અશક્ય છે. ચોથી વાત છે વેપારનો નફો. નફો પણ જેવો વેપાર હોય તેવો જ મળે ને ! વંધ્યાસુતના એ વેપારનું ફળ આકાશકુસુમ ! સુંદર કલ્પના ! નથી પાણી, નથી નૌકા, નથી તેમાં બેસનાર કે વેપાર કરનાર અને તેથી તેનું પરિણામ પણ શું હોય ? આકાશકુસુમ ! શું આકાશકુસુમ જોયું છે ? ઘણાંય જાણ્યાંઅજાણ્યાં, જોયાં ન જોયાં પુષ્પો હશે પણ આકાશકુસુમ તો જાણ્યું નથી. માત્ર કલ્પનામાં આવ્યું છે. પણ કલ્પના કાંઈ સત્ય થોડી જ છે ? સત્ય હોય તો કલ્પના પણ કેમ કહેવાય ? વૃક્ષ હોય, વેલી હોય તો પુષ્પ હોય. આકાશ નથી વૃક્ષ કે નથી વેલી ! તેને પુષ્પ ક્યાંથી આવે ? વસ્તુતઃ આકાશ એટલે કેવળ અવકાશ, પોલાણ ! એને તે વળી પુષ્પ આવતાં હશે ખરાં ! એનાં પુષ્પ તે કોઈને મળતાં હશે ખરાં ? એ બધી વાતો જ અશક્ય છે. 'न भूतो न भविष्यति' જેવી એ વાતને કોઈનો જ આધાર નથી. આ જગતનું પણ તેવું જ છે. જગતનું તાત્ત્વિકરૂપે અસ્તિત્વ નહોતું, નથી અને હોવાનું પણ નથી. ખરી રીતે તો શ્રી ભગવાને ઉદ્ધવને કહ્યું તેમ

न यत् पुरस्तादुत यन्न पश्चा–
न्मध्ये च तन्न व्यपदेशमात्रम् ।
भूतं प्रसिद्धं च परेण यद यत् ।
तदेव तत् स्यादिति मे मनिषा ॥

'જે જે ઉત્પત્તિ પહેલાં નહોતું અને પ્રલયની પછી પણ નહીં રહેશે તે વચમાં પણ નથી એમ સમજવું જોઈએ. કેવળ કલ્પના માત્ર, નામ માત્ર જ છે. જે પદાર્થ જેનાથી બને છે અને જેના વડે પ્રકાશિત થાય છે તે જ તેનું વાસ્તવિક સ્વરૂપ છે, તે જ તેની પરમાર્થ સત્તા છે એ નિશ્ચિત સત્ય છે એવો મારો દૃઢ નિશ્ચય છે.'

જગત એ કેવળ આભાસ છે. એ આભાસ ઉપર કહ્યું તેમ સસલાનાં શિંગડાં, મૃગજળ, વંધ્યાસુત અને આકાશકુસુમ જેવું મિથ્યા છે અને તેથી તે માયા છે. સત્ય વસ્તુ તો કેવળ બ્રહ્મ જ છે.

અને એ જ વાતના સમર્થનમાં શ્રી અવધૂતે કહ્યું :

**''જૂઠી માયા, જૂઠી કાયા, જૂઠા સબ સંસારા;''**
**''એક નિરંજન સોઈ દુઃખ ભંજન, સબ મેં ખેલનહારા !''**

માયા મિથ્યા છે, સંસાર અસાર છે, કાયા નશ્વર છે. એ બધાંય 'અસત્' છે છતાંય તેમાં પણ 'સત્' સ્વરૂપે પરમાત્મા રહેલો છે. અને તે જ આ ઇન્દ્રજાળમાં રહીને બધાંને યંત્રવત્ નચાવે છે. પોતે નિરંજન છે અને દુઃખભંજન છે.

માયા શબ્દ જ વસ્તુના અભાવનો દ્યોતક છે. જે નથી, જેનું વર્ણન થઈ શકતું નથી છતાં જેના વડે જ જગતનો પ્રપંચ આભારી જણાય છે તે માયા છે એમ કહેવામાં કશું જ ખોટું નથી. જો જીવ માયામાં જકડાયલો ન હોય તો, જેમ પિંજરમાંથી મુક્ત થયેલું પંખી રોકટોક વિના આકાશમાં સ્વચ્છંદવિહાર કરે છે તેમ, પરમાત્મામાં સમરસ બનીને બંધનમુક્ત વિહાર કરે. અને તેથી જ માયા જીવનું મિથ્યા છતાંય બંધન છે અને તેથી જ એક ઠેકાણે શ્રી અવધૂતે કહ્યું :






**मृषाऽपिबाधते बंधोऽयंशीघ्रं जहि तं प्रभो ।**

'હે પ્રભો ! મિથ્યા છે છતાં પણ આ સંસારરૂપી બંધન અત્યંત ત્રાસ આપે છે તેનો શીઘ્ર નાશ કર !' અને તેથી જ શ્રી અવધૂતે 'જૂઠી માયા' એવું કહ્યું છે. એક નટને નાટ્યપ્રયોગમાં સ્ત્રીનો સ્વાંગ લઈને પોતાનું પાત્ર ભજવવાનું હતું. એ નટ પોતાના એ પાત્રમાં એટલો બધો તલ્લીન અને તદ્રૂપ બની ગયો કે નાટ્યપ્રયોગ થયા પછી જ્યારે તેને તેના મૂળ નામથી બોલાવ્યો ત્યારે તેણે ઉત્તર જ ન આપ્યો, એટલું જ નહીં પણ 'પોતે સ્ત્રી છે' એ ભાવ તેનામાં એવો દૃઢીભૂત થયો કે તે પોતાને નાટ્યપ્રયોગના નટ તરીકે ભૂલી ગયો. ધીમેધીમે થોડા દિવસે તેને યુક્તિપ્રયુક્તિથી સમજાવાયો ત્યારે તે ભાનમાં આવ્યો. માયાનો પણ આવો જ પ્રભાવ છે. જીવ પર તેનો એટલો બધો પ્રભાવ પડે છે કે તે પ્રભાવમાં પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલીને મિથ્યા ભાસમય બની જાય છે. પણ જ્યારે તેને સત્સ્વરૂપનું ભાન કરાવવામાં આવે ત્યારે તે જાગ્રત થાય છે. જેમ સ્વપ્નાવસ્થામાં અનેકવિધ સુખદુઃખ અનુભવાય છે અને જાગ્રત થતાં તેનું સ્મરણ સરખુંય રહેતું નથી તેમ માયાના પ્રભાવે પ્રભાવિત બનેલો જીવ સંસારનાં કાલ્પનિક સુખદુઃખાદિનો અનુભવ લે છે. જ્યારે તેને સ્વસ્વરૂપનું ભાન થાય છે ત્યારે તે જાગ્રત થાય છે. ત્યારે એ બધાય સુખદુઃખાદિને મિથ્યા માને છે. અને તેથી જ જગતનો પ્રપંચ કેવળ સ્વપ્ન સમો મિથ્યા છે અને તે માયાનો પસારો છે એમ શ્રી અવધૂતે 'જૂઠી માયા' એ શબ્દના ગર્ભમાં બોધ કર્યો છે.

કાયા પણ જૂઠી છે. જન્મે છે, જીવે છે અને મરે છે. જે સત્ય છે તે જન્મ, જીવન અને મૃત્યુથી મુક્ત છે. આત્માને કાયા સાથે કશો જ સંબંધ ન હોવા છતાં કાયામાં માયા રાખીને તે જીવભાવને પ્રાપ્ત કરે છે ત્યારે એ 'જૂઠી કાયા' ને 'મારી કાયા' કરીને તેમાં અહંતાયુક્ત બનીને, કાયાના સુખદુઃખ, સગાંસંબંધીઓ આદિને પોતાનાં માનીને તેને






લીધે અનેક રીતે વિટંબણા વેઠે છે. જો કાયા 'સત્' હોય તો તેનો જન્મ ન થાય, વૃદ્ધિક્ષયાદિ વિકારો ન હોય અને તેનું મૃત્યુ પણ ન થાય. કાયા કોઈની નથી. કાયા તો પંચભૂતોનો નામ, રૂપ અને આકારધારી ઢગ છે. એ પંચભૂત જ્યારે કાયાથી છૂટાં પડે છે ત્યારે કાયાનું અસ્તિત્વ રહેતું નથી અને તેથી જીવને કાયાની જે માયા લાગી છે તે પણ જૂઠી છે.

અને એ જ રીતે આ સંસાર પણ જૂઠો છે, અસાર છે. સંસાર કોનો ? તમારો ? તમારો હોય તો તમારી સાથે રહેને ! પણ તમે તો એક દિ જતા રહેશો અને સંસાર તો જ્યાં અને જેવો છે ત્યાં અને તેવો જ રહેશે અને એક દિ પ્રલયકાળે એ પણ લીન થઈને અવ્યક્ત પરમતત્ત્વમાં ભળી જશે. સારરૂપ તો એક જ 'સત્ સ્વરૂપ' પરમતત્ત્વ જ છે. એ અવ્યક્તપણે વ્યક્તમાં બધેય વ્યાપેલું હોવા છતાં દૃષ્ટિને ગોચર નથી અને તેથી જ નામરૂપાદિથી ભિન્ન છે. નામરૂપાત્મક સંસાર વૃદ્ધિ અને ક્ષયના વિકારયુક્ત છે અને તેથી સારરૂપ નથી, પણ અસાર છે.

આ રીતે માયા, કાયા અને સંસારની અસારતાનો સચોટ ખ્યાલ આપીને શ્રી અવધૂત

**'એક નિરંજન સોઈ દુઃખ ભંજન, સબમેં ખેલનહારા !'**

એમ કહીને પરમતત્ત્વની વ્યાપકતા અને નિષ્કલતાનો ખ્યાલ આપે છે. એ પરમતત્ત્વ નિષ્કલ હોવા છતાંય દુઃખભંજન છે.

અનન્યભાવે તેને શરણે જઈ આર્દ્ર અંતઃકરણે તેની પ્રાર્થના કરવાથી ચિત્ત નિર્મળ થાય છે. તેમાંથી દુઃખનાં બીજ જેવાં રજસ્, તમસ્ ભસ્મ બની જાય છે અને માણસના દુઃખોનો અંત આવે છે. મોટામાં મોટું દુઃખ જે જન્મમરણના ફેરા છે તે ટળી જાય છે તો સામાન્ય દુઃખોનો શો હિસાબ ! જેની પાસે દુઃખના નિવારણની આશા રાખીએ તેને પ્રથમ તો ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ. તેને ઓળખીને તેની સાથે સંપર્ક સાધવાનો પ્રયાસ કરવો જોઈએ. સંપર્ક સાધ્યા પછી પણ જ્યાં સુધી તેની પ્રીતિ સંપાદન ન કરીએ, જ્યાં સુધી તેના દિલમાં રહેલી કરુણા અને દયાના ભાવને ન જગાડીએ ત્યાં સુધી તે આપણાં દુઃખને જાણીને પણ તેને નિવારવાનો ઉદ્યોગ ન કરે એ સ્વાભાવિક છે. અને તેથી ભવભવનાં જન્મમરણનાં કષ્ટોના નિવારણ અર્થે પ્રથમ તો પરમાત્માની પિછાન થવી જોઈએ. પછી તેનો સંપર્ક થવો જોઈએ અને પછી આર્તભાવે તેની આગળ નિવેદન થવું જોઈએ. નિવેદન થયા પછી પણ તે આપણા તરફ વળે એ અર્થે પાત્રતા પ્રાપ્ત કરવી જોઈએ અને એ બધું કર્યા પછી એ પરમતત્ત્વ તમને કોઈ દિવસ નિરાશ નહીં કરે એ સિદ્ધ છે. પરમાત્મા વિશ્વંભર છે, વિશ્વના દુઃખનું નિવારણ કરવાની તેનામાં શક્તિ છે, પણ જે તેને અનન્યભાવે શરણે જાય છે તેનાં જ દુઃખનું નિવારણ થાય છે. દેવતા સળગતો હોય છતાંય ટાઢે ધ્રૂજતો માણસ તેની પાસે જવાની તસ્દી ન

લે તો તેનું શીત શે નિવારણ થાય ? ભગવાન ભક્તની કદીય ઉપેક્ષા કરતો નથી. પણ જે અભક્ત થઈ તેનાથી મોં ફેરવે તેને ભગવાન શું કરે ? અને તેથી અહીં શ્રી અવધૂતે આડકતરી રીતે તે પરમતત્ત્વની દુઃખનિવારણ કરવા માટે—પ્રભુની પ્રીતિ સંપાદન કરવાનો બોધ કર્યો છે. અને એ પરમાત્મા ક્યાં નથી !

**'સબમેં ખેલનહારા'**

છે. બધાયમાં રહેલો અને તેથી ઘટઘટવ્યાપી છે. અંતરમાં રહીને એ સર્વ પ્રાણીનું નિયમન કરે છે અને તેથી તે પ્રાણીમાત્રના અંતરની વાતો જાણે છે. તમારા મનના મનસૂબા તમે કોઈને ન કહો પણ પરમાત્માથી તે અજાણ્યા નથી. એ ઘટઘટવ્યાપી અને અંતર્યામી છે એટલે તમારા સુખદુઃખોથી એ અજાણ નથી. પણ તમે તો જાગતિક સુખોના જ વિચાર કરો છો, સુખસ્વરૂપ એનું ચિંતન છોડી તમારાં દુઃખોના ચિંતનમાં જ મગ્ન છો. એ દૂર કરવાને અને સુખ મેળવવાને બહાર ફાંફાં મારો છો, પણ એ સુખદુઃખો કાલ્પનિક છે. શરીર છે ત્યાં સુધી થોડે ઘણે અંશે રહેવાનાં જ છે. સૌથી મહાન દુઃખ તો જન્મમરણનો ફેરો છે. એ ટળ્યા વગર વાસ્તવિક રીતે જાગતિક દુઃખોનો અંત આવવાનો નથી. પણ તમે કોઈ દિ આનો વિચાર સરખોય કર્યો છે ખરો ? એ દુઃખભંજન સુખનિધાન પ્રભુ તરફ વળીને કોઈ દિ જોયું છે ખરું ? ના. તો પછી તમને શો અધિકાર છે પરમાત્માની દયા યાચવાનો ? તમે તો અંતકાળે પણ તમારા પરિવાર, તમારા ધનસંપત્તિનો અને તમારી મોહમમતાનો જ વિચાર કરો છો અને હાથે કરી જન્મમરણના ચક્કરમાં પડી દુઃખને નોતરો છો; તો પછી **'સબમેં ખેલનહારા'** ઘટઘટવ્યાપી એ અંતર્યામી પ્રભુનો શો દોષ છે ? માટે સાચા સુખી થવું હોય અને દુઃખમાંથી કાયમની મુક્તિ જોઈતી હોય તો એ અંતર્યામીને પોકારો ! સુખસાગર સમા એને પિછાની એકમેવ એને જ શરણ જાવ !

પણ અંતરાત્માની એ ઓળખાણ કોણ કરાવે ? શ્રી અવધૂત કહે છે કે :

**"ઝંદાવેસ્તા કુરાન દેખા, ઢૂંઢા વેદ પુરાણા,"**
**"કરાર કલમા કામ ન આયા, ખાલી મગજ ખવાયા !"**

સર્વ ધર્મગ્રંથોનો ઉગમ આ અર્થે જ છે. પારસીઓનો મૂળ ધર્મગ્રંથ ઝંદઅવેસ્થા, મુસ્લિમોનું પવિત્ર કુરાન, હિંદુઓનો અપૌરુષેય વેદ, વ્યાસ પ્રણીત અષ્ટાદશ પુરાણો, ખ્રિસ્તીઓનું બાઈબલ વગેરે વગેરે ધર્મના અનેક આધારગ્રંથો છે. તે બધાય સ્વબુદ્ધિથી જોયા, પણ તેથી કાંઈ વળ્યું નહીં. પરમાત્મા દૂરનો દૂર રહ્યો. શાશ્વત્ સુખશાંતિની ઝાંખી સરખી ન થઈ. ઊલટું મગજ નાહકનું ચગડોળે ચઢ્યું અને વિદ્વત્તા અને ધાર્મિકતાનો અહંકાર વધ્યો તે જુદો ! શબ્દનું મૂળ શબ્દાતીત પરમાત્મા શબ્દનાં ગૂંથણા

ચૂંથે ન મળે ! ધાર્મિકગ્રંથોના પણ લૂખા વાચન કે પાઠથી જ પ્રભુ મળતા હોય તો છાપખાનાનાં બીબાં ગોઠવનારાઓ કે તપાસનીસો(પ્રૂફ-રીડરો)ને પહેલાં મળે. પણ એમને તો માંડ પેટનો ખાડો પૂરવા જેટલાં ઠીકરાંય નથી મળતાં ! વળી આવા આર્ષગ્રંથોમાં ગર્ભિત ઘણું હોય છે. બધે એક જ રહસ્ય ભરેલું હોવા છતાં કેવળ શબ્દો તરફ જોવાથી પરસ્પર વિરોધી અર્થનો આભાસ થવાનો સંભવ રહેલો છે. સામાન્ય માણસની બુદ્ધિ પણ એ સમજવા જેટલી વિકસિત થયેલી નથી હોતી. કેટલાક ભાગ રોચક હોય છે. ધર્મગ્રંથમાં લખેલી તેની અનેક પ્રણાલિકાઓ અને ક્રિયાકાંડો પ્રત્યે આકર્ષણ અને પ્રીતિ થાય અને વાચક તેના આચરણ પ્રત્યે પ્રેરાય તે અર્થે હોય છે. કેટલોક ભાગ ભયાનક વિધાનોથી ભરેલો હોય છે. ગ્રંથમાં નિષિદ્ધ ગણાવેલી નીતિરીતિઓમાંથી માણસ પરાવૃત્ત થાય તે માટે આજ્ઞાઓનો ભંગ કરનારને ભોગવવા પડતાં ભયંકર પરિણામોના વર્ણનથી ભરેલો હોય છે. કેટલોક ભાગ યથાર્થ એટલે સત્યાર્થ પ્રતિપાદક કે ત્રિકાલાબાધિત હોય છે. આ બધાનો વિવેક કરતાં ન આવડે તો સાધકની મતિ બહેર મારી જાય તેમ છે. વળી પરિસ્થિત્યનુરૂપ કે અન્યથા જુદા જુદા ધર્મગ્રંથોમાં એક બીજાથી ભિન્નભિન્ન આચારોનું મહત્ત્વ વર્ણવેલું હોય છે. એથી એ સાધકના મનમાં અનેક શંકાકુશંકાઓનાં વાદળ ઊભાં થાય છે અને મતિ ગૂંગ થઈ જાય છે. આનુવંશિક સંસ્કારોને લીધે કોઈ એકાદ ગ્રંથને જ પ્રમાણ માનીને તેના અક્ષરને વળગી તે પ્રમાણે વર્તવા જાય તો મતિમાં જડતા આવી ધર્માંધ થવાનો સંભવ રહે છે. અને બીજા ધર્મગ્રંથો અને તેના ભિન્ન આચારયુક્ત અનુયાયીઓ પ્રત્યે અસહિષ્ણુતા કે દ્વેષ વધી, શાંતિને બદલે પોતામાં અને સમાજમાં અશાંતિ અને ઝઘડાનું વાતાવરણ ઊભું થવાનો સંભવ રહે છે. વળી 'હું ધાર્મિક છું.' અમુક આચાર કરું છું તેથી પવિત્ર છું, બહુશ્રુત છું,' એવો અહંકાર વધતો જ જાય છે અને મગજ ડહોળી નાંખે છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું કે :

**'ખાલી મગજ ખવાયા'**

અહીં તે તે ધર્મગ્રંથો તરફ કટાક્ષ નથી; પણ તે તે ધર્મગ્રંથોનો મર્મ કે રહસ્ય સમજ્યા વિના માત્ર તેના શબ્દોને વળગી રહી શબ્દરાચી પંડિતોની અસહિષ્ણતા અને અહંકારમૂલક મતમતાંતરોના ઝઘડાઓ પ્રત્યે જ કટાક્ષ છે.

તાત્પર્ય એ છે કે ધર્મગ્રંથોના મતમતાંતરના ઝઘડામાં પડી કોઈ અમુક જ પ્રણાલિકાનો દુરાગ્રહ રાખવો એ ક્લેશનું મૂળ છે અને આજે આપણે તેનું પરિણામ પણ જોઈએ છીએ. ધર્મને નામે માનવતા ભૂલેલા માનવીઓની જગતમાં ખોટ નથી. ધર્મ તો એક જ છે. સમાજને જે ટકાવી રાખે, છિન્નભિન્ન થતો અટકાવે, લૌકિક અને પારમાર્થિક કલ્યાણનો માર્ગ ચીંધે તે ધર્મ. તે ધર્મ તો એક જ છે. શાંતિ કે શ્રેયનું લક્ષ્ય તો એક





જ છે પણ તેનું પ્રતિપાદન કરનારા ધર્માચાર્યો અને પંડિતો કે શ્રી અવધૂતના શબ્દોમાં કહીએ તો 'શબ્દાચાર્યો' અને પિંડપોષક અહં-પંડિતો'એ સ્વીકારેલા માર્ગો કજિયાનું મૂળ છે. મૂળ વસ્તુનું સાચું જ્ઞાન થાય તો એ કલહ આપોઆપ શમી જશે. બધાય આર્ષધર્મગ્રંથો, ઈશ્વર, અલ્લાહ વગેરે ભિન્નભિન્ન નામોથી એક જ અભિન્ન પરમાત્માનાં યશોગાન ગાય છે અને તેની પ્રાપ્તિના માર્ગ બતાવે છે.

પરમતત્ત્વ એક, અખંડ અને અજોડ છે. જેમ જેમ વિચારકો વધતા ગયા, તેમ તેમ તેમણે પોતાના મત અનુસાર વાડાઓ ઊભા કર્યા અને એ અનામી પરમાત્માનાં નામ પાડ્યાં. નિરાકારના આકાર નિર્માણ કર્યા. પોતાની પ્રણાલિકા એ જ સાચી છે અને બીજી બધી વ્યર્થ છે, ભ્રામક છે એવો આગ્રહ રાખ્યો અને તેમાંથી પક્ષાપક્ષી ઊભી થઈ. અનામીના નામ અને નિરાકારના આકારની કલ્પના કરીને તેની ઉપાસના કરવાનો આરંભ થયો. રામ, કૃષ્ણ, દેવ, દેવીઓ, ક્રાઈસ્ટ, ઈશ્વર, અલ્લાહ આદિ અનેક નામે એ પરમતત્ત્વ પ્રસિદ્ધિ પામ્યું અને તેના આચાર્યો અને વિચારકોએ પોતાને જે સત્ય જણાયું તેનો ભિન્નભિન્ન ધર્મને નામે પ્રચાર કરવાનો આરંભ કર્યો. એ બધા રસ્તાઓ મૂળે એક જ પરમધામ તરફ જવાના હતા તેથી ઝઘડા જેવું કશું જ નહોતું. પાછળથી એ મૂળ સિદ્ધાંતનો લોપ થયો અને માત્ર પડછાયારૂપ આ ભિન્નભિન્ન ધર્મના ચીલાઓ રહી ગયા. શૈવ વૈષ્ણવને ભાંડે, શાક્ત શૈવને ભાંડે અને બીજા ધર્મોમાં પણ આમ એક જ પરમતત્ત્વને કારણે વિચારભેદ, આચારભેદ, પ્રણાલિકાભેદ આદિના કારણે કલહ ઉત્પન્ન થયો, ધર્મના નામે પાખંડ વધ્યા, સાધનનો લોપ થયો, સાધ્ય વિસરાયું અને બ્રહ્માડંબર પુજાવો શરૂ થયો. પાખંડી પુજાતા થયા અને પ્રભુતાને બદલે લઘુતા-દ્વેષબુદ્ધિ વધી અને શ્રી અવધૂતે કહ્યું તેમ 'ખાલી મગજ ખવાયા'. સામાન્ય માણસની મતિ ચકાવે ચઢી. એની વિચારશક્તિ કુંઠિત થઈ ગઈ. ત્યારે સર્વસાધારણ માટે આત્મકલ્યાણનો માર્ગ કયો ? જ્યાં સ્વમતિ કામ ન કરે, પોતાની આંખે માર્ગ ન સૂઝે તો શું કરવું ? કોઈ સારા માર્ગદર્શક કે સદ્‌ગુરુની સરદારી નીચે જવું એ જ ઈષ્ટ છે. તેના વગર બીજો તરણોપાય નથી. નીચેના શબ્દોમાં શ્રી અવધૂત પણ એ જ વાત કરે છે.

"રંગ કૂપા ગુરુ ગોતા માર્યા, અમુલખ મોતી પાયા !"
"અંદર બાહિર ચમક દિખાયા, ભાન આપ ભુલાયા !!"

એવા સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરી પુસ્તકોમાં કે અન્યત્ર બહાર ફાંફાં મારવાં છોડી દઈ એ ગુરુચીંધ્યા માર્ગે અંતરાત્મામાં ડૂબકી મારી એક પછી બીજા સ્તરમાં એમ ઊંડે ને ઊંડે શોધ કરતાં, એ પરમતત્ત્વરૂપી અમુલખ મોતી-આત્મતત્ત્વ-અક્ષય સુખનો કિંમતી ખજાનો હાથ લાગ્યો. અંદર બહાર બધું એની ચમકથી ઝળહળી ઊઠ્યું અને પોતાનું દેહાદિ

ભિન્નભાન, સર્વભાન હરાઈ ગયું. અંદર બહાર વ્યાપી રહેલા એ અભિન્ન પરમપ્રકાશમાં પોતાનું વ્યક્તિત્વ ખોવાઈ ગયું. સમરસ થયું.

ગુરુનો મહિમા તો જેટલો ગાઈએ તેટલો ઓછો છે. શાસ્ત્રો, મહાપુરુષો અને બીજાઓ મુક્તકંઠે એ ગુરુનો મહિમા ગાતાં થાકી જાય છે તોય એનું યથાર્થ વર્ણન થઈ શકતું નથી. અહીં પણ શ્રી અવધૂતે એ જ ગુરુના મહિમા પ્રતિ ઈશારો કર્યો છે. જ્યારે માણસના હાથ બધી બાજુએથી હેઠા પડે છે ત્યારે તેને પોતાના દૃષ્ટાંતથી સાધનમાં પ્રોત્સાહન આપી આગળ ધપાવનાર, વચમાં આવતાં ભયસ્થાનો પ્રત્યે લાલબત્તી ધરી અંતરની બધી ગૂંચો ઉકેલી ઠેઠ પરમધામ સુધી પહોંચાડનાર કરુણાનિધાન સદ્‌ગુરુ વગર બીજું કોઈ જ નથી. એની કૃપા એ જ ઈશ્વર પ્રાપ્તિનું અચૂક સાધન છે.




ભા.- ૩

ગુરુકૃપા વિના એ પરમતત્ત્વ-ગોવિંદનાં દર્શન દુર્લભ છે. ગોવિંદનું તત્ત્વદૃષ્ટિએ દર્શન કરવા માટે પુસ્તકિયા જ્ઞાન, ધ્યાન, ભજન તેટલાં ઉપયોગી નથી. એ બધાં સહાયક ભલે હોય પણ આત્મસાક્ષાત્કાર અર્થે તો ગુરુકૃપા થાય ત્યારે જ એ બધાં સાધનો ઉપયોગી નીવડે. નામદેવ જેવા શ્રી વિઠોબા સાથે સાક્ષાત્ વાતો કરનાર પરમભક્તને પણ જ્યાં સુધી વિસોબા ખેચર જેવા સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત ન થઈ ત્યાં સુધી તે ગોરા કુંભારની ભાષામાં કહીએ તો 'કાચો કુંભ' જ રહ્યો. અને પરમતત્ત્વનું રહસ્ય સમજવાની સમજ ન આવી તે ન જ આવી. શ્રી રામ, શ્રી કૃષ્ણ આદિ અવતારી પુરુષોને પણ ગુરુની કૃપા વિના ન ચાલ્યું. અને એ રીતે ગુરુકૃપાથી અંતઃકરણમાં ગોતું મારીને 'અમુલખ મોતી' પ્રાપ્ત કર્યાની વાત કરી છે. એ અમુલખ મોતી એટલે આત્મદર્શન-પરમતત્ત્વનું તાત્ત્વિક જ્ઞાન જેને શ્રી ભગવાને પણ

''कश्चिन्मां वेत्ति तत्त्वतः''

એ પ્રમાણે કહ્યું છે તે તત્ત્વદર્શન. જેમ મોતી કાઢનારો સમુદ્રમાં છેક તળિયા સુધી પહોંચી જાય છે ત્યારે જ તેને મોતીની પ્રાપ્તિ થાય છે, તેમ ગુરુકૃપાના બળથી સાધક જ્યારે અંતરાત્મામાં ઠેઠ મૂળ સુધી ઊંડાણમાં ઊતરે છે ત્યારે જ સાધ્યનો સાક્ષાત્કાર કિંવા અપરોક્ષ અનુભવ થાય છે. ગુરુકૃપાવિહીન સાધક ભલે પ્રતિસૃષ્ટિ સર્જાવવાને પણ પોતાની સાધનાના બળે શક્તિમાન બને પણ પરમતત્ત્વનું તાત્ત્વિક રહસ્ય, સમજ, તેનો પ્રત્યક્ષ અનુભવ કરી તેમાં સમરસ કે તદાકાર થવાને તો ગુરુકૃપા જ આવશ્યક છે. એ ગૂઢ રહસ્ય કેવળ ગુરુકૃપા થયા વિના પ્રાપ્ત થતું નથી. જ્યારે એ અમુલખ મોતીની પ્રાપ્તિ એટલે આત્માનું દર્શન થાય છે ત્યારે સાધકને પોતાના જ હૃદયમાં રહેલ એ આત્મજ્યોતનો પ્રકાશ જણાય છે અને બહાર વિશ્વમાં પણ જ્યાં જુઓ ત્યાં એ જ પ્રકાશનો ઝમકાર નજરે પડે છે.



આગળ કહ્યું તેમ આત્મા એ કોઈ જોવાની વસ્તુ નથી. આત્મા

એ કાંઈ આકારવાન, રૂપવાન પદાર્થ નથી. આત્મા એ કાંઈ ગુણવાન પદાર્થ નથી. એ તો ઉપનિષદ્કારોએ ગાયું તેમ

> ते ध्यानयोगानुगता अपश्यन्
> देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम् ।
> यः कारणानि निखिलानि तानि
> कालात्मयुक्तान्यधितिष्ठत्येकः ॥

"એ ઋષિમુનિઓએ ધ્યાનયોગનું અનુવર્તન કરીને પોતાના ગુણોથી આચ્છાદિત પરમાત્માની શક્તિનો સાક્ષાત્કાર કર્યો. જે પરમાત્મા એકલો જ કાળથી આરંભી આત્માપર્યંત સમસ્ત કારણોનું અધિષ્ઠાન છે." એ કેવળ પ્રકાશમય **'देवात्म शक्तिः'** એટલે પ્રકાશમય અથવા પ્રકાશસ્વરૂપ અને તેથી સમસ્ત તેજના તેજરૂપ પ્રકાશઘનમૂર્તિ એ પરમતત્ત્વ છે.

મોતી જો પાણીદાર હોય તો તેનો પ્રકાશ ચોમેર ફેલાય છે. તેમ જ્યારે ગુરુકૃપાએ સાધકને આત્મસાક્ષાત્કાર થાય છે અને તેનું ગૂઢ રહસ્ય તેને સમજાય છે ત્યારે તેને અંદર અને બહાર, એ જ આત્માનું નૂર પ્રકાશસ્વરૂપે ફેલાયેલું જણાય છે. એ નૂરનો અનુભવ કરવાને, એ આત્માને જોવાને દિવ્યચક્ષુ જોઈએ. જ્યાં સુધી એ દિવ્યજ્ઞાનરૂપ દિવ્યચક્ષુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રકાશમાં બધું જ અંજાઈ જાય છે અને એ પ્રકાશ સહન કરવાની શક્તિ પણ આવતી નથી. આપણે વીજળીનો એક જ ચમકાર જોઈએ છીએ એટલે તુરત જ આપણી આંખો એ પ્રકાશ સહન કરવાને શક્તિમાન ન હોવાથી બંધ થઈ જાય છે. એને બંધ કરવાનો યત્ન પણ કરવો પડતો નથી તેમ જ્યાં સુધી આત્માનો દિવ્યપ્રકાશ-દેવાત્મશક્તિ-ઝીલવાને અંતઃચક્ષુ પ્રાપ્ત થતાં નથી ત્યાં સુધી એ પ્રકાશ ઝીલી શકાતો નથી. અને એ ઝીલવા માટે ગુરુકૃપાની જરૂર છે. દર્શન માટે અને એ દર્શનની અલૌકિક આનંદાવસ્થાને પચાવવાને પણ શ્રી ગુરુકૃપા આવશ્યક છે. ગુરુકૃપાના અભાવે લુંપદ આવે છે અને મદિરા પીધેલા પ્રમાણે ' अहं ब्रह्मास्मि'ની પોકળ અનુભવશૂન્ય બૂમો વાટે ને ઘાટે મારતો થઈ જાય છે. પ્રાપ્ત કર્યું ન કર્યું એટલમાં જ ગુમાવી દે છે. આખી રાત દળીદળીને કોડિયામાં ઓસારવા જેવી ગતિ થાય છે. એ સ્થિતિ અટકાવવાને ગુરુકૃપાની જરૂર છે. પુરુષાર્થમાત્ર એ કૃપા પચાવવાને માટે જ કરવાનો છે.

એ આત્મદર્શનનું પરિણામ પણ શ્રી અવધૂતે કહ્યું છે :

**"ભાન આપ ભુલાયા !"**

સાધક પોતાનું દેહાભિમાન ભૂલી જાય છે. દેહભાન ઊડી જઈ આત્મભાનમાં જ સાધક સમરસ રહે છે. જડભરતની અવસ્થા આવી જ હતી. તમે જે જણાવ છો તે તમે નથી પણ તેથી વિલક્ષણ તમે છો એવું જ્યારે તમે જાણો ત્યારે તમારી ભ્રમણાત્મક સ્થિતિ તમે ભૂલી જાવ છો. નાટકનો નટ નાટકમાં જે ભૂમિકા ભજવતો હોય તે પોતે નથી એવું અંતરમાં

પૂરેપૂરું સમજે છે, એટલે જ તેને ભૂમિકાના પાત્રમાં અહંતા રહેતી નથી તેમ અહીં પણ તમે દેહ નથી પણ દેહાત્મા છો એવું આત્મસાક્ષાત્કારના કારણે ભાન થાય છે ત્યારે તમે દેહને ભૂલી જાવ છો. જડભરતની અવસ્થા એટલે દેહવિસ્મરણની અવસ્થા અને પછી એનાય વિસ્મરણપૂર્વક સ્વાભાવિક આત્મનિષ્ઠા. એમ આત્મસ્થિતિમાં સાધક સાધ્યથી–સ્મરણથીયે પૃથક્ રહેતો નથી. એવી અવસ્થા પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત થયા પછી એ પચાવવા માટે ઉપર કહ્યું તેમ ગુરુકૃપાની જરૂર છે. ત્યારે જ તે પોતાને ભૂલીને પરમતત્ત્વના પ્રકાશમાં સમરસ થઈ સ્વમહિમામાં પ્રતિષ્ઠિત થાય છે. પછી જેમ સૂર્ય પોતાનો મહિમા ગાતો ફરતો નથી તેમ એ ગુરુકૃપાપ્રસાદે પ્રાપ્ત કરેલા અણમોલ મોતીને જેને તેને બતાવતો અને પોતાના આત્મજ્ઞાનનું પ્રદર્શન કરવા ઘેરઘેર ભટકતો ફરતો નથી. પોતાને ભૂલીને પરમાત્મમય બનેલો એ સિદ્ધ તો શાંત એકાંતમાં જ પોતાના પ્રારબ્ધને ક્ષીણ કરતો પોતાના જીવનની અવશેષ પળો વિતાવે છે.

એવા આત્મભાન–દેહભાન ભૂલેલાની અવસ્થાનો આછો ખ્યાલ શ્રી ભગવાને ઉદ્ધવને આપ્યો છે. તે અહીં અસ્થાને નહીં ગણાય.

तिष्ठन्तमासीनमुत व्रजन्तं
शयानमुक्षन्तमदन्तमन्नम् ।
स्वावमन्यत् किमपीहमान
मात्मानमात्मस्थमतिर्न वेद ॥

'જે પોતાના સ્વરૂપમાં સ્થિત થયો છે તેને શરીર બેઠું છે કે ઊભું છે, તે ચાલે છે કે સૂતું છે, મળમૂત્ર ત્યાગ કરે છે કે નથી કરતું. ભોજન અથવા બીજું કોઈ સ્વાભાવિક કર્મ કરી રહ્યું છે કે કેમ તેનું ભાન હોતું નથી. કારણ કે તેની બધી વૃત્તિઓ આત્મસ્વરૂપમાં સ્થિત–બ્રહ્માકાર બની જાય છે.'

તાત્પર્ય એ છે કે જેને આત્મજ્ઞાને કરી દેહાદિનું વિસ્મરણ થયું છે, દેહભાન જેનો સમૂળ ગળી ગયો છે તેને પૃથક્રૂપે વૃત્તિઓ રહેતી નથી. એ વૃત્તિઓ તો દેહાદિની છે અને તેથી જ દેહ આદિની ઉત્પત્તિ સાથે જ ઉત્પન્ન થાય છે અને દેહભાવનો લય થતાં જ, 'દેહ આદિ હું છું' એવું અજ્ઞાન નષ્ટ થતાં જ તે વિલીન થાય છે. બ્રહ્મજ્ઞાનના પ્રકાશમાં ઓગળી જાય છે. બ્રહ્મમાં એકરૂપ થયેલાની–બ્રહ્મસ્વરૂપ થયેલાની વૃત્તિઓ પણ બ્રહ્માકાર બને છે અને તેથી જ તેમાં ભિન્નભાવની ગંધ પણ હોતી નથી. તેથી જ શ્રી અવધૂતે કહ્યું છે કે :

**"અંદર બાહિર ચમક્ દિખાયા, ભાન આપ ભૂલાયા !"**

પણ એ બધું ક્યારે થાય ? કોઈ સદ્ગુરુની કૃપા થાય ત્યારે. મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંતશ્રી એકનાથે પણ ગાયું છે કે :

गुरुकृपा अंजन पायो मेरे भाई !
राम बिना कछु देखत नाही ॥

(૫૩)

જીવન દો દિનકા દો દિનકા, નહીં ભરોસા જમકા.–ટેક.
સાંસ સાંસ સુમર લે સાંઈ, ચઢ લે ઘાટ અગમકા;
ગુરુગમ મારગ સ્હેજ સાધ લે, સુન લે ઘંટા નિગમકા.–જીવન. (૧)
ધન જન દારા અરુ પરિવારા, સાથી ન કો પર ઘરકા;
કરમ ધરમ દો સંગ ચલેંગે, મત બાવર રખ તનકા.–જીવન. (૨)
ઇંગલા પિંગલા સુખમણ સંગમ, સ્થાન ત્રિવેણી ઘટકા;
બંકનાલ સો વ્રજવૃંદાવન, ધો લે મેલ સબ મનકા.–જીવન. (૩)
સંકલ્પ વિકલ્પ દોનું બીચમેં, અલખ ધામ નિર્ગુણકા;
નેત્ર ફેર કે રંગ દેખ લે, વૃથા વાદ તીન ગુણકા.–જીવન. (૪)
શુન્યસમુંદર સુરતનાવસે, ધ્યાન ધરે જબ ધ્રુવકા;
સાતોં પાર પળે જબ પંથા, લગે પાર ભવજલકા.–જીવન. (૫)
અટપટ દેશ અતિશે સાધો, બજે અનાહત ડંકા;
સદ્ગુરુ શરણ બિના નવ જાને, હો રાજા હો રંકા.–જીવન. (૬)
જ્યોં કા ત્યોં સબ સભર ભરાહૈ, આદિ અંત નહીં જાકા;
દેખનદારા સુધબુધ ભૂલે, રંગ કહે કો તાકા ?.–જીવન. (૭)





❋

આ ગીતમાં શ્રી અવધૂતે સંસારની અસારતાનો સચોટ ખ્યાલ આપીને તેને પાર કરવાનાં સાધનોનું વર્ણન કર્યું છે અને પરમતત્ત્વની પ્રાપ્તિનું પરિણામ પણ કહ્યું છે.

**'જીવન દો દિનકા દો દિનકા;'**

આ જીવન બે દિવસનું એટલે અસાર છે. જે શાશ્વત છે તેનો અભાવ નથી. સરજનમાત્ર જેવું અસાર છે, ઉત્પન્ન થઈ, વિકાસ પામી અંતે જેમ વિલીન થઈ જવાનું છે તેમ માનવજીવન પણ અંતે વિલીન થઈ જવાનું છે એ સત્ય છે. માનવી એ વાત જાણે છે છતાંય અજ્ઞાન અને ગુણકર્મને આધીન બનીને જીવન જાણે શાશ્વત હોય એમ વર્તન કરે છે. પરમાત્માને ઓળખવાની લેશમાત્ર પરવા કર્યા વિના કે તે તરફ પ્રવૃત્તિ કર્યા વિના કેવળ અર્થકામપ્રધાન પ્રવૃત્તિઓ કરીને અંતે કાળને આધીન બને છે. એવા ગાફિલ માનવીને શ્રી અવધૂત કહે છે :

'ભાઈ, આ જીવન બે દિનનું છે અને જમનો ભરોસો નથી. જમનો પંજો ક્યારે શિર પર પડશે તે કોઈ જાણતું નથી. અને તેથી

**"સાંસ સાંસ સુમર લે સાંઈ, ચઢ લે ઘાટ અગમકા;"**

"શ્વાસે શ્વાસે શ્રી હરિનું સ્મરણ કરીને પરમધામની પ્રાપ્તિ કરી લે."





श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ।

એ શ્રી અવધૂતનો બોધ છે. મનુષ્યના શ્વાસપ્રશ્વાસે સોઽહમ્ હંસઃનો અનાહત ધ્વનિ થતો જ રહે છે. અને તે અજંપાજાપ તરફ સાધકનું લક્ષ દોરતાં શ્રી અવધૂત કહે છે કે પરમાત્મપ્રાપ્તિ અર્થે એ નામસ્મરણ જેવું આ કલિકાળમાં બીજું સરળ અને સુગમ છતાંય સચોટ સાધન એકે નથી. જે અનેક તપ, યોગ, યાગ આદિ કર્યાથી પ્રાપ્ત કરી શકાય છે તે પરમતત્ત્વની પ્રાપ્તિ કેવળ નામસ્મરણથી થાય છે. અને તેથી બીજાં બધાં સાધનોના અભાવે કેવળ નામસ્મરણ કરવાનું જ અહીં સૂચન કરવામાં આવ્યું છે. એ નામસ્મરણનું વિશદ વિવેચન અન્યત્ર કરવામાં આવ્યું છે એટલે અહીં સંકેતમાત્રથી જ આપણે સંતોષ માનીશું.

શ્રી અવધૂત આગળ ચાલતાં એ જ

**"સાંસ સાંસ સુમર લે સાંઈ–"**

ના અનુસંધાનમાં કહે છે.

**"ગુરુગમ મારગ સ્હેજ સાધ લે, સૂન લે ઘંટ નિગમકા."**

શ્વાસેશ્વાસે શ્રી હરિનું સ્મરણ કરવાનો એ મારગ છે તે સરળ છે, સુગમ છે છતાંય તેમાં એક યુક્તિ છે. એ યુક્તિપુરઃસર જો એ સ્મરણ થાય તો જ તેનું ઈષ્ટ પરિણામ આવી શકે છે. એ યુક્તિ ગુરુગમ છે. તાત્પર્ય એ છે કે એ સ્મરણ કેવળ પોપટિયું ન હોવું જોઈએ. જેના નામનું રટણ અને સ્મરણ થતું હોય તે નામ જે ઈષ્ટનું હોય તેનામાં જ સ્મરણ સમયે સર્વ રીતે ધ્યાન પણ હોવું જોઈએ. અને એ જ જરૂરનું છે. નામોચ્ચારની કિંમત નથી, નામસ્મરણ ફલદાયી છે. જેમ એક શરકાર એક શર બનાવતો હોય ત્યારે તેનું ચિત્ત, વૃત્તિ અને મન એ બધુંય એ શરમાં હોવાથી, શરમય હોવાથી તેને બીજાં કશાનું ધ્યાન કે લક્ષ રહેતું નથી તેમ, જ્યારે શ્વાસેશ્વાસે આપણે નામસ્મરણ કરતા હોઈએ ત્યારે તમામ વૃત્તિઓ નામીમાં જ હોવી જરૂરની છે. શ્વાસથી નામસ્મરણ કરવાનો અભ્યાસ કરીને તે કરી શકીએ, પણ જો વૃત્તિ તેની સાથે સુસંગત ન હોય અને પ્રપંચમાં ભટકતી હોય તો એ નામસ્મરણનો કશો જ અર્થ નથી. કાચબો જેમ પોતાનાં સર્વ અંગોને પોતાની પીઠ પાછળ સંકેલી લઈને નચિંત બની જાય છે તેમ સાધક જ્યારે નામસ્મરણ કરે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ઈન્દ્રિયો અને વૃત્તિઓને સર્વ બાજુથી સંકેલી કેવળ નામીમાં જ કેન્દ્રિત કરીને જો શ્વાસેશ્વાસે નામસ્મરણ કરે તો જેમ કીટ ભ્રમરી બને છે તેમ એ સાધક સાધ્ય બને એમાં શંકા પણ નથી.

અહીં

**'સુન લે ઘંટ નિગમકા'**

એ શબ્દોદ્વારા શ્રી અવધૂતે ડંકો વગાડીને શાસ્ત્રોએ કરેલી એ સુગમ સૂચના તરફ ધ્યાન ખેંચ્યું છે.






સંસારની નશ્વરતાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

**'ધન જન દારા અરુ પરિવારા, સાથી ન કો પર ઘરકા;'**

**'કરમ ધરમ દો સંગ ચલેંગે, મત બાવર રખ તનકા.'**

જગત સ્વાર્થમય છે, જ્યાં સુધી પરસ્પર સ્વાર્થ છે ત્યાં સુધી જ એક બીજાનો સંબંધ છે. યાજ્ઞવલ્ક્યે મૈત્રેયીને કહ્યું : ''પતિ પતિને ખાતર પ્રિય નથી, પત્ની પત્નીને ખાતર પ્રિય નથી, કોઈ કોઈને ખાતર પ્રિય નથી, પણ સૌ પોતાના સ્વાર્થને ખાતર બીજા સાથે પ્રીતિ રાખે છે.''

**आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति ।**

આપણે જગતનું અને સંબંધીઓનું નિરીક્ષણ કરીશું તો આ સિદ્ધાંત સાચે જ સત્ય જણાશે. તેથી શ્રી અવધૂત કહે છે : ''લક્ષ્મી, આપ્તજનો, મિત્રમંડળ અને પરિવાર આદિ જાગતિક પ્રાપંચિક વસ્તુઓ કોઈ સાથે આવવાની નથી. એ બધાંય પરાયાં છે અને સૌ સૌનો સ્વાર્થ પૂરો થયે છોડી જવાનાં છે. સાથે તો માત્ર સારાં માઠાં જે કર્મ કર્યાં હશે તે જ આવવાનાં છે.'' તાત્પર્ય એ છે કે માનવી જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેનાં જે કર્મો છે તેના સંસ્કારો તેની સાથે અન્ય જન્મમાં જાય છે અને તે કર્મને અનુસાર તેને સારી નરસી યોનિની પ્રાપ્તિ થાય છે. જે મનુષ્ય શરીરનો ભરોસો રાખે છે તે ખત્તા ખાય છે. અને તેથી જ

**'મત બાવર રખ તનકા'**

કહીને શરીરનો ભરોસો ન રાખતાં કેવળ આત્મકલ્યાણમાં જ મંડી જવાની સૂચના આપી છે.

હવે શ્રી અવધૂત આપણને યોગમાર્ગનો પણ થોડો પરિચય કરાવતાં કહે છે કે :—

**'ઈંગલા પિંગલા સુખમણ સંગમ, સ્થાન ત્રિવેણી ઘટકા;'**

**'બંકનાલ સો વ્રજવૃંદાવન, ધો લે મેલ સબ મનકા.'**

આત્મતત્ત્વની યોગમાર્ગે પ્રાપ્તિ કરવાનો પ્રયાસ કરતા સાધક માટે આ પંક્તિમાં માર્ગદર્શન છે. ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડીઓ દ્વારા જ્યારે સાધક બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ કરે છે ત્યારે પરમજ્યોતનાં ત્યાં તેને દર્શન થાય છે. આજ્ઞાચક્ર આગળ એ ત્રણે નાડીઓનો સંગમ થાય છે. જેમ આપણે ત્રિવેણીમાં એટલે જ્યાં ગંગા, જમુના અને સરસ્વતીનો સંગમ થાય છે ત્યાં પ્રયાગરાજ જઈએ છીએ અને ત્યાં સ્નાન કરીને આપણા બધાય મેલનો નાશ કરીએ છીએ તેમ અહીં પણ એ ભ્રુકુટિ સ્થાનમાં આવેલી આધ્યાત્મત્રિવેણીસ્નાનથી અને ત્યાંથી અટપટામાર્ગે સહસ્રદલરૂપી વ્રજવૃંદાવનમાં જઈ પરમતત્ત્વ શ્રી કૃષ્ણચંદ્રનો સાક્ષાત્કાર કરી મનના સર્વ મેલોથી — વાસનાઓથી મુક્ત થવાનો સંકેત કર્યો છે. યોગમાર્ગનો આ સંકેત ગુરુગમ્ય હોવાથી અને અન્યત્ર આપણે એનો યથાયોગ્ય ઉલ્લેખ કરેલો હોવાથી અહીં માત્ર ટૂંકમાં જ પતાવવાનું ઉચિત ધાર્યું છે.






આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'સંકલ્પ વિકલ્પ દોનું બીચમેં, અલખ ધામ નિર્ગુણકા;'**
**'નેત્ર ફેર કે રંગ દેખ લે, વૃથા વાદ તીન ગુણકા.'**

મનની ચંચળ અવસ્થાને પરિણામે સંકલ્પ અને વિકલ્પનો પ્રવાહ સતત વહેતો રહે છે પણ તેમાંય એક સંકલ્પ ઊઠે અને તે પૂરો થઈ બીજો સંકલ્પ ઊઠે એ દરમ્યાનનો જે નિરાલંબ અવકાશ છે ત્યાં જ બ્રહ્મનું સ્થાન છે. અને તે પ્રાપ્ત કરવા માટે અથવા તે ક્ષણને પકડીને ત્યાં બ્રહ્મનું અનુસંધાન કરવા માટે અહીં સંકેત કરવામાં આવ્યો છે. જ્યારે માયાજનિત ત્રણ ગુણમય આ સંસારમાંથી દૃષ્ટિને ફેરવીને આપણે એ તરફ દૃષ્ટિપરિવર્તન કરીએ, લક્ષ આપીએ ત્યારે જ એ સૂક્ષ્મ નિર્વૃત્તિક ક્ષણને પકડવાની અભ્યાસ કરતાં કરતાં આપણામાં શક્તિ આવે અને તેમાં જ્યારે ચિત્ત એકાગ્ર થાય ત્યારે સાધક સાધ્યની પ્રાપ્તિ કરી શકે. પણ તેમ કરવાને ત્રણ ગુણયુક્ત પ્રપંચથી, મનથી અળગા થવું પડે છે. વિવેક અને વૈરાગ્યયુક્ત અભ્યાસ કરીને જ એ સાધન સાધ્ય કરી શકાય છે.

આગળ ચાલતા શ્રી અવધૂત કહે છે :

**"શૂન્યસમુંદર સુરતનાવસે, ધ્યાન ધરે જબ ધ્રુવકા;"**
**"સાતોં પાર પળે જબ પંથા, લગે તાર ભવજલકા"**

જેમ મોજાંઓથી ઊછળતાં, દિશાઓની સૂઝ ન પડે એવા અફાટ સમુદ્રમાં સફર કરનાર વહાણવટીએ પોતાના નિશ્ચત માર્ગ અર્થે ધ્રુવનું ધ્યાન રાખવું પડે છે તેમ અહીં પણ વૃત્તિઓથી ઉછાળા મારતા અંતઃકરણરૂપી સમુદ્રમાં અવિરત ધ્યાનરૂપી નાવમાં ચઢી, વૃત્તિઓને દબાવી દઈ, ચિત્તને વિષયવૃત્તિશૂન્ય કરી, ધ્રુવસ્વરૂપ અવિચળ પરમતત્ત્વ કે સ્વસ્વરૂપનું લક્ષ-ધ્યાન રાખવું પડે છે. અને તેમ કરીને સાધક જ્યારે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન, બુદ્ધિ એ સાતથી પાર જાય છે ત્યારે જ ભવસાગરનો પાર આવે છે અને પરમધામને પામે છે. અહીં ચિત્તનો મનમાં અને અહંકારનો બુદ્ધિમાં સમાવેશ કરી સાતનો સંકેત કર્યો છે. એ પરમધામનો સંકેત કરતાં આગળ શ્રી અવધૂત કહે છે :

**"અટપટ દેશ અતિશે સાધો, બજે અનાહત ડંકા;"**
**"સદ્‌ગુરુ શરણ બિના નવ જાને, હો રાજા હો રંકા !"**

એ માર્ગ અતિશય અટપટો છે. ઉપનિષદોમાં

"क्षुरस्यधारा निशिता दुरत्यया"

કહી એનું વર્ણન કર્યું છે. એ માર્ગે જતાં ઘણી વિટંબણાઓ વેઠવી પડે છે. પણ જ્યારે કોક વિરલો ત્યાં પહોંચે છે ત્યારે ત્યાં વિજયનો અનાહત આત્મ–ડંકો સંભળાય છે. અને આનંદે આનંદ. મન, વાણીને અગોચર એવી નિરામય સ્થિતિ પ્રવર્તે છે. ષટ્ચક્રાદિની વિકટ વાટો અને અગમ ચઢાઈઓ વટાવવી પડે છે અને તેથી જ હિંમત આપનાર આદર્શ સદ્‌ગુરુનું

શરણ ન મળે ત્યાં સુધી ભલે રાજા હોય કે રંક હોય પણ આપમેળે સ્વશક્તિના અહંકાર પર આરૂઢ થઈ કોઈ પણ એ અગમગઢ ચઢી અનુપમ એવા એ પરમદેશ કે ધામમાં પહોંચી શકતો નથી. અને તેથી સદ્‌ગુરુ ચીંધ્યા માર્ગે પ્રયાણ કરવાનો અહીં આદેશ આપવામાં આવ્યો છે.

અંતે એ સર્વવ્યાપક પરમતત્ત્વ કે ધામનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

**"જ્યોં કા ત્યોં સબ સભર ભરા હૈ, આદિ અંત નહીં જાકા;"**
**"દેખનહારા સુધબુધ ભૂલે, રંગ કહે કો તાકા?"**

પરમતત્ત્વ સર્વવ્યાપક છે, જેમનું તેમ કોઈ પણ જાતના વિકાર કે વધઘટ વગર સર્વત્ર સભર ભરેલું છે. તેનો આદિ-અંત નથી. એવા વિલક્ષણ પરમતત્ત્વને જોઈને સાધક સુધબુધ ભૂલી જાય છે. એને પોતાનું કે પારકાનું ભાન રહેતું નથી. અને એવો એકમેવ પરમતત્ત્વમાં સમરસ બનેલો એ પોતાનો અનુભવ કહેવાને જુદો રહેતો નથી. એ સાંભળનાર કોઈ જુદો જોતો નથી. મનવાણીથી પર એવા એ સ્વસ્વરૂપને વર્ણવવા એની પાસે શબ્દો નથી. એટલે જ શ્રી અવધૂત કહે છે કે :

**રંગ કહે કો તાકા !**

એનું સ્વરૂપ કોણ વર્ણવી શકે ? આ જ વાત શ્રી અવધૂતે અન્યત્ર

**"અનન્તને એ સાન્ત વાણી રીત શી વર્ણી શકે ?"**
**"માબાપની શાદી ખુશાલી બાળ શું જાણી શકે ?"**

એ શબ્દોમાં વર્ણવી છે. "આત્મમિલનની એ ગૂઢગોઠડી અનાત્મમુખ શું ગાઈ શકે ? અને કોની આગળ ?

આગળ અન્યત્ર એનું વિસ્તારથી વિવેચન કરેલું હોવાથી અહીં સંક્ષેપથી સંતોષ માન્યો છે. અસ્તુ.






અબ મૈં ભઈ મસ્ત પિયા, પકડ દસ્ત તેરો !
ચર અચર ભૂલ ગઈ, બન નદી નગર સહી; – ટેક
નારી નર સર્વ તુંહિં, પ્રાણનાથ મેરો. – અબ (૧)
દિવસ રૈન ભેદ ગયો; કાલ કર્મ એક ભયો;
દેશ પરદેશ ટર્યો, મૂલ રૂપ હેરો. – અબ (૨)
નાતગોત છોડ દિયો, આગનકો વેષ લિયો;
તાલ નૃત્ય ભોર ભયો, લાજ આજ ગેરો. – અબ (૩)
સ્વપ્ન જાગ નિંદ નાહિ, હર્ષ શોક કોઉ નાહિ;
ભોક્તૃ ભોગ્ય ભોગ સહી, એકરૂપ મેરો ! – અબ (૪)
વેદવેદ્ય રૂપ ભઈ, શાસ્ત્ર શીખ ભૂલ ગઈ;
રટન પઠન ભ્રમ સહી; કો ગુરુ કો ચેરો ? – અબ (૫)
પૂર્ણાનંદ નગર લિયો, પનુઘટકો પંથ ધરો;
રંગ ચુનરી ફેંક ભયો, સોહં ગગન ઘેરો !! – અબ (૬)

*

પતિનો પાલવ પકડીને જેમ પત્ની નિઃશંક અને નિર્ભય બને તેમ શ્રી અવધૂત કહે છે કે સાધક સાધ્યનો સહારો મેળવીને મસ્ત બની જાય છે. જે મસ્ત બને છે તેને બીજી કોઈ પણ જાતની ભ્રમણા કે ભ્રાંતિ રહેતી નથી. જેમ પત્ની પતિમય બની જાય છે તેમ સાધક પણ વ્યક્તિત્વનો લોપ કરીને આત્મનિમજ્જન દ્વારા પરમાત્મા સાથે સમરસ બની જાય છે. અહીં 'મસ્ત' શબ્દ મહત્ત્વનો છે. જેને આત્માની મસ્તી પ્રાપ્ત થઈ છે તેને મન જગત અને જાગતિક પ્રપંચ નાચીજ બની જાય છે અને સર્વત્ર પરમાત્માનાં જ દર્શન થાય છે. જેમ પત્ની પતિના પ્રેમમાં રત બનીને આત્મવિસર્જન કરે છે તેમ અહીં પણ સાધક પરમાત્મામાં પોતાના પૃથક્ વ્યક્તિત્વનું વિસર્જન કરે છે.

એ વિસર્જનના પરિણામે જે વિસ્મરણ થાય છે તેનું ધ્યાન આપતાં શ્રી અવધૂત કહે છે :

"ચર અચર ભૂલ ગઈ, બન નદી નગર સહી;"
"નારી નર સર્વ તુંહિં, પ્રાણનાથ મેરો."

આ પંક્તિમાં આત્મવિસર્જનના અથવા આત્મનિમજ્જનનાં પરિણામે સાધકની શી સ્થિતિ થાય છે તેનો શ્રી અવધૂતે કંઈક ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે. મદિરામાં મસ્ત બનેલો માનવી પોતાને સર્વ રીતે વીસરી જાય છે એટલું જ નહીં પણ સંસારને પણ સંપૂર્ણ રીતે વીસરી જાય

છે અને પોતે શું છે તેનું પણ ભાન ભૂલી જાય છે. તેમ જેણે પરમાત્માનો પાલવ પકડીને પોતાની જાતને પરમાત્મામાં સમાવી દીધી છે તેને મન જગત અને જાગતિક સંસાર રહેતો નથી. ચર અચર સંસાર, નિસર્ગ અને નિસર્ગની વસ્તુઓ પરમાત્માથી ભિન્ન રહેતી નથી અને તેથી જ સર્જન માત્રનું વિસ્મરણ કરીને, જેમ સતી નાર કેવળ પોતાના પતિના સ્વરૂપને જ સર્વત્ર જુએ છે તેમજ અહીં પણ, સાધક કેવળ પરમતત્ત્વને જ જુએ છે. એ પરમતત્ત્વ






**'પ્રાણનાથ મેરો'**

એ ભાવે જ સાધકના મનમાં રહે છે. બાહ્ય દૃષ્ટિનો અહીં ખ્યાલ કરવાનો નથી પણ એકમેવાદ્વિતીય પરમાત્માને પ્રાપ્ત થયેલા સિદ્ધની અંતઃ સ્થિતિનો જ આપણે ખ્યાલ કરવાનો છે. જ્યારે અદ્વૈતમાં સાધક સમાઈ જાય છે ત્યારે તેને દ્વૈત જેવું કશું જ રહેતું નથી. અને તેથી જ કેવળ પ્રાણનાથ સ્વરૂપ પરમતત્ત્વનાં જ સમસ્ત નામ, રૂપ અને આકાર, સચર અને અચર જગત, નદી, નગર અને અરણ્ય એ બધું જ તેને મન પરમાત્મા બની જાય છે. ભિન્નતાનો અભાવ થતાં અભિન્ન ભાવે જ સર્વત્ર પ્રભુનાં દર્શન થાય છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત એ જ તત્ત્વનું સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે :

**"દિવસ રૈન ભેદ ગયો, કાલ કર્મ એક ભયો;"**
**"દેશ પરદેશ ટર્યો, મૂલ રૂપ હેરો."**

જ્યાં સુધી દ્વૈતનું ભાન છે, જ્યાં સુધી દ્વૈતની વૃત્તિ છે અને જ્યાં સુધી જગત અને જગદાત્મા એવી દ્વિધાબુદ્ધિ છે ત્યાં સુધી જ રાત દિવસનો ભેદ છે, ત્યાં સુધી જ કાળ-કર્મનો પણ ભેદ છે અને ત્યાં સુધી જ દેશ-પરદેશનું ભાન પણ રહે છે. પણ જ્યારે 'सर्वंखल्विदं ब्रह्म' એ વેદવાક્યનો પ્રત્યક્ષ અનુભવ થાય છે ત્યારે એ દ્વૈતભાવના પરિણામે ભિન્ન જણાતી સમષ્ટિ પણ પરમતત્ત્વમાં સમરસ બની ગઈ છે એવો અનુભવ થાય છે. અને તેથી જ

**"મૂલ રૂપ હેરો"**

એમ કહીને શ્રી અવધૂતે પરમાત્મસ્વરૂપદર્શનના પરિણામે અદ્વૈતબુદ્ધિ સ્થિર થવાથી દ્વૈતબુદ્ધિનું નિરસન થાય છે એ સિદ્ધાંતનું અહીં પ્રતિપાદન કર્યું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત એ જ વાતનો વિસ્તાર કરતાં કહે છે કે :

**"નાત ગોત છોડ દિયો, માગનકો વેષ લિયો"**
**"તાલ નૃત્ય ભોર ભયો, લાજ માઝ ગેરો"**

જ્યાં સુધી અદ્વૈતવૃત્તિ સ્થિર થતી નથી ત્યાં સુધી વર્ણ, આશ્રમ વગેરેની ઉપાધિ રહે છે. પણ જ્યારે પરમાત્મામાં સમરસ બનેલો સાધક






સર્વમાં સર્વત્ર પરમાત્મદૃષ્ટિએ જ જોતો થાય છે ત્યારે એનો દેહાત્મભાવ ઓગળી જાય છે અને તેને વળગેલાં નાત, જાત, વર્ણ, આશ્રમ વગેરેના કોઈ ભેદ રહેતા નથી અને પછી તેને મન પારકું કે પરાયું પણ રહેતું નથી. સર્વત્ર આત્મભાવ સ્થિર હોવાથી શ્રીમંતાઈ, ગરીબાઈ વગેરેની મર્યાદાનો પણ અસ્ત થાય છે. તે માગણ બને કે બીજો કોઈ વેષ ધારણ કરે તેની તેને પરવા રહેતી નથી. બીજી રીતે વિચાર કરીએ તો જે કેવળ પરમાત્મા ઉપર જ નિર્ભર છે તેને બીજા પાસે કશું માંગવાની વૃત્તિ થતી નથી અને કેવળ અનન્યભાવે, જેમ પત્ની પતિને જ આધારે જીવે છે તેમ, તે પ્રારબ્ધવશ અવશેષ જીવન વ્યતીત કરે છે. ત્યારે તેને બીજા પાસે ઉદરપોષણ અર્થે કિંવા પોતાનો નિર્વાહ નભાવવા માટે યાચકવૃત્તિએ હાથ લાંબો કરવો પડતો નથી અને પ્રભુદત્ત જે મળે છે તેમાં જ તેને સંતોષ રહે છે.

એમ માંગણનો વેષ લઈને અંદર બહાર બેફિકર ફકીર બની એ મારે તમારે આંગણે તો કોઈ યાચકની માફક આવતો નથી પણ આત્મનશામાં આત્મતૃપ્ત પ્રભુની આલમમાં અલમસ્ત રહે છે. તેને શરીરની મર્યાદા નથી, જગતની સ્પૃહા નથી અને તેથી તે પરમતત્ત્વના આનંદમાં જ મસ્ત બનીને રાતદિવસના ભેદથી મુક્ત કેવળ પરમાત્માનાં જ ગુણગાન કરે છે. અને તેમ કરતાં નાચે છે, કૂદે છે અને આત્મમસ્તીમાં રાત ક્યાં વીતે છે, સવાર ક્યાં થાય છે તેની પણ તેને પડી નથી. વસ્તુતઃ તો જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના વિકારોથી મુક્ત એ આત્મમસ્તીમાં જ તુરીય કે નિત્યજાગ્રત અવસ્થામાં મસ્ત રહેતો હોવાથી તેને એ ભેદ નથી. દેહના ભેદ નથી, સગાં-સંબંધીઓ શું કહેશે, જગત તેની નિંદા કરશે કે સ્તુતિ કરશે તેની પણ તેને પરવા નથી અને આત્મનશામાં મસ્ત કેવળ પ્રભુને પ્રીછીને, જેમ પતિને રીઝવવાને પત્ની જગતની પરવા રાખ્યા વિના આચરણ કરે છે તેમ પ્રભુને રીઝવવા એ પણ આત્મમસ્તીમાં મસ્ત નિસ્પૃહ બનીને સ્વૈરવિહાર કરવામાં જરાય સંકોચ પામતો નથી.

મીરાંએ પણ એવી જ આત્મમસ્તીમાં

**"પગ ઘુંઘર બાંધ મીરાં નાચીરે...."**

વગેરે ગીત ગાઈને આ ભાવ જ વ્યક્ત કર્યો છે. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"સ્વપ્ન જાગ નિંદ નાહીં, હર્ષ શોક કોઉ નાહીં"**
**"ભોક્તૃ ભોગ્ય ભોગ સહી એકરૂપ મેરો !"**

આ પંક્તિમાં શરીરના વિકારોનો શ્રી અવધૂતે થોડો વિચાર કર્યો છે. જ્યાં સુધી શરીરનું ભાન છે ત્યાં સુધી જ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની ત્રિગુણાત્મક અવસ્થાનો આપણને ખ્યાલ રહે છે. 'મને ઊંઘ આવે છે, હું જાગું છું, મને સ્વપ્ન લાધ્યું' વગેરેનું સ્મરણ અભિન્નભાવે પરમતત્ત્વમાં

સમરસ થતાં જતું રહે છે. અને ત્યારે એ બધાય વિકારો શમી જઈને કેવળ પરમતત્ત્વનું એક જ સ્વરૂપ રહે છે. પરમતત્ત્વના એ સ્વરૂપ સાથે સાધક અભિન્નભાવે સમરસ બનેલો હોવાથી એ તુરીયાતીત અવસ્થામાં સ્થિત સાધકને પછી એ સર્વ અવસ્થાઓનો નિર્વિકાર અને પોતાના સ્વરૂપે જ અનુભવ થાય છે. અને ત્યારે તેની ભેદવૃત્તિ ક્યાંય રહેતી નથી.

અને ત્યારે જ ભોગ, ભોક્તા અને ભોક્તૃત્વની વગેરે ત્રિપુટી એકાત્મભાનમાં વિલય પામે છે. સંક્ષિપ્તમાં દ્વિધાવૃત્તિના સર્વ સંસ્કારોથી મુક્ત એ સાધક સઘળું જ પોતે બની જાય છે. અને અભેદવૃત્તિએ સર્વમાં પોતાને અને સર્વને પોતાનામાં અનુભવતો જ આત્મમસ્તીના આનંદમાં ડૂબી જઈને શરીર રહે ત્યાં સુધી આત્મભાવે શરીરમાં રહે છે. ત્યારે શરીર અને તેના અનુષંગિક કોઈપણ વિકારનું સ્ફુરણ કે સ્પંદન હોતું નથી અને તેથી તે નિઃસંકલ્પ, નિર્વિકાર અને નિઃસ્પંદન બની જાય છે.

જ્યારે એવી અદ્વૈત અવસ્થાનો અનુભવ થાય છે ત્યારે

"વેદ વેધ રૂપ ભઈ, શાસ્ત્ર શીખ ભૂલ ગઈ."

તેને જાણવાનું અને જાણ્યું તે, જ્ઞાન અને જ્ઞાતા એવો ભેદ રહેતો નથી અને જ્ઞાન અને જ્ઞાતાસ્વરૂપ પોતે જ બની જાય છે. શાસ્ત્રમાં પતિ અને પત્નીને એક જ માન્યાં છે. પતિને પ્રાપ્ત કરી પત્ની પોતાનું અસ્તિત્વ પતિથી ભિન્ન રાખતી નથી તેમ જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરીને જ્ઞાતા જ્ઞાનસ્વરૂપ બનીને જ્ઞાન જ બની જાય છે. પછી જ્ઞાતા અને જ્ઞાનનો ભેદ રહેતો નથી. એ મર્મ સમજાવવાનો અહીં શ્રી અવધૂતનો

"વેદ વેધ રૂપ ભઈ"

એમ કહેવામાં આશય છે.

પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે શાસ્ત્રોએ અનેક પ્રણાલિકાઓનો પ્રબંધ કર્યો છે. એ બધાંય સાધનો કેવળ આત્મપ્રાપ્તિ થાય ત્યાં સુધી જ ઉપયોગી બને છે અને તેથી શ્રી અવધૂતભાખ્યા આત્મામાં સમરસ બનેલાને એ સાધનોની આવશ્યકતા રહેતી નથી, એટલું જ નહીં પણ તેનું સ્મરણ પણ રહેતું નથી અને તેથી

"શાસ્ત્ર શીખ ભૂલ ગઈ"

એમ કહીને શ્રી અવધૂતે શાસ્ત્રની એ શિખામણના વિસ્મરણનો ખ્યાલ આપ્યો છે. જ્યારે આત્મોપલબ્ધિ થાય છે, સાધક મટીને જ્યારે સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે શાસ્ત્રોક્ત સાધનોની યાદ કરીને તે શિખામણ પ્રમાણે અનુસરવાનું રહેતું નથી. કારણકે તેનું સ્વાભાવિક આચરણ જ એક જીવનશાસ્ત્ર અને પ્રેરક શિખામણરૂપ બની જાય છે. જેમ ગોખીગોખીને ભણેલું પ્રસંગ આવતાં ગોખવાનો કડાકૂટો કે સ્મરણ વગર જ મુખમાંથી નીસરે છે તેમ અહીં પણ શ્રી અવધૂત એ શાસ્ત્રોની શિખામણના વિસ્મરણની વાત કરીને શુદ્ધચિત્ત સ્વયંભૂ જીવન તરફ સંકેત કરે છે.





ચિત્ત શુદ્ધ હોય તો ત્યાં કૃત્રિમ કશું જ હોતું નથી. સ્મરણ-વિસ્મરણથી અતીત બનીને એ સિદ્ધ આત્મસ્થિતિમાં જ સ્થિર થાય છે. અને તેથી

**"રટન પઠન ભ્રમ સહી"**

શાસ્ત્રનું અધ્યયન કે પરમતત્ત્વનું રટણ પછી તેને કેવળ ભ્રમણા જ લાગે છે. અને વસ્તુતઃ તમે તમારું રટણ કરો છો ખરા ? નહીં. અને તે જ રીતે પરમતત્ત્વને પરમતત્ત્વનું રટણ કરવાનું રહેતું નથી. પરમાત્માનું રટણ ક્યાં સુધી રહે ? જ્યાં સુધી પરમાત્મા પોતાનાથી ભિન્ન છે એવી દ્વૈતબુદ્ધિ રહે ત્યાં સુધી. એ દ્વૈતબુદ્ધિના નિરસન સાથે જ એ રટણ પણ સમાપ્ત થાય છે.

અને પછી તેણે શાનું પઠનપાઠન કરવાનું હોય ? જે એકને જાણે સર્વનું જ્ઞાન થાય છે તે એક અને અદ્વિતીય આત્મતત્ત્વને જાણીને – તેને પ્રાપ્ત કરીને – તે જ બનેલા સિદ્ધને શું જાણવાનું અવશેષ રહે કે જેને અર્થે તેણે પઠનપાઠન કરવાનું રહે ? વસ્તુતઃ જે સર્વજ્ઞ બન્યો છે તેને કશું જ જાણવાનું રહેતું નથી. અને તેથી પુસ્તક કે પોથી તેને મન કેવળ ભ્રમણા જ છે.

અને જ્યારે એ અભેદભાવે પરમાત્મામાં ભળી જાય છે ત્યારે

**"કો ગુરુ કો ચેરો ?"**

તેને ગુરુ અને ચેલાનો ભેદ પણ રહેતો નથી. ગુરુદેવના કૃપાપ્રસાદે પરમતત્ત્વની પ્રાપ્તિ કરીને જે ગુરુસ્વરૂપ બ્રહ્મમાં એકરૂપ બન્યો છે તેને અભેદભાવના પરિણામે ગુરુ અને ચેલાનો ભેદ રહેતો નથી. એ ભેદનું સતત સ્મરણ પ્રારંભિક સાધક અવસ્થામાં અવશ્ય જરૂરનું છે. પણ જ્યારે સર્વ બ્રહ્મ સિવાય ઈતર કશું જ નથી ત્યારે પોતે પણ બ્રહ્મ છે અને ગુરુદેવ પણ બ્રહ્મ છે એવો જેને અપરોક્ષ અનુભવ થાય છે તે તાત્ત્વિક દૃષ્ટિએ પોતાને ગુરુદેવથી ભિન્ન અનુભવતો નથી. એનો અર્થ એવો નથી કે દેહભાવે તે ગુરુદેવની અવગણના કરે છે. વ્યવહાર જ્યાં સુધી છે ત્યાં સુધી એવો સિદ્ધ વ્યવહારમાં તો દક્ષ છે પણ તત્ત્વદૃષ્ટિએ એ ભેદ તેને જણાતો નથી. અને તેથી ભિન્નભાવથી અનુભવાતી વ્યાકુળતા, ખરખરો કે ચિંતા–ઉચાટ સ્વપ્નમાંય એને રહેતાં નથી.

અંતે પતિનો હસ્ત–પાલવ પકડીને મસ્ત બનેલ એ પત્નીની અંતિમ અવસ્થાનું વર્ણન પણ શ્રી અવધૂતે સુંદર કર્યું છે :

**"પૂર્ણાનંદ ગગર લિયો, પનુઘટકો પંથ ધરો;"**
**"રંગ ચુનરી ફેંક ભયો સોહં ગગન ઘેરો !!"**

પૂર્ણાનંદરૂપી ઘટ માથા ઉપર લઈને, નખશિખાન્ત મસ્તિષ્ક આત્માનંદથી ભરાઈ ગયું અને જગતરૂપી પનઘટમાં ખાલી ઘડે અબુધ જન દોડે તેમ જગત કે દેહાસક્તિરૂપી પહેરેલી ચૂંદડી ફેંકી દઈ કોઈ પાગલ પનિહારી પેરે પરિભ્રમણ કરવા માંડ્યું અને એકાત્મભાવ 'સોડહમ્'

એટલો બધો ઊભરાઈ જવા માંડ્યો કે એ વૃત્તિ ફેલાતાં ફેલાતાં સ્વાત્મભાવથી આખું ગગનમંડળ વ્યાપી ગયું. જ્યાં ત્યાં ગગનની માફક એ એક આત્મભાવ જ ફેલાઈ ગયો !

તાત્પર્ય એ છે કે સંસારાસક્તિરૂપી ચૂંદડીનો ત્યાગ કરીને પૂર્ણાનન્દ પ્રાપ્ત સાધકને સમસ્ત વિશ્વ ધીર-ગંભીર પરમાત્મસ્વરૂપ છે એવો અનુભવ થાય છે. અને પરિણામે તેને મન જગતમાં પોતે અને પોતાનામાં જગત એવી એક અખંડ અદ્વૈતબુદ્ધિ સ્થિર થાય છે. જ્યાં ત્યાં પોતાના આનંદસ્વરૂપ સિવાય બીજું કંઈ જ નજરે આવતું નથી. શ્રી અવધૂતે કોક ઠેકાણે ગાયું છે તેમ "જહાં દેખો વહાં આપુ સમાઈ" ની સ્થિતિ પ્રાપ્ત થાય છે. મર્યાદિત દેહભાવનો લય થઈ અમર્યાદ વિશ્વાત્મભાવ ઉદય પામે છે ને એના અનુભવ–પ્રકાશમાં શરીર અને શરીરનાં બંધનો, જગત ને જગતની મર્યાદાઓ એ બધાયનો અંત આવે છે અને સર્વત્ર એક જ એક મુક્ત આનંદ–''સોઽહં'' ભાવ પ્રવર્તે છે.

(૫૫)

(રાગ : માંડ, તાલ–કહેરવા)

હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી;
ચોરાશી ઘર ભિક્ષા માગી, તોએ રહી ઉપવાસી.–ટેક
પાંચ પચીસ બત્તીસ ગલી ભટકી, લીધાં રથ્યાચીર;
નિર્ગુણ કંથા કાંધે પહેરી, બની ભિક્ષુણી ધીર !–હું ભિખારી. (૧)
અહં–ખાખ તન રાખ લગાવી, હાથ લીયો પચપાત્ર;
કોહં કોહં કરતી ચાલી, સોહં મળિયો સાથ !–હું ભિખારી. (૨)
પંચ પકવાને ભરી કાવડી, ફિર ફિર ખાલી આપ;
પુણ્ય પાવડી ખટખટ ચાલી, ફિર ફિર ઊડી આભ !–હું ભિખારી. (૩)
કામ–કેશ શિર જટા ચઢાવી, વિરતિ વટરસ સાર;
પાપપુણ્યની ગઠરી ગહરી, છોડી ગુરુદરબાર !–હું ભિખારી. (૪)
ગંગા જમના સરસ્વતી ન્હાઈ, કીધાં અડસઠ ધામ,
અલખ ખલક સબ નજરોં આઈ, આઠોં દિશ વિશ્રામ !–હું ભિખારી. (૫)
અલખ નિરંજન ભવદુ:ખભંજન, જ્યાં દેખું ત્યાં રામ;
દર્શન પાઈ સુરત સંવાઈ, સઘળાં સરિયાં કામ !–હું ભિખારી. (૬)
જ્ઞાનોચ્છિષ્ટે ભરી પેટડી, શૂન્યસુધા જલપાન;
ભઈ મસ્ત મૈં રંગ દિવાની, ક્યા પરવાહ જગ આન ?–હું ભિખારી. (૭)

*

અહીં શ્રી અવધૂતે આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે પુરુષાર્થ કરતા સાધકની, એ તત્ત્વની પ્રાપ્તિ અર્થે તે જે તનતોડ જહેમત ઉઠાવે છે તેની અવસ્થાનું શબ્દચિત્ર દોર્યું છે.

પ્રભુને આંગણે કોણ ભિખારી નથી ? જ્યાં સુધી આત્મતત્ત્વની પ્રાપ્તિની પણ સર્વોત્કૃષ્ટ અભિલાષા અંતરમાં ઘર કરી રહે છે અને તેની સિદ્ધિ અર્થે સાધક સાત્ત્વિક છતાંય ''મને આત્મતત્ત્વનાં દર્શન થાય, મને સાક્ષાત્કાર થાય'' એવી વૃત્તિ સાથે પ્રયત્નશીલ રહે છે ત્યાં સુધી તે એ અભિલાષાના અસ્તિત્વને કારણે ભિખારી જ છે અને તેથી જ શ્રી અવધૂતે

**'હું ભિખારી ભિખારી'**

કહીને સાધકની એ સર્વોત્કૃષ્ટ, સાત્ત્વિકત્તમ છતાંય દીન, નમ્ર ભિખારી વૃત્તિની આ શબ્દોમાં અભિવ્યક્તિ કરી છે.

પણ એ ભિખારી મારા તમારા આંગણે આવી ભીખ માંગતો નથી. એ ભિખારી ગુરુને ઘેર રહીને, ગુરુનું દાસત્વ કરીને, ગુરુને રીઝવીને

પોતાના અંતિમ ધ્યેયની સિદ્ધિ અર્થે ગુરુની ઉપાસના કરે છે. અને તેથી શ્રી અવધૂતે

**"ગુરુ ઘરની દાસી"**

એવું કહીને એવા સાધકની અંતરવૃત્તિનું આપણને ભાન કરાવ્યું છે. એ અંતરવૃત્તિ એ સાધક ગુરુ આગળ પ્રગટ કરતો નથી એમ પણ સાથે સાથે ગર્ભિત રીતે કહ્યું છે. દાસદાસીનો ધર્મ કેવળ શેઠને રીઝવવાને તનતોડ જહેમત કરવાનો છે અને શેઠનો ધર્મ એવા અનન્ય દાસદાસીની એ સેવા સુશ્રૂષાના પરિણામે સંતુષ્ટ થઈને તેની અંતરની અભિલાષા પૂર્ણ કરવાનો છે. અને

**"હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી"**

એ પંક્તિ દ્વારા શ્રી અવધૂતે આ જ દાસ્યભક્તિની વાત કહી હોય એવું અનુમાન અસ્થાને નથી. અસ્તુ.

**"ચોરાશી ઘર ભિક્ષા માગી, તોએ રહી ઉપવાસી;"**

જ્યારે આપણને કશું જાણવાની અથવા પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય ત્યારે તેની પ્રાપ્તિ અર્થે કે જ્ઞાન અર્થે આપણે જાતે જ મહેનત કરતા થઈએ અને જ્યારે આપણો ગજ ન વાગે ત્યારે આપણે કોઈકની મદદની આશા કરીએ. આ સામાન્ય મનુષ્યસ્વભાવનું આ પંક્તિમાં શ્રી અવધૂતે દર્શન કરાવ્યું છે.

એ પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે શાસ્ત્રોક્ત લખચોરાશી યોનિઓમાં ભટકી ભટકીને જીવ થાક્યો તોય પરમતત્ત્વ ન પામ્યો અને તેથી જ અંતે તે ભિક્ષુકવૃત્તિથી ગુરુને શરણે ગયો. હતાશ માનવી ક્યાંક પોતાની આશાની પૂર્તિ અર્થે મીટ માંડે છે. પુરુષાર્થ પાંગળો બને છે ત્યારે જ તે અન્યની આશા કરતો થાય છે. પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે ગુરુની સહાયતા વિનાનો પુરુષાર્થ કરનારો સાધક ધ્યેય સિદ્ધ કરી શકતો નથી. અને તેથી જ ગુરુની આવશ્યકતાનો અહીં ગર્ભિત બોધ છે. જ્યાં સુધી સદ્ગુરુને શરણે સાધક અનન્ય ભાવે જતો નથી, ત્યાં સુધી તેની અભિલાષા પૂર્ણ થતી નથી. અને તેથી જ લખચોરાશી ઘર ભટકવા છતાંય સાધકની એ આત્મદર્શનની અભિલાષા પૂર્ણ થઈ નથી એમ

**"તોએ રહી ઉપવાસી"**

એ ચરણદ્વારા શ્રી અવધૂતે આપણને ઠસાવવાનો પ્રયાસ કર્યો છે. શાસ્ત્રોએ લખચોરાશી યોનિઓ કહી છે. તેનો જ અહીં

**"ચોરાશી ઘર ભિક્ષા માગી,"**

એ શબ્દો દ્વારા સંકેત કર્યો છે.

આમ જ્યારે પુરુષાર્થનિર્ભર સાધકનો પત્તો નથી લાગતો ત્યારે તે

**"પાંચ પચીસ બત્તીસ ગલી ભટકી, લીધાં રથ્યાચીર,"**

**"નિર્ગુણ કંથા કાંધે પહેરી, બની ભિક્ષુણી ધીર !"**

ભટકવાનું શરૂ કરે છે. તત્ત્વોના પૃથક્ પૃથક્ અન્વેષણ દ્વારા તે પરમતત્ત્વનો પાર પામવાને મથે છે. એ તત્ત્વો પાંચ, પચીસ, બત્રીસ એમ અનેકવિધ શાસ્ત્રોમાં કહ્યાં છે. શ્રી ભગવાને ઉદ્ધવની શંકાનું સમાધાન કરતાં શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં અધ્યાય બાવીસમાં એનું વિશદ વિવેચન કર્યું છે. અહીં સ્થળ સંકોચને કારણે એ કરવું ઠીક નથી. જિજ્ઞાસુ વાચક ત્યાં જોઈ પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરે.

એ તત્ત્વોરૂપી ગલીઓમાં ભટકવાને સાધકે પોતાની વેષભૂષા સજી તેનો ચિતાર આપતાં શ્રી અવધૂત કહે છે કે, મારગમાં પડેલાં ચીંથરાં વીણ્યાં, તેની કંથા બનાવી અને તે કાંધે પહેરી. એ કંથાને નિર્ગુણ કંથા કહી. રસ્તામાંથી વીણેલાં જાતજાતનાં ચીંથરાંઓની કંથા કેમ બનતી હશે તેનો વાચક ખ્યાલ કરી લે. જાતજાતના રંગના, જાતજાતના માપના એ ટુકડાઓમાંથી જેમ ચિત્રવિચિત્ર કંથા બની શકે છે તેમ અહીં પણ સૂક્ષ્મ શરીરના પ્રથમ અનેક ઠેકાણેથી – પુસ્તક કે સંતો પાસેથી – પ્રાપ્ત કરેલા અનેકવિધ કર્મોપાસનાદિ સાધન-સંસ્કારોમાંથી સત્ત્વ, રજસ્ ને તમસ્‌ના મેલ નિદિધ્યાસનથી ધોઈ નાંખી અંતે ગુણાતીત સ્વચ્છ નિર્ગુણ કંથા ઓઢવાનો એટલે જ ગુણાતીત અવસ્થા પ્રાપ્ત કરવાનો સંકેત કર્યો છે.

શ્રી ભગવાને અર્જુનને પણ **निस्त्रैगुण्यो भवार्जुन** એમ કહીને એ નિર્ગુણ કંથા પહેરવાનું સૂચન કર્યું છે.

પણ એ ગુણાતીત અવસ્થા કંઈ સહેજમાં પ્રાપ્ત થતી નથી. નિર્ગુણ કંથા એટલા શબ્દ મોઢામાંથી નીકળતાં કંઈ એ કંથા તૈયાર થઈ જતી કે ઓઢી લેવાતી નથી. અંતઃકરણ ગુણાતીત થતાં થતાં તો, એ કંથા તૈયાર કરી ઓઢી લેતાં લેતાં તો, **'દમ'** નીકળી જાય છે. અનેક પાર્થિવ અને દૈવી વિઘ્નોમાંથી–અંતરાયોમાંથી પસાર થવું પડે છે. અને તેથી જ એ અવસ્થા પ્રાપ્ત થાય અને તેની પ્રાપ્તિના અહંકારાત્મક સ્મરણનો પણ નાશ થઈ એ સહજવસ્થા બની જાય ત્યાં સુધી ખૂબ ધીરજપૂર્વક અનેક વિઘ્નોમાંથી પસાર થવું પડે છે. કેટલાક અધવચ ગબડે છે, કેટલાક હતાશ થઈ પ્રયત્ન છોડી દે છે, કોક વિરલો જ ગુરુકૃપાએ **'तद्धाम'** તે પરમસ્થિતિ સુધી પહોંચી શકે છે. માટે જ યોગસૂત્રોમાં દીર્ઘકાળ નૈરન્તર્ય **सत्कारसेवितोऽयंदृढभूमिः** એ જીવાત્મા પરમાત્માનો યોગ લાંબાકાળ સુધી વચમાં ખંડ પડ્યા વગર અવિરતપણે શમદમશ્રદ્ધાથી યુક્ત થઈ સાધન કરે તો જ પૂર્ણ થાય છે એમ કહ્યું છે. અને અહીં

**'બની ભિક્ષુણી ધીર !'**

એ શબ્દોથી એ જ અડગ શ્રદ્ધાસાધનનો સંકેત કર્યો છે.



નિર્ગુણ કંથા ધરીને ધીરજયુક્ત પ્રયાસ કરતો સાધક શું કરે છે તેનું ભિક્ષુક વેષભૂષાનું વર્ણન આપતાં શ્રી અવધૂત કહે છે :






**અહં–ખાખ તન રાખ લગાવી, હાથ લીયો પત્રપાત્ર;**
**કોહં કોહં કરતી ચાલી, સોહં મળિયો સાથ.**

આત્મપ્રાપ્તિ અર્થે મથતા સાધકને સર્વપ્રથમ અંતરાય અહંકાર છે. એ અહંકાર જ્યાં સુધી નિઃશેષ ન થાય ત્યાં સુધી આત્મલાભ થવાનો સંભવ નથી. અને તેથી એ અહંભાવને ભસ્મ કરીને તેની ભભૂત અંગે ચોળવાની વાત શ્રી અવધૂતે કરી છે. અહંભાવ કાંઈ કાષ્ટ પેરે બાળવાની વસ્તુ નથી અથવા તેની દૃષ્ટિગોચર ભસ્મને કાયા પર ચોળવી પણ શક્ય નથી. વસ્તુતઃ અહંકારમુક્ત અંતઃકરણ એ જ 'ભભૂત-વિભૂતિ અંગ' છે એમ આપણે અહીં માનીશું. એમ અહંભાવયુક્ત બનીને ભિક્ષુ ભિક્ષુવેષ ધારણ કરીને એટલે કે પોતાની ઊણપ, અપૂર્ણતાનો ખ્યાલ રાખીને ભિક્ષાપાત્ર – તીવ્ર સ્વરૂપજિજ્ઞાસા – હાથમાં લીધું અને

**'કોહં કોહં કરતી ચાલી'**

હું કોણ ? હું કોણ ? એમ પોતાની જાતની ખોજ કરતી ચાલી.

પ્રણિપાતની મૂર્તિ સમી વિનમ્રભાવથી ભરેલી હ્રી, ધી યુક્ત શરમાળ ભિક્ષુણી બની 'કોહમ્' 'કોહમ્'ની પરિપ્રશ્નપદ્ધતિથી ભીખ માંગતાં માંગતાં 'સોઽહમ્'નો સહારો પ્રાપ્ત થયો અને એને સહારે ચાલતાં ચાલતાં, સાધનાનું સંધાન કરતાં કરતાં અંતે કૃતકૃત્યતાની સ્થિતિ પ્રાપ્ત થઈ.

શ્રુતિએ જીવ અને શિવનું સ્થાન એક જ જગ્યાએ બતાવ્યું છે અને જીવશિવનો ભેદ પણ કહ્યો છે. અહીં આત્મતત્ત્વસ્વરૂપ શિવ છે. જીવ પોતે કોણ છે તે જાણવાની જિજ્ઞાસામાં ભટકે છે. તેને શિવ 'સોઽહમ્' 'હું તે જ છું' એમ કહીને જાગ્રત કરે છે. એ જ 'સોઽહમ્'નો સાથ છે. એ હૃદયસ્થ આત્મા જીવની જિજ્ઞાસાનું માપ કાઢીને, તેની પાત્રતા જાણીને તેને તેના સત્ય સ્વરૂપનું ભાન કરાવે છે. અને તેથી 'કોઽહમ્'નો ઉત્તર તેને 'સોઽહમ્'માં મળે છે. આ જ વાત સમજાવવાને પૂ. શ્રી અવધૂતે

**"સોહં મળિયો સાથ"**

એ પંક્તિ ઉચ્ચારી છે.

જ્યાં સુધી પંચમહાભૂતોની રમતમાં જીવ ગૂંચવાયેલો રહે છે ત્યાં સુધી તેની આત્મલાભની અભિલાષા પૂર્ણ થતી નથી. એ ભાવ વ્યક્ત કરવાને શ્રી અવધૂતે

**"પંચ પકવાને ભરી કાવડી, ફિર ફિર ખાલી આપ;"**
**"પુણ્ય પાવડી ખટખટ ચાલી, ફિર ફિર ઊડી આભ !"**

પ્રારંભે ગમ્યાં લાગતાં પંચ વિષયરૂપી પકવાનોના આસ્વાદથી કોણ જાણે કેટલીયે વાર મન-બુદ્ધિના બે ચેલીયાંયુક્ત અંતઃકરણની કાવડ છલોછલ ભરી અને કેટલીયેવાર એ ખાલી થઈ. અનેકવાર એના એ વિષયો ભોગવ્યા છતાં તૃપ્તિનો ઓડકાર ન આવ્યો, કાવડ ખાલી ને ખાલી જ રહી, વિષયતૃષ્ણા શમી નહિ. ક્વચિત્ પુણ્યસંચય સાધનાનુષ્ઠાન – પ્રબળ






થતાં પ્રગતિની પાવડી ખટખટ કરતી આકાશમાં ઊડી, ફરી ફરી પડી.

હવે એ ભિક્ષુકના વેષમાં જટા અને બીજાં ઉપકરણોનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

**"કામ-કેશ શિર જટા ચઢાવી, વિરતિ વટરસ સાર;"**
**"પાપ પુણ્યની ગઠડી ગહરી, છોડી ગુરુદરબાર !"**

કામનાઓ માથાપરના વાળ જેવી છે. વાળ ગૂંચવાયેલા રહે છે તેમ એ કામનાઓગ્રસ્ત જીવ પણ કામનામાં મગ્ન હોવાથી આત્મતત્ત્વને પ્રીછી શકતો નથી. તેથી તેને કામનાઓથી મુક્ત થવાની જરૂર રહે છે એમ કહેવાનો આશય છે. એ કામનાઓથી મુક્ત થવાને વૈરાગ્ય જેવું બીજું એકે સાધન નથી. અને તેથી એ કામનાઓના કેશને બાંધવા માટે એટલે તેના અસ્તિત્વનો લોપ કરવા માટે વિરતિરૂપ વટરસનો સાધક–ભિક્ષુકે ઉપયોગ કર્યો. તાત્પર્યે કામનાઓના સ્વૈરસંચારના નાશ માટે વૈરાગ્ય સાધ્ય કર્યો. અંતે ગુરુ આંગણે પહોંચીને પુણ્ય અને પાપની ભાવનારૂપી ગ્રંથિને ત્યાં છોડી. એટલે ગુરુચરણનું સેવન કરતાં કરતાં પુણ્ય અને પાપ જેવાં સુખદુઃખ, માન-અપમાન, યશ-અપયશ, વગેરે સર્વ દ્વંદ્વોથી મુક્ત બની કર્તૃત્વ ભાવના અને તેને પરિણામે ભોક્તૃત્વની કલ્પના ઓગળી ગઈ, નિશેષ થઈ.

આમ કામના ક્ષય અને વૈરાગ્યની સિદ્ધિના પરિણામે ઉલ્લેખ કરતાં શ્રી અવધૂતે કહ્યું :

**"ગંગા જમુના સરસ્વતી ન્હાઈ; કીધાં અડસઠ ધામ;"**
**"અલખ ખલક સબ નજરોં આઈ, આઠોં દિશ વિશ્રામ."**

આમ એ આત્મલાભનો આકાંક્ષી ભિક્ષુ ગુરુદ્વારે પહોંચ્યો તે પહેલાં તેણે જે પુરુષાર્થ કર્યો, શાસ્ત્રોક્ત પ્રણાલિકાનો જે પરિચય કર્યો તેનું બયાન આ બે પંક્તિમાં શ્રી અવધૂતે આપ્યું છે. તીર્થ, યાત્રા, પર્યટન વગેરે કર્યાં છતાંય આત્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી પણ જ્યારે કામનામુક્ત અને વિરાગયુક્ત બને છે ત્યારે તેના અંતરાત્માને ટાઢક વળે છે. એમ આ પંક્તિમાં શ્રી અવધૂતે કહ્યું છે અને તેથી જ

**"આઠોં દિશ વિશ્રામ"**

એમ કહ્યું છે.

**"અલખ નિરંજન ભવદુઃખભંજન, જ્યાં દેખું ત્યાં રામ;"**
**"દર્શન પાઈ સુરત ગંવાઈ, સઘળાં સરિયાં કામ !"**

જ્યારે સાધકને આમ ચારે બાજુએથી વિશ્રામ મળે છે, જ્યારે કામાસક્તિ ટળે છે, વૈરાગ્યનો પ્રકાશ તેના અંતરને ઉજાળે છે, જ્યારે ત્રણ ગુણના વિકારોથી તે મુક્ત થાય છે ત્યારે તેને આત્મદર્શન થાય છે. એવો આ પંક્તિનો મર્મ છે. એ પરમતત્ત્વની ઓળખ આપતાં શ્રી અવધૂત કહે છે :

'અલખ નિરંજન ભવદુઃખભંજન'

એ પરમતત્ત્વ અલખ નિરંજન છે. ભવદુઃખભંજન છે. એ સર્વત્ર-વ્યાપક છે. જ્યાં જોશો ત્યાં એ પરમતત્ત્વની અભિવ્યક્તિ થાય છે. અને તેથી વિકારયુક્ત દૃષ્ટિનું પરિવર્તન થતાં નિર્વિકારવૃત્તિ : અને દૃષ્ટિએ સાધકને જ્યારે આત્મદર્શન થાય છે ત્યારે

'જ્યાં દેખું ત્યાં રામ'

એ અવસ્થા પ્રાપ્ત થાય છે.

''सर्वं खल्विदंब्रह्मः''

ના વેદોક્ત સિદ્ધાંતનો તે અનુભવ કરે છે ત્યારે તેની અંતિમ અભિલાષા પૂર્ણ થાય છે. એ બને છે કેવળ ગુરુના શરણમાં અનન્યભાવે રહેવાથી. તેની અંતિમ અવસ્થાનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

**''જ્ઞાનોચ્છિષ્ટે ભરી પેટડી, શૂન્યસુધા જલપાન''**
**''ભઈ મત્ત મૈં રંગ દિવાની, ક્યા પરવાહ જગ આન ?''**

આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનાતિરિક્ત કશું જ નથી. એ જ્ઞાન સદ્ગુરુના મુખમાંથી પ્રાપ્ત થાય છે. સદ્ગુરુએ પચાવેલા અનુભવમાંથી નીતરે છે. અને તેથી જ એને શ્રી સદ્ગુરુના ઉચ્છિષ્ટ પ્રસાદની ઉપમા આપી છે. અને ''જ્ઞાનોચ્છિષ્ટ'' શબ્દ વાપર્યો છે. એ જ્ઞાનોચ્છિષ્ટરૂપી શ્રી સદ્ગુરુનો કૃપાપ્રસાદ પ્રાપ્ત કર્યા પછી દૃશ્ય વિષયરૂપ શૂન્યનું અમૃતપાન કર્યું છે. 'અહં' સહિત સર્વ દૃશ્યાદૃશ્ય જગતનો વિલય એ જ શૂન્ય છે. અને એ વિષયના સાક્ષીરૂપ ઉદાસીન કે નિરાલંબભાવ એ જ અમર આનંદરૂપ હોવાથી એને સુધા કે અમૃત સાથે સરખાવ્યું છે. એ અમૃતનું પાન થતાં જ અમર આત્માનુભવમાં સ્થિતિ થાય છે. અને જન્મજન્માંતરની વાસનાઓ,તૃષા શમે છે.

પરમાત્મા જ્ઞાનસ્વરૂપ છે. અમૃતસ્વરૂપ છે. નિરાકાર છે અને તેનો સાક્ષાત્કાર કિંવા આત્મદર્શન થાય છે ત્યારે સાધકસાધ્યભાવ રહેતો નથી. જીવશિવ ભાવમુક્ત એ સર્વત્ર શૂન્યાવસ્થામાં આત્મરત, આત્મક્રીડ અને આત્મતૃપ્ત, આત્મમસ્ત બની યથાપ્રારબ્ધ નિઃસ્પૃહ નિર્દ્વંદ્વ દશામાં જગતમાં વિચરે છે. આવી નચિંત આત્મદશા એ જ અંતિમ ધ્યેય છે. એની પ્રાપ્તિ કર્યા પછી કાંઈ જ મેળવવાનું નથી. નથી કોઈની પરવા ! નથી કોઈની સ્પૃહા ! તેથી જ અંતેશ્રી અવધૂત કહે છે :

**''ભઈ મત્ત મૈં રંગ દિવાની, ક્યા પરવાહ જગ આન ?''**






આતમ જાન લિયો મૂલહિ સે;
આયા અંધેરા કહીં સે !–ધ્રુ.
દૃશ્ય ન થા તબ કહાંકા દ્રષ્ટા,
સબ કરતૂત મનહિ સે !
કોરા કાગજ ચિત્રબિચિત્રા, સબ લીટા સ્યાહિ સે.–આતમ. (૧)
મનમેં મંદર મનમેં મૂરત, મન પૂજા એકહિ સે;
મનમેં કાબા મનમેં કાશી, ભેદ દૂહી મનહિ સે !!–આતમ. (૨)
ઊંચ નીચ સબ મનકી કરની, આતમ દૂર યહીં સે;
સંગવિહીના સદા નિસંગા, દિખે ભાસ ભાવહિ સે !–આતમ. (૩)
મનવૃત્તિકા બાદલ છાયા, અંધે નૈન વહીં સે;
દેવ છિપાયા દાનવ આયા, કાંપે આપ નહીં સે !!–આતમ. (૪)
આંખ બંધ કર કરે તમાસા, ભૂલા આપ આપહિ સે;
ખૂલા નૈન હુઆ સત્સંગા, રંગ ન અહીં-તહીં સે !–આતમ. (૫)

❋

પરમાત્મા સિવાય કશું જ નથી. કશાનું અસ્તિત્વ જ નથી. પરમતત્ત્વ એક જ છે, એક જ હતું અને એક જ રહેશે. આ અદ્વૈતવાદનું લક્ષ રાખીને આપણે શ્રી અવધૂતના આ ગીતનો વિચાર કરીએ.

શ્રી અવધૂત કહે છે :

**"આતમ જાન લિયો મૂલહિ સે"**

આત્મા એટલે પ્રકાશપુંજ, આત્મા એટલે અવર્ણનીય પરમતત્ત્વ, આત્મા એટલે એક અખંડ, અદ્વિતીય, સદા એકરસ રહેનારું, વધઘટના ધર્મ રહિત પરમતત્ત્વ. આત્માને તેના એવા મૂળસ્વરૂપમાં જેણે જાણ્યો છે તેને આત્માતિરિક્ત દ્વિતીય વસ્તુનું જ્ઞાનભાન હોતું નથી અને તેથી તેને

**"આયા અંધેરા કહીં સે !"**

એ પ્રશ્ન થાય છે. જ્યારે આત્મા એક જ છે અને બીજું કશું જ નથી ત્યારે આ જગત-પ્રપંચ જે જણાય છે તે શું ? એ પ્રશ્ન થાય છે. એ પ્રશ્નનો ઉકેલ પણ આપોઆપ થતો જ આવે છે. જ્યાં પ્રકાશ છે ત્યાં અંધારું નથી. જ્યાં આત્મા છે ત્યાં અનાત્મ દ્વૈત નથી. જ્યાં દ્વૈત નથી ત્યાં માયા નથી અને માયાના અભાવે સ્વપ્રકાશ આત્મા એક જ સર્વત્ર પ્રકાશિત છે. આત્માના ઉજાસમાં માયાના અંધકારને–અનાત્મને વસવાનો અવકાશ નથી.

**"આયા અંધેરા કહીં સે ?"**

એ પ્રશ્નનો ઉત્તર એક જ છે અને તે એ છે કે, એ અંધકાર કેવળ ભ્રમણા છે. એ ઉત્તરની પુષ્ટિમાં શ્રી અવધૂત કહે છે :

"દૃશ્ય ન થા તબ કહાંકા દૃષ્ટા !"

જો દૃશ્ય જ નહોતું તો દ્રષ્ટા ક્યાંથી આવ્યો ? જો પુત્ર નહોતો તો બાપ ક્યાંથી કહેવાયો ? જગત એ દૃશ્ય છે અને તેને જોનારો દૃષ્ટા છે. પણ જ્યારે

"આતમ જાન લિયો મૂલ હિ સે"

આત્માનો – શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપનો અપરોક્ષ અનુભવ થાય છે ત્યારે વ્યવહારિક સત્યસ્વરૂપે જે દૃશ્ય જણાય છે તે પણ તેને આત્મા જ જણાય છે. પૃથકભાવે જણાતું નથી. અને તેથી એની અપેક્ષાએ આત્મા પર આરોપિત દૃષ્ટાપણું પણ રહેતું નથી. અને જે છે તે દૃશ્યદૃષ્ટાવિહોણું આત્મતત્ત્વ જ રહે છે. અને તેથી આત્મસાક્ષાત્કારના પરિણામે દૃશ્ય અને દ્રષ્ટાનો ભેદ રહેતો નથી.

ત્યારે એ ભેદ થયો શી રીતે ? એવા પ્રશ્નનો ઉત્તર દેતાં શ્રી અવધૂત કહે છે. :

"સબ કરતૂત મનહિ સે !"

એ ભેદનો સર્જક મન છે. જો મન ન હોય તો મનઃ કલ્પિત જગત પણ નથી, માયા પણ નથી, દૃશ્ય પણ નથી અને દૃષ્ટા પણ નથી, પણ કેવળ એક પરમાત્મા જ છે. જ્યાં સુધી ભેદ છે, દ્વૈત છે ત્યાં સુધી 'મેં જોયું' એમ કહેવાય. એટલે 'હું' દૃષ્ટા અને જે જોયું તે 'દૃશ્ય' એવો ભાવ વ્યક્ત થાય. પણ જ્યારે એ 'મેં' જતું રહે ત્યારે સાથે જ 'જોયું' પણ રહેતું નથી. દ્વૈતવૃત્તિ એ કેવળ માયાના રમકડાં જેવા મનને કારણે છે અને તેથી જ જેને સાક્ષાત્કાર થયો હોય તેનું મન અમન થઈ જતું હોવાથી, દર્શન અદર્શન થઈ જતું હોવાથી, તેને આત્મા સિવાય ઈતર કશું જ જણાતું નથી. અને પોતાનાથી અભિન્ન અને અતિરિક્ત કાંઈ પણ રહેતું નથી. પોતાનાથી એટલે આત્માથી.

એ જ સિદ્ધાંતના પ્રતિપાદન અર્થે શ્રી અવધૂત દૃષ્ટાંતરૂપે

"કોરા કાગજ ચિત્રબિચિત્રા, સબ લીટા સ્યાહી સે"

એવું કહે છે. કાગળ કોરો છે, તેવું જ આત્મતત્ત્વ નિર્વિકાર અને નિષ્કલ છે. પણ તે જ કાગળ ઉપર જેમ સ્યાહીથી લીટા, અક્ષર, ચિત્રો વગેરે કાઢીએ છીએ ત્યારે તે કાગળ ચિત્રવિચિત્ર દેખાય છે અને કાગળનું મૂળ સ્વરૂપ એ ચિત્રવિચિત્ર આવરણથી આચ્છાદિત થઈ જાય છે તેમ પરમાત્મા કોરા કાગળ જેવો છે. માયા એ તેના ઉપરનું ચિત્રવિચિત્ર આચ્છાદન છે અને તેથી તે આચ્છાદન વડે આચ્છાદિત એ પરમતત્ત્વ જણાતું નથી. આપણે 'કોરો કાગળ' જોઈ શકતા નથી. માત્ર ચિત્રવિચિત્ર લીટા જ જોઈ શકીએ છીએ. તેથી જ





"हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्"

એવું ઉપનિષદ વાક્ય છે. જેમ કોરો કાગળ ચિત્રવિચિત્ર લીટાઓથી ઢંકાયેલો છે તેમ પરમતત્ત્વ અજ્ઞાનના આવરણરૂપ માયાથી ઢંકાયેલું છે. એ લીટા જો ધોવાઈ જાય, જ્ઞાનની મેગઝીથી જો એ શાહીના ચિત્રવિચિત્ર લીટાઓરૂપી અજ્ઞાન ધોવાઈ જાય તો, કાગળ તેના મૂળ રૂપમાં આપણે જોઈ શકીએ તેમ એ પરમતત્ત્વને પણ આપણે તેના મૂળ રૂપમાં જોઈ શકીએ. મન અને માયાનો લોપ થાય તો પરમતત્ત્વનાં દર્શન થાય.

અને તેથી મન અને માયાના કરતૂતનો વિસ્તાર કરતાં શ્રી અવધૂત કહે છે :

**"મનમેં મંદર મનમેં મૂરત, મન પૂજા એકહિ સે"**

કાબા, કાશી, મંદિર, મૂર્તિપૂજા આદિ અનેકવિધ જે ભેદ જણાય છે તે કેવળ મનનાં જ કરતૂત છે. દ્વૈતભાવ તે જ એ ભેદનું કારણ છે. એ ભેદનું સર્જક મન છે અને તેથી જ જ્યાં જુઓ ત્યાં સર્વાનર્થકારક મનનો નિસ્તાર કરવાને શાસ્ત્રોએ, સંતોએ અને અનુભવીઓએ સૂચના કરી છે. એ વાતને પુષ્ટ કરવાને

**"ઊંચનીચ સબ મનકી કરની, આતમ દૂર યહીં સે !"**
**"સંગવિહીના સદા નિઃસંગા, દિખે ભાસ ભાવહિ સે !"**

એમ કહ્યું છે.

આ ઊંચ, આ નીચ. આ ગરીબ, આ તવંગર, આ રાજા, આ રંક આદિ જે ભેદ જણાય છે તે પણ કેવળ મનના માન્યા જ છે. વસ્તુતઃ કોઈ ઊંચ પણ નથી અને કોઈ નીચ પણ નથી. એ બધાયમાં જે આત્મા વિરાજે છે, જે આત્મા વડે એ બધાય પ્રકાશે છે. તે પ્રકાશ તો એક જ પરમતત્ત્વનો છે. તે સર્વમાં એક સરખી રીતે ભેદભાવ વિહીન વિરાજમાન છે. તાત્ત્વિક દૃષ્ટિએ એવો કોઈ ભેદ અસ્તિત્વમાં નથી.

પરમાત્માના એક જ ઈક્ષણ-સંકલ્પના પ્રભાવે આ ત્રિગુણાત્મક માયાનું સર્જન થયું છે. એ ઈક્ષણ કિંવા સંકલ્પ એ જ વ્યક્તિ કે વ્યષ્ટિનું મન એમ માનીએ તો હરકત નથી. મનનો સ્વભાવ જ સંકલ્પ-વિકલ્પ છે. અને તેથી આ બધો તમાસો એ સંકલ્પ-વિકલ્પરૂપ મનનો છે.

એ બધાય દ્વૈત કિંવા માયાના કરતૂતથી આત્મા દૂર છે. એ આત્માના લક્ષણોનું વર્ણન કરતાં શ્રી અવધૂત કહે છે :

**"સંગવિહીના સદા નિઃસંગા"**

એ આત્મા સર્વત્ર સર્વમાં અનાસક્તભાવે રહેલો છે. આત્માના ઓજસ વિના ક્યાંય પ્રવૃત્તિનો સંભવ નથી. સૂર્યનો સ્વભાવ કેવળ પ્રકાશ આપવાનો છે તેમ આત્માનો સ્વભાવ પ્રકાશ આપવાનો છે. સૂર્યના પ્રકાશનો સદુપયોગ યા દુરુપયોગ કરવો એ ઉપયોગ કરનારની વૃત્તિ પર આધાર રાખે છે. આત્માનો પ્રકાશ પામીને તેનો ઉપયોગ કેમ કરવો તે

પ્રકાશ્યની વૃત્તિ પર નિર્ભર છે. એ રીતે આત્મા સર્વત્ર ઓતપ્રોત રહેવા છતાંય, સર્વને પ્રકાશ આપીને પ્રવૃત્તિ તરફ પ્રેરણા કરતો હોવા છતાંય, એ આત્મા કોઈપણ પ્રકારની આસક્તિનો ભોગ બનતો નથી. આસક્તિ રહિત રહીને જ માયાનો વ્યવહાર દૃષ્ટા તરીકે જોતો રહે છે. અને તેથી તે અનાસક્ત અને સદા નિઃસંગ છે.






એવા અનાસક્ત અને નિઃસંગ આત્માની પ્રાપ્તિનું સાધન બતાવતાં શ્રી અવધૂત કહે છે :

**"દિખે ભાસ ભાવહિ સે"**

આત્માનો એ પ્રકાશ કેવળ ભાવગમ્ય છે. ભાવના અભાવે તો કેવળ માયાના–પ્રકાશ્યનાં જ દર્શન કરવાનાં છે. જ્યારે અંતરમાંથી માયાનો, મનનો અને તેના અંધકારનો – અજ્ઞાનમય પ્રભાવનો – લોપ થાય છે ત્યારે એ નિર્મળ અંતઃકરણમાં આત્મતત્ત્વની પ્રાપ્તિનો ભાવ જાગ્રત થાય છે. અને જ્યારે ભાવ ઘનીભૂત થાય છે અને કેવળ ભાવ જ રહે છે ત્યારે આત્માનો પ્રકાશ સાધક અનુભવી શકે છે. જ્યાં સુધી આત્માના પ્રકાશનો અનુભવ થતો નથી, ત્યાં સુધી માયાનો જ પ્રકાશ–મિથ્યા તોય સત્યના આભાસ જેવો પ્રકાશ–માનવી અનુભવે છે. કાચના ચળકાટ જેવા એ માયાના ચળકાટમાં સાધક આત્મપ્રકાશનો અનુભવ કરી શકતો નથી.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"મનવૃત્તિકા બાદલ છાયા, અંધે નૈન વહિં સે;"**
**"દેવ છિપાયા દાનવ આયા કાંપે આપ નહિં સે !"**

આ બધાયનું કારણ મનની વૃત્તિ છે. એ મનની વૃત્તિરૂપ વાદળોથી અંજાઈ ગયેલ આંખવાળા માનવીને એ વાદળાંને ઓથે રહેલા સૂર્ય સમાન પ્રકાશિત આત્માનાં દર્શન થતાં નથી. અને તેથી જ્યારે એ મનવૃત્તિનું વાદળ છવાયું ત્યારે સત્ય વસ્તુનાં દર્શન કરવાના નેત્ર એટલે જ્ઞાનદૃષ્ટિ ઉપર અજ્ઞાનનું આવરણ આવ્યું અને તેના પરિણામે જ્ઞાનચક્ષુ અંધ બન્યાં અને કેવળ ચર્મચક્ષુ–જે ચક્ષુ વડે પરમતત્ત્વ જોઈ શકાતું નથી તેના– વડે માયા અને મનના કરતૂતરૂપ સંસારને જોવામાં મુગ્ધ બનીને માનવી પરમાત્માને જોઈ ન શક્યો. પરમતત્ત્વને જોવું એટલે તેનો અનુભવ કરવો. નિરાકાર પરમતત્ત્વ દૃષ્ટિનો વિષય નથી, અનુભવગમ્ય છે અને ઉપર કહ્યું તેમ

**'દિખે ભાસ ભાવહિ સે"**

એ રીતે જે પરિસ્થિતિ ઉત્પન્ન થઈ તેને

**"દેવ છિપાયા, દાનવ આયા"**

એ શબ્દોમાં શ્રી અવધૂતે વર્ણવી છે. દેવ એટલે પરમતત્ત્વ.

આમ માયાના આવરણથી આચ્છાદિત થતાં માયાનો જ પસારો આગળ આવ્યો. એ માયાને અહીં દાનવની ઉપમા આપી. એ દાનવના

પરિબળ આગળ દૈવનું પરિબળ લુપ્તવત્ બન્યું અને તેથી માનવી દેવના દર્શનને અભાવે દાનવની ઓરામાં ઘસડાયો અને તેનું પરિણામ

"કાંપે આપ નહિ સે"







એ આવ્યું. માયાનું તો અસ્તિત્વજ નથી એવું વેદના વારાથી આજ પર્યંત સર્વે કહેતા આવ્યા છે. એ વાતની પ્રતીતિ કેવળ જ્ઞાનાવસ્થારૂઢને જ થાય છે. જે અજ્ઞાનમાં જ મોહિત થયો છે તેને એ માયાના વિકારો સતાવે છે. અને તેથી સુખદુઃખ, હર્ષશોક આદિ દ્વંદ્વોના ચક્કરમાં પડેલો માનવી અનુકૂળમાં આનંદ માને છે અને પ્રતિકૂળમાં પ્રતિકૂળની કેવળ કલ્પના માત્રથી જ ધ્રૂજી ઊઠે છે.

જે નથી તેનાથી માનવી ભય પામે છે એમ કહેવાનો હેતુ આ જ છે. માયા નથી છતાં જણાય છે. મૃગજળ નથી તોય જણાય છે. મન દ્વારા અદ્વૈતમાં જે દ્વૈતભાન સરજાયું છે તેનું જ એ પરિણામ છે અને તેથી જેમ બાળક કેવળ પડછાયો જોઈને જ છળી ઊઠે છે તેમ, માનવી પણ છળી ઊઠે છે. તાત્પર્ય એ છે કે મનની માનેલી માનવીની એ ભ્રમણા મિથ્યા છે.

એ ભ્રમણાના નિસ્તાર અર્થે અંતે શ્રી અવધૂત માર્ગદર્શન આપે છે.

"આંખ બંધ કર કરે તમાસા, ભૂલા આપ આપહિ સે;"
"ખૂલા નૈન હુઆ સત્સંગ, રંગ ન અહીં-તહીં સે !"

ઉપર વર્ણવેલ પરિસ્થિતિનું અહીં શ્રી અવધૂતે બીજા શબ્દોમાં વર્ણન કર્યું છે.

જગતનો પ્રપંચ એ એક તમાસો છે. તમાસો ક્યારેય સત્ય નથી. પણ જોનારના મન ઉપર સત્યની છાપ પાડે છે. એ તમાસાનો કરનાર તમાસા પ્રત્યે અસંગ હોય છે, તેમ પરમાત્મા માયાને આગળ કરીને, માયાને શક્તિપ્રદાન કરીને જગતરૂપી તમાસો રચે છે. માયાના એ તમાસામાં માનવી ફસાઈ જાય છે અને તેથી જ

"ભૂલા આપ આપહિ સે"

એવું કહે છે. આકાશમાં ભાતભાતના આકારનાં વાદળાં થાય છે તેને જોઈને કોઈ વાઘના સ્વરૂપનો, કોઈ હાથીના સ્વરૂપનો, કોઈ દૈત્ય, રાક્ષસ આદિના સ્વરૂપનો મનકલ્પિત અનુભવ કરે છે; તેમ આ સંસાર નથી છતાં પોતે જ પોતાની કલ્પના માત્રથી તેનો અનુભવ કરીને, તેમાં આસક્ત બનીને પોતે જ તેમાં અટવાય છે. પોતે જ પોતાના સત્યસ્વરૂપને ભૂલીને આ પ્રપંચમાં ઓતપ્રોત બને છે અને તેથી પોતે જ પોતાની જાતને ઠગે છે અને આત્મસ્વરૂપથી વંચિત રહે છે.

એનું નિરસન ક્યારે થાય ? શ્રી અવધૂત કહે છે :

"ખૂલા નૈન હુવા સત્સંગ"



એ અજ્ઞાનના અંધકારના નિરસન અર્થે શ્રી અવધૂતે બે વાતોનો અહીં સંકેત કર્યો છે. એક જ્ઞાનદૃષ્ટિ અને બીજો સત્સંગ. જ્ઞાનદૃષ્ટિના

વિકાસ અર્થે સત્સંગની આવશ્યકતા છે અથવા સત્સંગનું પરિણામ જ્ઞાનદૃષ્ટિની પ્રાપ્તિ છે. શાસ્ત્રો, પુરાણો આદિ ધર્મગ્રંથોનું આપમેળે પરિશીલન કરવાથી એ સત્સંગની સચોટ અસર થતી નથી. પણ બ્રહ્મનિષ્ઠ, શ્રોત્રિય સદ્ગુરુના સત્સંગથી એ પરિણામ અચૂક આવે છે. અને તેથી જ સત્સંગનું મહત્ત્વ છે.

સત્સ્વરૂપને-પરમાત્મતત્ત્વની સાથે એકરૂપ બનેલા સત્સ્વરૂપને-પામેલા સત્પુરુષના સહવાસથી જ્ઞાનદૃષ્ટિનો વિકાસ થાય છે એટલે સત્સંગ અને જ્ઞાનદૃષ્ટિ પરસ્પર પૂરક છે એવું કહેવું અસ્થાને નથી.

જ્યારે જ્ઞાનદૃષ્ટિનો વિકાસ થાય છે, અંતર્ચક્ષુ ઊઘડે છે ત્યારે માયાનો અંધકાર ટળી જાય છે અને દ્વૈતના અદર્શનના પરિણામે કેવળ પરમતત્ત્વનાં જ સર્વત્ર દર્શન થાય છે. અને ત્યારે એ આત્માનુભવના પરિણામે, જેમ સૂર્યના પ્રકાશથી અંધકારનો સમૂળ નાશ થાય છે તેમ, અજ્ઞાનના સમૂળ નાશના પરિણામે

"રંગ ન અહીં-તહીં સે"

એવી અવસ્થા થાય છે અને સાચો સાધક ઠરીઠામ થાય છે. તેનો બધોય રઝળાટ મટી જાય છે અને આત્મસ્થિતિમાં સ્થિર એ સાધક સાધ્ય બનીને, સાધ્યમાં સમરસ બનીને, માયા અને મનના મોહક છતાંય આત્મઘાતક કરતૂતોથી મુક્ત થાય છે. એ માયા અને મનને પોતાનામાં સમાવીને મુક્તવિહાર કરે છે.

આ ગીતમાં શ્રી અવધૂતે ટૂંકમાં દ્વૈતાદ્વૈત વિવર્જિત આત્મસ્વરૂપનું જ્ઞાન આપ્યું છે. તેના ઉપર વિવેચન કરવાનું ઘણુંય મન થાય છે પણ આ અને એને અનુસરતા પ્રશ્નો ઉપર આગળ વિશદ વિવેચન થયું છે એટલે અહીં પુનરુક્તિ કરવાની ઇચ્છા થતી નથી. એટલે સંકેતમાત્ર વિવેચન કરીને વિરમીશું.






(૫૭)

(રાગ : મિશ્રકાફી, તાલ : દીપચંદી)

(ગઝલની રાહમાં ગવાશે)

મૂકી દીધી કલમ બંધો, હવે ના કાંઈ લખવું છે;
લખ્યું તે ના લખ્યું થાશે, જનો સહુ ભૂલી એ જાશે !–ટેક
ન કાંઈ કહેવું છે ભાઈ, વિચારી રહેવું છે આંહીં;
દિવસ બે ચાર વા કોઈ; હશે જે આયુ તે ભાઈ !–મૂકી (૧)
બહુ રખડ્યો બહુ ભટક્યો, હવે ના ક્યાંય જાવું છે;
ન લેવું છે ન દેવું છે, વિચારી આંહીં રહેવું છે !–મૂકી (૨)
સમય આવ્યે બધું જાયે, પ્રભુ કિરતાર છે ન્યારો;
'કર્યું મેં' 'હું કરું' શાને, વૃથા અભિમાન ગોઝારો ?–મૂકી (૩)
વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત જહાં તણી શાને ?
ફરું અલમસ્ત સ્વાનંદે, ફિકર શ્વઃ કાલની શાને ?–મૂકી (૪)
ન ડર છે મોતનો ભાઈ, ન જીવનની તથા કાંઈ;
જીવનમૃત્યુ ઉભા સાંઈ, ખડા ચોકી કરે આંહીં.–મૂકી (૫)
વૃથા ગુમાન ભણતરનું, ભણ્યું તે ના ભણ્યું આંહીં;
નિરક્ષરની સદક્ષરતા, પ્રભુને પ્રાણપ્રિય ભાઈ !–મૂકી (૬)
વિવાદો વાદ કંઈ કીધા, પ્રશંસા નિંદ સહુ સેહ્યાં;
હવેના ઝેર પીવું છે, વિચારી આંહીં રહેવું છે !–મૂકી (૭)
વૃથા બકવાદમાં ભાઈ, ન ઝાંખી ઈશની ક્યાંઈ;
બકી મૂવા વિબુધ ભારી, ન શાંતિની કણી પાઈ !–મૂકી (૮)
પ્રભુકૃપની ઝડી આઈ, જનમર્શંકા ટળી ભાઈ;
મરી ગઈ ભીતિ બેકારી, બન્યો નિર્દ્વંદ્વ અધિકારી !–મૂકી (૯)
પ્રભુની વાડીમાં આંહીં, અનેરાં ચિત્ર છે ભાઈ;
અનેકે એક દેખાઈ, સદેકે નેક છવિ છાઈ !–મૂકી! (૧૦)
કરોડો જન્મની આધિ, થઈ ગઈ ખાખ સહુ વ્યાધિ;
ટળી ગઈ રંગ ઉપાધિ, મળી સ્વાનંદ સુરગાદી !!–મૂકી (૧૧)

*

શ્રી અવધૂતે સાધક માટે સાહિત્યનું સર્વોત્કૃષ્ટ સર્જન કર્યા પછી આ ગીત આલેખ્યું છે. આ એક અનેરું જ ગીત છે. આત્મસાક્ષાત્કાર કિંવા સમ્યક્‌જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોંચ્યાં પછીની અવધૂત અવસ્થાનું અહીં શ્રી અવધૂતે અક્ષરશઃ વર્ણન કર્યું છે એમ માનવાને કારણ મળે છે. આ

ગીતમાં જે અવસ્થાનું શબ્દચિત્ર આપણને જોવાનું મળે છે તે જ સાધકની અંતિમ અવસ્થા છે. એ ગીત કેવળ વાણીવિલાસ અર્થે સર્જાયું નથી. અહીં તો અક્ષરે અક્ષરે અનુભવનો ચમત્કાર જણાય છે અને તેથી તે વાચકને પ્રિય લાગે છે. અવધૂતની કક્ષાએ પહોંચેલ સાધકનું સાહિત્યસર્જન શ્રુતિવાક્ય છે જ્યારે વિદ્વાનોનું વિદ્વત્તાપૂર્ણ સર્જન સ્મૃતિવાક્ય છે. જેને સમ્યક્‌જ્ઞાન સિદ્ધ થયું છે તેને સ્મરણમાંથી કાંઈ પણ આલેખન કરવાનું રહેતું નથી અને તેથી તે શ્રુતિવાક્ય છે. જેને કેવળ અક્ષરજ્ઞાન છે તેને પોતાના સ્મૃતિપટપર તરી આવતા વિચારોનું આલેખન કરવાનું હોય છે અને તેથી તે સ્મૃતિવાક્ય છે. વિદ્વત્તા અને અનુભવ એ ઉભય વસ્તુઓમાં અનુભવ શ્રેષ્ઠ છે. અનુભવ ભલે અભણનો હોય તોય તેની કિંમત વિદ્વત્તા કરતાં અદકી છે. અને તેથી જ શ્રી અવધૂતે ઘણુંય સાહિત્ય સમાજને આપ્યા પછી અંતે કહ્યું :

"મૂકી દીધી કલમ બંધો"

નિરક્ષરને તો કલમનો ઉપયોગ જ નથી. સાક્ષર કલમનો ઉપયોગ કરે છે પણ ક્યાં સુધી? અને સાક્ષર એટલે? જેના વડે ક્ષરમાંથી અક્ષરની પ્રાપ્તિ થાય, તે વિદ્યાનો પારંગત. અને તે કલમ ક્યાં સુધી પકડી રાખે? જ્યાં સુધી કલમનો એટલે તર્ક અને બુદ્ધિનો અંત આવે ત્યાં સુધી. તર્ક અને બુદ્ધિનો અંત આવે ત્યારે એ કલમ આપોઆપ પડી જાય છે. કલમ તો માત્ર વિચારોને વ્યક્ત કરવાનું એક સાધન છે. જ્યાં વિચાર નથી ત્યાં કલમની શી કિંમત? જ્યાં ભૂખ નથી ત્યાં પકવાનની શી કિંમત? પાણીનું બિંદુ જેમ પાણીમાં સમાઈ જાય અને પોતાનું 'બિંદુ' તરીકેનું વ્યક્તિત્વ પાણીમાં ઓગાળી દે તેમ જ્યારે બુદ્ધિ પોતાનો અહંભાવ ભૂલી જઈ એ બુદ્ધિના સાગરમાં ભળી જાય ત્યારે પોતાનું વ્યક્તિત્વ ભૂલી, સમષ્ટિમાં સમાઈ જઈ બુદ્ધિનો સાગર સ્વયં બની જાય, ત્યારે એ કલમ હેઠી પડે. તર્કનું પણ એવું જ. જ્યાં સુધી મનમાં સંકલ્પ-વિકલ્પનું આવર્જન વિસર્જન થતું રહે ત્યાં સુધી જ એ તર્કવિતર્ક થતા રહે. એ તર્ક કરવાની શક્તિ વિનાનું મન જ્યારે પાંગળું બની જાય ત્યારે તે જેના વડે સચેત છે તે ચેતનશક્તિમાં પોતાનું વ્યક્તિત્વ સમાઈ જતાં એ મન, મીઠાનો કાંકરો જેમ સાગરમાં ભળી સમરસ બની સાગરરૂપ બની જાય તેમ, તે તર્કના અખંડ સ્રોતમાં ભળી જઈને સમરસ બની જાય ત્યારે તર્કવિહોણું મન સારાસાર વિવેક કરનાર બુદ્ધિને ભક્ષ્ય આપી શકે નહીં. તેથી જ એ મન અને બુદ્ધિવિહોણું ભણતર પણ બહારથી નિરક્ષરતાના જેવું જ સ્વરૂપ ધારણ કરે અને ત્યારે કાગળ, કલમ અને ખડિયો બધુંય નકામું પડે. એ સ્થિતિનો નિર્દેશ કરીને જ શ્રી અવધૂતે

'મૂકી દીધી કલમ બંધો'

એમ કહીને કલમ મૂકી દીધાની વાત કરી છે. એકને જાણ્યા થકી સર્વને





જાણી શકાય છે. સર્વજ્ઞ થવાય છે. તેવા જ્ઞાનસાગરનો પાર પામ્યા પછી સાધકને કશું જ જાણવાનું કે જોવાનું રહેતું નથી. સાધક એવી 'સિદ્ધિ' પ્રાપ્ત કરીને 'જ્ઞાન' પોતે જ બની જાય છે. અને ત્યારે નથી રહેતું લખવાનું કે નથી રહેતું વાંચવાનું. એણે તો વિશ્વગ્રંથ વાંચીને એ ગ્રંથના લેખકને જ પોતાનો કરી લીધો છે અથવા વિશ્વગ્રંથને પાને પાને અને અક્ષરે અક્ષરે એ ગ્રંથના લેખકનું એને સતત ભાન થતું હોવાથી, એવા સર્વોચ્ચકોટિના ગ્રંથને ઉકેલ્યા પછી એને બીજું કશું જ ઉકેલવાનું રહેતું નથી. અને ભાષાના અર્થમાં સર્વ રીતે સાક્ષર હોવા છતાંય નિરક્ષર બનેલો એ સર્વજ્ઞ પછી સાચો સાક્ષર બનીને જ નિસર્ગમાં જીવન જીવે છે. જ્યાં સુધી ભણતરનું અભિમાન છે–અને કલમ રહે ત્યાં સુધી એ અભિમાન પણ રહે જ – ત્યાં સુધી પાંડિત્યનો પ્રકાશ કલમ દ્વારા વ્યક્ત કરીને લોકૈષણાની વૃત્તિને તૃપ્ત કરવાની વૃત્તિ રહે જ છે. **"કલમ મૂકી દીધી"** એ ઉદ્‌ગાર ભણતરનો ગર્વ ગળી ગયા પછી જ નીકળી શકે. અને જ્યારે કલમ મૂકી દીધી હોય ત્યારે તેના પરિણામરૂપે ઉદ્‌ભવતી વૃત્તિ

**"હવે ના કાંઈ લખવું છે"**

એ જ હોઈ શકે. તેથી જ શ્રી અવધૂતે પાંડિત્યનો ગર્વ ગળી ગયા પછીની સાચી સ્થિતિનું વાસ્તવિક ભાન થતાં જે માનસિક અવસ્થા સર્જાય છે તેનું આપણને ભાન કરાવ્યું છે.

એ કલમની પ્રતિભાશાળી કૃતિઓનું ભાવિ પણ કેટલું ઉજ્જવળ છે તેનો ખ્યાલ આપતાં શ્રી અવધૂત કહે છે :

**"લખ્યું તે ના લખ્યું થાશે, જનો સહુ ભૂલી એ જાશે;"**

પાંડિત્યભરી વાણી – પ્રતિભાવાન સર્જન – પણ ચિરસ્થાયી નથી. કાળે કરીને એ સાહિત્યનું સર્જન પણ, જેમ જગતનો અંત આવે છે તેમ, અંતને પામશે. ત્યારે એ લખાણ, એ કલમની બધીય પ્રતિભા જગત ભૂલી જશે. અને ત્યારે એ લખેલું નહીં લખેલા જેવું બની જશે. એટલે "લખ્યું" તે "ના લખ્યું" જેવું જ થશે. સર્જનના પરિવર્તનશીલ ધર્મમાં કોઈ પણ વસ્તુ એક જ અવસ્થામાં તો રહેતી જ નથી. અને નિસર્ગના એ પરિવર્તનશીલ નિયમને અપવાદ નથી. એટલે જેમ જગત સ્મૃતિપટ પરથી ભૂંસાઈ જાય છે તેમ એ લખેલું પણ સ્મૃતિપટ પરથી ભૂંસાઈ જાય છે, એટલે તે ન લખ્યા જેવું જ બની જવાનું છે. અને તેથી લેખકને પોતાના સર્જનનો જે મોહ છે તે પ્રત્યે વૈરાગ્યવૃત્તિ કેળવવાનો પણ અહીં ગર્ભિત બોધ કરવામાં આવ્યો છે. આગિયા ચોમાસામાં ક્ષણિક ચમકાર કરી અદૃશ્ય થઈ જાય છે, ઘરના દીવડા રાત્રિએ પ્રકાશ આપી જતા રહે છે, તારલાઓ પોતાનો મંદપ્રકાશ આપી અંતે તો અલોપ થઈ જાય છે, અને અંતે ચંદ્રસૂર્યનું પણ ભાવિ તો એ જ છે. એ બધાય જેના પ્રકાશ વડે પ્રકાશિત છે તે પ્રકાશદાતા પણ પ્રલય કાળે તો પ્રકાશના આગાર સમા પરમપ્રકાશમાં

સમાઈ જાય છે, ભુલાઈ જાય છે. એ જ દશા સાહિત્યની અને સાહિત્યસર્જકોની પણ છે. કેટલુંક સાહિત્ય ચાર દિવસનું ચાંદરણું જોઈ અમાવાસ્યાના અંધકારમાં અટવાઈ જાય છે. કેટલુંક સાહિત્ય વળી થોડાં વર્ષો પછી વિસારે પડે છે અને એમ ઉત્તરોત્તર સાહિત્યમાત્રની અંતિમ અવસ્થા આવ્યા વિના રહેતી નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :






**"લખ્યું તે ના લખ્યું થાશે"**

બીજી રીતે જ્યાં સુધી પોતાના સર્જનમાં એટલે પોતે લખેલી વસ્તુમાં પોતાના લેખકપદનું અંતરમાં ઊંડે ઊંડે પણ અભિમાન છે ત્યાં સુધી એ લખ્યાનો સાચો મર્મ કળી શકતો નથી. 'મારો લેખ' 'મારી કવિતા' 'મારું પુસ્તક' એવા અહંતાભર્યા તર્કના પરિણામે લેખક પોતાના લખ્યા અનુસાર આચાર કરી શકતો નથી, કરતો નથી. કેવળ '**परोपदेशे पांडित्यम्**' એ સૂત્રનો એ દાસ બની જાય છે. પણ જ્યારે એ લખાણ પરનો મમત્વભાવ ટળી જાય છે ત્યારે એ લખાણ એક કોરા કાગળ જેવું જ બની જાય છે. અને એ કોરા કાગળના ગર્ભમાં જે દૈવી લેખ છે તે ઉકેલવાની શક્તિ આવે છે, ત્યારે પણ એ લખ્યું ના લખ્યા જેવું બની જાય છે. સ્મૃતિપટમાંથી એ ઊડી જાય અને જગત પણ એને ભૂલી જાય ત્યારે જ એ લખાણની સાર્થકતા છે. એ વિસ્મૃતિનું પરિણામ કેવળ "મૌન" છે. અને તેથી જ શ્રી અવધૂત કહે છે :

**"ન કહેવું કાંઈ છે ભાઈ, વિચારી રહેવું છે આંહીં"**
**"દિવસ બેચાર વા કોઈ, હશે જે આયુ તે ભાઈ."**

આ શબ્દો શું કોઈ હતાશ અંતરના છે? અથવા શું એ શબ્દો કોઈ પૂર્ણઆશ અંતરના છે? બંને રીતે એનો વિચાર કરી શકાય. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે નિરાશા જ અનુભવતો હોય તે પણ આવું જ કરે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જેની આશાઓ સર્વાંશે પૂર્ણ થઈ હોય અને આશા અવશેષ રહી ન હોય તે પણ આવા જ શબ્દો ઉચ્ચારે. અહીં શ્રી અવધૂતના આ શબ્દો પૂર્ણકામ અંતરના છે એમ માનીને જ આપણે વિચાર કરીએ.

જ્યાં સુધી બીજાને બે બોલ કહેવાની વૃત્તિ બની રહે છે, જ્યાં સુધી બીજાને ઉપદેશાત્મક બે શબ્દો કહેવાનું મન થાય છે ત્યાં સુધી કહેનાર કરતાં સાંભળનાર ઊતરતી કોટિનો છે એવું કહેનારને ભાન રહ્યા જ કરે છે. અને ત્યારે જ વક્તાનું અભિમાન પણ પળેપળે પોષાતું જ જાય છે. જ્યારે કહેનારની દૃષ્ટિમાં કહેનાર અને સાંભળનાર બંનેમાં તાત્ત્વિક રીતે એક જ નૂર ભર્યું છે એવો દૃઢભાવ જાગ્રત થાય ત્યારે 'કોણ કોને કહે ?' એ પ્રશ્ન વક્તાને પણ મૂંઝવે છે અને તેથી તે બોલતો બંધ થઈ જાય છે.

બીજી રીતે વિચાર કરીએ તો વૈખરીવિલાસ ક્યાં સુધી? જ્યાં સુધી ચિત્તની અસ્થિરતા છે, જ્યાં સુધી તરંગમાળાનો અખંડપ્રવાહ અંતરસાગરમાં વહેતો રહે છે અને જ્યાં સુધી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનાં કાર્યો

અંતરમાં થતાં રહે છે ત્યાં સુધી. પણ સમુદ્ર સ્થિર ક્યારે થાય ? ભરતી પૂર્ણરૂપ પામે ત્યારે સમુદ્ર બંને કાંઠે છલાછલ છતાંય સ્થિરતા અનુભવે છે. અને ત્યારે જ એની તરંગમાળાનો વેગ લુપ્ત થઈ જાય છે અને તેના અંતરમાં અને બાહ્ય સ્થિરતા જણાય છે. એ જ રીતે સ્થિરચિત્તમાં વાણીવિલાસ થંભી જાય છે. જ્યારે વાણી થંભી જાય છે ત્યારે તે તત્ત્વવિચારમાં જ પોતાનું જીવન વ્યતીત કરે છે. એવી ઘડી જ્યારે આવે છે, જીવનમાં જ્યારે સ્થિરતા સર્જાય છે ત્યારે જ વૈરાગ્યનો પૂર્ણપ્રકાશ તેના અંતરમાં થાય છે. સાથે જ સર્વાંગી ત્યાગ પણ જાગ્રત થાય છે. અને ત્યારે તે કેવળ મૌનમાં જ વિહાર કરતો રહે છે. એ રીતે જીવનના થોડા દિવસો ગાળવાના છે. આયુષ્યની દોરી જ્યાં સુધી તૂટી નથી ત્યાં સુધી શરીરને નિભાવી લેવાનું છે. ''કહેવા કરતાં કરવું ભલું'' એ ન્યાયે અહીં શ્રી અવધૂતે કહેવા કરતાં હવે કરવાનું જ વધુ પસંદ કર્યું છે. પોતે જે વિચારે તેનો ઘડો લઈને જ સાધકે સંસારમાં પોતાની જીવનયાત્રા પૂર્ણ કરવાની છે એવો બોધ અહીં આપ્યો છે.

બોલ્યાથી શું થાય? બીજાઓને ઉપદેશ દીધે પણ શું વળે? જ્યાં સુધી સાંભળનાર એ સંદેશ ઝીલવાને અધિકારી ન હોય ત્યાં સુધી એ 'કાગળ પર બીબાં' કેટલો વખત ટકે? અને તેથી જ શ્રી અવધૂતે વાણી-વિલાસનો વિરોધ કરી કેવળ વિચારમગ્ન અવસ્થામાં જ અધૂરું આવરદા પૂરું કરવાનો નિશ્ચય અહીં પ્રગટ કર્યો છે. એ અંતિમ નિર્ણય કરતાં પહેલાં શ્રી અવધૂતને કેટલી અગ્નિપરીક્ષામાંથી ઉત્તીર્ણ થવું પડ્યું તે પણ વિચારવા જેવું છે. એ અગ્નિપરીક્ષાનો શ્રી અવધૂત આપણને અહીં ખ્યાલ આપે છે.

શ્રી અવધૂત કહે છે :

**''બહુ રખડ્યો બહુ ભટક્યો હવે ના ક્યાંય જાવું છે,''**
**''ન લેવું છે ન દેવું છે, વિચારી આંહીં રહેવું છે.''**

નિરાધારને આધાર સાંપડે ત્યાં સુધી તો તેની ધોબીના કૂતરા જેવી અવસ્થા થાય છે. બિચારાને ન તો ધોબી સંઘરે કે ન તો શેરીના લોકો તેને આશ્રય આપે. શ્રી અવધૂતે પોતાના જીવનના અનેક અનુભવોના અંતે જે પ્રાપ્તિ કરી છે તેનો આ ગીતમાં સરવાળો કર્યો છે. રખડતો રઝળતો માનવી જ્યાં સુધી વિસામો ન મેળવે, જ્યાં સુધી રહેવાનું સ્થાન ન મેળવે ત્યાં સુધી તે ઠરીઠામ થઈને રહેતો નથી. રહેવાની ઇચ્છા તો હોય પણ રહી શકતો નથી.

પરિવ્રાજક અવસ્થામાં શ્રી અવધૂતે જે વિટંબણાઓ વેઠી છે અને જે યાતનાઓ ભોગવી છે તેનો આ પંક્તિમાં સંકેતરૂપે શ્રી અવધૂતે ખ્યાલ આપ્યો છે. એક ગામથી બીજે ગામ, એક જંગલથી બીજે જંગલ અને એમ રાતદિવસ રવડી રઝળીને જે સમય વિતાવ્યો છે તેનું સ્મરણ અહીં કરીને શ્રી અવધૂતે કહ્યું :

"બહુ રવડ્યો બહુ રઝળ્યો"
અને શ્રી અવધૂતના એ પરિભ્રમણનો કોઈ ઈતિહાસ લખે તો ખરેખર હર્ષ અને વિષાદની મિશ્ર લાગણીઓથી ભરપૂર બને એમાં શંકા નથી. પણ એ તો એકલા જ પરિભ્રમણ કરતા એટલે એ ઈતિહાસ, એ વિડંબનાઓનો ખ્યાલ કોને આવે? અને શ્રી અવધૂત એ આત્મકથા સંકલિત કરીને કહે છે ક્યાં? કોઈક પ્રસંગે કોક પ્રસંગની વાત કહે તેટલી સાંભળીને પણ શ્રોતાને એ યાતનાનો અંશતઃ ખ્યાલ આપે. કોઈક વાર વાલની દાળની ખીચડી ખાવાનો પ્રસંગ આવે, કોકવાર ચોરડાકુઓનો સમાગમ થાય અને તેના જ મહેમાન બને, કોકવાર ચોરની ગણનામાં લોકો ઠરવા ન દે અને એવી એવી તો અનેક ઘટનાઓ બને. પણ એ વાતો જ્યારે શ્રી અવધૂત કહે ત્યારે જ હવે તો સાંભળતાં આનંદ થાય. તે સમયની પરિસ્થિતિની કલ્પના કરીએ ત્યારે તો ખરેખર આપણને દુઃખ જ થાય. અસ્તુ.

શ્રી અવધૂત કહે છે : "ઘણું રવડી રઝળીને થાક્યા પછી હવે તો ક્યાંય જવું નથી." કારણ ? શું એ રઝળાટ અને રખડાટના પરિશ્રમે શ્રી અવધૂતને કાયર બનાવ્યા છે? ના, ના, શ્રી અવધૂત અનેરી માટીનું પૂતળું છે. વિપત્તિઓ સાથે તો એમણે જીવનને હોડમાં મૂક્યું છે અને વિપત્તિઓ પર વિજય મેળવીને એ બાજી જીત્યા છે. ત્યારે શું શરીર થાક્યું છે તેથી? ના, ના, શરીરની તો એમને ક્યાં સ્પૃહા છે? મનોબળના અચળ મેરૂસમા એ શરીરની વ્યથાને આધીન ક્યાં થાય છે? ત્યારે આવાં હાર્યા સૈનિક જેવાં અથવા થાક્યા પથિક જેવાં નિરાશાનાં વેણ કેમ ઉચ્ચાર્યાં ? શું આટઆટલા પરિભ્રમણ પછીની એ નિરાશા તો નથી! એમના જીવનમાં ક્યાંય શ્રી અવધૂતે નિરાશા કે હતાશાનો અનુભવ કર્યો જ નથી. જેને આશા હોય તેને જ નિરાશા થાય, આશાનિરાશા, હર્ષવિષાદને તિલાંજલિ આપીને જે જીવન જીવે છે તેને એ ઉભય વિકારો સ્પર્શ કરી શકતા નથી. ત્યારે શ્રી અવધૂતના શબ્દોનું રહસ્ય? નિરાધારને સાંપડેલો શાશ્વત આધાર. જ્યાં સુધી શ્રી અવધૂતે જે આધારની પ્રાપ્તિ અર્થે તપશ્ચર્યા કરી તે આધાર તેને પ્રાપ્ત ન થયો ત્યાં સુધી એમણે શરીરના વિશ્રામની સ્પૃહા કર્યા વિના અવિશ્રાંતપણે તપશ્ચર્યાના અનેક પ્રયોગો કરીને શરીરને, જેમ અગ્નિમાં સુવર્ણને તાવી નાખીએ તેમ, તાવી નાંખી એ તપશ્ચર્યાના ઉગ્ર અગ્નિમાં મનના મળ, વિક્ષેપ અને આવરણને ભસ્મીભૂત બનાવી અંતે, જેમ અગ્નિમાં તપાવેલું મલિન સુવર્ણ શુદ્ધ થઈને પૂર્ણ પ્રકાશિત અવસ્થામાં તપ્તકાંચન બનીને બહાર પડે છે તેમ અગ્નિપરીક્ષામાં અણીશુદ્ધ રહી તૃપ્ત થયેલા ભૂખ્યાની તૃપ્તિના ઉદ્‌ગાર સમા આ ઉદ્‌ગાર કાઢ્યા. "હવે ના ક્યાંય જાવું છે." અને જવાનું ક્યાં રહ્યું? અંતિમ શાશ્વત આધાર પ્રાપ્ત કર્યા પછી બીજો કયો આધાર શોધવાને પરિભ્રમણ કરવાનું એમને માટે અવશિષ્ઠ રહ્યું ? અનાયાસ જ શ્રી અવધૂતના જીવનમાં ડોકિયું કરીએ.






રવડી રઝળીને થાક્યા તો ખરા પણ જગતના ભિન્નભિન્ન પ્રકારના લોકોના સમાગમમાં આવ્યા. કોઈએ માન દીધાં તે ન દીધાં જેવું ગણીને ઉલ્લાસના અંતરમાં આવતા વિકાર અવરોધવાની સમબુદ્ધિ શીખ્યા. કોઈએ અપમાન કર્યાં તે પણ હસ્તેમુખ સહન કરવાની વિદ્યા શીખ્યા. અને એમ કરીને માન અને અપમાનમાં સમબુદ્ધિ કેળવવાનો અભ્યાસ દૃઢ કર્યો. પરિભ્રમણ અવસ્થામાં બધે જ ભોજનના થાળ પીરસીને કોણ બેઠું હોય? ભૂખના કડાકાય કાઢવા પડે અને કેવળ પાણી પીને દિવસો વિતાવવા પડે. એ આકરા દિવસો પણ શ્રી અવધૂતે વિડંબનાના દુઃખ વિના વિતાવ્યા. એ દુઃખમાં પણ સુખના અનંત ઝરણની એમને ઝાંખી થઈ. ભાવિ સુખના સ્વપ્ન સેવતાં એ ભૂખનાં દુઃખ વિસારે પડ્યાં. અરે ક્યાંક તો પીવાના પાણીનીય તાણ હોય! અને ત્યારે એ તરસને મારતાં શીખે. ભૂખ અને તરસ તો શરીરનું દ્વંદ્વ છે. એ દ્વંદ્વ ઉપર વિજય મેળવવાને તો આ રવડાટ અને રઝળાટ હતો. હાથે કરીને હેતુ પુરઃસર જ શ્રી અવધૂતે એ પરિભ્રમણ સ્વીકાર્યું હતું. અને તેથી એ પરિભ્રમણમાં ન તો દુઃખની ભાવના જાગ્રત થાય કે ન તો સુખનો આનંદ અંતરને આહ્લાદ આવે! પરિભ્રમણમાં તડકાના નિવારણ અર્થે એમને છત્રી ઓઢાડનાર કોઈ ક્યાં હતું? એ પોતે તો એ ઉપાધિ ક્યાં રાખે? કેવળ એકાદી કામળ કે લંગોટ અને દંડકમંડલ સાથે ફરતા શ્રી અવધૂતે ઉનાળાના પ્રખર તાપનો પણ અનુભવ કર્યો છે. શિયાળાની કડકડતી ટાઢનો પણ ત્રાસ સમબુદ્ધિએ વેઠ્યો છે. મુસળધાર વરસાદની વરસતી ઝડીમાં ચારેકોરથી વિંઝાતા વાવાઝોડામાં પણ નીડરપણે પ્રવાસ કર્યો છે. એ બધું કરીને શિતોષ્ણના દ્વંદ્વ પર પણ વિજય મેળવ્યો. ટાઢ ગઈ, તડકો ગયો, ભૂખ ગઈ અને તરસને લેતી ગઈ. માન ગયું. અપમાન ક્યાં રહ્યું? વસ્ત્રપરિધાનની વરણાગી ગઈ. જીવનની જરૂરિયાત માટે ફાંફાં મારવાનાં ક્યાં રહ્યાં? જરૂરિયાત વિના તેની પ્રાપ્તિ અર્થે વલખાં કોણ મારે? એ બધું સાધ્ય કરતાં કરતાં 'હું કોણ'' એની ખોજ તો ચાલુ જ રહી. અને એક દિવસ સદ્‌ગુરુદેવની કૃપાએ 'સોહ્ડમ્'ની ઓળખ થઈ. 'કોહ્ડમ્' ટળ્યું અને ત્યારે આ બધી જહેમતની પણ પરિસમાપ્તિ થઈ અને શ્રી અવધૂતે કહ્યું :

**''હવે ના ક્યાંય જાવું છે''**

ગમે તેટલું રખડ્યા રઝળ્યા છતાંય અંતે તો એ રવડવાનું અને રઝળવાનું સાર્થ કરીને અથવા નિરર્થક કરીને એક જગ્યાએ ઠરીઠામ થવું તો પડે જ ને? શ્રી અવધૂતનો એ રવડાટ અને રઝળાટ સફળ થયો. હવે તેમણે વલખાં મારવાનાં ન રહ્યાં અને ઠરીઠામ થવું જ રહ્યું. જેને શોધવા માટે આ બધું કર્યું તે તો પોતે જ નીકળ્યા!! પોતાના પડછાયાની પાછળ પડેલાને જ્યારે પડછાયો અદૃશ્ય થાય છે અને પોતે પોતાને જ જોતા થાય ત્યારે કેટલો આનંદ થાય! કલ્પના નહીં આવે.

"હવે ના ક્યાંય જાવું છે"

એ શબ્દો કહેતી વેળાએ શ્રી અવધૂતને કેટલો આત્મસંતોષ થયો હશે તેની કલ્પના પણ આપણે ન કરી શકીએ. અસ્તુ. શરીર ઠરીઠામ થાય પણ મન ભટકતું રહે તેનો કશો જ અર્થ નથી. મન ઠરીઠામ પડ્યું એટલે તેને તો સમસ્ત પૃથ્વી પોતાનું ઘર છે. પછી તેણે ક્યાંય જવાનું કે રહેવાનું રહેતું નથી. અને તેથી જ અહીં પણ થાક્યાના વિસામા જેવા આ શબ્દોમાં મનની સ્થિરતાનો પણ ગર્ભિત ભાવ રહેલો જ છે. સાચા સાધકને ખરેખર આ એક સાચું આશ્વાસન છે. અથડાઈકુટાઈને અનેક પ્રકારના અનુભવને અંતે તે અનુભવની સારી કે માઠી અસરના સંસ્કારો અંતઃકરણ ઉપરથી ભૂંસીને અંતે સ્થિર બનેલા સાધકને તો અંતે એક જ સ્થાન પર સ્થિર થવાનું હોય છે. કેવળ તત્ત્વનો જ વિચાર કરવાનો હોય છે. એ જ સત્ય અહીં શ્રી અવધૂતે આ શબ્દોમાં ઉચ્ચાર્યું છે. જગત સાથેનો સ્થૂળ સંબંધ જ્યારે અંતરથી સમાપ્ત થાય છે ત્યારે જગતના કોઈપણ વહેવાર પ્રતિ તેને રતિ રહેતી નથી. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :




ભા.- ૩

"ન લેવું છે ન દેવું છે, વિચારી આંહીં રહેવું છે"

નથી તેણે કોઈને આપવાનું કે નથી તેણે કોઈ પાસે લેવાનું. આપનાર અને લેનાર જેને મન એક જ સ્વરૂપ છે તેને કોણ આપે અને કોણ લે? આપનાર અને લેનાર એવું દ્વૈત જ ટળી જાય છે. કેવળ અધૂરું રહેલું પ્રારબ્ધ ભોગવી તે પ્રારબ્ધને નિઃશેષ કરવા માટે જ એ જીવન વ્યતીત કરે છે. તેને ઐહિક પ્રાપ્તિનો આનંદ નથી, અપ્રાપ્તિ માટે ઉદ્વેગ પણ નથી. એમ નિર્સંકલ્પ અવસ્થામાં થતી બાહ્ય ક્રિયાઓનાં બંધન પણ સર્જાતાં નથી. પ્રારબ્ધ પૂર્ણ થયે એ શરીરનો ત્યાગ સ્વયં નિર્માયેલો છે. લેવડદેવડનો કાંઈપણ સંબંધ તેથી રહેવા પામતો નથી. "લેવું અને દેવું" એ તો બાહ્ય ક્રિયાઓ છે. એના ગર્ભમાં વ્યવહાર રહેલો છે. એ વ્યવહારનો સંબંધ ગુણો સાથે છે. એ વ્યવહારને પરમાર્થ સાથે કશો જ સંબંધ નથી. શરીર અને શરીરના બધાય વ્યવહારો ગુણને આધીન છે. આત્માને અને શરીરના વ્યવહારને કશો જ સંબંધ નથી. જેને આ વાત ગળે ઊતરી હોય તે શરીર દ્વારા થતા ગુણનાં કર્મોમાં આસક્ત થતો નથી; એટલું જ નહીં પણ તેવાં કર્મો હેતુપુરઃસર પણ નથી. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

गुणाः गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते ।

"ગુણ અને કર્મના વિભાગને જાણનારો તત્ત્વવિદ્ ગુણો ગુણોમાં વર્તે છે એમ જાણીને તેમાં આસક્ત થતો નથી."

શ્રી અવધૂતે આ મહાન સિદ્ધાંતને કેટલી સારી રીતે આલેખ્યો છે? શાસ્ત્રની અટપટી ભાષાનો આશ્રય લીધા વિના સીધી અને સરળ રીતે શાસ્ત્રનાં ગૂઢ રહસ્ય સમજાવવાની શ્રી અવધૂતની એ યુક્તિ એના સર્જનમાં તરી આવે છે. આ ઉક્તિ પણ એક એવી જ છે. ઘઉંના આંટાને કેળવી

કેળવીને જેમ અનેક પ્રકારનાં પકવાનો બનાવી શકાય છે તેમ સંતોની ભાષાને પણ કેળવી કેળવીને અનેક ગૂઢ રહસ્ય પામી શકાય છે. કેવળ સ્થૂળ અર્થમાં જણાતી એક નાનકડી વાતમાં પણ રહસ્ય ગર્ભસ્થ હોય જ છે. સંતવાણીની એ જ વિશિષ્ટતા છે. અહીં આપણે ''લેવું અને દેવું'' એ વ્યવહારની સ્થૂળ ક્રિયાનો જ ઉલ્લેખ કરીને બેસી રહીએ તો એ તો કોઈ પણ સામાન્ય માણસ કરી શકે. અહીં ઉપર કહી તેવી વિશેષતા આ સૂત્રમાં છે એમાં શંકા નથી. જેની પાસે કોડી પણ આપવાની નથી અને જેણે કોઈ પાસે કોડી સરખી પણ લેવાની નથી તેને વળી લેવું શું અને દેવું શું? પણ એમ નથી. જ્યારે શ્રી અવધૂત ''હવે ના ક્યાંય જાવું છે'' એમ કહ્યા પછી આ લેવડદેવડની વાત ઉચ્ચારે છે ત્યારે એ ''લેવું'' અને ''દેવું'' વ્યવહાર સાથે બંધબેસતું નથી. એને પરમાર્થ સાથે સંબંધ છે. જે કાંઈ થાય છે તેમાં આસક્તિનો અભાવ હોય તો કેવળ દ્રષ્ટાભાવ સર્જાય છે. નિસ્પૃહતાનો વિકાસ પામીને ગુણ પણ ત્યારે જ પોતાનું કાર્ય કરી રહે છે. ''નિસ્પૃહીને જગત તરણા તોલ''ની સ્થિતિનો ખ્યાલ પણ ત્યારે જ આવે છે. અહીં શ્રી અવધૂતના આ શબ્દોમાં ઉપર શ્રી ભગવાનભાખ્યા તત્ત્વવિદ્‌ની પોતાની મનોદશાનો ખ્યાલ આપે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત જે કહે છે તે પણ એ જ વાતને પુષ્ટ કરે છે.

**''વિચારી આંહીં રહેવું છે.''**

એ પંક્તિ વ્યવહારમાં અનાસક્ત બનેલાને શાનો વિચાર અવશેષ જીવનમાં કરવાનો છે તેનું ભાન કરાવે છે. રહેવાનું તો અહીં જ છે. જ્યાં સુધી પ્રારબ્ધ અવશિષ્ઠ છે ત્યાં સુધી શરીર તો ટકવાનું છે એ નિઃશંક છે. જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી તત્ત્વચિંતન કરીને અંતે શ્રી ભગવાને અર્જુનને કહ્યું તેમ

**अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।**
**यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥**

''અંતકાલે મારું સ્મરણ કરતો જે શરીરને છોડે છે તે મારા સ્વરૂપને પામે છે એમાં સંશય નથી.'' અહીં શ્રી અવધૂતે જે વિચાર કરવાનું કહ્યું છે તે કેવળ તત્ત્વના વિચારને અનુલક્ષીને જ કહ્યું છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**''સમય આવ્યે બધું જાયે, પ્રભુ કિરતાર છે ન્યારો;''**
**''કર્યું મેં, હું કરું'', શાને વૃથા અભિમાન ગોઝારો.''**

વરસાદ અકાળે પડતો નથી. ઋતુઓ યથાકાળે પોતાનું કાર્ય કર્યે જાય છે. ફળો પણ અકાળે પાકતાં નથી. સૂર્ય અને ચંદ્રનો પણ અકાળે ઉદયાસ્ત થતો નથી. નિયતિના નિયમ પ્રમાણે જેનો જ્યારે સમય આવે છે ત્યારે તે સમયાનુસાર બને જ જાય છે. સમુદ્રની ભરતી અને ઓટનો






આધાર સૂર્ય અને ચંદ્રની ગતિ ઉપર છે. અહીં શ્રી અવધૂતે પ્રારબ્ધ ઉપર અટલ શ્રદ્ધા રાખીને જીવન વ્યતીત કરવાનો બોધ આપ્યો છે. આંબા ઉપર લટકતાં ફળો પરિપક્વ થતાં નથી ત્યાં સુધી ખરી પડતાં નથી. પાકાં પાન જ વૃક્ષ પરથી ખરી પડે છે. જ્યાં સુધી કર્મનું ફળ પરિપક્વ થતું નથી ત્યાં સુધી ભોગવી શકાતું નથી. કર્મ થયું એટલે તેનું પ્રારબ્ધ તો અવશ્ય ભોગવવાનું જ છે. નિસર્ગનો એ નિયમ છે અને તેને માનવીય નિયમ પ્રમાણે અપવાદ નથી. મનુષ્ય જો એટલું જ સમજી જાય તો પછી તેને જરાયે વિમાસણ કરવાનું રહેતું નથી. જે કાંઈ થયું છે, થતું જાય છે અને થવાનું છે તે બધુંય માનવીને આધીન નથી એ નિર્વિવાદ છે. એ બધુંય પ્રારબ્ધને આધીન છે. પ્રારબ્ધને પલટાવવાની કોઈની ગતિ નથી. એ પ્રારબ્ધનો નિયામક તો પ્રભુ છે. તેણે કર્મનાં ફળના જે નિયમો કર્યાં છે તે નિયમો અબાધિત છે. તેમાં તે સ્વયં લવલેશ કરી શકતો નથી. કરે તો અન્યાય કહેવાય અને સંસારચક્ર પણ અવ્યવસ્થિત બની જાય. પ્રભુ સહુથી ન્યારો છે એનું પણ એ જ કારણ છે. એ પ્રભુની અપરંપાર લીલાનો કોઈ પાર પામ્યો નથી. પોતાની શક્તિ અને પોતાની મર્યાદાની બહાર છે તેને માટે તો એક જ આશ્વાસન છે અને તે

**"સમય આવ્યે બધું જાયે"**

એ જ છે. શ્રી અવધૂતે એ જ કારણે પ્રભુ કિરતાર પર ભરોસો રાખી જીવન વ્યતીત કરવાનો બોધ કર્યો છે. એ ન કરીએ તો આપણે બીજું કરી પણ શું શકીએ ? આપણી શક્તિ કેટલી ? અરે, શેક્યો પાપડ પણ ભાંગવાની આપણામાં શક્તિ નથી. જે શક્તિ વડે આપણે કર્મ કરીએ છીએ તે શક્તિ તો પ્રભુદત્ત છે. તે જ પ્રભુએ આપણો અધિકાર પણ નક્કી કર્યો છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**''कर्मण्येवाधिकारस्ते''**

''માત્ર કર્મ કરવાનો જ તને અધિકાર છે.'' તે કર્મ પણ જ્યારે થવાનું નિર્માણ થયું હશે ત્યારે જ થશે. પરમાત્માની આજ્ઞા વિના એક પાન પણ હાલી શકતું નથી. સૂર્ય ઊગતો નથી, વાયુ વાતો નથી. એ જ કારણે કેવળ પરમાત્મા જ સર્વશક્તિમાન છે એમ માન્યા વિના ચાલે એમ નથી. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**
**भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥**

'' યંત્ર પર ચઢેલાં સર્વ પ્રાણીઓને માયા વડે ભમાવતો ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદયપ્રદેશમાં રહેલો છે'' અને તેથી કર્મના કર્તૃત્વનું અભિમાન રાખનારાઓને અહીં શ્રી અવધૂતે એ અભિમાન રહિત થવાનો બોધ દીધો છે.

શ્રી અવધૂત કહે છે :

**"કર્યું મેં હું કરું શાને, વૃથા અભિમાન ગોઝારો".**






"મેં કર્યું" એમ કહેનારો કરનાર નથી. "હું કરું" એમ કહેનારો કરી શકતો નથી. જે કાંઈ કર્મ અને ક્રિયાઓ થાય છે તેનું કર્તાપણું તો કોક બીજાનું જ છે. મનુષ્ય તો કેવળ નિમિત્ત માત્ર છે. યંત્રવત્ ઇન્દ્રિયો વડે કર્મ અને ક્રિયાઓ થતી જાય છે. અને તેથી કર્તાપણાનું અભિમાન રાખવું એ મિથ્યા છે. એ અભિમાન સંસારનું કારણ બને છે. અને તેથી તે ગોઝારું છે. એ ગોઝારા અભિમાનનો ત્યાગ કરવાનું તેથી અહીં સૂચન કર્યું છે. અભિમાન કરનાર કેવળ દુઃખભાગી જ બને છે. અભિમાનીને સુખનાં તો સ્વપ્નાંય આવતાં નથી. દુઃખ સહન કરતાં કરતાં જ નિરાશામાં જીવન વિતાવતો જ એ માનવી અંતે યમરાજનો ભોગ બને છે. એ કારણે અહીં કર્તાપણાનું ગોઝારું મિથ્યા અભિમાન નહીં કરતાં કેવળ પ્રભુને ભરોસે જીવનનૌકા સંસારસાગરમાં છોડી દેવાની અને સુકાન શ્રી હરિને હાથ સોંપવાની માર્ગભૂલ્યા વટેમાર્ગુને શિખામણ આપી છે.

કરનાર કર્મ બે રીતે કરે છે. જેને પ્રારબ્ધ ઉપર અટલ શ્રદ્ધા છે તે કર્મ કરીને તેના ફળમાં આસક્ત થતો નથી. જે પ્રારબ્ધવાદી નથી પણ પુરુષાર્થ ઉપર જ આધાર રાખે છે તે કર્મ કરીને તેના ફળમાં આસક્તિ રાખે છે. એક નિરભિમાનપણે યંત્રવત્ કર્મ કરે છે જ્યારે બીજો સાભિમાન "હું કરું છું" એમ માનીને કર્મ કરે છે. ભેદ માત્ર વૃત્તિમાં છે. એક પરિણામનાં સુખદુઃખથી અલિપ્ત રહે છે, બીજાને પરિણામના હર્ષશોકનો અનુભવ થાય છે. પરિણામની સ્પૃહા વિનાનો સુખી છે. પરિણામની સ્પૃહા રાખનાર દુઃખી છે. "જો સુખી થવું હોય તો પરિણામમાંથી આસક્તિનો ત્યાગ કરી સહજભાવે કર્મ કરો." એ શ્રી અવધૂતનો બોધ છે. જો દુઃખી થવું હોય તો પરિણામમાં આસક્તિ રાખી અભિમાનયુક્ત કર્મ કરો. સુખપ્રાપ્તિનો માર્ગ સન્માર્ગ છે. સુખ અર્થે જગત ઝંખે છે. સંતભાખ્યા સુખના સાચા માર્ગે જવું એ માનવતા છે. સંતના શબ્દોની અવગણના કરવી અને બીજે રસ્તે જવું એ દાનવતા છે. તમને જે રુચે તે કરો. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત જહાં તણી શાને?"**
**"કરું અલમસ્ત સ્વાનંદે, ફિકર શ્વઃકાલની શાને?"**

શરીર છે ત્યાં સુધી વ્યવહાર છે. શરીરનો વ્યવહાર અને નિર્વાહ પ્રારબ્ધને આધીન છે. એ પ્રારબ્ધને અવલંબીને રહેતા હોવાથી શ્રી અવધૂતે

**"વપુ પ્રારબ્ધ પોષે છે"**

એમ કહ્યું. સ્થૂળ શરીરના સ્થૂળ પોષણનો જ અહીં સંકેત કરવામાં આવ્યો છે એમ નથી. પણ એ શરીર સાથે સંકળાયેલા શરીરના સઘળા સંબંધો, વ્યવહારો અને મનુષ્યની રહેણીકરણીનો પણ અહીં સંકેત કરવામાં આવ્યો છે. એ વિશાળ દૃષ્ટિએ જ આપણે વિચાર કરીશું. "મનુષ્ય પ્રારબ્ધનું સર્જન છે" એવો એક શાસ્ત્રોક્ત સિદ્ધાંત છે. તેને અનુસરીને જ શ્રી

અવધૂતે આ વાત લખી છે.

''હું દેહ છું'' એવી જીવને ભ્રમણા છે. તે અભિમાનજનિત ભ્રમણાને કારણે મનુષ્ય દેહનું અનેકવિધ લાલનપાલન કરે છે અને દેહને પોતે જ પોષતો હોય એવો ગર્વ લે છે. શ્રી અવધૂત કહે છે : ''દેહને તો પ્રારબ્ધ પોષે છે'' વિચાર કરતાં પણ એ જ સત્ય છે એમ સમજાશે. મનુષ્ય જો પોતાના પુરુષાર્થ વડે શરીરને પોષતો હોય તો જે શરીર પોતાનું છે એમ માનીને પુરુષ તેને પોષે છે તે દેહનું મૃત્યુ થવા દે ખરો? છતાંય દેહ મરે છે. એ મૃત્યુને ખાળવાને અનેકવિધ પ્રયત્નો કરવા છતાંય કોઈ ખાળી શકતું નથી એ આપણી નજરે આપણે જોઈએ છીએ અને અનુભવીએ છીએ. વૈદ્યો અને ડૉક્ટરો જો મરતાને જિવાડી શકતા હોય તો પોતે કેમ મરે? જો ધન્વતરી મરતાને ઉગારી શકતો હોય તો તે કેમ મરે? ગરીબની વાત બાજુ પર મૂકીએ. ગરીબો સાધનના કે શક્તિના અભાવે મરે છે એમ માનીએ તો લક્ષાધિશો, કોટ્યાધિશો અરે, કુબેરભંડારી જેવાઓ, સમ્રાટો મૃત્યુને કેમ ભેટે? એ બધાયનું પરિણામ એક જ છે. શરીરનો પોષનાર, તેનો ક્ષય કરનાર અને તેનો અંત આણનાર કેવળ પ્રારબ્ધ છે. શરીરનું જેટલું પ્રારબ્ધ ભોગવવાનું નિર્માણ થયું હોય તેટલા ભોગ પૂરતું જ તેનું આવરદા છે અને તે ભોગ પૂર્ણ થતાં જ એક ક્ષણ પણ વધુ વખત તે શરીર ટકી શકતું નથી. નિયતિનું એ નિર્માણ છે. એ દૃષ્ટિએ શરીરનું પોષણ અને શોષણ કરનાર કેવળ પ્રારબ્ધ છે.

**''જે પોષતું તે મારતું''** એ કુદરતનો ક્રમ છે. જરા આગળ ચાલીએ.

એક ગર્ભ શ્રીમંતને ત્યાં જન્મે છે, બીજો ભિખારીની ઝૂંપડીમાં જન્મે છે. એકને રહેવાને સાત સાત માળના મહાલયોની મણા નથી, બીજાને રહેવાને ભાંગીતૂટી ઝૂંપડી પણ નથી. એકને ભોજન અર્થે રોજ રોજ નવાં નવાં મિષ્ટાન્ન અને પકવાન મળે છે, બીજાને સૂકો ભાખરો પણ નથી મળતો. એકને પહેરવાને શાલ અને જરિયાન વાઘા છે, બીજાને પહેરવાને ફાટીતૂટી કંથા પણ નથી. એકને સૂવાને સવામણ રૂની મશરૂની ગાદી છે, છપ્પર પલંગ છે, જ્યારે બીજાને ભાંગીતૂટી ખાટ પણ નથી અને પાથરવાને ફાટીતૂટી સાદડી સરખીય નથી. એકને વૈભવ અને વિલાસની મણા નથી જ્યારે બીજાને વૈભવ વિલાસનાં સ્વપ્ન સરખાંય આવતાં નથી. એકને માન અકરામ મળે છે, હજારો માનવીઓ પુષ્પના ગુચ્છાઓ અને પુષ્પમાળા વડે તેને ઢાંકી દે છે, બીજાને જૂતાનો માર, હડધૂત, અપમાન અને અવગણનાનાં આકરાં વેણ સાંભળવાનાં મળે છે. એકની સેવામાં અનેક દાસદાસીઓ હાજર છે, પાણી માગે દૂધ મળે છે, જ્યારે બીજાને દાસદાસીઓના સ્વપ્ન પણ નથી આવતાં. અરે, મરતો હોય તો મુખમાં ટીપું પાણી પણ કોઈ રેડતું નથી. આ અને આવી અનેક વિષમતા શા સારું? બન્ને છે તો માનવી. બન્નેનો આત્મા પણ સરખો જ છે. ઉભયને






જીવવાનો પણ અધિકાર છે, ત્યારે આ વિષમતા શા સારું? શું પ્રભુ અન્યાયી છે? ના, પ્રભુ તો ન્યાયી છે. એનો ન્યાય પણ અચળ અને અફર છે. ત્યારે આ દેખીતો અન્યાય કેમ? કર્મ અને તેને અનુરૂપ પ્રારબ્ધફળ, એ એનો જવાબ છે. સત્કર્મ કરનાર સુખ ભોગવે છે, દેવ પેરે પૂજાય છે. પુણ્ય અને પાપ એ ઉભય પ્રકારનાં કર્મો કરનાર ઘડીક સુખિયાં અને ઘડીક દુઃખિયાં જણાય છે. એ એના પાપ અને પુણ્યના મિશ્ર સંચયનું પરિણામ. બાવળ વાવનારો કેરીની આશા ન જ રાખી શકે. શેરડી વાવનારો અમૃત સમા મિષ્ટ રસનું જ પાન કરે. જેમ જમીનમાં વાવેલું ધાન્ય સમય થતાં પરિપક્વ અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે જ તેનો ઉપયોગ કરી શકાય, તેમ કરેલાં કર્મની પરિપક્વ અવસ્થાએ જ તેના ફળ પ્રારબ્ધરૂપે ભોગવવાં પડે. ''વાવે તેવું લણે'' એ કહેવતનો મર્મ પણ આ જ છે. એ રીતે આપણે જોયું કે શરીરનો વ્યવહાર અને નિર્વાહ કેવળ પ્રારબ્ધને આધીન છે અને તેથી જ શ્રી અવધૂત કહ્યું :

**''વપુ પ્રારબ્ધ પોષે છે.''**

જ્યારે શરીર પ્રારબ્ધ વડે જ પોષાય છે ત્યારે જગતની ખુશામત શા સારુ કરવી પડે? જેની ખુશામત કર્યાથી પણ સાન્ત શરીર અન્તહીન બની શકતું નથી તેવા જગતની ખુશામત શા સારુ? અરે પ્રભુની ખુશામત કરવાથી પણ એ શરીર ચિરંજીવી બની શકતું નથી. શરીર અમર બને એ તો સંભવિત જ નથી. પ્રારબ્ધને ટાળવાની તો પરમાત્માની પણ શક્તિ નથી. તો એ શરીરના સંરક્ષણ અને પોષણ અર્થે જગત અને જગન્નિયંતાની પણ પ્રાર્થના કે ખુશામત કરવી આવશ્યક નથી. ખુશામત કરીને શા સારુ કોઈની આગળ હીણા દેખાવું પડે? પરમાત્માની પ્રાર્થના આવશ્યક છે, પરમાત્માની કૃપા પણ આવશ્યક છે. પણ તે નાશવંત શરીરને ચિરંજીવ બનાવવા કે તેનું રક્ષણ અને પોષણ કરવા અર્થે નહીં; પણ એ જીવને ''હું દેહ છું'' એવી અહંતા અને ''મારો દેહ છે'' એવી મમતા અને ભ્રમણા થઈ છે તેના નિરસન અર્થે, જીવભાવની મુક્તિ અર્થે અને શિવસ્વરૂપની પ્રાપ્તિ અર્થે જ કરવાની છે. દેહને જેટલું પ્રારબ્ધ ભોગવવાનું છે તેટલું પ્રારબ્ધ ક્ષીણ થતાં જ એ દેહમાંથી સૂક્ષ્મશરીર સાથે જીવ તો અન્ય શરીર ધારણ કરી તે શરીરનું પ્રારબ્ધ ભોગવવા માટે નીકળી જ જવાનો છે. એક મુસાફરી પૂરી કરી બીજી મુસાફરી એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના શરૂ કરવાની જ છે. એ રીતે લખચોરાશી યોનિ ભટકવાની જ છે. જન્મમૃત્યુની એ રેંટમાળમાંથી નીકળી જવાને તો એક જ માર્ગ છે. ''જૂનું ભોગવવું અને નવું ભેળું ન કરવું'' જૂનો ભંડોળ પૂરો કરી દેવો અને નવો ભંડોળ ભેળો કરવો નહીં એટલે જન્મમરણનો વ્યાપાર આપોઆપ જ અટકી જશે. જાગતિક જંજાળમાં જકડાયેલા જંતુ જેવા માનવીની વાત કોરે મૂકીએ તો પણ મહાન સંતો ભારતમાં થઈ

ગયા છે તેમના પણ દેહવિલય તો થયા જ છે. અરે ભીષ્મપિતામહ જેવા ઇચ્છામૃત્યુને વરેલાને પણ ક્ષણભંગુર દેહ છોડવો પડ્યો છે તો પછી બીજાની શી વિસાત! એવા નશ્વર દેહની ક્ષણભંગુરતાનો વિચાર કરીને તેના રક્ષણ કે પોષણ અર્થે, શરીરપ્રારબ્ધવશ છે એમ સમજીને, એમણે જગતની ખુશામત નથી કરી. શરીર અર્થે જગતની ખુશામત કરવી મિથ્યા છે એવો શ્રી અવધૂતનો નિર્ણય એ જ કારણે છે. પ્રારબ્ધ શરીરને પોષે છે એટલો જો નિશ્ચય થાય તો પછી મનુષ્ય શરીરના વ્યવહાર અને નિર્વાહ અર્થે ફાંફાં મારવાનું અને એ નિમિત્તે જગતનું મનોરંજન કરવાનું છોડીને કેવળ પ્રારબ્ધને અનુરૂપ પુરુષાર્થ કરતો થઈ જાય છે. એવી માનસિક સ્થિતિમાં તેને અંશતઃ શાંતિનો અનુભવ થાય છે. પ્રારબ્ધવાદી પુરુષાર્થ કરવામાં પાંગળો પણ નથી અને આળસુ પણ નથી. તે પુરુષાર્થ કરીને તેમાં નિષ્ફળતા મળે તો તેથી દુઃખી થતો નથી. તેના મનને ઉદ્વેગ થતો નથી. ફરીફરીને ઉત્સાહપૂર્વક પુરુષાર્થ કરતો જ રહે છે. અસ્તુ.






શરીરની ક્ષણભંગુરતાનો કડવો ઘૂંટડો ગળે ઊતરે તો પછી ક્રમશઃ શરીરનો મોહ પણ ઊતરતો જાય છે અને, જેમ મદિરાના ઘેનમાં મસ્ત બનેલો માનવી મદિરાની કેફ ઊતરતાં ઠેકાણે આવે તેમ, મનુષ્ય પણ પોતાના સ્વરૂપને ઓળખતો થાય છે અને એ ઓળખના પરિણામે "દેહ" અને "દેહી"નો ભેદ તેને સમજાય છે. ત્યારે "હું દેહ નથી" એવું નિશ્ચાત્મક જ્ઞાન થઈ પૂર્વે સેવેલો "હું દેહ છું" એવો તેને ભ્રમ ટળી જાય છે અને ત્યારે વિષયાનંદમાં મગ્ન રહેતો માનવી આત્માનંદ તરફ વળે છે અને તેમાં જ મગ્ન બની રહે છે. અને તેથી

**"ફરૂં અલમસ્ત સ્વાનંદે, ફિકર શઃ કાલની શાને ?"**

એવું શ્રી અવધૂતે કહ્યું છે.

"અલમસ્ત" એટલે જેણે ફિકરની ફાકી કરી છે તે. ફકીરના જેવો નિઃસ્પૃહી પણ બેદરકાર નહીં. નથી તેને જીવનની સ્પૃહા, નથી તેને મૃત્યુની ચિંતા. નથી તેને જગતની દરકાર કે નથી તેને જાગતિક પ્રપંચની મમતા. જે મસ્ત છે, જે આત્માની જ મસ્તીમાં મહાલે છે તેને પછી કાલની શી પરવા ? આજે ખાવા મળે કે ન મળે, કાલે ખાવા મળશે કે નહીં મળે તેની તેને જરાય ચિંતા નથી. કાળજી રાખીને શરીરનો વિચાર જ કરતો નથી એટલે તેને સંગ્રહ કરવાની પણ વૃત્તિ થતી નથી; એટલું જ નહીં પણ સંગ્રહ કરતો જ નથી. કેવળ પ્રારબ્ધને જ મોખરે રાખીને દોરવાય છે. કાલની ફિકર રાખે તે પુરુષાર્થવાદી. બેફિકર તે પ્રારબ્ધવાદી. અસ્તુ.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ન ડર છે મોતનો ભાઈ, ન જીવનની તથા કાંઈ;"**
**"જીવન મૃત્યુ ઊભા સાંઈ, ખડા ચોકી કરે આંહી."**






એક હાથમાં જીવન, બીજા હાથમાં મૃત્યુ. બંને હાથમાં જીવન અને મૃત્યુને રમકડાં લેખી એની સાથે રમતો અવધૂત અહીં આપણને જીવન અને મૃત્યુનું તત્ત્વજ્ઞાન સમજાવે છે.

મનુષ્ય કદમાં નાનો છે પણ બુદ્ધિએ મોટો છે. હાથી કદમાં મોટો છે પણ બુદ્ધિમાં મનુષ્ય કરતાં નાનો છે અને તેથી તેને હાથીના કરતાં મૃત્યુનો ભય વધારે લાગે છે. મરણના ભયનું કારણ આપણે વિચારીએ.

દ્રષ્ટા એટલે આત્મા નિત્ય છે. અને દૃશ્ય એટલે શરીર અનિત્ય છે. જીવને જ્યારે એવી પ્રતીતિ થાય છે ત્યારે કાયાની માયાનો મોહ ઓસરવા માંડે છે. સમુદ્રમાં જ્યારે ભરતી આવે છે ત્યારે તે ભરતીનાં પાણી નદીમાં પણ રેલાય છે અને નદી બંને કાંઠે છલાછલ છલકાય છે. મનુષ્યમાં જ્યારે વ્યવહારબુદ્ધિની વિપુલતા થાય છે ત્યારે તેને મૃત્યુનો અધિક પ્રમાણમાં ભય લાગવા માંડે છે. ત્યારે તે કેવળ શરીરને જ પોતાનું સત્યસ્વરૂપ માનીને તેના પોષણ અને રક્ષણ પાછળ ગાંડોઘેલો બની જાય છે. ભરતી પછી ઓટ એ નિયતિનો નિયમ છે. જ્યારે ઓટ આવે છે ત્યારે સરિતામાં આવેલાં સમુદ્રનાં નીર પાછાં સમુદ્રમાં ઘસડાઈ જાય છે અને સરિતા મૂળ સ્વરૂપમાં દેખાય છે. બ્રહ્મચર્ય અને બીજા તપના પરિણામે અંતઃશરીરમાં રહેલા જ્યોતિર્મય નિત્ય આત્માનું, જ્યારે બધાય દોષો ક્ષીણ થતાં, તેને દર્શન થાય છે ત્યારે શરીરનો મોહ ઓસરી જાય છે. જ્યાં સુધી કાયાની માયા છે ત્યાં સુધી અંતઃકરણ મળથી ભરેલું છે. શુદ્ધ અંતઃકરણમાં શરીરના મોહને સ્થાન નથી. પરિણામે તે કેવળ દ્રષ્ટાભાવે જ શરીરને જોતો થાય છે. પારમાર્થિક વિપુલતાનું એ પરિણામ છે. જ્યારે દેહના મોહવાળો મનુષ્ય "મને મોતનો ભય નથી" એમ કહે છે ત્યારે તે પોતાના અભિમાનને જ પોષે છે. એ કેવળ વાણીનો જ વિલાસ છે. દંભ છે. જ્યારે કોઈક અવધૂત સમી પારમાર્થિક બુદ્ધિની વિપુલતાવાળી વ્યક્તિ

"ન ડર છે મોતનો ભાઈ"

એવો ઉચ્ચાર કરે છે ત્યારે તે આત્માની વાણી છે એમ આપણે માનીએ. ભય તો જન્મથી જ સ્વભાવમાં હોય છે. માનવમાં એ નિર્બળતાનું પ્રમાણ વિશેષ હોવાથી જ, મૃત્યુ તો નિશ્ચિત છે એવો નિત્યનો અનુભવ હોવા છતાંય એ મૃત્યુને ટાળવાના નિમિત્તે વૈદ્ય અને ડૉક્ટરના પેટ ભરાય છે. "જે નિર્માણ છે તે થવાનું જ છે." જે જન્મે છે તેને માથે જન્મથી જ મૃત્યુ જડાયેલું છે; એ વાતનો જ્યારે બુદ્ધિપૂર્વક નિશ્ચય થઈ જાય ત્યારે રાક્ષસ જેવા એ મૃત્યુનો ભય પણ અંતઃકરણમાંથી ઓસરી જાય છે. ત્યારે મનુષ્ય સુખી પણ થાય છે. જગતમાં પ્રાણીમાત્રને અનેકવિધ પ્રકારના ભય સતાવે છે. સૌથી મોટો ભય મૃત્યુનો છે. અને તે મનુષ્યને તો પળેપળે સતાવતો જ રહે છે કારણ કે તે બુદ્ધિશાળી છે. શરીરમાં

નજીવો પણ વિકાર જણાય એટલે 'રખેને હું મરી જઈશ તો ?' એવો સંકલ્પ ઉદ્ભવે છે અને મૃત્યુભયથી ધ્રૂજી ઊઠે છે. બીજા ભયને તો મનુષ્ય કદાચ જીતી શકે પણ મૃત્યુભય પર વિજય મેળવનાર તો શ્રી અવધૂત જેવા લાખ કરોડે કોક જ મળે. મૃત્યુભય પર વિજય પ્રાપ્તિ કરી અભય બનવું એ જ ચિત્તશુદ્ધિ છે. જ્યારે દર્પણ કોઈપણ પ્રકારના મેલ વિનાનું નિર્મળ બની જાય છે ત્યારે તેમાં જેમ પ્રતિબિંબ પણ શુદ્ધ પડે છે તેમ જ્યારે ચિત્ત મળ, વિક્ષેપ અને આવરણથી રહિત થઈ શુદ્ધ બની જાય છે ત્યારે તેમાં આત્માનું પ્રતિબિંબ અનુભવાય છે. જ્યારે આત્મસાક્ષાત્કાર થાય છે ત્યારે તેના અંતરમાં કોઈપણ પ્રકારનો ભય રહેતો જ નથી. આત્માના એ પ્રતિબિંબ સમું પોતે પોતાનું જ સ્વરૂપ જુએ છે અને પ્રાણીમાત્રમાં પણ પોતાનું જ પ્રતિબિંબ જોતાંજોતાં સ્વયં મૃત્યુમાં પણ તે પોતાને જ નિહાળે છે. પોતાને પોતાનો ભય રહે છે ખરો ? તાત્ત્વિક દૃષ્ટિએ જેવું પોતાનું તેવું જ જગતનું પણ શુદ્ધ અને નિર્મળ સ્વરૂપ જોતાં તેમાં આત્મભાવે સમરસ બનેલા સાધુને પણ કોઈનો ભય રહેતો નથી. મૃત્યુનો ભય તો કેવળ દેહ સાથે જ સંકળાયેલો છે. આત્મા અમર છે. નિત્ય છે. એને નથી મૃત્યુ કે નથી જન્મ. જેને દેહમાં મમતા છે તેને જ આત્મરક્ષણની વૃત્તિ રહે. અહીં ''મૃત્યુનો ભય નથી'' એમ કહીને શ્રી અવધૂત બધાય પ્રકારના ભયથી મુક્ત થયેલા અભય આત્મદર્શીની અવસ્થાનો આપણને ખ્યાલ આપે છે. કાળના પણ કાળ બનેલા એ આત્મદર્શીને બિચારો કાળ શું કરી શકે ? શરીર જ્યારે શરીર મટી કેવળ પડછાયા જેવું બની જાય ત્યારે જ મૃત્યુનો ભય ટળી જાય છે. આત્મદર્શીને જેમ જગત પડછાયારૂપ છે તેમ શરીર પણ પડછાયારૂપ જ છે તેથી તેને મૃત્યુનો ભય નથી. વળી જે પ્રારબ્ધ એ શરીરને પોષે છે તે પ્રારબ્ધ ક્ષીણ થતાં એ શરીર જવાનું જ છે. નિસર્ગનો એ અટલ નિયમ જેણે વિવેકબુદ્ધિ વડે નિશ્ચયાત્મકપણે પોતાના અંતરમાં ઉતાર્યો છે તેને મન તો એ મૃત્યુ કેવળ અવસ્થાનું પરિવર્તન જ ગણાય છે. એ પરિવર્તનનો ભય શો ? મૃત્યુનો ભય ટાળીને અમર બનેલા એને પણ શી પરવા રહે ? જ્યાં સુધી જીવવાની સ્પૃહા છે, જ્યાં સુધી અજ્ઞાનવશ એ દેહનું રક્ષણ કરવાની વૃત્તિ છે ત્યાં સુધી એ જીવન જીવવાના પણ કોડ છે. અને ત્યાં સુધી જ એ જીવન માણવાનો અને જીવનનો લહાવો લેવાનો આનંદ છે. જ્યારે જીવન અને મરણ કેવળ પરિવર્તન જ બની રહે છે ત્યારે આત્મામાં વસ્તુતઃ કશું જ પરિવર્તન થતું ન હોવાથી, બાહ્ય આકારના પરિવર્તન કિંવા વિનાશ સાથે આત્મદર્શીને કશી જ લેવાદેવા નથી. જીવન અને મૃત્યુ એ એક જ ત્રાજવાનાં બે પલ્લાં જેવાં છે, એમ એ જ કારણે આત્મદર્શી નિશ્ચિતપણે માને છે. જીવનનો જેટલો આનંદ છે તેટલો જ તેને મન મૃત્યુનો પણ આનંદ છે. તેને મન જીવન અને મરણ એક




જ છે. જ્યારે એવો દૃઢ વિશ્વાસ જાગ્રત થાય ત્યારે જાણે એક બાજુ જીવન અને બીજી બાજુ મૃત્યુ આત્માની ચોકી કરતા હોય એવું જ એવા આત્મદર્શીને લાગે એમાં નવાઈ પણ નથી. શ્રી અવધૂતે પણ તેથી જ

**'જીવન મૃત્યુ ઊભા સાંઈ, ખડા ચોકી કરે આંહીં ?'**

એવું કહ્યું છે. જીવન અને મૃત્યુ એક જ સરખા સચેત રહે છે. જેમ બે ચોકીદારો સાવચેતીથી એક મકાનની સંપૂર્ણ હોશિયારીથી ચોકી કરતા હોય તેમ અહીં પણ એ આત્મદર્શીના એ બે ચોકીદારો સચેત છે. જીવનકાળમાં અને મૃત્યુકાળમાં ફરક શો ? આગળ કહ્યું તેમ એ કેવળ પરિવર્તન અવસ્થા જ છે એ સમજવા માટે મોહનો નિઃશેષ ક્ષય કરવો ઘટે. મોહ અને મમત્વનું જ્યાં સુધી અંતઃકરણ ઉપર આધિપત્ય રહે ત્યાં સુધી આ સ્થિતિ સમજાય એવી પણ નથી. માન્યામાં આવે એવી પણ નથી. જીવનો આનંદ, જીવવાનો મોહ અને મૃત્યુની વેદના અને તેનો વિષાદ રહે ત્યાં સુધી માનવીનું અજ્ઞાન ટળ્યું છે એમ કહી શકાય નહીં. જેને મૃત્યુનો ભય નથી અને જીવવાનો જાગતિક આનંદ નથી તેનું મૃત્યુ જ ટળી ગયું છે એમ સમજવું રહ્યું. સંત તુકારામે કહ્યું તેમ 'મૃત્યુ મરી ગયું રે લોલ' એ અવસ્થા ઉત્પન્ન થાય છે ત્યારે મૃત્યુના આનંદ આગળ જીવન જીવવાનો આનંદ ઝાંખો પડી જાય છે. શ્રી અવધૂતના આ શબ્દોના ગર્ભમાં પણ એ જ ભાવ ભર્યો છે. શ્રી અવધૂતે પણ એક ગીતમાં

**'મરી તો ગયું રે મૃત્યુ મરી તો ગયું'**

એવું ગાયું છે. 'મૃત્યુને તરનારને અમરત્વ મળે છે' એવો ઉપનિષદ્‌નો પણ સાદ છે. સાર એટલો જ છે કે જેને મૃત્યુનો ભય નથી તે જ જીવી પણ જાણે છે અને મરી પણ જાણે છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'વૃથા ગુમાન ભણતરનું, ભણ્યું તે ના ભણ્યું આંહીં;'**
**'નિરક્ષરની સદક્ષરતા, પ્રભુને પ્રાણ પ્રિય ભાઈ.'**

શ્રદ્ધામાંથી નિષ્ઠા જામે અને નિષ્ઠામાંથી જ કાર્યસિદ્ધિ પરિણમે છે. નિષ્ઠા અને શ્રદ્ધા તર્કવિતર્કથી પર છે. એ જ કારણે ભણતર, જે ભણતર વડે તર્કવિતર્કનું બળ લાધે છે તે ભણતરની અહીં અવગણના કરવામાં આવી છે. ભણતરનું જે અભિમાન છે તે મિથ્યા છે. શબ્દજ્ઞાન મેળવીને વાણીવિલાસ કરવો અને પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરવું એ કેવળ ભણતરના અભિમાનનું જ દ્યોતક છે. જે વિદ્યા વડે મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે તે જ સાચી વિદ્યા છે, તે જ સાચું ભણતર છે એમ અન્યત્ર કહ્યું છે. કેવળ પાંડિત્ય એ સાચું ભણતર નથી. એવું ભણતર આત્મદર્શનના માર્ગમાં આડે આવનારું છે અને તેથી તે અર્થહીન છે એમ કહેવામાં હરકત નથી. શ્રી અવધૂતે પણ તે જ કહ્યું છે. 'આંહીં' એટલે આત્મદર્શનના માર્ગે જનાર પથિકને માટે એ લૌકિક ભણતર નકામું છે. જેનામાં શ્રદ્ધા

છે, જેની નિષ્ઠા અચળ છે તેને આત્મદર્શન અર્થે ભણતરની જરૂર નથી. પ્રભુને કોણ પ્રિય છે? ભણેલો કે અભણ?

પ્રભુને ભજનારા ચાર પ્રકારના ભક્તો પૈકી 'જ્ઞાની' પ્રભુને અધિક પ્રિય છે. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

"तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते"

**प्रियो हि ज्ञानीनोऽत्यर्थमहं स च मम प्रियः ।**

'તેમાં સદા ધ્યાનમાં જોડાઈ રહેનારો, નિત્યયુક્ત અને એકનિષ્ઠ ભક્તિવાળો જ્ઞાની ઉત્તમ છે. જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને જ્ઞાની મને અત્યંત પ્રિય છે.






અહીં શ્રી ભગવાને જે જ્ઞાનીની વાત કરી છે તે જ્ઞાની અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને વાચારંભણ કરનારો જ્ઞાની નહીં પણ શબ્દજ્ઞાનની પરિસમાપ્તિ પછીનું મૌનમાં જે જ્ઞાન રહેલું છે તે જ્ઞાનવાન જ્ઞાની પરમાત્માને પ્રિય છે. એમ શ્રી અવધૂતે સમજાવ્યું છે. શ્રી અવધૂતે

"ભણેલું ના ભણ્યું આંહી,"

કહીને પાછળના

"નિરક્ષરની સદક્ષરતા"

નો પ્રયોગ કરીને ભણેલો પણ ભણ્યા પછી નિરક્ષર થયેલો એટલે ભણતરના ગર્વથી મુક્ત બનેલો સાક્ષર પ્રભુને પ્રાણથી પ્રિય છે એવો ભાવ વ્યક્ત કર્યો છે. ભણેલું ભુલાવાની ઓથમાં તેથી જ ભણ્યાનું અભિમાન અથવા જ્ઞાનગર્વ ભૂલવાની સૂચના આપી છે. જ્યાં સુધી ભણતરનું અભિમાન છે ત્યાં સુધી પ્રભુ દૂર છે. અને તેથી જ

"નિરક્ષરની સદક્ષરતા"

પ્રભુને પ્રિય છે એમ કહીને અભણ પણ સાચી રીતે ભણેલા તરફ આપણું ધ્યાન દોરવ્યું છે.

એ અભણ છતાંય સદક્ષર સાક્ષર કેવો? ભલે શબ્દજ્ઞાન ન હોય, ભલે વિદ્વાનોની દૃષ્ટિએ મૂર્ખ અને મૂઢ ગણાય પણ પ્રભુને એની એ અભણતા અને મૂઢતા સાથે સંબંધ નથી. પ્રભુને તો પ્રિય છે કેવળ ભાવ. ભલે નિરક્ષર હોય પણ કેવળ ભાવ જ હોય, પ્રભુ પ્રત્યે એકનિષ્ઠા હોય, અચળ શ્રદ્ધા હોય, પ્રભુના અસ્તિત્વમાં જેને લવલેશ શંકા ન હોય તે જ પ્રભુને ત્યાં સાચો સાક્ષર છે. એવા સદક્ષરની જ પ્રભુના દરબારમાં કિંમત છે. ઝવેરીને ત્યાં હીરાની જ કિંમત અંકાય છે. ભલે તે કાદવથી રગદોળાયલો હોય પણ અંતે તો તે હીરો જ છે. હીરાથી પણ અધિક તેજસ્વી કાચના ટુકડાને ઝવેરી હાથમાંય ધરતો નથી. જગતની બધી વિદ્યામાં પારંગત પણ ભાવવિહીન સાક્ષરની ત્યાં કોડીની કિંમત પણ નથી.

એક નાનકડી વાત છે સદક્ષર અને નિરક્ષરની. એક હતા પંડિત. વિદ્વાન અને વિદ્યામાં વિશારદ. હતા તો ભક્ત પણ ભક્તિ કેવળ આચાર

યુક્ત જ હતી. એક દિ એ પંડિત ગયા એક ખેડૂતને ઝૂંપડે. મુકામ કર્યો અને શાલિગ્રામની સેવાપૂજા કરવા બેઠા. ગરીબ ખેડૂત પણ એ પંડિતની પૂજા જોઈ રહ્યો. પંડિતનું જોઈને તેને પણ શાલિગ્રામની પૂજા કરવાનું મન થયું. પંડિત પાસે શાલિગ્રામની યાચના કરી. પંડિતને થયું : ''મારી નિત્ય પૂજનના શાલિગ્રામ કે અપાય ?'' પંડિતે વિચાર કરીને પોતાનો ભાંગ ઘૂંટવાનો પથ્થર તેને આપ્યો. અભણ ખેડૂતને કહ્યું : ''આ લે શાલિગ્રામ.'' પૂજાનો વિધિ પણ બતાવ્યો. પંડિતજી તો ત્યાંથી વિદાય થયા. પેલા અભણ ખેડૂતે નિત્યનિયમિત પંડિતજીના આદેશ અનુસાર પેલા ''ભાંગ ઘૂંટવાના પાષાણ''ની શાલિગ્રામ ભાવે પૂજા કરવી શરૂ કરી. તેને મન તો એ જ એના શાલિગ્રામ અને એ જ એના ભગવાન. પૂજન કરી ભોગ ધરાવ્યો. ભગવાન આરોગે નહીં. અને જ્યાં સુધી ભગવાન આરોગે નહીં ત્યાં સુધી ખેડૂત પણ ભોજન ન કરે. રોજ રોજ એ જ પ્રમાણે થયું. ખેડૂત પૂજા કરે, ભોગ ધરાવે અને સામો બેસે. ભગવાન પણ આરોગે નહીં અને ખેડૂત પણ ભૂખ્યો રહે. આમ જોતજોતામાં સાત દિવસ નીકળી ગયા. નિરાહાર બિચારો ખેડૂત અશક્ત થવા લાગ્યો છતાંય તેણે પોતાની ટેક છોડી નહીં. અચળ શ્રદ્ધા અને એકનિષ્ઠ ભાવના પરિણામે એક દિવસ ભગવાનને તેનો પ્રસાદ આરોગવાની ઈચ્છા થઈ. આઠમે દિવસે ખેડૂતે જ્યારે શાલિગ્રામની પૂજા કરી ભોગ ધરાવ્યો ત્યારે પ્રભુ પ્રગટ્યા. ખેડૂતના એ થાળમાંથી એક રોટલો – જાડો અને જેમ તેમ ચવાય એવો – લઈ ભગવાને ખાવા માંડ્યો. ખેડૂતના હર્ષનો પાર ન રહ્યો ! ભગવાને એક રોટલો પૂરો કરી બીજો લીધો. જો જો એ ખેડૂતની નિષ્પાપ વૃત્તિ ! ખેડૂતે ભગવાનનો હાથ પકડ્યો !

''ભગવન્ ! પછી હું શું ખાઈશ ? ઘરમાં બીજા રોટલા નથી !'' ખેડૂતે પ્રભુને સંબોધ્યા ! પ્રભુ હસ્યા. અને એ મુક્ત હાસ્ય કેવું ! અરે, ત્રિભુવનનું રાજ્ય પણ એ હાસ્ય આગળ કોડીનું ! પ્રભુએ ભક્તને પ્રસાદમાં એ રોટલો આપ્યો ! પ્રભુ પ્રસન્ન થયા અને ખેડૂતનો યોગક્ષેમ નિત્ય પ્રમાણે ચાલતો રહ્યો. ખેતીવાડીમાં સમૃદ્ધિ વધતી ગઈ. ભક્તની ભાવનાને વશ ભગવાન પણ તેની ખેતીવાડીમાં નિત્યનિયમ પ્રમાણે કામ કરવા લાગ્યા. ખેડૂતના ભાવનો ભાખરો આરોગવા લાગ્યા. પ્રથમ જમે ભગવાન અને પછી જમે ખેડૂત. ખેડૂતનો એ અટલ નિયમ પણ ચાલુ જ રહ્યો. આ છે નિરક્ષરની સદક્ષરતા !

સમય જતાં ફરતા ફરતા પંડિતજી એક દિવસ ત્યાં આવી ચઢ્યા. બધું જ પલટાયેલું જોયું. ઝૂંપડીને બદલે મહેલાત અને અનેકવિધ સમૃદ્ધિ જોઈને પંડિતજીને આશ્ચર્ય થયું : ''આ કેમ ? સમજ પડતી નથી !'' પંડિતજીને સહજ પ્રશ્ન થયો અને તેણે પેલા નિરક્ષર ખેડૂતને પૂછ્યું. ખેડૂતે અથઈતિ બધી જ વાત કહી. પંડિતજી ઝંખવાણા પડ્યા. ખેડૂતને

પ્રાર્થના કરી

"મને તારા પ્રભુનાં દર્શન નહીં કરાવે ?"

ખેડૂતે ભગવાનને પ્રાર્થના કરી. પ્રભુએ તેનો અનાદર કર્યો.

"પણ પ્રભુજી, એ તો મારા ગુરુ છે. એને તો દર્શન દીધે જ છૂટકો !" ખેડૂતે પ્રભુને આગ્રહ કર્યો.

"પણ એ છે ભણેલો. એના ભણતરનું એને છે અભિમાન. એ દંભી છે. હું એને દર્શન નહીં આપું."

"તો મને કેમ દર્શન દીધાં ?" ખેડૂતે પ્રશ્ન કર્યો.

"તું ભણ્યો નથી. તું નિરક્ષર છતાંય તારી નિષ્ઠા અને શ્રદ્ધાના પરિણામે જ તને મારાં દર્શન થયાં." પ્રભુએ ઉત્તર દીધો.

પણ અંતે ભક્તાધીન ભગવાને ખેડૂતની પ્રાર્થના સ્વીકારી અને પંડિતને દર્શન દીધાં.






વાતનું તાત્પર્ય એટલું જ છે કે નિરક્ષર હોવા છતાંય જો ભાવ, નિષ્ઠા અને શ્રદ્ધા હોય તો તે ફળે છે. એ જ સાચો સાક્ષર છે, સદક્ષર છે. સર્વત્ર સત્ સ્વરૂપે રહેલા અવિનાશી પરમાત્માના જ્ઞાનવાળો છે. અને તેથી જ

**न देवो विद्यते काष्ठे**

એવું શાસ્ત્ર વચન પણ છે. ભલે ભણ્યો હોય, સાક્ષર હોય પણ પ્રભુને ત્યાં તો નિરક્ષર થઈને જાય તો જ પ્રભુને પ્રિય થાય.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"વિવાદોવાદ કંઈ કીધા, પ્રશંસા નિંદ સહુ સેવ્યાં;"**
**"હવેના ઝેર પીવું છે, વિચારી આંહીં રહેવું છે."**

લૂખી પંડિતાઈનાં માઠાં પરિણામો શ્રી અવધૂત અહીં આપણને ભાખે છે. જ્યાં સુધી ભણેલાને ભણતરનું ભૂતાવળ વળગેલું રહે છે ત્યાં સુધી તે ભૂત પ્રમાણે અનેકવિધ ચેષ્ટાઓ કરતો રહે છે. પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવા માટે, પોતે વિદ્વાન છે એવી પ્રસિદ્ધિ પામવા માટે, જ્યાંત્યાં સભાઓ ભરીને, ભાષણો કરીને વાદવિવાદ અને ચર્ચામાં મોખરે રહીને, બીજાઓ સાથે સ્પર્ધા કરીને, પ્રતિસ્પર્ધીઓને હતાશ કરીને પણ પોતાની વિદ્વત્તાનો વિજયધ્વજ ફરકાવતો રહે છે. વિદ્યાના સદ્ગુણ કરતાં એ રીતે તે દુર્ગુણને જ વધારે વળગી રહે છે. એવા વિવાદોના પરિણામે કોક મિત્ર બને છે અને કોક પરાજિત પ્રતિસ્પર્ધીઓ શત્રુ પણ બને છે. પરિણામે મિત્ર કરતાં શત્રુવૃંદ મોટું થાય છે અને તેથી તેણે શત્રુથી હંમેશાં ભયાકુલ જ રહેવું પડે છે. પરિણામે એક પ્રશંસક અને બીજો નિંદક એવા બે પક્ષો તેની પાસે હોય છે. એ રીતે શત્રુ અને મિત્રના બે ક્ષેત્રો હોવાથી ઘણીવાર નહીં ઈચ્છવા જોગ પરિણામો આવે છે. વાદવિવાદ એ અગ્નિમાં ઘી જેવા છે. અગ્નિમાં ઘી હોમવાથી જેમ ભડકો થાય છે તેમ ઉભય પક્ષના વાદવિવાદના પરિણામે પ્રત્યેક પક્ષ પોતાના મતના સમર્થનમાં

અનેકવિધ વાતો કરતો હોય છે. જ્યારે કંઈ જ ન ફાવે ત્યારે, પ્રતિસ્પર્ધીને હેઠો પાડવાને બીજું કંઈ જ સાધન પ્રાપ્ત ન થાય ત્યારે

'शेषं कोपेन पूरयेत्'






એ ન્યાયે છેવટે 'દંડાવાદ' શરૂ થાય છે. વાદવિવાદનું આ સંક્ષિપ્ત પરિણામ છે. શ્રી અવધૂત એ જ કારણે એવા વાદવિવાદ કરીને તેનું તાત્પર્ય કળીને, અનુભવને અંતે હવે એવા ઝેરથી દૂર રહેવાના નિશ્ચયને વર્ણવે છે. એ વાદવિવાદની ચળ-ખજવાળ જ્યારે જ્ઞાન અથવા ભણતરનો ગર્વ ગળી જાય છે ત્યારે મટે છે. શ્રી અવધૂતના આ શબ્દો પણ શ્રી અવધૂતની નિરોગી અવસ્થાનો ખ્યાલ આપે છે. વાદવિવાદનું વિષ પીવાની હવે શ્રી અવધૂતને ઇચ્છા નથી. વાદવિવાદ એ અધૂરા ઘટના છલકાટ છે. શ્રી અવધૂત તો સંપૂર્ણ ઘટ છે એટલે એ કદી છલકાય એવો સંભવ નથી. અવાજ પણ કરતા નથી. જ્યારે શ્રી અવધૂત અધૂરા ઘટ જેવા હતા ત્યારે એ છલકાટ અને અવાજ કરીને શ્રી અવધૂત પણ પ્રશંસા સાંભળતા અને નિંદા પણ સહન કરતા. પણ હવે ! હવે તો એ પ્રશાંત સમુદ્ર સમી નિશ્ચળવૃત્તિ ધારીને મૌનમાં જ મોજ માણે છે. એટલે એ વિષપાન એ શા સારુ કરે ? આકંઠ અમૃતપાન કર્યા પછી વિષપાન કોણ કરે ? અને તેથી આગળ કહ્યું તેમ તત્ત્વના વિચારમાં જ અધૂરું આવરદા પૂરું કરવાનું નક્કી કરી પ્રારબ્ધ ચલાવે તેમ દેહને ચલાવીને રહેવાનું પસંદ કરે છે.

ઝેરનું પાન કરવાથી શું પરિણામ આવે ? મૃત્યુ. ગર્વ એ કેવળ વિષ જ છે. તે પણ મૃત્યુ જ સર્જાવે છે. વિષપાનથી જે મૃત્યુ થાય છે તે તો સુખદ છે. ઝેર પીનારની પાછળ જગત શું બોલે છે, નિંદા કરે કે પ્રશંસા કરે છે, તે સાંભળનાર રહેતો નથી. ગર્વનું વિષપાન કરનાર તો ઉભય રીતે દુઃખી થાય છે.

એ વાદવિવાદ વૃથા બકવાદ છે. બકવાદથી ઈશ્વરની ઝાંખી થતી નથી. અને તેથી શ્રી અવધૂત કહે છે :

**"વૃથા બકવાદમાં ભાઈ, ન ઝાંખી ઈશની ક્યાંઈ;"**
**"બકી મૂવા વિબુધ ભારી, ન શાંતિની કણી પાઈ."**

વાણીવિલાસ, વાદવિવાદ, વિતંડાવાદ અને અંતે દંડાવાદમાં ક્યાંય કોઈને પ્રભુની ઝાંખી થઈ નથી, થતી નથી અને થવાની પણ નથી એ શ્રી અવધૂતનો જ નહીં પણ શાસ્ત્રોનો પણ નિચોડ છે. સંતની અનુભવસિદ્ધ વાણી એ જ શાસ્ત્ર અને એવા શાસ્ત્રોના પરિશીલનને અનુભવની કસોટી પર ચઢાવ્યા પછી જ શ્રી અવધૂતે આ નિશ્ચય કર્યો છે. પ્રભુની ઝાંખી કરવા માટે તો આગળ કહ્યું તેમ કેવળ નિષ્ઠા, શ્રદ્ધા અને ભાવની જ જરૂર છે. જ્યાં જ્ઞાનનું અભિમાન છે ત્યાં એ ત્રિપુટીનો અભાવ છે અને તેથી એ અનેક પ્રકારના વાદો માત્ર વાદ જ રહે છે. વાદથી એકે અર્થ સરતો નથી. શ્રી અવધૂતે તેથી જ એને "વૃથા બકવાદ" કહ્યો છે. એવા





વૃથા બકવાદથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી, એટલું જ નહીં પણ પ્રભુની પ્રભુતાની પણ ઝાંખી થતી નથી. શબ્દજ્ઞાનીઓ કેવળ જ્ઞાનના ગર્વમાં જન્મે છે તેવા જ કોરા મરણને શરણ થાય છે. જન્મ મૃત્યુના વિષચક્રમાંથી છટકી શકતા નથી. એવો બકવાદ કરવો એટલા માટે જ વ્યર્થ છે.

અભિમાન એ અજ્ઞાનનું દ્યોતક છે. અજ્ઞાન સમ્યક્‌જ્ઞાનને ઢાંકી દે છે. સૂર્યના પ્રકાશને વાદળો જેમ આવૃત્ત કરે છે તેમ જ્ઞાનને પણ અજ્ઞાન આવૃત્ત કરે છે અને તેથી જેમ સૂર્યનો પ્રકાશ મળી શકતો નથી તેમ જ્ઞાનનો પ્રકાશ પણ મળી શકતો નથી. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥

જગતના માનવીઓ જેને ભગવાને 'જંતુ'ની સંજ્ઞા આપી છે તે કેવળ અજ્ઞાનથી જ મોહ પામીને જીવે છે. અક્ષર જ્ઞાનવાળાઓ પણ અભિમાનરૂપ અજ્ઞાનથી આવૃત્ત થયેલા જ્ઞાનગર્વિષ્ટ વિદ્વાનો માત્ર જ્ઞાનના ગર્વમાં જ બળીને ખાખ થઈ જાય છે.

"બકી મૂવા વિબુધ ભાઈ
ન શાંતિની કણી પાઈ,"

મૃત્યુ પર્યંત તેઓનું એ અજ્ઞાન ટળતું નથી. સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત થતું નથી. અંતે તેઓ અશાંત જીવન વ્યતીત કરીને યમરાજને શરણ થાય છે. શ્રી અવધૂત કહે છે, "એવા જ્ઞાનગર્વિષ્ટ વિબુધોને લેશમાત્ર પણ શાંતિનો અનુભવ થતો નથી." જ્યાં ત્યાં વાણીના ઝઘડા કરતા તેઓ પરવારતા નથી. અંતરશાંતિ એ સદ્વિદ્યાનું લક્ષણ છે. જ્યાં સુધી એ વિદ્યા વડે શાંતિનો અનુભવ ન થાય ત્યાં સુધી એ વિદ્વત્તા નથી, પાંડિત્ય નથી પણ કેવળ શબ્દજ્ઞાન જ છે અને તેની પાછળ રહેલી ગોઝારી અહંતા છે. એ અહંતા જ સંસારના સર્વ અનર્થનું મૂળ છે. એ અહંતા ક્યારે ટળે ? શ્રી અવધૂત કહે છે :

"પ્રભુ કૃપની ઝડી આઈ, જનમશંકા ટળી ભાઈ;"
"મરી ગઈ ભીતિ બેકારી, બન્યો નિર્દ્વંદ્વ અધિકારી !"

કૃપાના ત્રણ પ્રકાર : શાસ્ત્રકૃપા, ગુરુકૃપા અને ઈશકૃપા. શાસ્ત્રની કૃપા થાય એટલે મનુષ્યને જ્યારે પરમાત્માનું શાસ્ત્રો દ્વારા પરોક્ષ પણ સચોટ જ્ઞાન થાય ત્યારે તે સદ્વિદ્યાનું પારમાર્થિક દૃષ્ટિએ અનુશીલન થયું કહેવાય. કેવળ "હું વિદ્વાન બની બીજાને હેઠા પાડું અને જ્યાં ત્યાં મારો જ કક્કો ચલાવું" એવા ગર્વભર્યા ભાને જો શાસ્ત્રનું અનુશીલન થાય તો તેથી શાસ્ત્રની સાચી કૃપા થતી નથી. જ્યારે સદ્વિદ્યા જાગ્રત થાય છે ત્યારે અંતરમાંથી અપરાવિદ્યાની મલિનતા ટળી જાય છે અને બ્રહ્મવિદ્યાની ઉષા અંતરને ઉજાળે છે. એ બ્રહ્મવિદ્યાનો પ્રકાશ સાથેસાથે ઈશકૃપાને પણ લાવે જ છે. પ્રભુકૃપામાં અંતર તરબોળ બની જાય છે. જેમ વરસાદની ઝડી આવે ત્યારે કઠોર ભૂમિ પણ આર્દ્ર બની જાય છે, રસાળ લાગે છે, તેમ






જ્યારે પ્રભુની કૃપાની વૃષ્ટિ થાય છે ત્યારે અભિમાનથી જડ બનેલું અંતર પણ આર્દ્ર બની જાય છે. પ્રભુના રસથી રસાળ બની રહે છે. પછી તેને અપરાવિદ્યા એટલે પોતાની વિદ્યાનું અભિમાન રહેતું નથી. તે સાક્ષર હોવા છતાંય નિરક્ષર જેવો જ નમ્ર અને વિનયશીલ બની જાય છે, કારણ કે તેણે સદક્ષરતાની કમાણી કરી હોય છે. જ્યાં સુધી એવી સદક્ષરતા એટલે ભક્તિભાવ, નિષ્ઠા અને શ્રદ્ધા અંતરમાં જાગ્રત ન થાય ત્યાં સુધી પ્રભુકૃપાની ઝડી આવતી નથી. જ્યારે એ ઝડી આવે છે ત્યારે તેની જન્મ અને મૃત્યુની શંકા ટળી જાય છે. ત્યારે શ્રી અવધૂતે કહ્યું તેમ

"ન ડર છે મોતનો ભાઈ"

એવી નિર્ભય અવસ્થા પ્રાપ્ત કરીને,

"મરી તો ગયું રે મૃત્યુ મરી તો ગયું"

એવું નિશ્ચળ આશ્વાસન પામીને તે આનંદમાં જ મસ્ત બની જાય છે. પ્રભુની કૃપા થાય છે ત્યારે તે પ્રભુમય જ બની જાય છે. પરમાત્માસ્વરૂપ બનેલા સાધકને પછી મૃત્યુ શું કરી શકે ? મૃત્યુનો પણ જે કાળ છે તેને શરણે રહેલાને મૃત્યુ સ્પર્શ કરી શકતું નથી. રાજાનું શરણ પ્રાપ્ત કર્યા પછી જેમ બીજા અનુચરનો ભય રહેતો નથી તેમ પરમાત્માની કૃપા થયા પછી મૃત્યુ જેવા ઊતરતી કોટિના પરમાત્માના અનુચરનો તેને ભય રહેતો નથી. તેનો પુનર્જન્મ પણ થતો નથી. જેમ ઘાસની ગંજીમાં અથવા ઢગમાં અગ્નિની ચિનગારી પડવાથી ઘાસ અથવા કપાસ બળીને ભસ્મ થઈ જાય છે તેમ જ્ઞાનાગ્નિ વડે તેનાં બધાંયે કર્મો અજ્ઞાન સહિત ભસ્મસાત્ થઈ જાય છે અને તેથી તેને ફરીને જન્મ લેવાનો રહેતો નથી. જ્યાં સુધી પ્રારબ્ધ સંપૂર્ણપણે ક્ષીણ થતું નથી ત્યાં સુધી જન્મ અને મૃત્યુ ભલે આવે પણ પ્રભુકૃપાના પરિણામે એ જન્મ અને મૃત્યુનું શૂળ તેને પોતાની આત્મસ્થિત અવસ્થામાંથી ચળાવી શકતું નથી. પ્રભુની કૃપાએ એ પ્રારબ્ધનો ભોગ ક્ષીણ થઈ અંતે તે પ્રભુમાં સમરસ બની જાય છે. જેમ સરિતા સાગરમાં ભળીને પોતાનું વ્યક્તિત્વ સાગરમાં સમાવી દે છે અથવા સાગર સરિતાને પોતાનામાં સમાવી દે છે અને આત્મવત્ બનાવે છે તેમ એ પ્રભુની કૃપાને પાત્ર બનેલો સાધક પણ પરમતત્ત્વમાં સમરસ બનીને પોતાનું અસ્તિત્વ-વ્યક્તિત્વ પરમતત્ત્વમાં સમાવી દે છે. અથવા પરમાત્મા જ તેને આત્મવત્ બનાવીને પોતાનામાં સમાવી દે છે. તેથી તે નિર્ભય બની જાય છે. સમસ્ત વિશ્વના આધારનો જ જેને આધાર મળે છે તેને કોણ નિરાધાર કહે ? તેને કોણ બેકાર કહે ? ધનાઢ્ય પિતાનો પુત્ર ભલે કોઈ પણ ઉદ્યોગ ન કરે તો પણ તેને જેમ કોઈ બેકાર કહેતું નથી તેમ પ્રભુને જે પ્રાણથી વહાલો છે તેને પણ કોણ બેકાર ગણે ? જેમ પિતાની સંપત્તિનો પુત્ર માલિક છે તેમ પ્રભુકૃપાને પાત્ર બનેલો એ સાધક પણ પ્રભુની સર્વ સંપત્તિનો માલિક છે. જેને ચિંતા છે તેને જ બેકારીનો ભય છે. જેને

કાલની ફિકર છે તે જ બેકાર છે. શ્રી અવધૂતે કહ્યું તેમ

**ફિકર શ્વઃ કાલની શાને ?**

એવી અવસ્થા જેણે પ્રાપ્ત કરી છે તેને કોણ બેકાર કહેશે ? આપણને શરીરની મમતા છે. મમતાની માત્રા જેમ અધિક તેમ તેના અનિષ્ટનો ભય પણ અધિક. અહીં તો નથી શરીરની મમતા કે નથી મૃત્યુનો ભય. એટલે એને જન્મની પણ ચિંતા નથી અને મૃત્યુનાં સંકટ પણ શોષવાં પડતાં નથી. જે પરમપ્રભુમાં એ સમાયો છે તેને એની બધી જ ચિંતા છે. જે પરમપ્રભુએ એને કૃપા કરીને પોતાનો બનાવ્યો છે તે જ એનો બધો યોગક્ષેમ નભાવી લેવાને સમર્થ છે. માતાના ખોળામાં સૂતેલા બાળકની બધી ચિંતા જેમ માતાને છે તેમ એનું સર્વસ્વ સંભાળવાનો ભાર પ્રભુને શિર છે. અને એટલે જ એ પરમ નિશ્ચિંત બનીને શાશ્વત શાંતિનો અનુભવ કરે છે. તેથી જ તે નિસ્પૃહ છે. જ્યાં સુધી આવી નિશ્ચિંત અવસ્થા ન થાય ત્યાં સુધી તે પ્રભુકૃપાને યોગ્ય અધિકારી બનતો નથી. જ્યારે અધિકારી બને છે ત્યારે તેને દ્વંદ્વોની વૃત્તિ ચળાવી શકતી નથી. દ્વંદ્વોનું અસ્તિત્વ જ જ્યારે સમૂળ નાશ પામે છે ત્યારે કેવળ તે નિર્દ્વંદ્વ પરમતત્ત્વના અસ્તિત્વની જ પ્રતીતિ કરે છે. જેમ પેટમાં દુખવાનો વ્યાધિ મટી જતાં દરદીને આનંદ થાય છે તેમ દ્વંદ્વનું શૂળ ટળી જાય ત્યારે સાધક નિર્દ્વંદ્વ અવસ્થાનો અનુભવ કરીને આનંદમગ્ન જ રહે છે. એનો સાચો અધિકાર પણ એ જ છે. એ સાચો અધિકાર ક્યારે મળે છે ? જ્યારે ''હું''ને ''તે''માં ઓગાળી દઈએ ત્યારે ! અસ્તુ.




ભા.- ૩

આગળ ચાલતાં શ્રી અવધૂત એ નિર્દ્વંદ્વસ્થિતિ પ્રાપ્ત થતાં સર્વત્ર પ્રભુદર્શન થાય છે તેની વાત કરતાં કહે છે :

**"પ્રભુની વાડીમાં આંહીં, અનેરાં ચિત્ર છે ભાઈ;"**
**"અનેકે એક દેખાઈ, સદેકે નેક છવિ છાઈ !"**

વિશ્વ એ વિશ્વપતિના વિલાસની વાટિકા છે. એક વિશાળ વાટિકામાં અનેક રૂપનાં, અનેક આકારનાં, અનેક વૃક્ષો છે અને પરસ્પર એકબીજાથી ભિન્ન છે. અનેક લતાઓ છે. કોઈ પૃથ્વીને આધારે રહેલી છે, કોઈ વૃક્ષને આલિંગન કરી પોતાનું અસ્તિત્વ ટકાવે છે, છતાંય એ બધાં એક જ માલિકનાં છે. વાટિકાનાં અનેકવિધ દશ્યો જોઈને તેનો માલિક આનંદ માણે છે. એ વાટિકાનું એકેએક દશ્ય ભિન્ન છે. કેટલાંક દશ્યો જોનારને આકર્ષે છે, કેટલાંક દશ્યો જોઈને જોનારનું ચિત્ત ઉદ્વિગ્ન થાય છે. એ અનેરાં ચિત્રોનો જેમ એક માલિક છે તેમ આ જગતરૂપી વાટિકાનો પણ પ્રભુ માલિક છે. પ્રભુની એ વાટિકામાં અનેક માનવીઓ છે. પશુ છે, પંખી છે. ભિન્નભિન્ન પ્રકારના અંડજ, સ્વેદજ ઉદ્‌ભિજ્જ પ્રાણીઓ છે. તે બધાં જ ખરેખર ચિત્રવિચિત્ર છે. એની વિચિત્રતાનો ખ્યાલ સરખો પણ માનવીને આવતો નથી. જેમ એક કંદોઈની દુકાને સાકરનાં અનેક

રમકડાંઓ મૂક્યાં છે. તેમનાં જુદાં નામો છે, જુદા આકાર છે, જુદાં રૂપ છે પણ તે બધાયમાં જેમ સાકર સર્વવ્યાપી છે, તે સાકરનું ગળપણ જેમ અનેકમાં એક જ સ્વાદવાળું છે તેમ આ જગતમાં પણ જુદાં નામ છે, જુદા આકાર છે, જુદાં રૂપ છે, જુદા રંગ છે, છતાંય તે બધાયમાં ચેતનરૂપે એક જ પરમતત્ત્વ રહેલું છે. એ જ ભાવ શ્રી અવધૂતે

"અનેકે એક દેખાઈ"

એ શબ્દો દ્વારા વ્યક્ત કર્યો છે. જેમ બધાંય રમકડામાં ગળપણ એક જ સરખી રીતે રહેલું છે તેમ જગતના સચરાચર સર્જનમાં એ પરમતત્ત્વ પણ એક જ રૂપે રહેલું છે. આ છે અદ્વૈતવાત અને અભેદ દર્શન. જ્યારે આપણે સાકરનું એકાદ રમકડું ખાઈએ છીએ ત્યારે આપણે તેના આકારનો કે રૂપનો આનંદ અનુભવતા નથી, પણ તેના નિરાકાર ગળપણની જ મોજ માણીએ છીએ. તેમ જ્યારે આપણે જગતને જોઈએ ત્યારે તેના બાહ્ય કલેવરનો આનંદ માણવાનો ભૂલીને તેમાં રહેલા પરમાત્માના નિરાકાર સ્વરૂપનો જ આનંદ માણીએ તો આપણું જીવન ક્લેશરહિત બની જાય એમાં શંકા પણ નથી. જ્યારે આપણે એ ચિત્રવિચિત્ર જગતમાં પ્રભુને જ પેખીને નિઃશંક બનીએ ત્યારે જ આપણે

"સદેકે નૈક છવિ છાઈ"

એ શબ્દોના ગર્ભમાં રહેલા રહસ્યને ઉકેલી શકીએ. "અસત્"માં રહેલું એ "સત્" જોવાની દૃષ્ટિ પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. કારણ કે આપણે 'સત્'ને છોડીને "અસત્"માં જ રાચીએ છીએ. એકમાં અનેકને અને અનેકમાં એકને જોતાં જેણે જાણ્યું છે તે જ ખરો જોનાર છે. તે જ ખરો જ્ઞાની છે. અહીં પણ શ્રી અવધૂતે, શ્રી ભગવાને અર્જુનને કહેલા

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

એ વાતનો ખ્યાલ આપ્યો છે. પ્રભુકૃપાએ જ્યારે એવી સ્થિતિ થાય ત્યારે ગુરુકૃપા પણ ઊતર્યા વિના રહેતી નથી. ત્યારે

"કરોડો જન્મની આધિ, થઈ ગઈ ખાખ સહુ વ્યાધિ;"
"ટળી ગઈ રંગ ઉપાધિ, મળી સ્વાનંદ સુરગાદી !!"

જ્યારે આવી સ્થિતિ થાય ત્યારે સાધક એકમાં અનેક અને અનેકમાં એક જોતો થાય. એ જ દ્વંદ્વાતીત અવસ્થા છે. અદ્વૈત આત્માનું સર્વત્ર દર્શન કરતો થાય ત્યારે જ તેના આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધ તાપનો પણ અંત આવી જાય છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક તાપનો જ્યારે ક્ષય થાય છે ત્યારે તેનો અનાત્મભાવ ટળી જાય છે. આત્મભાવ ભાવિતને તો એ ત્રિતાપ – આધિ-વ્યાધિ અને ઉપાધિ – નડતા જ નથી. કેવળ ચૈતન્યસ્વરૂપ પરમતત્ત્વ સિવાય બીજા કોઈપણ ભાવને તેના અંતરમાં સ્થાન નથી. તેને પરમતત્ત્વના વિચાર સિવાય અન્ય

વિચાર નથી. એ સ્થિતિ પ્રાપ્ત કરવાને તો જીવને કરોડો જન્મની સાધના કરવી પડે છે. તે સાધનાને અંતે જ્યારે પરમાત્માની કૃપાથી કોક જન્મે જ્યારે પૂર્ણઘટ બની જાય છે ત્યારે તેને એ પણ પૂર્ણ જણાય, આ પણ પૂર્ણ જણાય અને પૂર્ણમાંથી ઉત્પન્ન થયેલું આ એને પૂર્ણ જણાય ત્યારે એ પૂર્ણમાંથી આ પૂર્ણને ભિન્ન કરીએ ત્યારે પણ પૂર્ણબ્રહ્મ જ અવશેષ રહે છે. એવી એને પ્રતીતિ થતાં શ્રી અવધૂત કહે છે તેમ

**“મળી સ્વાનંદ સુરગાદી”**

પરમતત્ત્વના પરમાનંદની ગાદી પર એ વિરાજમાન થાય. શ્રી ભગવાને અર્જુનને કહ્યું :

**अनेकजन्म संसिद्धस्ततो याति परांगतिम् ॥**

અંતમાં શ્રી અવધૂતની આ અંશત: જીવન કથની છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ રીતે અંતિમ અવસ્થા પ્રાપ્ત કરવા માટે વચમાં આવતાં તમામ અંતરાયોને છિન્નભિન્ન કરીને અંતિમ અવસ્થાએ પહોંચીને સાધક પૂર્ણ બની જાય છે. પૂર્ણ બનીને પૂર્ણમાં જ સમાઈ જાય છે. આત્માનંદની મસ્તીમાં “અહં”ને ભૂલીને “ત્વં”માં સમાઈ જાય છે. પૂર્ણબ્રહ્મપદ પ્રાપ્ત કરે છે. બ્રહ્મને જાણનાર બ્રહ્મ બને છે.



(૫૮)

## મંગળ આરતી

(રાગ : મિશ્ર કલ્યાણ, તાલ : ધુમાળી)

આનંદવાજાં વાગે ગગનમાં, ઘણણણ ઘંટા ભેરી (૨) !
મંગળ આરતી થાએ મારા ગુરુની,
મંગળ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદહેલી (૨) !! ટેક.

બ્રહ્મા હરિહર એક સ્વરૂપે (૨), કરે અગમગઢ કેલિ (૨) !
શૂન્યશિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી (૨) !!—આનંદ (૧)

પ્રાણ પડઘમે શ્વાસ દાંડી (૨), ઘડુડુડુ નોબત ઘેરી (૨),
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપ્સરા ઘેલી (૨) !!—આનંદ (૨)

થેઈ થેઈ થન્ થન્ ઘડુડુડુ ઘમ્ ઘમ્ (૨), ખમાખમા રંગ રેલી (૨)
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી (૨) !!—આનંદ (૩)

આપહી ગાવત આપ બજાવત, (૨) ફિરે આપ ફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી (૨) !!—આનંદ (૪)

બં બં ભોલા ગુરુ ગીરનારી, (૨); દત્ત દિગંબર લ્હેરી ! (૨);
સૂરત નૂરત બીચમેં મૂરત, (૨),
દેખે રંગ ગુરુચેરી (૨) !!—આનંદ (૫)

*

સાધકની સિદ્ધ અવસ્થાનું—આત્મદર્શનનું આ એક શ્રી અવધૂતભાખ્યું અનોખું વર્ણન છે. સાધક જ્યારે આત્મદર્શન કરીને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે તેને આનંદનો જે અતિરેક થાય છે, તેનું જે આત્મવિસ્મરણ થાય છે તેનું અહીં તાદશ્ય શબ્દચિત્ર ખડું કરવામાં આવ્યું છે. જેને એ સિદ્ધાવસ્થાનો અનુભવ ન હોય, જેણે યોગમાર્ગે આત્મદર્શન પ્રાપ્ત કરીને પરમતત્ત્વને ન જાણ્યું હોય તેને આ ગીત ઉકલવું મુશ્કેલ છે. છતાંય અહીં એ સમજવાનો અલ્પ પ્રયાસ કરી જોઈએ. શ્રી અવધૂતના આત્માનુભવમાંથી કોક અણમોલ ઘડીએ આનંદના અતિરેકની પળોમાં સર્જાયેલું આ ગીત સાધન અને સાધ્ય ઉભયનું દર્શન કરાવે છે.

"આનંદ વાજાં વાગે ગગનમાં....."

વાજાં ક્યારે વાગે ? જ્યારે આપણે ત્યાં શુભ અવસર હોય ત્યારે. સંસારીને એવા શુભ અવસર એટલે લગ્ન વગેરે મંગળ પ્રસંગો, અને યોગીને–આત્મસાધના કરનારને એવો મંગળ પ્રસંગ એટલે આત્મદર્શન. સાધનાની પરાકાષ્ઠા. જીવનભર જફા વેઠીને, લોહીનું પાણી કરીને જ્યારે એવી એક ક્ષણ સાધકના જીવનમાં પ્રાપ્ત થાય છે ત્યારે તેને કેટલો આનંદ થાય ? તેનું હૈયું આનંદને હીંડોળે ઝૂલે ! અને એવા લાખ કરોડે કોકને થતા અવર્ણનીય આનંદના અનુભવને કારણે શ્રી અવધૂતનું હૈયું પણ આનંદને હિલોળે ચઢ્યું ! અને શ્રી અવધૂતે આ ગીત ગાયું. અથવા આ ગીત શ્રી અવધૂતથી સ્વયંભૂ ગવાયું. સાધકના જીવનની એ ધન્ય પળો છે, સાધકના સાધનની સફળતા છે અને સાધકના જન્મની સાર્થકતા પણ એ જ પળે છે. હજારો વર્ષ જીવે છતાંય આખાય જીવનમાં આવી એક પળ પણ પ્રાપ્ત ન થાય તો એ જીવ્યું શા કામનું ? જ્ઞાનેશ્વર મહારાજને મળવા માટે ચાંગદેવ આવ્યા. જ્ઞાનેશ્વર એક બાળક અને ચાંગદેવ એક વૃદ્ધ પુરુષ. ચૌદસો વર્ષ સુધી જેણે જીવન વિતાવ્યું એવા વયોવૃદ્ધને પણ જ્ઞાનેશ્વરને શું સંબોધન કરવું તે ન સૂઝ્યું. એનો દ્વૈતભાવ ન ટળ્યો અને જેવા જન્મ્યા ત્યારે હતા તેવા જ રહ્યા. એવાઓને જ–જેને દેહભાન છે તેવાઓને આવા વિલક્ષણ આનંદ થતો નથી.

પણ એ આનંદનાં વાજાં ક્યારે વાગે ? જ્યારે અંતર સ્વચ્છ હોય, ચિત્ત કોરા કાગળ જેવું હોય અને જ્યાં અહંની ગર્જના ન હોય, ત્યાં એ દિવ્ય વાદ્યનો મંગળમય સૂર સાંભળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. એ અવસ્થા અનુભવગમ્ય છે. એ આનંદવાજાંનો સૂર શ્રવણ કરનારના શ્રોત્ર પણ દૈવી હોય છે. ચર્મના બે બખોલ જેવા કર્ણની શક્તિ એ આનંદનાં વાજાં શ્રવણ કરવાની નથી. વાણીથી એ અવસ્થાનું ગમે તેટલું વર્ણન કરીએ તો પણ તે અધૂરું જ ગણાય. અને છતાંય તેનો વાચકને ઝાંખો ખ્યાલ આવે એમ માનીને અહીં આ **મંગળ આરતીનો** અર્થ ઉકેલવાનો યત્ન કરવામાં આવ્યો છે. સાધનાની એ અંતિમ અવસ્થાનો અહીં તો ઝાંખો જ ખ્યાલ આવવાનો સંભવ છે.

આનંદસ્વરૂપ પરમતત્ત્વનો સાધકને જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે તે પણ તેટલી ક્ષણો તો આનંદરૂપ જ બની જાય છે. પરમાત્માનું સ્વરૂપ એટલે આનંદ. એ આનંદ લૌકિક આનંદ નથી. એ દૈવી આનંદ અવર્ણનીય છે. એ આનંદનું વર્ણન વૈખરી ભાગ્યે જ કરી શકે. અને કદાચ ભાંગીતૂટી ભાષામાં કરવા જઈએ તોપણ તે પૂર્ણ તો ન જ કહેવાય. સાધકને જ્યારે આત્મસાક્ષાત્કાર થાય છે ત્યારે તેના આનંદથી આકંઠ તૃપ્ત બનીને બીજું કશું જ જાણતો નથી. તેને બાહ્યજ્ઞાન પણ રહેતું નથી. એથી તેની કાંઈક સર્વવિસ્મરણ જેવી અવસ્થા થાય છે. ચેતન છતાંય અચેતન જેવો એ સાધક





કેવળ આનંદમય બનીને એ આનંદના અકથ્ય અનુભવનો આનંદ માણીને પણ જ્યારે દેહભાનમાં આવે છે ત્યારે તેને એ અનુભવનું ઝાંખું સ્મરણ થાય છે. જેમ સ્વપ્ન પછી જાગ્રત અવસ્થામાં કોઈકવાર સ્વપ્નનું સંસ્મરણ રહે છે તેમ એ આનંદાવસ્થાના વિલય પછી દેહભાન આવે ત્યારે એ દૈવી આનંદના સંસ્કાર પણ રહે છે. એ આનંદનું સંસ્મરણ કરતાં કરતાં પણ સાધક આનંદવિભોર બની જાય છે. એવા આનંદાનુભવના અનુસ્મરણમાંથી શ્રી અવધૂતે આ ગીત ગાયું છે એમ માનીએ તો ખોટું નથી.

પરમતત્ત્વ જેમ સર્વત્ર વ્યાપક છે તેમ એ આનંદસ્વરૂપ પણ સર્વત્ર વ્યાપક છે. અવકાશ એ આનંદને રહેવાનું ઠેકાણું છે અને તેથી

**"આનંદ વાજાં વાગે ગગનમાં"**

એમ શ્રી અવધૂત કહે છે.

ખરું પૂછો તો આનંદ પણ એક ભાવ છે અને વિકાર છે. "મને આનંદ થયો" એમ કહેનારને ખરો આનંદ નથી પણ ક્ષણિકભાવ થાય છે અને તેમાં મમત્વ રહે છે ત્યારે જ 'મને આનંદ થયો' એમ કહે છે. પરમતત્ત્વ તો ભાવાતીત છે. વિદ્યુતના ક્ષણિક ચળકાટ જેવા એ પરમતત્ત્વના પ્રકાશમય સ્વરૂપનો ક્ષણિક ચળકાટ સાધકની અવસ્થા વિલક્ષણ કરી મૂકે છે. પરમતત્ત્વની એ ક્ષણિક ચમકારની ક્ષણે, નથી સાધક ચેતન રહેતો કે નથી અચેતન રહેતો. એ ક્ષણ પૂરી થતાં બીજી જ ક્ષણે તેનું ચેતન તેને આવે છે અને જાગ્રત કરે છે. ગાઢ નિદ્રામાંથી જાગ્રત થયેલો મનુષ્ય 'મને સારી ઊંઘ આવી' એવું કહે છે અને પોતાની નિદ્રાવસ્થાનું સ્મરણ કરે છે તેમ સાક્ષાત્કારની ક્ષણ વીતી જતાં જ સાધકનું ચેતન—આત્મા તેને એ સાક્ષાત્કારનું સ્મરણ કરાવે છે અને ત્યારે એ સ્મરણના આનંદનો તેને જે અતિરેક થાય છે તે જ આનંદ સાધકને પ્રાપંચિક જગતમાંથી પારમાર્થિક જગતમાં લઈ જાય છે. જેમ આકાશમાં ઊડતાં પંખેરું સ્વચ્છંદે રોકટોક વિના વિહાર કરે તેમ એ આનંદવિભોર સાધક પણ પોતાની બધીય ઊર્મિઓથી એ પરમાનંદનો અનુભવ કરે અને ત્યારે તે જગતને ભૂલીને એ અનુભવનો પણ આત્યંતિક આનંદ માણી શકે. પરમતત્ત્વના તેજઃપુંજ ચમત્કારનો અનુભવ ભલે ક્ષણિક હોય તોય તે અનુભવ મળ્યા પછી સાધક ક્રમશઃ

**अहमात्मा**

ની અવસ્થા પ્રાપ્ત કરવાને શક્તિમાન બને છે. અરે, પછી તો શ્રી અવધૂતે કહ્યું છે તેમ 'તેનાં નેણ વેણ પલટાય.' એની ખુમારી જ ઓર હોય છે. જેમ અનેક બાજુએ ગોઠવેલા દર્પણમાં એક જ માનવી પોતાના જ સ્વરૂપને સર્વત્ર જુએ છે તેમ એ સાધક 'अहमात्मा' એ વાતનો અનુભવ કરીને સર્વમાં પોતાને જ જુએ છે. જે આંખે એ જગતને જોતો હતો તે આંખે એ જગતના રૂપમાં લપાયેલા જગદીશ્વરને જોતો થાય છે અને






જગત તેની દૃષ્ટિ સમક્ષ રહેતું નથી, ત્યારે તેને આકારે આકારે નિરાકાર-નું જ દર્શન થાય છે. અને ત્યારે દ્રષ્ટા, દર્શન અને દૃશ્યની ત્રિપુટીનો સ્વાત્મામાં લય થયેલો અનુભવીને તે પોતે જ દ્રષ્ટા બને છે, દર્શન પણ પોતે જ બને છે અને દૃશ્ય પણ પોતે જ બનીને સાધક મટીને સિદ્ધ બને છે. એવો અલૌકિક આનંદ જેણે અનુભવ્યો હોય તે જ એ આનંદનું પરિણામ ભાખી શકે.

હાસ્ય એ જ આનંદનું એકલું પ્રતીક નથી. હાસ્ય અને રુદન એ તો વૃત્તિના ભાવો છે અને વિકારયુક્ત છે. ભગવાનના પ્રેમમાં વિભોર બનેલો ભક્ત ભાવાવેશમાં કદી હસે છે, કદી રોતો પણ હોય છે. એ ભાવાવેશ પણ ક્ષણિક જ છે. સંસારમાં રચીપચી રહેલો જીવ પણ સુખને કારણે હસે છે અને દુઃખને કારણે રડે છે. એ ઉભય વૃત્તિના વિકારો ક્ષણિક છે. બ્રહ્માનંદ એ ઉભય વિકારોથી વિલક્ષણ છે. એ આનંદમાં ભાવ નથી, વિકાર નથી, વૃત્તિનો અભાવ છે અને એ આનંદસહજ આનંદ હોવાથી ગાંભીર્યથી ભરેલો આનંદ છે. એ આનંદમાં તલ્લીનતા છે, તદ્રૂપતા છે અને તન્મયતા પણ છે જ. એ આનંદાવસ્થા દેહાતીત છે. જ્યાં સુધી દેહભાન છે ત્યાં સુધી એ સહજ બ્રહ્માનંદનો અનુભવ થવાનો સંભવ નથી. એ આનંદનો એક જ વખત અનુભવ થાય, એક જ વખત દેહાતીત અવસ્થા પ્રાપ્ત થાય તો પછી તે અવસ્થાથી સાધકને ચ્યુત થવાનો સંભવ નથી. અને તેથી એ આનંદ ચિરસ્થાયી બની જાય છે.

આ બ્રહ્માનંદની પ્રાપ્તિ પુરુષાર્થથી થઈ શકતી નથી. પુરુષાર્થ કરતાં કરતાં, સાધન કરતાં કરતાં જ્યારે સાધકના ઉપર ગુરુકૃપાની અમીદૃષ્ટિ પડે છે ત્યારે તે સાધકને બ્રહ્માનંદનો અનુભવ થાય છે અને તેથી અહીં શ્રી અવધૂતે

"મંગળ આરતી થાયે મારા ગુરુની"
"મંગળ આરતી કરું મારા ગુરુની"

એમ કહીને ગુરુદેવની એ અહેતુકી કૃપા પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. એ આરતીમાં શું છે ?

"સત્ ચિત્ આનંદ હેલી"

પરમતત્ત્વનું ત્રિકાલાબાધિત સ્વરૂપ તે 'સત્'. એ 'સત્'નો ક્યારેય અભાવ નથી. અને આદિ મધ્યાન્તવિહીન એ સત્ સર્વ અવસ્થામાં, સર્વ કાળમાં અને સર્વ દેશમાં એક જ સરખું રહેલું હોવાથી તે 'સત્' છે. એ 'સત્' તે કેવળ ચૈતન્ય સ્વરૂપ છે અને તેની પ્રાપ્તિનું પરિણામ આનંદ છે. અથવા પરમતત્ત્વના સત્, ચિત્ અને આનંદ એ સ્વભાવ છે. વેદોએ અને ઉપનિષદોએ પણ પરમતત્ત્વની ઓળખ આ જ શબ્દોમાં આપી છે. એવા સચ્ચિદાનંદસ્વરૂપ પરમતત્ત્વના અપરોક્ષ અનુભવના પરિણામે જે આનંદની ઊર્મિઓની છોળ ઊડે છે તે આ આરતીમાં પરિણામ પામી





છે. સત્ સ્વરૂપ પરમાત્મા જ્યારે ચિત્તમાં ચૈતન્ય – ચિત્સ્વરૂપે પ્રતીત થાય – પ્રકાશે છે, ત્યારે માત્ર આનંદ સિવાય બીજા કશાનો અનુભવ થતો નથી. એ આનંદ અમર્યાદ છે અને સ્વસંવેદ્ય છે. લૌકિક આનંદની એ આનંદ આગળ કશી જ કિંમત નથી. અમૃતના સાગર આગળ ગંધાતા ખાબોચિયાની કેટલી કિંમત ?

આગળ ચાલતાં શ્રી અવધૂતને એ આનંદવાજાંનો ક્યાં અનુભવ થાય છે તેનું વર્ણન કરતાં કહે છે :

"બ્રહ્મા, હરિહર એક સ્વરૂપે કરે અગમગઢ કેલિ"

બ્રહ્મા, હરિ અને હર એ પ્રકૃતિ અથવા માયાના રજસ્, સત્ત્વ અને તમસ્ એ ત્રણ ગુણોના શાસ્ત્રોક્ત અધિષ્ઠાતાના પ્રતીક છે. પ્રવૃત્તિ એ રજસ્‌નું દ્યોતક છે. અને તેથી બ્રહ્માની સરજનના સરજનહાર તરીકે કલ્પના કરી છે. પ્રકાશ એ સત્ત્વ ગુણનું દ્યોતક છે અને તેથી હરિની સરજનના પાલનહાર તરીકે કલ્પના કરી છે. પ્રમાદ એ તમસ્‌નું દ્યોતક છે અને તેથી હરની સર્જનના સંહાર કરનાર તરીકે કલ્પના કરી છે. એ ત્રણે ગુણોનાં પૃથક્ પૃથક્ કાર્યો જ્યાં સુધી થતાં રહે ત્યાં સુધી સરજનની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનો ક્રમ પણ અવિરતપણે ચાલ્યા જ કરે. જ્યારે એ ત્રણ ગુણ એક બીજામાં વિલીન થઈને અંતે પરમતત્ત્વમાં લીન થાય છે ત્યારે પ્રકૃતિ અથવા માયાનું અસ્તિત્વ રહેતું નથી. અને ત્યારે એ ત્રણેની સ્વતંત્ર જેવી જણાતી સત્તા પણ પરમતત્ત્વમાં લીન થઈ જાય છે. એ ત્રણે ગુણોના અભાવે એ ત્રણે ગુણોનાં કાર્ય પણ અસ્તિત્વમાં રહેતાં નથી અને એ ત્રણે ગુણોની શક્તિઓ પણ પરબ્રહ્મમાં લીન બનીને ત્યાં નિષ્ક્રિય, શાંત બની જાય છે.

એ પરબ્રહ્મનું સ્થાન 'અગમગઢ'. યોગની ભાષામાં એને સહસ્રાર અથવા 'સહસ્રદલ' અથવા બ્રહ્મરન્ધ્ર કહ્યું છે. ત્યાં પ્રવેશ કરવાની કે ચઢવાની સામાન્ય જીવની શક્તિ નથી તેથી જ તેને 'અગમગઢ' કહ્યો છે. યોગની ક્રિયાઓ દ્વારા જ્યારે જુદા જુદા ચક્રનું ભેદન કરીને જીવ આજ્ઞાચક્રને ભેદીને ઉપર ચઢીને સહસ્રદલ સુધી ત્રિકુટમાર્ગે પહોંચે છે અને ત્યાં આત્મજ્યોતમાં આત્મૈક્ય અનુભવે છે ત્યારે તે એ 'અગમગઢ' સર કરીને આનંદનાં વાજાંનો દૈવી સૂર સાંભળીને પરમતત્ત્વ સાથે એકરૂપ બને છે. પછી એને જન્મમરણના આવર્તમાં ભટકવાનું રહેતું નથી. 'અગમગઢ'માં પહોંચીને 'કેલિ' કરવાનો મર્મ પણ એ જ છે. એ અગમગઢને જ 'શૂન્યશિખર' પણ કહેવામાં આવે છે. અને તેથી શ્રી અવધૂતે કહ્યું :

"શૂન્યશિખર પર શબ્દ સૂણાયે,
ચાલ દોડ અલબેલી"

અહીં શ્રી અવધૂતે 'અલબેલી' શબ્દનો પ્રયોગ સહેતુક કર્યો છે. 'અલબેલી' એટલે જીવની અનેકવિધ વૃત્તિઓ. એ વૃત્તિઓનું જ્યાં સુધી






જીવ પર વર્ચસ્વ હોય ત્યાં સુધી જીવ એ વૃત્તિઓના મોહમાં આત્માનું સ્વરૂપ, પોતાનું સાચું સ્વરૂપ જાણવાને અસમર્થ છે. જીવ જ્યારે અગમગઢ પર ચઢવાની તૈયારી કરે છે ત્યારે તે બધી વૃત્તિઓને, જેમ કાચબો પોતાના બધાં અંગો સંકેલી લઈને નિશ્ચિંત બને છે તેમ પોતાનામાં સંકેલી લઈને, એ વૃત્તિઓને પોતપોતાના ક્ષેત્રમાં વિહાર કરતી અવરોધીને જ આગળ જઈ શકે છે. જીવ જ્યાં જાય ત્યાં એકલો જતો જ નથી. પણ પોતાના સૂક્ષ્મ શરીરને પણ સાથે જ લઈ જાય છે. જીવને જ્યારે આત્મદર્શન થાય છે એટલે સ્વસ્વરૂપનું જ્ઞાન અને સાક્ષાત્કાર થાય છે ત્યારે તેના આવરણના સઘળા વિકારો ભસ્મીભૂત બની જાય છે. તાત્પર્ય એ છે કે જ્યારે જીવના આવરણમાત્રનો લય થાય છે અને જ્યારે સ્વસ્વરૂપમાં સ્થિત થાય છે ત્યારે તેના વાસનાત્મક સૂક્ષ્મ શરીરનું અસ્તિત્વ રહેતું નથી. અને તે પણ જીવની સાથે જ એકરૂપ બની જાય છે. પછી દેહ હોવા છતાંય દેહ રહેતો નથી એટલે દેહભાન રહેતું નથી. સૂક્ષ્મશરીર એટલે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય. એ સૂક્ષ્મશરીરનું અસ્તિત્વ હોવા છતાંય તેનો વિકૃત સ્વભાવ રહેતો નથી. ટૂંકમાં શરીરમાં સૂક્ષ્મરૂપે રહેલી અનેકવિધ વૃત્તિઓને સમેટીને જ જીવ પરમાત્મતત્ત્વમાં એકરૂપ બની જાય છે. અને તેથી

"ચાલ દોડ અલબેલી"

એમ કહીને જીવ પોતાની ચિરપરિચિત સખીઓને સાથે લઈને જ 'અગમગઢ'માં કેલિ કરવા દોડે છે. 'શૂન્યશિખર' પણ એ જ સહસ્રાર છે. ત્યાં શબ્દ સંભળાય છે. એ શબ્દ કયો એ પ્રશ્ન થાય છે. શૂન્યમાં શબ્દ શી રીતે સંભળાય ?

આપણે આગળ જોયું તેમ શૂન્યશિખર એટલે 'સહસ્રાર'. એ શૂન્યશિખર પર યોગીઓને જે શબ્દ સંભળાય છે તે જ અનાહત નાદ છે. બ્રહ્મનાદ પણ એને જ કહેવામાં આવે છે. જ્યારે અષ્ટાંગયોગની પ્રણાલિકા દ્વારા યોગી છ ચક્રોનું ભેદન કરીને સૂર્યમંડળને ભેદીને સહસ્રારમાં પહોંચે છે ત્યારે ત્યાં તેને એ દિવ્ય અંતિમ મેઘના રસરસાટ સમો અનાહત ૐકાર ધ્વનિ સંભળાય છે. એ નાદના આનંદમાં એને બ્રહ્માનુભવ થાય છે. એ બ્રહ્માનંદનું અનુસંધાન કરીને તે પરમપદની પ્રાપ્તિ કરે છે. એ નાદ કેવો મધુર છે ! કેવો મંજુલ છે ! જાણે ઘંટનો રણકાર ધીમે ધીમે રણકી રહ્યો હોય તેવો એ મધુરનાદ ! કમળનાળમાંથી નીકળતા ઝીણા ઝીણા એક સરખા તંતુઓ જેવો એકધારો અખંડિત રીતે વહેતો એ નાદ ! અને તે નાદના રવમાં જ્યારે જીવ પોતાનો જીવભાવ ભૂલીને તદાકાર બની જાય છે ત્યારે તેનો ખરો આનંદ જીવ માણે છે, માણી શકે છે. સહસ્રદલ કિંવા શૂન્યશિખર એ જ્ઞાનનું – પ્રકાશનું કેન્દ્ર છે. શરીરની ક્રિયામાત્રના જ્ઞાનનો ત્યાંથી સંકેત થાય છે. સહસ્રદલમાં

ઝળહળતો એ જ્ઞાનપ્રકાશ પરમતત્ત્વનો છે. એ પ્રકાશ અને નાદનું હંમેશાં સાહચર્ય છે અને તેથી જ એ પ્રકાશનાં દર્શન કે અનુભવ પ્રતિ

**"શૂન્ય શિખર પર શબ્દ સુણાયે"**






કહી સંકેત કર્યો છે. અને એમ કરીને અનાહત નાદના અનુસંધાન પ્રતિ લક્ષ ખેંચ્યું છે. અને આગળ

**"ચાલ દોડ અલબેલી"**

કહીને અલબેલીને દોડવાની આજ્ઞા કરી છે. એ અલબેલી એટલે આગળ કહ્યું તેમ જીવની બધી જ વૃત્તિઓ. આમ પોતાની સાથે રહેતી સંપૂર્ણ વૃત્તિઓને સાથે લઈને જીવ નાદબ્રહ્મનો અનુભવ કરવા જાય છે અને ત્યાં જ વૃત્તિઓ સાથે લીન થઈ જાય છે. પછી દેહ અને જીવ ભલે રહે પણ જીવભાવ અને દેહભાવથી મુક્ત બનીને તે જીવન્મુક્ત અથવા વિદેહમુક્ત ભાવે જ રહે છે. પરમતત્ત્વમાં સમરસ બની પરમતત્ત્વ બની રહે છે. 'અલબેલી'માં સહસાધકોને પણ દેહમાં નિત્ય થતી આ સહજ આત્મઆરતીના અનાહત ઘંટારવ સુણીને પોતાની સાથે દોડવાની ગર્ભિત સૂચના સમાયેલી છે.

એ જ આત્મઆરતીમાં વાગતાં આનંદવાજાંનું રૂપક આગળ ચલાવતાં શ્રી અવધૂત કહે છે :

**"પ્રાણ પડઘમે શ્વાસા દાંડી, ઘડુડુડુ નોબત ઘેરી,"**
**"શબ્દ અશબ્દની વચમાં હેલી, નાચે અપસરા ઘેલી,"**
**"થેઈ થેઈ થનૂથન્ ઘડુડુડુ ધમધમ, ખમાખમા રંગ રેલી,"**
**"જ્ઞાન–વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં, પિંડબ્રહ્માંડની હોળી !"**

પંચધા વિભક્ત મહાપ્રાણના પ્રાણ અને અપાન એવા બે વિભાગો દ્વારા પ્રાણાપાનની ક્રિયાઓ–શ્વાસોચ્છ્વાસની ક્રિયાઓ થાય છે જેના વડે જ શરીરની પ્રાણન અને જીવન ક્રિયા વ્યવસ્થિત રહે છે. એ મહાપ્રાણને જ અહીં પડઘમની ઉપમા આપી છે. શ્વાસોચ્છ્વાસની–પ્રાણાપાનની ક્રિયાને દાંડીની ઉપમા આપી છે. એ શ્વાસોચ્છ્વાસની ક્રિયા થાય છે ત્યારે શબ્દ ઉત્પન્ન થાય છે. એ શબ્દ ઉત્પન્ન થયા પછી થોડીવારે શમી જાય અને બીજો શબ્દ વૃત્તિને વીંધે તે દરમ્યાનનો સંધિકાળ તેને જ અહીં શ્રી અવધૂતે **"શબ્દ અશબ્દની વચમાં હેલી"** કહી સૂચિત કર્યો છે. શબ્દ ઉત્પન્ન થાય ત્યારે તેનો પ્રતિઘોષ વાયુમંડળમાં અથડાય છે. એ પ્રતિઘોષ એકધારો વાયુમંડળમાં વહેતો થાય છે અને અંતે મહાપ્રાણ, જે વાયુનું સ્વરૂપ છે તેમાં લીન થાય. એ ઉદ્ભવ્યો એટલે વૃત્તિઓનું લક્ષ એ 'શબ્દ' તરફ દોરવાય છે. વિષયાકાર બનેલી એ વૃત્તિઓને પોતાના ધ્યેય કરતાં એ 'શબ્દ' વિલક્ષણ જણાય છે. એ કારણે તે ભાન ભૂલીને તેની પાછળ ખેંચાય છે. એ શબ્દની વિલક્ષણતામાં તદ્રૂપ બનીને એ વૃત્તિરૂપી અપ્સરા, જેમ શ્રી કૃષ્ણના મહારાસમાં ગોપીઓ ગુણમય દેહનો ત્યાગ કરીને તલ્લીન





બની નાચતી વર્ણવી છે તેમ, આ વિષયાકાર વૃત્તિઓ પણ નાદબ્રહ્મમાં લીન બની જાય છે. પોતાના વિષયોને વીસરી જાય છે અને એ શબ્દાકાર બનીને નાચતી હોય એવી કલ્પના કરવામાં આવી છે. એ વૃત્તિઓ શબ્દને જ અનુસરતી હોય છે. એ શબ્દનાં આંદોલનો વાયુમંડળમાં વિસ્તાર પામતાં ધીમેધીમે ક્ષીણ થાય છે અને અંતે 'અશબ્દ' અવસ્થામાં લીન થાય છે. એ 'શબ્દ' અને 'અશબ્દ' અવસ્થાની વચ્ચેના કાળમાં વૃત્તિઓ બ્રહ્માકાર બનીને, બધાય વિષયોના વિકારોનું વિસ્મરણ કરીને સ્વસ્વરૂપમાં સમરસ બની જાય છે. તંબૂરાનો તાર આપણે છેડીએ ત્યારે તેમાંથી એક સ્વર-નાદ ઉદ્‌ભવે છે. એ નાદ વાયુમંડળમાં વિસ્તાર પામે છે અને અંતે વાયુમંડળમાં જ સમાઈ અશ્રાવ્ય બને છે. સાગરના નીરમાં નાની સરખી કાંકરી નાંખવાથી ત્યાં એક નાનકડો તરંગ ઉદ્‌ભવે છે. એ જ તરંગ ધીમે ધીમે જળથી ભર્યા સમગ્ર સરોવરને આવરી લઈને અંતે કિનારે આવી ત્યાં શાંત બની જાય છે તેમ એ નાદ પણ વાયુમંડળમાં પોતાનાં આંદોલનોનો વિસ્તાર કરતો, તરંગ પ્રમાણે ફેલાતો જાય છે. જેમ વિસ્તાર વધતો જાય છે તેમ ક્ષીણતા આવતી જાય છે. અંતે એ ક્ષીણતા અશબ્દના સ્વરૂપે પરિણામ પામે છે. આ "શબ્દ" અને "અશબ્દ"ની વચમાંની નાદાનુસંધાનની અવસ્થામાં વૃત્તિઓને એ નાદની પાછળ પાછળ, પુરુષની પાછળ જેમ પડછાયો જાય છે તેમ, અનુસરતી કરવાનો અભ્યાસ કરવાથી વૃત્તિઓએ 'અશબ્દ' અવસ્થા સુધી પહોંચી જાય છે. 'અશબ્દ' અવસ્થામાં જ્યારે વૃત્તિઓ સ્થિર થાય છે ત્યારે તેને નાદનું અવલંબન નહીં હોવાથી પોતાની અસલ વૃત્તિઓ તરફ તે દોરવાય છે. સાધકે ખરેખરો પુરુષાર્થ અહીં જ સાધવાનો છે. જ્યારે વૃત્તિઓ 'અશબ્દ' અવસ્થામાં સ્થિર થાય છે ત્યારે તેમને વિષયાકાર થતી અટકાવવાને અને બ્રહ્માકારમાં સ્થિર કરવાને સાધકે મહેનત કરવી રહે છે. 'અશબ્દ' અવસ્થા પછી પુનઃ 'શબ્દ' અવસ્થા પ્રાપ્ત થાય ત્યાં સુધીના કાળમાં વૃત્તિઓને સ્થિર રાખીને પુનઃ શબ્દાનુસંધાન કરીને, ફરીથી તે વૃત્તિઓને શબ્દની પાછળ અનુસરતી કરીને, ધીમે ધીમે અશબ્દ અવસ્થામાં સ્થિર કરવાનો અભ્યાસ કરવાથી નાદાનુસંધાન થાય છે. પછી એક 'શબ્દ અશબ્દ'નું આવર્તન પૂરું થાય અને બીજું 'શબ્દ અશબ્દ'નું આવર્તન શરૂ થાય તે દરમ્યાનનો જે સંધિનો ક્ષણિક કાળ છે તે કાળમાં પણ સંધિસાધના કરતાં શીખવું જરૂરનું છે. શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા તો ચાલુ જ રહે છે પણ શ્વાસ લીધા પછી પ્રશ્વાસની ક્રિયા શરૂ થાય તે દરમ્યાનનો જે કાળ તે સંધિકાળ છે. એ કાળ ક્રમશઃ વધારતા જવાથી 'નાદાનુસંધાન' અને 'સંધિસાધના' એ ઉભય સાધ્ય થાય છે. વૃત્તિઓની વિહ્‌વળતાનું ધીમે ધીમે નિરસન થવાનો સંભવ છે.

જીવ વૃત્તિઓને આધીન છે. વૃત્તિઓ ગુણને આધીન છે. ગુણો અંતઃકરણને આધીન છે. અંતઃકરણમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનું






એકીકરણ છે. જ્યારે વૃત્તિઓ શબ્દને અનુસરે છે ત્યારે જીવ પણ અંતઃકરણ સાથે તેની પાછળ જાય છે. શબ્દાવસ્થામાંથી અશબ્દાવસ્થા સુધીનો અનુભવ કરીને જીવ જ્યારે પુનઃ શબ્દાવસ્થા તરફ ઢળવાને બદલે સંધિસાધના અનુસાર ત્યાં જ થંભી જાય છે ત્યારે સંધિસાધનાનો કાળ જેમજેમ વધતો જાય તેમ તેમ યોગની ભાષામાં કહીએ તો ''કુંભક'' સ્થિર થતો જાય છે. જ્યારે ''કુંભક'' કે બ્રહ્મભાવ સ્થિર થતો જાય છે ત્યારે 'શૂન્યશિખર' પર થતા શબ્દોના મધુર ઘંટારવ સાંભળવાનો પણ જીવને લહાવો મળે છે. સાથે સાથે એ અનાહત નાદનો આનંદ માણવાનું પણ જીવને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે અને વૃત્તિઓ પણ, આરતીમાં નાચતી અપ્સરાઓની માફક, એ બ્રહ્માનંદના રણકારમાં નાચી ઊઠે છે.

એ રીતે જ્યારે વૃત્તિઓ બ્રહ્મભાવમાં એકાગ્ર થાય ત્યારે જ્ઞાનાવસ્થા જાગ્રત થાય છે. શરીરની અને જગતની નશ્વરતાનું સાચું જ્ઞાન લાભે છે અને સાથે સાથે જ ગુરુકૃપાએ વિજ્ઞાન એટલે પ્રત્યક્ષ અનુભવ થવો પણ શરૂ થાય છે. ત્યારે એ જ્ઞાન અને વિજ્ઞાનના પ્રકાશમાં જીવની જીવભાવની એટલે ''હું શરીર, મન, પ્રાણ વગેરે છું'' એ ભાવની પરિસમાપ્તિ થાય છે. અને ત્યારે પિંડ અને બ્રહ્માંડ એવા દ્વૈતભાવનું સંપૂર્ણ નિરસન થાય છે. તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**''જ્ઞાન વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં''**

**''પિંડ બ્રહ્માંડની હોળી.''**

એ પિંડ અને બ્રહ્માંડનો દ્વૈતભાવ જ્યારે દૂર થઈ જાય છે અને સાધક વિશ્વાત્મા સાથે તાદાત્મ્ય અનુભવે છે ત્યારે સર્વત્ર એકાત્મભાવના પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ થાય છે. આત્મા કે પરમાત્મતત્ત્વના અસ્તિત્વ સિવાય અન્યના અસ્તિત્વની વાતો વિસારે પડે છે. એકમાં અનેકને અને અનેકમાં એકને અને તે પોતાને જ જોવાની ગુરુગમ ચાવી પણ સાધકને અહીં જ હાથ આવે છે. ત્યારે બારે ભાગોળ મોકળી થઈ જાય છે. બધી ભ્રમણાનું નિરસન થઈ જાય છે, શંકા કુશંકાઓ ટળી જાય છે અને

**'જીવો બ્રહ્મૈવ નાપરઃ'**

ના પરમ અનુભવમાં સાધક એકાદ્વિતીય આભગાણું ગાવા મંડે છે અને

**''આપ હી ગાવત આપ બજાવત ફિરે આપ ફેરી''**

એ અવસ્થાનો અનુભવ થાય છે. આરતીમાં ગાનાર પણ પોતે જ છે, બજાવનાર પણ પોતે જ છે અને પોતે જ પોતાની આત્મપરિક્રમા કરે છે. આ સહજ આરતીના અનાહત ઘંટારવથી દ્વૈત બુદ્ધિરૂપી પિશાચો નાસી જાય છે. દિવ્ય આત્મભાવ જાગ્રત થાય છે. તેની અસરમાં જ્ઞાનવિજ્ઞાન જ્યોતમાં જીવભાવ ઓગળી જાય છે. પિંડ-બ્રહ્માંડનો, વ્યષ્ટિ-સમષ્ટિનો જીવાત્મા-પરમાત્માનો, ભક્ત-ભગવાનનો ભેદભાવ જળી જાય છે. જે કાંઈ છે તે કેવળ આત્મા જ છે એવો ભાવ પ્રદીપ્ત થાય છે અને ગાનાર,

બજાવનાર, પરિક્રમા ફરનાર બધે જ પોતાનું દર્શન થાય છે. એક જ પથ્થરમાં કોતરી કાઢેલા દેવ, ભક્ત અને દેવળમાં જેમ એક જ શિલાશિલ્પ વ્યાપી રહેલું છે તેમ

**"જ્યાં ત્યાં આપે આપ ભરાયો, એહી દેવ યહ ડેરી"**




ભા. - ૩

સર્વત્ર એક જ એક આત્મતત્ત્વ વિલસી રહે છે. દેવ અને દેવળ એ ઉભય એક જ સ્વરૂપ છે. રૂપ અને આકારના ભેદની નિવૃત્તિ થતાં તત્ત્વદૃષ્ટિએ એક જ પરમાત્મસત્તા સર્વત્ર વ્યાપક છે એ સત્ય સરળતાથી સમજી શકાય છે. જ્યાં સુધી નામ, રૂપ અને આકારની ભ્રાંતિ છે ત્યાં સુધી જોનારને માત્ર નામ, રૂપ અને આકારનાં જ દર્શન થાય છે. નામ, રૂપ અને આકારના અંતરમાં ડોકિયું કરીએ અને અરૂપીને પકડી પાડીએ તો પછી એ 'અરૂપી'જ રૂપમાં રહેલો છે. અનામી જ નામમાં રહેલો છે એવી પ્રતીતિ થાય છે. એમ થતાં નામ, રૂપ કે આકારની કિંમત રહેતી નથી. હીરાની ઓળખ થતાં જ કાચની કિંમત કોડીની પણ રહેતી નથી. વસ્ત્રની અંદર તાણાવાણા રૂપે સૂતર જ રહેલું છે એવી ખાતરી થતાં વસ્ત્રની વિવિધતાથી મન ચગતું નથી. વસ્ત્રની અંદર જેમ સત્ત્વરૂપે એક સૂતર જ રહેલું છે તેમ દેવ, દેવળ, ભક્ત વગેરે રૂપે સામે દેખાતા ચિત્રવિચિત્ર જગતમાં એક જ આત્મતત્ત્વની સત્તા વ્યાપેલી છે. વસ્ત્રના નાશ સાથે જેમ સૂતરનો નાશ થતો નથી તેમ જગતનો નાશ થાય તો પણ એ પરમાત્મતત્ત્વ નાશ પામતું નથી. કારણકે સર્વત્ર એ આત્મસત્તા જ વિલસી રહી છે. તેથી જ શ્રી અવધૂતે ગાયું :

**"જ્યાં ત્યાં આપે આપ ભરાયો"**

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"બંબં ભોલા ગુરુ ગિરનારી, દત્ત દિગંબર લ્હેરી"**

**"સૂરત નૂરત બીચમેં મૂરત, દેખે રંગ ગુરુચેરી."**

છેવટે શ્રી અવધૂત યોગેશ્વર ભગવાન શંકરનું અને અદ્વૈત ભાવે એ જ યોગેશ્વર અને યોગીશ્વર ભગવાન દત્તાત્રેયનું ગુરુસ્વરૂપે સ્મરણ કરે છે. એ યોગેશ્વર અને યોગીશ્વર શ્રી શંકરનું અભેદસ્વરૂપ શ્રી દત્ત ભગવાનનું પ્રાચીન સ્થાન ગુજરાતમાં ગિરનાર છે. 'ગિરનારના દાતાર' શ્રી ગુરુ દેવદત્તને દિગંબર અવસ્થામાં રાખ્યો છે. અવધૂત છે ને ! એટલે એને વસ્ત્રોની દરકાર નથી, દિશા એ જ જેનું વસ્ત્ર-અંબર છે તે દિગંબર છે. એ અવધૂત છે એટલે લહેરી પણ હોય જ છે. એની વૃત્તિ 'બાલોન્મત્ત, પિશાચવત્' રહે છે.

'ગિરનાર' શબ્દ દ્વારા સ્થૂળ ગિરનાર પર્વતની કલ્પના તો બધા કરે, પણ અહીં તો શ્રી અવધૂતની ગિરનારની કલ્પના કાંઈક વિલક્ષણ છે. આ સમગ્ર ગીત જ આધ્યાત્મિક ભૂમિકા પર રચાયેલું છે. અહીં ગિરનાર એટલે શરીરરૂપી બ્રહ્માંડમાં આવેલો મેરુદંડ-કરોડરજ્જુ અને તેનું ઉચ્ચતમ

દત્તસ્થાન તે સહસ્રદલ એવો અર્થ લેવાનો છે. જ્યારે સુષુમ્ણા નાડી– એના પર પહોંચવાની વિકટ કેડી – દ્વારા પ્રાણાત્માનો ચિત્તવૃત્તિ સાથે એ ગિરનારના અત્યુચ્ચ સહસ્રાર કે બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ થાય છે ત્યારે ત્યાં જ તેજઃપુંજ યોગદ્વારા શ્રી શંકર જે જ્ઞાનસ્વરૂપ છે અને યોગીઓના પણ યોગી છે તેનાં એ સાધકને દર્શન થાય છે. જગતનું કલ્યાણ કરનાર એ યોગીશ્વર શંકર અને યોગના ચરમ લક્ષ્ય શ્રી દત્ત તત્ત્વતઃ એક જ છે. યોગમૂર્તિ બન્નેનાં સગુણ વેષભૂષા, જટા, ભભૂતિ, રુદ્રાક્ષમાળા, શ્વાન, સ્મશાનવાસાદિ પણ લગભગ સરખાં જ છે. અને તેથી શ્રી અવધૂત અભેદ– એકાત્મભાવે એ ઉભયનું ગુરુરૂપે સ્મરણ–દર્શન કરી અહંશૂન્ય મૂક પ્રણતિ ભાવે ગર્જી ઊઠે છે :

**"બંબં ભોલા ગુરુ ગિરનારી, દત્ત દિગંબર લ્હેરી"**

છેલ્લે શ્રી અવધૂત કહે છે :

**"સૂરત નૂરત બીચમે મૂરત દેખે રંગ ગુરુચેરી."**

ધ્યેયથી અન્ય પ્રવાહ તરફ જતા વૃત્તિપ્રવાહને રોકી ધ્યેયૈકચિંતન એટલે સૂરત અને એ ધ્યેયમાં જ વૃત્તિ સ્થિર કરવી તે નૂરત. એટલે જ ધ્યાન કે નિદિધ્યાસન. એ બેની વચમાં સગુણ ધ્યેયમૂર્તિની ઝાંખી અને અંતે નિર્ગુણ આત્મસાક્ષાત્કાર થાય છે. તેથી જ "બીચમેં મૂરત" એમ કહ્યું છે. એ મૂરત કોણ જોઈ શકે ? કોઈ વીરલ જ અહંકાર શૂન્ય અનન્ય સદ્‌ગુરુ ચરણે લીન શિષ્ય-ગુરુચેરી !!

આ આખુંય ગીત કેવળ અનુભવગમ્ય હોવાથી એને સ્થૂળ શબ્દમાં ઉતારવું કેવળ મુશ્કેલ નહીં પણ અશક્ય જ છે. એ નિત્યદિગંબરને શબ્દના વાઘા કેમ સ્પર્શે ! અનિત્ય સજાવટ એ 'सत्यं शिवं सुंदरम्'ના નગ્ન સૌંદર્યને ઊલટું બેડોળ બનાવે ! એ રસરાજના અવર્ણ્ય રસના આસ્વાદમાં ફિકાશ લાવે !! તેથી વધુ વાચાળતા સંકેલી આટલેથી જ મૌન સેવી વાચકની રજા લેવી ઉચિત માનું છું.







(૫૯)

## આરતી

### પ. પ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની

(રાગ : કાલિંગડા (કેદાર), તાલ : કહરવા)

દિગંબરા દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા,
આરતી કરું છું પ્રેમે પ્રભુજી, વાસુદેવ ગુરુવરા ! – ધ્રુવ.
પંચધાત દીવી અતિસુંદર, ભક્તિઘૃતે ભરપૂર,
પંચપ્રાણ પ્રગટાવી અંદર, સોઽહંજ્યોતિ નૂર ! – દિગંબરા. (૧)
સત્યચંદને કીધી પૂજા, સંયમ અક્ષત સાર,
મન ફૂલડાં અરપી રઢિયાળાં, નિઃસ્વન જયજયકાર ! – દિગંબરા. (૨)
સંકલ્પવિકલ્પ બજાવી તાળી, અનહદ ઘંટાનાદ,
કામક્રોધ ભૂતો, ભાગ્યાં સહુ પ્રગટ થતાં શ્રુતિતાત ! – દિગંબરા. (૩)
આપ ફેરવે આપ વિલોકે, ટળ્યો અહં અંધકાર,
કાળો ધોળો નાશ થતાં ત્યાં, વરત્યો એકાકાર ! – દિગંબરા. (૪)
રંગરાગ સહુ શમીયાં પળમાં, મચ્યો અલૌકિક રંગ,
રંગ રહ્યો ના ધન્ય ગુરુવરા, ભલો તજાવ્યો સંગ !! – દિગંબરા. (૫)

●

શ્રીમદ્ પ. પ. બ્રહ્મીભૂત શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની શ્રી અવધૂત આ ગીતમાં આરતી કરે છે.

શ્રી ગુરુદેવે શ્રી અવધૂતને નિમિત્ત બનાવીને ગુજરાતમાં ઘરઘર શ્રી દત્તભક્તિનાં પૂર વહાવ્યાં. શ્રી દત્તભક્તિથી અનભિજ્ઞ ગુજરાતને શ્રી દત્તભક્તિનું મહત્ત્વ સમજાવવામાં શ્રી અવધૂતે પણ મણા ન રાખી. ગુજરાતને એક છેડેથી બીજે છેડે સુધી શહેરો અને ગામડાંઓમાં ફરીફરીને શ્રી ગુરુદેવનો એ દિવ્યસંદેશ જનતાને સંભળાવીને શ્રી ગુરુદેવનું અંશતઃ ઋણ અદા કર્યું છે એમ કહેવું અયોગ્ય નથી. શ્રી ગુરુદેવના ઋણથી સચ્છિષ્ય કદીયે પોતાને મુક્ત થયેલો માનતો નથી – થઈ શકતો નથી. ગુરુદેવ સહસા પ્રસન્ન થતા નથી અને પ્રસન્ન થયા પછી શિષ્યને પોતાના જેવો જ—પોતાસ્વરૂપ જ બનાવી દે છે. પછી એનામાં ગુરુ શિષ્યનું તાત્ત્વિક દૃષ્ટિએ દ્વૈત રહેતું નથી. છતાંય સદ્‌ગુરુ તરફનું પોતાનું ઋણ અદા કરવા માટે એ શ્રી સદ્‌ગુરુનો અનન્ય સેવક થઈને રહે છે. એટલે આ આરતી તો કૃતજ્ઞતાના એક એંધાણ રૂપે જ છે. જેવા શ્રી ગુરુદેવ તેવા જ તેના શિષ્ય શ્રી અવધૂત ! અને એ ઉભયને અનુરૂપ એવા આધ્યાત્મભાવથી

ભરેલી આ આરતી ! હવે આપણે આરતીનો અર્થ સમજવાનો પ્રયાસ કરીએ.

ભગવાન શ્રી દત્તાત્રેયની સગુણ સાકાર અવતાર પરંપરામાં શ્રીપાદ વલ્લભ મહારાજનું પ્રથમ સ્થાન છે. તે પછી શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ, શ્રી અક્કલકોટ સ્વામી મહારાજ વગેરે છે અને તે જ પરંપરામાં ગુરુદેવ **શ્રી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજ** પણ હોવાથી આ આરતીનો પ્રારંભ





**'દિગંબરા દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા'**

એવી શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની રહસ્યપૂર્ણ પ્રિય ધૂનથી જ કર્યો છે. નિર્ગુણ નિરાકાર પરમતત્ત્વસ્વરૂપ શ્રી દત્ત ભગવાનને વસનની આવશ્યકતા નથી અને ન જ હોય ! **'દિગંબર'** શબ્દનો અર્થ જ એટલો ચમત્કૃતિ અને અર્થગાંભીર્યથી ભરેલો છે કે એને વિશ્વસ્વરૂપને વિશ્વ એ જ આવરણ છે અને વિશ્વનું એ આવરણ છે અને તેથી દિગંબર છે. એ દિશાનું અંબર છે. દિશા એનું અંબર છે એટલે કે એ અંતર-બાહ્ય વ્યાપ્ત છે. એ પરમતત્ત્વ વિશ્વભરમાં ઓતપ્રોત સભર ભરેલું છે. અને એ જ પરમતત્ત્વ વિશ્વની બહાર પણ સભર ભરેલું છે. એટલે સમસ્ત વિશ્વને આવરીને રહેલું એ પરમતત્ત્વ વિશ્વમાં ભીતર બહાર રહેલું છે. અમર્યાદ પરમતત્ત્વની મર્યાદા શક્ય નથી અને તેથી જ દિશાનું જેને અંબર છે એવો અર્થ કરીને અથવા દિશાનું જે અંબર છે એવો અર્થ કરીને એ પરમતત્ત્વના વિશ્વવ્યાપકત્વનો અહીં 'દિગંબર' શબ્દથી સંકેત કરવામાં આવ્યો છે. એ જ દિગંબર પરમતત્ત્વનો 'શ્રીપાદ વલ્લભ' સ્વરૂપે અવતાર થયો હતો તેથી તેનું અહીં સ્મરણ કરીને શ્રી અવધૂત આરતીનો આરંભ કરે છે.

**'આરતી કરું છું પ્રેમે પ્રભુજી, વાસુદેવ ગુરુવરા !'**

ગુરુતત્ત્વ પરમતત્ત્વથી અભિન્ન છે એટલું જ નહીં પણ ગુરુતત્ત્વ એ જ પરમતત્ત્વ છે એમ કહેવું અયોગ્ય નથી. અને તેથી શાસ્ત્રોમાં ગુરુતત્ત્વની ભક્તિની ઘોષણા કરવામાં આવી છે. ગુરુનું સ્થાન આજકાલનું નથી. વેદના વારાથી ગુરુભક્તિ ચાલી આવી છે. અને વેદના જેટલી જ પુરાતન પણ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ગુરુ છે. પરબ્રહ્મ ગુરુ છે. અને તેથી ગુરુની ઉપાસના કરવાનું શાસ્ત્રોએ સૂચન કર્યું છે. ગુરુતત્ત્વનો વિચાર કરતાં તો ગ્રંથ લખાય પણ સ્થળ સંકોચને લીધે અહીં માત્ર સંકેતરૂપે જ કરીશું.

બ્રહ્મા એટલે સર્જન શક્તિ. એ શક્તિ વડે જે સર્જન થયું તે જડ ચેતન સર્જનમાત્રમાંથી મનુષ્યને કાંઈ ને કાંઈ પોતાના જીવનમાં ઉતારીને ગુણગ્રાહી બનવાનું મળી આવે છે. ગુરુ એટલે આદર્શ. જ્યાં જ્યાં ગુણ હોય ત્યાં ત્યાં તે તે ગુણના અધિષ્ઠાનને પોતાનો આદર્શ બનાવવો એ જ ગુરુભક્તિ, એ

જ ગુરુસેવા અને એ જ સાચો શિષ્યભાવ. સર્જન માનવજીવન માટે આદર્શ છે અને તેથી બ્રહ્મ એટલે સર્જક ગુરુ છે, આદર્શ છે.

વિષ્ણુપાલકશક્તિ. એટલે પાલકશક્તિના પ્રતીક સમા એ વિષ્ણુ પણ આદર્શ છે. વિષ્ણુનું જીવન વાંચનાર તેના જીવનને પોતાના જીવનમાં ઉતારે તો તે પણ પાલક બની શકે. અને તેથી એ પણ એક આદર્શ છે. માનવ જીવનમાં એ પાલકવૃત્તિનો આદર્શ ઊતરે તો તે જગતનો મિત્ર બને, જગતને પોતાનું બનાવે અને સદ્ગુણનો ભંડાર બનીને જગતમાં વિષ્ણુ પેરે જ પુજાય. અને તેથી વિષ્ણુ ગુરુ છે. આદર્શ છે.






અને શંકર-મહેશ પણ સંહારક શક્તિરૂપે એક આદર્શ છે. સંહારને આદર્શ કહેવો એ પ્રથમ દૃષ્ટિએ તો યોગ્ય લાગતું નથી. પણ જ્યારે આપણે સમગ્રપણે વિચાર કરીએ ત્યારે જગતમાં બે વસ્તુઓ જણાય છે. એક કલ્યાણ અને બીજું અકલ્યાણ. કલ્યાણ વંદનીય છે પણ અકલ્યાણ ત્યાજ્ય છે – નિંદનીય છે. એ કલ્યાણ અને અકલ્યાણ અર્થે સાધનની આવશ્યકતા છે. અને તેથી કલ્યાણ કરનાર વંદનીય છે. 'सत्यं शिवं सुंदरम्' છે. અકલ્યાણ કરનાર નિંદનીય છે. અનિષ્ટ તત્ત્વોનો, અનિષ્ટ વિચારોનો અને અનિષ્ટ સંકલ્પોનો સંહાર જગતના–જનતાના ઉત્કર્ષ અને કલ્યાણ અર્થે આવશ્યક છે. જે સંહારક છે તે મહેશ છે અને તેથી તે અનિષ્ટનો સંહાર કરીને શાંતિ અને સુખદાતા ગુરુ આદર્શ ન હોય તો બીજું શું હોઈ શકે ? અનિષ્ટ વિનાશક ભગવાન શ્રી રુદ્ર છે અને તે જ્યારે અનિષ્ટના સંહાર અર્થે પોતાનું તાંડવ આરંભે છે ત્યારે તે સંહારક બને છે. શ્રી ભગવાને પણ અર્જુનને કહ્યું :

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो ।
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ॥
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे ।
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ॥

'હું લોકનો નાશ કરનારો અત્યંત વધેલો કાળ છું અને લોકોનો સંહાર કરવાને અહીં તત્પર થયો છું. દરેક સૈન્યમાં જે યોદ્ધાઓ ઊભા છે તેઓ સર્વે તારા વિના પણ રહેશે નહીં અર્થાત્ તું નહીં લડે તો પણ બધાઓ નાશ પામશે.'

આ શ્રી ભગવાનની ઉક્તિનું તાત્પર્ય એટલું જ છે કે જ્યાં જ્યાં અનિષ્ટ છે ત્યાં ત્યાં તે અનિષ્ટના નિકંદન અર્થે પરમાત્માનો કોઈ ને કોઈ સ્વરૂપે ઉદ્ભવ થાય છે અને તે અનિષ્ટનું નિવારણ કરે છે. અને તેથી જ શ્રી ભગવાને કહ્યું :

यदा यदा हि धर्मस्यग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ।
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

એ અનિષ્ટનો સંહારક રુદ્ર છે અને તે ગુરુ છે. એ ત્રિગુણાત્મક શક્તિ પણ સ્વશક્તિસંપન્ન નથી. એ પરમાત્માની શક્તિ છે અને તેથી જ અંતે

''गुरु साक्षात् परब्रह्म''

એમ કહ્યું છે. ગુરુભક્તિ એ જ પરમતત્ત્વની ભક્તિ છે. અને તેથી પરમતત્ત્વની ગુરુભાવે ઉપાસના કરનાર માટે ગુરુભક્તિ એ જ પરમતત્ત્વની ભક્તિ છે. અને તેથી તેને અન્ય તત્ત્વની ઉપાસના કે ભક્તિ કરવાની આવશ્યકતા નથી.

સદ્દગુરુ અનન્યશરણ શિષ્યમાં દૈવીસંપત્તિનું સરજન કરે છે અને તેથી તે બ્રહ્મા છે. એ જ દૈવી જ્ઞાનસંપત્તિનું પોષણ કરી સંરક્ષણ કરે છે તેથી શ્રી સદ્દગુરુ વિષ્ણુસ્વરૂપ છે અને દૈવીસંપત્તિને અવરોધ કરનાર દંભાદિ આસુરી સંપત્તિનો સંહાર કરી શિષ્યનું કલ્યાણ કરે છે તેથી તે જ સદ્દગુરુ સંહારક શિવસ્વરૂપ છે. તેથી જ સચ્છિષ્ય માટે સદ્દગુરુને ત્રિમૂર્તિસ્વરૂપ–બ્રહ્મા, વિષ્ણુ, મહેશસ્વરૂપ-પરબ્રહ્મસ્વરૂપ કહે છે.

ગુરુતત્ત્વ એ પરમતત્ત્વથી અભિન્ન છે એમ આપણે જોયું. પણ પરમતત્ત્વ નિર્ગુણ અને નિરાકાર છે. અવ્યક્તની ઉપાસના સર્વ સાધારણ સાધક માટે સુલભ નથી અને તેથી ગુરુ અભિન્ન પરમતત્ત્વની સાકારરૂપે ઉપાસના કરવાથી પરમ પદાર્થની પ્રાપ્તિ થાય છે. અને તેથી શ્રી અવધૂતે પરમાત્મ અભિન્ન ગુરુદેવની ભક્તિ અને આરતી કરતાં

"વાસુદેવ ગુરુવર"

એમ કહીને ગુરુતત્ત્વ અને બ્રહ્મતત્ત્વ એક જ છે એમ કહ્યું છે.

ગુરુતત્ત્વ પણ પરમતત્ત્વ જેટલું જ ગૂઢ અને અગમ્ય છે. આજકાલ તો ગુરુનો રાફડો છે. પણ તેવા ગુરુઓ શિષ્યોનો સંતાપ હરતા નથી. અહીં જે ગુરુતત્ત્વની ઉપાસના શ્રી અવધૂત જેવા કહે છે તે ગુરુ એવા લેભાગુ ગુરુ નથી. જે સાચા ગુરુ છે તે પરમાત્માથી અભિન્ન છે. બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય છે. ગુરુ અને શિષ્ય એ ઉભયની યોગ્યતાનો વિચાર મુંડકોપનિષદમાં કરવામાં આવ્યો છે અને અવધૂતી મસ્તીમાં પણ અન્યત્ર તેનો વિચાર કરવામાં આવ્યો છે.

આગળ ચાલતાં આરતીનાં ઉપકરણોનો શ્રી અવધૂત વિચાર કરે છે. તે પણ મનનીય છે.

"પંચધાત દીવી અતિ સુંદર, ભક્તિ ઘૃતે ભરપૂર;"
"પંચપ્રાણ પ્રગટાવી અંદર, સોઽહં જ્યોતિ નૂર."

પંચધાતુ એટલે પંચમહાભૂતનો જે સંઘાત છે તેની આરતી બનાવી છે એવી કલ્પના છે. શરીરને આરતી લેખી છે અને તેમાં ભક્તિરૂપી ઘૃત પૂરીને પ્રગટાવી છે. એ જ્યોત છે તે પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ પ્રાણ છે કારણકે પાંચ પ્રાણના બળે જ શરીરનો નિર્વાહ છે. એ પ્રાણના અભાવે શરીરનું અસ્તિત્વ નથી. એ પાંચ પ્રાણનો જે પ્રકાશ

છે તે આત્મનૂર છે. આત્માના ઓજસ્ વિના પ્રાણ શરીરમાં ગતિ કરી શકતા નથી. આમ શરીર પ્રાણ અને આત્માનું ઓજસ એકત્ર થાય ત્યારે જ સર્વ વ્યવહાર થાય છે. ભક્તિરૂપી ઘૃત વિના એ દીપક બળી શકતો નથી. પરમાત્મઅભિન્ન ગુરુદેવની પ્રાપ્તિ અર્થે પણ ભક્તિ આવશ્યક છે અને તેથી ભક્તિરૂપી ઘૃત એમાં પૂરવાની વાત કરવામાં આવી છે.




ભા.- ૩

એ ગુરુદેવની પૂજાનાં સાધનો અને સામગ્રીનો ઉલ્લેખ કરતાં શ્રી અવધૂત કહે છે :

**"સત્યચંદને કીધી પૂજા, સંયમ અક્ષત સાર"**
**"મન ફૂલડા અરપી રઢિયાળાં, નિઃસ્વન જય જયકાર !"**

સત્ય એ જ ચંદન છે. ચંદનથી આનંદ થાય છે. એ આનંદ એ જ પરમાત્માનું સ્વરૂપ છે અને સત્ય એ જ તેનું પ્રતીક છે. પરમાત્માને સત્યથી જેવો આનંદ થાય છે તેવો બીજા કશાથી થતો નથી. અને તેથી સત્યને એ ચંદન કલ્પ્યું છે. સંયમને અક્ષતને સ્થાને ગણવામાં આવ્યો છે. સંયમ વિના – શમ, દમ આદિ સાધનો વિના – પરમતત્ત્વની પ્રાપ્તિનો સંભવ નથી. અને તેથી પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે જે જે પ્રાથમિક સાધનો છે તે જ અહીં પૂજાનો સંભાર છે એમ કહેવામાં આવ્યું છે. જ્યાં સુધી મન વશ ન થાય ત્યાં સુધી પરમાત્મા – ગુરુની ઉપાસનામાં વિક્ષેપ આવવાનો સંભવ છે. સંસ્કૃત ભાષામાં ફૂલો માટે 'સુમનસ્' શબ્દ છે. રાગદ્વેષ વિનાનું શુદ્ધ કરેલું મન એ જ સાચું પુષ્પ છે અને તેથી જ મનની વિશુદ્ધ વૃત્તિઓને જ અહીં પુષ્પ કલ્પેલ છે. અને અંતે મૌન એ જ ગુરુદેવનો સાચો જયજયકાર છે એમ કહ્યું છે. કેમ કે એનો મહિમા ગાવાને પરા પશ્યંતિ આદિ અપર્યાપ્ત છે. જ્યાં સુધી વૈખરીનું પ્રાધાન્ય છે ત્યાં સુધી સાધક લક્ષ્યપ્રસાદથી દૂર છે. જ્યારે ચારે પ્રકારની વાણી થંભી જાય છે ત્યારે મૌન પ્રાપ્ત થાય છે અને એ મૌન એટલે સંકલ્પ-વિકલ્પનો અભાવ જ્યારે થાય છે ત્યારે મનની ચેષ્ટાઓનો પણ લોપ થઈ જાય છે. જ્યારે એ મન અને વાણીની પરમાત્માની પૂજાના સાધનમાં ગણના કરવામાં આવી છે ત્યારે કલ્પના એટલી જ છે કે મન અને વાણીના ચાંચલ્યથી મુક્ત બનીને સાધક પોતાના લક્ષ્યની પ્રાપ્તિ અર્થે પ્રગતિ કરી શકે છે.

આગળ ચાલતાં

**"સંકલ્પ વિકલ્પ બજાવી તાળી, અનહદ ઘંટાનાદ"**
**"કામક્રોધ ભૂતો સહુ ભાગ્યાં, પ્રગટ થતાં શ્રુતિતાત !!"**

સંકલ્પ વિકલ્પ એ આત્મતત્ત્વ પ્રાપ્તિ અર્થે વિક્ષેપક છે. અને તેને અહીં **"તાળી બજાવી"** એમ કહીને તેને ઉડાડી મૂકવા તરફ શ્રી અવધૂતે સંકેત કર્યો છે. આમ જ્યારે સત્ય, સંયમ, મૌન અને મન જેવા ઉપચારો દ્વારા ગુરુદેવનું પૂજન કરવામાં આવે ત્યારે એટલે આત્મતત્ત્વની પ્રાપ્તિમાં





જે બધા વિક્ષેપક છે તેને સ્વાધીન કરવામાં આવે ત્યારે પરમતત્ત્વનો ચારે વાણીથી પર જે અનહદ-અનાહત નાદ છે તે સાધકને શ્રવણ કરવાનો મળે છે. એ અનાહત નાદને અહીં 'ઘંટાનાદ' તરીકે લેખવામાં આવ્યો છે. જેમ ઘંટાનાદથી ભૂતપિશાચ આદિ દૂર નાસી જાય છે તેમ જ અહીં અનાહત ઘંટાનાદથી કામક્રોધાદિ ભૂતાવળ અદૃશ્ય થાય છે.

આવી સ્થિતિમાં એટલે આટલાં સાધનો જ્યારે સિદ્ધ થાય છે ત્યારે સાધકને પરમતત્ત્વની ઝાંખી થવાનો સંભવ છે. જ્યારે એ 'શ્રુતિતાત' ગુરુઅભિન્ન પરમાત્મા પ્રગટ થાય ત્યારે

**'કામક્રોધ ભૂતો સહુ ભાગ્યાં'**

એટલે કામક્રોધાદિ ષડ્‌રિપુઓ રહેતા નથી. રહી શકતા નથી. તાત્પર્ય એ છે કે જ્યારે પરમાત્મતત્ત્વ અંતરમાં પ્રગટે છે ત્યારે અંતરના બધાય વિકારો ભસ્મ બની જાય છે. આ ઉભય પંક્તિમાં સાધન અને સાધ્યનો સંકેત કરવામાં આવ્યો છે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"આપ ફેરવે આપ વિલોકે, ટળ્યો અહં અંધકાર,"**
**"કાળો ધોળો નાશ થતાં ત્યાં, વરત્યો એકાકાર !"**

અહંકાર એ જ સર્વ અનર્થનું અને સર્વ પ્રકારના ભેદનું કારણ છે. એ અહંકાર જ્યારે ટળી જાય છે ત્યારે દ્વૈતબુદ્ધિ પણ રહેતી નથી અને તેથી જે કાંઈ છે તે કેવળ એક જ પરમતત્ત્વ છે અને પોતે તે પરમતત્ત્વથી અભિન્ન હોવાથી જોનાર અને કરનાર, વ્યક્તિ અને સમષ્ટિ બધું પોતે જ છે એવી સાધકને પ્રતીતિ થાય છે અને ત્યારે તેના મનમાંથી સર્વ પ્રકારના ભેદનું નિરસન થતાં સર્વત્ર કેવળ એક જ પરમાત્મા રહે છે. અને તે પરમાત્માની સાથે પોતે સમરસ બનીને, સરિતા જેમ સાગરમાં ભળીને સાગર બની જાય છે તેમ, પોતે પરમાત્મા બનીને સર્વવ્યાપક બની જાય છે ત્યારે તેને ભેદ રહેતો નથી. અને એક જ પરમતત્ત્વ સર્વ સ્થળે વ્યાપેલું છે એવો અનુભવ થાય છે. અને ત્યારે જ સઘળે એકાકાર જણાય છે.

જ્યારે સર્વત્ર એકાકાર થઈ જાય છે, અન્યનો જ્યારે અભાવ વર્તાય છે ત્યારે

**"રંગરાગ સહુ શમીયાં પળમાં, મચ્યો અલૌકિક રંગ,**
**રંગ રહ્યો ના ધન્ય ગુરુવરા, ભલો તજાવ્યો સંગ !!"**

માયાના આવરણના પ્રભાવે, મમત્વ અને અહંતાના કારણે, જે રંગરાગ હતા તે બધાય શમી જાય છે. લૌકિક વૃત્તિઓનું આમ સમૂળ નિરસન થતાં અંતે અલૌકિક રંગ જામે છે. જ્યારે આત્મા પરમાત્મા સાથે અવિભક્ત બની જાય છે ત્યારે આત્માનું ભિન્ન વ્યક્તિત્વ રહેતું નથી. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'રંગ રહ્યો ના ધન્ય ગુરુવરા'**

'હે ગુરુવરા તમને ધન્ય હો ! ધન્ય હો ! તમારી કૃપાપ્રસાદીના પરિણામે રંગ ભિન્ન રહ્યો નથી.' એ શબ્દો દ્વારા શ્રી અવધૂતે પોતાનું અંતર ઉઘાડ્યું છે. એના ગર્ભમાં શ્રી અવધૂતને આત્મસાક્ષાત્કાર થયો છે એવો સંકેત છે. અને તેથી જ શ્રી અવધૂત અન્યત્ર

माणवं पांडुरंगाख्यं स्वप्नदर्शनमात्रतः
चकरार्यं स्वनार्याद्यो वासुदेव नमोऽस्तुते

એવું કહીને પોતાના પરિવર્તનનો ખ્યાલ આપ્યો છે.

અને અંતે એ બધાયના પરિણામે

**'ભલો તજાવ્યો સંગ'**

એવા શબ્દોથી દેહનિષ્ઠ પોતાનામાં આત્મનિષ્ઠા જગાવનાર શ્રી સદ્‌ગુરુ **વાસુદેવાનંદના સરસ્વતી સ્વામી મહારાજને** ચરણે નમન કરીને શ્રી અવધૂતે મનથી મોકળા થઈ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી છે.

પરમતત્ત્વની પ્રાપ્તિ થતાં સંસાર પ્રપંચમાં રહેલી માયાના અને ગુણની પરિણામરૂપ આસક્તિનો નિઃશેષ ક્ષય થાય છે એ વાત તરફ અહીં લક્ષ ખેંચવામાં આવ્યું છે. પરમતત્ત્વના પરમપ્રકાશના દર્શનમાં જે અંજાઈ જાય છે તેને પરમતત્ત્વ સિવાય અન્ય કશું જ જણાતું નથી. અનુભવાતું નથી અને તેથી તેને એક જ પરમાત્મામાં આસક્તિ રહે છે. એ આસક્તિ પણ જ્યારે તે તેમાં સમરસ બની જાય છે, વ્યક્તિત્વનો લોપ થઈ જાય છે ત્યારે રહેતી નથી. અને ત્યારે અભિન્નત્વના કારણે અનાસક્તિ અને નિઃસંગ અવસ્થા પ્રાપ્ત થાય છે. એ પ્રભાવ કેવળ ગુરુકૃપાનો છે. અને તેથી શ્રી અવધૂતે ગાયું છે :

**गुरुकृपा हि केवलम् ।**
**शिष्य परम मंगलम् ॥**

આ આરતીનો સાર એક જ છે કે સાધન કરતાં કરતાં સાધક સદ્‌ગુરુ કૃપાએ સાધ્યમાં મળી સદ્‌ગુરુસ્વરૂપ-પરમતત્ત્વસ્વરૂપ બની જાય છે. અને ભિન્નત્વનું નિરસન થતાં અભિન્ન બને છે. ગુરુ અને પરમાત્મા ભિન્ન નથી. ગુરુભક્તિ દ્વારા પરમાત્માની અને પરમાત્મભક્તિ દ્વારા ગુરુની પ્રાપ્તિ થાય છે. અને તેથી સગુણ સાકારસ્વરૂપે ગુરુદેવમાં જ પરમાત્માનાં દર્શન કરીને અવ્યક્ત પરમતત્ત્વને પ્રાપ્ત કરી શકાય છે.

''એ અભેદ આત્માનુભવમાં અંતઃકરણાદિ સર્વ કરણો તરબોળ થઈ ઓગળી જાય છે.'' એ જ શ્રી અવધૂતના શબ્દોમાં આ આરતીનો અર્થ છે અને એમ થાય ત્યારે જ આરતી ઉતાર્યાની સાર્થકતા છે. અસ્તુ.






(૯૦)

(રાગ : ભીમપલાસી, તાલ : ઘુમાળી)

(જેના મુખમાં રામનું નામ નથી... એ રાહ)

અબ ખૂબ હઁસો, અબ ખૂબ હઁસો, રોતે હો કિસવિધ ક્યોં પ્યારે !
હઁસતેકે સાથ હઁસે દુનિયા, રોતેકો કૌન બુલાવે રે ? ધ્રુ.
જો હોના હૈ સો હોના હૈ, જો ખોના હૈ સો ખોના હૈ;
સબ સૂત્ર પ્રભુકે હાથોં હૈ, ફિર ચિંતા કાહે કરો પ્યારે ?—અબ (૧)
ધન માલ ખજાના ઢેર લગા, ગર ખાલી ઘર કંગાલ હુઆ;
જગ માન દિયા અપમાન કિયા, બસ ખૂશ રહો હરદમ પ્યારે !—અબ (૨)
સુત દાર પિતા મિત ચલતી કે, પડતીમેં સાથ ન કોઉ ચલે;
અસુવન મોતી કબહૂં ન બને, ફિર રોનેસે ફલ ક્યા પ્યારે !—અબ (૩)
સબ હાલતમેં સબ રંગતમેં, જનમેં બનમેં એકાંતહિમેં;
સબ રાગનમેં બૈરાગનમેં, આનંદમગન ડુલના પ્યારે !—અબ (૪)
પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં, ઈકતાર નિહાર ફિરો મનુવા;
દિન સૂરજ રાત શશી તારે, સબ રંગ બિરંગ વહી પ્યારે !—અબ (૫)

❋

શ્રી અવધૂત પ્રવાસમાં નીકળે ત્યારે જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં લોકોના થોક કીડિયારામાંથી કીડી ઉભરાય તેમ ઉભરાય અને બધાયને શ્રી અવધૂતના મુખે નીકળતા બે શબ્દો શ્રવણ કરવાની ઈચ્છા થાય.

**भाषणं भषणं विद्धि**

એ શ્રી અવધૂતનો મુદ્રાલેખ છે. એટલે શ્રી અવધૂત આગળ મૂકેલો માઈક્રોફોન પણ નિરાશ થાય તો જનતા નિરાશ થાય એમાં શી નવાઈ ? સંયોગ કરતાં વિયોગ દુઃખદાયી છે. પણ વિયોગના એ દુઃખનું સુખમાં પરિવર્તન થાય અને જનતા હસતી રહે એ હેતુએ શ્રી અવધૂત જતાં જતાં આ ગીત ગાવાનો નિકટવર્તીને આદેશ કરે છે. એ આદેશ છે ગમે તેવી સમ વા વિષમ દશામાં આનંદમગ્ન રહેવાનો. આપણે એનો થોડો વિચાર કરીએ.

હાસ્ય અને રુદન. જીવનનાં બે પાસાં ! દિવસ અને રાત્રિ, પ્રકાશ અને અંધકાર, સુખ અને દુઃખ, આનંદ અને વિષાદ, એ પણ માનવ જીવનનાં બે પાસાં ! એક પ્રાકૃત જીવનને હળવું બનાવે, બીજું પ્રાકૃત જીવનને ભારે બનાવે. એક પ્રાકૃત જીવનને સહ્ય બનાવે, બીજું પ્રાકૃત જીવનને અસહ્ય બનાવે. માનવને જીવનમાં સુખ જોઈએ, પ્રકાશ જોઈએ અને એનું જીવન જીવવાનું અમોઘ સાધન છે હાસ્ય. રુદન કરીને જીવનને

અસહ્ય બનાવવાને બદલે હસીને જીવનને સહ્ય બનાવવાનો આ એક અને અજોડ ઉપાય ઉપદેશરૂપે અથવા આત્માનુભવમાંથી નીતરતા જીવનના નવનીતરૂપે અહીં શ્રી અવધૂતે આ ગીતમાં ગાયો છે. વિચાર અને વર્તનમાં મૂકે તો રોતાં પણ હસતાં બને અને હસતાં પણ અટ્ટહાસ્ય કરે.

સંસારમાં બે જ તત્ત્વો છે : આનંદ-હાસ્ય, અને રુદન-વિષાદ. આનંદ-હાસ્ય છે ત્યાં સંસાર અમૃતમય છે. જ્યાં વિષાદ-રુદન છે ત્યાં સંસાર વિષમય છે. પણ જ્યાં આનંદમાં અમૃત અને વિષાદમાં વિષનો અનુભવ કરવાની દૃષ્ટિ છે ત્યાં એ ભિન્નતા છે, ત્યાં એ ભેદ દૃષ્ટિ છે. જ્યાં અખંડ આનંદના અખૂટ નિર્ઝર સમા પરમતત્ત્વને જ અભેદભાવે જોવાનો સ્વભાવ છે ત્યાં નથી આનંદ કે નથી વિષાદ, ત્યાં નથી હર્ષ કે નથી શોક, નથી હાસ્ય કે નથી રુદન. અને એ હાસ્ય અને એ રુદનના ભેદ વિનાની અભેદ સ્થિતિમાં નિર્વિકાર પરમતત્ત્વનાં દર્શન છે અને એ જ સિદ્ધાંતનો અખંડ અનુભવ એ જ શ્રી અવધૂતના આ ગીતનું રહસ્ય છે.

આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. હાસ્ય એ પરમતત્ત્વની બાહ્ય અભિવ્યક્તિ છે, આનંદને વ્યક્ત થવાનું એક સાધન છે. એ આનંદના મૂળમાં અહંતાનું વિલોપન છે. જ્યાં સુધી તમને 'તમારું' સ્મરણ રહે ત્યાં સુધી તમે નિર્ભેળ આનંદનો અનુભવ ન કરી શકો ! શિષ્ટાચારનું કૃત્રિમ હાસ્ય અને અંતરનું સહજ હાસ્ય એ બે નોખાં છે. શિષ્ટાચારમાં આનંદનો દેખાવ છે, જ્યારે અંતરના હાસ્યમાં આત્માના સ્વભાવ સાથેની એકતાનું દર્શન છે. જાણે અજાણે કોકવાર વૃત્તિનિરોધની અવસ્થામાં મનુષ્ય સહસા એ આનંદનો અનુભવ કરવાને ભાગ્યશાળી બને છે. અને એવી ધન્ય ક્ષણોએ તે પોતાને ભૂલી જાય છે, આનંદમય બને છે. ભલે એ ક્ષણમાત્ર માટે હોય પણ સાચા આનંદની-આત્માની ઉન્નત અવસ્થાની એ ક્ષણ છે અને તેની અસર ચિરસ્થાયી છે. એ નથી અમૃતમય કે નથી વિષમય, નથી સુખમય કે નથી દુઃખમય, પણ એ બંનેના સ્મરણાસ્મરણથી વિલક્ષણ અનિર્વચનીય સુખાનુભૂતિરૂપ છે. એવી આત્માનંદ અવસ્થામાં જ મનુષ્ય પોતાને ભૂલીને, પરિસ્થિતિનનો ખ્યાલ કર્યા વિના એકલો જ હસે છે. અટ્ટહાસ્ય કરે છે અને તે જ સાચું હાસ્ય છે, તે જ પ્રભુનો પ્રસાદ છે અને શ્રી અવધૂત પણ તેથી જ હસવાનું કહે છે. ખૂબ પેટ ભરીને હસવાનું કહે છે. જે એવું નિષ્પાપ હાસ્ય હસી જાણે છે તે જ બીજાને પણ હસાવી જાણે છે. બીજાનાં આંસુ લૂછી શકે છે. એવું હાસ્ય હસો તમારા રોમેરોમથી. એ હાસ્ય નીતરે, તમારી રગેરગમાંથી એ હાસ્ય વહે અને તમારાં સર્વાંગ પુલકિત બને તેવું હાસ્ય હસો એમ શ્રી અવધૂત કહે છે. જે હાસ્ય તમારા જન્મમરણના રુદનનો અંત આણે, જે હાસ્ય પછી રુદનની ભ્રાંતિ પણ ન રહે, તે હાસ્ય હસો એમ શ્રી અવધૂત કહે છે. નિર્દોષ બાળકનું હાસ્ય હસો. નિર્દોષ બાળકના રુદનમાં પણ હાસ્ય






રહેલું છે તેનો મર્મ પિછાનો. કુટિલ પ્રાપંચિક હાસ્ય હસનારો જ રુદનનો પણ ભોગ બને છે. અને તેથી નિષ્પ્રપંચ હાસ્ય હસો. અને તેથી જ શ્રી અવધૂતે કહ્યું :

**'અબ ખૂબ હઁસો અબ ખૂબ હઁસો'**

જે હાસ્ય પછી રુદન નિર્માયેલું છે, જે સુખ પછી દુઃખ નિર્માયેલું છે, જે પ્રકાશ પછી અંધકાર નિર્માયેલો છે, તે હાસ્ય હાસ્ય નથી. સુખ સુખ નથી, તે પ્રકાશ પ્રકાશ નથી. એ બધા ક્ષણિક ભાવો વિષયાસક્ત ચિત્તની વૃત્તિઓ છે અને તે વૃત્તિનો નિરોધ કરીને શ્રી અવધૂત અહીં 'રુદન'નો નિષેધ કરીને હાસ્યનો સ્વીકાર કરવાનું કહે છે. માનવી રડે છે ક્યારે ? નિરાશાનો અનુભવ થાય ત્યારે, આધારહીન છે એમ લાગે ત્યારે, અપમાનિત થાય ત્યારે, નિંદાય ત્યારે. અથવા જીવનમાં સર્વ રીતે હતાશ થાય, જીવન જીવવાનું અસહ્ય થાય, અસંતોષનાં કાળાં વાદળાં ઘેરાઈ વળે, અને ચોપાસથી આશાનું એકેય કિરણ ન જણાય ત્યારે માનવી છાતીફાટ રુવે છે. એ રુદન અહંતા અને મમતાનું પરિણામ છે. જ્યારે માણસની અહંતા, સ્વાર્થ ઘવાય છે, મમતાથી સુખનાં સાધન માનેલી વસ્તુઓ કે વ્યક્તિઓ વેગળાં થાય છે ત્યારે માણસની આંખમાંથી દુઃખની સરિતા વહેવા માંડે છે જે દુઃખસાગરમાં જઈ ભળે છે. વિષયોની અનુકૂળતા કે વિપુલતામાંથી વિકસતું હાસ્ય ક્ષણિક સુખનો આભાસ ઉપજાવી અનંત રુદનમાં જ પરિણમે છે, જ્યારે વહાલાના, પ્રભુના વિરહની વેદનાના અતિરેકથી સરી પડતું રુદન હૈયાને હળવું બનાવે છે અને અંતે વહાલાના મિલનની અનુભૂતિમાં પરિણમી હાસ્ય વેરાવે છે. એ હાસ્ય આત્માનું હાસ્ય છે. એ રુદન આત્માના વિરહનું રુદન છે. એમાં આત્માનુભૂતિનો તીવ્ર સંવેદ છે. અતએવ એ સુખગર્ભ હોઈ અનંત આનંદ કે હાસ્યમાં પરિણમે છે, જ્યારે અવાસ્તવિક દુન્યવી રુદન દુઃખગર્ભ હોઈ અનંત દુઃખને જ પ્રસવે છે. એવા દુઃખાશ્રુને ખાળવાનો અનુરોધ કરતાં શ્રી અવધૂત કહે છે :

**''રોતે હો ઈસવિધ ક્યોં પ્યારે ?''**

અહીં ''ઈસવિધ'' શબ્દ સૂચક છે. ઈસવિધ એટલે આવી રીતે. એટલે દુન્યવી અહંતા તે મમતાની ખાતર, વિષયોની પાછળ વલખાં મારતાં તેના અભાવે કે વિનાશથી દુઃખી થઈ હે વહાલાઓ ! કેમ રડો છો ? નકામાં આંસુ કાં સારો છો ? એથી શો અર્થ સરવાનો છે ? તમારા સ્વાર્થના મોહમૂલક રુદનથી પરિસ્થિતિ બદલાવાની નથી અને મળેલી વસ્તુ મળવાની નથી. ગયેલી કે ખોયેલી વસ્તુ પાછી આવવાની નથી. પછી રડીને પોતાના અને દુનિયાના વિષાદમાં વધારો કાં કરો છો ? પ્રભુના વિરહનાં સંભારણાં સારુ રડો તો તે ભલે ! વહાલાંનાં પાષાણશાં કઠોર હૈયાં પીગળાવવા સારુ રડો તો કાંઈ લેખે ! પણ આમ ''દુન્યવી રમકડાં'' પાછળ ઘેલા થઈ ધરતી ભીંજાઓ તેમાં શો અર્થ છે ? એવાં રોદડાં રડવાનું છોડી





દઈ આવો, મારી સાથે અને માયિક દુઃખ વિસારી આત્માનંદમાં મસ્ત બની હસો. ખૂબ હસો. પેટ ભરીને હસો. અને તમારા હાસ્યથી ચોગરદમ ઘેરાયેલાં દુઃખ અને વિષાદનાં વાદળ વિખેરી નાંખો ને આત્મસૂર્યનો આનંદપ્રકાશ સઘળે ફેલાવા દો. શ્રી અવધૂત આગળ ચાલતાં કહે છે :

**"હૅંસતે કે સાથ હસે દુનિયા, રોતે કો કૌન બુલાવે રે ?"**

જે હસે છે, આનંદથી કલ્લોલ કરે છે તેના હાસ્યમાં—આનંદ પ્રમોદમાં જગત ક્ષણવાર પોતાનું દુઃખ ભૂલી સાથ આપે છે. સુખમાં સર્વ સાથી થાય છે. દુઃખમાં કોઈ ભાગીદાર બનતું નથી. રડનાર રડ્યે જાય છે. એની સાથે રડવાનો દેખાવ કરનાર માત્ર દંભ જ પોષે છે. માટે જ શ્રી અવધૂતે કહ્યું :

**રોતે કો કૌન બુલાવે રે ?**

જેનું તેને જ ભોગવવાનું છે. કદાચ કોઈ વ્યવહાર ખાતર કે દેખાવ ખાતર દુઃખીની સાથે દુઃખી થઈ બે આંસુ સારે તો પણ તે દેખાવ કે વ્યવહારની ખાતર જ. કોઈ પોતાનું દુઃખ સંભારીને રડે. કોઈ વીરલો દુઃખીના દુઃખમાં સહભાગી થઈ એનાં દુઃખાશ્રુ લો'વા સાચા દિલથી નિઃસ્વાર્થભાવે દોડે તો તે અપવાદ દાખવી જ. બાકી સર્વ સાધારણ રીતે તો રડનારનો કોઈ ભાવ પૂછતું જ નથી અને જે તે એનાથી સો ગજ દૂર જ ભાગે છે. દુનિયા અશ્રુમય છે. તેમાં આંસુનો ઉમેરો કરી પોતાને કે પારકાને—દુનિયાને શો લાભ થવાનો ? કોક આશ્વાસનના બે લૂખા શબ્દો કહે તો દુઃખ કાયમનું થોડું જ દૂર થવાનું ? ના, એ તો પ્રારબ્ધને—કરેલાં કર્મને—આધીન છે અને જાતે ભોગવ્યે જ છૂટકો છે. રડીને પણ ભોગવવાનું અને હસીને પણ ભોગવવાનું. ભોગ વિના પ્રારબ્ધનો ક્ષય નથી જ. તો રડીને ભોગવવા કરતાં હસીને ભોગવવું-સહન કરવું શું ખોટું ? અને તેથી જ શ્રી અવધૂતે અશ્રુ ખાળવાનો આદેશ આપી આગળ ચાલતાં કહ્યું :

**"જો હોના હૈ સો હોના હૈ, જો ખોના હૈ સો ખોના હૈ;"**

**"સબ સૂત્ર પ્રભુકે હાથોં હૈ, ફિર ચિંતા કાહે કરો પ્યારે ?"**

જે થવાનું છે તે થયા વિના રહેવાનું નથી. જે જવાનું છે તે ગયા વિના રહેવાનું નથી. તમે ગમે તેટલો પુરુષાર્થ કરશો તો પણ પ્રારબ્ધને પાછું ઠેલવાની તમારામાં શક્તિ નથી. એ પ્રારબ્ધ એટલું બળવાન છે જેની આગળ સમગ્ર વિશ્વનું બળ પણ નિર્બળ છે અને નિઃસત્ત્વ બની જાય છે. કાળની ગતિને અવરોધવાની માનવીમાં શક્તિ નથી. માનવીમાત્ર પ્રારબ્ધનો દોરવ્યો જ પુરુષાર્થ કરવા પ્રેરાય છે. અને પ્રારબ્ધને અનુરૂપ ફળ પ્રાપ્ત કરીને જ તેણે સંતોષ માનવાનો છે. જે થવાનું છે તે ખાળવાની તમારામાં શક્તિ નથી. જે જવાનું છે તેને સાચવી રાખવાની તમારી શક્તિ નથી. અને તેથી સારા દિ' આવે ત્યારે રાચવું અને માઠા દિ' આવે ત્યારે રોવું એ ઉભય કેવળ અજ્ઞાનનું જ પરિણામ છે. અસંતોષને કારણે છે. તેથી





શ્રી અવધૂત અહીં પ્રારબ્ધ પર નિર્ભર રહીને જે સમે જે થાય તેને અનુકૂળ બનવાનો ઉપદેશ કરે છે. એનું કારણ આપતાં શ્રી અવધૂત કહે છે :

**"સબ સૂત્ર પ્રભુ કે હાથોં હૈ, ફિર ચિંતા કાહે કરો પ્યારે ?"**

પરમાત્માની શક્તિ વિના એક તણખલું પણ હાલી શકતું નથી. પ્રભુના સંકેત વિના કોઈ કાંઈ પણ કરી શકતું નથી. પ્રભુનો એ સંકેત જ તમારા કર્મના પરિણામે નીપજતું પ્રારબ્ધ છે. કર્મ અને તદનુરૂપ ફળ એ નિસર્ગના અટલ નિયમને આધીન સર્જનમાત્ર છે. તમે તેમાં અપવાદ બની શકો એમ નથી. જો આપણું જીવન કોઈક અન્ય શક્તિને બળે જ ચાલી રહ્યું છે, જો આપણું જીવન કોઈ અન્ય શક્તિને આધીન છે, જો આપણે એક શ્વાસ સરખો લેવાને પણ સ્વતંત્ર નથી તો પરાધીન જીવન જીવતાં સમસ્ત જીવન હાસ્યમાં જ–સુખમાં જ જાય એ સંભવિત નથી અને તેથી હાસ્ય અને રુદનનો ભેદ વિવેકપુરઃસર ત્યાગ કરીને કેવળ પરમાત્માની ઈચ્છાને–સૂત્રાત્માના સંકેતને આધીન બનીને જીવન જીવવાનો મહામંત્ર જીવનમાં ઉતારો તો એ હાસ્ય અને રુદન રહેશે નહીં અને તમારું જીવન સ્વાભાવિક બની જશે. અને ત્યારે શ્રી અવધૂત કહે છે તેમ

**'ફિર ચિંતા કાહે કરો પ્યારે'**

એ પ્રશ્નનો પણ તમને જવાબ મળી જશે.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**"ધન માલ ખજાના ઢેર લગા, ગર ખાલી ઘર કંગાલ હુઆ;"**

અહીં શ્રી અવધૂતે ઉપર કહ્યું તેમ સંતોષનો ગુણ કેળવવાનો સંકેત કર્યો છે.

**'ધન માલ ખજાના ઢેર લગા,'**

તમે લક્ષ્મીવાન હો, તમારા વૈભવવિલાસમાં મણા ન હોય, તમારા ભંડાર અન્નથી ભર્યા હોય, વસ્ત્ર પરિધાનની તમને મણા ન હોય, જગતમાં તમને કશી જ વસ્તુની ઊણપ નથી એમ લાગે તેથી શું ? કેવળ સંગ્રહના સંતોષ સિવાય એ ભંડાર અને સમૃદ્ધિનો શો ઉપયોગ ? એ ભંડાર ભર્યા હોય છતાંય તમને ક્યાં સુખ છે ? તમને ક્યાં શાંતિ છે ? તમે તો આટઆટલા વૈભવવિલાસ અને વિપુલ સમૃદ્ધિના સ્વામી હોવા છતાંય મારગમાં રઝળતાં કૂતરા જેવું અસંતોષભર્યું જીવન જ વ્યતીત કરો છો. તમને પ્રભુદત્ત જે મળ્યું છે તેટલાથી સંતોષ નથી. એ નશ્વર સમૃદ્ધિને દિનપ્રતિદિન વધારવાના લોભમાં તમે એક વેળાએ સુખે ભોજન પણ કરતા નથી. અને ઠરીને બેસતાય નથી. તમે તમારા અંતરને જ પૂછો. જગત તમને સુખી માને પણ તમે સુખી નથી. સુખનું હાસ્ય તમે હસી શકતા નથી કારણ તમે અસંતોષી છો. અને તેથી તમારી એ સ્થિતિનું અને

**'ગર ખાલી ઘર કંગાલ હુઆ'**

એ સ્થિતિનું શ્રી અવધૂતે અહીં અવલોકન કર્યું છે.






ઉભય ચિત્રો જગતમાં જોવાનાં મળે છે. એક છે વિપુલ સમૃદ્ધિનું અને બીજું છે કંગાળ સમૃદ્ધિહીનનું.

વાસ્તવિક રીતે જે સમૃદ્ધ છે તે અસંતોષના કારણે દુખિયો છે. જે સમૃદ્ધિવિહોણો કંગાલ છે તે પણ અસંતોષના કારણે જ દુખિયો છે. એ ઉભય ચિત્રો જગતની દ્દષ્ટિએ જુદાં જણાય પણ વાસ્તવિક રીતે તો એ ઉભય ચિત્રો એક જ સરખાં છે. સમદ્દષ્ટિવાન જેને સમૃદ્ધિનો મોહ નથી, જેને વસ્તુના અભાવનો શોક નથી, તે તો એ ઉભય અવસ્થામાં પોતાની માનસિક સમતુલા જાળવીને

**'સબ સૂત્ર પ્રભુ કે હાથોં હૈ'**

એ સૂત્રને પોતાના જીવનનો મુદ્રાલેખ બનાવીને હાસ્ય અને રુદનથી પર પરમ હાસ્યમાં જ જીવે છે. અને તેથી જ શ્રી અવધૂતે એ ઉભય ચિત્રોનો તુલનાત્મક વિચાર કરીને આ વાત અહીં લખી છે. સંસારનો અને જીવનનો અંતિમ અંજામ તો 'ખાલી હાથ આવ્યા અને ખાલી હાથ જશે' એ જ છે અને તેથી જ જન્મ અને મૃત્યુની વચ્ચેના એ કાળમાં આવી અશાશ્વત સમવિષમ પરિસ્થિતિથી ક્ષોભ ન પામતાં સંતોષવૃત્તિ કેળવી, કેવળ ચિત્તની સમતુલા જાળવી, જીવન જીવવાનો બોધ આ પંક્તિમાં આપ્યો છે.

જેની પાસે હજારો, લાખો, કરોડો રૂપિયા હશે તેને તે શું કામ આવવાના છે ? જ્યારે મરશે ત્યારે સિકંદર જેવા મહાન બાદશાહની, રાવણ જેવા મહાન સમ્રાટની જેવી ગતિ થઈ તેવી જ તેની પણ થવાની છે. તો પછી એકમાં સુખ અને બીજામાં દુઃખ માનીને શા સારુ સમવિષમનો અનુભવ કરવો ઘટે ! જીવન જીવો પ્રભુમાં શ્રદ્ધા અને પ્રારબ્ધને મોખરે રાખીને, અને તો તમને વિપુલતાનો હર્ષ પણ નહીં થાય અને અભાવનો વિષાદ પણ નહીં થાય. જાગતિક જીવન સુખમાં જશે અને અંતે એ જ સંતોષ તમને સન્માર્ગે લઈ જશે અને લોભ અને અભિમાનની ખાણમાં પડી ખુવાર થતા અટકાવશે.

આગળ ચાલતાં શ્રી અવધૂતે દેહ અહંતાને સ્પર્શતા પ્રશ્નોનો પણ થોડો વિચાર કર્યો છે.

**"જગમાન દિયા અપમાન કિયા, બસ ખુશ રહો હરદમ પ્યારે."**

માન અને અપમાનની ભાવના એ કેવળ માનસિક વૃત્તિઓ છે. માન મળે રાજી થવું અને અપમાન મળે નારાજ થવું એ ઉભય વૃત્તિઓ કેવળ દેહની અહંતાને કારણે છે. જો દેહઅહંતા જાય તો એ ઉભય સ્થિતિ– માનાપમાનની વૃત્તિ આપોઆપ ટળી જાય છે. અને તેથી એ માનાપમાનની ભાવનાનો ત્યાગ કરવાનું અને માન મળે તો પણ વાહવાહ અને અપમાન મળે તો પણ વાહવાહ એવી મનોદશા કેળવવાનો અહીં આદેશ કરવામાં આવ્યો છે. કારણકે કોઈ માન આપે તો તેથી દેહને માંસ ચઢતું નથી કે અપમાન કરે તો ઘટતું નથી અને તેથી જીવન તાત્ત્વિક દ્દષ્ટિએ જીવવાનો

શ્રી અવધૂતે સંકેત કર્યો છે. માન અને અપમાન શરીરનાં છે. આત્માને તેની સાથે કશો જ સંબંધ નથી. નિઃસંગ આત્મા માનથી મલકાતો નથી, અપમાનથી રોતો નથી. તે તો માનાપમાનાતીત છે. એ પ્રાપંચિક જીવન જીવનારને સ્પર્શે છે. પણ જો પ્રાપંચિક જીવન જીવતાં પણ તાત્ત્વિક જીવન જીવવાનો માર્ગ અપનાવશો તો તમને પછી એ માનાપમાનનું ભૂત નહીં છંછેડે અને ત્યારે તમે

**'બસ ખુશ રહો હરદમ પ્યારે'**

એ વાતનો તમારા જીવનમાં અનુભવ કરી શકશો.

આગળ ચાલતાં શ્રી અવધૂત કહે છે :

**'સુત દાર પિતા મિત ચલતી કે, પડતી મેં સાથ ન કોઉ ચલે;'**

પ્રાપંચિક જીવનમાં આ બીજા પાસાની શ્રી અવધૂત વાત કરે છે. પ્રથમ માનાપમાનની વાત કરીને દેહ અહંતાનો લોપ કરવાનું શ્રી અવધૂતે કહ્યું. હવે 'મમતા' ઉપર વિચાર કરતાં શ્રી અવધૂત કહે છે :

**'સુત દાર પિતા મિત ચલતી કે'**

સંસારમાં જે પરિવાર ભેળો થાય છે તે કેવળ ઋણાનુબંધને કારણે પ્રારબ્ધવશ ભેળો થાય છે. વ્યક્તિ કોઈને વહાલી નથી. સૌ સૌનો સ્વાર્થ વહાલો છે. અને તેથી પિતા, માતા, પત્ની, પુત્ર કે મિત્રો જ્યાં સુધી તમે સુખી છો ત્યાં સુધી જ તમારાં રહે છે. તમે જ્યાં સુધી તેમને માટે ઘસાઈ છૂટો ત્યાં સુધી તમે તેમને વહાલા લાગો છો. એ બધાયને તમારામાં મમત્વ છે. જીવનભર પારકા અર્થે ઘસાઈ છૂટનારાની સ્થિતિ જ્યારે પાતળી થાય છે ત્યારે તેની પાસે ઊભું રહેનાર કોઈ હોતું નથી. મિત્ર તો તરછોડે પણ પુત્ર, પત્ની અને પિતા જેવા પણ તમને તરછોડશે. અને ત્યારે એ શરીરના સંબંધીઓ જેના ઉપર તમને મમત્વ હતું તે તમારું મોં સરખુંય જોવાને રાજી નહીં હોય. જ્યાં સુધી તલમાં તેલ છે ત્યાં સુધી જ તે પિલાય છે. તેમ જ્યાં સુધી તમારી પાસે સમૃદ્ધિ છે ત્યાં સુધી જ તમને બધા ચાહશે, અને તેમ કરીને પોતાનો સ્વાર્થ જ સિદ્ધ કરશે. યાજ્ઞવલ્ક્યે સંસારનું નિરીક્ષણ કર્યું, મનુષ્ય સ્વભાવનો અનુભવ કર્યો અને અંતે મૈત્રેયીને કહ્યું :

**'आत्मनस्तुकामाय सर्वंप्रियंभवति'**

અને તેથી અહીં શ્રી અવધૂતે કહ્યું :

**'પડતી મેં સાથ ન કોઉ ચલે'**

આમ હોવાથી જગત પર, જગતના સંબંધીઓ પર તમને જે મમત્વ છે તે મિથ્યા છે એ વાત સમજાવતાં શ્રી અવધૂતે અહીં એ મિથ્યા મમત્વનો ત્યાગ કરીને, આશારહિત બનીને, કેવળ પરમાત્મા પર નિર્ભર રહીને જીવન જીવતાં શીખવાનો બોધ આપ્યો છે.

શ્રી અવધૂતે દત્તના સ્મરણમાં કહ્યું છે :

यावद्वित्तं ह्यार्ज्यते पुष्कलं ते
सौख्यं तावत्पृच्छ्यते मूढ सर्वैः ।
नष्टे सारे लोक्यते सर्वतोऽङ्गं
श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥




ભા.- ૩

કહ્યું છે અને તેનો અર્થ કરતાં

મળે દ્રવ્ય ભૂયિષ્ઠ યાવત્ તને જો,
પૂછે ભાવ આપ્તાદિ તાવત્ બધા જો;
જતાં એહ સામુય ભાળે ન હન્ત,
સ્મરીલે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥

આગળ ચાલતાં શ્રી અવધૂત એ જ વાત દૃષ્ટાંત દ્વારા સમજાવતાં કહે છે :

**'અસુવન મોતી કબહૂ ન બને'**

આંસુના મોતી બની શકતાં નથી, જ્યારે આંસુ સરે છે ત્યારે એ જલબિંદુ મોતીસમાં જણાય છે પણ હાથમાં પકડો તો ? અને તેથી તે ભાસે છે તેવું હોતું નથી. જે મિથ્યા છે તેનો મોહ નકામો છે એ વાત અહીં શ્રી અવધૂત સમજાવે છે. અને તેથી જ જે મિથ્યા છે તેને માટે

**'ફિર રોને સે ફલ કયા પ્યારે ?'**

એવું કહીને રોવું નિષ્ફળ છે એ બોધ દૃઢ કરે છે.

અને તેથી જ યથાપ્રાપ્તમાં આત્મસંતોષ માનવાનો અને કોઈની પણ આશા ન કરતાં કેવળ પ્રભુ પર નિર્ભર રહી પ્રારબ્ધવશાત્ જે મળે તે પ્રાપ્તાપ્રાપ્તના ક્લેશરહિત ઉપભોગ કરી આનંદમગ્ન રહેવાનું સૂચન કરતાં શ્રી અવધૂત કહે છે :

**'સબ હાલતમેં સબ રંગતમેં, જનમેં બનમેં એકાંતહિમેં;'**
**સબ રાગનમેં બેરાગનમેં, આનંદ મગન્ રહના પ્યારે.**

ગરીબી હો વા શ્રીમંતાઈ, સુખી હો વા દુઃખી, વસ્તીમાં હો કે અરણ્યમાં, જગતના કોલાહલમાં હો. કે. અરણ્યના એકાંતમાં હો, જેવી સ્થિતિમાં પ્રારબ્ધ મૂકે તે સ્થિતિમાં સમવિષમતાનો ખ્યાલ કર્યા વિના, પરિસ્થિતિના ગુલામ બન્યા વિના, નિર્દ્વંદ્વ ભાવે આનંદમાં રહેવામાં જ જીવનની સાર્થકતા છે. પરિસ્થિતિ જે પ્રાપ્ત થાય છે તે અનુકૂળ હોય ત્યારે જેવો આનંદ થાય છે તેવો જ આનંદ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ માણવો એ જ જીવન જીવવાની સાચી યુક્તિ છે. દૈહિક જીવન પરાધીન છે. સ્વાધીન હોય તો મનુષ્ય કોઈદિ રુદન ન કરે. પરાધીન-પ્રારબ્ધાધીન જીવન પૂરું કરે જ છૂટકો છે તો પછી ક્લેશયુક્ત જીવન જીવવું એના કરતાં જે સ્થિતિમાં પ્રાપ્ત થાય તે સ્થિતિ આત્મભાવે પરમ સંતોષ કેળવી કાળ નિર્ગમન કરવો અને તેમ કરતાં અંતરમાં ક્લેશ કે રંજનો અનુભવ ન કરવો એ જ શ્રી અવધૂતની આ પંક્તિઓનો મર્મ છે. અને તેથી જ






'આનંદ મગન ડુલના પ્યારે'

એવું સૂચન કર્યું છે. અહીં પણ 'ડુલના' શબ્દ હેતુ પુરઃસર વપરાયો છે. 'ડોલવું' એ મસ્ત અવસ્થાનો ખ્યાલ આપે છે. મુરલીના તાનમાં સર્પ ડોલે છે. ડોલે છે ત્યારે તે સ્વભાન ભૂલીને નાદના ભાનમાં મગ્ન થઈ જાય છે અને ત્યારે તે નિર્ભય બની જાય છે. અહીં પણ એ જ રીતે 'સ્વ'-અહંતા ભૂલીને સર્વાત્મરૂપ બની આનંદમગ્ન અવસ્થામાં રહેવાનું સૂચન કરવામાં આવ્યું છે.

અને અંતે

**'પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં, ઈકતાર નિહાર ફિરો મનવા;'**
**'દિન સૂરજ રાત શશી તારે, સબ રંગ બિરંગ વહીં પ્યારે !!'**

પ્રભુને જગતમાં અને જગતને પ્રભુમાં જોવાનો બોધ આપતાં શ્રી અવધૂત સર્વત્ર પરમાત્મભાવને કેળવવાનો સંકેત કરે છે. શ્રી ભગવાને અર્જુનને પણ

''यो मां पश्यति सर्वत्र सर्वंचमयिपश्यति''

એવું કહીને એ જ સંકેત કર્યો છે. જ્યાં સુધી ભિન્ન ભાવ છે ત્યાં સુધી શાંતિ નથી. ''અભેદમાં નિર્વાણ છે અને ભેદમાં ખેદ છે'' તેથી એ રુદનમાં પણ હાસ્ય હસવાની તમન્ના હોય તો શ્રી અવધૂતભાખ્યો આ માર્ગ અપનાવો.

દિવસે સૂરજ ઊગે છે, રાત્રે તારા, ચંદ્ર વગેરે પ્રકાશે છે. એ બધો પ્રકાશ એ સૂર્ય; ચંદ્ર કે તારાનો નથી પણ પરમતત્ત્વનો છે. તે જ રીતે જગતમાં પ્રાણીમાત્રની જે શક્તિ છે, જીવન છે, જે પ્રભાવ છે તે પરમતત્ત્વનો જ છે અને તેથી તાત્ત્વિક દૃષ્ટિએ સર્વ પ્રભુમય છે. પ્રભુ વિનાનું એક રજકણ પણ જગતમાં શોધ્યું નહીં જડે અને તેથી જ્યાં જ્યાં દૃષ્ટિ ફરે ત્યાં ત્યાં જગતને અને જાગતિક પ્રપંચને જોવાના ભૂલીને એ સર્વમાં પ્રભુને અને પ્રભુમાં સર્વને જોતાં શીખવાથી રોવાનું નહીં રહે. પણ કેવળ હાસ્ય બનીને જ જીવવાનું રહેશે. અને ત્યારે શ્રી અવધૂતે કહ્યું છે તેમ હાસ્ય બનીને જ રહેવાનું છે. એ અખંડ હાસ્યમાં રુદનનો સંભવ જ નથી. જ્યાં સુધી દ્વૈત છે ત્યાં સુધી જ રુદન છે. અખંડ અદ્વૈત પરમાત્મામાં હાસ્ય પણ નથી અને રુદન પણ નથી. એ આભાસિક હાસ્ય અને રુદનવર્જિત કેવળ એક અખંડ હાસ્ય એ જ સાચું સ્વરૂપ છે અને તે સાચું સ્વરૂપ એ જ તારું મૂળ સ્વરૂપ છે.

અને તેથી જ મોહમગ્ન રડતા જગતને

**'અબ ખૂબ હસો, અબ ખૂબ હસો...'**

એ શ્રી અવધૂતનો આદેશ છે.



[તૃતીયખંડ સમાપ્ત]

॥ શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥






ભા.- 3

# નારેશ્વરનો નાદ

**વહાલાં આત્મસંતાનો !**

હરેક પળે, હરેક સ્થળે, હરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો. હરતાંફરતાં, ઊંઘતાજાગતાં, ઊઠતાંબેસતાં કે કામ કરતાં એના સાન્નિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસે શ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો–નસેનસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો !

રામ કહો કે રહેમાન કહો, ઈષ્ટ કહો કે ક્રાઈસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઈશ્વર કહો કે અલ્લા કહો, જિન કહો કે જિહોવાહ કહો, ગૉડ કહો કે ગુણેશ કહો--ગણેશ કહો, અહુરમઝ્દ કહો કે આત્મમસ્ત કહો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પીવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો, મેરી કહો, મરિયમ કહો કે માતા કહો, કે બીજું કાંઈ કહો, પુલ્લિંગી, સ્ત્રીલિંગી, કે નપુંસકલિંગી--ફાવે તે નામથી એને પોકારો, જે કાંઈ છે તે એ જ છે. અનંત નામોમાં એ એક જ અખિલાધાર અનામી રહેલો છે ! અનન્તરૂપમાં એ એક જ અરૂપી લપાયેલો છે !!

પર્વતોમાં એનું સ્થાણુત્વ નિહાળો, નદીઓમાં એની દયાર્દ્રતા અનુભવો; સૂર્ય, તારા, નક્ષત્રોમાં એના ક્ષણે ક્ષણે નવીનતાભર્યા સૌન્દર્યની ઝાંખી કરો ! પ્રાણીમાત્રમાં એ હરતાફરતા **'सत्यं शिवं सुन्दरम्'**ને પિછાનો. જાતિજાતિમાં (species) એ અજાતને જોતાં શીખો ! તમારું સર્વ વાસ્તુ–રોમેરોમ–એનાથી ભરી દો. તમારું બધું જીવન એના અસ્તિત્વથી ઓતપ્રોત બનાવો. તદ્રૂપ થાઓ–તન્મય બનો !!

હાથથી એના મંગલ કાર્યમાં સાથ દો. પગથી એના આશીર્વાદમાં ડગ માંડો. મુખથી એનું પુણ્ય નામ ઉચ્ચારો. શબ્દેશબ્દમાં એનો રણકાર સાંભળો. ત્વચાથી સર્વત્ર એની મૃદુતાનો સ્પર્શ કરો !

એક શબ્દ પણ એવો ન ઉચ્ચારો જેથી એના વિશ્વસંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઉઠાવો—એક કર્મ પણ એવું ન કરો, જે એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઊઠવા દો—એક શ્વાસ પણ એવો ન લો, જેથી એની વિશ્વશાંતિમાં તલપુર પણ વિક્ષેપ ઊભો થાય !




ભા.- ૩

**અહંનો અંચળો ફેંકી દઈ** એક નિર્દોષ નિરપેક્ષ નગ્ન બાળકની માફક, નિર્દંભ દિગંબર ડિંભની જેમ એની સમક્ષ ઊભા રહો : માગણની માફક હરગીજ નહિ. 'આ આપ' 'તે આપ'ની વૃત્તિથી કદી નહિ. નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહો ને જુઓ શી મજા આવે છે ! એના પગનો ફૂટબોલ થઈને ઊછળો ને જુઓ કે એના અનંત ઐશ્વર્ય-આકાશમાં તમે કેવા ઊડો છો ! બાળકે ખાધું-પીધું કે નહિ, એ ઉઘાડું છે કે ઢાંકેલું, સ્વચ્છ છે કે ગંદું, બીમાર છે કે તંદુરસ્ત—એ બધાયની ચિંતા એની માને છે, બાપને છે. બાળક થઈને રહો અને એની અમર હૂંફ અનુભવો ! જગત કે જગદીશ કોઈની પાસે માગણની કશી જ કિંમત નથી; કદાચ બટકું મળે તો પણ તિરસ્કારથી-પરાયાની બુદ્ધિથી. પણ નિર્દોષ બાળકને જોતાં જ દુશ્મનમાં પણ આત્મીયભાવ પ્રગટ થાય છે, એ ખૂબ યાદ રાખો ! વિશ્વ-બાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઈ અશરણ અનાથની માફક ભિખારીવેડા શે આચરો છો ? ઊઠો, જાગો ને તમારા સ્વયંભૂ હક્કની જાણ સાથે એ અનાદિ હક્કની – વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઈ બાળભાવે બાંગ પુકારો ને એની અખંડ યાદમાં નિર્ભય નચિંત થઈ મસ્ત વિચરો ને તમારી જન્મજાત બાદશાહતનો ઉપભોગ લો !!

सर्वे वैरविनिर्मुक्ताः परस्परहितैषिणः ।
स्वस्थाः शान्ताः समृद्धाश्च सर्वे सन्त्वकुतोभयाः ॥
ॐ शान्तिः । शान्तिः ॥ शान्तिः ॥

**નારેશ્વર**
કાર્તિક શુક્લ નવમી,
સં. ૨૦૧૪

જગતસુહૃદ્
રંગઅવધૂત

# અવધૂતી-મસ્તી

## ખંડ - ૩

## અનુસૂચિ




ભા.- 3


| ક્રમ | | પાન |
|---|---|---|
| (૩૬) | અબ ખૂબ હંસો, અબ ખૂબ હંસો... | ૩૭૮ |
| (૩૭) | અબ તો લહર મરનકી આઈ, સાધો... | ૧૭૪ |
| (૩૮) | અબ મૈં ભઈ મસ્ત પિયા, પકડ દસ્ત તેરો... | ૩૧૬ |
| (૩૯) | અંદર ગોતા લગાવ, પ્યારે !... | ૧૫૯ |
| (૪૦) | આતમ જ્ઞાન લિયો મૂલ હિસે... | ૩૨૮ |
| (૪૧) | આનંદવાજાં વાગે ગગનમાં... | ૩૬૦ |
| (૪૨) | કરની બિન કથની કી કિંમત... | ૧૯૯ |
| (૪૩) | ક્યા ખોજે અજ્ઞાના ? અવધૂ !... | ૨૯૮ |
| (૪૪) | જીવન દો દિનકા દો દિનકા... | ૩૧૧ |
| (૪૫) | જો આપકો દેખે, ન ઉસકો દૂસરા દિખતા કહીં... | ૧૩૯ |
| (૪૬) | જો ચાહે સો કહેના, પ્યારે... | ૧૧૯ |
| (૪૭) | દિગંબરા દિગંબરા, શ્રીપાદ વલ્લભ દિગંબરા... | ૩૭૧ |
| (૪૮) | ના દોસ્ત દુશ્મન કોઈ હમારા... | ૧૦૪ |
| (૪૯) | પીવું જ્ઞાનામૃત પૂર્ણ, હો પિયાસુ... | ૯૦ |
| (૫૦) | બન જા અવધૂતા, અવધૂતા, શોક મોહ અતીતા... | ૩૦ |
| (૫૧) | મન મૂઢ અજાણ! ફાંફાં કાં મારે છે... | ૨૬૨ |
| (૫૨) | મૂકી દીધી કલમ બંધો, હવે ના કંઈ લખવું છે... | ૩૩૪ |
| (૫૩) | મૈં દિવાની દિવાની, હક ઘરકી પ્યાસી... | ૨૮૪ |
| (૫૪) | વનવડલાની શીતળ છાયા, જોગી જંગલ વસતો રે... | ૧ |
| (૫૫) | વાણી માંહી શૂરા રે, વળો નિજ મૂળ ભણી... | ૨૭૫ |
| (૫૬) | વાંચ વાંચ વિશ્વગ્રંથ, વાંચવા જો ચાહતા... | ૬૮ |
| (૫૭) | લખવું અને બકવું નકામુ, હા !... | ૨૩૭ |
| (૫૮) | લાખોંમેં કોઈ બિરલોહિ ઐસો હૈ !... | ૫૬ |
| (૫૯) | હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી... | ૩૨૨ |
| (૬૦) | હુઆ ક્યા યે મુઝે સાંઈ... | ૨૧૪ |


✵